૩૬૩૯

ॐ ह्रीँ

णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स

महामहोपाध्याय यशोविजयजी विरचित

# સામાચારી પ્રકરણ ભાગ-૧

ચન્દ્રશેખરીયા ટીકા + ગુજરાતી વિવેચન સહિત

સામાચારી પ્રકરણ ગ્રન્થને અનુસારે રચાયેલો
મધ્યમક્ષયોપશમવાળાઓને ઉપયોગી સ્વતંત્ર ગ્રંથ

## દશવિધ ચક્રવાલસામાચારી

નૂતન દીક્ષિતો, મુમુક્ષુઓને ઉપયોગી, દશેય સામાચારીનું
સરળ ભાષામાં વર્ણન કરતો વિભાગ

## સંયમ રંગ લાગ્યો

: પ્રેરક :

પં. ચન્દ્રશેખરવિજયજી

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રકાશક :**
**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન
૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,
રીલિફ રોડ, અમદાવાદ-૧
ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**પ્રેરક-પરિચય :**
સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**

**આવૃત્તિ :**
પ્રથમ સંસ્કરણ નકલ : ૧૦૦૦
તા. ૬-૧૦-૨૦૦૪, વિ. સં. ૨૦૬૦

મૂલ્ય : રૂા. ૭૫-૦૦

**ટાઈપસેટિંગ :**
**અરિહંત ગ્રાફિક્સ**
પ્રાડિયા ચાર રસ્તા, અમદાવાદ.

***મુદ્રક :***
***નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ***
ઘીકાંટા, અમદાવાદ-૧.

સૌજન્ય

# શ્રી મહાવીરનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ

ઝવેરી સડક,

નવસારી - ૩૯૬૪૪૫

**શાસનદીપક શ્રી નીતિસૂરીશ્વરજી સમુદાયના સાધ્વીજી**

**શ્રી અમિતપ્રજ્ઞાશ્રીજીના શિષ્યા**

**શ્રી આગમરસાશ્રીજીના શિષ્યા**

**શ્રી આજ્ઞારુચિશ્રીજીની પ્રેરણાથી**

## અરવિંદભાઈ પી. છત્રાણી

(ધાનેરાવાળા)

૭૦૧-બી, જનતા એપાર્ટમેન્ટ,

નવસારી-૩૯૬૪૪૫

ફોન : ૨૫૬૬૬૮૪

યોગી અને ભોગી સૌને ખૂબ ઉપયોગી

**પૂ. પાદ પં. પ્રવરશ્રી ચન્દ્રશેખર વિજયજી**

**મ. સાહેબ**ના પુસ્તકો

ઘરઘરમાં વસાવો શુભ પ્રસંગે ભેટ આપો

- આપશ્રી પ્રખર વક્તા બનવા માંગો છો ?
- આપશ્રી યશસ્વી વ્યાખ્યાનકાર બનવા માંગો છો ?
- આપશ્રી સફળ શિબિરકાર બનવા માગો છો ?
- આપના ઘરમાં સાસુ-વહુના ઝઘડા ચાલે છે ?
- આપના દીકરા આપનું કહ્યું માને છે ખરા ?
- આપનાં ઘરમાં સ્વર્ગ ઉતારવું છે ખરું ?
- આપ તત્ત્વજ્ઞાનનાં રસિક છો ખરા ?
- આપશ્રી રાજકારણની આંટીઘુંટી જાણવા માંગો છો ખરા ?
- ભારતનું ભાવિ આપ જાણવા માંગો છો ?
- સંસારની અસારતા આપે જાણવી છે ?
- સંસાર છોડવાની આપને ઈચ્છા છે ?
- આપને સાચા સાધુ બનવું છે ?

તો, જરૂરથી આજે જ પૂજ્યશ્રીના પુસ્તકો આપનાં ઘરમાં વસાવી લો.

# પ્રસ્તાવના

મહામહોપાધ્યાય, લઘુહરિભદ્રબિરુદધારક યશોવિજયજી મહારાજ સાહેબે સામાચારીપ્રકરણ ગ્રંથની રચના કરી શ્રમણસંઘ ઉપર મોટો ઉપકાર કર્યો છે. આવશ્યકનિર્યુક્તિ, પંચાશકાદિ ગ્રન્થોમાં આ દસેય સામાચારીઓનું વર્ણન છે. પણ એ ખૂબ ટૂંકાણમાં છે અને એમાં પડેલા રહસ્યો પકડવા અતિ કપરાં છે. પરંતુ ઉપાધ્યાયજીએ આ ગ્રંથમાં એ અદ્વિતીય પદાર્થોને એવા તો ખુલ્લા કરી દીધા છે કે એ મહાપુરુષના ચરણોમાં મસ્તક ઢળી ગયા વિના રહેતું નથી.

આ ગ્રંથ કેવો છે ? એનું વિશેષ વર્ણન કરવાને બદલે આ ગ્રંથમાં જે રત્નતુલ્ય વાક્યો છે તે અહીં દર્શાવું છું. એ વાક્યોના ગૂઢ પદાર્થો તો ગ્રંથ ભણવાથી જ પ્રાપ્ત થશે. પણ છતાં ઉપરછલ્લી દૃષ્ટિએ પણ એ વાક્યો અત્યંત અસરકારક છે.

(૧) **सर्वमपि ह्यनुष्ठानं विहितकालकृतमेव फलवद् भवति, नान्यथा ।** ગાથા - ૫
તમામ અનુષ્ઠાનો પરમાત્માએ બતાવેલા કાળમાં જ કરવા આવે તો જ સફળ બને, બાકી સફળ ન બને.

(૨) **प्रशस्ताध्यवसायवांस्तन्मात्रनिमित्तकफलभावेऽपि वीर्यमप्रयुञ्जानो वीर्याचारपरिपालननिमित्तक निर्जरालाभेन वञ्चते ।** ગાથા - ૯
આંબિલાદિ કોઈ પણ સારા કાર્યો કરવાના સારા ભાવવાળો સાધુ એ ભાવથી પ્રાપ્ત થનારી નિર્જરા પામે. પણ જો એ ભાવનાને અનુસારે પ્રવૃત્તિ ન કરે તો એ વીર્યાચારના પાલનથી મળનારી નિર્જરાને ગુમાવનારો બને.

(૩) **रात्निकस्तु अभ्यर्थनायोग्यो न भवति ।.....** ગાથા - ૧૨
નાના સાધુઓ વડીલ સાધુઓને પોતાનું કોઈ પણ કામ સોંપી શકે નહિ. જો સોંપે તો અવિનય કરેલો ગણાય.

(૪) **अयोग्येन सह संवास एव न कर्तव्य इत्युत्सर्गः ।** ગાથા - ૧૬
અયોગ્ય (=ઝઘડા કરનારાદિ)ની સાથે રહેવું જ નહિ એ ઉત્સર્ગમાર્ગ છે.

(૫) **स्तुतिवचनेन प्रवृत्ताविव निन्दावचनेन निवृत्तावप्यात्यन्तिकोत्साहोदयात् ।** ગાથા - ૧૬
જેમ પ્રશંસાના વચનો સાંભળીને વ્યક્તિ એ કાર્યમાં પ્રવૃત્તિ કરવા અત્યંત ઉત્સાહી બને. એમ નિંદાના વચનો સાંભળીને વ્યક્તિ પાપકાર્યમાંથી હટવામાં પણ અત્યંત ઉત્સાહી બને.

(૬) **प्रशस्तरागस्येव प्रशस्तद्वेषस्यापि श्रामण्यानुपघातित्वात् ।** ગાથા -૧૭
દેવ-ગુરુ વગેરે પ્રત્યેનો શુભરાગ એ જેમ ચારિત્રનો ઘાતક નથી. એમ શાસનશત્રુ વગેરે પ્રત્યેનો શુભ દ્વેષ પણ ચારિત્રનો ઘાતક નથી. (પણ પોષક છે.)

(૭) **न हि शक्त्यनिगूहनभावयोः फलव्यभिचारित्वमस्ति ।** ગાથા - ૧૯
આત્માના શુભપરિણામ અને તપ-વૈયાવચ્ચાદિ યોગોમાં પોતાની તમામ શક્તિ લગાડીને પ્રયત્ન આ બે ભેગા થાય તો અવશ્ય વિશિષ્ટનિર્જરા વગેરે ફળો મળે જ.

(૮) **योगिनां हि ज्ञानं संवेगफलमेव ।** ગાથા - ૨૨
યોગીઓનું જ્ઞાન વૈરાગ્યને ઉત્પન્ન કર્યા વિના ન રહે.

(૯) **पापं कृत्वा प्रतिक्रमणापेक्षया तदकरणस्यैव न्याय्यत्वात् ।** ગાથા - ૨૮
પાપ કરીને પશ્ચાત્તાપાદિ કરવા, એના કરતાં પાપ જ ન કરવું એ વધુ યોગ્ય છે.

(૧૦) **सर्वं जिनवचनं तर्कसहं ।** ગાથા - ૩૪
તમામ જિનવચનો યુક્તિયુક્ત છે.

(૧૧) **अकरणप्रत्यवायभिया प्रतिज्ञैव न त्याज्या, किन्तु प्रतिज्ञापालने एव यतितव्यम् ।** ગાથા - ૩૭
'બાધા લીધા બાદ નહિ પાળીએ તો નુકશાનો થશે' એવા ભયથી પ્રતિજ્ઞા જ ન લેવી એ બિલકુલ યોગ્ય

નથી. પરંતુ પ્રતિજ્ઞા લઈ એના પાલનમાં યત્ન કરવો.

(૧૨) **साधोः संयमयोगे दृढप्रयत्नं विना क्षणमपि स्थातुमननुज्ञानात्** । ગાથા - ૪૪
સાધુઓ સંયમયોગોમાં એક ક્ષણ માટે પણ દૃઢ પ્રયત્ન વિના રહી શકતા નથી.

(૧૩) **आप्रच्छनापूर्वमेव कर्म श्रेयो नान्यथा, आज्ञाविराधनात्** । ગાથા - ૪૬
સારામાં સારું કામ પણ ગુરુની રજા લઈને કરવામાં આવે તો જ કલ્યાણકારી છે. બાકી નહિ, કેમકે ગુરુની રજા વિના સારું કામ કરવામાં પણ આજ્ઞાની વિરાધના છે.

(૧૪) **श्रद्धावतो हि विनेयस्य गुरूपदेशमात्रमेव शुभभावनिदानम्** । ગાથા - ૪૯
ગુરુ પ્રત્યે અસીમ શ્રદ્ધાવાળો શિષ્ય તો કોઈ પણ કામમાં ગુરુની માત્ર અનુમતિ મળી જાય તો પણ શુભભાવોને પ્રાપ્ત કરનારો બને.

(૧૫) **अल्पेऽपि हि विधिविषये कर्मणि नालस्यं विधेयम्** । ગાથા - ૫૦
નાનકડી પણ જિનાજ્ઞામાં આળસ ન કરવી.

(૧૬) **दुर्निमित्तोपनिपातस्तु तज्ज्ञापकोऽदृष्टवशादेवोपतिष्ठते** । ગાથા - ૫૨
અપશકુનો પુણ્યકર્મના ઉદયથી જ આવે છે અને એ ભવિષ્યમાં થનારા નુકસાનના સૂચક છે.

(૧૭) **न ह्यारब्धबहुक्रियात्मकप्रधानस्यैकक्रियामात्रकरणेऽपि फलसिद्धिः । अन्यथा प्रारब्धप्रतिक्रमणस्य चैत्यवन्दनैककायोत्सर्गमात्रकरणेऽपि फलसिद्धिप्रसङ्गात्** । ગાથા - ૫૩
ઘણી બધી ક્રિયાઓવાળું અનુષ્ઠાન શરૂ કર્યા બાદ એમાંથી એકાદ-બે ક્રિયાઓ જ કરવામાં આવે, તો એ એકાદ-બે ક્રિયાઓનું પણ ફળ ન મળે. જો એમ ન હોત તો પ્રતિક્રમણ શરૂ કર્યા બાદ માત્ર ચૈત્યવંદન, એક કાયોત્સર્ગ રૂપ જ ક્રિયાને કરનારાને પણ ફળ મળવાની આપત્તિ આવે. (ખરેખર તો એ ક્રિયા અધુરી કરનારો હોવાથી આશાતનાનો ભાગીદાર બને છે.)

(૧૮) **आज्ञाशुद्धभावस्यैव विपुलनिर्जराहेतुत्वात्** । ગાથા - ૫૭
જિનાજ્ઞાશુદ્ધ એવો ભાવ જ પુષ્કળ નિર્જરાનું કારણ છે. (બાહ્ય ક્રિયાઓ નહિ)

(૧૯) **गम्भीरौ=अलक्षितचित्ताभिप्रायौ धीरौ च=कार्यनान्तरीयकस्वगतपरिभवसहिष्णू** । ગાથા - ૬૧
જેના મનનો અભિપ્રાય બીજાઓ ન જાણી શકે એ ગંભીર અને કામ કરવામાં અવશ્ય જે પોતાનો પરાભવ, નિંદા થાય એને જે સહન કરી શકે એ ધીર.

(૨૦) **भगवद्वचनपरिभावनं च क्षयोपशमविशेषप्रगुणीकृतशक्तेर्महाशयस्यैव कस्यचिद् गोष्पदीकृत भवजलधेरेव जन्तोः संभवति** । ગાથા - ૬૩
મોહનીય વગેરેના ક્ષયોપશમને લીધે જેની આત્મિકશક્તિ જોરદાર બની છે એવા વિશાળ આશયવાળા અને જેનો સંસારસમુદ્ર માત્ર ગાયના પગલા જેટલો જ બાકી રહ્યો છે એવા જ આત્માને પરમાત્માના વચનોનું ચિંતન-પરિશીલન પ્રાપ્ત થાય છે.

(૨૧) **परमपदाभिलाषुकाणां तदुपाये इच्छा न विच्छिद्यते** । ગાથા - ૬૫
મોક્ષાર્થી આત્માઓને મોક્ષના ઉપાયભૂત સંયમ, તપાદિમાં સતત ઈચ્છા ચાલ્યા જ કરે.

(૨૨) **मोक्षोपायत्वेन सकलसंयमयोगसाम्येऽपि यत्र यस्याधिकारपाटवं, तत्र तस्येच्छाऽविलम्बितसिद्धिक्षमतया श्रेयसी, नान्यत्र** । ગાથા - ૬૭
સ્વાધ્યાય, વૈયાવચ્ચ, ધ્યાન, ભક્તિ વગેરે તમામ સંયમયોગો મોક્ષપ્રાપ્તિના ઉપાય છે અને એ રીતે બધા જ સમાન છે. આમ છતાં જે આત્મા જે યોગમાં કુશળ હોય તે આત્માએ તે યોગ સાધવાની ઈચ્છા કરવી, કેમકે ત્યાં એને ઝડપથી સફળતા મળે. જે યોગમાં એની કુશળતા નથી, ત્યાં એણે ઈચ્છા કરવી કલ્યાણકારી નથી.

(૨૩) **न हि केवलं वैयावृत्यमिष्टसिद्धये किन्त्वाज्ञापूर्वकम्** । ગાથા - ૬૮
માત્ર વૈયાવચ્ચ એ નિર્જરાદિને સાધી ન શકે, પણ જિનાજ્ઞા પ્રમાણે કરાયેલ વૈયાવચ્ચ જ ઈષ્ટસિદ્ધિ કરી આપે.

(૨૪) **ज्ञानाचारो हि चारित्रिणां चारित्राचाराविरोधेनैव श्रेयान्, अन्यथा पुनरनाचार एव** । ગાથા - ૭૫
સંયમીઓને તો ચારિત્રાચારને વિરોધ ન આવે એ રીતે જ્ઞાનાચારનું સેવન કલ્યાણકારી છે. ચારિત્રાચારને વિરોધી બનનાર જ્ઞાનાચાર (વાડામાં ઠલ્લે થઈ વધુ સ્વાધ્યાય વગેરે) એ અનાચાર બને છે.

(૨૫) **शक्तिनिगूहनं विना यतमान एव हि यतिरुच्यते, अतः शक्तिनिगूहने यतित्वशुद्धिर्दूरापास्तैव** । ગાથા - ૭૮
પોતાની શક્તિને ગોપવ્યા વિના સંયમયોગોમાં યત્ન કરનાર સાધુ જ યતિ=સાધુ કહેવાય. માટે શક્તિગોપન કરનારામાં સાધુતાની શુદ્ધિ શક્ય નથી.

(૨૬) **यो हि यत्राधिकारी, स तमेवार्थं साधयन् विवेकी व्यपदिश्यते** । ગાથા - ૭૯
જે આત્મા જે યોગમાં અધિકારી હોય, તે આત્મા તે જ યોગને સાધતો હોય તો વિવેકી ગણાય.

(૨૭) **चारित्रहीनस्यापि एतद्गुणस्यापवादतो वन्द्यत्वम्** । ગાથા - ૮૭
ચારિત્રહીન સાધુ પણ વિશિષ્ટજ્ઞાનવાળો હોય, તો એની પાસે એ જ્ઞાન મેળવવા માટે એને અપવાદ માર્ગે વંદન કરાય.

(૨૮) **विशुद्धयतिलिङ्गस्य सुविहितस्यैव टङ्कसहितरूप्यस्थानीयस्य वन्दने उभयनयाश्रयणसंभवादन्यतराश्रयणेऽन्तरविराधनाप्रसङ्गः** । ગાથા - ૯૧
સાધુવેષ યુક્ત એવા સર્વવિરતિના પરિણામવાળા આત્માને વંદન કરીએ તો જ નિશ્ચય અને વ્યવહાર બે ય નયોનું પાલન કરેલું ગણાય. જો સાચા વિરતિ પરિણામ વિનાના માત્ર વેષધારીને વંદન કરીએ તો નિશ્ચયનયની વિરાધના થાય અને જો વેષ વિનાના છતાં વિરતિપરિણામવાળાને વંદન કરીએ તો વ્યવહારની વિરાધના થાય.

(૨૯) **यत्काले व्यवहारप्रतिबद्धं कार्यमनुज्ञातं, तत्काले तदेव कर्तव्यम् । यत्काले तु निश्चयप्रतिबद्धं तदापि तदेव, न त्वेकमात्रपक्षपातितया विपर्यासः कार्य इति परमार्थः** । ગાથા - ૯૨
જે કાળે વ્યવહારનયને અનુસારે કાર્ય કરવાની આજ્ઞા હોય તે કાળે તે જ કાર્ય કરવું. જે કાળે નિશ્ચયને અનુસારે કાર્ય કરવાની આજ્ઞા હોય તે કાળે નિશ્ચયને અનુસારે કામ કરવું. બેમાંથી એકપણ નયમાં પક્ષપાત કરીને ઉંધું આચરણ ન કરવું, એ પરમાર્થ છે.

(૩૦) **क्षणमपि मुनीनामदत्तावग्रहस्य परिभोगः न कल्पते, तृतीयव्रतातिक्रमप्रसङ्गात्** । ગાથા - ૯૭
બીજાએ જે ક્ષેત્રમાં ઉભા-બેસવાદિ માટેની રજા ન આપી હોય તે ક્ષેત્રમાં એક પળ પણ ઉભા રહેવું-બેસવું એ સાધુઓને ન કલ્પે. એમાં ત્રીજા મહાવ્રતનું ઉલ્લંઘન થાય છે.

(૩૧) **"मितं च सारं च वचो हि वाग्मिता"** ગાથા - ૧૦૧
સાચો વક્તા એ જ છે કે જે ઓછા અને સારભૂત વચનો બોલે છે.

(૩૨) **अयमेवैकान्तः यद् रागद्वेषपरिक्षयानुकुल्येनैव प्रवर्तितव्यम्** । ગાથા - ૧૦૧
જિનશાસનમાં આ જ એકાંત છે કે રાગ અને દ્વેષનો નાશ થાય એ જ રીતે પ્રવૃત્તિ કરવી

(૩૩) **सर्वस्यापि ग्रन्थप्रपञ्चस्यैतदुद्देशेनैव प्रवृत्तेः** । ગાથા - ૧૦૦
સેંકડો, હજારો, લાખો ગ્રન્થોની રચના રાગદ્વેષનો ક્ષય કરવા માટે જ કરાયેલી છે.

(૩૪) **भगवद्गुणगानप्रवृत्तावान्तरालिकमैहिकसुखं ध्रुवप्राप्तिकम्** । ગાથા - ૧૦૧
પરમાત્માના ગુણો ગાનારાઓ મોક્ષ ન મળે ત્યાં સુધી ઐહિક સુખો તો અવશ્ય પામે જ.

આ ૩૪ રત્નો જ તમને બતાવ્યા. એ એક-એક રત્નોની કિંમત કેટલી ? એ તો આ ગ્રંથ ભણશો ત્યારે જ સમજાશે.

# આ ગ્રંથ અંગેની માહિતી

દશ સામાચારીઓ સાધુજીવનનો પાયો છે. સંયમીઓ ઉત્કૃષ્ટ સંયમી બને એ એક માત્ર ઉદ્દેશથી અમે આ ગ્રંથ તૈયાર કર્યો છે.

સંયમીઓ ત્રણ પ્રકારના છે.

(૧) જેઓ તીવ્ર ક્ષયોપશમવાળા, ન્યાયગ્રંથોનો અભ્યાસ કરી ચૂકેલા હોય. તેવા સંયમીઓએ મહોપાધ્યાયજીની ટીકા અને એના ઉપર ચન્દ્રશેખરીયા ટીકા વાંચવી. ચન્દ્રશેખરીયા ટીકા વાંચવાથી લગભગ બધા જ પદાર્થો સ્પષ્ટ થઈ જશે. આ ટીકા દ્વારા મુખ્યત્વે "ગ્રંથ કેવી રીતે વાંચવો" એની પદ્ધતિ સંયમીઓના હાથમાં આવી જશે. ઉપાધ્યાયજી મહારાજની ટીકાની તે તે પંક્તિઓ કયા આશયથી લખાઈ છે ? એ સમજાવવા માટે સ્થાને સ્થાને પુષ્કળ પ્રશ્નો ઊભા કરી પછી એ પંક્તિના અર્થો ખોલ્યા છે. એટલે "આ પંક્તિ ઉપાધ્યાયજી મહારાજે શા માટે લખી ? કયા પ્રશ્નના સમાધાન માટે લખી ?" એ બધું જ સમજાઈ જાય. જેઓને ડગલે ને પગલે પ્રશ્નો ઉભા કરતા આવડે તેઓ આવા ગ્રંથોનું રહસ્ય ઝડપથી પકડી શકે.

એટલે ન્યાયાદિનો અભ્યાસ કરી ચૂકેલા સંયમીઓ માટે ઉપાધ્યાયજી મહારાજની ટીકા + ચન્દ્રશેખરીયા ટીકા અને ગુજરાતી વિવેચન છે.

(૨) જેઓ બે બુક ભણી ચૂક્યા હોય, સામાન્ય સંસ્કૃત વાંચન થયું હોય પણ ન્યાયનો વિશેષ અભ્યાસ ન થયો હોય અને ક્ષયોપશમ મધ્યમ હોય, ઓછો હોય તેઓ ઉપાધ્યાયજી મહારાજની ટીકાઓને સમજી નહિ શકે. એમને એમાં રસ પણ નહિ પડે. આવા સંયમીઓ પણ સામાચારીના જ્ઞાનથી વંચિત ન રહે એ માટે આ જ ગ્રંથમાં 'દશવિધ ચક્રવાલ સામાચારી" નામથી સ્વતંત્ર ટીકા રાખી છે. એમાં ન્યાયની ચર્ચાવાળા કોઈ પદાર્થો લીધા નથી. વધુમાં વધુ સરળ પડે એ રીતે તેમાં દશ સામાચારીનું વર્ણન કરેલ છે. એ સ્વતંત્ર ગ્રંથ રૂપે જ હોવાથી એમાં ઘણા ખુલાસાઓ પણ જોવા મળશે. એટલે મધ્યમ ક્ષયોપશમવાળાઓ માટે આ બીજો વિભાગ છે. તીવ્ર ક્ષયોપશમવાળાઓ પણ જો આ વાંચશે તો ઘણા નવા પદાર્થો પામશે.

(૩) જેઓ મુમુક્ષુ છે, નૂતન દીક્ષિત છે, બે બુક વગેરેનો અભ્યાસ જેમણે કર્યો નથી. સંસ્કૃત વાંચન જેમને ફાવતું નથી. આ બધા મંદ ક્ષયોપશમાદિવાળા સંયમીઓ માટે "સંયમ રંગ લાગ્યો" નામનો ત્રીજો વિભાગ છે. જેમાં ગુજરાતી ભાષામાં જ આ દશેય સામાચારીઓનું વર્ણન છે. મંદક્ષયોપશમવાળા તમામ સંયમીઓ એ વાંચી શકે. એ લખાણને અનુસારે ગુરુઓ - વડીલો આશ્રિતોને વાચના પણ આપી શકે. પહેલા અને બીજા વિભાગમાં નહિ આવેલી ઘણી બાબતો આ ત્રીજા વિભાગમાં જોવા મળશે.

આમ કોઈ પણ પ્રકારના સંયમીઓ માટે આ ગ્રંથ ઉપયોગી બની રહેશે.

ચન્દ્રશેખરીયા ટીકામાં ઉપાધ્યાયજી મ. ની ટીકાના બધા જ શબ્દોનો અર્થ જણાવ્યો નથી. જે અઘરી પંક્તિઓ હોય જેમાં રહસ્યો ભરેલા હોય એવી પંક્તિઓને જ ચન્દ્રશેખરીયામાં ખોલી છે. એટલે આ ટીકામાં ઉપાધ્યાયજીની ટીકાના બધા જ શબ્દોના અર્થ નહિ મળે. સહેલા શબ્દોના અર્થ લખવામાં ટીકા ઘણી મોટી થઈ જાય. એટલે એવા શબ્દોના અર્થો સંયમીઓએ સ્વયં બેસાડવા પડશે. છતાં ન સમજાય તો ગુજરાતી વિવેચનમાં મળી રહેશે.

આ ગ્રંથ લખવામાં આચાર્યશ્રી અભયશેખરસૂરીશ્વરજીના ભાષાંતરવાળું પુસ્તક ઉપયોગી થયું છે. અમુક સ્થાનોમાં તેઓ તરફથી સારા ખુલાસાઓ પ્રાપ્ત થયા છે. એ બદલ તેઓનો ઉપકાર ભુલી શકતો નથી.

અંતે, શાસ્ત્રવિરુદ્ધ ન લખાઈ જાય એવી પુરતી કાળજી કરવા છતાં છદ્મસ્થતાને લીધે કાંઈ પણ જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો અંતઃકરણથી શ્રમણસંઘની ક્ષમા માગું છું. પૂજ્યપુરુષો મારી ક્ષતિ બદલ મને ક્ષમા આપે.

**પં. ચન્દ્રશેખરવિજયજી**

**નવસારી ચિંતામણી**

**આસો સુદ - ૩, ૨૦૬૦**

• • • • •

# न्यायविशारद-न्यायाचार्य-श्रीमदुपाध्याय-यशोविजयकृतं

# सामाचारीप्रकरणम्

## ऐँ नमः

यशो. - **ऐँकारकलितरूपां स्मृत्वा वाग्देवतां विबुधवन्द्याम् ।**
**सामाचारीप्रकरणमेष स्वकृतं सुविवृणोमि ॥१॥**

**चन्द्रशेखरीया :**

नमोऽस्तु वर्धमानाय, स्पर्धमानाय कर्मणा । तज्जयावाप्तमोक्षाय, परोक्षाय कुतीर्थिनाम् ॥

इदानीं महोपाध्याययशोविजयविरचितायाः इच्छाकारसामाचारीटीकायाः उपरि विषमपदव्याख्या रहस्यप्रकटनं च क्रियते ।

**ऐँकारकलितरूपां**=ऐँकारेण युक्तं ज्ञातं वा रूपं स्वरूपं यस्याः सा, तामित्यर्थः । "ऐँ नमः" इति हि सरस्वतीमन्त्रः, स चोपचारात्स्वयं सरस्वती । ततश्च तादृशमन्त्ररूपा सरस्वती 'ऐँकारेण युक्ता' इति वक्तुं शक्यते। तथा 'ऐँ नमः' इति मन्त्रस्य जपात् सरस्वती प्रत्यक्षा भवति । ततश्च "ऐँकारेण सा ज्ञायते-अनुभूयते" इत्यपि वक्तुं युज्यते ।

**विबुधवन्द्याम्**=विबुधैः-विद्वद्जनैः वन्द्यां-वन्दनीयां ।

सर्वविरतिधरो ग्रन्थकारः अविरतियुक्तां वाग्देवतां नमस्कारं कर्तुं न योग्यः इति कृत्वा "नत्वा" इति अनुक्त्वा "**स्मृत्वा**" इत्युक्तम् ।

**स्वकृतं**=ग्रन्थकृतैव निर्मितं । यद्यपि उत्तराध्ययनावश्यकनिर्युक्ति-पञ्चाशकादिषु प्रभूतेषु ग्रन्थेषु दशविधचक्रवालसामाचारीनिरूपणं कृतमेवास्ति । तथापि तत्र विस्तरतः तन्निरूपणं नास्ति । अतः अबुधजनोपकाराय महोपाध्यायाः स्वयमेव स्वतन्त्रं सामाचारीप्रकरणग्रन्थं अरचयन् इति बोध्यम् ।

**सुविवृणोमि**=सु=सम्यक्प्रकारेण, विवरणं करोमि । यथा एतद्ग्रन्थाध्येतॄणां हस्तगतपुस्तकादिपदार्थवत् सामाचार्याः सर्वे पदार्थाः स्पष्टा भवन्ति तथेत्यर्थः ।

**ऐँ** કાર વડે યુક્ત સ્વરૂપવાળી, વિદ્વાનો વડે વંદનીય એવી સરસ્વતી દેવીને સ્મરણ કરીને આ હું મારા વડે બનાવાયેલ સામાચારીપ્રકરણનું વિવરણ કરીશ.

(૧. સરસ્વતીની સાધના માટે '**ऐँ नमः**' મંત્રનો જપ કરાય છે. આ મંત્ર પોતે જ અપેક્ષાએ સરસ્વતી છે. એટલે 'આ મંત્રરૂપી સરસ્વતી '**ऐँ** કારથી યુક્ત છે' એમ કહેવાય. ૨. આ મંત્રના જપથી સરસ્વતી સાક્ષાત્ પ્રસન્ન થાય છે. ઉપાધ્યાયજી મહારાજને પણ સરસ્વતીએ સાક્ષાત્ દર્શન આપ્યા હતા. એટલે '**ऐँ**' કારના જપ વડે સરસ્વતીનું સ્વરૂપ જણાય છે. અહીં **कलित**=ज्ञातं, દષ્ટં એમ અર્થ થઈ શકે છે.)

(ટીકાકાર સ્વયં સાધુ હોવાથી અવિરતિધર એવી શ્રુતદેવીને નમન-વંદન ન કરી શકે. માત્ર એનું સ્મરણ કરી શકે એટલે "**नत्वा**" નથી કહ્યું. પણ **स्मृत्वा** કહ્યું છે.)

**यशो. - इह हि भवार्णवे दुःखसहस्रवीचिनिचयभीषणे भव्यप्राणिनामाधारश्चारित्रमेव यानपात्रं,**

**चन्द्र.** - भवसमुद्रे निमज्जतां भव्यजीवानां चारित्रमेव आधाररूपं यानपात्रं । किन्तु दशविधचक्रवाल-सामाचारी रूपस्य पवनस्य अनुकुलता यदि न भवेत्, तदा आधारभूतमपि तच्चारित्रयानपात्रं न भव्यजीवान् संसारसमुद्रात् निस्तारयितुं प्रभवतीति चारित्रं प्रतिपन्नानामपि भव्यानां दशविधचक्रवालसामाचार्याश्रयणं आवश्यकमेवेति दर्शयति **इह हि भवार्णवे** इत्यादिना ।

હજારો દુઃખોરૂપી તરંગોના સમૂહથી ભયંકર આ સંસારરૂપી સમુદ્રમાં ભવ્યજીવોને જો કોઈ આધારભૂત વહાણ હોય તો એ ચારિત્ર જ છે.

**यशो. - तच्च सम्यक्सामाचारीरूपानुकूलपवनप्रेरितमेव त्वरितं तन्निस्ताराय प्रभवतीति**

**चन्द्र. - सम्यक्सामाचारीत्यादि**-निश्चयनयस्य या सामाचारी अभिप्रेता, तया युक्ता या व्यवहारनय-सामाचारी, सा सम्यक्सामाचारी कथ्यते । निश्चयनयस्याभिप्रेता सामाचारी अग्रे प्रदर्शयिष्यते ।

(**શિષ્ય** : જો ચારિત્ર એ જ આધારભૂત વહાણ હોય. તો પછી તમે એનું જ વર્ણન કરો ને ? આ દશ સામાચારીનું વર્ણન શા માટે કરો છો ?)

**ગુરુ** : એ ચારિત્ર સમ્યક્સામાચારી સ્વરૂપ અનુકૂળપવન વડે પ્રેરાયેલું છતું જ ઝડપથી સંસારમાંથી જીવને તારવા માટે સમર્થ બને છે. એટલે ગ્રન્થકાર સામાચારીના સ્વરૂપનું પ્રતિપાદન કરવાની ઈચ્છાવાળા બન્યા છે.

**यशो. - द्विगुणफलार्थितया भगवद्वर्धमानस्वामिस्तुतिव्याजेन तत्स्वरूपं प्रतिपिपादयिषुः प्रतिजानीते-**

**चन्द्र. - द्विगुणफलार्थितया**-द्विगुणफलप्राप्तेः इच्छयेत्यर्थः । चारित्रयानपात्रं सम्यक्सामाचारीरूपानुकूलपवनप्रेरितं सत् संसारसमुद्रनिस्ताराय प्रभवति । अतः सामाचारीस्वरूपं प्रतिपादनीयम् । तत्प्रतिपादनेन भव्यजीवेषु उपकारः भविष्यति । तेन च कर्मनिर्जरादिरूपं महत्फलं भवत्येवेति हि एकं फलं । तथा सामाचारीप्रतिपादनं यदि आसन्नोपकारिशासनपतिश्रीवर्धमानस्वामिस्तुतिव्याजेन क्रियते, तर्हि श्रीवर्धमानस्वामिनः स्तुतिरपि भवेत् । तयापि कर्मनिर्जरादिकं महत्फलं प्राप्यते इति तत् द्वितीयं फलं । ग्रन्थकारश्च द्विगुणफलप्राप्तिकामनावान् अस्ति । ततश्च **द्विगुणफलार्थितया**=द्विगुणफलप्राप्तीच्छया **भगवद्वर्धमानस्वामिस्तुतिव्याजेन तत्स्वरूपं**=सामाचारीस्वरूपं प्रतिपिपादयिषुः ग्रन्थकारः **प्रतिजानीते ।** यदि हि स्तुतिव्याजं विनैव तत्स्वरूपं प्रतिपाद्येत, तर्हि तत्प्रतिपादनजन्यं एकं फलं भवेत् । किन्तु स्तुतिजन्यं

द्वितीयं फलं न भवेत् इति आशयः।

પણ ગ્રન્થકાર હોંશિયાર છે. એ જાણે છે કે "સામાચારીના નિરૂપણથી તો મને કર્મક્ષય વગેરે રૂપ ફળ મળશે જ. પણ એ સામાચારીનું નિરૂપણ જો એવી રીતે કરું કે જેમાં પરમાત્માની સ્તુતિ પણ થઈ જાય. તો પરમાત્માની સ્તુતિથી ઉત્પન્ન થનાર ફળ પણ મને મળે." એટલે સામાચારી નિરૂપણજન્ય ફળ અને પ્રભુની સ્તુતિથી જન્ય ફળ એમ બે ફળ મેળવવાની ઈચ્છાથી ગ્રંથકાર ભગવાન વર્ધમાનસ્વામીની સ્તુતિ કરવાના બહાનાથી સામાચારીનું નિરૂપણ કરવાની ઈચ્છાવાળા છે. અને એ માટે ગ્રન્થકાર પહેલી ગાથામાં એ સ્તુતિ અને સામાચારી પ્રતિપાદન કરવાની પ્રતિજ્ઞા કરે છે.

---

**यशो. - जह मुणिसामाचारिं संसेविय परमनिव्वुइं पत्तो ।**
**तह वद्धमाणसामिय ! होमि कयत्थो तुह थुईए ॥१॥**

---

**चन्द्र.** - यथा → मुनिसामाचारीं संसेव्य(त्वं) परमनिर्वृतिं प्राप्तः, तथैव तव स्तुत्या अहं कृतार्थो भवामि ← इति प्रथमगाथार्थः ।

**ગાથાર્થ :** હે વર્ધમાનસ્વામિન્ ! જે પ્રમાણે મુનિસામાચારીને સમ્યક્ રીતે સેવીને આપ પરમ આનંદને પામ્યા છો. તે પ્રમાણે તમારી સ્તુતિ કરવા દ્વારા હું કૃતાર્થ થઈશ.

---

**यशो. - जह ति । 'यथा' येन प्रकारेण 'मुनिसामाचारीं'=साधुसंबन्धीच्छाकारादिक्रियाकलापम्, ओघदशविधपदविभाग( च्छेद )रूपक्रियाकदम्बशक्तस्यापि सामाचारीपदस्य प्रकरणमहिम्ना विशेषपर्यवसायित्वात्, 'संसेव्य' उपयुक्ततयाऽऽराध्य 'परमनिर्वृतिं'= सकलसांसारिकसुखातिशायिमोक्षसुखं प्राप्तस्त्वमितिगम्यम् । हे वर्धमानस्वामिन् ! तथा=तेन प्रकारेण 'तव स्तुत्या'=इच्छाकारादिभेदोपदर्शकभवत्स्तवनेन कृतार्थो भवामि ।**

---

**चन्द्र. - मुनिसामाचारीं=साधुसंबन्धीच्छाकारादिक्रियाकलापम् । ननु** मुनिसामाचारी त्रिविधा अस्ति । ओघसामाचारी, दशविधचक्रवालसामाचारी, पदविभागसामाचारी च । ततश्च मुनिसामाचारीपदेन त्रिविधाऽपि सामाचारी ग्राह्या । टीकाकृता तु साधुसंबन्धीच्छाकारादिक्रियाकलापरूपा दशविधचक्रवालसमाचारी एव गृहीता । तत्र युक्तमित्यत आह **ओघदशविधेत्यादि । ओघदशविधपदविभागरूपक्रियाकदम्बशक्तस्यापि**=तादृशत्रिविधसामाचारीप्रतिपादनसमर्थस्यापि **प्रकरणमहिम्ना**=दशविधचक्रवालसामाचार्याः अधिकारः अत्र अस्ति इति कृत्वा **विशेषपर्यवसायित्वात्**=दशविधसामाचारीरूपस्य विशेषपदार्थस्य प्रतिपादने समर्थीभवनात् । द्विविधानि हि पदानि भवन्ति । शक्तानि लाक्षणिकानि च । यदा 'गङ्गायां यानपात्रं' इत्यादौ गङ्गापदं गङ्गाप्रवाहं, स्वप्रतिपाद्यत्वेन प्रसिद्धं पदार्थं बोधयति, तदा तत्पदं शक्तं उच्यते । यदा तु 'गङ्गायां आभीरपल्ली' इत्यादौ गङ्गापदं गङ्गातीरं बोधयति, तदा तत्पदं लाक्षणिकं उच्यते । एतत्सर्वं मुक्तावलीग्रन्थस्य शब्दखंडे विस्तरतः प्रतिपादितमस्तीति ततो बोध्यम् । शक्तं पदं तात्पर्यानुपपत्तिस्थाने

लाक्षणिकं भवति । अत्र तु सामाचारीपदं यद्यपि त्रिविधसामाचारीषु शक्तं अस्ति । तथापि अत्र तु प्रकरणमहिम्ना ग्रन्थकृतः दशविधसामाचारीप्रतिपादने एव तात्पर्यं अस्ति । ततश्च यदि सामाचारीपदेन त्रिविधा सामाचारी गृह्येत, तर्हि ग्रन्थकारस्य तात्पर्यं उपपन्नं न भवेत् । तस्मात् अत्र सामाचारीपदं दशविधसामाचार्यां लक्षणावत् अस्ति इति भावः । एवं च तादृशपदस्य विशेषपर्यवसायित्वात् मुनिसामाचारीपदेन इच्छाकारादिक्रियाकलापः एव गृह्यत इति भावार्थः ।

**उपयुक्ततयाऽऽराध्य**="सम्" उपसर्गस्य "उपयुक्ततया" इति अर्थः प्रदर्शितः टीकाकारेण । **सकलसांसारिकसुखातिशायिमोक्षसुखं** इति । निर्वृतिपदस्य अर्थः सुखं । परमशब्दस्य अर्थः "सकलसांसारिकसुखातिशायि" इति वक्तुं युक्तः । मोक्षपदं तु व्यर्थमेव । यतः सकलसांसारिकसुखातिशायि-सुखं तु मोक्षसुखमेव भवति । तथापि स्पष्टार्थं मोक्षपदमपि टीकाकारेण गृहीतमिति ज्ञेयम् ।

"कः तादृशं सुखं प्राप्तः' इति तु मूलगाथायां नोक्तमतः टीकाकारेण '**त्वमिति गम्यम्**' इत्युक्तम् । 'त्वं' इति पदं गाथायां अनुक्तमपि स्वयमेव ज्ञेयम् इति भावः ।

**इच्छाकारादिभेदोपदर्शकभवत्स्तवनेन**=इच्छाकारादिभेदोपदर्शकं यत् भवतः स्तवनं, तेनेति समासः ।

**कृतार्थो भवामीति ।**

**ટીકાર્થ :** અહીં ગાથામાં જે 'મુનિસામાચારી' શબ્દ છે. તેનો અર્થ આ પ્રમાણે કરવો કે "સાધુજીવન સંબંધી જે ઈચ્છાકારાદિ ક્રિયાઓનો સમૂહ છે તે."

(**શિષ્ય :** મુનિની સામાચારી તો ત્રણ છે : (૧) ઓઘનિર્યુક્તિગ્રંથમાં બતાવેલી ઓઘસામાચારી (૨) દશવિધચક્રવાલ સામાચારી (૩) પ્રાયશ્ચિત્તસંબંધી પદવિભાગસામાચારી.

તમે ત્રણમાંથી માત્ર દશવિધચક્રવાલ સામાચારી જ અહીં સામાચારીપદથી શી રીતે લઈ શકો ?)

**ગુરુ :** જો કે સામાચારી પદ ઓઘ, દશવિધ અને પદ વિભાગ એમ ત્રણ પ્રકારની ક્રિયાઓના સમૂહને જણાવનારો છે જ. પરંતુ અત્યારે દશવિધ સામાચારી જ વિચારણા છે એટલે પ્રકરણ=પ્રસંગના પ્રભાવથી આ સામાચારીપદ એ દશવિધસામાચારીરૂપ વિશેષ પદાર્થને જણાવનાર બની શકે છે. (જેમ **सैन्धव** શબ્દ એ મીઠું અને ઘોડા બે ય ને જણાવનાર શબ્દ છે. પણ ભોજન કરતી વખતે કોઈ બોલે કે "**सैन्धवमानय**" તો ભોજનપ્રસંગના પ્રભાવથી શ્રોતા ત્યાં સૈન્ધવ શબ્દનો અર્થ મીઠું જ કરે. ઘોડો ન કરે. એમ અહીં પણ સમજવું.)

પ્રભુએ સામાચારીનું સંસેવન કર્યું છે. સમ્=ઉપયોગપૂર્વક આરાધના કરી છે. અને એ આરાધના કરીને તમામે તમામ સાંસારિક સુખો કરતા ઉંચું એવું જે મોક્ષસુખ છે એને પ્રભુ પામ્યા છે.

(**શિષ્ય :** ગાથામાં 'કોણ સુખને પામ્યું છે ?' એ તો લખ્યું નથી.)

**ગુરુ :** ગાથામાં ત્વં=તું એ શબ્દ બહારથી જ સમજી લેવો.

ગ્રન્થકાર પ્રભુની સાથે વાતચીત કરતા હોય એ રીતે બોલે છે કે "હે વર્ધમાન્ ! તમે જે રીતે સામાચારી પાળી છે એ જ રીતે તમારી સ્તુતિ કરવા વડે હું કૃતાર્થ થઈશ. અર્થાત્ આ મારો ગ્રન્થ એ ઈચ્છાકારાદિભેદોનો ઉપદર્શક=પ્રતિપાદક છે અને એટલે એ ગ્રન્થ આપના સ્તવન સ્વરૂપ જ છે અને એવા સ્તવન વડે હું કૃતાર્થ થઈશ.

**यशो. - एतदेव स्तुतिकल्पलतायाः फलं यद्भगवद्गुणवर्णनमिति भक्तिश्रद्धाजनितादस्मादचिरादेवाजरामरत्वसिद्धेः ॥१॥**

**चन्द्र.** - ननु ग्रन्थकारः भगवत्स्तवनमात्रेण कथं कृतार्थो भवति ? इत्याशङ्कायामाह **एतदेव हि** इत्यादि। कल्पलतारूपायाः स्तुत्याः फलं भगवद्गुणानां वर्णनमेव । न तु परदोषनिंदा-स्वप्रशंसादिकम् । ततश्च स्तुतिकर्ता स्तुतिद्वारेण भगवद्गुणानेव वर्णयति । तच्च वर्णनं यदि भक्तिश्रद्धयोः अतिशयेन जनितं भवति । तदा तस्मात् गुणवर्णनात् झटित्येव सिद्धिपदप्राप्तिः भवति । एवं च न केवलं स्तुतिमात्रेण ग्रन्थकारः कृतार्थो भवति । किन्तु स्तुत्याः भक्तिश्रद्धातिशयजनितात् भगवद्गुणवर्णनरूपात् फलात् अजरामरत्वसिद्धिः भवति । अजरामरत्वं च प्राप्तः कृतार्थ एव भवतीति युक्तमुक्तं स्तवनेन कृतार्थो भवामीति ॥१॥

(**શિષ્ય :** શું પરમાત્માની સ્તુતિ કરવા માત્રથી કૃતાર્થ બની જવાય ? કૃતાર્થ બનવું એટલે મોક્ષને પ્રાપ્ત કરવો. શું સ્તુતિ માત્રથી મુક્તિ મળે ?)

**ગુરુ :** આ સ્તુતિ તો કલ્પવેલડી કહેવાય. અને એનું ફળ શું છે ? એ તને ખબર છે ? સ્તુતિમાં કંઈ નિંદા-મશ્કરી ન હોય. સ્તુતિમાં તો પ્રભુના ગુણોનું વર્ણન જ હોય. એટલે સ્તુતિનું ફળ તો પ્રભુના ગુણોનું વર્ણન જ છે.

એટલે આ સ્તુતિ કરવાથી પ્રભુગુણવર્ણનની પ્રાપ્તિ થશે અને જોરદાર ભક્તિ તથા જોરદાર શ્રદ્ધાથી ઉત્પન્ન થયેલા એ પ્રભુગુણવર્ણન દ્વારા ઝડપથી અજરામરત્વની=મોક્ષની પ્રાપ્તિ થાય જ. આમ સ્તુતિ દ્વારા પ્રભુગુણવર્ણન અને એના દ્વારા મોક્ષની પ્રાપ્તિ અને એના દ્વારા જીવ કૃતાર્થ થાય. એટલે "સ્તુતિ વડે હું કૃતાર્થ થાઉં છું" એમ જે ગ્રન્થકારે કહ્યું તે એકદમ યોગ્ય જ છે. ॥૧॥

**यशो. - अथादौ प्रतिज्ञातनिरूपणां सामाचारीमर्थतो नयविभागेन विवेचयन् विशेषण-विशेष्यभावस्वरूपेण निरूपयति –**

**चन्द्र. - आदौ**=प्रथमगाथायां **प्रतिज्ञातनिरूपणां**=प्रतिज्ञातं निरूपणं यस्याः सा तां । **अर्थतो नयविभागेन विवेचयन्**=टीकायां नयविभागप्रदर्शनेन पृथक्कुर्वन् । द्वितीयायां मूलगाथायां हि एतत् न उक्तं यदुत 'अमुकनयः अमुकस्वरूपां सामाचारीं मन्यते ? अन्यश्च नय अन्यस्वरूपां सामाचारीं मन्यते' इत्यादि । किन्तु मूलगाथायां केवलं षट् विशेषणानि एव प्रतिपादितानि । टीकायां तु तदनुसारेण 'कः नयः कियद्विशेषणविशिष्टं आत्मानं निर्विशिष्टं वा आत्मानं सामाचारीं मन्यते ?' इति सर्वं प्रतिपाद्यते । अतः 'अर्थतो' इत्युक्तम् ।

'सामाचारीं' इति पदं 'विवेचयन्' इति अत्र 'निरूपयति' इति अत्र च योजनीयम् ।

પ્રથમ ગાથામાં સામાચારીનું નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા કરી. હવે સૌ પ્રથમ તો એ સામાચારીનું નિરૂપણ કરવાને બદલે એ સામાચારીનું અર્થથી નયોના વિભાગ વડે વિવેચન કરતા ગ્રન્થકાર એ સામાચારીને વિશેષણ-વિશેષ્યભાવરૂપે નિરૂપણ કરે છે.

(શિષ્ય : "અર્થતઃ" એવું શા માટે લખ્યું છે ?)

(ગુરુ : બીજી ગાથામાં એવું સ્પષ્ટ નથી લખવાના કે "અમુકનય અમુકપ્રકારની સામાચારી માને છે." આ બીજી ગાથામાં તો માત્ર ચાર-પાંચ વિશેષણો જ લખશે. એના ઉપરથી ટીકામાં નયોની માન્યતાઓ દેખાડશે. એટલે સૂત્રતઃ=સાક્ષાત્ નયવિભાગથી વિવેચન નથી જ. પણ અર્થતઃ=ટીકા દ્વારા કે અર્થાપત્તિ દ્વારા વિવેચન છે.)

(શિષ્ય : વિશેષણ-વિશેષ્યભાવસ્વરૂપ એટલે શું ?)

(ગુરુ : "અમુક વિશેષણોથી યુક્ત અમુક વિશેષ્ય એ સામાચારી કહેવાય" આ રીતે જે નિરૂપણ કરાય. એ વિશેષણ-વિશેષ્યભાવથી નિરૂપણ કરેલું કહેવાય. બીજી ગાથામાં એ પ્રમાણે જ નિરૂપણ કરવાના છે.)

---

**यशो. - सावज्जजोगविरओ तुज्झ तिगुत्तो सुसंजओ समए ।**
**आया सामाचारी समायरन्तो अ उवउत्तो ॥२॥**

---

**चन्द्र.** - → तव सिद्धान्ते सावद्ययोगविरतः त्रिगुप्तः सुसंयतः उपयुक्तः समाचरन् आत्मा सामाचारी अस्ति ← इति द्वितीयगाथार्थः ।

**ગાથાર્થ :** તારા શાસ્ત્રમાં સાવદ્યયોગથી વિરત, ત્રણગુપ્તિવાળો, સુસંયત, ઉપયોગવાળો સામાચારીને પાળતો એવો આત્મા સામાચારી છે.

---

**यशो. - सावज्जति । तव समये=सिद्धान्ते आत्मा सामाचारी न त्वनात्मा तद्व्यतिरिक्तो गुणः । इदं च संग्रहनयमतं, आत्मनि विशेष्ये सकलसामाचारीसंग्रहणात् ।**

---

**चन्द्र. - आत्मा सामाचारीति ।** यद्यपि आत्मा न सामाचारी, किन्तु आत्मगतः क्षयोपशमविशेषः शुभपरिणामो वा सामाचारी । तथापि आत्मा गुणी अस्ति । क्षयोपशमादयश्च आत्मनः गुणाः । गुणाश्च गुणिनः सकाशात् कथञ्चित् अभिन्ना एव सन्ति इति **आत्मा सामाचारी** इत्युक्तम् । न तु 'आत्मगुणः सामाचारी' इति उक्तम् ।

**न त्वनात्मा तद्व्यतिरिक्तो गुणः**' इति । अनात्मपदस्यैव 'तद्व्यतिरिक्तो गुणः' इत्यादिना विवेचनं कृतं । आत्मभिन्नः यः कश्चित् रूपरसादिरूपः गुणः स सामाचारी न भवति । यद्वा गुणगुणिनोः भेदवादिना आत्मभिन्नः यः शुभपरिणामविशेषादिरूपः गुणः सामाचारी मन्यते, सोऽपि अस्मिन् संग्रहनयमते सामाचारी न भवति । अत्र बहु वक्तव्यं, तत्तु विस्तरभयात् प्रकृतग्रन्थे विशेषतोऽनुपयोगित्वाच्च न वितन्यते ।

**इदं च संग्रहनयमतं इति ।** ननु इदं मतं संग्रहनयस्यास्ति इति कथं वक्तुं शक्यते इत्यत आह **आत्मनि विशेष्ये** इति । संग्रहनयो हि न केवलं सम्यगीच्छाकारादिरूपामेव सामाचारीं मन्यते । किन्तु दोषदुष्टामपि इच्छाकारादिक्रियां, अन्याश्च सर्वाः गमनागमनभक्षणादिकाः क्रियाः अपि सामाचारीं मन्यते । एवं च प्रतिसमयं कश्चिदपि आत्मा कयाचिदपि क्रियया युक्तो भवतीति सर्वे आत्मानः सर्वदा 'सामाचारी' कथ्यन्ते । इत्थं च अस्यां द्वितीयमूलगाथायां यत् आत्मपदात्मकं विशेष्यं, तस्मिन् सकलसामाचारीणां संग्रहं असौ संग्रहनयः

करोतीति "आत्मा सामाचारी"इति इदं मतं संग्रहनयस्य अस्ति इति वक्तुं युक्तमेव ।

अत्र संक्षेपतः किञ्चित् नयस्वरूपं प्रदर्श्यते । नयो नाम अभिप्रायविशेषः । यथा एकः पुरुषः एतादृशाभिप्रायवान् अस्ति यदुत ये संसारत्यागिनः, ते सर्वे बोद्धाः जैनाः शैवाः साङ्ख्या वेदान्तिनश्च साधवः कथ्यन्ते । द्वितीयः पुरुषः एतादृशाभिप्रायवान् अस्ति यदुत बोद्धादयः संसारत्यागिनोऽपि न साधवः वक्तुं युज्यन्ते । यतस्ते जिनेश्वरं प्रतिपन्नाः न सन्ति । अहं तु जिनेश्वरप्रतिपन्नमेव संसारत्यागिनं साधुं मन्ये । ततश्च दिगम्बराः श्वेताम्बराः च जिनेश्वरं प्रतिपन्नाः संसारत्यागिनः साधवः कथ्यन्ते ।

तृतीयस्तु पुरुषः प्राह "ये दिगम्बराः जिनेश्वरं प्रतिपन्नाः अपि संसारत्यागिनः जिनेश्वरोक्तानि एव स्त्रीमुक्ति-केवलिभुक्तिप्रभृतिवचनाान न मन्यन्ते । ते मिथ्यादृशः कथं साधवः वक्तुं युज्यन्ते । तस्मात् स्थानकवासिनः, तेरापंथमतवन्तः, मूर्तिपूजकमतवन्तश्च श्वेताम्बरा एव संसारत्यागिनः साधवः कथ्यन्ते ।

चतुर्थस्तु पुरुषः प्राह-जिनोक्तानि वचनानि मन्यमानाः अपि ये संसारत्यागिनः साध्वाचारं न परिपालयन्ति, ते साधवः वक्तुं न युक्ताः । तस्मात् साध्वाचारपरिपालकाः एव तादृशाः संसारत्यागिनः साधवः वक्तुं योग्याः इति ।

पञ्चमस्तु प्राह-ननु साध्वाचारपरिपालनं तु अभव्यादयोऽपि कुर्वन्ति । न च ते साधवः । तस्मात् परिणतिमन्तः, षष्ठ-सप्तमगुणस्थानस्पर्शिनः एव संसारत्यागिनः साधवो ज्ञेया इति ।

एवं एकस्मिन्नैव पदार्थे भिन्नभिन्नाभिप्रायवन्तः अनेके पुरुषा दृश्यन्ते । ते भिन्ना अभिप्रायाः एव नयपदेन व्यवह्रीयन्ते । क्रमशः एते पञ्च पुरुषाः विशुद्ध-विशुद्धतर-विशुद्धतमाभिप्रायवन्तः सन्ति ।

प्रकृतेऽपि "सामाचारी"इति कः पदार्थः इति अत्र विभिन्ना अभिप्रायाः प्रवर्तन्ते । ते एव ग्रन्थकृता प्रदर्श्यन्ते । तत्र तावत् संग्रहनयात्मकः अभिप्रायः प्रतिपादितः ।

**ટીકાર્થ :** તારા સિદ્ધાન્તમાં આત્મા એ સામાચારી છે.

શિષ્ય ! સંગ્રહનય એમ માને છે કે કોઈપણ આત્મા ગમે ત્યારે સારો કે ખરાબ કોઈપણ આચાર પાળતો જ હોય છે. એટલે કોઈપણ આત્મા કોઈપણ સમયે સામાચારી રૂપ હોય છે.

(**શિષ્ય :** "આત્મા સામાચારીવાળો છે" એમ કહેવાને બદલે "આત્મા સામાચારી છે" એમ શા માટે કહ્યું?)

**ગુરુ :** સંગ્રહનય એ ગુણને ગુણીથી જુદો નથી માનતો. એટલે સામાચારી એ આત્માથી જુદો એવો કોઈ ગુણ નથી. પરંતુ એ આત્મા સ્વરૂપ જ છે અને માટે આત્મા એ સામાચારી કહેવાય.

(**શિષ્ય :** "આ માન્યતા સંગ્રહનયની છે" એમ તમે કયા આધારે કહો છો ?)

**ગુરુ :** જે અનેકવસ્તુઓનો સંગ્રહ કરે એ સંગ્રહનય કહેવાય. અહીં ચાલતો, બેસતો, રડતો, હસતો, જમતો વગેરે અનેક પ્રકારના આત્માઓ સામાચારી છે. પરંતુ સંગ્રહનયે ચાલતો આત્મા સામાચારી, હસતો આત્મા સામાચારી... એમ જુદું જુદું કહેવાને બદલે માત્ર "આત્મા સામાચારી" એમ કહી દીધું એટલે એમાં હસવા, ચાલવા, બેસવા વગેરે રૂપ બધી સામાચારીઓનો સંગ્રહ થઈ જાય છે. આમ આત્મારૂપી વિશેષ્યમાં બધી જ સામાચારીઓનો સંગ્રહ કરી લેતો હોવાથી આ મત સંગ્રહનયનો છે એમ કહી શકાય.

**यशो. - अथ व्यवहारनयो ब्रूते-न ह्यात्मा सामाचारीति व्यवहर्तुं शक्यते, एवं सति सर्वत्रात्मन्यविशेषे तद्व्यवहारप्रसङ्गात् । तन्नैवं निगाद्यम्, किन्त्वित्थं निगाद्यं यद्- "इच्छाकारादिकमाचारं समाचरन्नात्मा सामाचारी" इति । एवं चाऽसमाचरत्यात्मनि नातिप्रसङ्ग इति ।**

**चन्द्र.** - अधुना व्यवहारनयो निगद्यते **न ह्यात्मा**....इत्यादि । ये हि इच्छाकारादिकमाचारं न प्रतिपालयन्ति। ते सामाचारीपदेन व्यवहर्तुं अयोग्या इति न केवलं आत्मा सामाचारी । किन्तु दोषदुष्टां दोषरहितां वा कीदृशीमपि इच्छाकारादिरूपां सामाचारीं परिपालयन्त एव आत्मानः सामाचारीपदेन व्यवहर्त्तव्याः इति । एवं च तादृशं आचारं **असमाचरति आत्मनि नातिप्रसङ्गः**=न सामाचारीपदव्यवहारकरणापत्तिः ।

વ્યવહારનય કહે છે કે "આત્મા સામાચારી છે" એ પ્રમાણે વ્યવહાર કરવો શક્ય નથી, કેમકે જો આ રીતે માનશું તો તો પછી ચાલતા, બોલતા, રડતા, પાપ કરતા વગેરે તમામ આત્માઓને વિશે એકસરખી રીતે "આ આત્મા સામાચારી છે" એવો વ્યવહાર કરવાની આપત્તિ આવે, કેમકે એ બધા ય આત્મા તો છે જ.

(**શિષ્ય** : ભલે ને, બધા આત્મામાં એક સરખો સામાચારીનો વ્યવહાર કરવાની આપત્તિ આવે ? શું વાંધો?)

(**ગુરુ** : વ્યવહારનયને એ માન્ય નથી.)

માટે આ સંગ્રહનય જે બોલે છે એ પ્રમાણે બોલવું ન જોઈએ. પરંતુ આ પ્રમાણે બોલવું કે "ઈચ્છા, મિચ્છા વગેરે દશ પ્રકારની સામાચારીને આચરતો આત્મા સામાચારી કહેવાય." અને એટલે ઈચ્છાદિનું આચરણ ન કરનારા, બીજા બધા આત્માઓમાં "આ સામાચારી છે" એવો વ્યવહાર કરવાની આપત્તિ નહિ આવે.

**यशो. - अथर्जुसूत्रनयो ब्रूते - एवं सत्यपि व्यवहारसमाचरणशालिनि द्रव्यलिङ्गि-न्यतिप्रसङ्ग इति 'उपयुक्त' इत्यपि विशेषणं देयम् । उपयुक्तो नाम ज्ञेयप्रत्याख्येयपरिज्ञापर इत्यर्थः । न च द्रव्यलिंग्येवंविध इति ।**

**चन्द्र. - व्यवहारसमाचरणशालिनि द्रव्यलिङ्गिनीत्यादि** । उपयोगं विना संमूर्च्छिमक्रियातुल्यं इच्छाकारादिकं आचारं कुर्वति साधुवेषमात्रधारिणीत्यर्थः । ऋजुसूत्रनयः उपयोगपूर्वकं इच्छाकारादिकं आचारं कुर्वन्तमेव आत्मानं सामाचारीं मन्यते । **ज्ञेयप्रत्याख्येयपरिज्ञापरः**=ज्ञेयानां प्रत्याख्येयानां च पदार्थानां या परिज्ञा, तस्यां परः । प्रथमं हि मुनिः त्याज्यपदार्थानां ज्ञानं अवाप्नोति, तच्च ज्ञानं ज्ञेयपरिज्ञा उच्यते । तदनन्तरं ज्ञेयपरिज्ञारूपेण ज्ञानेन ज्ञातानां प्रत्याख्येयपदार्थानां प्रत्याख्यानं=त्यागं करोति । तत्प्रत्याख्यानमेव प्रत्याख्यानपरिज्ञा, प्रत्याख्येयपरिज्ञा वा उच्यते । एतादृशपरिज्ञापरस्तु यो भवति, तस्य इच्छाकारादिकमाचारं ऋजुसूत्रनयः सामाचारीं मन्यते इति हार्दम् । द्रव्यलिङ्गिनश्च न उपयुक्ताः इति तेषां व्यवच्छेदः ।

ઋજુસૂત્રનય કહે છે કે વ્યવહારનયની વાત માનીએ તો પણ વાંધો છે, કેમકે જે ઈચ્છા, મિચ્છાસામાચારી રૂપ વ્યવહારનું પાલન ખૂબ કરે છે એવા સાધુવેષમાત્રધારી, અભવ્ય વગેરેમાં અતિપ્રસંગ=અતિવ્યાપ્તિ આવશે. તેઓને પણ સામાચારીવાળા તરીકે ઓળખવા પડશે. (એ મને=ઋજુસૂત્રને માન્ય નથી.)

એટલે 'ઉપયુક્ત' એ વિશેષણ પણ મૂકવું. અર્થાત્ 'ઉપયોગપૂર્વક ઈચ્છાકારાદિને પાળતો આત્મા સામાચારી કહેવાય'' આ પ્રમાણે અર્થ કરવો.

(**શિષ્ય** : 'ઉપયુક્ત' એટલે શું ?)

**ગુરુ** : ઉપયુક્ત એટલે જ્ઞેયપરિજ્ઞા અને પ્રત્યાખ્યેયપરિજ્ઞામાં જે લીન હોય તે. અર્થાત્ હેયપદાર્થોનું સમ્યક્જ્ઞાન કરીને પછી એ હેયપદાર્થોનો ત્યાગ કરનાર આત્મા ઉપયુક્ત કહેવાય. જે માત્ર વેષધારી છે. એ તો આવો ન હોવાથી એને સામાચારીવાળો માનવાની આપત્તિ નહિ આવે.

---

**यशो. - एवमभिहिते शब्दनयः प्रत्यवतिष्ठते-नन्वेवमपि अविरतसम्यग्दृष्ट्यादयोऽपि सामाचारीपरिणामं प्राप्ताः, तेषामप्येवम्प्रायत्वात्, अतः सुसंयत इत्यपि विशेषणीयम् । सुसंयतो नाम षट्सु जीवनिकायेषु सङ्घट्टनपरितापनादिविरत इति । एवं नोक्तदोषः ।**

---

**चन्द्र. - प्रत्यवतिष्ठते**-ऋजुसूत्रनयं खण्डयतीत्यर्थः । **एवमपि**=ऋजुसूत्रनयमतेन यद्यपि द्रव्यलिङ्गिनां व्यवच्छेदो भवति, तथापि **अविरतसम्यग्दृष्ट्यादयोऽपीति** । शब्दनयस्यायमभिप्रायः → यदि हि ऋजुसूत्रनयाभिप्रायः स्वीक्रियते, तर्हि अविरतसम्यग्दृष्ट्यादयोऽपि सामाचारीमन्तः परिगणनीया भवेयुः । यतः अविरतसम्यग्दृष्टयः मिथ्यात्वत्यागिनः सन्तीति तेऽपि मिथ्यात्वापेक्षया ज्ञेयप्रत्याख्येयपरिज्ञापरा एव । सम्यग्दर्शनसम्बन्धिनाञ्च अतिराचाराणां सम्यग् मिथ्यादुष्कृतमपि ते ददति । तथा गीतार्थसंविग्नवचने तथाकारसामाचारीमपि सम्यक् पालयन्ति । जिनालयप्रवेशकाले नैषेधिकीसामाचारीमपि सम्यक् पालयन्ति । एवं अणुव्रतधारिणः श्रावका अपि अनेकप्रकारेण सामाचारीं सम्यक्परिपालयन्ति । ततश्च ज्ञेयप्रत्याख्येयपरिज्ञापराः एते अपि सामाचारीमन्तः भवेयुः । न चैतदिष्टं मम । तस्मात् 'सुसंयत' इत्यपि विशेषणं देयम् । अविरतसम्यग्दृष्ट्यादयस्तु न षड्जीवनिकायेषु सङ्घट्टनादिविरताः सुसंयताः । तस्मात् ते सामाचारीमन्तो न भवेयुः ← इति । अक्षरार्थस्त्वयम्। **तेषामपि**=अविरतसम्यग्दृष्ट्यादीनामपि **एवम्प्रायत्वात्**=ज्ञेयप्रत्याख्येयपरिज्ञायुक्तप्रायत्वात् । सर्वथा ते दशसामाचारीं न पालयन्तीति "प्रायः" पदमुपात्तम् इति बोध्यम् ।

આ પ્રમાણે ઋજુસૂત્રનય બોલ્યો એટલે હવે શબ્દનય એનું ખંડન કરે છે કે આ ઋજુસૂત્રની વ્યાખ્યા પ્રમાણે તો અવિરતસમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિધર શ્રાવકો પણ સામાચારી પરિણામને પામેલા માનવા પડશે. અવિરતસમ્યક્ત્વીએ મિથ્યાત્વને બરાબર જાણીને એનો ત્યાગ કર્યો છે એટલે એ ઉપયુક્ત કહી શકાય. દેશવિરતિધરોએ સ્થૂલપ્રાણાતિપાતાદિ પાપોને સમ્યગ્ જ્ઞાનથી જાણીને એનો ત્યાગ કર્યો છે એટલે તેઓ પણ એ દૃષ્ટિએ ઉપયુક્ત છે જ. અને તેઓ પણ પોતાના દોષો બદલ "મિચ્છા મિ.." બોલે છે અને ગુરુના વચનોમાં તહત્તિ કરે છે. દેરાસરમાં જતા નિસીહિ બોલે છે. આમ તેઓ પણ ઉપયુક્ત + સામાચારીના પાલક હોવાથી એમને પણ સામાચારીવાળા ગણવા પડે. એ મને માન્ય નથી. એટલે આ બધાની બાદબાકી કરવા માટે 'સુસંયત' વિશેષણ પણ મુકવું. "સુસંયત એટલે ષડ્જીવનિકાયના સંઘટ્ટો, પરિતાપના વગેરેથી અટકેલો."

શ્રાવકો અને સમકિતીઓ તો ષડ્જીવનિકાયના સંઘટ્ટાદિવાળા હોવાથી તેઓ ઉપયુક્ત હોવા છતાં સુસંયત નથી. મારા મતે તો સુસંયત+ઉપયુક્ત+ઈચ્છાદિનો પાલક એવો આત્મા જ સામાચારી છે. એટલે આ બધાને હવે સામાચારીવાળા માનવાની આપત્તિ ન આવે.

**यशो. - समभिरूढस्त्वाह-नन्वेवं प्रमत्तसंयतादयोऽप्येवंप्राया इति तेषामपि तत्प्रसङ्ग इति 'त्रिगुप्त' इत्यपि विशेषणीयम् । तदर्थश्चाकुशलचित्तादिनिरोधित्वं कुशलचित्ताद्युदीरकत्वं च, 'एकग्रहणे तज्जातीयग्रहणम्' इतिन्यायात् 'पञ्चसमित' इत्यपि द्रष्टव्यम् ।**

**चन्द्र.** - समभिरूढस्तु ब्रूते-ये हि षड्जीवनिकायेषु सङ्घट्टनाद्यतिचारवन्तः न भवन्ति । तेऽपि हि समिति-गुप्तिषु सूक्ष्मदोषभागिनःसंभवन्ति । ते हि समितिगुप्तिषु सूक्ष्मदोषवशात् प्रमतसंयताः भवन्ति । ततश्च तादृशप्रमत्तसंयता अपि 'सुसंयता' इति कृत्वा सामाचारीपदेन व्यवहर्तव्याः स्युः । न च तदिष्टं मम । तस्मात् 'त्रिगुप्त' इति विशेषणमपि देयम् । ततश्च प्रमतसंयतादयः सुसंयता अपि सन्तो न त्रिगुप्ता इति न तेषु सामाचारीपदप्रयोगापत्तिरिति ।

ननु 'त्रिगुप्तः' इति विशेषणस्य कोऽर्थः भवतीत्यत आह **तदर्थस्तु** इति । ननु त्रिगुप्तविशेषणेन तिस्रः गुप्तयः गृहीताः । किन्तु पञ्च समितयस्तु अद्यापि अगृहीता एव । न च समितीनामग्रहणं शोभनमाभातीत्यत आह **एकग्रहणे तज्जातीयग्रहणमि**त्यादि । प्रवचनमातृत्वजातिर्हि गुप्तिषु समितिषु च वर्तते । तत्र गुप्तिग्रहणे प्रवचनमातृत्वजात्या गुप्तिसजातीयानां समितीनामपि ग्रहणं स्वयमेव दृष्टव्यम् ।

इत्थञ्च अष्टप्रवचनमातृपालका अप्रमतसंयता एव सामाचारीपदव्यवर्हतव्या भवन्ति । अष्टप्रवचनमातृषु सूक्ष्मदोषवन्तः प्रमतसंयता नेति न तेषु सामाचारीपदव्यवहारापत्तिः इति समभिरूढाभिप्रायः ।

इदमत्र हृदयम् । अविरतसम्यग्दृष्ट्यादयः अपि ज्ञेयप्रत्याख्येयपरिज्ञावन्तो भवन्ति । किन्तु ते षट्सु जीवनिकायेषु संघट्टनादिरहिता न भवन्ति । अत एव सुसंयतविशेषणेन तेषां व्यवच्छेदः कृतः । तथा सुसंयताः प्रमत्ताः संघट्टनादिरहिता भवन्ति, किन्तु अष्टप्रवचनमातृयुक्ताः न भवन्ति । अत एव त्रिगुप्तपदेन तेषामपि व्यवच्छेदः कृतः । एतत्तत्वं टीकानुसारतो लभ्यते । अत्र उपयुक्तसुसंयतत्रिगुप्तपदानां पृथक्पृथगर्थो वक्तव्यः। येन मन्दबुद्धीनां सम्यग्बोधो भवेत् । स चायं । चतुर्थपञ्चमगुणस्थानवर्तिनोऽपि जीवाः मिथ्यात्वाद्यपेक्षया ज्ञेयप्रत्याख्येयपरिज्ञावन्तो भवन्तीति ते उपयुक्ताः वक्तुं शक्यन्ते । षष्ठगुणस्थाने च ये संघट्टनादिदोषवन्तो भवन्ति, ते उपयुक्ता अपि सुसंयता न भवन्ति । तेषामपि सुसंयतपदेनैव व्यवच्छेदो भवति । तथा प्रमत्तसंयतगुणस्थाने या प्रमत्तता अस्ति । तत्कारणीभूताः द्विविधाः अतिचाराः तद्गुणस्थाने संभवन्ति । व्यावहारिकाः अतिचाराः, नैश्चयिकाः अतिचाराश्च । तत्र बाह्यदृशा दृश्यमानाः षड्जीवनिकाय-संघट्टनपरितापनादिकाः अतिचाराः स्थुलाः व्यावहारिकाः अतिचाराः । ये तु बाह्यदृशाऽदृश्यमानाः, स्थूलातिचार-अजनकाः सूक्ष्मदोषाः अल्पकालीनानाभोगप्रमादादयः भवन्ति, ते नैश्चयिकाः अतिचाराः । तत्र व्यावहारिकातिचारवन्तः श्रमणाः सातिचारसंयतपदेन व्यवह्रीयन्ते । नैश्चयिकातिचारवन्तः श्रमणाः निरतिचारसंयता एव कथ्यन्ते । तथापि सूक्ष्मदोषवशात् तेषां यदा षष्ठगुणस्थानसंभवो भवति । तदा ते समितिगुप्तियुक्ताः न कथ्यन्ते, किन्तु प्रमत्तसंयताः कथ्यन्ते । ये तु एतदुभयदोषविप्रमुक्ता भवन्ति, ते अप्रमत्तसंयताः कथ्यन्ते । एतत्तावत्संक्षेपतो निरुपितम् । अत्रापि बहु वक्तव्यम् । तत्तु विस्तरभयात् नोच्यते । एतदनुसारेण प्रकृतटीकापदार्थः स्वयमेव स्पष्टीकर्तव्यः ।

સમભિરૂઢનય કહે છે કે શબ્દનયની વ્યાખ્યા પ્રમાણે તો પ્રમત્તસંયતોને પણ સામાચારીવાળા માનવા પડશે, કેમકે તેઓ ષડ્જીવનિકાયના સંઘટ્ટાદિ વિનાના જ છે. પરંતુ મારે તેમને સામાચારીવાળા નથી માનવા, કેમકે તેઓ પ્રમત્ત છે. સમિતિ કે ગુપ્તિમાં નાના-મોટા પ્રમાદવાળા છે. તેઓ સુસંયત હોવા છતાં પ્રમત્ત હોવાથી એમને સામાચારીવાળા કહેવા હું તૈયાર નથી.

એટલે એમની બાદબાકી કરવા માટે 'ત્રિગુપ્ત' વિશેષણ મૂક્યું.

(**શિષ્ય :** 'ત્રિગુપ્ત' શબ્દનો શું અર્થ થાય ?)

**ગુરુ :** ખરાબ મન, વચન, કાયાને અટકાવવા અને સારા મન, વચન, કાયાને પ્રગટાવવા એ જ આ 'ત્રિગુપ્ત' શબ્દનો અર્થ છે.

(**શિષ્ય :** સાચો સાધુ તો પાંચ સમિતિ અને ત્રણગુપ્તિ એ આઠેય પ્રવચનમાતાનો ધારક હોય. તમે માત્ર ત્રણગુપ્તિની જ વાત કેમ કરી ? કેમ પાંચ સમિતિની વાત ન કરી ?)

(**ગુરુ :** એ વાત નથી કરી, છતાં એ સ્વયં સમજી લેવી.)

**શિષ્ય :** પણ જે વાત લખી જ નથી, એ શી રીતે સમજી લેવાય ?)

**ગુરુ :** એવો ન્યાય છે કે કોઈપણ એક વસ્તુનું ગ્રહણ કરીએ એટલે એને સમાનજાતિવાળો જે હોય એનું પણ ગ્રહણ થઈ જ જાય. એ કહેવાની જરૂર જ ન પડે. (દા.ત. 'પ્રભુને કેવલજ્ઞાન પ્રગટ્યું.' એમ કહીએ એટલે સમજાઈ જ જાય કે 'કેવલદર્શન, અનંતવીર્ય પણ પ્રગટ્યુ.' કેમકે આ બધા ક્ષાયિકગુણત્વરૂપી જાતિ વડે સમાનજાતીય છે.) અહીં પ્રવચનમાતૃત્વજાતિ પાંચ સમિતિ અને ત્રણગુપ્તિમાં રહેલી છે. એટલે એ દૃષ્ટિએ બે સમાનજાતીય છે. એટલે ગુપ્તિનું ગ્રહણ કરતાની સાથે જ સમાનજાતીય એવી સમિતિઓનો પણ બોધ થઈ જ જાય છે.

પ્રમત્ત સંયમીઓ તો સમિતિ-ગુપ્તિમાં ભુલોવાળા હોવાથી તેઓ 'ત્રિગુપ્ત+સમિત' નથી કહેવાતા. એટલે તેઓને સામાચારીવાળા માનવા જ નહિ પડે.

---

**यशो. - अथैवंभूतः सिद्धान्तयति-नन्वेवमप्रमत्तादयोऽपि तथाभावं प्राप्ताः । न च तत्फलमवद्यपरिक्षयमन्तरा तत्सद्भावो निश्चीयते, कुर्वद्रूपस्यैव कारणस्याभ्युपगमात्, कुशूलनिहितबीजस्याऽबीजाद-विशेषात् । तदिदमभिप्रेत्योक्तम्-"निच्छयणयस्स चरणस्सुवधाए नाणदंसणवहो वि" इति । तत्त्वमत्रत्यमस्मत्कृताध्यात्ममतपरीक्षा-यामध्यवसेयम् । ततः सावद्ययोगविरत इत्यादि वाच्यमिति ।**

---

**चन्द्र. - सिद्धान्तयति**=स्वाभिप्रायं प्रकटीकरोति । ननु भवतु नाम अप्रमतसंयतादयोऽपि सामाचारीभावं प्राप्ताः। को दोषः इत्यत आह **न च तत्फलमित्यादि** । तत्फलं=सामाचारीफलं । अवद्यपरिक्षयं=पापविनाशं। अत्र हि अवद्यपदेन यदि घातिकर्माणि गृह्यन्ते, तदा द्वादशगुणस्थानपर्यन्ते एव तत्क्षयभवनात् 'त्रयोदशगुणस्थाने सामाचारीभावः एवंभूतनयस्याभिप्रेत' इति वक्तव्यम् । यदि च अवद्यपदेन अष्टापि कर्माणि गृह्यन्ते । तदा तु चतुर्दशगुणस्थानपर्यन्ते तत्क्षयभवनात् सिद्धावस्थायां सामाचारीभावः एवंभूतस्याभिप्रेत इति वक्तव्यम् ।

ननु धूमरूपं वह्निफलं यत्र नास्ति, तत्रापि अयोगोलकादौ वह्निसद्भावो निश्चीयत एव । एवमत्रापि अवद्यपरिक्षयं सामाचारीफलं विनापि सामाचारीसद्भावोऽप्रमत्तसंयतादिषु कथं न निश्चीयते ? इति आशङ्कायामाह **कुर्वद्रूपस्यैवेत्यादि** । विवक्षितं कार्यं कुर्वत् रूपं=स्वरूपं यस्य, तदेव वस्तु कारणं उच्यते । यथा हि चतुर्थगुणस्थानसम्बन्धि सम्यग्दर्शनं विरतिरूपं कार्यं अजनयत् सम्यक्त्वं न कथ्यते । किन्तु पञ्चमादि गुणस्थानवर्ति सम्यग्दर्शनं विरतिरूपं कार्यं जनयत् सम्यक्त्वं उच्यते । एवं अप्रमत्तसंयतादिषु सामाचारीफलं घातिकर्मक्षयरूपं नास्ति । ततः तत्र सामाचारी नैव मन्यते । अयोगोलकादौ धूमं अजनयन् वह्निः मया वह्निरेव न मन्यते । व्यवहारनयस्तु मूढः । अतः स तमपि वह्निं मन्यते । इत्थञ्च अप्रमत्तादिषु अवद्यपरिक्षयात्मकं कार्यं यतो न भवति । तत एव तत्र तत्कारणीभूता सामाचारी अपि मया न मन्यते इति एवंभूतनयाभिप्रायः ।

ननु 'काष्ठं अङ्कुरकारणं नास्ति । कुशूले = कोष्ठागारे निहितं शाल्यादिबीजं तु अङ्कुरकारणमस्ति' इति व्यवहारो दृश्यते । तत्र यथा काष्ठं अङ्कुरं नोत्पादयति । तथैव कुशूलस्थं बीजमपि तदा अङ्कुरं नोत्पादयति । तथापि तत् अङ्कुरकारणं बीजमेव मन्यते । तस्मात् कार्यं अकुर्वद् अपि वस्तु कारणं भवतीति अवश्यं मन्तव्यमित्यत आह **कुशूलनिहितेत्यादि** । कथितमेव मया यदुत व्यवहारनयो मूढः । स हि कुशूलनिहितं अङ्कुरानुत्पादकमपि बीजं बीजं=अङ्कुरकारणं मन्यते । अहं तु कुशूलनिहितं बीजं काष्ठादिरूपाबीजस्य सदृशमेव मन्ये इति अप्रमत्तादिषु न सामाचारीं मन्ये इति एवम्भूतनयाभिप्रायः ।

ननु हे एवम्भूतनय ! भवदभिप्रायस्तु आगमे कुत्रापि अस्ति न वा ? इत्यत आह **तदिदमभिप्रेत्येत्यादि।** चारित्रविनाशे सति सम्यक्त्वसद्भावेऽपि तत्र सम्यग्ज्ञानदर्शनवध एव *निश्चयनयाभिप्रेतः इति उपदेशमालायाम् ।*

ननु सम्यक्त्वसद्भावेऽपि तद्विनाशस्वीकारः कथं युक्तः इत्यत आह **तत्त्वमत्रत्यमित्यादि ।**

એવંભૂતનય પોતાનો સિદ્ધાંત દર્શાવે છે કે 'સમભિરૂઢનયની માન્યતા પ્રમાણે તો અપ્રમત્તસંયત વગેરે પણ સામાચારીપરિણામને પામેલા માનવા પડશે, કેમકે અપ્રમત્ત સાધુઓ ત્રિગુપ્ત અને પંચસમિત છે જ.

(**શિષ્ય** : તો ભલે ને તેઓ સામાચારીવાળા બનતા ? તમને શું વાંધો આવ્યો ?)

**ગુરુ:** કોઈપણ વસ્તુની હાજરીનો નિશ્ચય એ વસ્તુના કાર્યની હાજરી ઉપરથી થાય. (જેમ ક્રોધનું કાર્ય 'મોઢું લાલચોળ થવું' વગેરે છે. તો એના દ્વારા ક્રોધની હાજરીનો નિશ્ચય કરી શકાય. પરંતુ એ વિના ક્રોધની હાજરીનો નિશ્ચય ન કરી શકાય.) સામાચારીનું ફળ છે પાપોનો નાશ. સાતમા વગેરે ગુણસ્થાનમાં તો હજી પાપકર્મો પડેલા જ છે. તો પાપનાશરૂપી કાર્ય વિના ત્યાં સામાચારીરૂપ કારણનો નિશ્ચય શી રીતે થઈ શકે ? એ માટે જ હું અપ્રમત્ત વગેરેને સામાચારી માનવા તૈયાર નથી.

(**શિષ્ય** : 'કાર્ય ઉપરથી જ કારણનો નિશ્ચય થાય' એ તમારો નિયમ ખોટો છે. તપાવેલા લોખંડ વગેરેમાં ધૂમરૂપી કાર્ય ન હોવા છતાં અગ્નિરૂપી કારણ તો મનાય જ છે.)

**ગુરુ** : એ બીજા બધા માનતા હશે. હું તો કાર્યને ઉત્પન્ન કરનારા કારણને જ કારણ માનું છું. ધૂમને ઉત્પન્ન ન કરતા અગ્નિને હું અગ્નિ નથી માનતો. એમ પાપક્ષય (ઘાતી કર્મોનો ક્ષય કે પછી અષ્ટકર્મનો ક્ષય) રૂપી કાર્યને ન કરનારી એવી અપ્રમત્તાદિની સામાચારીને હું સામાચારી માનવા તૈયાર નથી.

(**શિષ્ય** : 'કાર્ય ન કરે એ કારણ કારણ જ ન કહેવાય' એવું શી રીતે મનાય ? કોઠારમાં ઘણા બધા ધાન્યબીજો રહેલા છે. એ અંકુરાદિને ઉત્પન્ન નથી કરતા. તો શું એટલા માત્રથી એ બીજ મટી જાય છે ? લોકો

તો એને પણ બીજ કહે જ છે ને ?)

**ગુરુ :** લોકોની વાત જવા દે. હું તો કોઠારમાં રહેલા, અંકૂરને ઉત્પન્ન નહિ કરનારા બીજને અબીજ કરતાં જરાય વધારે માનતો નથી. અર્થાત્ જેમ પથ્થર અંકુરાને ઉત્પન્ન ન કરતું હોવાથી અબીજ છે. એમ એ કોઠારનું બીજ પણ અંકુરાને ઉત્પન્ન ન કરતું હોવાથી અબીજ જ સમજવું.

આ પદાર્થને મનમાં રાખીને જ ઉપદેશમાલાકારે કહ્યું છે કે "નિશ્ચયનયના મત પ્રમાણે તો ચારિત્રનો ઘાત થાય એટલે પછી (સમ્યગ્દર્શન હોવા છતાં પણ) સમ્યગ્જ્ઞાન+સમ્યગ્દર્શનનો વિનાશ જ જાણવો."

(**શિષ્ય :** વસ્તુ હાજર હોવા છતાં એનો વિનાશ માની લેવો એ શી રીતે યોગ્ય ગણાય ? આ મને સમજાયું નહિ.)

**ગુરુ :** આ પદાર્થ અંગેનું તત્ત્વ=રહસ્ય તો અમે બનાવેલા અધ્યાત્મમતપરીક્ષાગ્રન્થમાં વિસ્તારથી આપેલું છે. તે ત્યાંથી જાણી લેવું.

એટલે જો માત્ર 'ત્રિગુપ્ત' વિશેષણ લઈએ તો અપ્રમત્તાદિને પણ સામાચારીવાળા માનવા પડે. એ મને માન્ય નથી. એટલે એમની બાદબાકી કરવા માટે 'સાવદ્યયોગવિરત' એ વિશેષણ પણ કહેવું.

---

**यशो. –'सावद्ययोगविरतः' इति–अवद्येन कारणीभूतेन सह विद्यत इति सावद्यः कर्मबन्धः 'सावज्जो नाम कम्मबंधो' इति चूर्णिकारवचनात्, तेन सह योगो–व्यापारो–वीर्यं–सामर्थ्यमित्यनर्थान्तरम्, ततो विरतः परिज्ञाततत्क इति यावत् ।**

---

**चन्द्र. - सावज्जो नाम कम्मबंधो** इति । अवद्यं नाम पापं । तच्चात्र कारणरूपं । तेन सह वर्तमानं कार्यं तु कर्मबन्ध एव । ततः सावद्यः कर्मबन्धः इति वक्तुं युज्यते । **परिज्ञाततत्क** इति । परिज्ञातः सावद्ययोगः येन स इति भावः ।

(**શિષ્ય :** અપ્રમત્ત સાધુઓ સાવદ્યયોગથી વિરત જ છે ને ? તો પછી આ વિશેષણ મૂકશો તો ય તેઓને સામાચારીવાળા માનવા જ પડશે.)

**ગુરુ :** કર્મબંધનું કારણ જે હોય એ બધું જ અવદ્ય કહેવાય. એકથી દશ ગુણસ્થાન સુધી તો કષાયજન્ય કર્મબંધ છે જ. એટલે અવદ્ય=કર્મબંધની સાથેનો જે યોગ તે સાવદ્યયોગ કહેવાય. એટલે ૧ થી ૧૦ ગુણસ્થાન સુધી સાવદ્યયોગ છે જ. અને માટે તેઓ સાવદ્યયોગથી વિરત ન હોવાથી એ અપ્રમત્તાદિને સામાચારીવાળા માનવાની આપત્તિ નહિ આવે. (જો અવદ્ય=કર્મબંધ તરીકે કાષાયિકકર્મબંધ કે નિષ્કષાયકર્મબંધ બે ય લેવાના હોય. તો તો ૧ થી ૧૩ ગુણસ્થાન સુધી કર્મબંધ છે જ. એટલે ૧ થી ૧૩ ગુણસ્થાનવાળા તમામે આત્માઓ સાવદ્યયોગવાળા ગણાશે. ચૌદમે ગુણસ્થાને કર્મબંધ પણ નથી અને યોગ પણ નથી. એટલે તેઓ સાવદ્યયોગથી વિરત ગણાશે. એટલે આ અપેક્ષાએ તો માત્ર ચૌદમા ગુણસ્થાનવાળા આત્માઓ જ સામાચારીવાળા ગણાય.)

(**શિષ્ય :** 'સાવદ્યયોગવિરત' શબ્દનો સમાસ બતાવો ને ?)

**ગુરુ :** અવદ્ય=કર્મબંધની સાથે જે યોગ હોય. એ સાવદ્યયોગ કહેવાય. વ્યાપાર, વીર્ય, સામર્થ્ય એ શબ્દો યોગશબ્દના સમાનાર્થી છે. જેમ ઘટથી પટ એ અર્થાન્તર=જુદો અર્થ છે. પરંતુ ઘટથી કુંભ એ જુદો અર્થ નથી. અર્થાન્તર નથી = અનર્થાન્તર છે. તેમ અહીં પણ સમજવું.

આવો સાવદ્યયોગ જેણે સમ્યગ્જ્ઞાનથી જાણીને સંપૂર્ણપણે છોડી દીધો છે તે સાવદ્યયોગવિરત કહેવાય.

**यशो. - तदेवम्भूतस्यायमाशयः-यदैवात्माऽभिहितसकलविशेषणविशिष्टस्तदैव सामाचारीपरिणामभाग्, नान्यदा । चरमविशेषणेनैव कृतार्थत्वेऽपि तस्येतरसकल विशेषणाऽऽक्षेपकत्वात् ।**

**चन्द्र.** - ननु एवम्भूतनय ! "सावद्ययोगविरतः आत्मा सामाचारी"इत्येव भवता वक्तुं उचितम् । यतः भवान् केवलिनमेव सामाचारीं मन्यते । सावद्ययोगविरतपदेन च स एव गृह्यते । तत उपयुक्तसुसंयतत्रिगुप्त-स्वरूपाणि विशेषणानि भवन्मते निरर्थकान्येव । ततः "अभिहितसकलविशेषणविशिष्ट एव आत्मा सामाचारीपरिणामभाग्" इति भवता वक्तुं न युक्तमिति शङ्कायामाह **चरमविशेषणेनैवेत्यादि । चरमविशेषणेनैव**=सावद्ययोगविरतात्मकविशेषणेनैव **कृतार्थत्वेऽपि**=केवलिन्येव सामाचारीपदव्यवहार-सिद्धावपि **तस्य**=सावद्ययोगविरतात्मकविशेषणस्य **इतरसकलविशेषणाक्षेपकत्वात्**=उपयुक्त-सुसंयत-त्रिगुप्तादिसकलविशेषणसंग्राहकत्वात् तादृशसकलविशेषणविशिष्ट एव आत्मा सामाचारी परिणामभाग्, नान्यदेति अन्वयः । यः सावद्ययोगविरतो भवति, स उपयुक्तसुसंयतत्रिगुप्तादिविशेषणभाग् भवत्येव । ततः सावद्ययोग-विरतात्मकं विशेषणं सर्वेषां विशेषणानां संग्राहकं भवतीति "सकलविशेषणविशिष्ट आत्मैव सामाचारी"इति वचने न कोऽपि दोषः ।

આમ એવંભૂતનયનો આશય આ પ્રમાણે છે કે જે સમયે આત્મા ઈચ્છાકારાદિને કરતો, ઉપયોગવાળો, સુસંયત, ત્રિગુપ્ત અને સાવદ્યયોગવિરત આ પાંચ વિશેષણોથી યુક્ત હોય એ જ વખતે એ સામાચારીપરિણામને ભજનારો માનવો.

પણ જે કાળમાં આ પાંચ વિશેષણવાળો ન હોય એ કાળમાં એ આત્મા સામાચારીપરિણામવાળો ન ગણાય.

(**શિષ્ય :** એવંભૂતનય પ્રમાણે પાંચ વિશેષણો કહેવાની જરૂર જ નથી. એ તો માત્ર 'સાવદ્યયોગવિરત' શબ્દ કહે એટલે જ એને માન્ય સામાચારીનું ગ્રહણ થઈ જાય. આ વિશેષણવાળાઓ તો ૧૧ થી ૧૪ ગુણસ્થાનવાળા અથવા તો માત્ર ૧૪માં ગુણસ્થાનવાળા જ છે. અને એ તો એવંભૂતનયને માન્ય જ છે. તો પછી એ શા માટે બાકીના ચાર વિશેષણો પણ માને છે ?)

**ગુરુ :** તારી આ વાત સાચી છે કે 'સાવદ્યયોગવિરત' એ છેલ્લા વિશેષણ દ્વારા જ એવંભૂતનય કૃતાર્થ બની જાય છે. એટલે કે એને માન્ય પદાર્થ સિદ્ધ થઈ જાય છે. એટલે બીજા વિશેષણોની જરૂર નથી.

છતાં પણ જે સાવદ્યયોગવિરત હોય એ ત્રિગુપ્ત, સુસંયત, ઉપયુક્ત, આચરણકાર હોય જ. એટલે આ એક જ વિશેષણ બાકીના બધાય વિશેષણોને ખેંચી લાવે છે અને એટલે એવંભૂતનયે એ ચાર વિશેષણો પણ બતાવ્યા. બાકી હકીકતમાં એ ચાર વિશેષણો એવંભૂતનય પ્રમાણે બોલવાની જરૂર નથી.

**यशो. - नैगमनयस्य पुनः शुद्धाऽशुद्धभेदेन द्वैविध्यात्सकलविशेषणविशिष्टो द्विकत्रिकादिसंयोगविशिष्टो वाऽऽत्मा तथा प्रस्थकन्यायादुन्नेयः ।**

**चन्द्र.** - नन्वत्र कुत्रापि नैगमनयस्याभिप्रायो न प्रतिपादितः, ततश्च जिज्ञासामि यदुत कस्तस्याभिप्राय इत्यत आह **नैगमनयस्य** पुनः इत्यादि । शुद्धौ नैगमनयः सकलविशेषणविशिष्टमात्मानं सामाचारीं मन्यते । अशुद्धस्तु नैगमनयः एकविशेषणविशिष्टं विशेषणद्वयविशिष्टं विशेषणत्रयविशिष्टं वाऽऽत्मानं सामाचारीं मन्यते ।

**प्रस्थकन्यायादिति** । प्रस्थकः-धान्यादिप्रमाणनिश्चयार्थं उपयोगी साधनविशेषः । यथा प्रस्थकरचयिता ग्रामीणपुरुषः प्रस्थकरचनोपयोगिकाष्ठार्थं वनं व्रजन् केनचित् 'कुत्र गच्छसि' इति पृष्टः सन् 'प्रस्थकार्थं वनं गच्छामि' इति वदति । तत्र गत्वा वृक्षं छिन्दन् केनचित् 'किं करोषि' इति पृष्टः सन् ''प्रस्थकार्थं वृक्षं छिनद्मि'' इति वदति । काष्ठं छित्त्वा गृहमागत्य प्रस्थकाकारं कुर्वन् केनचित् पृष्टः सन् ''प्रस्थकार्थं आकारं करोमि''इति वदति। एवं यावत् प्रस्थकः न समुत्पद्यते, तावत् प्रस्थकस्यैव रचनादिरूपं व्यवहारं करोति स ग्रामीणः । एष सर्वोऽपि नैगमनयः कथ्यते । एवमत्रापि इच्छाकारादिकं समाचरन्तमात्मानं, उपयुक्तं तादृशमात्मानं, सुसंयतं तादृशमात्मानं, त्रिगुप्तं तादृशमात्मानं, सावद्ययोगविरतं च तादृशमात्मानं सामाचारीं मन्यते इति भावः ।

(**શિષ્ય :** કુલ સાત નયો છે. એમાંથી તમે સંગ્રહાદિ છ નયોની માન્યતા તો બતાવી. પણ નૈગમનયની માન્યતા શું છે ? એ તો કહ્યું નહિ. તો કહો ને ? નૈગમનય શું માને છે ?)

**ગુરુ :** નૈગમનય બે પ્રકારનો છે. શુદ્ધ અને અશુદ્ધ. એટલે જે શુદ્ધ નૈગમનય છે એ એવંભૂતનયની માન્યતાને અનુસરે છે. એટલે શુદ્ધ નૈગમનય પ્રમાણે પાંચેય વિશેષણોથી વિશિષ્ટ એવો આત્મા એ સામાચારી બનશે.

અને અશુદ્ધ નૈગમનય અનેક પ્રકારનો છે. એમાં કોઈક અશુદ્ધ નૈગમનય આચરણ + ઉપયુક્ત એ બે વિશેષણોથી વિશિષ્ટ આત્માને સામાચારી માને છે. એના કરતાં કંઈક શુદ્ધ એવો અશુદ્ધ નૈગમનય આચરણ +ઉપયુક્ત+સુસંયત એમ ત્રણ વિશેષણથી યુક્ત આત્માને સામાચારી માને છે. એના કરતા વધારે શુદ્ધ એવો અશુદ્ધ નૈગમનય ચાર વિશેષણથી યુક્ત આત્માને સામાચારી માને છે.

(**શિષ્ય :** એક જ વ્યક્તિની એક જ વિષયમાં તો એક જ પ્રકારની માન્યતા હોય ને ? એક વ્યક્તિ એક જ વિષયમાં જુદી જુદી અનેક પ્રકારની માન્યતા ધરાવે એ તો યોગ્ય નથી લાગતું. બાકીના છ નયો આ વિષયમાં સ્પષ્ટ પોતપોતાની એક જ માન્યતાવાળા છે. નૈગમ તો એકલો જ ચાર-પાંચ માન્યતાઓ ધરાવે એ શી રીતે યોગ્ય ગણાય ?)

**ગુરુ :** આ વાત તારે પ્રસ્થકન્યાયથી જાણવા યોગ્ય છે. જેમ અત્યારે અનાજના વેપારી વગેરેની પાસે ૫૦૦ ગ્રામ, ૨૫૦ ગ્રામ વગેરે ચોક્કસ માપનું જ અનાજ સમાય એવા માપીયા હોય છે. અને એ માપીયાથી તેઓ અનાજ આપતા હોય છે. એમ પૂર્વકાળમાં આવા માપીયાઓ લાકડામાંથી બનતા અને એ પ્રસ્થક તરીકે ઓળખાતા.

એ પ્રસ્થક બનાવનાર કઠિયારો એનું લાકડું લેવા જંગલમાં જતો હોય અને કોઈક પૂછે કે 'શા માટે જંગલ બાજુ જાય છે ?' તો એ ઉત્તર આપે કે 'પ્રસ્થક બનાવવા માટે જંગલ જાઉં છું' ત્યાર પછી જંગલમાં જઈ લાકડું કાપતો હોય અને કોઈ પૂછે કે "શા માટે લાકડું કાપે છે ?" તો એ કહે કે "પ્રસ્થક બનાવવા લાકડું કાપું છું..." એ પછી ઘરે આવે અને લાકડાનો નકામો ભાગ કાપે, એમાં પ્રસ્થકનો આકાર ઘડે, એને પોલિશ કરે.. એ બધી ક્રિયાઓમાં એ એમ જ કહે છે કે "આ બધું પ્રસ્થક માટે છે. અર્થાત્ હું પ્રસ્થક બનાવું છું."

આમ જંગલમાં જવાની ક્રિયાથી માંડીને છેક પોલિશ કરવાની છેલ્લી ક્રિયા બધી જ પ્રસ્થક માટેની જ ગણાય છે. અને એક જ વ્યક્તિ એ પ્રમાણે વ્યવહાર કરે છે. એ જ રીતે નૈગમનય પણ એક વિશેષણવાળાને, બે-

ત્રણ-ચાર અને પાંચ વિશેષણવાળાને પણ સામાચારી કહે તો એ પ્રસ્થકના દૃષ્ટાન્ત પ્રમાણે યોગ્ય જ છે.

આમ સંગ્રહના મતે આત્મા, વ્યવહારના મતે ઈચ્છામિચ્છાદિ આચારવાળો આત્મા, ઋજુસૂત્રના મતે ઉપયુક્ત+તાદૃશ આચારવાન્ આત્મા, શબ્દના મતે સુસંયત+ઉપયુક્ત+ઈચ્છાદિ-આચારવાન્ આત્મા, સમભિરૂઢના મતે ત્રિગુપ્ત+ઉપયુક્ત+ઈચ્છાદિ-આચારવાન્ આત્મા અને એવંભૂતના મતે પાંચ વિશેષણવાળો આત્મા સામાચારી છે. એ એક મત જોયો.

---

**यशो. - अन्ये त्वाहुः-आत्मा सामाचारीति संग्रहः । सावद्ययोगविरत इति व्यवहारः । परिज्ञातसावद्ययोगोऽपि चतुर्थगुणस्थानवर्त्ती न तथेति त्रिगुप्तस्तादृशस्तथा इति ऋजुसूत्रः। देशविरतिसामाचारीमनिच्छन् शब्दस्तु 'सुसंयत' इत्यपि देयमित्याह । प्रमत्तादारभ्य सूक्ष्मसंपरायं यावत्तामनिच्छन् समभिरूढस्तु 'उपयुक्त' इत्यपि विशेषयति । एवंभूतस्त्वाकेवलिनं न तामिच्छति । तत्रापि योगनिरोधाद्यख्यमहाप्रयत्नविरहकाले न तामिच्छतीति समाचरन्नित्यप्याह । तादृशश्च विशिष्टकेवली इति पश्चानुपूर्वीपूर्वानुपूर्वीभ्यां व्याख्यातेयं गाथा ।**

---

**चन्द्र.** - प्रकारान्तरेण नयभेदेन सामाचारीपदार्थं विवृण्वन्नाह **अन्ये त्वाहुः** इति । अत्र व्यवहारतः संसारत्याग्यपि सावद्ययोगविरतः कथ्यते । पञ्चमगुणस्थानादारभ्य आत्मा त्रिगुप्तो भवति । षष्ठगुणस्थानादरभ्य सुसंयतो भवति। एकादशगुणस्थानादारभ्य उपयुक्तो भवति । निष्कषायो जीवपरिणाम एवात्र उपयोगो भण्यते । दशमगुणस्थानं यावत् सकषायपरिणामसद्भावात् एकादशगुणस्थानादारभ्यैवोपयुक्तो भवति । एतत्सर्वं मनसिकृत्य प्रतिपादिताः नयाभिप्रायाः स्वयमेव विभावनीयाः ।

**पश्चानुपूर्वी-पूर्वानुपूर्वीभ्यां व्याख्यातेयं गाथा** । प्रथमव्याख्याने "समाचरन्, उपयुक्तः, सुसंयतः, त्रिगुप्तः, सावद्ययोगविरतः" इति क्रमेण विशेषणानि प्रतिपादितानि । द्वितीयव्याख्याने तु "सावद्ययोगविरतः, त्रिगुप्तः, सुसंयतः, उपयुक्तः, समाचरन्" इति पश्चानुपूर्व्या विशेषणानि प्रतिपादितानीति भावः ।

આ અંગે કેટલાંકો આ પ્રમાણે કહે છે કે 'આત્મા સામાચારી છે' એ સંગ્રહનય છે. વ્યવહારના મતે સાવદ્યયોગવિરત એવો આત્મા સામાચારી છે. અહીં હિંસા વગેરે પાપકાર્યોને છોડી દેનારો આત્મા સાવદ્યયોગવિરત ગણવાનો છે. હવે ચોથા ગુણઠાણે રહેલો કોઈક આત્મા હિંસાદિ પાપકાર્યોનો ત્યાગ કરીને સાધુ બનેલો હોય તો એ પણ સાવદ્યયોગવિરત હોવાથી સામાચારી માનવો પડે. એ ઋજુસૂત્રને માન્ય નથી. એટલે ઋજુસૂત્ર કહે છે કે ત્રિગુપ્ત એવો સાવદ્યયોગવિરત આત્મા સામાચારી કહેવાય. અવિરતસમ્યક્ત્વી પાસે વ્યવહારથી સાવદ્યયોગોનો ત્યાગ હોવા છતાં ત્રિગુપ્તિ નથી. એટલે એ સામાચારીવાળો નહિ ગણાય.

શબ્દનય કહે છે કે દેશવિરતિધર આત્મા ત્રિગુપ્તિવાળો હોવાથી ઋજુસૂત્ર પ્રમાણે તો એને ય સામાચારી માનવો પડે. એ મને ઈષ્ટ નથી. એટલે એ દેશવિરતિધરોની બાદબાકી કરવા 'સુસંયત' વિશેષણ મૂકવું. શ્રાવકો તો સુસંયત ન હોવાથી તેઓને સામાચારી માનવાની આપત્તિ નહિ આવે.

સમભિરૂઢ કહે છે કે છથી દશ ગુણસ્થાનક સુધીના આત્માઓ સુસંયત હોવાથી શબ્દનયના મતે તો એમને

પણ સામાચારીવાળા માનવા પડે. એ મને ઈષ્ટ નથી. એટલે એમની બાદબાકી કરવા માટે 'ઉપયુક્ત' વિશેષણ મૂકવું. એમાં કષાયોદયથી યુક્ત આત્મપરિણામ ઉપયોગ જ ન કહેવાય. કષાયોદય વિનાનો શુદ્ધ આત્મપરિણામ જ ઉપયોગ કહેવાય. ૧ થી ૧૦ ગુણસ્થાને તો કષાયોદયવાળો પરિણામ હોવાથી તેઓ ઉપયુક્ત=ઉપયોગવાળા ન કહેવાય. માટે એમને સામાચારીવાળા માનવાની આપત્તિ ન આવે.

એવંભૂત કહે છે કે હું તો કેવલી સિવાય કોઈને સામાચારી માનતો નથી. સમભિરૂઢના મતે તો કેવલજ્ઞાન વિનાના એવા ૧૧-૧૨ ગુણસ્થાનના જીવોને પણ સામાચારી માનવી પડે. એ મને ઈષ્ટ નથી.

રે ! કેવલીપણામાં પણ જ્યાં સુધી યોગનિરોધ નામનો મહાપ્રયત્ન ન હોય ત્યાં સુધી હું એ કેવલીઓને પણ સામાચારી માનતો નથી. પણ જ્યારે ૧૩માં ગુણસ્થાનકે યોગનિરોધની ક્રિયા કરે. ત્યારે એ યોગનિરોધક્રિયાને આચરતા કેવલીમાં જ હું સામાચારી માનું છું, કેમકે આ યોગનિરોધની ક્રિયા એ જ સાચી સામાચારી છે. એટલે સામાન્ય કેવલીઓને હું સામાચારી નથી માનતો.

આ પ્રમાણે નયોના નિરૂપણમાં બીજો મત પુરો થયો.

આમાં પહેલા મતમાં સમાચરન્+ઉપયુક્ત+સુસંયત+ત્રિગુપ્ત+સાવદ્યયોગવિરત આ ક્રમ પ્રમાણે વિશેષણોનો અર્થ જોયો.

બીજા મતમાં સાવદ્યયોગવિરત+ત્રિગુપ્ત+સુસંયત+ઉપયુક્ત+સમાચરન્ આ પ્રમાણે ઉંધા ક્રમથી વિશેષણોનો અર્થ જોયો.

એટલે પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વી એમ બે ય રીતે આ વિશેષણોનો અર્થ કરવા દ્વારા આ ગાથાનો અર્થ કર્યો.

---

**यशो. - एवमनानुपूर्व्यापि व्याख्येयानि विशेषणानि नयनिष्णातैः ॥२॥**

---

**चन्द्र. - अनानुपूर्व्याऽपि**=विचित्रक्रमेणाऽपि । **नयनिष्णातैः**=नयनिपुणैः । अन्येषां तु अनानुपूर्व्या विशेषणव्याख्यानं दुःशकम् इति ॥२॥

જેઓ નયના વિશિષ્ટ જાણકાર હોય તેઓ તો અનાનુપૂર્વી દ્વારા પણ વિશેષણોનો અર્થ જોડીને આ વિશેષણોનું વ્યાખ્યાન કરી શકે છે ॥૨॥

---

**यशो. - अथ निश्चयव्यवहाराभ्यां दशविधसामाचारीलक्षणमाह –**

**एसा णिच्छयणयओ इच्छाकाराइगेज्झपरिणामो ।**
**ववहारओ अ दसविहसद्दपओगो मुणेअव्वो ॥३॥**

---

**चन्द्र.** - → निश्चयनयतः इच्छाकारादिग्राह्यः परिणाम एव सामाचारी । व्यवहारतश्च दशविधशब्दप्रयोगो (सामाचारी) ज्ञातव्यः ← इति तृतीयगाथार्थः ।

હવે નિશ્ચયનય દ્વારા અને વ્યવહારનય દ્વારા દશેય પ્રકારની સામાચારીનું સામાન્ય લક્ષણ બતાવે છે. અર્થાત્ નિશ્ચયનય પ્રમાણે સામાચારીનું લક્ષણ શું ? અને વ્યવહારનય પ્રમાણે સામાચારીનું લક્ષણ શું ? એ બતાવે છે.

ગાથાર્થ : નિશ્ચયનયના મતે ઈચ્છાકારાદિશબ્દપ્રયોગથી ગ્રહણ કરી શકાય એવો આત્મપરિણામ જ સામાચારી છે અને વ્યવહારના મતે 'ઈચ્છાકાર' વગેરે દશપ્રકારના શબ્દનો પ્રયોગ સામાચારી તરીકે જાણવો.

**यशो. - एस त्ति । एषा=दशविधसामाचारी निश्चयनयतः 'गम्ययपः कर्माधारे' ( सि० १-२-७४ ) इत्यनेन पञ्चमीविधानान्निश्चयनयमाश्रित्येत्यर्थः, इच्छाकारादिग्राह्यः= इच्छाकारादिना लिङ्गेनानुमेयः परिणामो=विचित्रचारित्रावरणकर्मक्षयोपशमादिसमुत्थः परिणामविशेष इति यावत् ।**

**चन्द्र.** - **'गम्ययपः कर्माधारे'** उपसर्गसहितधातुस्थाने 'त्वा' (क्त्वा) प्रत्ययस्थाने 'य' (यप्) प्रत्ययो भवति । यत्र च स प्रत्ययः स्पष्टं न दर्शितोऽस्ति । किन्तु अर्थापत्त्या गम्योऽस्ति । तत्र यदा गम्यो य(यप्) प्रत्ययो भवति। तदा कर्मात्मकपदेन सह पञ्चमीविभक्तिः संयुज्यते, आधारात्मकपदेन च सह पञ्चमी संयुज्यते। एवञ्चात्रापि 'निश्चयनयतः' इत्यत्र यप्प्रत्ययो गम्योऽस्ति । तस्मात् 'निश्चयनयं' इति कर्मात्मकपदेन सह तस्प्रत्ययोऽत्र संयोजितः । ततश्च 'निश्चयनयमाश्रित्य'इति अर्थो भवति । तस्प्रत्ययः पञ्चमीप्रतिपादक इति तु प्रसिद्धमेव ।

**विचित्रचारित्रावरणकर्मक्षयोपशमादिसमुत्थ** इत्यादि । चारित्रपुरुषस्य दशविधश्रमणधर्मपञ्चविंशति-भावनादशविधसामाचार्यादीनि प्रभूतानि अङ्गानि सन्ति । ततश्च अङ्गानां वैचित्र्यात् चारित्रमपि विचित्रं भवति । तादृशस्य विचित्रचारित्रस्य आवरणीभूतानि कर्माण्यपि विचित्राण्येव । किञ्चित्कर्म क्षमात्मकं चारित्राङ्गं आवृणोति, किञ्चित्तु तपःप्रभृतिकं चारित्राङ्गं आवृणोतीत्येवंक्रमेण यावन्ति चारित्राङ्गानि, तावन्ति चारित्रावरणकर्माणि भवन्ति । तत्र च यानि कर्माणि दशविधसामाचारीपरिणामात्मकस्य चारित्राङ्गस्य आवरणीभूतानि सन्ति । तेषां उपशमक्षयक्षयोपशमादिभिः समुत्थः आत्मपरिणामविशेषः इच्छाकारादि-सामाचारीति निश्चयनयाभिमतः पन्थाः ।

"નિશ્વનયતઃ" એમ ગાથામાં શબ્દ છે. હવે વ્યાકરણનો એક નિયમ છે કે જ્યાં "**त्वा**"=**य(यप्)** પ્રત્યયનો અર્થ જ ઈષ્ટ હોય. પણ **त्वा** કે **य** નો ઉલ્લેખ ન કર્યો હોય તો ત્યાં એ અર્થને જણાવવા માટે એ ત્વાપ્રત્યયનું જે કર્મ કે આધાર હોય તેને પાંચમી વિભક્તિ લાગે. અહીં ખરેખર "**निश्चयनयमाश्रित्य**" એ પ્રમાણે **त्वा** પ્રત્યયનો અર્થ જ લેવાનો છે. એટલે અહીં **त्वा/य** પ્રત્યયના કર્મ એવા નિશ્ચયનય પદને **तस्** પ્રત્યય લગાડેલો છે. એટલે "**निश्चयनयतः**" એમ લખેલ છે. એટલે ખરેખર તો "**निश्चयनयमाश्रित्य**" એમ જ અર્થ લેવો. **तस्** અહીં પાંચમી વિભક્તિરૂપે લાગેલો છે.

નિશ્ચયનયના મત પ્રમાણે ઈચ્છાકારાદિ લિંગ વડે=હેતુ વડે અનુમાન કરી શકાય એવો એનો વિચિત્ર પ્રકારના ચારિત્રાવરણકર્મોના ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલો આત્માનો એક વિશેષ પ્રકારનો પરિણામ એ જ સામાચારી છે.

આનો સ્પષ્ટ અર્થ આ પ્રમાણે છે. પાંચ મહાવ્રતો, દશ શ્રમણધર્મ વગેરે અનેક સ્વરૂપનું ચારિત્ર છે. હવે ચારિત્ર અનેક સ્વરૂપે હોવાથી એને અટકાવનારા કર્મો પણ જાતજાતના હોવાના. દા.ત. ક્ષમા નામના

ચારિત્રાંશને ક્રોધમોહ અટકાવે. બ્રહ્મચર્ય નામના ચારિત્રાંશને વેદોદય અટકાવે. એમ ઈચ્છાકારાદિ સામાચારીઓનો આત્મિક અધ્યવસાય રૂપ જે ચારિત્રાંશ છે. એને અટકાવનારા પણ અનેક પ્રકારના વિચિત્ર કર્મો હોય છે. એ અનેક પ્રકારના સામાચારી-અધ્યવસાયને અટકાવનારા કર્મોનો ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ થાય ત્યારે આત્મામાં જે અધ્યવસાય ઉત્પન્ન થાય એ જ સામાચારી છે. એ કારણ છે. એના દ્વારા સાધુ "ઈચ્છા, મિચ્છા, તથા" વગેરે શબ્દોનો યોગ્યકાળે ઉચ્ચાર કરવાનું શરૂ કરે છે. આ ઈચ્છાદિશબ્દોનો ઉચ્ચાર એ કાર્ય છે. આ કાર્ય દ્વારા અનુમાન કરી શકાય કે "આ સાધુ સામાચારી અધ્યવસાયવાળો છે."

अयं साधुः सामाचारीपरिणामवान् इच्छादिशब्दोच्चारात् આ રીતનું અનુમાન થાય.

---

**यशो. - एवं चेच्छाकारादिकं विनाऽपि न तदनुपपत्तिः, लिङ्गं विनापि लिङ्गिनो दर्शनात्, जातवेदस इव धूमं विनाप्ययोगोलके, प्रशमादिव्यङ्ग्यसम्यक्त्वस्येव वा प्रशमादिकं विनाऽपि श्रेणिकादौ ।**

---

**चन्द्र. - एवं च**=न इच्छामिच्छादिशब्दप्रयोगः सामाचारी, किन्तु आत्मनः परिणामविशेषः एव सामाचारी"इत्यभ्युपगमे सति **इच्छाकारादिकं विनापि**=इच्छाकारादिशब्दप्रयोगं विनापि **न तदनुपपत्तिः**=न तस्मिन् आत्मनि इच्छाकारसामाचार्यनुपपत्तिः ।

ये हि साधवः सामाचारीपरिणामावारककर्मक्षयोपशमवन्तः, अत एव सामाचारीपरिणामवन्तः भवन्ति । तेऽपि न सदैव इच्छाकारादिशब्दप्रयोगं कुर्वन्ति, किन्तु अवसर एव । एवं च यदा ते तादृक्शब्दप्रयोगं न कुर्वन्ति, तदा ते सामाचार्यभाववन्त एव गणनीया भवेयुः । न चैतद् युक्तं, सामाचारीपरिणामजन्यस्य कर्मक्षयादिरूपस्य फलस्योत्पादनसंभवात् । "आत्मपरिणामविशेष एव सामाचारी"इति स्वीकारे च इच्छाकारादिशब्दप्रयोगं विनापि तादृशपरिणामविशेषस्य सद्भावात् ते साधवः सामाचारीमन्त एव परिगणनीया भवन्तीति न कोऽपि दोषः ।

**जातवेदस इव धूमं विनाप्ययोगोलके** इति । अयं च लौकिकः दृष्टान्तः । **प्रशमादिव्यङ्ग्येत्यादि।** अयं च लोकोत्तरः दृष्टान्तः ।

આ રીતે માનવાથી ફાયદો એ થયો કે હવે કોઈક સાધુ ઈચ્છાદિશબ્દોનો ઉચ્ચાર ન કરતો હોય તો પણ એને સામાચારી માનવામાં કોઈ વાંધો નહિ આવે, કેમકે લિંગ=હેતુ=કાર્ય વિના પણ લિંગી=સાધ્ય=કારણ તો હોઈ જ શકે છે. જેમ ધૂમ=કાર્ય વિના વહ્નિ=કારણ તપાવેલા લોખંડના ગોળામાં દેખાય છે. એટલે રાત્રે ઉંઘેલો સાધુ, ધ્યાન-સ્વાધ્યાયમાં લીન બનેલો સાધુ, વિહારાદિમાં લીન બનેલો સાધુ ઈચ્છાદિ શબ્દોનો ઉચ્ચાર ન કરતો હોય તો પણ તે વખતે એ 'સામાચારી પરિણામ વિનાનો છે' એમ ન કહી શકાય.

જેમ પ્રશમ, સંવેગ, નિર્વેદ એ સમ્યક્ત્વના કાર્ય છે એટલે પ્રશમાદિની હાજરીથી સમ્યક્ત્વ વ્યઙ્ગ્ય=પ્રગટ થાય છે. અર્થાત્ સમ્યક્ત્વની હાજરીનો નિશ્ચય કરી શકાય છે. પરંતુ શ્રેણિકાદિમાં પ્રશમાદિ ન હોવા છતાં પણ સમ્યક્ત્વ તો છે જ. એટલે પ્રશમાદિથી નિશ્ચિત થનાર સમ્યક્ત્વ પ્રશમાદિના અભાવમાત્રથી 'નથી' એમ ન કહી શકાય. એમ યોગ્યકાળે ઈચ્છાદિશબ્દોચ્ચારથી નિશ્ચિત થનાર સામાચારી પરિણામ પણ એ શબ્દોચ્ચારની ગેરહાજરી માત્રથી 'નથી' એમ ન કહેવાય.

**यशो. – अथ निश्चयनयत इति कथं ? व्यवहारनयेनापि तदाश्रयणात् इति चेत् ?**

**શિષ્ય :** "આત્મામાં રહેલો સામાચારીનો અધ્યવસાય એ જ સામાચારી છે' એ મત નિશ્ચયનયનો છે એવું તમે શા માટે કહ્યું ? કેમકે વ્યવહારનય પણ માત્ર શબ્દોચ્ચારને સામાચારી નથી માનતો. પણ સાથે આત્માના વિશેષ પરિણામને પણ એ સામાચારી તરીકે સ્વીકારે જ છે. એટલે આત્માનો વિશેષ પ્રકારનો પરિણામ એ સામાચારી છે" એ તો બે ય નયનો મત છે. માત્ર નિશ્ચયનો મત ન ગણાય.

**यशो. – न, उपसर्जनतयैव तेन तदाश्रयणात्, मुख्यतया तु व्यवहारक्षमस्येच्छाकारादिप्रयोगस्यैव तथात्वेनाभ्युपगमात् ।**

**चन्द्र.–उपसर्जनतयैव तदाश्रयणात्**=गौणभावेनैव आत्मपरिणामविशेषरूपायाः सामाचार्याः स्वीकारात् । **मुख्यतया तु**=प्रधानभावेन तु **व्यवहारक्षमस्य**="अयं साधुः सामाचारीमान्" इति व्यवहारकारणीभूतस्य **तथात्वेन**=सामाचारीत्वेन । निश्चयनयो हि ब्रूते यदुत → आत्मपरिणामविशेष एव सामाचारी । इच्छाकारादि शब्दप्रयोगस्तु भवतु वा मा वा । न तेन किञ्चित्प्रयोजनम् ← इति । व्यवहारनयो हि वदति→परमार्थतस्तु इच्छाकारादिशब्दप्रयोग एव सामाचारी । तत्र आत्मनः तादृशः परिणामविशेषो यदि भवति, तदा सुन्दरं । किन्तु स परिणामविशेषो न व्यवहारोपयोगी, इच्छादिशब्दप्रयोग एव व्यवहारोपयोगी । यतः यो यतिः इच्छाकारादिशब्दप्रयोगं करोति, तमाश्रित्य लोकोऽपि कथयति यत् "शोभनोऽयं मुनिः । सामाचारीमानयं साधुः" इति । यस्तु मुनिः सामाचारीपरिणामवानपि इच्छाकारादिशब्दप्रयोगं न करोति । तमाश्रित्य न कोऽपि कथयति यत् "सामाचारीमानयं यतिः"इति । एवञ्च शब्दप्रयोगः सामाचारीव्यवहारकारणमिति कृत्वा स एव प्रधानतया सामाचारी ।

**ગુરુ :** તારી વાત ખોટી છે. વ્યવહારનય આત્મપરિણામને પણ સ્વીકારે છે, માને છે એ વાત સાચી. પણ મુખ્ય તરીકે તો એ શબ્દોચ્ચારને જ સ્વીકારે છે. આત્મપરિણામને તો એ ગૌણ તરીકે જ સ્વીકારે છે. નિશ્ચયનય એમ માને છે કે શબ્દોચ્ચાર હોય કે ન હોય, મારે એની સાથે નિસ્બત નથી. જો એ આત્મામાં સામાચારી પરિણામપ્રતિબંધક એવા કર્મોના ક્ષયોપશમાદિથી સામાચારી પરિણામ ઉત્પન્ન થયેલો હોય તો એ આત્મા સામાચારી કહેવાય.

જ્યારે વ્યવહારનય એમ માને છે કે આત્મા સામાચારીપરિણામવાળો હોય તો તો સારું જ છે. પણ સામાચારી પરિણામ એ તો અંદરની અતીન્દ્રિય વસ્તુ હોવાથી વ્યવહારમાં એનો કોઈ ઉપયોગ નથી. "આ સાધુ સામાચારીવાળો છે" અને "આ સાધુ સામાચારી વિનાનો છે" આવો વ્યવહાર શેને આધારે થાય છે ? સ્પષ્ટ જ છે કે જે સાધુ ઈચ્છા-મિચ્છાદિ શબ્દોનો ઉચ્ચાર યોગ્યકાળે કરે. તે સાધુ સામાચારીવાળો અને શબ્દોચ્ચાર વિનાના સાધુ સામાચારી વિનાના કહેવાય છે. આત્મપરિણામને આશ્રયીને આવો વ્યવહાર નથી થતો. એટલે ઉપર બતાવેલા વ્યવહારને સિદ્ધ કરનાર તો ઈચ્છાકારાદિશબ્દપ્રયોગ જ છે અને તેથી તેને જ સામાચારી તરીકે માનવો જોઈએ.

આમ વ્યવહારનય આત્મપરિણામને ગૌણ રીતે જ માનતો હોવાથી અહીં આ પ્રમાણે કહ્યું કે "નિશ્ચયનયના

મત પ્રમાણે આત્મપરિણામ એ સામાચારી છે."

**यशो. - न चेतरविषयतामात्रेण निश्चयविषयतातिक्रमः, तस्य सकलनयविषयता-व्याप्यविषयताकत्वात्, यदभिहितं भगवता भाष्यकारेण-'सव्वणया भावमिच्छंति' इत्यन्यत्र विस्तरः ।**

**चन्द्र. - न चेतरविषयतामात्रेण**=निश्चयनयाद् यः इतरः व्यवहारनयः, तस्य या विषयता, तन्मात्रेण **निश्चयविषयतातिक्रमः**=निश्चयविषयताऽभावप्रसङ्गः । निश्चयनयाविषयत्वमिति यावत् । अयं **पूर्वपक्षस्याभिप्रायः**-'आत्मपरिणामविशेषः सामाचारी' इति निश्चयनयो मन्यते । ततः आत्मपरिणामविशेषे निश्चयनयविषयता विद्यते । अथ व्यवहारनयोऽपि गौणभावेन आत्मपरिणामविशेषं सामाचारीं मन्यते । न हि एकस्मिन्नेव वस्तुनि परस्परविरुद्धनययोः विषयता संभवति । न हि एकस्मिन्पुरुषे द्वयोः शत्रुराजयोः सेवकत्वं संभवति । ततश्च यदि परिणामविशेषे व्यवहारनयविषयता स्वीक्रियेत, तदा तु तत्र निश्चयनयविषयताऽभाव एव मन्तव्यः स्यात् । न चैतदिष्टं । तस्मात् महत्कष्टमिदमिति ।

समाधानमाह **तस्य सकलनयेत्यादि** । तस्य=निश्चयनयस्य **सकलनयविषयताव्याप्यविषयताकत्वात्** = सकलानां नयानां याः विषयताः, तासां व्याप्या विषयता यस्य स सकलनयविषयताव्याप्यविषयताकः, तत्त्वात् । यत्र यत्र निश्चयनयविषयता तत्र तत्र सकलनयविषयता इति व्याप्तिः । यतः निश्चयनयविषयता आत्मपरिणामरूपे भावे वर्तते । सकलाश्च नयाः भावमभ्युपगच्छन्ति । ततः भावे सकलनयविषयताऽपि विद्यते। न च तथापि निश्चयविषयताऽभावप्रसङ्गः । भावे निश्चयनयस्य प्रधानविषयता वर्तते, सकलनयानां च गौणविषयता वर्तते । प्रधानविषयतागौणविषयतयोः परस्परं विरोधो नास्तीति ।

अत्रार्थे भाष्यकारसम्मतिमपि दर्शयति । **यदभिहितमित्यादि ।**

**શિષ્ય :** નિશ્ચયનય આત્મપરિણામને મુખ્ય તરીકે સ્વીકારે છે તો વ્યવહારનય પણ એને ગૌણ તરીકે ય સ્વીકારે તો છે જ. એટલે ઈચ્છાકારાદિગ્રાહ્ય એવો આત્મપરિણામ જેમ નિશ્ચયનો વિષય બને છે. એમ નિશ્ચયથી ભિન્ન એવા વ્યવહારની વિષયતા પણ એમાં આવે છે. તો જેમાં નિશ્ચયભિન્ન એવા નયની વિષયતા આવે. એમાં નિશ્ચયની વિષયતાનો અતિક્રમ=અભાવ જ થાય, કેમકે આ બે વિષયતાઓ વિરોધી હોવાથી એક સાથે ન રહી શકે.

ગુરુ : તારી વાત ખોટી છે. નિશ્ચયનય તો તમામ નયોની વિષયતાને વ્યાપ્ય એવી વિષયતાવાળો જ મનાયેલો છે. અર્થાત્ જ્યાં નિશ્ચયનયની વિષયતા હોય ત્યાં બાકીના તમામ નયોની વિષયતા હોય જ. તો જ નિશ્ચયની વિષયતા સકલનયવિષયતાને વ્યાપ્ય બને. હવે નિશ્ચયની વિષયતા આત્મપરિણામ=ભાવમાં છે તો એમાં બાકીના તમામ નયોની વિષયતા માનેલી જ છે. એટલે એમાં વ્યવહારની વિષયતા આવે તો પણ નિશ્ચયની વિષયતાનો અભાવ થવાની આપત્તિ આવતી નથી. બે વિષયતાઓનો પરસ્પર વિરોધ હોવાની વાત જ ખોટી છે.

(**શિષ્ય :** "નિશ્ચયની વિષયતા એ સર્વનયોની વિષયતાને વ્યાપ્ય છે એટલે કે સર્વનયો નિશ્ચયના વિષયને સ્વીકારે જ છે, માને જ છે" એવું તમે જે કહ્યું એ શું શાસ્ત્રમાં ક્યાંય આવે છે ?)

ગુરુ : ભાષ્યકાર ભગવાન જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે આ વાત કરી જ છે કે "સર્વ નયો ભાવને = આત્મપરિણામને ઈચ્છે છે."

**यशो. - अथेच्छाकारादिकं न तल्लिङ्गं, मातृस्थानादितोऽपि तत्संभवात्, न च भावपूर्वकमिच्छाकारादिकं तथा, भावस्य सामाचारीपर्यवसायित्वेन विशेषणग्रहं विना विशिष्टहेतोरग्रहेऽन्योन्याश्रयादिति चेत् ?**

**चन्द्र.** - **तल्लिङ्गं**=सामाचारीपरिणामविशेषलिङ्गं । **मातृस्थानादितोऽपि**=मायायाः सकाशादपि । आदिशब्दात् भययशःकीर्तिलालसादिभ्योऽपि **तत्संभवात्**= इच्छाकारादिशब्दप्रयोगसंभवात् । **भावपूर्वकं**= मायाभयलालसादिभावभिन्नो यः शुभो भावः, तत्पूर्वकं **तथा**=सामाचारीपरिणामलिङ्गं । **सामाचारीपर्यवसायित्वेन**='भावपूर्वकमिच्छाकारादिकम्"इत्यत्र 'को नाम भावः' इति चिन्तायां सामाचारीपरिणाम एव भावः इति एव निर्णयः भवति । तथा च भावस्य सामाचारीपरिणामरूपत्वेन **विशेषणग्रहं विना**=भावपूर्वकं इच्छाकारादिकमित्यत्र भावात्मकस्य विशेषणस्य ज्ञानं विना **विशिष्टहेतोः**=भावविशिष्टस्य इच्छाकारादिप्रयोगरूपस्य विशिष्टहेतोः **अग्रहे**=ज्ञानाभावे **अन्योन्याश्रयात्**="अयं मुनिः सामाचारीपरिणामवान् भावविशिष्टेच्छाकारादिप्रयोगाद्"इत्यनुमाने हेतुघटकीभूतो भावः सामाचारीपरिणाम एव, अन्यस्य वक्तुं अशक्यत्वात् । स एव च साध्यः । साध्यश्च हेतुज्ञानं विना न ज्ञायते । ततश्च यावत् भावविशिष्टेच्छा-कारादिप्रयोगरूपस्य हेतोः ज्ञानं न भवति, तावत् साध्यज्ञानं न भवति । यावच्च साध्यज्ञानं न भवति, तावत् हेतुघटकीभूतस्य भावस्य साध्यरूपस्य ज्ञानं न भवति । यावच्च विशेषणज्ञानं न भवति, तावद् विशेषणविशिष्टस्य हेतोरपि ज्ञानं न भवति । यावच्च हेतुज्ञानं न भवति, तावत् साध्यस्य ज्ञानं न भवतीत्येवमन्योन्याश्रयदोषात् न भावपूर्वकमिच्छाकारादिकं सामाचारीपरिणामलिङ्गमित्यन्वयः ।

**શિષ્ય :** "ઈચ્છાકારાદિશબ્દપ્રયોગ એ સામાચારી પરિણામનું લિંગ=હેતુ છે" એવું તમે જે કહ્યું એ બરાબર નથી, કેમકે તમારા કહેવા પ્રમાણે તો આ પ્રમાણે અનુમાન થશે કે "**अयं साधुः सामाचारीपरिणामवान् इच्छाकारादिशब्दोच्चारात्**" હવે જે સાધુઓ માત્ર ગુરુને ખુશ કરવા વગેરે કારણોસર કપટનો આશરો લઈને ઈચ્છાદિશબ્દોચ્ચાર કરતા હોય, તેઓમાં હેતુ=લિંગ છે પણ સામાચારીપરિણામ=સાધ્ય ન હોવાથી ચોખ્ખો વ્યભિચાર દોષ જ આવે છે. એટલે આ અનુમાન સાચું ન બને.

**મધ્યસ્થ : अयं साधु सामाचारीपरिणामवान् भावपूर्वक-इच्छादिशब्दप्रयोगात्**

આમ ભાવપૂર્વક વિશેષણ હેતુમાં મૂકવાથી વ્યભિચારદોષ નહિ આવે, કેમકે પેલો કપટી સાધુ તો ભાવપૂર્વક ઈચ્છાદિપ્રયોગ નથી જ કરતો. એટલે એમાં હેતુ જ રહેતો નથી.

**શિષ્ય :** "ભાવપૂર્વક" વિશેષણ ભલે મૂક્યું. પણ તમે એ તો કહો કે ભાવ એટલે શું ? કયો ભાવ અહીં લેવાનો છે ? ગુરુને ઠગવાનો ભાવ, બધાને ખુશ કરવાનો ભાવ, પરલોકના સુખોની ઈચ્છાનો ભાવ લેવાનો છે ?

**મધ્યસ્થ :** ના, ના. સામાચારીના પરિણામ રૂપ શુભભાવ જ અહીં ભાવશબ્દથી લેવાનો છે.

**શિષ્ય :** આનો અર્થ એ કે સામાચારીપરિણામ એ સાધ્ય છે અને સામાચારીપરિણામથી વિશિષ્ટ એવો ઈચ્છાદિપ્રયોગ એ હેતુ છે. હવે આ વિશિષ્ટહેતુનું જ્ઞાન સામાચારીપરિણામરૂપ વિશેષણના જ્ઞાન વિના શક્ય નથી. વિશેષણજ્ઞાન વિના વિશિષ્ટજ્ઞાન ન જ થાય. જલજ્ઞાન વિના જલવદ્‌ઘટનું જ્ઞાન ન જ થાય. તો સામાચારીપરિણામના જ્ઞાન વિના વિશિષ્ટ હેતુનું જ્ઞાન નહિ થાય. અને વિશિષ્ટ હેતુના જ્ઞાન વિના સામાચારીપરિણામ રૂપ સાધ્યનું જ્ઞાન નહિ થાય, કેમકે હેતુજ્ઞાન વિના સાધ્યનું જ્ઞાન શક્ય નથી. અને સાધ્યના જ્ઞાન વિના હેતુના વિશેષણનું જ્ઞાન ન થાય. એટલે હેતુનું જ્ઞાન પણ ન થાય અને એટલે સાધ્યનું જ્ઞાન પણ ન થાય. આમ હેતુજ્ઞાન થાય તો સાધ્યજ્ઞાન થાય, પણ સાધ્યજ્ઞાન થાય તો જ વિશિષ્ટ હેતુનું જ્ઞાન થાય. આમ અન્યોન્યાશ્રય દોષ આવશે.

---

**यशो. - न, मातृस्थानाद्यपूर्वकत्वस्यैवोक्तहेतुविशेषणत्वात्, तद्भ्रमप्रमाभ्यां च सामाचार्यनुमितिभ्रमप्रमात्वोपपत्तेः ।**

---

**चन्द्र.** - समाधानमाह **मातृस्थानाद्यपूर्वकत्वस्ये**त्यादि । तथा च अयं मुनिः सामाचारीपरिणामवान् मायाद्यपूर्वकेच्छाकारादिशब्दप्रयोगात् । मायाद्यभावविशिष्टस्य इच्छाकारादिशब्दप्रयोगस्य ज्ञानात् सामाचारीपरिणामानुमितिः संभवतीति ।

ननु "मुनिः मायाद्यभाववान्"इति तु कथं ज्ञायते ? मायादयः पदार्थाः आत्मगताः न इन्द्रियग्राह्या भवन्ति। ततः तेषां सद्भावोऽभावो वा दुर्ज्ञेय एव । अनुमानादिना मायादीनां सद्भावस्याभावस्य वा ज्ञानं तु भ्रमोऽपि संभवतीत्यत आह **तद्भ्रमप्रमाभ्यां चेत्यादि** । यदि हि तादृशहेतोः भ्रमात्मकं ज्ञानं भवेत्, तर्हि सामाचारी-परिणामानुमितिरपि भ्रमात्मिकैव । यदि च तादृशहेतोः प्रमात्मकं ज्ञानं भवेत्, तर्हि सामाचारीपरिणामानुमितिः प्रमात्मिका भवति । अत्र अनुमानस्य तु न कोऽपि दोषः । न ह्यत्रानुमाने व्यभिचारादिको दोषः । किन्तु पुरुषस्यैवायं दोषः यत् स हेतोः भ्रमात्मकं ज्ञानं कृत्वा भ्रमात्मकानुमितिं करोति । न हि तावन्मात्रेण प्रकृतमनुमानं असम्यक् भवेत् । अन्यथा "पर्वतो वह्निमान् धूमाद्"इत्यादावपि धूल्यां धूमज्ञानरूपात् पुरुषभ्रमात् भ्रमात्मकानुमितिः संभवतीति कृत्वा तदपि अनुमानं असम्यक् भवेदिति ।

**ગુરુ :** તારી વાત ખોટી છે. માયાદિ-અપૂર્વક એવો ઈચ્છાદિપ્રયોગ એ જ અહીં હેતુ તરીકે લેશું. અર્થાત્ માયા, બીજાને ખુશ કરવાની ઈચ્છા, પરલોકસુખેચ્છા આ બધા વિનાનો જે ઈચ્છાદિપ્રયોગ હોય એના દ્વારા સામાચારીપરિણામનું અનુમાન થાય. આમાં અન્યોન્યાશ્રય દોષ ન આવે. આપણને લાગે કે સામેવાળો સાધુ માયાદિ વિના ઈચ્છાદિપ્રયોગ કરે છે તો સમજી લેવાનું કે એ સામાચારી પરિણામવાળો છે.

**શિષ્ય :** પણ એ સાધુ માયાદિ વિનાનો છે એવું આપણને શી રીતે જ્ઞાન થાય ? એના મોઢાના હાવભાવ વગેરે ઉપરથી એનું જ્ઞાન કરવાનું કહેતા હો તો એ જ્ઞાન તો ભ્રમાત્મક પણ થાય ? એ સાધુના મનમાં માયા વગેરે પડેલા હોવા છતાં એનો બાહ્ય દેખાવ એવો જોરદાર પણ હોય કે એ માયાદિ વિનાનો લાગે. અથવા તો આપણે જ એનું જ્ઞાન કરવામાં થાપ ખાઈએ. તો ત્યાં તો અનુમિતિ ખોટી જ થવાની ને ?

**ગુરુ :** સાચી વાત છે. હેતુના ભ્રમથી સામાચારી-અનુમિતિ ભ્રમ રૂપ જ થાય. અને હેતુના પ્રમાજ્ઞાનથી=સમ્યગ્જ્ઞાનથી અનુમિતિ પણ સાચી જ થશે. (પણ એમાં કોઈ વાંધો નથી. જેમ "પર્વતો વહ્નિમાન્

ધૂમાત્" આ અનુમાન સાચું છે. પણ કોઈ ઉડતી ધૂળને ધૂમ સમજી લઈ વહ્નિની અનુમિતિ કરે તો એ અનુમિતિ ખોટી થવાની. પણ એ તો એ વ્યક્તિનો જ દોષ ગણાય. ધૂમ-વહ્નિની વ્યાપ્તિ ખોટી ન ગણાય. એમ અહીં પણ માયાદિ-રહિત એવો ઈચ્છાદિ શબ્દપ્રયોગ એ હેતુ અને સામાચારીપરિણામ રૂપી સાધ્ય વચ્ચે વ્યાપ્તિ સાચી જ છે. પણ કોઈ વ્યક્તિ હેતુનું ભ્રમજ્ઞાન કરીને ખોટી અનુમિતિ કરે તો એમાં એ વ્યક્તિનો દોષ છે. વ્યાપ્તિ ખોટી ન ગણાય.)

**यशो. - इत्थमेव च सदालयविहारादिलिङ्गेन सुविहितत्वानुमितिर्निर्युक्तिकृदभिहिता सङ्गच्छत इति दिग् ।**

**चन्द्र. - इत्थमेव च**=यथा अत्र हेतुभ्रमप्रमाभ्यां साध्यानुमितेः भ्रमप्रमात्वोपपत्तिः भवति, तथैव **सदालयविहारादिलिङ्गेन**=असंसक्तवसतिमासकल्पविहारादिलिङ्गेन **सुविहितत्वानुमितिः**='अयं साधुः सुविहितः' इत्यनुमितिः **निर्युक्तिकृदभिहिता**=आवश्यकनिर्युक्त्यन्तर्गत-वंदनकनिर्युक्तौ निर्युक्तिकारेण श्रीमद्भद्रबाहुस्वामिना कथिता **सङ्गच्छते**=घटते । "अयं साधुः सुविहितः सदालयविहारादिमत्त्वात्"इत्यनुमानं तत्र निर्युक्तिकारेण निर्युक्तिगाथया सूचितं । तत्रापि इयमेवाशङ्का भवति यदुत अभव्यादयोऽपि जीवाः सदालयविहारादिमन्तो भवन्ति, किन्तु न तेषु सुविहितत्वं अभ्युपगम्यते । ततश्च व्यभिचारी अयं हेतुः । यदि हि भावपूर्वकं सदालयादिमत्त्वं हेतुरभ्युपगम्येत, तर्हि अत्र भावः सुविहितत्वमेवेति स एवान्योन्याश्रयः, यः अधुनैव निगदितः । ततश्च तत्रापि इदमेव समाधानं यदुत मायाद्यभावविशिष्ट एव सदालयविहारादिः हेतुः, तद्भ्रमप्रमाभ्यां च सुविहितत्वानुमितेः भ्रमप्रमात्वोपपत्तिरिति ।

આમ અહીં જેમ માયાદિ-અપૂર્વક એ હેતુવિશેષણ બનવાથી બધું ઘટી જાય છે. એ જ પ્રમાણે આવશ્યક નિર્યુક્તિમાં સદાલયવિહારાદિ રૂપ હેતુ (નિર્દોષ વસતિ, માસકલ્પાદિ) દ્વારા સુવિહિતત્વની અનુમિતિ જે બતાવી છે એ પણ એકદમ સંગત થાય છે.

આવશ્યક નિર્યુક્તિકારે કહ્યું છે કે **अयं साधुः सुविहितः सदालयविहारादिमत्त्वात्** આમ અસંસક્ત ઉપાશ્રય, નવકલ્પી વિહાર વગેરે રૂપ હેતુ દ્વારા સાધુમાં સુવિહિતત્વનું અનુમાન કરવું.

ત્યાં પણ આ જ પ્રશ્ન ઉભો થાય કે અભવ્ય વગેરેમાં પણ સદાલય-વિહારાદિ રૂપ હેતુ છે. પણ સુવિહિતત્વ નથી. એટલે આ હેતુ વ્યભિચારી બને. ત્યાં પણ ઉપર મુજબ બધી ચર્ચા કર્યા બાદ આ પ્રમાણે નિષ્કર્ષ સમજવો કે માયાદિ-અપૂર્વક એવા સદાલયવિહારાદિ એ જ હેતુ છે. એ હેતુ સુવિહિતત્વને વ્યાપ્ય જ છે. પણ કોઈને હેતુનો ભ્રમ થાય તો એની સુવિહિતત્ત્વની અનુમિતિ પણ ખોટી જ થવાની. પણ એમાં એ વ્યક્તિનો જ દોષ ગણાય. વ્યાપ્તિ ખોટી ન ગણાય.

આ વિષયમાં ઘણી લાંબી ચર્ચા થઈ શકે છે. અમે તો માત્ર દિશાસૂચન કરેલ છે.

આમ "નિશ્ચયનયના મતે ઈચ્છાદિપ્રયોગથી અનુમેય એવો સામાચારી પરિણામ એ જ સામાચારી છે." એ બતાવી હવે વ્યવહારનયનું નિરૂપણ કરે છે.

**यशो. - व्यवहारतः=इच्छाकारादिशब्दप्रयोगो मुणितव्यः=ज्ञातव्यः । न च**

**लक्ष्यलक्षणयोरभेदः, ओघपदच्छेदभिन्नसामाचारीं लक्ष्यीकृत्येच्छाकाराद्यन्यतरत्वस्य तल्लक्षणविधानात् ।**

**चन्द. - न च लक्ष्यलक्षणयोरभेदः**=इच्छाकारादिशब्दप्रयोगरूपा सामाचारी अत्र लक्ष्यीभूता । तल्लक्षणमपि च इच्छाकारादिशब्दप्रयोग एवेति तयोरभेदापत्तिः । न च सा युक्ता । लक्षणं हि लक्ष्यस्य ज्ञानाय उपयोगि भवति, यथा सास्नात्मकं लक्षणं गोज्ञानाय । यदि च लक्ष्यमेव लक्षणस्वरूपेणोच्यते, तदा तु तल्लक्षणं स्वयमेवाज्ञातं सत् कथं लक्ष्यं ज्ञापयति ? **ओघपदच्छेदभिन्नसामाचारी**मिति । तथा चात्र ओघपदच्छेदभिन्नसामाचारी लक्ष्यं । इच्छाकारादिप्रयोगान्यतरत्वञ्च लक्षणमिति नाभेदापत्तिः ॥३॥

વ્યવહાર કહે છે કે ઈચ્છાદિશબ્દપ્રયોગ એ સામાચારી છે.

**શિષ્ય :** લક્ષણ એ હંમેશા લક્ષ્યથી ભિન્ન હોવું જોઈએ. દા.ત. ગાય એ લક્ષ્ય છે અને સાસ્ના એ લક્ષણ છે. તો એ સાસ્ના દ્વારા ગાયનું જ્ઞાન થઈ શકે. પણ કોઈ એમ કહે કે ધેનુત્વ એ ગાયનું લક્ષણ છે. તો એ બરાબર ન ગણાય, કેમકે ગાય અને ધેનુ એક જ છે. એટલે અહીં આ લક્ષણ લક્ષ્યનું જ્ઞાન કરાવવા માટે ઉપયોગી ન બને.

પ્રસ્તુતમાં સામાચારી એટલે કે ઈચ્છાદિશબ્દપ્રયોગ એ લક્ષ્ય છે. એનું લક્ષણ બનાવવાનું છે. વ્યવહારનયે તો ઈચ્છાદિશબ્દપ્રયોગને જ લક્ષણ બનાવી દીધું છે. તો આ લક્ષ્ય અને લક્ષણનો અભેદ જ થઈ ગયો. તો પછી આ લક્ષણ ઉપયોગી ન બને.

**ગુરુ :** અહીં ઈચ્છાદિશબ્દપ્રયોગને લક્ષ્ય નહિ માનવું. પણ ઓઘ+પદવિભાગથી ભિન્ન એવી સામાચારીને જ લક્ષ્ય માનવું. અર્થાત્ ઓઘ અને પદવિભાગથી ભિન્ન એવી સામાચારી લક્ષ્ય બને અને ઈચ્છાદિ પ્રયોગાન્યતરત્વને લક્ષણ માનશું. અર્થાત્ ઈચ્છાદિપ્રયોગમાંથી ગમે તે પ્રયોગનું કરણ એ લક્ષણ છે. આમ લક્ષ્ય અને લક્ષણનો ભેદ પડી જશે.

**यशो. - अत्र च भावपूर्वको दशविधशब्दप्रयोगः शुद्धव्यवहारनयेनाश्रीयते । अशुद्धव्यवहारनयेन तु वाङ्मात्रमिति विशेषः ॥३॥**

**चन्द. - अत्र च**=व्यवहारनयमतविचारणावसरे **भावपूर्वकः**=निश्चयमान्यो यः सामाचारीपरिणामः, तत्पूर्वकः । **आश्रीयते**=स्वीक्रियते । **वाङमात्रम्**=भावरहितोऽपि शब्दप्रयोगः इति भावः । **विशेषः**= शुद्धाशुद्धयोः व्यवहारयोः भेदः ॥३॥

અહીં વ્યવહારનયના બે પ્રકાર છે. શુદ્ધ વ્યવહાર અને અશુદ્ધ વ્યવહાર. એમાં શુદ્ધ વ્યવહાર એમ માને છે કે સામાચારીપરિણામપૂર્વક દશવિધશબ્દપ્રયોગ એ સામાચારી છે. જ્યારે અશુદ્ધ વ્યવહાર તો સામાચારિપરિણામવાળા કે સામાચારી પરિણામ વિનાના કોઈપણ પ્રકારના દશવિધશબ્દપ્રયોગને સામાચારી માને છે. ॥૩॥

**यशो.** - उक्ता दशविधा एव प्रकटयति –

**इच्छामिच्छातहक्कारो आवस्सिया य णिसीहिया ।**
**आपुच्छणा य पडिपुच्छा छन्दणा य णिमन्तणा ॥४॥**
**उवसंपया य काले सामाचारी भवे दसविहा उ ।**
**एएसिं अयमट्ठो तुह सिद्धन्ते मए दिट्ठो ॥५॥**

**चन्द्र.** - → इच्छाकारः, मिथ्याकारः, तथाकारः, आवश्यकी, नैषेधिकी, आपृच्छा, प्रतिपृच्छा, छन्दना, निमन्त्रणा, काले च उपसंपद् इत्येवं सामाचारी दशविधा भवेत् । एतासामयमर्थः तव सिद्धान्ते मया दृष्टः ← इति चतुर्थ्याः पञ्चम्याश्च गाथायाः अर्थः ।

'સામાચારી દશ પ્રકારની છે' એ વાત કરેલી. હવે એ દશપ્રકારોને જ પ્રગટ કરે છે.

**ગાથાર્થ :** ઈચ્છાકાર, મિચ્છાકાર, તથાકાર, આવસ્સહિ, નિસીહિ, આપૃચ્છા, પ્રતિપૃચ્છા, છંદના, નિમંત્રણા અને યોગ્યકાળે ઉપસંપદા આ પ્રમાણે દશ પ્રકારની સામાચારી છે. આ સામાચારીઓનો આ અર્થ તારા સિદ્ધાન્તમાં મારા વડે જોવાયેલો છે.

**यशो. - इच्छ त्ति-उवसंपय त्ति । अत्र कारशब्दः प्रयोगाभिधायी, स च सर्वेषु द्वारेषु संबध्यते । इच्छाकारो यावदुपसंपदाकार इति । यदुक्तं भगवता चूर्णिकृता-'एत्थ कारसद्दो पओगाभिधाती दट्ठव्वो, सो य सव्वदारेसु संबज्झति । इच्छग्गहणे य इच्छकारग्गहणम् । सट्ठाणे इच्छकारप्पओगो दसविहसामायारीए पढमभेउ त्ति वुत्तं भवति । एवं मिच्छामिदुक्कडप्पओगो जाव उवसंपदाकारपओगो वि भासियव्वो" इति ।**

**चन्द्र.** - **अत्र**=आवश्यकनिर्युक्तिग्रन्थादुद्धृतायां चतुर्थगाथायां **कारशब्दः**='इच्छामिच्छातहक्कारो' इति प्रथमपादे वर्तमानः कारशब्दः **प्रयोगाभिधायी**=प्रयोगवाचकः । तथा च 'इच्छामिच्छातथाकारः'इत्यत्र → इच्छायाः प्रयोगः मिच्छायाः प्रयोगः 'तथा' इति शब्दस्य च प्रयोगः ← इत्यर्थो भवति । ननु आवश्यक्यादिषु शेषेषु सप्तशब्देषु कारशब्दो गाथायां नास्ति । ततश्च 'आवश्यकीशब्दस्य प्रयोगः' इत्यर्थो न भवति । एतच्च अयुक्तम् यतःआवश्यक्याः प्रयोगः एव आवश्यकीसामाचारी कथ्यते । एवमन्यत्रापि । अत आह **स च**=कारशब्दश्च **सर्वेषु द्वारेषु**=आवश्यक्यादिषु सप्तषु द्वारेषु अपि । एतदर्थे प्राचीनपुरुषसम्मतिमाह **यदुक्तं** इत्यादि ।

**इच्छग्गहणे यत्ति** । गाथायां यः इच्छाशब्दो गृहीतः, तत्र इच्छाशब्दग्रहणे इच्छाकारस्यैव ग्रहणं कर्तव्यम्। इच्छाशब्दः इच्छाकारस्य वाचकः इति तात्पर्यम् । समासान्ते च प्रयोगवाचकः कारशब्दः अस्ति । ततश्च 'इच्छायाः=इच्छाकारस्य कारः=प्रयोगः इति इच्छाकारप्रयोगः' एवमर्थो भवति । एतदेवाह "**सट्ठाणे इच्छकारप्पओगो दसविहसामाचारीए पढमभेउ ति वुत्तं भवति ।**" एवं गाथायामुक्तः 'मिच्छा'शब्दोऽ**पि**

"मिच्छा मि दुक्कडम्"इत्यस्य वाचको बोध्यः । एतदेवाह **एवं मिच्छादुक्कडप्पओगो जाव उवसंपदाकारपओगो वि भासियव्वो** । अत्र यावत्शब्दः 'आवस्सियापओगो णिसीहियापओगो आपुच्छणापओगो पडिपुच्छापओगो छन्दणापओगो, णिमन्तणापओगो' इति अर्थस्य बोधकः । पञ्चमगाथायां उक्तः 'उवसंपया' शब्दः 'उवसंपयाकार'स्य वाचकः । तत्र च प्रयोगाभिधायी कारशब्दः संबध्यते इति उक्तं '**उवसंपदाकारपओगो वि भासियव्वो**' इति । एष तावत् ममाभिप्रायः । तत्त्वमत्रत्यं बहुश्रुता विदन्ति ।

**टीकार्थ** : ચોથી ગાથામાં પહેલા પાદમાં જે **કાર** શબ્દ છે. એનો અર્થ છે પ્રયોગ. અને તે પ્રયોગવાચક કારશબ્દ ઈચ્છા, મિચ્છા વગેરે દશેય દ્વારોમાં જોડવાનો છે. એટલે ઈચ્છાકાર, મિચ્છાકાર, તથાકાર, આવસ્સહિકાર... ઉપસંપદાકાર એમ અર્થ થશે.

ભગવાન્ ચૂર્ણિકારે પણ આ જ વાત કરી છે કે "આ ગાથામાં રહેલો 'કાર' શબ્દ એ 'પ્રયોગ'નો વાચક જાણવો. અને એ બધા દ્વારોમાં જોડવાનો છે. તથા ગાથામાં જે 'ઈચ્છા' શબ્દ છે. એના વડે 'ઈચ્છાકાર'નું ગ્રહણ કરવું. હવે એને પાછો પ્રયોગવાચક એવો કાર શબ્દ જોડશું એટલે ઈચ્છાકારનો કાર="ઈચ્છાકાર પ્રયોગ" એમ અર્થ થશે. અર્થાત "શાસ્ત્રકારોએ જ્યાં ઈચ્છાકાર કરવાનો કહ્યો છે ત્યાં ઈચ્છાકારનો પ્રયોગ એ દશવિધસામાચારીનો પ્રથમ ભેદ છે" એમ અર્થ થશે.

જેમ ઈચ્છાશબ્દથી ઈચ્છાકાર લીધો. એમ મિચ્છા શબ્દથી 'મિચ્છા મિ દુક્કડં' લેવાનું. એને પણ પ્રયોગવાચક 'કાર' શબ્દ જોડાશે. એટલે 'મિચ્છા મિ દુક્કડપ્રયોગ' એ બીજી સામાચારી બનશે. એમ 'ઉપસંપદા' શબ્દનો અર્થ 'ઉપસંપદાકાર' કરવો. એની સાથે પ્રયોગવાચક 'કાર' જોડાય. એટલે 'ઉપસંપદાકારનો પ્રયોગ એ દશમી સામાચારી છે' એમ અર્થ થશે.

(**શિષ્ય** : ચૂર્ણિના પાઠમાં તો '**मिच्छादुक्कडप्पओगो जाव उवसंपदाकारपओगो वि...**' લખેલ છે. એમાં **जाव = यावत्** નો અર્થ શું કરવો ? ઈચ્છા=ઈચ્છાકાર, મિચ્છા=મિચ્છા મિ દુક્કડં યાવત્ ઉપસંપદા=ઉપસંપદાકાર. એમ ત્રણ શબ્દોના અર્થ બતાવ્યા. એટલે '**यावत्**' શબ્દ પ્રમાણે તો વચ્ચેના સાત શબ્દોના પણ કોઈક વિશેષ અર્થ લેવા પડશે ને ?

**ગુરુ** : તથા, આવસ્સહિ, નિસીહિ તો એ જ શબ્દરૂપે બોલાતા હોવાથી એનો વિશેષ અર્થ લેવાની જરૂર નથી. આપૃચ્છાદિમાં પણ એની જરૂર નથી. એટલે અહીં "**यावत्**" શબ્દને લઈને સાતશબ્દનો વિશેષ અર્થ કરવાની જરૂર નથી લાગતી.)

**यशो. - न च 'कार' शब्दस्य प्रयोगाभिधायित्वमदृष्टपूर्वं, रणत्कार इत्यादौ तद्दर्शनात्।**

**चन्द्र. - अदृष्टपूर्वं** इति । कारशब्दः प्रयोगाभिधायी भवतीति तु अद्य यावत् कुत्रापि न दृष्टं, श्रुतं, अनुभूतं वेति प्रश्नकारस्याभिप्रायः । समाधानं तु स्पष्टमेव दर्शितं ।

**શિષ્ય** : 'કાર' શબ્દ એ પ્રયોગનો વાચક હોય એ તો પહેલીવાર જોયું. પહેલા ક્યારેય આ જોયું નથી.

**ગુરુ** : '**रणत्कार**' વગેરેમાં કાર શબ્દ એ પ્રયોગવાચક તરીકે પ્રસિદ્ધ જ છે. તને જે ખબર ન હોય તે બધું ખોટું એવું તો ન જ ચાલે ને ?

**यशो. - 'वर्णात् कारः' इत्यत्र वर्णैक्यविवक्षायाः प्रयोजनवशादत्रैव संकोचात् ।**

**चन्द्र.** - ननु 'वर्णात् कारः' इति नियमानुसारेण ककारः, चकारः, टकारः इत्यादौ वर्णेन सह कारशब्दः संयुज्यमानो दृश्यते । तत्र च 'क'कारः नाम कवर्ण एव । चकारः नाम 'च' वर्ण एव । एवञ्च यदा एक एव वर्णः प्रदर्शयितुं इष्यते, तदा कार शब्दः तेन वर्णेन सह संयुज्यते । एवञ्च "क" इति एकः वर्णः, "च" इति एकः वर्ण इति एकैकवर्णप्रतिपादनविवक्षायां कारशब्दः संयुज्यते । किन्तु अत्र तु अनेकवर्णात्मकशब्देन सह कारशब्दः संयोजितः । स तु कथं घटते ? 'वर्णात्कारः' इति नियमस्य भङ्गप्रसङ्गात् । ततः समादधाति **'वर्णात्कारः' इत्यत्र**=इति नियमे **वर्णैक्यविवक्षायाः**= अनन्तरमेव निरूपितायाः **प्रयोजनवशात्**=पुष्टकारणवशात् अत्रैव=इमामेव गाथामाश्रित्य **संकोचात्**= अग्रहणात् । अत्र हि कारशब्दः प्रयोगाभिधाय्येव चूर्णिकारादीनामभिप्रेतः । तेषां महात्मनामनादरः नैव कर्तव्य इति प्रयोजनम् । तद्वशात् अत्र वर्णैक्यविवक्षा न गृह्यते । किन्तु महात्मभिः प्रतिपादितं प्रयोगाभिधायित्वमेव गृह्यते । एवञ्च वर्णात्कारः इति नियमः सर्वत्र उपयुज्यमानोऽपि अत्र न उपयुज्यत इति तस्य संकोचः कृतो भवतीत्यभिप्रायः । किञ्चैवमपि अत्र कारशब्दस्य वर्णैक्यविवक्षा न संघटते, यतः कारशब्दोऽत्र न वर्णेन सह संयोजितोऽस्ति । किन्तु समासभूतेन शब्देन सह संयुक्तो अस्ति । ततश्च तस्य प्रयोगाभिधायित्वमेवात्र युक्तमित्यपि प्रयोजनं । तदर्थञ्च प्रतिपादितनियमस्य संकोच आवश्यक एवेति ।

**શિષ્ય** : 'મેં નથી જોયું એટલે ખોટું' એમ નથી કહેવું. પરંતુ એવો નિયમ છે કે જ્યારે એકલો **क, ख, ग** વગેરે અક્ષર બતાવવો હોય ત્યારે એને **कार** લગાડવામાં આવે છે. '**वर्णात्कारः**' એ નિયમ પ્રમાણે છૂટા-છૂટા એક-એક અક્ષરને દર્શાવવા માટે એ અક્ષરને **कार** લાગે. (દા.ત. કોઈ ગાથામાં બે '**च**' આવેલા હોય તો ટીકાકાર લખે કે '**अत्र चकारौ समुच्चयार्थौ**'.)

તમે એ નિયમ પ્રમાણે વર્ણને **कार** લગાડવાને બદલે આખા શબ્દોને **कार** લગાડ્યો. એટલે મારે પૂછવું પડ્યું.

**ગુરુ** : '**वर्णात्कारः**' એ સૂત્ર પ્રમાણે એક વર્ણની વિવક્ષા હોય ત્યારે **कार** લગાડવો એ તારી વાત સાચી છે. પણ કોઈ વિશિષ્ટ કામ આવી પડે તો આવી વિવક્ષાઓને સંકોચવી પણ પડે, બદલવી પણ પડે. નિર્યુક્તિકારે 'કાર' શબ્દ વર્ણને બદલે શબ્દો સાથે જોડેલો હોવાથી એ વાતને સાચી સાબિત કરવા અહીં જ એ 'કાર' શબ્દની વર્ણૈક્તાની વિવક્ષાને બદલીએ છીએ.

**यशो. - वस्तुतो नायं कारप्रत्ययः, किन्तु प्रयोगान्तरम्। अत एव 'कारशब्द' इति चूर्णावुक्तं न तु 'कारप्रत्यय' इति, तथात्वे प्रकृत्यर्थादन्यत्र तस्यानन्वयप्रसङ्गात् ।**

**चन्द्र.** - ननु 'वर्णात्कारः' इति नियमानुसारेण तु कारप्रत्ययः वर्णेन सहैव संयुज्यते । तत्र च वर्णैक्यविवक्षैव भवति। भवांस्तु तन्नियमे प्रतिपादितस्य कारप्रत्ययस्यात्र ग्रहणं कृत्वापि तन्नियमप्रतिपादितायाः वर्णैक्यविवक्षायाः संकोचं अकरोत् । न चैतद् युक्तं । यदि तादृशनियमे प्रतिपादितस्यैव कारप्रत्ययस्य ग्रहणं

क्रियते, तर्हि तादृशनियमस्यैव विवक्षायाः ग्रहणं युक्तं । न तु प्रयोगाभिधायित्वग्रहणं युक्तमित्यत आह **वस्तुतो नायं कारप्रत्ययः**=नायं 'वर्णात्कारः' इति नियमेन प्रतिपादितः कारप्रत्ययः, **किन्तु प्रयोगान्तरम्**=स्वतन्त्र एव कारशब्दः अत्र योजितः । तथा च तस्य प्रयोगाभिधायित्वस्वीकारे न कोऽपि दोषः ।

ननु अयं कारः नियमगतप्रत्ययो नास्ति, किन्तु प्रयोगान्तरं अस्ति इत्यत्र किं प्रमाणमित्यत आह **अत एव** इत्यादि । **तथात्वे**=कारपदस्य प्रत्ययरूपत्वे **प्रकृत्यर्थात्**='इच्छामिच्छातहा' इति समासरूपशब्दार्थात् **अन्यत्र**="आवस्सिया णिसीहिया" इत्यादिषु **तस्य**=कारस्य **अनन्वयप्रसङ्गात्**=असम्बन्धप्रसङ्गात् । प्रत्ययो हि प्रकृत्यर्थादन्यत्रान्वयं न प्राप्नोति इति नियमः सुप्रसिद्ध एव । 'रामो मोदकाय स्पृह्यति' इत्यादौ चतुर्थविभक्त्यात्मकः प्रत्ययः मोदकेनैव सह अन्वेति । न तु मोदकभिन्नेन रामेण सह । एवमत्रापि यदि कारः प्रत्ययो भवेत्, तर्हि तस्य इच्छामिच्छातथापदार्थैः सहैव अन्वयः स्यात् । न तु आवश्यक्यादिपदार्थैः सह । किन्तु चूर्णिकारैस्तु सर्वत्र कारस्य अन्वयः प्रदर्शित एव । तस्मात् अयं कारः न प्रत्ययः, किन्तु प्रयोगान्तरमेवेति अवश्यं मन्तव्यम् ।

(**શિષ્ય :** એમ નિર્યુક્તિકારને સાચા સાબિત કરવા માટે 'वर्णात्कारः' એ સૂત્રની વિવક્ષા જ બદલી નાંખવી એ કંઈ ઉચિત નથી લાગતું.)

**ગુરુ :** ખરી હકીકત એ છે કે '**वर्णात्कारः**' એ નિયમ તો 'કાર' પ્રત્યય માટે છે જ્યારે અહીં જે 'કાર' છે એ પ્રત્યય રૂપ નથી. પરંતુ 'કાર' પ્રત્યયથી જુદો કોઈ બીજો જ 'કાર' પ્રયોગ છે. એટલે જ્યારે નિયમમાં કહેલો 'કાર' પ્રત્યય જ અહીં નથી. એટલે એ નિયમની વિવક્ષા બદલવાનો આરોપ અમારા ઉપર મૂકી શકાતો જ નથી. જો નિયમનો જ 'કાર' પ્રત્યય હોત તો અમારે નિયમની વિવક્ષાને વળગવું પડત. પણ એ તો છે જ નહિ.

(**શિષ્ય :** પણ આ 'કાર' પ્રત્યય નથી. એવું તમે કયા આધારે કહી શકો ?)

**ગુરુ :** તે ચૂર્ણિનો પાઠ બરાબર જોયો નથી લાગતો. '**एत्थ कारसद्दो**' એમ ચૂર્ણિમાં લખ્યું છે. અર્થાત્ ચૂર્ણિકારે 'કાર' ને શબ્દ કહ્યો છે. પ્રત્યય નથી કહ્યો. એનાથી જ સાબિત થાય છે કે આ 'કાર' એ પેલા નિયમનો 'કાર' પ્રત્યય નથી.

જો અહીં '**कार**' ને પ્રત્યય માનો તો પ્રકૃતિ-અર્થ સિવાય બીજે બધે એનો અન્વય ન થઈ શકે. પ્રત્યય જે ઘટ, પટ વગેરે શબ્દને લાગે તે ઘટ, પટાદિ એ પ્રકૃતિ અર્થ કહેવાય અને પ્રત્યય જે પ્રકૃતિ-અર્થને લાગે તેની જ સાથે એનો અન્વય થાય. દા.ત. **रामः सीतां मोदकाय कथयति** । અહીં **राम** ને લાગેલો પ્રત્યય '**सि**' એ સીતા વગેરે સાથે ન જોડાય. સીતાને લાગેલો પ્રત્યય રામાદિ સાથે ન જોડાય. એમ અહીં પણ 'કાર' જો પ્રત્યય હોય તો પછી એ ઈચ્છા-મિચ્છા-તથા સાથે જોડાય, કેમકે એ 'કાર' એમને લાગેલો છે પરંતુ બાકીના સાત શબ્દો સાથે 'કાર' ન જોડી શકાય, કેમકે બાકીના શબ્દોને 'કાર' લાગેલો નથી. જ્યારે ચૂર્ણિકારે તો 'કાર' ને દશેય શબ્દો સાથે જોડવાનું લખેલ જ છે એટલે અહીં 'કાર' એ પ્રત્યય નથી પણ પ્રત્યય સિવાયનો સ્વતંત્ર પ્રયોગ છે એમ જ માનવું.

---

**यशो. - एवं चात्र कारशब्दोऽसमस्त एव द्रष्टव्यः, समस्तत्वे सर्वद्वारेष्वनन्वयप्रसङ्गात्।**

---

**चन्द्र.** - ननु भवतु नाम प्रयोगान्तरं । तथापि आवश्यक्यादिषु अनन्वयापत्तिस्तु तदवस्थैव स्यात् । यतः

समासान्तर्गतपदं समासबाह्यपदार्थेन सह नान्वेति इत्यपि नियमः । कारशब्दस्तु समासान्तर्गतः, तत्कथं तस्य समासबाह्यैः आवश्यक्यादिभिः अन्वयः स्यात् ? इत्यत आह **एवं च**=यतः कारशब्दस्य प्रकृत्यर्थादन्यत्रान-न्वयापत्तिः भवति, अतः **कारशब्दोऽसमस्त एव**=समासबाह्य एव । **समस्तत्वे सर्वद्वारेषु**=आवश्यक्यादिषु। "रामघटः लक्ष्मणश्च भवतः" इत्यत्र समासान्तर्गतः घटशब्दः लक्ष्मणपदार्थेन सह नान्वेतीतिवदत्रापि दृष्टव्यम्।

(**શિષ્ય** : અરે ! તો ય તમને વાંધો આવશે, કેમકે '**इच्छामिच्छातथाकारः**' એ રીતે ગાથાનું પ્રથમ પાદ છે. એટલે કાર શબ્દ તો સમાસની અંદર છે અને સમાસમાં રહેલો આ કાર શબ્દ શી રીતે બાકીના સાત દ્વાર સાથે અન્વય પામે ? દા.ત '**चैत्रमैत्र विजयमोदकाः अक्षयस्य च घटाः विद्यन्ते ।**' અહીં "ચૈત્ર, મૈત્ર અને વિજયના મોદકો છે અને અક્ષયના ઘડાઓ છે." એમ અર્થ છે. મોદક શબ્દ અક્ષય સાથે અન્વય ન પામી શકે. અર્થાત્ ચૈત્ર, મૈત્ર, વિજય અને અક્ષયના મોદકો છે એમ અન્વય ન થાય. એમ "ઈચ્છા, મિચ્છા, તથાનો કાર=પ્રયોગ" એ અર્થ તો થશે. પરંતુ આવસ્સહિનો કાર... ઈત્યાદિ નહિ ઘટે.)

**ગુરુ** : (તારી વાત સાચી છે.) માટે જ અહીં 'કાર' શબ્દ સમાસમાં ન ગણવો. પણ એ સમાસની બહાર જ જાણવો. જેમ "**चैत्रमैत्रविजयानां अक्षयस्य मोदकाः विद्यन्ते**" એમ મોદક શબ્દ સમાસની બહાર હોય તો ચારેય સાથે અન્વય પામી શકે. એમ અહીં પણ 'કાર' શબ્દ સમાસની બહાર જ માનવાથી એ બધા સાથે અન્વય પામી શકશે.

---

**यशो. - एवं चानेन सहाभेदान्वयायेच्छादिपदानां शब्दपरत्वं द्रष्टव्यम् । समस्तत्वे च कारशब्दोऽन्यत्रानुवृत्य योज्यः, अन्यथा चूर्णिरनाराद्धा स्यात् ।**

---

**चन्द्र.** - ननु यदि कारशब्दः समस्तो नास्ति, तर्हि इच्छादिपदानां कारशब्देन सह अन्वयो न भविष्यति। "नामार्थयोः अभेदेनान्वयः" इति नियमः, यथा मुकुटयुक्तः रामो गच्छति"इत्यत्र 'मुकुटयुक्ताभिन्नो रामः' इत्यन्वयो भवति । एकस्मिन्नेव वाक्ये समानविभक्त्यन्तानि पदानि परस्परमभेदेनान्वेतीति तु स्पष्टार्थः । तथा च इच्छामिच्छातथादिपदानां कारपदेन सहान्वयो न भविष्यति, यतः इच्छापदं इच्छास्वरूपो यो आत्मगुणः, तद्वाचकं । कारशब्दस्तु प्रयोगवाचकः । तथा च यदि इच्छापदस्य कारपदेन सहाभेदान्वयः क्रियेत, तर्हि 'आत्मगुणात्मकेच्छाऽभिन्नः प्रयोगः' इत्यर्थः स्यात् । स चानिष्टः । न हि इच्छा प्रयोगस्वरूपा वक्तुं युज्यते । एवं मिच्छादिष्वपि वक्तव्यम् । इत्थञ्च कारशब्दस्यासमस्तत्वेऽपि अनन्वयापत्तिः दुर्वारिति अत आह **एवञ्च**= यतः कारशब्दः न समस्तः किन्तु समासबाह्यः, ततः **इच्छादिपदानां शब्दपरत्वं**=इच्छामिच्छादि शब्दवाचकत्वं । इच्छापदं इच्छाशब्दवाचकं, मिच्छापदं मिच्छाशब्दवाचकं, नतु आत्मगुणात्मकेच्छादिवाचकानि इच्छादिपदानि । एवञ्च 'इच्छाशब्दाभिन्नः प्रयोगः' इत्यन्वयः स्यात् । स च युक्तः । इच्छाशब्दस्य प्रयोगरूपत्वं युज्यत एवेति कृत्वा ।

ननु स्वतन्त्रः कारशब्दप्रयोगः न कुत्रापि दृश्यते, किन्तु समस्त एव दृश्यते । ततः तस्यासमस्तत्वभण-नमनुचितमित्यत आह **समस्तत्वे च** । **अन्यत्र** आवश्यक्यादिषु **अनुवृत्य** पुनः पुनः गृहीत्वा । **अन्यथा**=यदि हि कारशब्दः आवश्यक्यादिषु अनुवृत्य न संयुज्यते तर्हि **चूर्णिः**="कारशब्दः आवश्यक्यादिषु सर्वेषु द्वारेषु

संबध्यते" इत्यर्थप्रतिपादिका चूर्णिः **अनाराद्धा=**उपेक्षिता, न सम्यग्योजिता **स्यात्** ।

(**શિષ્ય :** તો પણ વાંધો છે, કેમકે તમારા કહેવા પ્રમાણે તો ઈચ્છામિચ્છા તથાકારઃ... એ રીતે શ્લોક બનશે. હવે જેમ '**चैत्रमैत्रविजयाः मोदकाः विद्यन्ते ।**' એવું વાક્ય હોય તો મોદકનો ચૈત્રાદિ સાથે અન્વય ન જ થાય. એ માટે તો '**चैत्रमैत्रविजयानां**' એમ ષષ્ઠી વિભક્તિ તમારે કરવી જ પડે. જો પ્રથમા જ રાખો તો તો 'ચૈત્રમૈત્રવિજય એ મોદક છે' એવો અયોગ્ય અર્થ માનવો પડે. એમ અહીં પણ જો ઈચ્છામિચ્છાતથાનાં.... એમ ષષ્ઠી હોત તો તો હજી 'કાર' શબ્દનો એ બધાની સાથે અન્વય થાય. અને 'ઈચ્છાનો પ્રયોગ' ઈત્યાદિ ઘટત. પણ એવું તો અહીં છે નહિ. ઈચ્છા વગેરે દશ શબ્દો તો પ્રથમા વિભક્તિમાં છે. એટલે હવે તો એવો અર્થ થશે કે ઇચ્છારૂપી પ્રયોગ, મિથ્યારૂપી પ્રયોગ... એ સામાચારી છે" જે અર્થ યોગ્ય નથી, કેમકે ઈચ્છા એ કંઈ પ્રયોગ નથી. ઈચ્છાશબ્દ એ પ્રયોગ બને. એમ મિથ્યાશબ્દ, તથાશબ્દ પ્રયોગ બને. મિથ્યા=ખોટું તથા=સાચું એ અર્થ કંઈ પ્રયોગ નથી.)

**ગુરુ :** ઈચ્છા વગેરે શબ્દો પ્રથમા વિભક્તિમાં છે. અને 'કાર' શબ્દ સમાસની બહાર છે તથા પ્રથમા વિભક્તિમાં છે. એટલે 'ઈચ્છા' વગેરે શબ્દોનો 'કાર' સાથે અભેદથી જ અન્વય કરવો પડે. તો એ માટે 'ઈચ્છા' શબ્દનો અર્થ 'ઈચ્છાશબ્દ' એમ કરવો. એમ 'મિથ્યા' શબ્દનો અર્થ જ 'મિચ્છા મિ દુક્કડં શબ્દ' એમ કરવો.

એટલે '**इच्छाशब्दः मिथ्याशब्दः तथाशब्दः कारः= प्रयोगः अस्ति**' આ પ્રમાણે વાક્ય બને. એમાં કોઈ જ વાંધો ન આવે, કેમકે ઈચ્છાશબ્દ એ તો પ્રયોગરૂપ જ છે. એટલે એ બેનો અભેદથી અન્વય થઈ શકે. એમ 'મિચ્છા' વગેરેમાં પણ સમજી લેવું.

જેમ '**रामः राजा अस्ति**' તો રામ અને રાજા શબ્દ પ્રથમાવિભક્તિમાં છે અને એ બે વચ્ચે અભેદથી અન્વય થાય છે. "રામથી અભિન્ન એવો રાજા છે..." એમ અહીં પણ જાણવું.

(**શિષ્ય :** પણ 'કાર' શબ્દ સમાસની બહાર સ્વતંત્ર વપરાય એ ઉચિત નથી લાગતું. એ સમાસમાં જ હોય એ બધું યોગ્ય લાગે છે અને સમાસમાં રાખીએ તો પછી આવસ્સહિ વગેરે સાત પદોની સાથે એનો અન્વય ન થાય.)

**ગુરુ :** 'કાર' શબ્દ જો સમાસમાં જ માનવો હોય તો ય વાંધો નથી. પણ ત્યાં 'કાર' શબ્દ બાકીના સાત પદો સાથે અનુવર્તન કરીને જોડી દેવો. અર્થાત્ આવસ્સહિ વગેરે પછી 'કાર' શબ્દ ન લખ્યો હોવા છતાં આ 'કાર' શબ્દને પુનઃ પુનઃ ગ્રહણ કરીને એ બધા સાથે જોડવો.

(**શિષ્ય :** પણ આવું કરવાનું કંઈ પ્રયોજન ખરું ?)

**ગુરુ :** હા. જો સાત પદો સાથે 'કાર'નો અન્વય ન કરો તો પછી ચૂર્ણિની આરાધના કરેલી નહિ થાય, કેમકે ચૂર્ણિમાં સ્પષ્ટ લખેલું છે કે કારશબ્દ બધા સાથે જોડવો. તેમ ન જોડો તો ચૂર્ણિના એ વચનનું પાલન ન કરેલું ગણાય. જે ઉચિત નથી.

---

**यशो. - परे तु 'इच्छामिथ्यातथाकार' इत्यत्र द्वन्द्वोत्तरश्रूयमाणस्य कारशब्दस्यैतेष्वेव प्रत्येकमभिसंबन्धादन्वयः, आवश्यक्यादिपदानां च शब्दपरत्वावश्यकत्वादेवानुपपत्तिविरहे तत्र 'कार' शब्दयोजनमनतिप्रयोजनम् । अत एव पञ्चाशकवृत्तावुक्तं - "इच्छा-मिथ्या-**

**तथा इत्येतेषां श्रद्धार्थ-व्यलीकार्थाऽवैतथ्यार्थानां शब्दानां कारः करणं यथास्वविषयं प्रयोग इच्छा-मिथ्या-तथाकारः । अथवाऽवयवे समुदायोपचाराद् 'इच्छा' इति 'इच्छाकारः' 'मिथ्या' इति च मिथ्यादुष्कृतम्, तथाशब्देन च 'तथेति' इत्येवंभूतं पदमभिगृह्यते, ततश्चैतेषां कारः कारणमिति समास इति ।" युक्तं चैतदुत्तराध्ययनादिष्वेतेभ्योऽन्यत्र कारशब्दप्रयोगाऽदर्शनादित्याहुः ।**

---

**चन्द्र.** - अत्रैवार्थे अभिप्रायान्तरमाह-**परे तु** इत्यादि । **द्वन्द्वोत्तरश्रूयमाणस्य**="इच्छा च मिच्छा च तथा च इति इच्छामिच्छातथाः" इत्येवंरूपः यः द्वन्द्वसमासः तदुत्तरं श्रूयमाणस्य । **एतेष्वेव**=इच्छामिच्छा-तथाशब्देष्वेव, न तु आवश्यक्यादिषु इति एवकारार्थः ।

ननु तर्हि आवश्यक्यादिषु प्रयोगाभिधायी कारशब्दो नान्वेति । तथा च 'आवश्यकीप्रयोगः सामाचारी"इति अर्थो न लभ्येत । किन्तु "आवश्यकी सामाचारी"इति अर्थः लभ्यते । स चानिष्टः । अत्र आवश्यक्यादिशब्दानां प्रयोगरूपाणामेव सामाचारीत्वभणनात् । अत आह **आवश्यक्यादिपदानां चेत्यादि । आवश्यक्यादिपदानां**=गाथायां दृश्यमानानां **शब्दपरत्वावश्यकत्वादेव**=आवश्यक्यादिशब्दप्रयोगवाचकत्वावश्यकत्वादेव । नहि गाथायां दृश्यमानं आवश्यकीपदं आवश्यक्यात्मकस्यात्मगुणस्य वाचकं, तथा सति "तादृशात्मगुणः सामाचारी" इति अर्थः स्यात् । न च स अत्राभिप्रेतः, शब्दप्रयोगस्यैवात्राभिप्रेतत्वात् । तस्मात् आवश्यक्यादिपदानां गाथायां दृश्यमानानां आवश्यक्यादिशब्दपरत्वं आवश्यकमेवेति भावः । **अनुपपत्तिविरहे**=यदि हि कारशब्दः आवश्यक्यादिषु न संबध्येत, तर्हि "आवश्यकीशब्दप्रयोगः सामाचारी"इति अभिप्रेतः अर्थः न लभ्येतेत्यादिरूपा या अनुपपत्तिः, तस्या अभावे **तत्र**=आवश्यक्यादिषु पदेषु **अनतिप्रयोजनं**=न पुष्टकारणवत्। यद्यपि तादृशानुपपतिविरहाय तत्र कारशब्दः संयुज्यते इति कारशब्दस्य तत्र योजने तादृशानुपपतिरेव प्रयोजनं भवता उच्यत एव । किन्तु सा अनुपपत्तिस्तु प्रतिपादितेन प्रकारान्तरेणावि दूरीकर्तुं शक्यते । ततश्च भवत्प्रतिपादितं प्रयोजनं अतिप्रयोजनं=पुष्टकारणं नास्तीति तत्र कारशब्दयोजनमपि अतिप्रयोजनवत् नास्तीति भावः । अत एवात्र अप्रयोजनमित्यनुक्त्वा अनतिप्रयोजनमित्युक्तम् ।

**अत एव**=कारशब्दस्य आवश्यक्यादिषु यद्योजनं, तस्यानतिप्रयोजनत्वादेव **उक्तं**=नवाङ्गीटीकाकृद्भिः श्रीमदभयदेवसूरिभिः कथितं **श्रद्धार्थ-व्यलीकार्थाऽवैतथ्यार्थानां**=इच्छाशब्दः श्रद्धार्थः, मिच्छाशब्दः व्यलीकार्थः, निरर्थकत्वार्थः निष्फलत्वार्थः इति यावत् । तथाशब्दः अवैतथ्यार्थः सत्यत्वार्थः । एतच्च तत्तत्सामाचारीनिरूपणे स्वयमेव स्फुटीभविष्यति । यथास्वविषयं=शास्त्रानुसारेण यदा यदा यद्यत्सामाचारी कर्तव्या स्यात्, तदा तदा ।

**अवयवे**="भीमसेन-इच्छाकार"इत्यादिरूपाणां अवयविनां अवयवभूतेषु भीम-इच्छादिपदेषु **समुदायोपचारात्**=भीमसेन-इच्छाकारादिरूपाणां समुदायानां अवयविस्वरूपाणां व्यवहारात् । भीमादिपदे भीमसेनादिपदार्थानां व्यवहारो भवतीति । 'अत्र हि टीकायां कारशब्दः इच्छामिच्छातथापदेष्वेव संयोजितः, न तु आवश्यक्यादिषु' इति एव दर्शयितुं एषः पाठः अत्रोपन्यस्तः ।

**युक्तञ्चैतत्**=यदेतट्टीकायां उक्तं, तद् युक्तमेव । **उत्तराध्ययनादिषु**=आदिशब्दादावश्यकनिर्युक्त्यादिषु **एतेभ्यः**=इच्छामिच्छातथाशब्देभ्यः **अन्यत्र**=आवश्यक्यादिषु ।

આ બાબતમાં કેટલાંક લોકો એમ કહે છે કે **इच्छा च मिच्छा च तथा च इति इच्छामिच्छातथा** એ દ્વન્દ્વ સમાસ કર્યા બાદ '**तेषां कारः**' એમ ષષ્ઠી ત.પુ. સમાસ થયો છે અને એટલે દ્વન્દ્વની પછી રહેલા 'કાર'નો આ ત્રણમાં જ પ્રત્યેકમાં અન્વય થશે. એટલે ઈચ્છાનો પ્રયોગ, મિચ્છાનો પ્રયોગ... એમ અર્થ થશે.

(**શિષ્ય** : જો 'કાર'ને આવસ્સહિ વગેરે સાથે નહિ જોડો તો 'આવસ્સહિપ્રયોગ=આવસ્સહિ શબ્દ એ સામાચારી છે' એવો અર્થ શી રીતે નીકળશે ? આપણે તો એ અર્થ જ લેવો છે ને ?)

**ગુરુ** : આવસ્સહિ વગેરે પદો તો આવસ્સહિ શબ્દ, નિસીહિશબ્દ... એમ શબ્દને જ જણાવનાર માનવા જરૂરી છે. અને એમ માની લઈએ એટલે 'આવસ્સહિ શબ્દ, નિસીહ શબ્દ એ સામાચારી છે.' એવો અર્થ મળી જ જાય. એટલે કોઈ પણ આપત્તિ ન રહે. અને એટલે હવે એ સાત પદોમાં 'કાર' શબ્દ જોડવાનું કોઈ વિશેષ પ્રયોજન નથી.

આશય એ જ છે કે ઈચ્છા, મિચ્છા વગેરે ઉચ્ચારાતા શબ્દો જ સામાચારી તરીકે કહેવા છે અને એટલે 'કાર' શબ્દ બધા સાથે જોડવો જરૂરી હતો. પરંતુ હવે તો 'કાર' શબ્દને સમાસમાં રાખી ત્રણ પદો સાથે જ જોડો અને સાત સાથે ન જોડો તો પણ કોઈ વાંધો આવતો નથી. આવસ્સહિ વગેરે પદો ઉચ્ચારાતા એવા આવસ્સહિ વગેરે શબ્દોના જ જણાવનારા હોવાથી ઈષ્ટ અર્થ સિદ્ધ થઈ જાય છે. તો શા માટે 'કાર'ને બધે જ જોડવાનો આગ્રહ રાખવો ?

આ જ કારણસર પંચાશકમાં કહ્યું છે કે 'ઈચ્છા'નો અર્થ શ્રદ્ધા છે. મિથ્યાનો અર્થ 'ખોટું' છે. તથાનો અર્થ 'સાચું' છે. આ ત્રણેય શબ્દોનો કાર=પોતપોતાના સ્થાને પ્રયોગ એ ઈચ્છા-મિથ્યા-તથાકાર છે.

અથવા તો ઈચ્છા=ઈચ્છાકાર, મિથ્યા=મિથ્યાદુષ્કૃત, તથા=તથા ઇતિ (તહત્તિ) આ પ્રમાણે અર્થ કરવો. અહીં 'ઈચ્છાકાર' 'મિથ્યાદુષ્કૃત' એ સમુદાય કહેવાય. અને માત્ર ઈચ્છા, મિથ્યા એ પદો સમુદાયના અવયવ કહેવાય. તો જેમ 'ભીમ' બોલવા માત્રથી 'ભીમસેન' એમ અર્થ લઈ શકાય. તેમ અહીં પણ ઈચ્છા, મિથ્યા વગેરે અવયવો દ્વારા ઈચ્છાકાર ઇત્યાદિ સમુદાયનું ગ્રહણ થઈ શકે છે. વાસ્તવિકતા એ જ છે કે ઈચ્છા, મિથ્યા, ભીમ એ અવયવ જ છે. સમુદાય નથી. છતાં એ અવયવોમાં સમુદાયનો ઉપચાર=આરોપ કરીને ઈચ્છા વગેરેથી ઈચ્છાકારાદિનો સ્વીકાર કરી શકાય છે. આ બધાનો કાર=પ્રયોગ એ પ્રમાણે સમાસ કરવો."

આ પંચાશકના પાઠમાં 'કાર' શબ્દને સમાસમાં જ લીધો છે. અને આ યોગ્ય પણ લાગે છે, કેમકે ઉત્તરાધ્યયન વગેરેમાં આ ત્રણ સિવાય બાકીના સાતમાં કાર શબ્દનો પ્રયોગ કરેલો દેખાતો નથી. અને પંચાશકટીકામાં પણ 'કાર'ને સાતપદો સાથે જોડવાની કોઈ વાત નથી કરી.

આ પ્રમાણે કેટલાંક લોકોનો મત છે.

---

**यशो. - एतन्मते चूर्णिकृतोऽन्यत्र कारशब्दस्य पर्यवसितस्यैवाभिधानमिति मन्तव्यमित्यलमतिपल्लवेन ।**

---

**चन्द्र.** - ननु यदेतत् मतं प्रतिपादितं । तत्तु चूर्णिकारमतविरोधि । यतः एतन्मते कारशब्दस्यावश्यक्यादिषु

योजनं न कृतं। न हि एतन्मतं अनादरणीयमेव, यतः नवाङ्गीटीकाकारश्रीमदभयदेवसूरीश्वरादीनामपि एतदेव मतं। न हि तेषामनादरणीयता वक्तुं युक्तेत्यत आह **एतन्मते**=अनन्तरमेव प्रतिपादिते मते **चूर्णिकृतो**=चूर्णिकारस्य 'अभिधानम्'इत्येनन पदेन सहास्यान्वयः कर्तव्यः। **अन्यत्र**=आवश्यक्यादिषु **कारशब्दस्य पर्यवसितस्यैव**= अर्थापत्त्या गम्यमानस्यैव, न तु साक्षादित्येवकारार्थः। एतन्मतानुसारिणः कथयन्ति यदुत चूर्णिकारेण यद् आवश्यक्यादिष्वपि कारशब्दयोजनमभिहितं। तत् व्याकरणनियमानुसारेण असंभवि। यतः कारशब्दः समस्तः, समस्तस्य च तस्य अन्यत्रान्वयासंभवात्। किन्तु चूर्णिकारस्यायमेवाभिप्रायः यदुत मा भूत् व्याकरण-नियमानुसारेण कारशब्दस्यान्यत्रान्वयः। किन्तु अर्थानुसारेण तु अन्यत्रापि कारशब्दस्य अर्थः योजनीय एव।

इत्थञ्च कारशब्दस्यावश्यक्यादिषु योजने त्रीणि मतानि सन्ति। प्रथमं मतं कथयति-कारशब्दः समासबाह्य एव। ततश्च व्याकरणानुसारेणापि तस्य सर्वत्रान्वयः संभवतीति।

द्वितीयं मतं कथयति-कारशब्दः समस्त एव। ततः आवश्यक्यादिषु तस्यान्वयो न संभवति। किन्तु स कारशब्दः अनुवृत्यान्यत्र योज्यः। अर्थात् आवश्यक्यादिपदानन्तरं अनुक्तोऽपि कारशब्दः स्वयमेवोपन्यसनीयः। गाथायामेव आवश्यक्यादिपदानन्तरं कारशब्दस्य निवेशो दृष्टव्य इति यावत्।

तृतीयं मतं कथयति-कारशब्दः समस्त एव। ततः व्याकरणानुसारेण तस्यान्यत्रान्वयो नैव संभवति। नापि आवश्यक्यादिपदानन्तरं तस्य साक्षात् निवेशोऽपि कर्तव्यः। किन्तु अर्थापत्त्यैव तस्यार्थः सर्वत्र विभावनीयः इति। **अतिपल्लवेन**=अतिविस्तरेण।

(**શિષ્ય** : આ મતવાળાઓ જો કારનો અન્વય બાકીના સાત પદો સાથે ન કરે તો એમને ચૂર્ણિની અનારાધનાનો દોષ ન લાગે ? આ તો બધા મહાપુરુષો છે. શું એ પંચાશક ટીકાકાર વગેરે મહાપુરુષો ચૂર્ણિની અનારાધના કરે ખરા ?)

**ગુરુ** : આ લોકો ચૂર્ણિની અનારાધના ન જ કરે. તેઓ એમ કહેશે કે ચૂર્ણિકારે જે 'કાર' શબ્દને સાત પદોમાં પણ જોડવાની વાત કરી છે એનો અર્થ એ નહિ કે "વ્યાકરણ પ્રમાણે, શ્લોકની પદ્ધતિ પ્રમાણે એ શબ્દ સાતેય પદો સાથે જોડવો જોઈએ." એનો અર્થ માત્ર એટલો જ કે એ 'કાર' શબ્દ સાત સાથે સાક્ષાત્ જોડવાની જરૂર નથી. પણ એ સાતેય પદોમાં 'કાર' નો અર્થ સમજી જ લેવાનો છે. એટલે કે 'કાર' જોડીને જે અર્થ થાય. એ જ અર્થ 'કાર' જોડ્યા વિના સ્વયં સમજી લેવાનો. 'કાર' શબ્દ સમાસમાં હોવાથી એને સીધો જોડવો શક્ય નથી.

આમ તે મતવાળાઓ પણ ચૂર્ણિની આ રીતે આરાધના કરશે.

આ 'કાર' શબ્દ માટે ઘણી ચર્ચા થઈ ગઈ. હવે વધારે લંબાણ અમે કરતા નથી. હવે ચોથી અને પાંચમી ગાથાનો અક્ષરાર્થ કરીશું.

---

**यशो. - अक्षरार्थ उच्यते-एषणं=इच्छा करणं=कारः 'इच्छया ममेदं कुरु' इत्यादिप्रयोग इत्यर्थः। मिथ्या=वितथमनृतमित्यनर्थान्तरं, मिथ्याकरणं मिथ्याकारः। दुष्प्रयुक्तेः मिथ्याप्रयोग इत्यर्थः। तथाशब्दोऽवैतथ्यार्थे। गुरूदितेऽर्थे तथाकरणं तथाकारः।**

---

**चन्द्र.** – **दुष्प्रयुक्तैः**=दुष्टानां मनोवाक्काययोगानां ।

"તમારી ઈચ્છા હોય તો તમે મારું આ કામ કરો" એ પ્રયોગ ઈચ્છાકાર કહેવાય. મિથ્યા, વિતથ, અનૃત આ બધા સમાનાર્થી શબ્દો છે. મન, વચન, કાયાના ખરાબ યોગોની સામે 'આ ફોગટ થાઓ' એ પ્રયોગ મિથ્યાકાર કહેવાય. "તથા" શબ્દ 'સાચું' એ અર્થમાં છે. ગુરુએ કહેલા અર્થમાં 'તહત્તિ' કરવું એ તથાકાર છે.

**यशो. – अवश्यमित्यर्थेऽवश्यशब्दोऽकारान्तोऽप्यस्ति, ततोऽवश्यस्य=अवश्यं कर्त्तव्यस्य क्रिया आवश्यकी । चः समुच्चये । निषेधेन निर्वृता नैषेधिकी ।**

"અવશ્યં" એ શબ્દ જેમ અવ્યય છે તેમ 'અવશ્ય' અર્થમાં '**अ**' કારાન્ત એવો પણ અવશ્ય શબ્દ છે. એટલે અવશ્યની=અવશ્ય કરવા યોગ્ય કામની ક્રિયા તે આવશ્યકી.

નિષેધ વડે બનેલી સામાચારી એ નૈષેધિકી.

**यशो. – विहारादिगमनाद्यर्थं गुरोराप्रच्छनं तथाविधविनयलक्षणया मर्यादया सर्वप्रयोजनाभिव्याप्ति-लक्षणेनाभिविधिना वा प्रच्छनमापृच्छा । एकशो निषेधे प्रयोजनवशाद् गुरोः प्रतिप्रच्छनं प्रतिपृच्छा ।**

**चन्द्र.** – 'आ' पदस्य मर्यादा अभिविधिश्चेति द्वौ अर्थौ भवतः । तत्र द्वावपि अर्थौ प्रतिपादयन् आह **तथाविधविनयलक्षणयेत्यादि** । किमपि वस्त्रप्रक्षालनादिकं कार्यं कर्तुकामः मुनिः प्रथममेव गुरुं विनयेन पृच्छति– 'हे गुरो ! यदि भवाननुजानाति, तर्हि अहं वस्त्रप्रक्षालनं करोमि । किमहमेतत्कार्यं करोमि न वा ?' यदि हि शिष्यः वस्त्रप्रक्षालनार्थं जलादिकमानीयैव तस्मिंश्च वस्त्राणि आर्द्राणि कृत्वा गुरुं कथयति,"अहं अधुना वस्त्रप्रक्षालनं करोमि"... तदेतत्सर्वं अविनयकृत्यं कथ्यते । अत्र बहु वक्तव्यम् । तत्तु विस्तरभयात् नोच्यते । **सर्वप्रयोजनाभिव्याप्तिलक्षणेन**=स्थूलानि सूक्ष्मानि च यावन्ति कार्याणि, तेषु सर्वेष्वेव यदि गुरुमापृच्छति, तर्हि सर्वप्रयोजनाभिव्याप्तिलक्षणोऽभिविधिरत्र भवति । एकस्मिन्नपि कार्ये गुरुमनापृच्छ्य प्रवर्तमानो मुनिः अन्येषु सर्वकार्येषु पृच्छन्नपि आपृच्छासामाचारीमान् न भवतीति भावः ।

**एकशो निषेधे इत्यादि** । प्रकारान्तरेणापि प्रतिपृच्छा संभवति । सा च अग्रे प्रदर्शयिष्यते ।

વિહાર વગેરે માટે ગમન વગેરે કરવું હોય ત્યારે ગુરુને તેવા પ્રકારના ઉચિત વિનયરૂપી મર્યાદા વડે અથવા તો તમામે તમામ કાર્યોમાં વ્યાપીને રહેલી પૃચ્છા વડે પૂછવું એ આપૃચ્છા કહેવાય. ('**आ**' અવ્યયના મર્યાદા અને અભિવિધિ એમ બે અર્થો થાય છે. એ બે ય અર્થો અહીં બતાવ્યા. વિનયરૂપી મર્યાદા વડે પૂછવું તે આપૃચ્છા. અને એકપણ કાર્યમાં ગુરુને પૂછવાનું બાકી ન રહી જાય એ રીતે પૂછવું તે આપૃચ્છા.)

એક વાર ગુરુએ જે કામની ના પાડી હોય. કારણવશાત્ એ કામ કરવાનો અવસર આવે ત્યારે ગુરુને ફરી પૂછવું એ પ્રતિપૃચ્છા.

**यशो. - प्राग्गृहीतेनाशनादिना मन्त्रणा छन्दना । प्रागेव ग्रहणादामन्त्रणं निमन्त्रणा । तथोपसंपत्तिरुपसंपद्, ज्ञानाद्यर्थं गुर्वन्तराश्रयणमित्यर्थः ।**

**चन्द्र. - प्राग्गृहीतेन**=श्रावकादिगृहात् उपाश्रयं आनीतेन **प्रागेव ग्रहणात्**=ग्रहणात्प्रागेवेत्यर्थः । श्रावकादिगृहे अशनादिग्रहणाय उपाश्रयाद् यदा निर्गच्छति, तत्पूर्वमेव ।

પહેલા વહોરી લાવેલી ગોચરી-પાણી વાપરવામાટે સંયમીઓને વિનંતિ કરવી એ છંદના.

ગોચરી લાવ્યા પહેલા, ગોચરી, પાણી લેવા જતી વખતે સંયમીઓને 'શું લાવું ?' ઈત્યાદિ આમંત્રણ કરવું એ નિમંત્રણા.

જ્ઞાન, દર્શન, ચારિત્રને માટે બીજા ગુરુની નિશ્રા સ્વીકારવી એ ઉપસંપદ્.

**यशो. - कालपदमवसरार्थकमुपसंपदि संबध्यते सर्वत्र वा, 'सर्वमपि ह्यनुष्ठानं विहितकालकृतमेव फलवद्भवति नान्यथा'इति प्रतिपादनार्थम् ।**

**चन्द्र.** - उपसंपत्सामाचारी प्रथमतः एव न भवति । किन्तु स्वगुरुसमीपे यावत् ज्ञानादिकमस्ति, तत्सर्वं शिष्येण गृहीतं । अन्यस्य च ज्ञानादेः ग्रहणाय शक्तिरस्ति । ततः तदैव शिष्यः स्वगुरुमापृच्छ्य गुर्वन्तरसमीपे गत्वा तन्निश्रां स्वीकरोति । एषैव च उपसंपत्सामाचारी । ततश्च सा अवसर एव भवतीति प्रतिपादनार्थं गाथायां कालशब्दो गृहीतः । एतदेवाह **कालपदमवसरार्थकमित्यादि ।**

ननु यथा उपसंपत् काले एव भवति । तथैव इच्छाकारादिसामाचार्योऽपि अवसरे एव भवन्ति । न हि इच्छाकारादिसामाचार्यः यदा तदैव भवन्ति । एतच्च अग्रे ग्रन्थकारः स्वयमेव दर्शयिष्यति । अतः आह **सर्वत्र वा** कालपदं इच्छाकारादिषु सर्वत्र संबध्यते इति भावः ।

ननु 'काले उपसंपदादिसामाचार्यो भवन्ति'इति प्रतिपादने किं प्रयोजनं ? इत्यत आह **सर्वमपि** इत्यादि।

ગાથામાં જે કાળપદ છે. તેનો અર્થ એ છે કે 'યોગ્યકાળ.' એને ઉપસંપદ સાથે જોડવું. એટલે કે યોગ્ય અવસરે બીજા ગુરુની નિશ્રા સ્વીકારવી એ ઉપસંપદ સામાચારી છે.

(**શિષ્ય :** એમ તો ઈચ્છાકારાદિ પણ યોગ્ય અવસરે જ કરવાના હોય છે ને ? તો એ બધાની સાથે પણ 'કાળ' પદનો અન્વય ન કરવો જોઈએ ?)

**ગુરુ :** અથવા તો કાળપદને દશેય સામાચારી સાથે જોડવું.

(**શિષ્ય :** શુભકાર્ય તો ગમે ત્યારે કરી શકાય ને ? એના માટે વળી યોગ્ય કાળ જોવો પડે ખરો ?)

**ગુરુ :** કોઈપણ અનુષ્ઠાન પરમાત્માએ બતાવેલા યોગ્યકાળે કરવામાં આવે તો જ એ સફળ બને એ બતાવવા માટે જ અહીં કાળશબ્દ મૂકેલો છે.

**यशो. - अथवा 'काले'=सामाचार्युपक्रमकालेऽभिधातव्ये सतीत्यर्थः, उपोद्घाते तदवसर एतद्भणनात् । 'सामाचारी' उक्तलक्षणा भवेद्दशविधा, 'तुः' एवकारार्थे,**

**दशविधैव न न्यूनाधिकेत्यर्थः ।**

**चन्द्र.** - प्रकारान्तरेण कालपदार्थमाह - **अथवा** इत्यादि ।

**सामाचार्युपक्रमकाले अभिधातव्ये सति**=कालोपक्रमनिरूपणावसरे इत्यर्थः । **उपोद्घाते तदवसरे एतद्भणनात्**-आवश्यकनिर्युक्तौ उपोद्घातनिरूपणे यदा उपक्रमनिरूपणं क्रियते । तदा द्रव्योपक्रमक्षेत्रोपक्रमौ निरूप्य कालोपक्रमनिरूपणावसरे सामाचारी प्रदर्श्यते इति । इदमत्र तात्पर्यं-दूरस्थस्य पदार्थस्य समीपमानयनं उपक्रमः । तत्र दूरस्थस्य द्रव्यस्य समीपमानयनं द्रव्योपक्रमः । एवं क्षेत्रस्य समीपमानयनस्याशक्यत्वात् उपचारात् तत्र क्षेत्रोपक्रमोऽपि प्रतिपादितः । तदनन्तरं 'दूरस्थस्य कालस्य समीपमानयनं कालोपक्रमः' इत्यत्र दूरस्थः कालः यद्यपि समीपमानेतुं अशक्यः । तथापि दूरस्थकालभावि वस्तु यदि समीपवर्तिनि काले आनीयते, तर्हि सोऽपि उपचारात् कालोपक्रमः उच्यते । यथा दृष्टिवादाध्ययनं विंशतिवर्षदीक्षापर्यायकाले क्रियते । तत्र च चतुर्दशपूर्वेषु त्रिविधा सामाचारी अस्ति । एवञ्च विंशतिवर्षपर्यायाः एव मुनयः त्रिविधां सामाचारीं ज्ञातुं शक्नुवन्ति । ततः 'विंशतिवर्षेषु ते सामाचारीपालनं कथं कुर्युः'इति चिन्तयित्वा प्राचीनपुरुषाः पूर्वेभ्यः सामाचारीं उद्धृत्य दीक्षादिनादारभ्यैव मुनिभ्यः तां दातुं प्रावर्तन्त । इत्थञ्च दूरस्थकालभाविनी सामाचारी समीपस्थकालभाविनी अभवत्, अयमेव कालोपक्रमः उच्यते । अस्य कालोपक्रमस्य निरूपणावसरे आवश्यकनिर्युक्तौ सामाचार्योऽपि प्रतिपादिताः । एतद्ज्ञापनार्थमेव गाथायां 'काले' इत्युक्तम् ।

અથવા તો આ પ્રમાણે અર્થ કરવો કે જ્યારે સામાચારી-ઉપક્રમકાલનું નિરૂપણ કરવાનો વખત આવ્યો, તે વખતે..."

(**શિષ્ય :** "કાલે" એ શબ્દનો અર્થ "સામાચારી-ઉપક્રમકાલ કહેવા યોગ્ય હોતે છતેં..." એમ શી રીતે કરી શકાય ?)

**ગુરુ :** આવશ્યકનિર્યુક્તિમાં ઉપોદ્‌ઘાતના વર્ણનમાં જ્યારે નામ, સ્થાપના, દ્રવ્ય અને ક્ષેત્ર એ ચાર પ્રકારના ઉપક્રમ બતાવ્યા બાદ કાલોપક્રમનું વર્ણન કરવાનો વખત આવ્યો ત્યારે જ ભદ્રબાહુસ્વામીએ આ દશ સામાચારીઓ વર્ણવી છે એટલે "સામાચારી-ઉપક્રમ કાલ કહેવા યોગ્ય હોતે છતેં... આ દશ સામાચારી જાણવી" એ પ્રમાણે કહેવું યોગ્ય જ છે.

ગાથામાં '**तु**' શબ્દ '**एव**' અર્થમાં છે. એટલે કે સામાચારી દશપ્રકારની જ છે. ઓછી કે વધારે નથી.

**यशो. - विभागवाक्यमहिम्नैतल्लाभेऽपि स्पष्टार्थमवधारणम् । एतेषां=उक्तपदानामयं वक्ष्यमाणोऽर्थो लक्षणविषयविभागादिरूपस्तव सिद्धान्ते मया दृष्टः । एवं च सिद्धान्तानुरोधिनि स्वाभिधानेऽनुपादेयत्वशङ्का परिहृता भवति ॥४॥ ॥५॥**

**चन्द्र.** - ननु एवकारार्थः 'तु'प्रयोगोऽनुचितः । तदभावेऽपि दशविधैव सामाचारी, न तु न्यूनाधिकेति अर्थो लभ्यते एव । तथा हि इयं गाथा विभागवाक्यरूपा । विभागवाक्ये च यावन्तो विभागाः दृश्यन्ते, तावन्त एव भवन्ति । न तु न्यूनाधिकाः इति सर्वेषां स्फुटमेव । यथा मुक्तावल्यां पदार्थविभागवाक्यरूपायां द्रव्यं गुणस्तथा कर्म.. इति कारिकायां सप्तपदार्थाः प्रतिपादिताः, तत्र विभागवाक्यस्य सामर्थ्यादेव ज्ञायते यदुत सप्तैव पदार्थाः

सन्ति, न न्यूनाधिकाः । न तत्र एवकारप्रयोग आवश्यकः । एवमत्रापीत्यत आह **विभागवाक्येत्यादि** । **विभागवाक्य महिम्नैव**=सामाचारीविभागवाक्यसामर्थ्यादेव **एतल्लाभेऽपि**='सामाचारी दशविधैव, न न्यूना नाप्यधिका' इति लाभेऽपि **अवधारणम्**-एवकारार्थस्य तुप्रयोगस्य ग्रहणं ।

**उक्तपदानां**=इच्छादिरूपाणां **लक्षणविषयविभागादिरूपः**=लक्षणं विषयः विभागश्च, आदिशब्दात्फलादिकञ्च । तादृक्रूप इत्यर्थः ।

**एवं च**='तव सिद्धान्ते मया दृष्टः' न तु मया स्वयं अनुप्रेक्षितः इति कथनेन **सिध्धान्तानुरोधिनि**=जिनागमानुसारिणि **अनुपादेयत्वशङ्का**=यदि हि 'तव सिद्धान्ते मया दृष्टः' इति ग्रन्थकारो नावदत् । तर्हि श्रोतुः शङ्का स्यात् यदुत 'नूनमयं ग्रन्थः अनेन ग्रन्थकारेण स्वयमेवोत्प्रेक्षितः, किं वा सर्वज्ञवचनमनुसृत्य रचितः ? इति न ज्ञायते । ततः किं अयं ग्रन्थः उपादेयः ? अथवा न उपादेयः' इति । तादृशी च शङ्का **परिहृता** अनुत्पादनेनैव दूरीकृता भवति ॥४-५॥

(**શિષ્ય :** સામાચારીના ભેદ કેટલા ? એનું વર્ણન કરવા માટે જે વાક્ય=ગાથાઓ બોલાઈ છે એમાં જેટલા ભેદો આપેલા હોય એટલા જ હોય. ઓછા - વત્તા ન જ હોય એ સ્પષ્ટ હકીકત છે. તો પછી 'જ' કારની શી જરૂર ?)

**ગુરુ :** જો કે આ ગાથા સામાચારીના વિભાગોનું નિરૂપણ કરનાર વાક્ય રૂપ છે. અને આવા વાક્યમાં જેટલા વિભાગ પાડેલા હોય, તેટલા જ હોય ઓછા-વત્તા ન જ હોય એ સાચી વાત છે. છતાં પણ 'તુ' દ્વારા જે "જ" કાર વાપર્યો છે એ માત્ર સ્પષ્ટતા કરવા ખાતર છે એમ જાણવું.

આ ઈચ્છાદિ દશ પદોનો "હવે પછી જે કહેવાશે તેવો" લક્ષણ, વિષય, વિભાગાદિ રૂપ અર્થ તારા સિદ્ધાન્તમાં મારા વડે જોવાયો છે. (દરેક સામાચારીનું લક્ષણ, વિષય, વિભાગ, ફળ વગેરે બતાવવામાં આવશે.)

(**શિષ્ય :** "તારા સિદ્ધાન્તમાં મેં આ જોયું છે" એમ શા માટે કહેવું પડે ?)

**ગુરુ :** આ રીતે જો ન કહે તો શ્રોતાઓને શંકા થાય કે આ ગ્રન્થકારે પોતાની બુદ્ધિથી કલ્પીને બધા પદાર્થો કહ્યા હશે તો ? અને એ પદાર્થો તો ખોટા પણ હોય ? તો એને આપણે ન સ્વીકારાય."

પણ ઉપર પ્રમાણે કહેવાથી શ્રોતાને થાય કે "આમનું કથન તો પ્રભુના સિદ્ધાન્તને અનુસારે જ છે" એટલે પછી એમાં અનુપાદેયપણાની શંકા ન થાય. ॥૪-૫॥

---

**यशो. - इच्छाकारस्य लक्षणमाह –**

---

**चन्द्र.** - सर्वासु सामाचारीषु लक्षणं, विषयं, विभागं, फलादिकं च प्रतिपिपादयिषुः ग्रन्थकारः प्रथमं इच्छाकारस्य लक्षणं कथयति ।

સૌ પ્રથમ ઈચ્છાકારનું લક્ષણ કહે છે.

---

**जं णियणियकज्जंमी इच्छासंपच्चयत्थं विहिवक्कं ।**

**सो खलु इच्छाकारो तहा पइण्णा य परकज्जे ॥६॥**

---

**चन्द्र.** – → निजनिजकार्ये इच्छासंप्रत्ययार्थं यत् विधिवाक्यं उच्यते । स खलु इच्छाकारः, तथा परकार्ये प्रतिज्ञा च इच्छाकारः भवति ← इति षष्ठगाथार्थः ।

**ગાથાર્થ :** પોત-પોતાના કાર્યને વિશે ઈચ્છાની પ્રતીતિ માટે, જે વિધિવાક્ય બોલાય તે ઈચ્છાકાર છે. અને બીજાના કાર્યને વિશે પ્રતિજ્ઞા કરવી એ પણ ઈચ્છાકાર છે.

---

**यशो. – जं णियत्ति । यन्निजनिजकार्ये इच्छासंप्रत्ययार्थं विधिवाक्यं, या च परकार्ये इच्छासंप्रत्ययार्था प्रतिज्ञा तदुभयमिच्छाकारः । एवं च स्वकार्यकर्मकेच्छाकरणकविधिवाक्यपरकार्यकर्मकेच्छाकरणकप्रतिज्ञावाक्यान्यतरत्वं तल्लक्षणं लभ्यते ।**

---

**चन्द्र.** – **इच्छासंप्रत्ययार्थं**="किं परस्य मत्कार्यकरणे इच्छा अस्ति न वा" इति ज्ञानार्थं **विधिवाक्यं**= आज्ञार्थस्य पञ्चमीनामकस्य प्रयोगः, अन्यो वा कर्तव्यत्वप्रतिपादकः प्रयोगः । **इच्छासंप्रत्ययार्था** = यः रत्नाधिकः लघुं साधुं स्वकार्यं कर्तुं इच्छाकारेण प्रार्थनां करोति, तस्य अयं संप्रत्ययो भवेत् यदुत 'एषः लघुसाधुः मत्कार्यकरणस्य इच्छां धारयति' इति एतदर्थं लघुसाधुना क्रियमाणा या 'अहं भवत्कार्यं इच्छाकारेण करोमि' इति प्रतिज्ञा, सा इच्छासंप्रत्ययार्था कथ्यते । इच्छायाः संप्रत्ययः=प्रतीतिः एव अर्थः=प्रयोजनं, कार्यं यस्याः सा इच्छासंप्रत्ययार्था ।

ननु विधिवाक्यं प्रतिज्ञा च इत्येतदुभयमपि भवता इच्छाकारः कथितः । अत्र च इच्छाकारस्य लक्षणं वक्तुं प्रारब्धं अस्ति । तत्किं विधिवाक्यं इच्छाकारलक्षणं ? प्रतिज्ञावाक्यं वा इच्छाकारलक्षणं ? यदि इच्छासंप्रत्ययार्थं विधिवाक्यं लक्षणं, तर्हि प्रतिज्ञावाक्ये इच्छाकारसामाचारीरूपे अव्याप्तिः, प्रतिज्ञावाक्यस्य विधिवाक्यत्वाभावात् यदि प्रतिज्ञावाक्यं लक्षणं, तर्हि विधिवाक्ये अव्याप्तिः, तस्य प्रतिज्ञावाक्यत्वाभावादित्यतो निर्दोषं लक्षणमाह **एवं च**=यतः विधिवाक्यं प्रतिज्ञा च उभयमपि इच्छाकारसामाचारी, ततश्च उक्तप्रकारेणाव्याप्तिसंभवः, अतः **स्वकार्यकर्मकेत्यादि** । 'मत्कार्यं वस्त्रक्षालनादिकं त्वं इच्छाकारेण कुरु' इत्यत्र स्वकार्यं कर्म अस्ति । इच्छा च करणमस्ति । ततश्चेदं विधिवाक्यं स्वकार्यकर्मकं इच्छाकरणकञ्चास्ति । तथा 'भवत्कार्यं अहं इच्छाकारेण करोमि''इत्यत्र लघुसाध्वपेक्षया परकार्यं कर्म अस्ति । इच्छा च करणमस्ति । ततश्चेदं प्रतिज्ञावाक्यं परकार्यकर्मकं इच्छाकरणकञ्चास्ति । तादृशविधिवाक्यतादृशप्रतिज्ञावाक्यान्यतरत्वञ्च तादृशविधिवाक्ये तादृशप्रतिज्ञावाक्ये च वर्तते इति न कुत्राप्यव्याप्तिः ।

**ટીકાર્થ :** દરેક સંયમી પોત-પોતાના કાર્યને કરવામાં સામે વાળા સંયમીની ઈચ્છા છે કે નહિ ? એ જાણવા માટે જે વિધિવાક્ય બોલે. દા.ત. "હે મુનિવર ! તમે મારું વસ્ત્રપ્રક્ષાલન તમારી ઈચ્છાપૂર્વક કરશો ?" તથા "બીજાનું કાર્ય કરવામાં પોતાની ઈચ્છા છે" એવી સામેવાળાને પ્રતીતિ કરાવવા માટે સંયમી જે પ્રતિજ્ઞાવાક્ય બોલે. દા.ત. "હે મુનિવર ! આપનું કામ હું મારી ઈચ્છાથી કરીશ." તો આ વિધિ અને પ્રતિજ્ઞા બે ય વાક્યો ઈચ્છાકાર કહેવાય.

(**શિષ્ય :** લક્ષણ તો અવ્યાપ્તિ વગેરે દોષોથી રહિત હોવું જોઈએ. તમે એવું સ્પષ્ટ લક્ષણ આપો કે જેમાં કોઈ દોષ ન હોય. જો 'વિધિવાક્ય' એ ઈચ્છાકારનું લક્ષણ કહેશો તો પ્રતિજ્ઞાવાક્યમાં અવ્યાપ્તિ આવશે અને

જો 'પ્રતિજ્ઞા' એ ઈચ્છાકારનું લક્ષણ કહેશો તો વિધિવાક્યમાં અવ્યાપ્તિ આવશે.)

**ગુરુ :** પોતાનું કાર્ય એ જે વાક્યમાં કર્મ તરીકે છે, અને ઈચ્છા એ જે વાક્યમાં કરણ તરીકે છે એવું વિધિવાક્ય (દા.ત. **मम वस्त्रप्रक्षालनं त्वं इच्छाकारेण कुरु**) અથવા તો બીજાનું કાર્ય એ જે વાક્યમાં કર્મ તરીકે છે અને ઈચ્છા એ જે વાક્યમાં કરણ તરીકે છે એવું પ્રતિજ્ઞાવાક્ય (દા.ત. **तव वस्त्रप्रक्षालनं इच्छाकारेण करोमि**) તાદૃશાન્યતરત્વ=તે બેમાંથી કોઈપણ એક વાક્યપણું એ જ ઈચ્છાકારનું લક્ષણ છે. આ લક્ષણ તો બે ય વાક્યોમાં રહી જવાથી અવ્યાપ્તિ ન આવે.

---

**यशो. - विधिश्च कर्त्तव्यत्वप्रतिपादकप्रत्ययमात्रं न तु पञ्चम्येव, तेन तव्यादिघटित-तथाप्रयोगे नाव्याप्तिः ।**

---

**चन्द्र.** - ननु विधिवाक्यं यदि पञ्चमीप्रयोगमात्रं । तर्हि "भवता इदं मत्कार्यं इच्छाकारेण कर्तव्यम्" इत्यादिषु पञ्चमीप्रयोगाभावात् तद्विधिवाक्यं न गणयितुं शक्येत । ततश्च तत्राव्याप्तिः भवेदित्यतः आह **विधिश्चेत्यादि । तेन**="नहि पञ्चमीप्रयोगमात्रं, किन्तु कर्तव्यत्वप्रतिपादकप्रत्ययमात्रं विधिः"इति भणनेन **तव्यादिघटिततथाप्रयोगे** =अधुनैव प्रतिपादिते तादृशेच्छाकारप्रयोगे ।

(**શિષ્ય :** વિધિ વાક્ય એટલે આજ્ઞાર્થના પ્રયોગવાળું વાક્ય, કેમકે આજ્ઞાર્થપ્રયોગને જ વિધિ કહેવાય છે. હવે જો આ પ્રમાણે વિચારીએ તો '**त्वया मम वस्त्रप्रक्षालनं इच्छाकारेण कर्तव्यम्**' એવા વાક્યો ઈચ્છાકાર નહિ ગણાય, કેમકે એમાં આજ્ઞાર્થપ્રયોગ ન હોવાથી એ વિધિવાક્ય રૂપ નથી. પ્રતિજ્ઞાવાક્ય રૂપ પણ નથી.)

**ગુરુ :** વિધિ એટલે પંચમી=આજ્ઞાર્થપ્રયોગ એમ ન સમજવું. પણ "આ કાર્ય કર્તવ્ય છે" એવું સૂચવનાર કોઈપણ પ્રત્યય એ વિધિ કહેવાય. એટલે હવે તે જે '**तव्य**' પ્રત્યયવાળું વાક્ય બતાવ્યું તેમાં કે **य, अनीय**, વિધ્યર્થ=સપ્તમીના પ્રયોગવાળા વાક્યોમાં પણ આ લક્ષણ ઘટશે, કેમકે બધા હવે વિધિવાક્ય ગણી શકાશે.

---

**यशो. - प्रतिज्ञा च क्रियमाणत्वकरिष्यमाणत्वज्ञापकाऽस्मदर्थप्रत्ययः, तेन" इदमिच्छया करोमि" "इदमिच्छया करिष्यामि"इत्यादेरविशेषेण संग्रह इत्याद्यूह्यम् ॥६॥**

---

**चन्द्र.** - ननु प्रतिज्ञा किं वर्तमानकालज्ञापकप्रत्ययघटिता ? किंवा भविष्यत्कालज्ञापकप्रत्ययघटिता ? यदि प्रथमा, तर्हि "अहं भवत्कार्यं कल्ये इच्छाकारेण करिष्यामि"इति प्रतिज्ञावाक्येऽव्याप्तिः । यदि द्वितीया, तर्हि "अहं भवत्कार्यं अधुना इच्छाकारेण करोमि"इति प्रतिज्ञावाक्येऽव्याप्तिः । अत आह **प्रतिज्ञा चेत्यादि । क्रियमाणत्वेत्यादि** । "इदं कार्यं इच्छया करोमि"इत्यत्र कार्ये क्रियमाणत्वस्य ज्ञापकः यः करोमिपदघटकः अस्मदर्थकः 'मि' प्रत्ययः, सैव प्रतिज्ञेति भावः । मिप्रत्ययः प्रथमपुरुषस्य एकवचनस्य वर्तमानकालस्य च बोधकः, ततः तेन कार्ये क्रियमाणत्वस्य बोधो भवति । एवं भविष्यत्कालप्रयोगेऽपि विभावनीयम् ।

ननु पञ्चमी आज्ञार्थरूपा अस्ति । आज्ञार्थस्य च इच्छाकारेण सह विरोधः स्पष्ट एव । तत्कथं इच्छाकारप्रयोगेण सह पञ्चमीप्रयोगः क्रियते इति चेत् न पञ्चम्याः अर्थः अभ्यर्थनाऽपि अस्तीत्यदोषः । एवं इच्छाकारलक्षणं प्रतिपादितं ॥६॥

(શિષ્ય : પ્રતિજ્ઞાવાક્યમાં વર્તમાનકાળનો પ્રત્યય હોવો જોઈએ કે ભવિષ્યકાળનો ? જો "વર્તમાનકાળનો પ્રત્યય જ જોઈએ" એમ કહો તો "**तव कार्यं इच्छाकारेण करिष्यामि**" એ વાક્ય પ્રતિજ્ઞાવાક્ય ન બનતા એમાં અવ્યાપ્તિ આવે અને ભવિષ્યકાળનો પ્રત્યય જ જોઈએ એમ કહો તો '**तव कार्यं इच्छाकारेण करोमि**' એમાં અવ્યાપ્તિ આવશે, કેમકે એમાં ભવિષ્યસૂચક પ્રત્યય નથી.)

**ગુરુ :** વસ્ત્રપ્રક્ષાલનાદિ કાર્યમાં ક્રિયમાણત્વનો કે કરિષ્યમાણત્વનો બોધ કરાવનાર એવો અસ્મદ્ અર્થનો બોધક પ્રત્યય એ અહીં પ્રતિજ્ઞા તરીકે સમજવો. એટલે '**इदमिच्छया करोमि**' માં '**मि**' એ ક્રિયમાણત્વનો જ્ઞાપક એવો **अस्मद्** અર્થનો પ્રત્યય છે અને '**इदमिच्छया करिष्यामि**' માં કરિષ્યમાણત્વનો જ્ઞાપક એવો **अस्मद्** અર્થનો પ્રત્યય છે. એટલે એ બે ય પ્રતિજ્ઞા કહેવાશે. માટે ક્યાંય અવ્યાપ્તિ નહિ આવે. આ વગેરે ઘણી બધી વાતો વિચારી લેવી ॥૬॥

---

**यशो. - अथेच्छाकारविषयोपदर्शनार्थमाह --**

**अब्भत्थणाविहाणे इच्छाकारो समुचिओ दोण्हं ।**
**आराहणमाणाए गुरूण ठिइपालणं च जओ ॥७॥**

---

**चन्द्र.** - अधुना विषयं दर्शयति । → अभ्यर्थनायां विधाने च द्वयोः इच्छाकारः समुचितः, यतः गुरूणां आज्ञायाः आराधनं, स्थितिपालनं च भवति ← इति सप्तम्याः गाथायाः अर्थः ।

હવે ઈચ્છાકારનો વિષય બતાવવા માટે કહે છે.

**ગાથાર્થ :** અભ્યર્થના અને વિધાન આ બે યમાં બે ય સંયમીઓને ઈચ્છાકાર કરવો ઉચિત છે, કેમકે એમાં ગુરુની આજ્ઞાની આરાધના થાય છે અને મર્યાદાનું પાલન થાય છે.

---

**यशो. - अब्भत्थणाविहाणे त्ति । अभ्यर्थना='त्वं ममेदं कार्यं कुरु' इति परप्रवर्त्तना, विधानं च परप्रयोजनस्य करणप्रतिज्ञा 'अहं तवेदं कार्यं करोमि' इति, ततः समाहारद्वन्द्वादेकवचनम् । तत्र 'इच्छाकारः'=इच्छयेति प्रयोगः । चकारस्याप्यर्थस्य भिन्नक्रमत्वाद् द्वयोरित्यत्र योजना । द्वयोरप्यभ्यर्थयमानकारकयोः समुचितः=सङ्गतः ।**

---

**चन्द्र.** - **परप्रवर्तना**=परस्य स्वस्मिन् कार्ये व्यापारणं, परं प्रति स्वकार्यकरणार्थं प्रेरणेति यावत् । ननु 'अब्भत्थणाविहाणाणं' इत्येव प्राकृते बहुवचनं वक्तुं युक्तम् । न त्वेकवचनम् । यतः अभ्यर्थना विधानञ्चेति द्वौ पदार्थौ अत्र स्तः । तयोः द्वन्द्वसमासकरणे च प्राकृते बहुवचनमेव स्यात् । न त्वेकवचनमित्यत आह **समाहारद्वन्द्वादेकवचनम् । चकारस्य**="ठिइपालणं च जओ" इति चतुर्थपादे दृश्यमानस्य **भिन्नक्रमत्वाद्**= यत्र स्थाने स अस्ति, तस्मादन्यत्रैव तस्य अन्वयकरणे तात्पर्यात् '**द्वयोः**'="इच्छाकारो समुचिओ दोण्हं" इत्यत्र विद्यमाने "दोण्हं" इति शब्दे । ततश्च द्वयोरपि=न केवलं स्वकार्यकरणार्थं लघुं साधुं अभ्यर्थयमानस्य रत्नाधिकस्य, किन्तु तत्कार्यकरणस्य प्रतिज्ञां कुर्वाणस्य लघुसाधोरपि इति अपिशब्दार्थः ।

**ટીકાર્થ :** "તું મારું આ કામ કર" એ પ્રમાણે બીજાને સ્વકાર્યમાં પ્રવર્તાવવા માટે પ્રેરણા કરવી એ અભ્યર્થના કહેવાય અને "હું તારું આ કામ કરીશ" એ પ્રમાણે બીજાનું કામ કરવાની પ્રતિજ્ઞા કરવી એ વિધાન કહેવાય.

(**શિષ્ય :** અભ્યર્થના અને વિધાન એમ બેનો દ્વન્દ્વસમાસ થાય તો પ્રાકૃતમાં તો '**अब्भत्थणाविहाणेसु**' એમ બહુવચનાન્તપ્રયોગ થવો જોઈએ ને ?)

**ગુરુ :** અહીં સમાહારદ્વન્દ્વ સમાસ કરેલો હોવાથી એકવચનનો પ્રયોગ કર્યો છે.

આ બે સ્થાને "**इच्छया, इच्छाकारेण**" એ પ્રમાણે શબ્દનો પ્રયોગ અભ્યર્થના કરનાર અને કામ સ્વીકારનાર બેયને સંગત છે.

(**શિષ્ય :** 'બેયને સંગત છે' એમ તમે '**अपि**'નો અર્થ બોલો છો. પણ ગાથામાં તો **अपि** શબ્દ જ નથી. તો એનો અર્થ ક્યાંથી લાવ્યા ?)

**ગુરુ :** છેલ્લા પદમાં જે '**च**' છે. તે '**अपि**'ના અર્થમાં છે. અને એ '**दोण्हं**'ની પછી જોડવાનો છે. એટલે '**द्वयोरपि**="બે ય જણને ઈચ્છાકાર સંગત છે" એમ અર્થ થાય.

**यशो. - कुतः ? यतो गुरूणामाज्ञाया=अभियोग-परिहारप्रधानोपदेशस्याराधनम् ।**

**चन्द्र. - अभियोगपरिहारप्रधानोपदेशस्य=**"हे शिष्य ! त्वमिच्छाकारेणेदं कार्यं कुरु" इति यथा शिष्यं प्रति लेशतोऽपि अभियोगो न भवेत्, तथा गुरूणा दत्तस्योपदेशस्य, बलाभियोगत्यागप्रधानोपदेशस्येत्यर्थः । गीतार्थसंविग्नो हि गुरुः स्वशिष्यायापि तथैव कार्यं कर्तुं ददाति, यथा तं प्रति लेशतोऽपि बलाभियोगो न भवेत्। तत्कार्यकरणे च अभियोगपरिहारप्रधानगुरूपदेशस्याराधनं शिष्येण कृतं भवत्येवेति ।

**શિષ્ય :** શા માટે ઈચ્છાકાર ઉચિત છે ?

**ગુરુ :** ગુરુ શિષ્યને કોઈપણ કામ સોંપે એ પણ ગુરુનો ઉપદેશ જ કહેવાય. અને ખુદ ગુરુ પણ અભિયોગનો પરિહાર મુખ્ય બનાવીને જ કોઈપણ કામ સોંપે. શિષ્યને પણ બળજબરીથી કામ ન સોંપે. આવો અભિયોગત્યાગપ્રધાન એવો જે ગુરુનો વસ્ત્રપ્રક્ષાલનાદિ કાર્યનો ઉપદેશ હોય, એ ઉપદેશને સાંભળ્યા બાદ ઈચ્છાકાર પૂર્વક એનો સ્વીકાર કરનાર શિષ્ય ઉપદેશની આરાધના કરનારો બને છે.

(અહીં ગુરુ એટલે રત્નાધિક, વડીલ કોઈપણ સાધુ સમજવા. દીક્ષાદાતા કે આચાર્ય રૂપ જ ગુરુ ન સમજવા)

**यशो. - अथ गुरु प्रतिपादितस्यार्थस्यानुष्ठानेनैव गुर्वाज्ञाराधनं न तु तत्करण-प्रतिज्ञयाऽपि इति चेत् ?**

**चन्द्र.** - पूर्वपक्षः प्राह अथ **गुरुप्रतिपादितस्येत्यादि । अर्थस्य**=वस्त्रप्रक्षालनादिरूपस्य **अनुष्ठानेनैव**=न तु तत्र अहं भवत्कार्यं इच्छाकारेण करोमि"इत्यादिप्रतिज्ञाया प्रयोजनमिति एवकारार्थः । एतदेवाह न **तु तत्करणप्रतिज्ञयापीति ।**

**શિષ્ય :** ગુરુએ બળજબરી કર્યા વિના શિષ્યને વસ્ત્રપ્રક્ષાલનાદિ કામ સોંપ્યું. એ કામ શિષ્ય કરી લે એ જ ગુરુની આજ્ઞાની આરાધના કહેવાય ને ? એ વખતે આવું બોલવાની શી જરૂર છે ? કે "હે ગુરુ ! હું આપનું

આ કામ ઈચ્છાથી કરીશ." એ બોલ્યા વિના ગુરુએ સોંપેલ કામ કરી લેવા માત્રથી જ ગુર્વાજ્ઞાનું આરાધન થઈ જાય છે.

**यशो. - न, गुरुणा 'त्वमिदं कार्यं कुरु' इत्युक्ते शिष्येण 'इदमिच्छया करोमि' इति-प्रतिज्ञायां गुरोः शिष्यस्येच्छापूर्वकाभ्युपगमज्ञानादतिशयितप्रमोदोत्पादाच्छिष्यस्य तथाविधपुण्यप्रकृत्यर्जनात् ।**

**चन्द्र. - शिष्यस्येच्छापूर्वकाभ्युपगमज्ञानाद्**="शिष्यस्य यः मत्कार्यस्याभ्युपगमः, स इच्छापूर्वकः अस्ति । न त्वनिच्छया" इति गुरोः ज्ञानात् । **अतिशयितप्रमोदोत्पादात्**=अहो मम शिष्यस्य विनयः, गुरुभक्तिः, वीर्योल्लासश्चेति आनन्दोत्पादात् । **शिष्यस्य तथाविधपुण्यप्रकृत्यर्जनात्**=व्यवहारनयमतमेतत् यत् गुरुनिष्ठेन शिष्यविनयजन्यानन्देन शिष्ये तथाविधिपुण्यप्रकृत्यर्जनं प्रतिपाद्यते । वस्तुतस्तु 'परमोपकारी ममायं गुरुः, येन केनापि प्रकारेण मया तस्यानन्दे प्रयत्नः कर्तव्यः' इत्यादिरूपो यः शिष्यस्य शुभो भावः, तेनैव शिष्ये पुण्यप्रकृत्युपार्जनं भवतीति सूक्ष्मधिया विभावनीयम् । अत्र बहु वक्तव्यम् । तत्तु विस्तरभयात् नोच्यते ।

ગુરુ : તારી વાત ખોટી છે, કેમકે "તું ઈચ્છાથી આ કાર્ય કર" એ પ્રમાણે ગુરુ કહે અને સામે શિષ્ય પણ એમ બોલે કે "આપનું આ કામ હું ઈચ્છાથી કરીશ" તો શિષ્યની આ પ્રતિજ્ઞા સાંભળીને ગુરુને જ્ઞાન થાય કે "શિષ્યે મારા કાર્યનો સ્વીકાર ઈચ્છાપૂર્વક કરેલો છે. અનિચ્છાએ નથી કર્યો." આ જ્ઞાનથી ગુરુને શિષ્યના વિનયાદિગુણોને કારણે પુષ્કળ આનંદ ઉત્પન્ન થાય. અને ગુરુને આનંદમાં નિમિત્ત બનનાર એ શિષ્યને તેવા પ્રકારની પુણ્યપ્રકૃતિઓ બંધાય.

પણ જો શિષ્ય ઈચ્છાકાર વિના ગુરુનું કામ કરે તો ઉપર મુજબની પ્રક્રિયા ન બને. માટે 'ઈચ્છાકાર' કરવો જ જોઈએ.

**यशो. - इदं च फलं कारकस्य नत्वभ्यर्थकस्येति साधारणं फलमाह — 'स्थितिपालनं च' इति, स्थितिः संप्रदायस्तस्य पालनं तदनुकूलाचरणम् । 'अभ्यर्थनायां विधाने च साधव इच्छाकारं प्रयुञ्जते' इति कदाचिदिच्छाकारं विना कृत्यकरणे संप्रदायभङ्गरूपबलवद-निष्टानुबन्धित्वज्ञानादिच्छैव न भवति। तत्करणे च शिष्टाचारपरिपालनजनिताया महत्या निर्जराया लाभः ।**

**चन्द्र. - कारकस्य**=रत्नाधिककार्यं कुर्वाणस्य क्षुल्लकस्य । **साधारणं फलमाह**=रत्नाधिकस्य क्षुल्लकस्यापि च यत्फलं भवति, तादृशं उभयत्र संभवि फलमाह ।

**सम्प्रदायः** इति-द्विविधो हि सम्प्रदायः । नित्यः नैमित्तिकश्च । तत्र दशविधा सामाचारी सर्वस्मिन्काले स्वावसरे परिपालनीयेति सर्वेषां तीर्थकरगणधरादीनां सम्मतं । ततश्च स नित्यः सम्प्रदायः । यस्तु द्रव्यक्षेत्रकालभावादीन् आश्रित्य गीतार्थैः तत्तत्काले आचारादिकः सम्प्रदायः निश्चीयते यथा "भाद्रपदशुक्लचतुर्थ्यां पर्युषणा कर्तव्या" इत्यादि, स नैमितकः सम्प्रदायः । अत्र तु नित्यसम्प्रदायो ग्राह्यः ।

**संप्रदायभङ्गेत्यादि**=संप्रदायभङ्गरूपं यत् बलवदनिष्टं, तस्य अनुबन्धित्वं इच्छाकारं विना कृत्यकरणे वर्तते । ततश्च तादृशानुबन्धित्वज्ञानात् भीतस्य मुनेः इच्छाकारं विना परकृत्यकरणे **इच्छैव न भवति ।** इच्छाकारं विना परकृत्यकरणे यद्यपि भावोल्लास–स्नेहवृद्धि–परोपकारादिकं इष्टं भवति । तथापि तेभ्यः सकाशात् बलवत् संप्रदायभङ्गरूपं अनिष्टमपि तत्र भवति । एवञ्च परमार्थतः तत्र मुनेः हानिरेव स्यात्, न तु लाभः, ततश्च न सुमतिः साधुः इच्छाकारं विना परकृत्यं कर्तुं इच्छति । **तत्करणे च**=इच्छाकारकरणे च ।

**શિષ્ય :** તમે ગાથામાં એમ કહ્યું છે કે "કામ સોંપનાર અને કામ લેનાર બેયને કામ સોંપતી વખતે અને કામ સ્વીકારતી વખતે ઈચ્છાકાર કરવો ઉચિત છે, કેમકે એમાં ગુરુની આજ્ઞાની આરાધના થાય છે." પણ આ ગુર્વાજ્ઞાની આરાધના રૂપી ફળ તો શિષ્યને મળ્યું ને ? કામ સોંપનાર ગુરુને તો ગુર્વાજ્ઞાની આરાધના રૂપ ફળ ક્યાંથી મળે ? તો એમણે કરેલો ઈચ્છાકાર તો નિષ્ફળ જ ને ?

**ગુરુ :** કામ સોંપનાર ગુરુ અને કામ સ્વીકારનાર શિષ્ય બેયને ઈચ્છાકાર દ્વારા સ્થિતિપાલન રૂપ સરખું ફળ મળે છે. સ્થિતિ એટલે સંપ્રદાય=મર્યાદા. તેને અનુકૂલ આચરણ કરવાનો લાભ બેયને છે.

એવો સંપ્રદાય છે કે "કામ સોંપતી વખતે બીજાને અભ્યર્થના=પ્રાર્થના કરવામાં અને કામ સ્વીકારતી વખતે વિધાન=પ્રતિજ્ઞા કરવામાં બે ય સાધુઓ ઈચ્છાકારને બોલે."

હવે આવો સંપ્રદાય છે એટલે કોઈકવાર કોઈકે ઈચ્છાકાર વિના કામ સોંપવું કે સ્વીકારવું હોય તો એને તરત જ્ઞાન થશે કે "આમાં તો સંપ્રદાયનો ભંગ થશે. અને સંપ્રદાયભંગ તો નરકગતિ વગેરે ઘણા મોટા અનિષ્ટોની પરંપરાને ઉત્પન્ન કરનાર છે." આ જ્ઞાન થવાથી એ ગુરુ કે શિષ્યને ઇચ્છાકાર વિના કામ સોંપવા / સ્વીકારવાની ઈચ્છા જ નહિ થાય. પણ ઈચ્છાકારાદિ કરીને જ બેય જણ કામ કરશે. અને ઈચ્છાકાર કરશે એટલે શિષ્ટાચારનું પરિપાલન થયેલું ગણાશે. એના દ્વારા ઉત્પન્ન થનારી મોટી નિર્જરાનો લાભ બે ય ને થશે.

---

**यशो.-तथा च स्वविषये इच्छाकारप्रयोगस्य स्वातन्त्र्येणैव हेतुत्वमिति पर्यवस्यति ॥७॥**

---

**चन्द्र.** - तथा च **स्वविषये**=यत्र शास्त्रकारैः इच्छाकारप्रयोगः कर्तव्यतया प्रतिपादितः, तत्र **स्वातन्त्र्येणैव**= गुरुप्रमोदोत्पादात्मकं द्वारं विनैव **हेतुत्वं**=निर्जरादिहेतुत्वं । "शिष्यस्येच्छाकारं श्रुत्वा गुरुः प्रमोदभाक् भवति । ततश्च शिष्यस्य पुण्यकर्मबन्धात्मकं फलं भवति" इति प्रतिपादितं । तत्र शिष्यस्य यत्फलं कथितं । तत् गुरुप्रमोदद्वारा प्रतिपादितं । ततश्च तत्र गुरोः तादृशः प्रमोदो यदि न भवेत्, तर्हि तत्र शिष्यस्य फलप्राप्तिः न स्यात् । एवञ्च तत्रेच्छाकारप्रयोगो निष्फलो भवेत् । अतः इच्छाकारस्य गुरुप्रमोदपरम्परया फलजनकत्वप्रतिपादनं "इच्छाकारः गुरुप्रमोदाभावे निष्फलोऽपि भवति'इति ज्ञापयति । तच्चायुक्तं, श्रोतृणां मनसि इच्छाकारप्रयोगकरणे दृढताऽप्रयोजकञ्च भवति । तस्मात् साक्षात् इच्छाकारमात्रेणैव यत्फलं भवति, तत् प्रतिपादनीयम्, येन कदापि इच्छाकारप्रयोगो निष्फलो न भवेत्, श्रोतृणां मनसि इच्छाकारकरणे दृढता च भवेत्। अतः ग्रन्थकारेणैतत्प्रतिपादितं, यदुत इच्छाकारः शिष्टाचारपरिपालनं, ततश्च महत्याः निर्जरायाः लाभः, न तत्र गुरुप्रमोदादिरूपस्य द्वारस्यावश्यकतेति ॥७॥

(**શિષ્ય :** ગુર્વાજ્ઞાની આરાધના રૂપી પહેલો લાભ તમે બતાવ્યો. તેમાં ગુરુને પ્રસન્નતા પમાડનાર શિષ્યને પુણ્યબંધ એ જ ખરેખરો લાભ છે. પણ ત્યાં તો ગુરુ પ્રસન્ન થાય તો જ પુણ્યબંધરૂપી ફળ મળે. શિષ્યનો આ

ઉચિત આચાર રોજનો થઈ જાય પછી કંઈ વારંવાર ગુરુને શિષ્યના ઈચ્છાકાર પ્રયોગથી આનંદ થવાદિ ક્રિયા બનવાની નથી. અને તો પછી ત્યાં શિષ્યને પુણ્યબંધાદિ ફળ નહિ મળે ને ?)

**ગુરુ :** ઈચ્છાકાર એ સંપ્રદાયપાલન રૂપ હોવાથી વિશિષ્ટ નિર્જરાનું કારણ બને છે એ વાત અમે કરી. એમાં ગુરુની પ્રસન્નતા વગેરે હોય કે ન હોય તો નિર્જરા થવાની જ છે. એટલે આ સ્થિતિપાલનની દૃષ્ટિએ વિચારીએ તો યોગ્યસ્થાને કરાતો ઈચ્છાકાર પ્રયોગ કર્મનિર્જરા માટે સ્વતંત્ર રીતે કારણ છે. એમાં એને ગુરુની પ્રસન્નતા વગેરે બીજા પદાર્થોની જરૂર નથી.

આમ શિષ્યને સ્થિતિપાલનજન્ય નિર્જરા અને ગુરુપ્રસન્નતાદિના કારણે પુણ્યબંધ એમ બે ફળો મળશે. જ્યારે ગુરુને સ્થિતિપાલનજન્ય નિર્જરા રૂપી એક જ ફળ મળે ॥૭॥

---

**यशो. - एतस्यैव फलान्तरं समुच्चित्य दर्शयति –**

**उच्चागोअविहाणं अभिओगणिमित्तकम्महाणी अ ।**

**सासणमाणो अहवे एत्तो च्चिय हंदि सुहभावा ॥८॥**

---

**चन्द्र.** - → इत एव=इच्छाकारादेव शुभभावात् उच्चैर्गोत्रबन्धः, अभियोगनिमित्तकस्य कर्मणः हानिः, अथवा शासनमानश्च भवति ← इति अष्टम्याः गाथायाः अर्थः ।

ઈચ્છાકારપ્રયોગના જ બીજા ફળને પણ ભેગા કરીને દેખાડે છે.

**ગાથાર્થ :** આ ઈચ્છાકારપ્રયોગ દ્વારા જ શુભ ભાવથી (૧) ઉચ્ચગોત્રનો બંધ (૨) બલાત્કારનિમિત્તક એવા કર્મોના નાશ (૩) શાસન બહુમાન થાય.

---

**यशो. - उच्चागोअविहाणं ति । उच्चैर्गोत्रस्य=लोकपूज्यतानिदानस्य कर्मविशेषस्य विधानं=बन्ध इत एव=इच्छाकाराद् भवेत् । मा भूत् परेषां बलाभियोगशङ्कया स्वल्पाऽपि पीडेति परपीडापरिहाराध्यवसायेनैव हि कृपापरीतचेतसः साधव इच्छाकारं प्रयुञ्जत इति कथं न तथाविधाध्यवसायेन तेषामुच्चैर्गोत्रबन्धः ? ।**

---

**चन्द्र.** - **एतस्यैव**=इच्छाकारस्यैव । **समुच्चित्य**=संग्रहीकृत्य ।

**लोकपूज्यतानिदानस्य**=लोके या पूज्यता भवति, तत्कारणस्य । ननु 'इच्छाकारेण उच्चैर्गोत्रकर्मणो बन्धो भवति'इति तु कया युक्त्या प्रतीयते ? किमन्येषां शातवेदनीयादिकर्मणां बन्धो न निगदितः ? इत्यत आह **मा भूत् परेषां** इत्यादि । अयं भावः । ये हि नीचैर्गोत्रकर्मोदयवन्तो भवन्ति, ते सामान्यतः नीचकुलेषु उत्पद्यन्ते। तत्र उत्पन्नाश्च ते नृपश्रेष्ठिप्रभृतीनां सेवका भवन्ति । ते च नृपादयः स्वसेवकेषु बलाभियोगं कुर्वन्त्येव । ततश्च नीचैर्गोत्रोदयवन्तो बलाभियोगविषया भवन्तीति प्राप्तम् । यश्च परेभ्यो यद् ददाति, सामान्यत स तदेव परलोके लभते इति नियमः । एवञ्च बलाभियोगं कुर्वाणा नृपादयः नीचैर्गोत्रं बद्ध्वा, नीचकुलादिषु उत्पद्य बलाभियोगविषया भवन्ति । इत्थञ्च यदि बलाभियोगं कुर्वाणा नीचैर्गोत्रं बध्नन्ति, तर्हि शुभभावेन बलाभियोगं शक्तौ सत्यामपि अकुर्वाणा उच्चैर्गोत्रकर्म बध्नन्त्येव । न तत्र कोऽपि दोषः । तथा इच्छाकारं कुर्वाणा रत्नाधिकाः

न केवलं उच्चैर्गोत्रमेव बध्नन्ति । किन्तु सातवेदनीयादीनि शुभकर्माण्यपि बध्नन्त्येव । उच्चैर्गोत्रं तु प्रधानतया प्रोक्तम् । तावन्मात्रेण "सातवेदनीयादीनि न बध्यन्ते" इति अर्थो न भवति ।

**बलाभियोगशङ्कया**=इच्छाकारं विना कार्यसमर्पणे क्षुल्लको विचारयति-यदुत ननु एष रत्नाधिकः किं मह्यं बलात्कारेण कार्यं प्रयच्छति ? यदि वा एवमेवेति । ततश्च या तस्य एषा बलाभियोगशङ्का भवति, तया ।

**ટીકાર્થ :** જે કર્મ જીવને લોકમાં પૂજ્ય બનાવવામાં કારણભૂત છે એ કર્મને ઉચ્ચગોત્ર કહેવાય. ઈચ્છાકાર દ્વારા આ કર્મનો બંધ થાય.

જે વડીલો છે એ વિચારે છે કે "જો હું ઈચ્છાકાર વિના બીજાને કામ સોંપીશ તો એ સામેવાળા સાધુઓને મનમાં શંકા થશે જ કે "આ વડીલ અમારા ઉપર બળજબરી તો નથી કરતા ને ?" આના દ્વારા એમને થોડી પણ પીડા થવાનો સંભવ છે જ.

આ પીડા ન થાય એ માટે પારકાઓની પીડાનો પરિહાર કરવાના અધ્યવસાયને લીધે જ કૃપાથી ભરેલા મનવાળા સાધુઓ કામ સોંપતી વખતે ઈચ્છાકારને કરે છે. હવે આવા પ્રકારના અધ્યવસાય વડે શા માટે ઉચ્ચગોત્રનો બંધ ન થાય ?

---

**यशो. - न केवलं तद्बन्ध एव, किन्त्वभियोगनिमित्तस्य पारतन्त्र्यप्रयोजनस्य नीचैर्गोत्रादिकर्मणोऽभियोगाध्यवसायप्रतिपक्षतत्परिहाराध्यवसायेन हानिरपि=निर्जराऽपि ।**

---

**चन्द्र. - अभियोगनिमित्तस्य**=क्षुल्लकं प्रति कृतो बलाभियोगः निमित्तं यस्य स, तादृशस्य **पारतन्त्र्यप्रयोजनस्य** =परलोकादिषु सेवकत्वादिकारणस्य । **अभियोगाध्यवसायप्रतिपक्षेत्यादि** । यत्कर्म येनाध्यवसायेन बध्यते, तत्कर्म तत्प्रतिपक्षभूताध्यवसायेन क्षीयते । ततः अभियोगनिमित्तस्य नीचैर्गोत्रकर्मणः हानिः अभियोगाध्यवसाय विपक्षीभूतेन अभियोगपरिहाराध्यवसायेन युक्तैवेति भावः ।

માત્ર ઉચ્ચગોત્રનો બંધ જ થાય એટલું નહિ. પરંતુ આત્માએ ભૂતકાળમાં બીજાઓ ઉપર બલાત્કાર=બળજબરી કરીને જે નીચગોત્રાદિ કર્મો બાંધ્યા હોય, કે જે કર્મો જીવને પરતંત્ર=દાસ=નોકર બનાવી દેનારા છે. તે કર્મોની પુષ્કળ નિર્જરા પણ આ બળજબરી કરવાના અધ્યવસાયના શત્રુભૂત એવા બળજબરીનો ત્યાગ કરવાના અધ્યવસાયથી થાય છે.

---

**यशो. - तथा शासनमानोऽपि-'अहो ! जैना निपुणार्थदर्शिनोऽल्पीयसोऽपि परखेदस्य परिहाराय प्रयतन्ते' इत्येवंरूपा प्रवचनश्लाघाऽपि 'हंदि' इत्युपदर्शने 'शुभभावात्' प्रशस्ताध्यवसायात् ॥८॥**

---

**चन्द्र. - प्रवचनश्लाघाऽपि**=एषा च रत्नाधिकक्षुल्लकसाध्वोः इच्छाकारादिकं शोभनं व्यवहारं पश्यन्तां गृहस्थादीनां मनसि समुत्पद्यते । तादृशशासनश्लाघायां निमित्तीभूताः साधवः सुलभबोधित्वादिप्रयोजकानि शुभकर्माणि समर्जयन्ति । तदुक्तमष्टकप्रकरणे → यस्तून्नतौ यथाशक्ति, सोऽपि सम्यक्त्वहेतुतां । अन्येषां प्रतिपद्येह तदेवाप्नोत्यनुत्तरम् ← इत्यादि । यः मुनिः यथाशक्ति जिनशासनोन्नतौ वर्तते, स अन्येषां सम्यक्त्वस्य

कारणं भूत्वा अस्मिन् भवे क्षायिकं सम्यक्त्वं लभते इति अस्य भावार्थः । अधिकन्तु तत्रैवाष्टके दृष्टव्यम् । विस्तरभिया विरम्यते । **प्रशस्ताध्यवसायात्**=प्रवचनश्लाघाऽपि भवतीत्यत्र अन्वयः कर्तव्यः । इच्छाकारसामाचारीं पश्यतां मनसि प्रशस्ताध्यवसायः समुत्पद्यते । ततश्च ते प्रवचनश्लाघां कुर्वन्तीति भावार्थः ॥८॥

ઉપરાંત શાસનપ્રભાવના પણ થાય. આ ઈચ્છાકારાદિનો વ્યવહાર જોનારા બધા બોલશે કે "ખરેખર ! આ જૈનો નિપુણ અર્થને જોનારા છે. તેઓ બીજાઓને થનારા અલ્પ પણ ખેદને દૂર કરવા માટે પ્રયત્ન કરે છે."

આ ત્રણેય લાભો પ્રશસ્ત અધ્યવસાયથી પ્રાપ્ત થાય છે. એમાં પહેલા બે લાભો ઈચ્છાકાર કરનારાઓના પ્રશસ્ત અધ્યવસાયથી ઉત્પન્ન થાય છે. જ્યારે ત્રીજો પ્રવચનપ્રશંસારૂપી લાભ તો આ બધો આચાર જોનારાઓના મનમાં ઉત્પન્ન થયેલા શુભ અધ્યવસાયથી પ્રગટ થાય છે ॥૮॥

---

**यशो. - अथैवं भावमात्रादेव फलसिद्धौ किमिच्छाकारविधानेन ? इत्यत आह –**

---

**चन्द्र.** - ननु परपीडापरिहाराध्यवसायेनैव उच्चैर्गोत्रादिशुभकर्मबन्धः नीचैर्गोत्राद्यशुभकर्मविनाशश्च भवता प्रतिपादितः, किन्तु तत्र इच्छाकारकरणं न कारणतया प्रदर्शितं । ततश्च **भावमात्रादेव**=परपीडापरिहाराध्यवसायमात्रादेव **फलसिद्धौ**=शुभकर्मबन्धाशुभकर्मक्षयफलसिद्धौ **किमिच्छाकारविधानेन**= किमिच्छाकारकरणेन प्रयोजनम्'इति ? नवमगाथायां समादधाति ।

---

**यशो. - ण य केवलभावेणं हियकज्जे वीरिअं णिगूहंतो ।**
**विरियायारविसोहियचरणोचियणिज्जरं पावे ॥९॥**

---

**चन्द्र.** - → न च हितकार्ये वीर्यं निगूहयन् केवलभावेन वीर्याचारविशोधितचारित्रोचितनिर्जरां प्राप्नुयात् ← इति नवम्याः गाथायाः अर्थः ।

---

**यशो. - ण य त्ति । न च 'केवलभावेन' परपीडापरिहाराध्यवसायमात्रेण हितकार्ये= परपीडापरिहारूपे वीर्यं=तद्धेत्विच्छाकारप्रयोगं निगूहयन्=आच्छादयन् वीर्याचारविशोधितचरणोचितां निर्जरां प्राप्नुयात् ।**

---

**चन्द्र.** - **तद्धेत्विच्छाकारप्रयोगं**=परपीडापरिहारस्य हेतुः यः इच्छाकारप्रयोगः तं **आच्छादयन्**=अकुर्वन् **वीर्याचारविशोधितचरणोचितां**=इच्छाकारप्रयोगात्मकेन वीर्याचारेण विशोधितं यत् चारित्रं, तदुचितां । यो मुनिः 'परेषां पीडा मा भवतु' इति परपीडापरिहाराध्यवसायं धारयति । किन्तु परपीडापरिहारहेतुभूते इच्छाकारे प्रयत्नं न करोति स भावजन्यां निर्जरां प्राप्नोति, किन्तु वीर्याचारपरिपालनजन्यां निर्जरां नैव प्राप्नोति । तस्मात् यः संपूर्णं निर्जराफलमपेक्षते, तेनावश्यं इच्छाकारे यत्नो विधेयः ।

---

**यशो. - एवं च प्रशस्ताध्यवसायवांस्तन्मात्रनिमित्तकफलभावेऽपि वीर्यमप्रयुञ्जानो वीर्याचारपरिपालनानिमित्तकनिर्जरालाभेन वञ्च्यत इति संपूर्णफलार्थिना साधुना भावतो यत्नो विधेयः ॥९॥**

**चन्द्र.** - एतदेवाह **एवं च प्रशस्ताध्यवसायवान्**=गुरुभक्तिकरणादिशुभभाववान् **तन्मात्रनिमित्तकफलभावेऽपि** =शुभभावः एव (न तु वीर्याचारः) निमितं यस्य, तादृशं यन्निर्जरात्मकं फलं, तत्सद्भावेऽपि **वीर्यं**= इच्छाकारप्रयोगकरणरूपं **अप्रयुञ्जानः**=अकुर्वाणः । शेषं सुगमम् ।

ननु इच्छाकारादिकं तु बाह्या प्रवृत्तिः । सा च कर्मक्षयात्मके आन्तरकार्ये अप्रयोजिकैव । शुभभावात्मकेनान्तरकारणेनैव कर्मक्षयात्मकमान्तरकार्यं भवति । तत्र बाह्या प्रवृत्तिस्तु अकिञ्चित्करी । अत एव बाह्यप्रवृत्त्यभावेऽपि भरतादीनां सकलकर्मक्षयात् केवलज्ञानप्राप्तिः भावमात्रादेवाभवत् । तस्मात् इच्छाकाराकरणेऽपि शुभभावमात्रात् संपूर्णं निर्जराफलं कथं न स्यादिति चेत् अत्रोच्यते । बाह्या उचितप्रवृत्तिः कर्मक्षये कारणं यद्यपि न भवति । तथापि शुभभावप्रकर्षे सति बाह्या उचितप्रवृत्तिः प्रायो भवत्येवेति तादृशप्रवृत्त्यभावे भावहीनता निश्चीयते । भावहीनतायाञ्च कर्मक्षयात्मकस्य फलस्य हानिः युक्तैव । तथा बाह्या उचितप्रवृत्तिः शुभभाववृद्धिकरणद्वारा कर्मक्षयात्मकं फलमपि वर्धयति । ततश्च तादृशप्रवृत्त्यभावे शुभभाववृद्ध्यभवनात् कर्मक्षयात्मकफलस्य हानिरपि युक्तैव । इत्थञ्च शुभभावः एव निर्जराकारणमिति परमार्थेऽपि इच्छाकारादिप्रयोगाभावे निर्जरायाः हानिः युक्तियुक्तैवेति स्थितम् । अत्र दृष्टान्तः प्रतिपाद्यते, येन तत्वं स्पष्टं भवेत्। तथाहि-स्वाध्यायमग्नः कश्चित्साधुः दूरतः वमनं कुर्वन्तं ग्लानसाधुं दृष्ट्वाऽतीव दुःखी सञ्जातः। कथं नु अस्य ग्लानिः क्षयं प्राप्नुयादित्यादि चिन्तयितुं लग्नः, एवञ्च तस्य शुभो भावः परपीडापरिहाररूपः सञ्जातः, किन्तु स्वाध्यायस्यात्यासक्त्या स स्वयं वैयावृत्यं कर्तुं नोत्थितः । केवलं शुभपरिणामं भावयति यदुत→ कोऽपि कथमपि तस्य ग्लानस्य बाधामपनयतु ← इति । अत्र हि स स्वयं शक्तौ सत्यामपि वैयावृत्यकरणाय नोत्थितः, तेनैवैतद् ज्ञायते यत् तस्य शुभो भावो मन्दः आसीत् । यदि शुभो भावस्तीव्रः स्यात्, तर्हि अवश्यं स्वाध्यायं त्यक्त्वा स उत्तिष्ठेत् । ततश्चात्र व्यवहारतः इदं वक्तुं शक्येत यदुत स मुनिः शुभपरिणामजन्यां निर्जरां प्राप्नोति, किन्तु वीर्याचारस्यापालनात् वीर्याचारपालनेन विशुद्धिमधिगच्छतः चारित्रस्य उचितां निर्जरां न प्राप्नोति । निश्चयस्तु स्पष्ट एव यत् वीर्याचारपालनवान् मुनिः यादृशशुभपरिणामवान् भवति। तस्माद् मन्दपरिणामस्यैव स्वामी अयं मुनिः तत्साधुसकाशादल्पामेव निर्जरां प्राप्नोतीति । तथा एतादृक्स्थाने वैयावृत्यायोत्तिष्ठतः साधोः प्राचीनः शुभपरिणामः अधिकः शुभो भवति । ततश्च तस्य चारित्रं वीर्याचारविशोधितं कथ्यते, तत्र च वैयावृत्यायानुत्तिष्ठतः साधोः प्राचीनः शुभपरिणामः अधिकः शुभो न भवति, प्रत्युत वीर्याचारापालनप्रयुक्ताशुद्ध्या मलिनो भवतीत्यादि बहु वक्तव्यं । तत्तु विस्तरभयात् नोच्यते ॥९॥

**શિષ્ય :** ઉચ્ચગોત્ર બંધ, નીચગોત્રાદિ નાશ આ બધા લાભો તો સાધુઓને શુભ અધ્યવસાયથી જ પ્રાપ્ત થાય છે. તમે પણ એ જ વાત કરી છે. એમાં ઈચ્છાકારાદિ શબ્દોનો ઉચ્ચાર તો નકામો જ છે. તો પછી શા માટે ઈચ્છાકારાદિ કરવા ?

**ગુરુ :** સંયમી બીજાની પીડાનો પરિહાર કરવાનો અધ્યવસાય રાખે. પરંતુ બીજાની પીડાનો પરિહાર થાય એ માટેના કારણભૂત એવા ઈચ્છાકારાદિ પ્રયોગને જો ન કરે તો ભાવો શુભ હોવા છતાં ઈચ્છાકાર કરવા રૂપ જે વીર્યાચાર હતો. એનું પાલન ન કરેલું હોવાથી વીર્યાચાર પાલનથી ચારિત્રની જે વિશુદ્ધિ થાય એ તો ન જ પામે. અને એટલે વીર્યાચારથી વિશુદ્ધ બનેલા ચારિત્ર દ્વારા જે નિર્જરા થતી હોય એ આ સાધુને ન થાય.

એટલે પ્રશસ્ત અધ્યવસાયવાળો સંયમી પ્રશસ્ત અધ્યવસાયમાત્રથી ઉત્પન્ન થનારા કર્મક્ષયાદિ ફળને પામશે. પરંતુ ઈચ્છાકારકરણ રૂપ વીર્યાચારને ન પાળતો આત્મા વીર્યાચારના પાલન દ્વારા ઉત્પન્ન થનારી નિર્જરાની પ્રાપ્તિને ગુમાવે છે. એટલે સંપૂર્ણ ફળને ઈચ્છનારાએ તો શુભભાવપૂર્વક ઈચ્છાકાર કરવાદિ રૂપ પ્રયત્ન =વીર્યાચાર પાળવો જ જોઈએ ॥૯॥

---

**यशो. - इत एवाभ्यर्थितेनेच्छाकारः सफलीकर्त्तव्योऽशक्तौ वा कारणं दीपनीयमित्याह –**

---

**चन्द्र.** - यथा शुभभावयुक्तेनापि रत्नाधिकेन वीर्याचारजन्यनिर्जरार्थमवश्यमिच्छाकारः कर्तव्यः, एवमेव रत्नाधिकप्रार्थितेन क्षुल्लकेनापि वीर्याचारजन्यनिर्जरार्थं रत्नाधिककार्यं कर्तव्यम् । एतदेवाह **इत एव**=वीर्यनीगूहने निर्जरावञ्चनसंभवादेव । **अभ्यर्थितेन**=क्षुल्लकेन **सफलीकर्तव्यः**=रत्नाधिककार्यकरणद्वारेण रत्नाधिकस्येच्छाकारः फलवान् कर्तव्यः । ननु रत्नाधिककार्यकरणे यदि शक्तिः न भवेत् क्षुल्लकस्य, तर्हि किं कर्तव्यम्? इत्यत आह **अशक्तौ वा** इत्यादि । **कारणं**=कस्मात्कारणात् क्षुल्लकः तत्कार्यं कर्तुं न शक्नोतीति कारणं **दीपनीयं**=स्पष्टं वक्तव्यम् ।

વીર્યાચારના પરિપાલનથી ઉત્પન્ન થતી નિર્જરાનો પણ લાભ થાય તે માટે જેમ સાધુએ કામ સોંપતી વખતે ઈચ્છાકાર કરવો જોઈએ, તેમ એ જ નિર્જરાના લાભ માટે 'જેને કામ સોંપાઈ રહ્યું છે' એ સાધુએ પણ સામેવાળાનો ઈચ્છાકાર સફળ કરવો જોઈએ. અર્થાત્ એણે સોંપેલું કામ બરાબર કરી આપવું.

(**શિષ્ય** : પણ સોંપેલું કામ કરવાની શક્તિ જ ન હોય તો શું કરવું ?)

**ગુરુ :** જો કામ કરવાની અશક્તિ હોય તો 'શા માટે એ કામ નથી કરી શકતો ?' એ કારણ સ્પષ્ટ જણાવવું જોઈએ. એ વાત જ કરે છે.

---

**यशो. - अब्भत्थिएण वि इमो एत्तो च्चिय णेव णिप्फलो कज्जो ।**
**कारणदीवणयाए कज्जो व इमो असत्तीइ ॥१०॥**

---

**चन्द्र.** - → अत एव अभ्यर्थितेनाऽपि साधुना अयं इच्छाकारः निष्फलो नैव कार्यः । अशक्तौ वा कारणप्रकाशनेन इच्छाकारः कर्तव्यः ← इति दशम्याः गाथायाः अर्थः ।

**ગાથાર્થ :** આ જ કારણસર પ્રાર્થના કરાયેલા સાધુએ પણ આ ઈચ્છાકાર નિષ્ફળ ન જ કરવો. જો કામની અશક્તિ હોય તો કારણ દર્શાવવાપૂર્વક ઈચ્છાકાર કરવો.

**यशो. - अब्भत्थिएण वित्ति । अत एव=वीर्याच्छादने वीर्याचारपरिपालननिमित्तक-निर्जरालाभवञ्चनादेव 'अभ्यर्थितेनापि' विवक्षितकार्यकरणायोक्तेनापि 'अयं' इच्छाकारो निष्फलो न कार्यः, किन्त्वभ्यर्थितार्थकरणात्सफल एव विधेयः । अशक्तौ तु=असामर्थ्ये तु कारणदीपनया वा=कारणप्रकाशनेन वा अयं=इच्छाकारः कार्यः । 'अहमिदं भवदीयं प्रयोजनमिच्छाकारेण करोमि परं न तावच्छक्नोमिं, गुरुभिर्वा कार्यान्तरमादिष्टम्'इति ।**

**चन्द्र. - विवक्षितकार्यकरणायोक्तेनापि**=न केवलं रत्नाधिकेन क्षुल्लकाय स्वकार्यसमर्पणे इच्छाकारः कर्तव्यः इति, किन्तु क्षुल्लकेनापि तस्य इच्छाकारो निष्फलो न कर्तव्य इति अपिशब्दार्थः । **कार्यान्तरमादिष्टं**=रत्नाधिकेन यस्मिन् काले क्षुल्लकस्य इच्छाकारः कृतः । तस्मिन्नेव काले गुरुणा यदि ग्लानवैयावृत्यादिकं कार्यं समर्पितं भवेत्, तर्हि क्षुल्लकः प्रथमं गुर्वादिष्टमेव कार्यं कर्तुमर्हतीति तत्काले तेन रत्नाधिककार्यकरणाशक्तौ रत्नाधिकस्य तत्कारणं कथनीयमिति ।

**ટીકાર્થ :** આ જ વાત કરે છે કે વીર્યને=શક્તિને ગોપવીએ તો વીર્યાચારપાલનથી ઉત્પન્ન થનારી એવી નિર્જરાનો લાભ ગુમાવવાનો વખત આવે. માટે એ લાભ ન ગુમાવવા માટે વસ્ત્રપ્રક્ષાલનાદિ કાર્ય કરવાને માટે જે સાધુને પ્રાર્થના કરાઈ છે, એ સાધુએ કામ સોંપનારાનો ઈચ્છાકાર નિષ્ફળ ન કરવો. પરંતુ એણે સોંપેલ કામ કરી આપવા દ્વારા સફળ કરવો.

કામ કરવાની અશક્તિ હોય તો પછી કારણ કહેવા દ્વારા ઈચ્છાકાર કરવો કે "હું આપનું આ કાર્ય ઈચ્છાથી કરત. પરંતુ અત્યારે માંદગી વગેરેને લીધે મારી શક્તિ નથી. અથવા તો ગુરુએ મને બીજું કામ કરવાનું સોંપેલ છે."

**यशो. - कारणाभावे त्वनुग्रहार्थमभ्यर्थयमानसाधुकृत्यमवश्यं कर्त्तव्यम्, यदागमः- (आ.नि. ६७५)**

**तत्थ वि सो इच्छं से करेइ दीवेइ कारणं वा वि । इहरा अणुग्गहट्ठं कायव्वं साहुणो किच्चं । इति ॥१०॥**

**चन्द्र. - अनुग्रहार्थं**=रत्नाधिककार्यकरणात् रत्नाधिकोपरि क्षुल्लकेनानुग्रहः कृतः स्यात् । ततश्च तदर्थमिति भावः । यदि वा रत्नाधिककार्यकरणात् क्षुल्लकस्य महत्याः निर्जरायाः लाभात् क्षुल्लकेन स्वात्मनि अनुग्रहः कृतः स्यात् । ततश्च तदर्थमिति भावः ॥१०॥

પણ આવા કોઈ કારણો ન હોય તો એ વડીલ ઉપર અનુગ્રહ = ઉપકાર કરવા માટે (અથવા તો આપણા આત્મા ઉપર ઉપકાર કરવા માટે) કામ સોંપનારા સાધુનું કામ અવશ્ય કરવું જોઈએ.

આવ.નિર્યુ. માં કહ્યું જ છે કે "કામ સ્વીકારતી વખતે પણ કામ સ્વીકારનાર સાધુ કામ સોંપનારના પ્રત્યે ઈચ્છાકાર કરે. અથવા તો (કામ ન કરી શકવા માટેનું) કારણ બતાવે. પણ એવા કોઈ કારણ ન હોય તો પરોપકાર કરવા માટે સાધુનું કાર્ય કરવું જ જોઈએ." ॥૧૦॥

**यशो. - अथोत्सर्गतोऽभ्यर्थनैव साधुना न कार्येत्याह –**

**चन्द्र.** - अथ स्वकार्यसमर्पणे रत्नाधिकेन क्रियमाणा अभ्यर्थना इच्छाकारसमन्विता किं उत्सर्गो मार्गः किं वाऽपवाद इति प्रदर्शनार्थमाह – **अथोत्सर्गतो** इत्यादि ।

ઉત્સર્ગમાર્ગ તો એ છે કે સાધુએ પોતાનું કામ બીજાને સોંપવું જ ન જોઈએ અને તેથી તે માટેની અભ્યર્થના પણ કરવાની રહેતી નથી. એ જ વાત કરે છે.

**यशो. - अणिगूहियबलविरिएण साहुणा ताव जेण होयव्वं ।**
**अब्भत्थणा ण कज्जा तेण विणा कज्जमुक्किट्ठं ॥११॥**

**चन्द्र.** - → यतः साधुना तावत् अनिगूहितबलवीर्येण भवितव्यम् । ततः उत्कृष्टं कार्यं विना अभ्यर्थनां न कुर्यात् ← इति गाथार्थः ।

**ગાથાર્થ :** જે કારણથી સાધુએ અનિગૂહિતબલવીર્યવાળા થવું જોઈએ, તે જ કારણથી ઉત્કૃષ્ટ કાર્ય વિના સાધુએ બીજાને અભ્યર્થના ન કરવી.

**यशो. - अणिगूहिय त्ति । साधुना तावदवश्यं 'येन कारणेनानिगूहितबलवीर्येण भवितव्यम्, बलं शारीरम् वीर्यं चान्तरः शक्तिविशेषः, अथवा बलं सामर्थ्यम् वीर्यमुत्साहः, यदाह चूर्णिकृत्-'बलं सामत्थं विरियं उच्छाहो' इति, ततोऽनिगूहितेऽनाच्छादिते बलवीर्ये येन-तेन कारणेनोत्कृष्टं कार्यं विनाऽभ्यर्थना न कार्या ।**

**चन्द्र.- उत्कृष्टं कार्यं**=यत्स्वकीयं क्रियमाणं कार्यं, तदपेक्षयाऽधिकनिर्जराकारि कृत्यं । इदमत्र तात्पर्यम्। उत्सर्गतस्तावत् मुनिः स्वयंदासो भवति । यथा श्रेष्ठिनः दासाय सर्वाणि स्वकार्याणि समर्पयन्ति । तथैव मुनिरपि सर्वाणि स्वकार्याणि स्वदासाय समर्पयन्ति । मुनेः दासस्तु न कोऽप्यन्यः, किन्तु स्वयमेव स्वस्य स दासः, ततश्च मुनिः सर्वाणि स्वकार्याणि स्वयमेव करोतीति स्वयंदासबिरुदरहस्यम् ।

**ટીકાર્થ :** "સાધુએ અવશ્ય પોતાની શારીરિક શક્તિ અને આંતરિક શક્તિને છુપાવ્યા વિના એને ફોરવવા પૂર્વક જ રહેવું જોઈએ." આ પરમાત્માની આજ્ઞા છે. અને માટે જ સાધુએ કોઈ ઉત્કૃષ્ટ કાર્ય વિના બીજા સાધુને પોતાનું કામ કરી આપવાની પ્રાર્થના પણ ન જ કરવી જોઈએ.

**यशो. - यदि तु वस्त्रपरिकर्मादेरल्पीयसः स्वप्रयोजनात् पुरुषान्तराऽसाध्यं विशिष्टं ग्लानप्रतिचरणधर्मानुयोगादिकं स्वसाध्यमन्यप्रयोजनमवगच्छति तदा परं प्रत्येव विशिष्टनिर्जरार्थितयेच्छाकारं कुर्यात् यदुत-'मदीयं वस्त्रसीवनादिकं त्वमिच्छाकारेण कुरु, अहं च ग्लानप्रतिचरणादिकं करोमि' इति ।**

**चन्द्र.** - उत्सर्गस्तु अपवादयुक्त एव भवति । ततश्च "कदा उत्सर्गं परित्यज्यापवादाश्रयणं कर्तव्यम् ?" इत्यत्र वक्तव्यम् । तदेव टीकाकारः दृष्टान्तद्वारेण प्रदर्शयति। **यदि तु** इत्यादि ।

यदा मुनेः स्वकार्यसकाशादधिकनिर्जराकारि अन्यत् कार्यं समापतति, तच्च आपतितं कार्यं नान्यः कोऽपि साधुः कर्तुं शक्नोति । तदा स मुनिः उत्सर्गं परित्यज्य क्षुल्लकसाधवे इच्छाकारपूर्वकं स्वकार्यं समर्पयति, अपवादाश्रयणं करोतीति यावत् । यदि आपतितं अन्यत् कार्यं स्वकार्यसकाशात् अधिकनिर्जराकारि न स्यात्, तर्हि न स स्वकार्यं अन्यस्मै समर्पयति । तथा हि - कश्चित् व्याख्याता मुनिः मरणशय्यायां उपविष्टस्य स्वाचार्यस्य वैयावृत्यं करोति, अद्य कल्ये वा आचार्यस्य मरणं भवेदिति परिस्थितिः । तत्र च चतुर्दशी तिथिः समागता । श्रावकैः व्याख्यातृमुनेरभ्यर्थना कृता यथा → अद्य भवान् व्याख्यानं अस्मभ्यं ददातु ← इति । तत्र चान्यः कोऽपि व्याख्याता नास्ति । एवञ्च एतत् समापतितं व्याख्यानात्मकं कार्यं पुरुषान्तरेण साध्यं नास्ति। किन्तु प्रकृतमुनिनैव साध्यमस्ति । किन्तु अस्मिन्काले गुरुवैयावृत्यमधिकनिर्जराकारि कार्यमस्ति । समापतितं कार्यं तु तादृशवैयावृत्यसकाशादधिकनिर्जराकारि नास्ति । ततश्च स मुनिः न गुरुवैयावृत्यरूपं स्वकार्यं अन्यसाधुभ्यः समर्पयतीति ।

एवं कश्चिद् व्याख्याता मुनिः वस्त्रप्रक्षालनं करोति । तदैव बहिर्ग्रामात् बहवः श्रावकाः समागताः । तैः व्याख्यानयाचना कृता । अत्र यद्यपि वस्त्रप्रक्षालनसकाशात् व्याख्यानात्मकं कार्यं अधिकनिर्जराकारि अस्ति। तथापि तत्र अन्येऽपि व्याख्यातारः सन्ति । ततश्चेदं समापतितं कार्यं पुरुषान्तरैः असाध्यं नास्तीति तदा स मुनिः अन्यं व्याख्यातारमेव व्याख्यानं दापयति । न तु स्वकार्यं वस्त्रप्रक्षालनं अन्यस्मै दत्त्वा स्वयं व्याख्यानं करोति।

अत्रेदं बोध्यम् । व्याख्यानं स्वरूपतः एव वस्त्रप्रक्षालनसकाशादधिकनिर्जराकारि, न तु फलतोऽप्यवश्यमधिकनिर्जराकार्येव भवतीति नियमः । व्याख्यानात्मकस्य कार्यस्य करणाय समर्थे साध्वन्तरे विद्यमाने सति यदि प्रकृतः साधुः वस्त्रप्रक्षालनं स्वकार्यं अन्यस्मै समर्प्य व्याख्यानं करोति, तदा न स अधिकनिर्जरां प्राप्नोति । किन्तु अनुचितप्रवृतिमान् भवतीत्यादि बहु वक्तव्यं । तत्तु स्वयमेवोह्यम् ।

एतदेव सर्वं **यदि तु वस्त्रपरिकर्मादे** इत्यादिना निरूपितं टीकाकारेण ।

**विशिष्टनिर्जरार्थितयेत्यादि ।** स्वकार्ये वस्त्रप्रक्षालनादिके या निर्जरा भवति, तदपेक्षया पुरुषान्तरासाध्ये स्वसाध्ये व्याख्यानवैयावृत्यादिके कार्ये अधिकनिर्जरा भवतीति जानन् स मुनिः "कथं नु नाम मम विशिष्टा निर्जरा भवेद् ?"इतीच्छावान् भवति । ततश्च विशिष्टनिर्जरार्थी स विशिष्टनिर्जरार्थितयैव स्वकार्यं अन्यस्मै समर्पयति। यदि तु तस्य साधोः विशिष्टनिर्जरेच्छा न भवेत् । प्रत्युत स यदि एवं चिन्तयेत् यदुत "शुभं भवतु एतेषां श्रावकाणां यदेते अधुनैवागताः । एतेषां व्याख्यानप्रदाने ममानन्दो भविष्यति । यशश्च समुत्पत्स्यते, व्याख्यानकरणकपटेन च मत्कार्यं अन्यस्मै समर्पयितुं शक्नोमि, नान्यथा"इत्यादि । ततश्च यदि मलिनभावेन स्वकार्यं अन्यस्मै समर्पयति । तदा पुष्टालम्बनसत्त्वेऽपि अध्यवसायप्रभावात् स मुनिः वीर्यनिगूहनमेव प्राप्नोतीति तु सूक्ष्मधिया विभावनीयम् ।

પરંતુ સાધુ પોતાનું વસ્ત્રસીવન વગેરે રૂપ કોઈ નાનું કામ કરતા હોય અને એ જ વખતે (૧) આ કાર્ય કરતા વિશિષ્ટ (૨) બીજા કોઈ પણ સાધુ ન કરી શકે એવું (૩) પોતાનાથી સાધી શકાય એવું ગ્લાનસેવા,

વ્યાખ્યાનાદિ રૂપ બીજું કામ આવી પડેલું જાણે તો પછી એ વિશિષ્ટ કામ કરવા દ્વારા વિશિષ્ટ નિર્જરાને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી આ સાધુ બીજા સાધુ પ્રત્યે આ પ્રમાણે ઈચ્છાકારને કરે કે "મારું વસ્ત્રસીવનાદિ કામ તમે ઈચ્છાથી કરશો ? તો હું ગ્લાનસેવાદિ કાર્યને કરું."

**यशो. – न हीयमभ्यर्थना वीर्यं निगूहयत उदेति, अपि त्वधिकतरं वीर्यं प्रयुञ्जानस्येति नेयमुत्सर्गविरोधिनी ॥११॥**

**चन्द्र.** – ननु स्वकार्यं अन्यस्मै समर्पणाय अभ्यर्थना नैव कर्तव्या, स्वकार्यं नैव समर्पणीयं इति उत्सर्गः। अत्र तु स्वकार्यं अन्यस्मै समर्पणाय अभ्यर्थना क्रियते । ततश्चेयं अभ्यर्थना उत्सर्गविरोधिनी उन्मार्गरूपैव भवतीति आशङ्कायामाह **न हीयमभ्यर्थना** इत्यादि । उत्सर्गेण यत्फलं साध्यते, तत्फलं प्रति प्रतिबन्धकं यत् भवेत् तदेव वस्तु उत्सर्गविरोधि गण्यते । यत्तु वस्तु उत्सर्गसाध्यमेव फलं साधयति । तत् न उत्सर्गविरोधि गण्यते । यथा ब्रह्मचर्यपालनात्मकेन उत्सर्गेण साध्यं वस्तु रागद्वेषपरिहानिरेव, अब्रह्मसेवनं तु रागद्वेषपरिहानिं प्रति प्रतिबन्धकं भवति, रागद्वेषौ च वर्धयतीति तत् अब्रह्मसेवनं उत्सर्गविरोधि भवति । अत एव तत् उन्मार्गः भण्यते । निर्दोषा गोचरीचर्या उत्सर्गरूपा विशुद्धसंयमात्मकं फलं साधयत्येव । एवं ग्लानत्वादिकारणे सति शास्त्रोक्तरीत्या सदोषा गोचरीचर्याऽपि विशुद्धसंयमात्मकं फलं साधयत्येव । ततश्चेयं सदोषा गोचरीचर्या उत्सर्गसाध्यं फलं साधयन्ती सती उत्सर्गविरोधिनी न गण्यते, किन्तु अपवादमार्गो गण्यते ।

प्रकृते च "स्वकार्यं अन्यस्मै न समर्पणीयं, तदर्थं च अभ्यर्थना नैव कर्तव्या" इति उत्सर्गः वीर्यानिगूहनात्मकं फलं साधयति । अधिकनिर्जराकारिकार्यसमापतने च स्वकार्यस्य अन्यस्मै समर्पणं न वीर्यनिगूहनप्रयोजकं । किन्तु अधिकवीर्योल्लासप्रवर्तकं । ततश्च तत् समर्पणं तत्र च क्रियमाणा अभ्यर्थना उत्सर्गसाध्यं वीर्यानिगूहनात्मकं कार्यं साधयतीति न तत्समर्पणं न वा सा अभ्यर्थना उत्सर्गविरोधिन्यपि तु अपवादमार्ग एवेति तु वयं वदामः । तत्त्वं पुनः गीतार्थाः परिकल्पयन्तु ॥११॥

(**શિષ્ય :** "વીર્યનિગૂહન ન કરવું" એ ઉત્સર્ગ માર્ગ છે. ઉપરનો સાધુ પોતાનું વસ્ત્રસીવનાદિ કામ બીજાને સોંપે છે તો એ વીર્યનિગૂહન કરનારો જ બને ને ? અને તો પછી એ તે વખતે બીજા સાધુને પોતાનું કામ કરી આપવાની જે પ્રાર્થના કરે એ ઉત્સર્ગની વિરોધી ન બને ?)

**ગુરુ :** આ અભ્યર્થના એ પોતાના વીર્યને નિગૂહન કરનારા સાધુને ઉદય પામેલી નથી. પણ ગ્લાનસેવા, વ્યાખ્યાનાદિરૂપ વધારે વીર્યને ફોરવનારને આ અભ્યર્થના ઉદય પામી છે. જો વીર્યનિગૂહન દ્વારા આ અભ્યર્થના ઉદય પામી હોત તો એ અવશ્ય ઉત્સર્ગની વિરોધી બનત. પણ અહીં એવું ન હોવાથી એ ઉત્સર્ગની વિરોધી ન બને ॥૧૧॥

**यशो.– नन्वेवमभ्यर्थनाविषयकेच्छाकारोपन्यासोऽनर्थकः, अतोऽपवादार्थमाह –**

**अब्भत्थणं वि कुज्जा गेलन्नाईहिं कारणेहिं तु ।**
**रायणियं वज्जित्ता मोत्तुं नाणाइअं कज्जं ॥१२॥**

**चन्द्र.** – ननु यदि उत्सर्गतः अभ्यर्थना अभ्यर्थनाविषयकेच्छाकारश्च नैव कर्तव्यः, तर्हि किं प्रथमं अभ्यर्थनाविषयकेच्छाकारोपन्यासः कृतः ? निरर्थक एव स इत्याशङ्कते **नन्वेवमित्यादिना । अपवादार्थमाह** =यद्यपि एकादश्यां मूलगाथायां 'उत्कृष्टं कार्यं विना अभ्यर्थना न कर्तव्या"इति उक्तं । तत्र चार्थापत्त्या "उत्कृष्टे कार्ये समापतिते अपवादतः अभ्यर्थना कर्तव्या"इति अपवादार्थो ज्ञायते एव । तथापि मूलगाथायां 'अमुक कारणे सति अभ्यर्थनाऽपि कर्तव्या' इति साक्षात् अपवादनिरूपणं न कृतमासीत् । ततः द्वादश्यां मूलगाथायां साक्षात् अपवादार्थं दर्शयति । किञ्च एकादश्यां मूलगाथायां "उत्कृष्टे कार्ये समापतिते सति अभ्यर्थना कर्तव्या"इति अपवादार्थो लभ्यते । तथापि "ग्लानत्वादिकारणे सति अभ्यर्थना कर्तव्या"इति अर्थो न लभ्यते, ततः तत्प्रतिपादनं द्वादश्यां मूलगाथायां क्रियते । तथा एकादश्यां मूलगाथायां अधिकतरं वीर्यं प्रयुञ्जानस्य अपवादमार्गेण अभ्यर्थना प्रतिपादिताऽवगम्यते । द्वादश्यां मूलगाथायां नाधिकतरं वीर्यं प्रयुञ्जानस्य, किन्तु स्वकार्यकरणे वीर्याभाववत एव अपवादमार्गेण अभ्यर्थना प्रतिपाद्यत इति विवेकः कर्तव्यः ।

→ ग्लानत्वादिभिः कारणैस्तु अभ्यर्थनामपि ज्ञानादिकं कार्यं मुक्त्वा, रत्नाधिकं वर्जयित्वा कुर्यात् ← इति गाथार्थः ।

**શિષ્ય :** અગ્યારમી ગાથામાં કહ્યા પ્રમાણે જો ઉત્સર્ગમાર્ગે અભ્યર્થના ન જ કરવાની હોય તો પછી તમે તો "અભ્યર્થના કરવી અને એ માટે ઈચ્છાકાર કરવો" એમ જે અભ્યર્થના વિષયક ઈચ્છાકારનો ઉપન્યાસ કર્યો હતો. એ તો બધો નકામો જ ને ?

**ગુરુ :** તારા આ પ્રશ્નના ઉત્તર માટે જ બારમી ગાથામાં અપવાદ બતાવે છે.

(અહીં એટલો ખ્યાલ રાખવો કે ૧૧મી ગાથામાં "ઉત્કૃષ્ટ કાર્ય વિના અભ્યર્થના ન કરવી" એમ કહીને "ઉત્કૃષ્ટ કાર્ય હોય ત્યારે અભ્યર્થના અપવાદ માર્ગે કરવી" એમ કહી જ દીધેલું ગણાય. પણ છતાં એ વાત સ્પષ્ટ તો નથી જ લખી. એટલે ૧૨મી ગાથામાં અપવાદ બતાવે છે. વળી ૧૧ મી ગાથામાં વધારે વીર્ય ફોરવનારને અપવાદ બતાવેલો. અહીં તો માંદગી વગેરેને કારણે પોતાનું કામ પણ નહિ કરી શકનારાને અપવાદ બતાવાય છે.)

**ગાથાર્થ :** માંદગી વગેરે કારણો હોય તો રત્નાધિકને છોડીને બીજાઓને પ્રાર્થના પણ કરાય. રત્નાધિક પ્રત્યે પણ જ્ઞાનાદિ કાર્યો સિવાય જ અભ્યર્થના કરવાનો નિષેધ છે.

---

**यशो. – अब्भत्थणं वि त्ति । ग्लानत्वादिभिः कारणैः 'तुः=अवधारणे' तैरेवाभ्यर्थनां कुर्यात्, मा भूद् ग्लानादेरशनाद्यभ्यर्थनां विना तदलाभे क्लिष्टाध्यवसायेन संयमफलवञ्चनेत्युत्सर्गसापेक्षस्यापवादस्याश्रयणात् । आगमोऽपि– (आव०नि-६७०)**

**जइ होज्ज तस्स अणलो कज्जस्स वियाणई न वावाणं । गेलन्नाईहिं वि होज्ज वावडो कारणेहि सो ॥ इति ।**

---

**चन्द्र. – तैरेवाभ्यर्थनां कुर्यात्**=ग्लानत्वादिभिः पुष्टकारणैरेव, न तु अपुष्टकारणैः स्वशक्तौ सत्यामपि इति एवकारार्थः । इमां च अभ्यर्थनां ग्लानादिरेव ग्लानत्वादिभिः कारणैः करोतीति । तानि तु पुष्टकारणानि ग्लानत्वं

स्वकार्यकरणाशक्तिः, स्वकार्यकरणपद्धतिज्ञानाभावश्चेत्यादीनि स्वयं विचारणीयानि । **संयमफलवञ्चना** इति । प्रशमो भावः हि संयमफलं । क्लिष्टाध्यवसायेन च प्रशमभावो विहन्यते, नूतनश्च नोत्पद्यते इति स्फुटैव संयमफलवञ्चनेति । **उत्सर्गसापेक्षस्येति**=उत्सर्गसाध्यं फलं यथा न विहन्यते तथा क्रियमाणं कार्यं उत्सर्गसापेक्षः अपवादः उच्यते । एतच्च प्रागेव विस्तरतः प्रतिपादितमिति न पुनः वितन्यते । तादृशापवादस्याश्रयणात् ग्लानत्वादिभिः कारणैः अभ्यर्थनां कुर्यादित्यन्वयः ।

**जइ होज्ज तस्स....** इत्यादि आगमस्यायमर्थः "यदि तस्य कार्यस्य करणाय अनलः=असमर्थः भवेत् । कार्यस्य व्यापारं न जानाति वा, ग्लानत्वादिभिः वा कारणैः व्यापृतः स भवेत् । तत्र अभ्यर्थनां कुर्यात्" इति । भावार्थस्तु प्रतिपादित एव ।

માંદગી વગેરે કારણો હોય ત્યારે જ બીજા સાધુને સ્વકાર્ય કરવા માટે અભ્યર્થના કરાય. જો એ ગ્લાનાદિ સાધુ બીજા પાસે અશનાદિની અભ્યર્થના ન કરે તો સ્વયં તો એ ગ્લાનાદિ ગોચરી લેવા જઈ ન શકવાથી એમને અશનાદિનો લાભ નહિ જ થાય. અને એ વિના તેમને સંક્લેશના અધ્યવસાયો ઉત્પન્ન થશે. અને તો પછી સંયમનું ફળ જે અસંક્લિષ્ટ અધ્યવસાયો છે એ ગુમાવવાનો જ વખત આવશે. આવું ન થાય એ માટે વીર્ય-અનિગૂહન રૂપી ઉત્સર્ગમાર્ગને સાપેક્ષ એવો આ અપવાદ સ્વીકારાયો છે. (અહીં વીર્ય નિગૂહન કર્યા વિના જ અભ્યર્થના કરે છે. એટલે અભ્યર્થના એ ઉત્સર્ગને બાધ પહોંચાડનારી ન હોવાથી ઉત્સર્ગને સાપેક્ષ ગણાય. વળી અભ્યર્થના અપવાદમાર્ગે જ કરવાની હોવાથી તે અપવાદ તરીકે તો છે જ.)

આગમમાં પણ આ વાત કરી છે કે

"જો સંયમી તે કાર્ય માટે અસમર્થ હોય અથવા તો એ કાર્ય કેવી રીતે કરવું ?" એ જ ન જાણતો હોય અથવા તો સ્વયં ગ્લાનસેવાદિ કાર્યોમાં વ્યગ્ર હોય તો એ પોતાનું કામ અભ્યર્થનાપૂર્વક બીજાને સોંપે.

---

**यशो. - अथैवं सर्वेषामभ्यर्थनाप्राप्तौ संकोचमाह-रत्नैर्ज्ञानदर्शनचारित्रैरधिको रत्नाधिकस्तं, रत्नैश्चरतीति रात्निकस्तं वा वर्जयित्वा । रात्निकस्त्वभ्यर्थनायोग्यो न भवति, तं प्रति वस्त्रपरिकर्माद्यभ्यर्थनायामविनयप्रसङ्गात् ।**

---

**चन्द्र.** - नन्वेवं पुष्टालम्बने सति रत्नाधिकेभ्यः क्षुल्लकेभ्यश्च स्वकार्यं समर्पयितुं शक्यते इति ममाभिप्रायोऽभूत् । तत्किं सत्यं न वेत्यत आह **अथैवं इत्यादि** । ननु कथं रात्निकः अभ्यर्थनायोग्यो न भवतीत्यत आह **तं प्रति वस्त्रेत्यादि** । प्राग्दीक्षिताः यावन्तः साधवः, तावन्तः सर्वे पश्चाद्दीक्षितानां रत्नाधिकाः भवन्ति ।

**શિષ્ય :** "આ રીતે ઉપરના પુષ્ટકારણો આવી પડે એટલે બીજાને અભ્યર્થના કરી શકાય" એનો અર્થ એ કે નાના-મોટા બધાંને અભ્યર્થના કરી શકાય ને ?

**ગુરુ :** આ શંકાની શક્યતા હોવાથી જ ગ્રન્થકાર એમાં સંકોચ કરે છે. અર્થાત્ બધાને અભ્યર્થના કરવાની વાતને થોડી સાંકડી કરે છે. તે આ પ્રમાણે - જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી રત્નો વડે જે અધિક હોય તે રત્નાધિક કહેવાય. અથવા તો આ રત્નો વડે જે જીવન પસાર કરતા હોય તે રાત્નિક કહેવાય. એને છોડીને અભ્યર્થના

કરવી.

(શિષ્ય : રત્નાધિકને અભ્યર્થના કેમ ન કરાય ?)

ગુરુ : રત્નાધિક એ અભ્યર્થના માટે યોગ્ય નથી, કેમકે એને આપણા વસ્ત્રપરિકર્માદિ કામો સોંપવાની અભ્યર્થના કરવામાં આવે તો એ રત્નાધિકનો અવિનય કરેલો ગણાય.

**यशो. - न च सोऽपि सर्वथाऽभ्यर्थनाऽयोग्य इत्याह-मुक्त्वा ज्ञानादिकं कार्यं, ज्ञानादीच्छायां तु सोऽपीच्छां कारणीयः ॥१२॥**

**चन्द्र. - ननु** किमयमेकान्तः यदुत रात्निकः अभ्यर्थनाऽयोग्य एवेत्यत आह **न च सोऽपि** इत्यादि । ननु साधवः सर्वाणि कार्याणि ज्ञानदर्शनचारित्रार्थमेव कुर्वन्ति । न हि साधूनां किमपि तत्कार्यं भवति, यद्ज्ञानदर्शनचारित्रार्थं न भवेत् । ततश्च यदुक्तं भवता → ज्ञानदर्शनचारित्रार्थं रात्निकं प्रति अभ्यर्थना कल्पते, अन्यथा तु न कल्पते ←इति । तदसङ्गतमेव । ज्ञानादिकं विना साधूनां कार्यस्यैवाभावात् तत्र अभ्यर्थनाया अवकाशः एव नास्ति । येन तन्निषेधो युज्यते । किं वस्त्रसीवनवस्त्रप्रक्षालनादीनि कार्याणि चारित्रार्थं न सन्ति? यदि सन्ति तर्हि तानि अपि रत्नाधिकेभ्योऽपि समर्पयितुं कल्पन्त एवेति कोऽयं विभागः यत् "ज्ञानाद्यर्थं रत्नाधिकेभ्योऽपि कार्यं समर्पणीयं । अभ्यर्थना च कर्तव्या । अन्यथा तु न"इत्यादि । **अत्र समाधीयते ।** वाचनाप्रच्छनादिरूपः पञ्चप्रकारो यः स्वाध्यायः तदर्थं रात्निकं प्रति अभ्यर्थना क्रियते । यथा "रात्निक ! भवान् इच्छाकारेण मह्यं वाचनां ददातु । भवदुत्प्रेक्षां कथयतु" इत्यादि । तथा सम्यग्दर्शनविशुद्धिकराणि यानि सम्मतितर्कादि शास्त्राणि, तदध्ययनार्थमपि रात्निकं प्रति अभ्यर्थना क्रियते । एषा च दर्शनार्थं अभ्यर्थना भवति । एवं निर्दोषा गोचरी कथं आनीयते ? वस्त्रादिप्रतिलेखनं कथं क्रियते ? ग्लानादिवैयावृत्यकरणे को विधिः ? प्रतिक्रमणादिका क्रिया कथं क्रियते ? इत्यादि चारित्राचारविषयां ग्रहणशिक्षां आसेवनशिक्षां च ग्रहीतुं रात्निकं प्रति अभ्यर्थना कर्तुं युज्यते । यथा "हे रात्निक ! भवान् इच्छाकारेण मां निर्दोषगोचर्यादिरूपं चारित्राचारं ज्ञापयतु, दर्शयतु च" इति । किन्तु चारित्राचारं ग्रहणशिक्षया ज्ञात्वा आसेवनशिक्षया चात्मसात्कृत्य पश्चात् गोचर्यानयन-वस्त्रसीवनादिकं स्वकार्यं रात्निकं प्रति अभ्यर्थनां कृत्वा पुष्टालम्बनेऽपि समर्पयितुं न युज्यते । किं बहुना सर्वथा निर्मायावी भूत्वा वीर्यनिगूहनं यथा न स्यात्, रात्निकानाञ्चाविनयः यथा न स्यात् तथा प्रवर्तितव्यमित्याप्तोपदेशः ।

इदमपि अत्र विभावनीयम् यत् यः सर्वेभ्योऽपि क्षुल्लकः साधुः । स ग्लानत्वादिकारणे सति कां प्रति अभ्यर्थनां कुर्यात् ? तस्य सकाशादधिकक्षुल्लकस्य साधोः अभावात् । ततश्च स रात्निकं प्रत्यपि अभ्यर्थनां कर्तुं अर्हति । तथा यस्य साधोः कार्यं, तत्सकाशात् ये क्षुल्लकाः, ते सर्वे यदि कर्तुं न शक्नोति । तत्र स साधुः क्षुल्लकसाधूनां सद्भावेऽपि स्वकार्यं कर्तुं समर्थं रात्निकं प्रति अभ्यर्थनां करोत्येव । न तत्राविनयादिदोषावकाशः। पुष्टालम्बनतः प्रवृत्तत्वात् । अतिगहनोऽयं उत्सर्गापवादविधिः । सर्वथा रागद्वेषपरिहानिः यथा भवति तथा कर्तव्यम् ॥१२॥

રત્નાધિક અયોગ્ય કહ્યો, પણ એ પણ સર્વથા=એકાંતે અયોગ્ય નથી. જ્ઞાનાદિ કાર્યોને છોડીને તે અયોગ્ય

છે. એટલે કે રત્નાધિક પાસેથી જ્ઞાન, દર્શન કે ચારિત્રની પ્રાપ્તિ કરવી હોય તો તો એ રત્નાધિકને પણ અભ્યર્થના કરી શકાય છે કે "આપ ઈચ્છા વડે અમને ભણાવો / સમ્યગ્દર્શનના પદાર્થો કહો / ચારિત્રના અનુષ્ઠાનોની સમજણ આપો..." ॥૧૨॥

**यशो. – नन्वभ्यर्थनावत्करणमप्युत्सर्गतो न भविष्यति ? इत्याशङ्क्याह –**

**करणं पुण आणाइ विरियायारो त्ति णेव पडिसिद्धं ।**
**परकज्जत्थणणासे दट्ठूणं णिज्जरट्ठाए ॥१३॥**

**चन्द्र. – उत्सर्गतो न भविष्यति**=यथा अभ्यर्थना अपवादतः अस्ति, उत्सर्गतस्तु अभ्यर्थना नैव कर्तव्या। तथैव रात्निकस्य कार्यमपि उत्सर्गतः नैव कर्तव्यं । अपवादत एव कर्तव्यम् । इदमत्र तात्पर्यम् । रात्निकः कदापि स्वकार्यं क्षुल्लकाय न प्रयच्छति । एवं क्षुल्लकेनापि कदापि रात्निकस्य कार्यं नैव कार्यं, यतः परकार्यकरणे बहिर्मुखता भवति, स्वाध्यायादिकरणे च आत्मलीनता भवति । तस्मात् स्वयमेव रात्निकस्य कार्यं न कार्यम् । किन्तु यदा रात्निकः क्षुल्लकं प्रति अभ्यर्थनां करोति । तदा रात्निकप्रार्थनायाः सफलत्वकरणाय तदविनयादिपरिहारार्थं च क्षुल्लकः रात्निककार्यं अपवादतः करोति । इत्थञ्च रात्निको यदाऽभ्यर्थनां करोति । तदैव तस्य कार्यं करणीयम् । नान्यदेति पूर्वपक्षस्य गूढाशयः ।

→ आज्ञया करणं पुनः वीर्याचारः इति परस्य कार्यप्रार्थनं कार्यनाशं च दृष्ट्वा निर्जरार्थं नैव प्रतिषिद्धम ← इति गाथार्थः ।

**શિષ્ય** : જેમ અભ્યર્થના એ ઉત્સર્ગમાર્ગે તો નથી જ કરવાની. એમ વડીલોએ સોંપેલા કામને કરવું. એ પણ ઉત્સર્ગ માર્ગે તો નથી જ ને ? અપવાદમાર્ગે જ છે ને ? ઉત્સર્ગથી સાધુએ વડીલાદિ કોઈનું કામ કરવાનું નથી. પરંતુ વડીલાદિ કામ સોંપે ત્યારે પછી અપવાદ માર્ગે કરવાનું.

**ગુરુ** : તારી આશંકા ખોટી છે.

**ગાથાર્થ** : "આજ્ઞા વડે પરકાર્યકરણ તો વીર્યાચાર છે" એટલે બીજાને કાર્યની પ્રાર્થના થતી જોઈને અને બીજાના કાર્યનો નાશ થતો જોઈને નિર્જરાને માટે કાર્યકરણ નિષિધ્ધ નથી.

**यशो. – करणं पुणत्ति । करणं पुनर्वीर्याचार इति कृत्वा नैव प्रतिषिद्धमुत्सर्गतोऽपीति शेषः ।**

**चन्द्र.** – समाधानमाह **करणं पुनर्वीर्याचार** इत्यादि । **उत्सर्गतोऽपीतिशेषः**=मूलगाथायामनुक्तः "उत्सर्गतोऽपि"इति शब्दोऽत्र निवेशनीयः इत्यर्थः ।

**ગુરુ** : આ તારી ગેર સમજ છે. બીજાના કામો કરવા એ તો વીર્યાચાર છે અને એટલે એ ઉત્સર્ગ માર્ગથી પણ પ્રતિષિધ્ધ નથી. પણ અનુમત જ છે.

(આ ગાથામાં '**उत्सर्गतोऽपि**' શબ્દ નથી લખ્યો. એ બહારથી લાવીને ઉપર મુજબ અર્થ કરવો.)

**यशो. – न चात्ममात्रप्रतिबन्धविश्रान्तस्य श्रामण्यस्य परप्रतिबद्धवैयावृत्त्यकरणमप्यपवादाय,**

**चन्द्र.** – पूर्वपक्षः प्राह **न चात्ममात्रप्रतिबन्धविश्रान्तस्य श्रामण्यस्य**=आत्मन्येव लीनतास्वरुपेण निश्चितस्य श्रामण्यस्य । "श्रामण्यं किं ?"इति चिन्तायां कश्चिदाह वैयावृत्यमेव श्रामण्यं । अपरस्तु स्वाध्याय एव श्रामण्यं, अन्यस्तु निर्दोषा गोचरी एव श्रामण्यं, इतरस्तु अष्टप्रवचनमातृपालनमेव श्रामण्यम् इत्यादि । एवञ्च श्रामण्यं वैयावृत्यस्वाध्यायनिर्दोषगोचर्यादिषु प्रभूतेषु स्थानेषु भ्रान्तं सत् कुत्रापि न स्थितं । अन्ते एष निश्चयोऽभवत् यदुत आत्ममात्रे प्रतिबन्धः अन्तर्मुखताऽपरनामकः एव चारित्रम् । ततश्च प्रभूतेषु स्थानेषु भ्रान्त्वा श्रान्तं श्रामण्यं आत्ममात्रप्रतिबन्धे विश्रान्तमभवत् । तादृशश्रामण्यस्य उत्सर्गमार्गरूपस्य **परप्रतिबद्धवैयावृत्यकरणमप्यपवादाय**=आत्मव्यतिरिक्ते रत्नाधिकादिके प्रतिबद्धं यत् वैयावृत्यं, तस्य करणं श्रामण्यरूपोत्सर्गस्यापवादरूपं भवतीति । **पुष्टालम्बने वैयावृत्यकरणाय** आत्ममात्रप्रतिबन्धं त्यजन् साधुः उत्सर्गमार्गं त्यक्त्वा तत्सापेक्षमपवादमाश्रयतीति हार्दम् ।

**શિષ્ય :** સાધુપણું એ ઉત્સર્ગમાર્ગ છે. અને પોતાના આત્મામાં જ માત્ર લીન બની જવું એ જ સાધુપણું છે. સાધુપણું શું ? એની ઘણી બધી વિચારણા બાદ આત્મમાત્રપ્રતિબંધમાં જ સાધુપણું માનવામાં આવ્યું છે.

હવે બીજાના કાર્યો કરી આપવા એ વૈયાવચ્ચનું કામ કહેવાય. અને એ વૈયાવચ્ચ તો બીજા સાથે જોડાયેલી છે. આત્મમાત્રપ્રતિબંધ એ ઉત્સર્ગ માર્ગ છે. અને વૈયાવચ્ચમાં તો પરમાં પ્રતિબંધ=પર સાથે સંબંધ કરાય છે. એટલે આ વૈયાવચ્ચ ઉત્સર્ગમાર્ગ તો નથી જ. પણ ઉત્સર્ગમાર્ગને સાપેક્ષ એવો અપવાદ જ માનવો પડે.

**यशो. – ज्ञानाचारस्येव वीर्याचारस्यापि चारित्रमूलत्वेन तन्निबन्धनवैयावृत्त्यस्य परप्रतिबन्धमात्रेणापवादाभावादपकर्षापवादयोरेकार्थत्वे आशैलेश्यास्तत्प्रसङ्गादित्यन्यत्र विस्तरः ।**

**चन्द्र.** – ग्रन्थकारस्तु तादृग्वैयावृत्यमपि उत्सर्ग एवेति प्रतिपादयति **ज्ञानाचारस्येवेत्यादि** । श्रामण्यं नाम चारित्रं, तच्चात्ममात्रप्रतिबन्धरूपं । तन्मूलं ज्ञानाचारः यथा भवता उत्सर्गः मन्यते, तथैव तस्यैव चारित्रस्य मूलं वीर्याचारः भवता उत्सर्गः एव मन्तव्यः । यतश्चैवं वीर्याचारः उत्सर्गः । ततः तादृशवीर्याचारस्य **निबन्धनं**=कारणं यत् वैयावृत्यं, तदपि उत्सर्ग एव भवति । एवञ्च वैयावृत्यस्य उत्सर्गत्वं सिद्धम् । एवं सति यद्यपि तस्मिन् वैयावृत्ये परप्रतिबन्धो दृश्यते, तथापि न तावन्मात्रेण तद् वैयावृत्यमपवादो भवति । किन्तु उत्सर्ग एव तत् । न हि वैयावृत्ये सर्वथा परप्रतिबन्धो भवति । किन्तु तत्र आत्मप्रतिबन्धोऽपि भवत्येव । ततश्च न तत्र श्रामण्यं बाधितं भवतीति ।

ननु ज्ञानाचारे सर्वथा आत्ममात्रप्रतिबन्धो विद्यते । वैयावृत्ये तु आत्मप्रतिबन्धः परप्रतिबन्धश्च विद्येते । ततश्च ज्ञानाचारः वैयावृत्यसकाशादुत्कर्षवान् । वैयावृत्ये तु ज्ञानाचारापेक्षयाऽपकर्षः वर्तते । यश्च उत्कर्षः स उत्सर्गः । यस्तु अपकर्षः स अपवादः । ततश्च ज्ञानाचारे उत्सर्गः, वैयावृत्ये च अपवादः वर्तते इति वैयावृत्ये

अपवाद: सिद्धः इत्यत आह **अपकर्षापवादयो: एकार्थत्वे**=अपकर्षापवादपदयो: समानार्थवाचकत्वे सति **आशैलेश्या:**=चतुर्दशगुणस्थानात्प्राक् सर्वत्र **तत्प्रसंगात्**=अपवादप्रसङ्गात् । यत: शैलेशीकरणमेव सर्वेभ्य: सकाशात् उत्कर्षवदस्ति । तदपेक्षयाऽधस्तनेषु सर्वेषु गुणस्थानेषु अपकर्ष एवास्ति । ततश्च सयोगिकेवलिपर्यन्ता: सर्वे साधव: अपवादमार्गस्थायिन: भवेयु: । न चैतद् भवतामपीष्टम् । तस्मात् वैयावृत्ये ज्ञानाचारापेक्षया अपकर्षसत्त्वेऽपि अपवादो नास्ति, किन्तु उत्सर्ग एवेति अवश्यमङ्गीकरणीयम् । वस्तुतस्तु ज्ञानाचारापेक्षया वैयावृत्ये अपकर्षोऽपि स्वरूपत: एव । यदा तु वैयावृत्योचित: कालो भवति । तदा ज्ञानाचारमाचरन् प्रायश्चित्तभाग् भवति । ततश्च तत्र ज्ञानाचारे अपकर्ष: वैयावृत्ये च उत्कर्ष एव । यथा हि देवद्रव्यं ज्ञानद्रव्यादिसकाशात् उत्कृष्टमस्ति । तथापि सर्वथा ज्ञानविनाशावसरे ज्ञानद्रव्यं वर्धयन् एव पुरुष: उचितप्रवृतिमान्, न तु देवद्रव्यं वर्धयन् । एवमत्रापि दृष्टव्यम् ।

**ગુરુ :** આ વાત ખોટી છે. જેમ જ્ઞાનાચાર એ ચારિત્રનું મૂળ હોવાથી ઉત્સર્ગમાર્ગ માનેલો છે. તેમ વીર્યાચાર પણ ચારિત્રનું મૂળ હોવાથી ઉત્સર્ગમાર્ગ જ છે અને એટલે વીર્યાચારનું કારણ એવું વૈયાવચ્ચ પણ ઉત્સર્ગમાર્ગ જ બને. એમાં બીજા સાથે સંબંધ થાય એટલા માત્રથી એ કંઈ અપવાદ ન બની જાય.

ઉત્સર્ગમાર્ગ બે પ્રકારનો હોય છે. (૧) આત્મમાત્રપ્રતિબંધવાળો, (૨) પરપ્રતિબદ્ધતાવાળો. એમાં જ્ઞાનાચાર, ધ્યાનાદિ એ પહેલા પ્રકારનો ઉત્સર્ગ છે. જ્યારે બીજાના કામો કરી આપવા રૂપ વૈયાવચ્ચાદિ એ બીજા પ્રકારનો ઉત્સર્ગ માર્ગ છે. પણ બે ઉત્સર્ગ જ છે. અપવાદ નથી.

**શિષ્ય :** એ વાત તો તમે ય માનશો જ કે આત્મમાત્રપ્રતિબંધ એ ઉંચી વસ્તુ છે. જ્યારે બીજાઓ સાથે સંબંધ ધરાવનાર વૈયાવચ્ચાદિ એ નીચી વસ્તુ છે. તો પછી "જે ઉંચી વસ્તુ એ ઉત્સર્ગ અને નીચી વસ્તુ એ અપવાદ" એ પ્રમાણે વૈયાવચ્ચાદિ એ અપવાદ જ ગણાય ને ?

**ગુરુ :** "જે નીચું એ અપવાદ" આમ તમે અપકર્ષ અને અપવાદને એક જ માની લેશો તો તો પછી શૈલીશીકરણ સૌથી ઉંચું છે એ સિવાય તેરમાં ગુણસ્થાન સુધીનું બધું જ નીચું ગણાય. તો પછી ૧૩મા ગુણસ્થાન સુધી બધું અપવાદ જ માનવું પડે. ઉત્સર્ગ રૂપ કોઈ વસ્તુ ૧૩ સુધી નહિ મનાય. આ તો ઈષ્ટ નથી જ. એટલે 'નીચું એ અપવાદ' એ વ્યાખ્યા જ ખોટી છે. નાની-નીચી વસ્તુ પણ ઉત્સર્ગ હોઈ શકે છે.

આ વાતનો વિસ્તાર અમે અધ્યાત્મમતપરીક્ષાની ૨૨મી ગાથામાં કરેલો છે.

---

**यशो. - तच्च करणं रात्निकाज्ञया परं प्रति परस्य कार्यप्रार्थनं, स्वयं कुर्वत: परस्याऽकौशलेन कार्यनाशं दृष्ट्वा निर्जरार्थं च, आह च -**

**अहवा वि विणासंतं अब्भत्थंतं च अण्णं दट्ठूणं । अण्णो कोई भणिज्जा तं साहू णिज्जरट्ठीओ ॥**

**अहयं तुब्भं एयं करेमि कज्जं तु इच्छकारेणं । ( आव. नि. ६७२-६७३ ) इति ॥१३॥**

---

**चन्द्र. - तच्च करणमित्यादि ।** अस्य वाक्यस्यायमर्थ: । तच्च करणं रात्निकाज्ञया परं प्रति परस्य कार्यप्रार्थनं दृष्ट्वा निर्जरार्थं, स्वयं कुर्वत: परस्याऽकौशलेन कार्यनाशं च दृष्ट्वा निर्जरार्थं । भावार्थस्तु अयम्

→ एक: साधु: स्वकार्यं परेण कारयितुमिच्छन् प्रथमं रात्निकस्यानुज्ञां गृह्णाति। यथा "अहं मत्कार्यं अन्यस्मै समर्पयामि न वा ?" इत्यादि। ततश्च रात्निको यदि आज्ञां ददाति, तर्हि तदाज्ञया स साधु: द्वितीयं साधुं कार्यार्थं प्रार्थनां करोति। तादृशकार्यप्रार्थनं दूरत: दृष्ट्वा तृतीय: साधु: निर्जरार्थं स्वयं इच्छाकारेण तत्कार्यं करोतीति स्वयं परकार्यकरणे एष एक: प्रकार: प्रतिपादित:।

अयं च द्वितीयप्रकार: **स्वयं कुर्वत**: इत्यादि। कश्चित साधु: स्वकीयं वस्त्रप्रक्षालनादिकं करोति। किन्तु तस्मिन् नूतने साधौ कार्यकरणस्य कौशलं नास्ति। ततश्च तत्कार्यं विनश्यत् दृष्ट्वा अन्य: साधु: निर्जरार्थं तं प्रति तत्कार्यकरणस्य प्रार्थनां करोति। इदमुपलक्षणम्। एवं तृतीयप्रकारोऽपि संभवति। तथा हि साधु: स्वकीयकार्यकरणे कुशल एवास्ति। न तस्य अन्यसहायापेक्षा। तथापि कस्यचित् साधो: निर्जरार्थिन: स्वयमेव भावोल्लासो भवति यथा "अहं अस्य साधो: कार्ये सहायं कृत्वा निर्जरां प्राप्नुयाम्"इति। ततश्च निर्जरार्थं स परं प्रति प्रार्थनां करोति।

एतदेव आवश्यकनिर्युक्तिगाथाभ्यां दर्शयति **अहवा वि विणासंतं** इत्यादि। अयं भाव:। कारणे सति रत्नाधिक: स्वकार्यमन्यस्मै समपर्यति, तत्र चेच्छाकारं करोतीति एक: प्रकार: प्रतिपादित:। अधुना प्रकारान्तरेणेच्छाकारसंभवं 'अथवाऽपि' इत्यादिना दर्शयति। अकुशलतया स्वकार्यं विनाशयन्तं साधुं दृष्ट्वा अन्य: साधु: तं साधुं कथयेत्। यथा "अहं तवैतत्कार्यं इच्छाकारेण करोमि"इति। अथवा यद्यपि स कुशल: स्वकार्यकरणे। तथापि तस्य अन्यद् महत्कार्यं समापतितं। तद् दृष्ट्वाऽपि अन्य: साधु: तत्कार्यं स्वयमेवेच्छाकारेण कुरुते। यदि वा असमर्थ: एक: साधु: द्वितीयं साधुं स्वकार्यकरणार्थं प्रार्थनां कुरुते। तं दृष्ट्वा निर्जरार्थी तृतीय: साधु: स्वयमेव तत्कार्यकरणार्थं उपस्थितो भवति इति। एतच्च मलयगिरिटीकानुसारतो व्याख्यातम्। अत्र उभयस्मिन् स्थाने निर्जरार्थी साधु: स्वयमेव परकार्यकरणे उल्लासवान् भवतीति प्रदर्शितम्। अत्र द्वितीयगाथाया: उत्तरार्धस्त्वयम् → **तत्थ वि सो इच्छं से करेइ मज्जायमूलियं।** ← यदा अन्य: मुनि: परं प्रति अभ्यर्थनां कुर्वन्तं साधुं दृष्ट्वा स्वयमेव तत्र गत्वा तं कथयति, यथा "भवत्कार्यं अहं इच्छाकारेण करोमि। मह्यं समर्पय" इति। तदाऽपि स अभ्यर्थक: साधु: मर्यादामूलकं इच्छाकारं करोति इति।

एष उत्तरार्ध: स्पष्टं मनसि स्थिरीकर्तव्य:। तदनुसारेणैव अनन्तरमेव वक्ष्यमाण: पूर्वपक्ष: स्पष्टं ज्ञास्यते ॥१३॥

આ બીજાનું કામ કરવા રૂપી વૈયાવચ્ચ બે રીતે થઈ શકે.

કોઈ સાધુ રત્નાધિકની રજા લઈને બીજા સાધુને પોતાનું કામ કરી આપવાની પ્રાર્થના કરતો હોય. અને એ પ્રાર્થનાને જોઈને નિર્જરા મેળવવા માટે ત્રીજો જ કોઈ સાધુ એ કામ કરે.

અથવા કોઈક સાધુ પોતાનું કામ જાતે જ કરે છે. પરંતુ કાર્ય કરવાની કુશળતા ન હોવાથી એનું કામ બગડી જતું હોય તો એ જોઈને પણ નિર્જરાને માટે બીજો સાધુ એ કામ કરે.

(પંક્તિનો અન્વય આ પ્રમાણે → **रात्निकाज्ञया परं प्रति=द्वितीयं साधुं प्रति परस्य=प्रथमसाधो: कार्यप्रार्थनं दृष्ट्वा निर्जरार्थं, स्वयं कुर्वत: परस्याकौशलेन कार्यनाशं च दृष्ट्वा निर्जरार्थं तृतीय: साधु: तत्करणं कुर्यात्।**)

આવશ્યકનિર્યુક્તિમાં કહ્યું છે કે (એક તો કોઈ વડીલ કામ સોંપે ત્યારે તે કામ કરવાનું થાય →) અથવા પોતાના જ કાર્યને બગાડતા =વિનાશ કરતા કે પોતાના કાર્ય માટે બીજા કોઈને પ્રાર્થના કરતા સાધુને જોઈને અન્ય કોઈ નિર્જરાની ઈચ્છાવાળો સાધુ તે સાધુને કહે કે "હું તારું આ કામ ઈચ્છાથી કરીશ." (આ રીતે પણ બીજાનું કાર્ય કરવાનું થાય.)

(આ રીતે કોઈ સાધુ સામેથી કામની માંગણી કરે, ત્યારે પણ કામ સોંપનારાઓ પ્રથમ ઈચ્છાકાર કરવો કે "તમે મારું કામ ઈચ્છાથી જ કરશો ને ?) ॥૧૩॥

**यशो. - ननु भवतु परस्याप्यभ्यर्थनायामिच्छाकारः, यस्तु परमभ्यर्थयमानमुद्वीक्ष्य स्वयमेवेच्छां कुरुते तं प्रत्यभ्यर्थयमानस्य किमर्थमिच्छाकारः ? आज्ञाबलाभियोगशङ्कापरिहारार्थं खल्वयम्-"इच्छाकारपओगो णाम जं इच्छया, करणं न पुनः बलाभिओगाइणा, इच्छेयस्स अत्थस्स संपच्चयट्ठं जं इच्छाकारसद्दं पउंजंति" इति चुर्ण्युक्तेः ।**

**चन्द्र.** - स्वयमेव कार्यकरणाय समागतं साधुं प्रत्यपि यः इच्छाकारः कर्तव्यतया प्रतिपादितः । तत्र पूर्वपक्षः तमिच्छाकारं निरर्थकं स्थापयितुमाह **आज्ञाबलाभियोगशङ्केत्यादि** । यस्मै कार्यं समर्प्यते, तस्य "ममोपरि रत्नाधिकेन आज्ञाबलाभियोगः क्रियते किं ?" इति शङ्का न भवेत्, तदर्थमेव इच्छाकारः कर्तव्यः। प्रकृते च स्थाने स्वयमेव कार्यं कर्तुं उपस्थितस्य तादृशी आशङ्का नैव संभवतीति तत्र कार्यस्वामिना क्रियमाण इच्छाकारः निरर्थक एवेति । अस्मिन्नर्थे चूर्णिकारसंमतिमप्याह पूर्वपक्षः **इच्छाकारपओगो इत्यादि ।**

**શિષ્ય :** બીજાનું કામ સામે ચાલીને સ્વીકારતી વખતે પણ એ સ્વીકારનારો સાધુ ઈચ્છાકાર કરે એ તો બરાબર. પરંતુ જે સાધુ કોઈક બીજા સાધુને પ્રાર્થના કરનારા એવા ત્રીજા સાધુને જોઈને પોતે સામેથી કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરે. ત્યારે પછી કામ સોંપનારા સાધુએ પેલા કામ સ્વીકારનાર પ્રત્યે "તમે મારું કામ ઈચ્છાથી કરશો ને ?" એવો ઈચ્છાકાર કરવાની શી જરૂર છે ?

આ ઈચ્છાકાર તો સામે વાળાને આજ્ઞા કે બલાભિયોગની શંકા ન થાય એ માટે કરવાનો છે. ચૂર્ણિમાં ચોક્ખું કહ્યું છે કે → ઈચ્છાકારનો પ્રયોગ એટલે "આ વ્યક્તિ મને મારી ઈચ્છા હોય તો જ કાર્ય સોંપવા માંગે છે પણ બલાત્કારાદિથી નહિ" આવા અર્થની સામેવાળાને પ્રતીતિ કરાવવા માટે જે ઈચ્છાકારશબ્દનો પ્રયોગ સાધુ કરે તે. ← (ઈચ્છાકારપ્રયોગ કહેવાય) પ્રસ્તુતમાં તો પેલો સાધુ સામે ચાલીને કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે એ વખતે પાછું કામ સોંપનારાએ "તમે ઈચ્છાથી કામ કરશો ને ?" એવું કહેવાની શી જરૂર છે ? પેલાને આજ્ઞા-બલાભિયોગની શંકા થવાનો પ્રશ્ન જ નથી.

**यशो. - अत आह -**

**जइवि इच्छाकारो बलाभिओगस्स वारणट्ठाए ।**
**तहवि हु सा मज्जाया अण्णत्थ वि होइ कायव्वा ॥१४॥**

**चन्द्र.** - उत्तरमाह → यद्यपि इच्छाकारः बलाभियोगस्य वारणार्थं । तथाऽपि सा मर्यादा अन्यत्रापि=

बलाभियोगाभावस्थलेऽपि कर्तव्या भवति ← इति गाथार्थः ।

**ગાથાર્થ :** જો કે ઈચ્છાકાર બલાભિયોગના નિવારણ માટે છે. તો પણ તે મર્યાદા છે. એટલે બલાભિયોગ ન હોય તેવા સ્થળે પણ કર્તવ્ય છે.

---

**यशो. - जइवि हु त्ति । यद्यपि 'हुः' वाक्यालङ्कारे, 'इच्छाकारो' बलेनाभियोगो= बलाभियोगो हठेन प्रेरणमित्यर्थस्तस्य वारणार्थमुक्त इति शेषः, तथापि सेच्छा मर्यादा=विहितार्थ इत्यन्यत्रापि स्वतोऽभियोगशङ्काविरहस्थलेऽपि भवति कर्त्तव्या । तदुक्तं निर्युक्तकृता - (आ.नि. ६७३) "तत्थ वि सो इच्छं से करेइ मज्जायमूलीयं' इति ॥ चूर्णिकृताऽपि विवृतं-तत्थ वि जस्स कज्जिहिति सो भणति करेहि इच्छाकारेण । नणु किमिति सो वि इच्छाकारं करेइ ? भन्नति-मज्जादामूलीयं=साहूणं एस मज्जादामूलं' इति।**

---

**चन्द्र.** - समादधाति-**यद्यपि** इत्यादि । **विहितार्थः**=तीर्थकरैरभिहितोऽयमर्थः यदुत प्रकृतस्थानेऽपि इच्छाकारः कर्तव्य एव । **इति**=तस्मात् **अन्यत्रापि=स्वतोऽभियोगशङ्काविरहस्थलेऽपि**=रत्नाधिकः यत्र क्षुल्लकाय कार्यं समर्पयति । तत्र स इच्छाकारं करोति । तत्र च इच्छाकारप्रयोगेणैव क्षुल्लकस्य अभियोगशङ्काविरहो भवति । यदि तु तत्र इच्छाकारः न क्रियेत, तर्हि तत्र अभियोगशङ्का स्यादेवेति तत्र स्वतः अभियोगशङ्काविरहो नास्ति । किन्तु इच्छाकारेण स भवति । यत्र तु कश्चित् साधुः स्वयमेव कार्यकरणाय उपस्थितो भवति । तत्र कार्यस्वामी इच्छाकारं करोतु मा वा, तथापि परस्य अभियोगशङ्का नैव भवतीत्यत्र स्वतः अभियोगशङ्काविरहः अस्ति । एतादृक्स्थानेऽपीति भावः । निर्युक्तिगाथालेशस्यार्थस्तु अयं → यदा अन्यः साधुः स्वयमेव वैयावृत्यार्थमुपस्थितो भवति, तत्रापि स स्वकार्यदायकः साधुः मर्यादामूलीयं=मर्यादामूलभूतं इच्छाकारं तं वैयावृत्यकरं प्रति करोति"इति ।

**जस्स कज्जिहिति** इत्यादि । यस्य कार्यं क्रियते, स भणति परं → इच्छाकारेण मत्कार्यं कुरु←इति । शेषं सुगमम् ।

**ટીકાર્થ : ગુરુ :** જો કે ઈચ્છાકાર એ બળજબરીથી કામ કરાવવાનો નિષેધ કરવા માટે જ કહેવાયેલો છે. તો પણ તે ઈચ્છાકાર મર્યાદા છે. પરમાત્માની આજ્ઞા છે. અને માટે જ્યાં એની મેળે જ બલાત્કારાદિની શંકાનો અભાવ હોય ત્યાં પણ એ ઈચ્છાકાર કરવો જ જોઈએ.

નિર્યુક્તિકારે કહ્યું છે કે "સામે ચાલીને કામ સ્વીકારવા આવનારને કામ સોંપતી વખતે પણ કામ સોંપનારાએ ઈચ્છાકાર કરવો, કેમકે એ ઈચ્છાકાર મર્યાદાનું મૂળ છે.

ચૂર્ણિકારે પણ કહ્યું છે કે,→ સામેથી કામ કરવા કોઈ સાધુ આવે ત્યારે પણ જે સાધુનું કામ કરાય છે તે સાધુ બોલે કે "તું તારી ઈચ્છાથી આ કામ કરજે."

**પ્રશ્ન :** શા માટે તે પણ ઈચ્છાકારને કરે ? ઉત્તર : સાધુઓને આ ઈચ્છાકારપ્રયોગ એ મર્યાદાનું મૂળ છે.←

**यशो. - अयं भावः - न खल्वत्राभियोगशङ्कापरिहारकाम एवेच्छाकाराधिकारी, येन स्वतस्तच्छङ्काविरहस्थलेऽनधिकारिकृतत्वेन कार्यवैफल्यापत्तिः, किन्तु निर्जराविशेषकाम एव तदधिकारी । तत्कामना चोक्तस्थलेऽपि निरपाया ।**

**चन्द्र.** - अत्र निष्कर्षमाह - **अयं भावः** इत्यादिना । यो यस्मिन्कार्ये अधिकारी भवति । तत्कार्यं तेनाधिकारिणैव कृतं सफलं भवति । अनधिकारिकृतं शोभनमपि कार्यं निरर्थकं भवति । यथा पूजायां अनधिकारिणा साधुना कृता पूजा निष्फला भवति, यथा वा गोचरीचर्यायामनधिकारिणा गृहस्थेन कृता गोचरीचर्या निष्फला भवति। ततश्च सर्वस्मिन्कार्ये अधिकारी एव गवेषणीयः । न त्वनधिकारी । इच्छाकारसामाचार्यां तु यदि अभियोगशङ्कापरिहारकामः एव अधिकारी भवेत् । तर्हि स्वयमेव कार्यं कर्तुं उपस्थितं क्षुल्लकं प्रति इच्छाकारं कुर्वन् साधुः अभियोगशङ्कापरिहारकामो नास्ति, यतः तत्राभियोगशङ्कायाः अवकाश एव नास्ति । ततश्च तत्र तेन क्रियमाणः इच्छाकारः अनधिकारिकृतो भवतीति स निष्फल एव स्यात्। तस्मात् इच्छाकारे निर्जराविशेषकाम एव अधिकारी । ततश्च प्रकृतस्थाने अभियोगशङ्कापरिहारकामनाविरहितोऽपि साधुः सामाचारीपालनजन्यनिर्जराविशेषकामस्तु संभवत्येव । एवञ्च तत्र तेन क्रियमाणा सामाचारी अधिकारिकृता भवतीति न इच्छाकारस्य तत्र निष्फलत्वापत्तिः । एष भावार्थः प्रतिपादितः । अक्षरार्थस्तु स्पष्टत्वात् भावार्थगम्यत्वाच्च न पुनरुच्यते ।

સારાંશ એ છે કે "સામેવાળાને થઈ શકનારી અભિયોગની શંકાને દૂર કરવાની ઈચ્છાવાળો સાધુ જ ઈચ્છાકારનો અધિકારી છે" એવું નથી. એવું હોત તો ઉપરના સ્થળે એ શંકા જ ન હોવાથી એને દૂર કરવાની ઈચ્છા પણ ન હોય. એટલે ત્યાં સાધુ ઈચ્છાકારનો અધિકારી ન બને અને તો પછી ઈચ્છાકાર કરે તો એ ઈચ્છાકાર અનધિકારીએ કરેલો હોવાથી એ ઈચ્છાકાર રૂપી કાર્ય નિષ્ફળ જવાની આપત્તિ આવી શકે.

પરંતુ નિર્જરાવિશેષની ઈચ્છાવાળો આત્મા જ ઈચ્છાકારનો અધિકારી છે. અને એ ઈચ્છા તો ઉપરના સ્થલે = બલાભિયોગશંકા-અભાવ સ્થળે પણ ઈચ્છાકાર કરનારાને હોઈ જ શકે છે. એટલે એ ઈચ્છાવાળા વડે કરાતો ઈચ્છાકાર એ અધિકારી વડે જ કરાયેલો હોવાથી નિષ્ફળ ન બને. પરંતુ સફળ જ બને.

**यशो. - उक्तशङ्कापरिहारस्तु विधिवाक्यान्तर्गतेच्छापदादेव श्रोतुः संभवति ।**

**चन्द्र.** - ननु यदि सर्वत्र निर्जराविशेषकाम एव इच्छाकाराधिकारी । तर्हि यत्र बलाभियोगशङ्कासंभावना अस्ति । तत्रापि निर्जराविशेषकाम एव इच्छाकाराधिकारी मन्तव्यः, न तु तादृशाशङ्कापरिहारकामः । ततश्च तत्स्थले इच्छाकारं कुर्वाणस्य रत्नाधिकस्य बलाभियोगशङ्कापरिहारकामना नास्ति । तदभावे तु परस्य क्षुल्लकस्य तादृगाशङ्कायाः परिहारः कथं भवेद् ? इत्यत आह **उक्तशङ्कापरिहारस्तु** इत्यादि । **विधिवाक्यान्तर्गतेत्यादि।** "हे क्षुल्लक ! त्वं ममेदं कार्यं इच्छाकारेण कुरु" इति विधिवाक्यस्यान्तर्गतं यत् इच्छाकारपदं, तस्मादेव । यथा हि मिष्टं भुञ्जानस्य तृप्तिकामस्य तद्भोजनं पित्तशमनेच्छाविरहेऽपि पित्तशमनं करोति । तथैव इच्छाकारं कुर्वाणस्य निर्जराविशेषकामस्य स इच्छाकारः बलाभियोगशङ्कापरिहारेच्छाविरहेऽपि बलाभियोगशङ्कापरिहारं

करोत्येव ।

(**શિષ્ય :** "સામેવાળાની બલાભિયોગની શંકાનો પરિહાર થાઓ" એવી ઈચ્છાવાળો સાધુ ઈચ્છાકારનો અધિકારી નથી. પરંતુ 'નિર્જરા થાઓ' એવી ઈચ્છાવાળો સાધુ ઈચ્છાકારનો અધિકારી છે. એમ તમે કહ્યું. પણ આ તો બરાબર નથી. જો આ સાધુ બલાભિયોગશંકાનો પરિહાર કરવાની ઈચ્છા ન રાખે અને માત્ર નિર્જરાની જ ઈચ્છા રાખે તો સામેવાળાની બલાભિયોગશંકા શી રીતે દૂર થશે ? ભલે ઉપરના સ્થળે એ શંકા નથી. પણ સામેથી કામ સોંપતી વખતે... તો એ શંકાની શક્યતા છે જ. તમે તો ત્યાં પણ નિર્જરાની ઈચ્છાવાળાને જ અધિકારી ગણ્યો છે. ઈચ્છાકાર પ્રત્યે નિર્જરાકામનાવાળો જ અધિકારી ગણ્યો છે.)

**ગુરુ :** સામેવાળાની શંકાનો પરિહાર કરવા માટે ઈચ્છાકાર કરનારાએ બલાભિયોગશંકા-પરિહારની ઈચ્છા રાખવી પડે એવું તને કોણે કહ્યું ? અરે ! માત્ર નિર્જરાની ઈચ્છાથી એ સાધુ ઈચ્છાકાર કરે અને એના એ વિધિવાક્યની અંદર રહેલા 'ઈચ્છા' શબ્દથી જ શ્રોતાને અભિયોગની શંકા દૂર થઈ જાય. (જેમ માત્ર પૈસા કમાવવાની ઈચ્છાથી ડૉક્ટર ગ્લાનને સાચી દવા આપે. ગ્લાનની માંદગી દૂર કરવાની ઈચ્છા ન હોય તો પણ ગ્લાનની માંદગી દૂર થાય જ છે. એમ અહીં પણ સમજવું.)

---

**यशो. – उक्तशङ्कापरिहारस्य तत्प्रयोजनत्वाभिधानं तु प्रायिकं गौणं च । प्रवृत्तिस्तु तत्र निर्जराविशेषकामनयैव,**

---

**चन्द्र.** – ननु अष्टम्यां गाथायां इदं निरूपितं यदुत 'परपीडापरिहाराध्यवसायेनैव हि कृपापरीतचेतसः साधवः इच्छाकारं प्रयुञ्जते" इति । ततश्च इच्छाकारकरणस्य प्रयोजनं उक्तशङ्कापरिहाररूपं एव तत्र प्रतिपादितमभवत् । अधुना तु "निर्जराविशेषकाम एवेच्छाकारं प्रयुञ्जते" इति उच्यते । ततश्चात्र इच्छाकारकरणस्य प्रयोजनं निर्जराविशेषरूपं एव प्रतिपादितमभवत् । तत्किं सत्यं ? किं उक्तशङ्कापरिहारः इच्छाकारप्रयोजनं ? किं वा निर्जराविशेषः इच्छाकारप्रयोजनम् ? इति न वयं सम्यग्जानीमः इत्यत आह **उक्तशङ्कापरिहारस्येत्यादि । तत्प्रयोजनत्वाभिधानं तु**=इच्छाकारप्रयोजनत्वाभिधानं तु **प्रायिकं**=यत्र रत्नाधिकः स्वयं स्वकार्यं क्षुल्लकाय समर्पयति, तादृशेषु केषुचिदेव स्थानेषु संभवि । इच्छाकारस्य निर्जराविशेषात्मकं प्रयोजनं सर्वेषु इच्छाकारोचितस्थानेषु विद्यते, उक्तशङ्कापरिहारात्मकं प्रयोजनं तु कुत्रचिदस्ति, कुत्रचित् नास्ति । यत्रास्ति, तत्रापि निर्जराविशेषात्मकं प्रयोजनं तु अस्त्येव । ततश्च अष्टम्यां गाथायां प्रतिपादितं इच्छाकारप्रयोजनं प्रायिकं, प्रकृतगाथाप्रतिपादितं तु तत्प्रयोजनं सार्वत्रिकमिति न कोऽपि विरोधः ।

ननु यत्र स्थानेषु इच्छाकारप्रयोजनं उक्तशङ्कापरिहारो भवति । तत्र तु उक्तशङ्कापरिहारकाम एव इच्छाकाराधिकारी मन्तव्यः । अन्यत्र तु निर्जराविशेषकाम इति अत आह **गौणं च**=इच्छाकारस्य प्रधानं प्रयोजनं तु निर्जराविशेष एव । उक्तशङ्कापरिहारस्तु गौणं=अप्रधानं प्रयोजनं । न हि सार्वत्रिकं प्रधानं च प्रयोजनं दूरीकृत्य प्रायिकं गौणं च प्रयोजनं पुरस्कृत्याधिकारिभणनमुचितं । न हि प्रधानफलात्मकमोक्षकामं उपेक्ष्य गौणफलात्मकस्वर्गकामः दीक्षाधिकारी वक्तुं युक्त इति तु सुप्रतीतमेव । एवं च यथा दीक्षायाः फलं मोक्षः स्वर्गश्च प्रतिपाद्यते । तथापि दीक्षायां प्रवृत्तिस्तु मोक्षकामनयैव युक्ता । एवं इच्छाकारस्य फलं निर्जराविशेषः उक्तशङ्कापरिहारश्च प्रतिपाद्यते, किन्तु **प्रवृत्तिस्तु तत्र निर्जराविशेषकामनयैव** युक्ता ।

(**શિષ્ય :** તમારી વાતો બધી વિચિત્ર છે. આગળ તમે આઠમી ગાથામાં કહી ગયા કે "સામેવાળાને બલાભિયોગશંકા ન થાય એ માટે ઈચ્છાકાર કરવાનો છે." અર્થાત્ બલાભિયોગશંકાનો પરિહાર એ જ ઈચ્છાકાર કરવાનું પ્રયોજન બતાવેલું. અને હવે એમ કહો છો કે ઈચ્છાકાર કરનારાના મનમાં નિર્જરાવિશેષની ઈચ્છા હોય તો જ એ અધિકારી છે. બલાભિયોગશંકા પરિહારની ઈચ્છા ન હોય તો ય ચાલશે. આ બધું કેવું છે ?)

**ગુરુ :** "બલાભિયોગશંકાનો પરિહાર એ ઈચ્છાકારનું પ્રયોજન છે" એ અમારી વાત પ્રાયિક છે. અર્થાત્ બધે જ ઈચ્છાકાર આ શંકાના પરિહાર માટે જ કરવામાં આવે એવું નથી. જ્યાં આવી શંકાનો સંભવ જ ન હોય ત્યાં માત્ર નિર્જરા માટે જ કરવામાં આવે છે.

(**શિષ્ય :** પણ જ્યાં બલાભિયોગની શંકા શક્ય હોય ત્યાં તો એમ કહેવું જોઈએ ને કે "એ શંકાને દૂર કરવાની ઈચ્છાવાળો સાધુ અધિકારી ગણાય.")

ગુરુ : ત્યાં પણ એ શંકાનો પરિહાર ઈચ્છાકારનું પ્રયોજન ખરો. પણ એ તો ગૌણ જ છે. મુખ્ય તો નિર્જરાની પ્રાપ્તિ એ જ ઈચ્છાકારનું પ્રયોજન છે. અને માટે જ ઈચ્છાકાર કરવામાં જે પ્રવૃત્તિ થાય એ તો નિર્જરાવિશેષની ઈચ્છાથી જ થવી જોઈએ. (જેમ ચારિત્ર પાળવાથી સ્વર્ગ અને મોક્ષ બે ય મળે. છતાં ચારિત્રનું પાલન તો મોક્ષની ઈચ્છાથી જ કરવાનું છે. સદ્ગતિની પ્રાપ્તિ એ તો ગૌણ ફળ છે. જેમ ખેતી કરવાથી ધાન્ય અને ઘાસ બે ય પાકે. પણ ઘાસ માટે ખેતી નથી કરવાની. ધાન્ય માટે જ ખેતી કરવાની છે. એમ ઈચ્છાકાર દ્વારા નિર્જરા અને શંકાપરિહાર બે ય થાય. પરંતુ ઈચ્છાકાર નિર્જરા માટે જ કરવાનો છે. એ કરતા એની મેળે શંકાપરિહાર પણ થઈ જાય.)

---

**यशो. - 'एयं सामाचारि' (आ.नि. ७२३) इत्यादिना सामाचारीसामान्यस्य कर्मक्षपण-फलत्वाभिधानादिति दिग् ॥१४॥**

---

**चन्द्र.** - ननु यदि इच्छाकारस्य फलं निर्जराविशेषः यदि भवेत्, तदैव एतत् सर्वं वक्तुं युक्तम् । यदि च निर्जराविशेषफलं प्रतिपादितं न भवेत् तर्हि निरर्थकमेव भवन्निरूपणमित्यत आह **एयं सामाचारी इत्यादिना**="एयं सामायारीं जुंजंता चरणकरणमाउत्ता साहू खवंति कम्मं अणेगभवसंचियमणंतम्"इति गाथया **सामाचारीसामान्यस्य**=दशविधसामाचारीमध्यात् कस्याश्चिदपि सामाचार्याः **कर्मक्षपणफलत्वाभिधानात्** तथा च आगमप्रमाणेन 'इच्छाकारस्य फलं निर्जराविशेषः' इति सिद्धमिति न किञ्चिदनुपपन्नम् **इति दिग्** । अत्र विषये ग्रन्थकृतैव बहु वक्तव्यमस्ति । किन्तु विस्तरभयात् तदुपेक्ष्य दिग्दर्शनं कृतमिति ॥१४॥

(**શિષ્ય :** ઈચ્છાકાર કરવાથી કર્મ નિર્જરા થતી હોય તો તો કર્મનિર્જરાની ઈચ્છાથી ઈચ્છાકારમાં પ્રવૃત્તિ થાય એ બરાબર. પણ ઈચ્છાકારથી કર્મ નિર્જરા થાય છે એવું શી રીતે સાબિત થાય ?)

**ગુરુ :** આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે "ચરણસિત્તરી અને કરણસિત્તરીનું પાલન કરનારા આ (દશેય) સામાચારીને આદરનારા સાધુઓ અનેક ભવથી ભેગા કરેલા અનંતકર્મને ખપાવે છે."

આ પાઠમાં તમામે તમામ સામાચારીઓ કર્મક્ષયરૂપી ફળને ઉત્પન્ન કરનારી કહેવાઈ છે. એટલે ઈચ્છાકારથી પણ કર્મક્ષય થવાનો જ છે. એટલે કર્મક્ષયની ઈચ્છાથી એમાં પ્રવૃત્તિ કરવી એ યોગ્ય છે.

આ વિષયમાં ઘણી લાંબી ચર્ચાઓ થઈ શકે છે. અમે માત્ર દિક્સૂચન કરેલ છે ॥૧૪॥

**यशो. - ननु गुरोः शिष्यस्याभ्यर्थनायां किमर्थमियं मर्यादा ? तत्र बलाभियोग-स्यानौचित्याभावात्, इत्याशङ्क्याह -**

**आणाबलाभिओगो सव्वत्थ ण कप्पइ त्ति उस्सग्गो ।**
**अववायओ अ ईसिं कप्पइ सो आसणाएणं ॥१५॥**

**चन्द्र.** - ननु किमेषा मर्यादा सर्वेषां साधूनां अस्ति ? यद्वा गुरुभिन्नानामस्ति ? यदि सर्वेषां, तर्हि गुरुरपि स्वकार्यं शिष्याय इच्छाकारं कृत्वा दद्यादिति प्राप्तम् । तच्चानुचितम् । गुरुः यदि शिष्यस्योपरि बलाभियोगं कुर्यात्, तदापि न किमपि अनुचितम् । ततश्चैषा व्यवस्था गुरुभिन्नान् रत्नाधिकानाश्रित्य दृष्टव्येति पूर्वपक्षः प्राह **ननु गुरोः शिष्यस्येत्यादि ।**

उत्तरमाह → "आज्ञाबलाभियोगः सर्वत्र न कल्पते" इति उत्सर्गः । अपवादतश्च अश्वदृष्टान्तेन ईषत्कल्पते ← इति गाथार्थः ।

**શિષ્ય :** કામ સોંપનાર સાધુ સામેના સાધુનો ગુરુ ન હોય પરંતુ માત્ર વડીલ જ હોય તેવા સ્થળે એ વડીલ "બલાભિયોગ ન થઈ જાય" એ માટે ઈચ્છાકાર કરે, એ બરાબર. પરંતુ જ્યારે કામ સોંપનાર ગુરુ હોય અને સામેનો સાધુ શિષ્ય હોય ત્યારે તો ગુરુએ ઈચ્છાકાર કરવાની જરૂર જ નથી. ગુરુ પોતાના શિષ્ય ઉપર તો બળજબરી કરી જ શકે ને ? એમાં શું વાંધો છે ? ત્યાં બલાભિયોગ અનુચિત નથી લાગતો.

ગાથાર્થ : "આજ્ઞાબલાભિયોગ સર્વત્ર ન કલ્પે" એ ઉત્સર્ગમાર્ગ છે. અપવાદથી તો ઘોડાના દૃષ્ટાન્ત પ્રમાણે લેશથી કલ્પે છે.

**यशो. - आणा ति । आज्ञा=भवतेदं कार्यमेवेति प्रयोगः, तदकुर्वतो बलात्कारो बलाभियोगः, तत आज्ञया सह बलाभियोग इति तत्पुरुषः । आज्ञाबलयोरभियोगो व्यापार इत्यन्ये । आज्ञैव बलाभियोग इत्यपरे । स सर्वत्र=रात्निके शैक्षे वा सामान्यतः साधूनामिति शेषः, न कल्पते=नोचितो भवति इत्ययमुत्सर्गः=कारणापोद्यो नियमः । यदागमः - ( आव.नि.६७७ ) आणाबलाभिओगो णिग्गंथाणं ण कप्पए काउं । इच्छा पउंजियव्वा सेहे रायणिए तह त्ति ॥**

**चन्द्र.** - समाधानमाह-**आज्ञा भवतेदमित्यादि । सामान्यतः साधूनाम्**=गुरोः रत्नाधिकानाञ्च सर्वेषामेवेयं मर्यादा यदुत आज्ञाबलाभियोगो कुत्रापि न कल्पते । न तु इयं मर्यादा विशेषतः अस्ति यदुत 'गुरोः कल्पते, अन्येषां च न कल्पते' इति । **कारणापोद्यो नियमः**=पुष्टकारणे सति अपोद्यः=त्याज्यो यो नियमः स कारणापोद्यो नियमः । स एवोत्सर्गः ।

आवश्यकनिर्युक्तिगाथाभावार्थस्त्वयम् - निर्ग्रन्थानां निर्ग्रन्थान् गृहस्थान् वा प्रति आज्ञाबलाभियोगः कर्तुं न कल्पते । ततश्च कारणे सति शैक्षे तथा रात्निके इच्छाकारः प्रयोक्तव्य इति ।

**महतस्तस्य**=आज्ञाबलाभियोगस्य **प्रायः**=तथाविधकारणवशात् महद्बलाभियोगे क्रियमाणेऽपि प्रद्वेषो न भवत्यपि इति ज्ञापनार्थं प्रायः उक्तम् । यावान् बलाभियोगः प्रद्वेषनिबन्धनं न भवति, तावान्बलाभियोगः लघुः गण्यते । तदधिकस्तु महान् । ततश्चातीवापात्रं प्रति जघन्यो मध्यमो वाऽपि बलाभियोगः महान् भवति । मध्यमापात्रं प्रति तु महानेव बलाभियोगः महान् भवतीत्यादि स्वयमुह्यम् ।

**ગુરુ :** "તારે આ કરવું જ પડશે" એવો શબ્દ પ્રયોગ આજ્ઞા કહેવાય અને આમ કહ્યા પછી પણ પેલો જો કામ ન કરે તો બળજબરીથી કામ કરાવવું એ બલાભિયોગ કહેવાય. એટલે આજ્ઞાની સાથે જે બલાભિયોગ એ 'આજ્ઞાબલાભિયોગ' કહેવાય. આ પ્રમાણે તત્પુરુષ સમાસ કરવો. અથવા તો પછી "આજ્ઞા અને બલ" આ બેનો અભિયોગ=પ્રયોગ=વ્યાપાર એ પ્રમાણે સમાસ કરવો.

અથવા "આજ્ઞા એ જ બલાભિયોગ" એમ પણ સમાસ કરાય.

આ આજ્ઞાબલાભિયોગ વડીલને વિશે કે નાનાને વિશે ગુરુ કે કોઈપણ સાધુ કરી શકતો નથી. અર્થાત્ ગુરુ પણ શિષ્યને વિશે આજ્ઞાબલાભિયોગ કરવા માટે પાત્ર નથી. આ ઉત્સર્ગ છે. ઉત્સર્ગનો અર્થ જ એ કે કારણ આવી પડે ત્યારે જેનો ત્યાગ કરાય એવો નિયમ.

આવ.નિર્યુ.માં કહ્યું છે કે સાધુઓને શૈક્ષ કે રત્નાધિકને વિશે આજ્ઞા-બલાભિયોગ કરવો કલ્પતો નથી. એટલે બે યને વિશે ઈચ્છાકાર જ કરવો જોઈએ."

આ ઉત્સર્ગમાર્ગ છે.

---

**यशो. - अपवादतस्तु=अपवादपदमाश्रित्य तु ईषत्=मनाग्, महतस्तस्य प्रायः प्रद्वेषनिबन्धनत्वात् कल्पतेऽसावाज्ञाबलाभियोगः अश्वज्ञातेन=अश्वदृष्टान्तेन । स चायम्- यथा किलैकस्य जात्यवाह्लीकाश्वकिशोरस्य दमनार्थमेकेन राज्ञा सन्ध्यावेलायां तमधिवास्य प्रातर्वाह्यायां पुरतः कविकमुपढौकितं, तेन विनैवाभियोगं स्वयमेव तद्गृहीतम् । राजा च तं स्वयमधिरूढःसत्कृतश्चाहार-दानादिना । एवं यो गुरूपदिष्टं कार्यं स्वयमेव शिष्यः कुरुते न तत्राभियोगः ।**

---

**चन्द्र. - वाह्यायां**=अश्ववहनयोग्यायां भूमौ । **सत्कृतश्च**="स अश्वः राज्ञा" इति अध्याहारः कर्तव्यः ।

અપવાદને આશ્રયીને વિચારીએ તો થોડોક આજ્ઞા-બલાભિયોગ કરવો કલ્પે છે. વધારે આજ્ઞા-બલાભિયોગ તો પ્રાયઃ દ્વેષનું કારણ બને છે. માટે વધારે-મોટો આજ્ઞાબલાભિયોગ કરવો ન કલ્પે. આ પદાર્થ ઘોડાના દૃષ્ટાન્તથી જાણવો. તે આ પ્રમાણે છે - વાહ્લીકદેશમાં ઉત્પન્ન થયેલા એક જાતિમાન્ અશ્વને દમવાને માટે એક રાજાએ સાંજના સમયે તેને અધિવાસિત કરીને સવારે ઘોડાઓ ફેરવવાના સ્થળે એની આગળ કવિક=ચોકડું મૂક્યું. તેણે કોઈપણ જાતની બળજબરી કરાવ્યા વિના જ એ જાતે જ લઈ લીધું. રાજા તેના પર ચડ્યો. અને તેને આહારાદિ વડે સત્કાર્યો આ પ્રમાણે જે શિષ્ય ગુરુએ ઉપદેશેલા કાર્યને જાતે જ કરે છે તેને વિશે ગુરુએ બળજબરી કરવાની જ નથી.

**यशो. - अन्यः पुनर्मगधादिजनपदजातोऽश्वकिशोरोऽधिवासनवेलायां मातरमपृच्छत् - 'किं ममायं करिष्यति ?' इति । तयोक्तं - 'प्रातस्त्वां वाहयिष्यति, तत्स्वयमेव खलीनमादाय राज्ञस्तोषमुत्पादयेः' इति । तेन तन्मातृवचनं प्रतिश्रुतं तथैव च कृतम् । राज्ञा च तस्याहारदानादिनोपचारः कृतः । तेन तन्मातुरूपदिष्टम् । तयोक्तं - 'वत्स ! निजगुणफलमेतत् । अथ सा व्यतिरेकतो द्रढयितुमाह-'श्वस्तया न ग्राह्यं कविकम्' इति। तेन तथैव कृतम् । राज्ञा तस्य कशाप्रहारो दापितः, निषिद्धं च भोजनम्, वाहितश्च बलात्कारेणायम् । तेन मातुरुक्तम् । तयोक्तं-'दोषफलमिदम्' इति । 'तदुभयमार्गं दृष्ट्वानसि, यथा भव्यं जानीयास्तथा कुर्याः' । इत्येष दृष्टान्तः । अयमुपनयः - यः स्वयं वैयावृत्त्यादिकं न कुरुते स बलाभियोगेनापि कारणीय इति यदाह - ( आव. नि. ६७८-६७९ )**

**जह जच्चवाहलाणं आसाणं जणवएसु जायाणं । सयमेव खलिणगहणं अहवावि बलाभिओगेणं ।**

**पुरिसज्जाए वि तहा विणीयविणयम्मि णत्थि अभिओगो । अन्नम्मि उ अभिओगो जणवयजाए जहा आसे ॥ इति ॥ १५॥**

**चन्द्र. - प्रतिश्रुतं**=स्वीकृतं । **व्यतिरेकतो द्रढयितुमाह**=स्वयं कार्यकरणे आहारप्राप्त्यादिको लाभः भवति इति अन्वयसहचारः । यदि तु स्वयं कार्यं न क्रियते तर्हि ताडनबुभुक्षादिरुपा हानिः भवतीति व्यतिरेकसहचारः ।

तथा च "स्वयं विनयादिकं करणीयं" इति पदार्थमत्र व्यतिरेकसहचारतः दृढयितुमाह सा माता । **भव्यं**=योग्यं, सुन्दरं । **पुरिसज्जाए**=पुरुषसमूहे **विणीयविणयम्मि**=विनीतः=आत्मनि स्थापितः विनयः येन स, तस्मिन् **अन्नम्मि**=अविनीते । **जणवयजाए**=मगधजनपदोत्पन्ने ॥१५॥

પણ મગધાદિ જનપદમાં ઉત્પન્ન થયેલો બીજો કોઈ અશ્વકિશોર સાંજે પોતાનું અધિવાસન થતું જોઈને માતાને પુછવા લાગ્યો કે "આ મને શું કરે છે ?" માતાએ કહ્યું કે "સવારે તને વહન કરાવશે. તેથી તું જાતે જ કવિકને ગ્રહણ કરીને રાજાને ખુશ કરજે." તેણે માતાનું વચન સ્વીકાર્યું, તે જ પ્રમાણે કર્યું. રાજાએ આહારાદિ આપવા દ્વારા તેનો સત્કાર કર્યો. તેણે પોતાની માતાને કહ્યું.

માતા કહે કે "વત્સ ! તારા ગુણોનું તને આ ફળ મળ્યું છે" માતાએ "ગુણથી ફળ મળે છે" એ વાતને "અવગુણથી નુકસાન થાય છે" એ બતાવીને દઢ કરવા માટે કહ્યું કે,"આવતી કાલે તું કવિકને ગ્રહણ નહિ કરતો." તેણે એમ જ કર્યું. રાજાએ તેને ચાબુકના પ્રહારો અપાવડાવ્યા. ભોજનનો નિષેધ કર્યો. બળજબરીથી એનો ઉપર સવારી કરી. તેણે માતાને બધી વાત કરી. તેણે કહ્યું કે "આ દોષનું ફળ છે. એટલે તું હવે ગુણ અને દોષ બે ય ના માર્ગને જોઈ ચૂક્યો છે. જે તને સારું જણાય, તે પ્રમાણે તું કરજે."

આ દૃષ્ટાન્ત છે.

ઉપનય આ પ્રમાણે છે કે - જે સાધુ પોતાની મેળે વૈયાવચ્ચાદિ ન કરે તેની પાસે બળજબરીથી પણ વૈયાવચ્ચ કરાવડાવવી.

આવ.નિ.માં કહ્યું છે કે "જેમ વાહ્લીકાદિ દેશમાં ઉત્પન્ન થયેલા જાતિમાન અશ્વો અને મગધાદિમાં ઉત્પન્ન થયેલા અશ્વોનું જાતે જ કવિકનું ગ્રહણ અથવા બળજબરીથી કવિકનું ગ્રહણ થયું. એ જ પ્રમાણે અત્યંત વિનયી એવા પુરુષોને વિશે બળજબરી કરવાની નથી. પણ અવિનીતને વિશે બળજબરી કરવી. જેમ મગધજનપદમાં ઉત્પન્ન થયેલા અશ્વ ઉપર કરવામાં આવી ॥૧૫॥

---

**यशो. - अथाऽयोग्येऽपि पूर्वमेव नाभियोगः प्रवर्त्तते, किन्त्विच्छाकारादिक्रमेण । योग्यस्यापि स्खलनायां च भर्त्सनमित्यनुशास्ति –**

**पढमं इच्छाकारो तत्तो आणा तओ अ अभिओगो ।**
**जोग्गे वि अणुवओगा खरण्टया होइ खलियम्मि ॥१६॥**

---

**चन्द्र.** - भर्त्सनम्=दुर्वाक्यैः तिरस्करणं । → प्रथमं इच्छाकारः, ततः आज्ञा, ततश्च बलाभियोगः । योग्येऽपि अनुपयोगात् स्खलिते सति खरण्टना भवति ← इति गाथार्थः ।

"અયોગ્ય શિષ્યને વિશે પણ પહેલેથી જ અભિયોગ નથી કરવાનો. પરંતુ ઈચ્છાકારાદિના કામથી કરવાનો છે અને યોગ્ય શિષ્ય પણ જો કામ કરવામાં ભુલ કરે તો એને ઠપકો આપવો જોઈએ." આ વાત બતાવતા કહે છે કે

**ગાથાર્થ :** પહેલા ઈચ્છાકાર, પછી આજ્ઞા અને પછી અભિયોગ કરવો. યોગ્ય શિષ્ય પણ અનુપયોગથી સ્ખલના કરે તો એને ખરંટના=ઠપકો આપવો.

---

**यशो. - पढमं ति । अयोग्येन सह संवास एव न कर्त्तव्य इत्युत्सर्गः । यदि तु बहुस्वजनादिकारणप्रतिबद्धतया स परित्यक्तुं न शक्यते तदा तस्य प्रथममिच्छाकारः कर्त्तव्यः । ततोऽपि कार्यमकुर्वत आज्ञा । ततोऽप्यकुर्वतः पदैकदेशे पदसमुदायोपचारादभियोगो बलाभियोग इत्यर्थः 'कार्य' इति शेषः ।**

---

**चन्द्र.- अयोग्येन**=यो हि शिष्यः स्वयं वैयावृत्यादिकं न कुरुते, नापि गुरुणा इच्छाकारादिना प्रेरितोऽपि सन् वैयावृत्यं कुरुते । किन्तु यदा गुरुः आज्ञां ददाति, यदा वा स्वाज्ञोल्लंघने बलात्कारेण कारयति । तदा यः गुरुभयात् लज्जादिना वा वैयावृत्यं कुरुते । तादृशः यः शिष्यः सामान्यमुनिर्वा, स अयोग्यः । **बहुस्वजनादिकारणप्रतिबद्धतया**=बहुस्वजनो नाम अत्यासन्नो स्वजनः भ्रातृभागिनेयादिः । यद्वा बहवः स्वजनाः यस्य स बहुस्वजनः । यस्यायोग्यस्य बहवः स्वजना अत्रैव गच्छे प्रव्रजिताः स्युः, ते च अयोग्यनिष्काशने स्वजनानुरागात् निर्गमिष्यन्तीति । यदि वा तस्य बहवः स्वजनाः संसारे विद्यन्ते । तन्निष्काशने च कृते क्रुद्धास्ते प्रवचनहीलनादिकं कुर्युः । एतादृशः यो बहुस्वजनः, तदादिरुपं यत्कारणं । तेन या

प्रतिबद्धता=परवशता, तया । आदिग्रहणात् प्रत्यनीकनिग्रहसमर्थत्वादिकं ग्राह्यं । प्रत्यनीकादिनिग्रहे समर्थो हि मुनिः अयोग्योऽपि न परित्यक्तुं शक्यते ।

**ટીકાર્થ :** ઉત્સર્ગ માર્ગ તો એ જ છે કે અયોગ્યની સાથે રહેવું જ નહિ. પરંતુ "એ અયોગ્ય શિષ્ય તદ્દન નજીકનો સ્વજન હોય" (અથવા ઘણા બધા સ્વજનોવાળો હોય) વગેરે કારણોને લીધે ગુરુ એનો ત્યાગ કરવા માટે સમર્થ ન હોય. તો સૌ પ્રથમ એને ઈચ્છાકારપૂર્વક કાર્યો સોંપવા. તો પણ કામ ન કરે તો પછી આજ્ઞા કરવી. તો પણ કાર્ય ન કરે તો બલાભિયોગ કરવો. (ગાથામાં માત્ર 'અભિયોગ' શબ્દ જ લખેલો છે. પરંતુ 'બલાભિયોગ' એ આખો શબ્દ લખેલો નથી. છતાં તેનો એક દેશ 'અભિયોગ' શબ્દ છે. એ એક દેશમાં આખા શબ્દનો ઉપચાર કરવાથી અભિયોગ=બલાભિયોગ લઈ શકાય છે.)

---

**यशो. - तथा च चूर्णिकृतोक्तम् - "जो पुण खग्गूडो तंमि आणावि बलाभिओगो वि कीरइ, तंमि वि पढमं इच्छा पउज्जति जदि करेइ सुंदरं । अह ण करेइ ताहे बलामोडीए कारिज्जइ। तारिसा ण संवासेयव्वा । अह ते भायाभागिणेज्जादी वा ण तरंति परिच्चाएउं ताहे आणाबलाभिओगो वि कीरइ" इति ।**

---

**चन्द्र.** - चूर्णिपाठस्य भावार्थस्त्वयम् → यः पुनः अयोग्यः भवति । तस्मिन् आज्ञा बलाभियोगश्चापि क्रियते । तस्मिन्नपि प्रथमं इच्छाकारः प्रयुज्यते । यदि तेनैव वैयावृत्यं करोति, तर्हि सुन्दरं । यदि न कुर्यात्, तर्हि बलात्कारेण कार्यते । तादृशैः सह संवास एव न कर्तव्यः । किन्तु यदि स भ्रातृभागिनेयादिरूपः निकटस्वजनः सन् न त्यक्तुं शक्यते । तदा आज्ञाबलाभियोगोऽपि क्रियते ← इति । **खग्गूडो**=अयोग्यः, **बलामोडीए**= बलात्कारेण । **तारिसा ण संवासेयव्वा**=तादृशैः अयोग्यैः सह संवासः न कर्तव्य इति भावः।

ચૂર્ણિકારે કહ્યું છે કે → જે અયોગ્ય=ઉદ્ધત= અવિનીત શિષ્ય હોય, તેને વિશે આજ્ઞા અને બલાભિયોગ પણ કરાય. તેને વિશે પણ પહેલા તો ઈચ્છાકાર જ કરવો. એના દ્વારા જ જો એ કામ કરે તો ઘણું સારું. પણ જો એ ન કરે. તો પછી બળજબરીથી પણ કામ કરાવવું. આવા સાધુ સાથે ખરેખર તો રહેવું જ ન જોઈએ. પરંતુ તે ભાઈ, ભાણિયો વગેરે અત્યંત નજીકનો સગો હોય.. વગેરે કારણોસર જો એનો ત્યાગ કરવો શક્ય ન હોય તો પછી આજ્ઞા-બલાભિયોગ પણ કરાય. ←

---

**यशो. - इयं च व्यवस्था यः स्वजनादिर्योग्योऽनिच्छन्नपि गुर्वादिभयेन बिभेति कुललज्जया वा प्रत्यावर्त्तते तं प्रति द्रष्टव्या । यस्त्वाज्ञाबलाभियोगेन न कथमपि प्रत्यावर्त्तते प्रत्युत प्रकामं प्रकोपभाग् भवति तं प्रति न तदौचित्यम् । उक्तं च पञ्चाशके "गाढ़ाजोग्गे उ पडिसेहो" इति । सूक्तमपि--**

**उपदेशो हि मूर्खाणां प्रकोपाय न शान्तये । पयःपानं भुजङ्गानां केवलं विषवर्धनम् ॥ इति ।**

---

**चन्द्र.** - ननु अयोग्यं प्रति भवता इच्छाकारादिक्रमेण बलाभियोगकरणमपि अनुज्ञातं । किन्तु तत् सर्वत्र

न योग्यं प्रतिभाति । यतः कश्चिदयोग्यः मुनिः बलाभियोगेन क्रुद्धः सन् गुरुणा कलहं कुर्यात्, आत्मघातं वा कुर्यात्, अन्यं वा गुर्वादिकं घातयेत्, दीक्षां वा परित्यजेत्, गच्छनिन्दादिना प्रवचनहीलनां वा कुर्यात्, तस्मात् तत्र बलाभियोगः न सम्यक् इत्याशङ्कायां व्यवस्थामाह **इयं चेत्यादि । इयं च**=अयोग्यस्येच्छाकारादिक्रमेण बलाभियोगोऽपि कर्तव्य इति । **न तदौचित्यम्**=न बलाभियोगौचित्यम् । **गाढाजोग्गे**=अत्यन्तायोग्ये **पडिसेहो**=बलाभियोगस्य निषेधः । **सूक्तमपि**=जैनेतरग्रन्थे विद्यमानः शोभनः श्लोकोऽपि अत्र पदार्थे पुष्टिं कुर्वाणोऽस्तीति भावः । **विषवर्धनं**=विषवर्धकम् ।

(**શિષ્ય** : ગુરુ બળજબરી કરે અને શિષ્ય વીફરે, આર્તરૌદ્રધ્યાન કરે, દીક્ષા છોડી દે, ગુરુને મારી નાંખે... આવું બધું બને તો ?)

**ગુરુ** : આ ઉપરની જે વ્યવસ્થા છે એ તો જે સ્વજનાદિ (ભાણીયો-ભાઈ વગેરે) અયોગ્ય હોવા છતાં પણ, કામ કરવાની ઈચ્છાવાળો ન હોવા છતાં પણ ગુર્વાદિના ભયથી જો એ ગભરાતો હોય અથવા તો કુલની લજ્જા વગેરેને લીધે પણ અવિનય વગેરે દોષોથી પાછો ફરતો હોય એના પ્રત્યે જાણવી. અર્થાત્ એવા શિષ્યને વિશે જ આ આજ્ઞા-બલાભિયોગ કરવાની વાત છે.

પરંતુ જે સાધુ આજ્ઞા-બલાભિયોગ કરીએ તો પણ ભુલો સુધારવાનો ન હોય ઉલટું અત્યંત ક્રોધી બની જતો હોય, તેના પ્રત્યે આ બલાભિયોગ બિલકુલ યોગ્ય નથી. પંચાશકમાં કહ્યું છે કે "ગાઢ-અયોગ્યને વિશે આજ્ઞા-બલાભિયોગનો પ્રતિષેધ છે."

આ જ અર્થ બતાવનાર સુભાષિત પણ છે કે

→ મૂર્ખોને ઉપદેશ આપીએ તો એ મૂર્ખોને પ્રકોપને માટે થાય છે, શાંતિ માટે થતો નથી. સાપોને દૂધનું પાન એ માત્ર સાપોના ઝેરને વધારનારું જ બને. ←

---

**यशो. - योग्येऽपि=गुणित्वादर्हेऽपि अनुपयोगात्=अज्ञानान्न पुनरभिनिवेशात् स्खलिते=साधुसमाचारात् प्रच्युते खरण्टना=दुर्वाक्यैर्भर्त्सना भवति । एतेन विनीतविनये नास्त्यभियोग इत्यपोहितं भवति ।**

---

**चन्द्र. - गुणित्वाद्**=विनयवैयावृत्यादिगुणसमन्वितत्वात् । **न पुनरभिनिवेशात्**=गुणी साधुः अभिनिवेशात्=कदाग्रहात्="इदं न कर्तव्यम्"इति ज्ञानसत्त्वेऽपि निष्ठुरपरिणामात् स्खलनां नैव करोति । एतदेव अनेन पदेन सूचितम् । तस्य स्खलना अनुपयोगादिनैव भवति । **एतेन**=योग्ये मुनौ खरण्टनाकरणप्रतिपादनेन **अपोहितं भवति**=अपवादः प्रदर्शितो भवति । योग्ये अभियोगः न कर्तव्यः इत्युत्सर्गः । अनुपयोगात् स्खलनायां सत्यां योग्येऽपि अभियोगः कर्तव्यः इति अपवादः ।

જે શિષ્ય ગુણવાન્ હોવાથી યોગ્ય છે, છતાં અભિનિવેશથી નહિ (એટલે કે જાણી જોઈને નહિ) પરંતુ અજ્ઞાનથી સાધુ-સામાચારીઓમાં કોઈક ભુલ કરી બેસે તો ગુરુએ એને દુર્વાક્યો વડે સખત ઠપકો આપવો.

૧૫મી ગાથામાં જે કહેલું કે "વિનયી શિષ્યને વિશે બલાભિયોગ ન કરવો" એ ઉત્સર્ગમાર્ગ હતો. ઉપરની વાત દ્વારા અમે એમાં અપવાદ બતાવ્યો કે "અજ્ઞાનથી ભુલ કરનારા વિનયીને વિશે અપવાદમાર્ગે ઠપકો=બલાભિયોગ કરવો".

**यशो. - अथ तस्यानुपयोगप्रतिपक्षोपयोगहेतवे इच्छाकार एव पुनः प्रयुज्यतां किं खरण्टनया ? इति चेत् ?**

**चन्द्र.** - गुरुणा दुर्वाक्यैर्भर्त्सनारूपमनुचितं कार्यं नैव करणीयम्" इत्यभिप्रायवान् आह कश्चित् **अथेत्यादि।** गुरुणा वस्त्रप्रक्षालनादिकं किञ्चित्कार्यं योग्याय समर्पितं । स च तत्कार्यं अनुपयोगात् व्यस्मरत् । गुरुणा प्रहरे निर्गते सति तत्कार्यं अकृतं दृष्टं । ततश्च "तत्कार्यं स शिष्यः करोतु" इत्येवात्राभिप्रेतम् । तदर्थञ्च गुरुणा शिष्यं आहूय कथनीयं यदुत "शिष्य ! मया वस्त्रप्रक्षालनं भवते समर्पितम् । तत्किं त्वया कृतं ?" इति । एतद्वचनेनैव स्मृतिं प्राप्तः स योग्यः शीघ्रमेव तत्कार्यं करिष्यत्येव । अत्र च खरण्टनायाः न किमपि प्रयोजनं पश्यामो वयमिति प्रश्नकर्तुरभिप्रायः ।

**શિષ્ય** : એ ગુણી શિષ્ય જો અજ્ઞાનથી જ ભુલ કરતો હોય તો એ ભુલ તો અજ્ઞાન=અનુપયોગ દૂર થઈ જવાથી જ દૂર થઈ જાય. અને તો પછી અનુપયોગનો શત્રુ એવો ઉપયોગ એનામાં ઉભો કરવા માટે ગુરુ ફરીથી ઈચ્છાકાર પૂર્વક ભુલ બતાવે તો શું વાંધો ? ઉપયોગ આવતાની સાથે યોગ્ય શિષ્ય ભુલ સુધારતો થઈ જશે અને તેથી એની ભુલ સુધરી જશે. ત્યાં ખરંટના કરવાનું કોઈ પ્રયોજન નથી.

**यशो. - न, तस्य समाचारप्रवृत्तिमात्रार्थत्वात्, असमाचारप्रवृत्तस्य तन्निषेधार्थतया तु खरण्टनाया औचित्यात् । तदुक्तं-तस्या असमाचारनिषेधार्थत्वादिति ।**

**चन्द्र.** - समाधानमाह, **तस्य**=इच्छाकारस्य **समाचारप्रवृत्तिमात्रार्थत्वात्**=वैयावृत्यादिरुपे सम्यगाचारे प्रवृत्तिरेव अर्थः=प्रयोजनं यस्य स समाचारप्रवृत्तिमात्रार्थः, तत्त्वात् । यो मुनिः वैयावृत्यादिषु अप्रवृत्तः, तं तस्मिन् प्रवर्तयितुमिच्छाकारः क्रियते । एतावदेवेच्छाकारप्रयोजनं । नान्यत् । यदा तु स मुनिः वैयावृत्यादिकार्यविस्मरणोपेक्षादिरूपे असमाचारे प्रवर्तते । तदा तु असमाचारनिषेधः आवश्यकः । तदर्थञ्च न इच्छाकार उपयोगी, किन्तु तत्र खरण्टनैव युक्तेति । यदि हि समर्पितकार्यविस्मरणादिमान् मुनिः केवलं "तत्स्मरणकर्ता भवतु" इत्येव इष्येत, तर्हि तत्र समाचारप्रवृत्तिमात्रार्थः इच्छाकारोऽपि क्रियेत । किन्त्वत्र तेन मुनिना विस्मरणादिको योऽसमाचारः कृतः, तन्निषेधकरणमिष्यते, तदर्थञ्च खरण्टनैव युक्तेति निर्गलितार्थः । **तन्निषेधार्थतया**=असमाचारनिषेधः एव अर्थः प्रयोजनं यस्याः सा तन्निषेधार्था । तस्याः भावः इति तन्निषेधार्थता । तया । तस्याः=खरण्टनायाः । शेषं सुगमम् ।

**ગુરુ** : ના, સામાચારીમાં પ્રવૃત્તિ ન કરનારાને સામાચારીમાં પ્રવૃત્તિ કરાવવા માટે જ ઈચ્છાકાર છે. પણ જે ખોટી સામાચારીમાં પ્રવૃત્તિ કરે, સામાચારીમાં ભુલો કરે એને એ ભુલોનો નિષેધ કરવાને માટે તો ખરંટના જ યોગ્ય છે. આશય એ કે વસ્ત્ર પ્રક્ષાલનાદિ કામ સોંપતી વખતે ગુરુ ઈચ્છાકાર જ કરે. પણ એ શિષ્ય વસ્ત્રપ્રક્ષાલન કાર્યમાં ભુલ કરે તો પછી ગુરુ એને ઠપકો આપે. ત્યાં ઈચ્છાકાર ન ચાલે.

કહ્યું જ છે કે "ખરંટના એ અસામાચારીનો નિષેધ કરવા માટે છે."

**ईषत्प्रद्वेषोऽपि**=योग्यं प्रति क्रियमाणः प्रद्वेषः सामान्यतः कण्ठतः एव क्रियते, न तु हृदयतः । ततश्च स महान् न भवति । **न दोषावहः**=न गुरोः चारित्रनाशादिरूपदोषोत्पादकः ।

→ तस्यां खरण्टनायां द्वेषलेशोऽपि "प्रशस्तः" इति कृत्वा न दोषावहः । परिकर्मितः वत्सनागोऽपि न जीवितघातकरः ← इति गाथार्थः ।

(**શિષ્ય** : પણ ગુરુ આ રીતે શિષ્યને ઠપકો આપે તો એમાં ગુરુને ક્રોધ કરવો પડે ને ? એમાં ગુરુનું અહિત ન થાય ?)

**ગુરુ** : ઠપકો આપવામાં ગુરુએ કંઈક દ્વેષ કરવો પડે તો પણ એ ગુરુને નુકસાનકારી ન બને આ જ વાત હવે બતાવે છે.

**ગાથાર્થ** : ખરંટનામાં અલ્પદ્વેષ થાય, પણ એ પ્રશસ્ત હોવાથી દોષકારી ન બને. પરિકર્મિત કરાયેલો વત્સનાગ (ઝેર વિશેષ) પણ જીવિતનો ઘાત કરનારો નથી બનતો.

---

**यशो. - तीसे त्ति । तस्यां=खण्टनायां नूनं=निश्चितं द्वेषलेशोऽपि=इषद्द्वेषोऽपि न दोषावहः न श्रामण्यविरोधी प्रशस्त इति हेतोः । प्रशस्तरागस्येव प्रशस्तद्वेषस्यापि श्रामण्यानुपघातित्त्वात्, यथा च द्वेषस्य प्राशस्त्यं तथा सप्रपञ्चमध्यात्ममतपरीक्षायां व्यवस्थापितम् ।**

---

**चन्द्र.** - ननु कथं न श्रामण्यविरोधी स द्वेष इत्याशङ्कायामाह **प्रशस्त इति हेतोः** । यतः स प्रशस्तः, तस्मात् न श्रामण्यविरोधी । ननु कथं प्रशस्तोऽपि द्वेषः श्रामण्यविरोधी न स्यात् ? इत्याशङ्कायामाह **प्रशस्तराग-स्येवेत्यादि** । यथा देवगुरुधर्मेषु अनुरागात्मकः प्रशस्तो रागः न श्रामण्यविनाशकः । तथैव चारित्रवर्धनाद्यर्थं क्रियमाणः प्रशस्तः द्वेषोऽपि न श्रामण्यविघातक इति भावः ।

ઠપકો આપવામાં ગુરુને કંઈક દ્વેષ થાય તો પણ એ સાધુપણાનો ઘાતક નથી બનતો એ નક્કી વાત છે, કેમકે એ દ્વેષ પ્રશસ્ત=સારો છે.

(**શિષ્ય** : "ક્રોધ સાધુપણાનો ઉપઘાતક ન બને" એવું શી રીતે બને ?)

**ગુરુ** : જેમ દેવ, ગુરુ, ધર્મ પ્રત્યેનો પ્રશસ્ત રાગ એ સાધુપણાનો ઘાતક નથી બનતો. તેમ આ પ્રશસ્ત દ્વેષ પણ સાધુપણાનો ઘાતક ન બને.

(**શિષ્ય** : પણ આ દ્વેષને પ્રશસ્ત શી રીતે કહેવાય ?)

**ગુરુ** : "દ્વેષ શી રીતે પ્રશસ્ત કહેવાય ?" એ આખી વાત વિસ્તારથી અમે અધ્યાત્મમતપરીક્ષામાં બતાવી છે એ ત્યાંથી જ જાણી લેવી.

---

**यशो. - स्वरूपतो दुष्टस्याप्युपस्कारेणादुष्टत्वे दृष्टान्तमाह-वच्छनागोऽपि=विषविशेषः, परिकर्मितः=औषधविशेषयोगेन रसायनीकृतो 'न जीवितघातकरः'=नायुरपायविधायी । स्वरूपतस्तस्यायुःक्षयकरस्यापि यथा न परिकर्मणायां तथात्वं प्रत्युतारोग्यकान्त्यादि-**

**ईषत्प्रद्वेषोऽपि**=योग्यं प्रति क्रियमाणः प्रद्वेषः सामान्यतः कण्ठतः एव क्रियते, न तु हृदयतः । ततश्च स महान् न भवति । **न दोषावहः**=न गुरोः चारित्रनाशादिरूपदोषोत्पादकः ।

→ तस्यां खरण्टनायां द्वेषलेशोऽपि "**प्रशस्तः**" इति कृत्वा न दोषावहः । परिकर्मितः वत्सनागोऽपि न जीवितघातकरः ← इति गाथार्थः ।

(**શિષ્ય** : પણ ગુરુ આ રીતે શિષ્યને ઠપકો આપે તો એમાં ગુરુને ક્રોધ કરવો પડે ને ? એમાં ગુરુનું અહિત ન થાય ?)

**ગુરુ** : ઠપકો આપવામાં ગુરુએ કંઈક દ્વેષ કરવો પડે તો પણ એ ગુરુને નુકસાનકારી ન બને આ જ વાત હવે બતાવે છે.

**ગાથાર્થ** : ખરંટનામાં અલ્પદ્વેષ થાય, પણ એ પ્રશસ્ત હોવાથી દોષકારી ન બને. પરિકર્મિત કરાયેલો વત્સનાગ (ઝેર વિશેષ) પણ જીવિતનો ઘાત કરનારો નથી બનતો.

---

**यशो. - तीसे त्ति । तस्यां=खण्टनायां नूनं=निश्चितं द्वेषलेशोऽपि=इषद्द्वेषोऽपि न दोषावहः न श्रामण्यविरोधी प्रशस्त इति हेतोः । प्रशस्तरागस्येव प्रशस्तद्वेषस्यापि श्रामण्यानुपघातित्त्वात्, यथा च द्वेषस्य प्राशस्त्यं तथा सप्रपञ्चमध्यात्ममतपरीक्षायां व्यवस्थापितम् ।**

---

**चन्द्र.** - ननु कथं न श्रामण्यविरोधी स द्वेष इत्याशङ्कायामाह **प्रशस्त इति हेतोः** । यतः स प्रशस्तः, तस्मात् न श्रामण्यविरोधी । ननु कथं प्रशस्तोऽपि द्वेषः श्रामण्यविरोधी न स्यात् ? इत्याशङ्कायामाह **प्रशस्तराग-स्येवेत्यादि** । यथा देवगुरुधर्मेषु अनुरागात्मकः प्रशस्तो रागः न श्रामण्यविनाशकः । तथैव चारित्रवर्धनाद्यर्थं क्रियमाणः प्रशस्तः द्वेषोऽपि न श्रामण्यविघातक इति भावः ।

ઠપકો આપવામાં ગુરુને કંઈક દ્વેષ થાય તો પણ એ સાધુપણાનો ઘાતક નથી બનતો એ નક્કી વાત છે, કેમકે એ દ્વેષ પ્રશસ્ત=સારો છે.

(**શિષ્ય** : "ક્રોધ સાધુપણાનો ઉપઘાતક ન બને" એવું શી રીતે બને ?)

**ગુરુ** : જેમ દેવ, ગુરુ, ધર્મ પ્રત્યેનો પ્રશસ્ત રાગ એ સાધુપણાનો ઘાતક નથી બનતો. તેમ આ પ્રશસ્ત દ્વેષ પણ સાધુપણાનો ઘાતક ન બને.

(**શિષ્ય** : પણ આ દ્વેષને પ્રશસ્ત શી રીતે કહેવાય ?)

**ગુરુ** : "દ્વેષ શી રીતે પ્રશસ્ત કહેવાય ?" એ આખી વાત વિસ્તારથી અમે અધ્યાત્મમતપરીક્ષામાં બતાવી છે એ ત્યાંથી જ જાણી લેવી.

---

**यशो. - स्वरूपतो दुष्टस्याप्युपस्कारेणादुष्टत्वे दृष्टान्तमाह-वच्छनागोऽपि=विषविशेषः, परिकर्मितः=औषधविशेषयोगेन रसायनीकृतो 'न जीवितघातकरः'=नायुरपायविधायी । स्वरूपतस्तस्यायुःक्षयकरस्यापि यथा न परिकर्मणायां तथात्वं प्रत्युतारोग्यकान्त्यादि-**

**गुणाधायकत्वमेव, तथा स्वरूपतः संसारहेतोर्द्वेषस्य खरण्टनादौ प्रशस्ताध्यवसायपरिकर्मितस्य न तथात्वं, प्रत्युत संयमप्रवर्त्तनादिगुणहेतुत्वमेवेति भावः ॥१७॥**

**चन्द्र.** - ननु रागः द्वेषश्चेति द्वौ एव दोषौ संसारमूलमिति सुप्रसिद्धमेव । ततश्च तौ अप्रशस्तौ एव भवतः। रागस्तु यद्यपि देवगुर्वादिविषयकः प्रशस्तो मन्यते । किन्तु द्वेषस्य प्रशस्तता तु न प्रतीयत इत्यत आह **यथा च द्वेषस्येत्यादि । सप्रपञ्चं**=सविस्तरं । द्वेषो हि स्वरुपतः दुष्टः तथापि **उपस्कारेण**=किञ्चित्परिवर्तनादिरूपेण अदुष्टो भवति । एतदर्थे लौकिकं दृष्टान्तमाह **वच्छनागोऽपीत्यादि । तथात्वं**=आयुःक्षयकरत्वं । **न तथात्वं**= न संसारहेतुत्वं । **संयमप्रवर्तनादिगुणहेतुत्वं**=खरण्टनया उत्साहितो मुनिः संयमे प्रवर्तते, असंयमाच्च निवर्तते। एवं संयमप्रवर्तनादिगुणानां हेतुः खरण्टना भवति ॥१७॥

(**શિષ્ય :** "દ્વેષ એ સ્વરૂપથી તો દુષ્ટ જ છે" એ બધાને માન્ય છે. તો પછી એ સારો શી રીતે બને ?)

**ગુરુ :** સ્વરૂપથી ખરાબ વસ્તુ પણ અમુક ફેરફાર કરવામાં આવે તો અદુષ્ટ બની શકે છે. દા.ત. ઝેર ઔષધ વિશેષ નાંખીને રસાયનરૂપ બનાવવામાં આવે તો જેમ જીવનનો નાશ કરનારા તરીકે પ્રસિદ્ધ એવું પણ તે ઝેર રસાયન બની ગયું હોવાથી આયુષ્યનો ઘાત કરતું નથી. ઉલ્ટું આરોગ્ય, શરીરની કાંતિ વગેરે ગુણોને ઉત્પન્ન કરનારું જ બને છે. એમ સ્વરૂપથી સંસારનું કારણ એવો પણ, ઠપકો આપતી વખતે ઉત્પન્ન થતો દ્વેષ એ શિષ્યહિતભાવના વગેરે રૂપ પ્રશસ્ત અધ્યવસાયથી પરિકર્મિત થયેલો હોય તો એ સંસારનું કારણ ન બને. ઉલ્ટું "એ શિષ્યને સંયમમાં પ્રવર્તાવવો" વગેરે ઘણા ગુણોનું કારણ બને છે. ॥૧૭॥

**यशो. - अथ खरण्टनादिप्रद्वेषभयाद्य आचार्यः स्वयमेव वैयावृत्त्यं करोति, तदनौचित्यमुद्भावयन्नाह-**

**जो सयमेव य भीओ वेयावच्चं करेइ आयरिओ ।**
**तेण णियपाणिणच्चिय सीसा किज्जंति अविणीआ ॥१८॥**

**चन्द्र.** - **खरण्टनादिप्रद्वेषभयात्**=खरण्टनादौ यः स्वमनसि उत्पद्यमानः प्रद्वेषः तेन यत् संयमविघातदुर्गति-प्राप्त्यादिफलचिन्तनजन्यं भयं, तस्मात् **स्वयमेव**=न तु शिष्यादिना **वैयावृत्त्यं**=वैयावृत्यं अत्र द्विविधं, स्वकीयं परकीयं च । तत्र स्ववैयावृत्यं आचार्यस्यैव संबंधि वस्त्रप्रतिलेखनवस्त्रप्रक्षालनगोचरी-चर्यासंस्तारककरणादिकं कृत्यं । ग्लानादिसंबंधि तु तदेव कृत्यं परवैयावृत्यं । एतादृशं द्विविधं वैयावृत्यं । **तदनौचित्यं**=आचार्येण स्वयं क्रियमाणस्य द्विविधवैयावृत्यस्य अनुचितत्वं **उद्भावयन्नाह**='के तत्र दोषा भवन्ति'इति प्रकटयन्नाह । शेषं स्पष्टम् ।

→ यः आचार्यः भीतः सन् स्वयमेव वैयावृत्यं करोति, तेन निजहस्तेनैव शिष्याः अविनीताः क्रियन्ते ← इति गाथार्थः ।

"શિષ્યને ઠપકો આપવામાં મારે દ્વેષ કરવો પડે છે" એવા ભયથી જે આચાર્ય જાતે જ વૈયાવચ્ચને કરે, તે આચાર્ય અનુચિત કામ કરે છે એ બતાવતા ગ્રન્થકાર કહે છે કે

ગાથાર્થ : જે આચાર્ય (દ્વેષ કરવો પડશે એવા ભાવથી) ગભરાયેલાં છતાં જાતે જ વૈયાવચ્ચ કરે તેણે તો પોતાના હાથે જ પોતાના શિષ્યને અવિનયી બનાવ્યા.

**यशो. - जो सयमेव य त्ति । यः स्वयमेव=आत्मनैव चस्त्वर्थः भीतः=परस्य वैयावृत्त्यादिकारणे खरण्टनादिद्वेषप्रसङ्गादवाप्तभयः वैयावृत्त्यं=उपधिप्रतिलेखनाहाराद्यानयनादिकं करोति आचार्यः=आचार्यपदस्थः, तेन निजपाणिनैव=स्वहस्तेनैव शिष्या अविनीताः क्रियन्ते, गुरुणैव स्ववैयावृत्त्यकरणे तेषां तत्करणप्रयुक्तविनयोच्छेदात् । एवं च तेषां तत्करणजन्यनिर्जरालाभेन वञ्चनम्, गुरोश्च तत्कारणजन्यनिर्जरालाभेनेति दोषः ।**

**चन्द्र. - तत्करणप्रयुक्तविनयोच्छेदात्**=गुरुवैयावृत्यस्य यत्करणं, तेन प्रयुक्तो यो विनयः, तस्योच्छेदात्। **तत्कारणजन्यनिर्जरालाभेन**=वैयावृत्यस्य शिष्यैः यत् कारणं, तज्जन्या या निर्जरा, तल्लाभेन वञ्चनं गुरोः भवति ।

શિષ્ય વગેરેની પાસે પોતાની કે ગ્લાનાદિની વૈયાવચ્ચ વગેરે કરાવવામાં ઠપકો આપવો અને એમાં દ્વેષ થવો વગેરે પ્રસંગો ઉપસ્થિત થતા હોવાથી ગભરાઈ ગયેલા જે ગુરુ જાતે જ ઉપધિપ્રતિલેખન, આહાર લાવવો વગેરે કામ કરે. આચાર્ય પદ ઉપર રહેલા તે ગુરુ પોતાના હાથ વડે જ શિષ્યોને અવિનયી બનાવવાનું કામ કરે છે, કેમકે ગુરુ પોતે જ પોતાની વૈયાવચ્ચ કરવા માંડે એટલે શિષ્યોને તો ગુરુની વૈયાવચ્ચ કરવા દ્વારા જે વિનય કરવાનો હતો એનો તો વિચ્છેદ જ થાય.

આમાં તે શિષ્યોને વૈયાવચ્ચ, વિનયાદિ કરવાથી ઉત્પન્ન થનારી નિર્જરાને ગુમાવવાનો વખત આવે. અને ગુરુને શિષ્યોને વૈયાવચ્ચ કરાવવા દ્વારા જે નિર્જરા પ્રાપ્ત થતી હતી એ ગુમાવવાનો વખત આવે.

**यशो. - इदमुपलक्षणम् - सूत्रार्थपलिमन्थो वादिनि राजादौ वा समागते वैयावृत्त्यपरे गुरौ 'अहो ! अनीश्वराः प्रव्रजिता एते' इति प्रवचनलाघवमप्युपजायते । तदुक्तं -**

**सुत्तत्थेसु अचिंतण आएसे वुड्ढसेहगगिलाणे । बाले खमणे वाई इड्ढीमाई अणिड्ढीआ।।**

**एएहिं कारणेहिं तुंबब्भूओ अ होइ आयरिओ । वेयावच्चं करणं कायव्वं तस्स सेसेहिं।।**

**जेण कुलं आयत्तं तं पुरिसं आयरेण रक्खिज्जा । ण हु तुंबंमि विणट्ठे अरया साहारया हुंति ।।**

**चन्द्र. - इदमुपलक्षणम्**=स्वज्ञापकत्वे सति स्वेतरज्ञापकत्वं उपलक्षणत्वम् । अत्र विनयोच्छेदरूपो दोषः प्रतिपादितः । अन्ये तु दोषाः न कथिताः । किन्तु विनयोच्छेदरूपः प्रतिपादितः दोषः स्वमपि ज्ञापयति, स्वेतरान् अनुक्तानपि दोषान् ज्ञापयति । तानेव दोषानाह-**सूत्रार्थपलिमन्थः**=गुरोः सूत्रार्थयोः व्याघातः । सततं स्वकीयपरकीयवैयावृत्यपरस्य गुरोः सूत्रार्थपरावर्तनानुचिन्तनादिकरणाय समयाभावात् प्राक्पठितौ सूत्रार्थौ विस्मृतौ भवतः । अन्यौ च नूतनौ सूत्रार्थौ न भवतः । गुरोश्च सूत्रार्थविनाशे गच्छस्य सूत्रार्थविनाशः सुलभ एव।

ततश्च शासनविच्छेदोऽपीति महतीयं दोषपरंपरा ।

**अनीश्वरा प्रव्रजिता एते**=एते साधवः इश्वररहिता=स्वामिरहिताः । यतः एतेषां स्वामी तु सेवकवत् वैयावृत्यं कुरुते । तादृशश्च स्वामी कथं स्वामी गण्यते ? तस्मात् अनाथा एते साधवः । यदि वा एते **प्रव्रजिताः**=एते आचार्याः **अनीश्वराः**=न इश्वराः, न एतेषां स्वामिनः, ये एतादृशं सेवकयोग्यं वैयावृत्यं कुर्वन्तीति ।

गाथात्रयस्यार्थः - सुत्रार्थेषु अचिंतनं, आदेशे=प्राधूर्णके, वृद्धशैक्षग्लानेषु, बाले, क्षपके=तपस्विनि, वादिनि ऋद्धिमत्सु=राजामात्यादिषु, ऋद्धिरहितेषु=प्रव्रज्याद्यर्थमागतेषु सामान्यजनेषु च अचिंतनं । वैयावृत्यव्यापृतः गुरुः न एतेषु उचितं कार्यं चिन्तयितुमलं । 'किमेतेषु कर्तव्यम्''इत्यादि । यदि उचितकार्यचिन्तनमपि तस्य दुष्करं । तर्हि उचितकार्यकरणस्य तु वार्ताऽपि दुःश्रद्धेया ।

**एतेहि कारणेहिं**=यस्मादेते दोषाः, तस्मात् **तुंबब्भूओ उ आयरिओ**=चक्रमध्यभागसदृशः आचार्यः । यथा चक्रस्य अरकाः तुंबात्मकेन आधारेणैव तिष्ठन्ति । तुंबाभावे तु ते विनश्यन्ति । तथैव आचार्ये सुखं विद्यमाने सत्येव वृद्धशैक्षग्लानबालक्षपकादयः सुखं तिष्ठन्ति । आचार्यस्य व्याकुलतायां सत्यां ते सर्वे विनश्येयुः । शेषं स्पष्टम् ।

**जेण कुलं आयत्तं**=यस्याचार्यस्य कुलं अधीनं, **तं पुरिसं**=तमाचार्यं **आयरेण रक्खिवज्जा**=आदरेण सकल कुलरक्षकं तं आचार्यं रक्षेत् । न हि तुंबे विनष्टे सति अरकाः साधारकाः=आधारसहिताः भवन्ति ।

આ તો એક-બે દોષો બતાવ્યા. એ સિવાય બીજા પણ દોષો છે.

(૧) ગુરુનો સમય પોતાની વૈયાવચ્ચાદિમાં જ પસાર થઈ જવાથી, થાક લાગવાથી ગુરુના સૂત્ર અને અર્થ કાચા થાય, બગડે, ઘટે.

(૨) વાદી કે રાજા આવે અને ગુરુને કાપ કાઢવાદિ રૂપ વૈયાવચ્ચ કરતા જુએ તો તેઓ વિચારે કે "આ સાધુઓ તો સ્વામી=ઈશ્વર=અધિપતિ=નાથ વિનાના છે. બધા એક સરખા જ છે. ગુરુ જ નોકરની જેમ કામ કરે છે." આમ શાસનની લઘુતા પણ થાય.

કહ્યું જ છે કે "આચાર્ય જો ઋદ્ધિહીન હોય. અર્થાત્ વૈયાવચ્ચાદિ કરનારા હોય તો તેઓ સૂત્રાર્થનું ચિંતન નહિં કરી શકે. ઉપરાંત આચાર્યની આવી હાલત હોય તો પછી, આદેશ=મહેમાન સાધુઓ, વૃદ્ધ, શૈક્ષ, ગ્લાન, બાલ, ક્ષપક, વાદી, રાજા વગેરે ઋદ્ધિમાન્ પુરુષો આ બધા સીદાય. અર્થાત્ આ બધાને લઈને ઘણા દોષો થાય.

આ જ કારણસર આચાર્ય એ તુંબ જેવા છે. (ગાડાના ચક્રની બરાબર વચ્ચેનો ભાગ તુંબ કહેવાય. ચક્રના આરાઓ એ તુંબના આધારે જ ટકેલા હોય છે.) માટે તેમનું વૈયાવચ્ચરૂપી કામ બાકીના સાધુઓએ કરવું જ જોઈએ.

આ કુળ (સાધુ સમુદાય) જે પુરુષ (આચાર્યાદિ) ને આધીન હોય તે પુરુષને તો ખૂબ જ આદરથી રક્ષવો જોઈએ, કેમકે જો તુંબ નાશ પામે તો પછી આરાઓ આધારવાળા નથી રહેતા. નિરાધાર બની જાય છે.

---

**यशो. - एवं चैतावद्दोषान् पर्यालोच्योक्तदोषाभासं च पर्यालोच्य स्वयमेव वैयावृत्त्यकरणमाचार्यस्यानुचितमिति भावः ॥१८॥**

---

**चन्द्र. - एतावद्दोषान्**=आचार्येण स्वयं वैयावृत्यकरणे समुत्पद्यमानान् दोषान् **उक्तदोषाभासं**=शिष्यैः वैयावृत्यकारणे खरण्टनायामवश्यं कर्तव्यायां समुत्पद्यमानः यः इषत्प्रद्वेषरूपः दोषाभासः, तं । यः दोषो नास्ति, किन्तु दोषवत् आभासते=दृश्यते स दोषाभासः कथ्यते ॥१८॥

એટલે ઠપકો વગેરે ન આપવામાં આવા અનેક દોષો લાગે છે અને ઠપકો આપવામાં જે દ્વેષ થવા વગેરે સ્વરૂપ દોષો છે તે વસ્તુતઃ તો દોષ જ નથી. એ વાત વિચારીને આચાર્યે પોતાનું વૈયાવચ્ચ જાતે જ કરવું એ અનુચિત સાબિત થાય છે ॥૧૮॥

---

**यशो. - अथ 'अहं तव प्रथमालिकाद्यानयामि' इतीच्छाकारं कृत्वा लब्ध्यभावात्तदनानयने निर्जरावैकल्यं स्यादित्याशङ्कामपाकर्त्तुमाह –**

**इच्छाकारं किच्चा अदीणमणस्स लद्धिविरहे वि ।**
**विउलो णिज्जरलाभो होइ धुवं भावदाणेणं ॥१९॥**

---

**चन्द्र. - प्रथमालिकादि**=प्रातःकालसंभविनी गोचरी प्रथमालिका । तदादि । **लब्ध्यभावात्**= लाभान्तरक्षयोपशमजन्या या लब्धिः, तदभावात् **तदनानयने**=प्रथमालिकाप्राप्त्यभावे **निर्जरावैकल्यं**= निर्जराऽभावः । प्रथमालिकाद्यर्थं इच्छाकारः कृतः । किन्तु सा न लब्धा । ततश्च इच्छाकारोऽपि निरर्थक एव भवतीति तत्र न काऽपि निर्जरा स्यादिति भावः ।

→ इच्छाकारं कृत्वा लब्धिविरहेऽपि अदीनमनसः भावदानेन विपुलः निर्जरालाभो ध्रुवं भवति ← इति गाथार्थः ।

**શિષ્ય :** "હું તમારી નવકારશી લાવીશ" એ પ્રમાણે ઈચ્છાકાર કર્યા બાદ જો એ સાધુ પોતાની લબ્ધિ ન હોવાથી નવકારશી ન લાવી શકે તો પછી એ સાધુએ ભક્તિ ન કરી હોવાથી નિર્જરાનો અભાવ જ થશે ને?

**ગાથાર્થ :** ઈચ્છાકાર કર્યા બાદ લબ્ધિના અભાવમાં પણ અદીનમનવાળા સાધુને ભાવદાન વડે પુષ્કળ નિર્જરાલાભ અવશ્ય થાય છે.

---

**यशो. - इच्छाकारं ति । इच्छाकारं='अहं तवेच्छयाऽऽहारमानयामि' इत्यादिरूपं कृत्वा लब्धिविरहेऽपि अदीनमनसः=पश्चात्तापानाक्रान्तचेतसः भावदानेन ध्रुवं=निश्चितं विपुलो निर्जरालाभो भवति ।**

---

**चन्द्र. - पश्चात्तापानाक्रान्तचेतसः**="निष्पुण्यकोऽहं । यन्मया प्रथमालिकादि न लब्धं । ममेच्छाकारोऽपि निष्फलो जातः" इत्यादिरुपेण पश्चात्तापेन विरहितं चेतः यस्य स, तस्य **भावदानेन**= प्रथमालिकाऽलाभात् तेन द्रव्यतः साधुभक्तिः न कृता । किन्तु भावतस्तु कृतैवेति भावरूपया साधुभक्त्या ।

**ગુરુ :** "હું ઈચ્છાથી તારો આહાર લાવીશ" એ પ્રમાણે ઈચ્છાકાર કર્યા બાદ આહાર વગેરે ન મળે તો પણ જો એ સાધુ પશ્ચાત્તાપથી ભરેલા મનવાળો ન બને (મને ભક્તિનો લાભ ન મળ્યો. મારો ફેરો નિષ્ફળ ગયો. મને કોઈ જ નિર્જરા નહિ થાય... આવો પશ્ચાત્તાપ જો ન કરે તો..) તો એણે વસ્તુનું દાન ન કર્યું હોવા છતાં

ભાવથી તો સાધુને ગોચરીનું દાન કર્યું જ છે. એટલે એને અવશ્ય પુષ્કળ નિર્જરાલાભ થાય.

**चन्द्र.** - **अत्र**='मिच्छा मि दुक्कडं' इति प्राकृतशैलिशालिनि प्रयोगे चतुर्णामक्षराणां='मिच्छा मि दु' इति अक्षराणां **संभूय**=संमील्य **एकवाक्यतया**=यथा एकमेव वाक्यं भवेत्, तथा **अन्वयबोधजनकत्वं**= शाब्दबोधोत्पादकत्वं । **द्वयोस्तु**="क्क, डं" इति द्वयोः अक्षरयोः **तात्पर्यवशात्**= अत्रेदं एव तात्पर्यं यदुत "क्क, डं" अक्षरयोः स्वतन्त्रे एव द्वे वाक्ये भवताम् । ततश्च तादृशतात्पर्यवशात् **स्वातन्त्र्येण**=क्क इति अस्य स्वतन्त्रं वाक्यं 'डं' इत्यस्यापि च स्वतन्त्रं वाक्यं । न तु द्वयोः संमील्य एकं वाक्यमिति । **मुख्यवाक्यस्यापि पार्थक्येन**='मिच्छा मि दुक्कडं' इति यत् मुख्यं वाक्यं । तस्यापि भेदेनेत्यर्थः ।

कायनम्रताभावनम्रतावान् अहं यथा पुनः स दोषो न भवति तथा संयमात्ममर्यादायां स्थितः सन् दुष्कृतकारिणं मदात्मानं निन्दामीति चतुर्णां अक्षराणां एकमेव वाक्यम् । 'इदं पापं मया कृतं, न तु अन्येन' इति 'क्क' अक्षरस्य एकं वाक्यम् । 'कृतं पापमहं उपशमभावेनोल्लंघयामि'इति 'डं' अक्षरस्य स्वतन्त्रं वाक्यम्। "मम दुष्कृतं मिथ्या भवतु" इति मुख्यं वाक्यं तु पृथगेव । अत्र प्रत्येकाक्षरार्थस्य रहस्यं सूक्ष्मधिया विभावनीयम् । अत्र तु संक्षेपतः किञ्चिदुच्यते ।' स्वमस्तकं नामयित्वा ललाटे हस्तौ लगयित्वा "मिच्छा मि दुक्कडं वक्तव्यम्" इति कायनम्रतायाः अर्थः । तथा "अहं दुष्कृतकारी दुरात्माऽऽसम्"इति अहङ्कारं त्यक्त्वा स्वात्महीनताचिन्तनं भावनम्रता ।

"यत्पापं मया कृतं, तत् पुनः न कदापि करिष्यामीति दृढनिश्चयपूर्वकं 'मिच्छा मि दुक्कडं' वक्तव्यमिति दोषाच्छादनस्यार्थः ।

संयममर्यादां त्यक्त्वा मयैतत्पापं कृतं । अधुना पापे एव स्थित्वा मिथ्यादुष्कृतदानं निरर्थकमेव इति यथा भविष्यत्काले पापं न करिष्यामि, तथैव वर्तमानकालेऽपि तत्त्यागं कृत्वा संयममर्यादायां स्थित्वैव 'मिच्छा मि दुक्कडं' देयमिति 'संयममर्यादायां स्थितः' इति अस्य भावार्थः । अष्टाह्निकामहोत्सवे प्रथमदिने प्रचुरां विकृतिं भुक्त्वा रात्रौ पश्चात्तापवान् स साधुः चिन्तयति, "अहं पापात्मा, यत् गुरुमनापृच्छयैव विकृतिं भक्षयामि । अहं निर्णयं करोमि यदुत अष्टदिवसानन्तरं नाहं कदापि निष्कारणं गुरुमनापृच्छय वा विकृतिं भक्षयामि । अष्टदिवसेषु

तु आसक्तिपरवशोऽहं न विकृतिं त्यक्तुं क्षमः" इति । एवञ्च चिन्तयित्वा मिथ्यादुष्कृतं ददाति । अयं हि भविष्यत्काले पापाकरणनियमवान् अस्ति । किन्तु वर्तमानकाले मिथ्यादुष्कृतदानकाले संयममर्यादायां व्यवस्थितो नास्तीति अत्र 'मि' इति चतुर्थाक्षरस्य अर्थो न घटते इत्यादि विभावनीयम् ।

तथा "इदं पापं मया कृतं । किन्तु मया सहानेनापि साधुना कृतम्"इत्यादि यः वदति । तस्य सम्यग् पश्चात्तापभावो नास्तीति प्रतीयत एव । यतः परस्यापि पापं प्रकटयित्वा स स्वपापं मन्दं कर्तुमीहते, तादृशेच्छाभावेऽपि अनुचितमेव स्वपापनिवेदनेऽन्यस्यापि पापस्य निवेदनमिति यावत् स्वकृतं पापं, तावद् वक्तव्यं । तस्याभ्युपगमोऽपि कर्तव्यः । किन्तु तत्पापकर्तुरन्यस्यापि निवेदनं न कर्तव्यमिति 'क्क' अक्षरार्थस्य तात्पर्यम् ।

यत्पापकार्यं कृतं, तेन यत्पापकर्म बद्धं । तत् अधुना प्रकटीभूतेन उपशमभावेन आत्मप्रदेशात् दूरीकरोमीत्यादि 'ड' अक्षरार्थस्य तात्पर्यम् ।

अत्र बहु वक्तव्यं । तत्सर्वं गीतार्थसंविग्नं शरणीकृत्य ततो ज्ञेयम् ॥२४-२५॥

અહીં ચાર અક્ષરો ભેગા મળી એક વાક્ય રૂપે બની અન્વયબોધને ઉત્પન્ન કરે છે. એટલે કે "કાય અને ભાવની નમ્રતાવાળો, ફરી દોષસેવન ન થાય એ રીતે સંયમરૂપી મર્યાદામાં રહીને પૂર્વે પાપ કરી ચૂકેલા મારા આત્માને નિંદુ છું" આમ પહેલા ચાર અક્ષરોનો એક વાક્ય રૂપે બોધ થાય છે.

જ્યારે છેલ્લા બે અક્ષરોનું તાત્પર્ય જ એવા પ્રકારનું છે કે જેના કારણે એ બે ય જણ તદ્દન સ્વતંત્ર રીતે પોતાના અર્થોનો બોધ કરાવે છે. મુખ્યવાક્યથી પણ સ્વતંત્ર રૂપે=છૂટો જ પોતાના અર્થનો બોધ કરાવે છે.

તે આ પ્રમાણે – "આ પાપ મેં કર્યું છે, બીજાએ નહિ" એ "ક્ક"નો અર્થ છે. અને "હું એને ઉપશમ વડે ઓળંગી જાઉં છું." એ 'ड'નો અર્થ છે. આ બે ય અર્થો બે ય અક્ષરોના તદ્દન સ્વતંત્ર છે. "મારું પાપ મિથ્યા થાઓ" એ મુખ્યવાક્ય સાથે આમને કોઈ સંબંધ નથી. ॥૨૪-૨૫॥

---

**यशो. - ननु पदवाक्ययोरर्थवत्ता दृष्टा, न तु पदैकदेशस्यापि तत्कथमयमर्थविभागः? इत्याशङ्कां निरसितुमाह –**

**णय संकेयाहीणो अत्थो इट्ठो ण वण्णमित्तस्स ।**
**दिट्ठो य णिरपवायं मणणा ताणा य मन्तो त्ति ॥२६॥**

---

**चन्द्र.** - ननु **पदवाक्ययोः**='घटः' इत्यादिपदस्य 'घटं पश्यामि'इत्यादिवाक्यस्य च **अर्थवत्ता**= घटादिपदार्थवाचकता घटदर्शनादिवाक्यार्थवाचकता च **दृष्टा**=प्रसिद्धा । न तु **पदैकदेशस्यापि**=घट इत्यादिपदस्य यः "घ, ट" इति देशः, तस्य अर्थवाचकता दृष्टा । ततश्च मिथ्याकारप्रयोगे पदैकदेशरूपाणां "मि,च्छा" इत्याद्यक्षराणां अर्थवाचकत्वं न दृष्टम् । **तत्**=तस्मात् **कथमयं अर्थविभागः**=प्रतिपादितः ? प्रत्येकाक्षराणामर्थः कथं घटते इति भावः ।

समाधानमाह → न च वर्णमात्रस्य संकेताधीनः अर्थः न इष्टः । "मननात् त्राणाच्च मन्त्रः" इति कृत्वा निरपवादं दृष्टश्च ← इति गाथार्थः ।

**શિષ્ય :** ઘટાદિ પદો અર્થવાળા હોય અને "**घटोऽस्ति**" વગેરે વાક્યો અર્થવાળા હોય એ તો જોયું છે. પરંતુ પદના એક દેશ રૂપ એવા અક્ષરો પણ અર્થવાળા હોય એવું તો જોયું નથી. તો તમે શી રીતે આ અક્ષરોના અર્થોનો વિભાગ કર્યો ?

**ગુરુ : ગાથાર્થ :** વર્ણમાત્રનો સંકેતને આધીન એવો અર્થ ઈષ્ટ નથી એવું નથી. કોઈપણ જાતની બાધા વિના એ દેખાયેલો પણ છે. દા.ત. મનન અને ત્રાણ કરનાર હોવાથી મન્ત્ર.

**यशो. - णयत्ति । न च वर्णमात्रस्य=अक्षरमात्रस्य पदैकदेशस्येति यावत् संकेताधीनः=संकेतयित्रभिप्रा-याधीनोऽर्थो नेष्टः=नाभिप्रेतः, अस्मात्पदादयमर्थो बोद्धव्य इत्यभिप्रायवदस्मादक्षरादयमर्थो बोद्धव्य इत्यभिप्रायस्य दण्डानिवार्यत्वात् ।**

**अक्षरमात्रस्येति ।**

**चन्द्र.** - ननु 'धी-श्री' इत्याद्यक्षरमात्रस्य बुद्धिलक्ष्म्यादिरूपः अर्थः प्रसिद्ध एवेति तस्य निरूपणं सिद्धस्यैव साधकं भवतीत्यत आह **पदैकदेशस्येति यावत्**=तथा च यद्यपि अक्षरमात्रस्य अर्थः सर्वमान्यः, किन्तु पदैकदेशभूतस्याक्षरमात्रस्यार्थः न सर्वमान्यः इति तन्निरूपणं कर्तुं आवश्यकं । **संकेतयित्रभिप्राया-धीनोऽर्थो**= यथा "अयं मम पुत्रः महेशनाम्ना बोद्धव्यः" इति संकेतं संकेतयिता पिता करोति, तत्र संकेतयितुः पितुः यः अभिप्रायः 'महेशनाम्ना मत्पुत्रो बोद्धव्य' इति, तदभिप्रायानुसारेण महेशपदस्य तादृशपुत्रात्मकोऽर्थः अभिप्रेतो भवति । तथैव 'अस्मात्पदैकदेशभूतात् 'मि' इत्याद्यक्षरात् मार्दवादिरूपो अर्थः बोद्धव्यः' इति यः संकेतयितॄणां गणधराणामभिप्रायः । तदनुसारेण 'मि' इत्याद्यक्षरस्य मार्दवादिरूपः अर्थः अभिप्रेत एव । इदमेव आह **अस्मात्पदात्** 'महेश' इत्यादिरूपात् **अयमर्थो**=मत्पुत्रादिकः **बोद्धव्यः इत्यभिप्रायवत् अस्मादक्षराद्**='मि' इत्यादिरूपात् **अयमर्थो**=मृदुमार्दवादिरूपः । **दण्डानिवार्यत्वात्** इति । यथा दण्डादिना श्वादि निवार्यते, तथाऽयमर्थः दण्डादिना नैव निवार्यते इति भावः ।

**टीकार्थ :** પદના એક દેશ ભૂત એવા અક્ષરમાત્રનો, સંકેત કરનારાના અભિપ્રાયને આધીન એવો અર્થ માન્ય નથી એવું નથી. પરંતુ એ ઈષ્ટ જ છે. જેમ પિતા પુત્રનું ચૈત્ર નામ પાડે ત્યારે "આ ચૈત્રપદથી આ મારો દીકરો જાણવા યોગ્ય છે" એ પ્રમાણે એમનો અભિપ્રાય હોય છે. એનો કોઈ નિષેધ કરી શકતું નથી. "તમે દીકરાનું નામ ચૈત્ર કેમ પાડ્યું ?" એવા પ્રશ્નો કરી શકાતા નથી. એમ કોઈક સંકેતકારનો આવો અભિપ્રાય પણ હોઈ શકે છે કે "આ અક્ષરથી આ અર્થ જાણવો." આવા પ્રકારનો અભિપ્રાય કંઈ દાંડો મારીને ગધેડાને ભગાડીએ એમ દૂર કરી શકાય એમ નથી. એ અભિપ્રાય માનવો જ પડે.

**यशो. - न केवलमिष्ट एव, निरपवादं=निर्बाधं दृष्टश्च=अनुभूतश्च, मननात्=ज्ञानात् त्राणात्=पालनाच्च मन्त्र इति । यथा हि मन्त्रपदं मन्त्रवाचकं तदक्षरद्वयं चोक्तार्थद्वयवाचकं, तथा प्रकृतेऽपि प्रत्येकसमुदायार्थोभयभेदो नासंभवीति भावः ।**

**चन्द्र. - उक्तार्थद्वयवाचकम्**=ज्ञानपालनात्मकार्थद्वयस्य बोधकम् । **प्रकृतेऽपि**=मिच्छा...इत्यादि

प्रयोगेऽपि **प्रत्येकसमुदायार्थोभयभेदो**=मि,च्छा इत्यादि प्रत्येकाक्षराणां संपूर्णवाक्यात्मकसमुदायस्य च यौ अर्थौ, तयोः उभयं । तद्भेदो **नासंभवीति**=संभवी एवेति भावः ।

અરે આ સંકેતાધીન અર્થ માત્ર ઈષ્ટ છે, ઇચ્છાયેલો છે એટલું જ નહિ. લોકમાં પણ કોઈપણ જાતની બાધા વિના અનુભવાયેલો પણ છે. જેમકે "મન્ત્ર શબ્દમાં **मन्=ज्ञान** અને **त्र**=રક્ષણ. જે જ્ઞાન આપે અને રક્ષણ કરે એ મન્ત્ર." આ પ્રમાણે અક્ષરોનો અર્થ કરેલો છે.

આશય એ છે કે "મન્ત્ર" એ પદ 'ૐ નમઃ શિવાય' વગેરે મન્ત્રોનું વાચક છે અને તેના **मन्** અને **त्र** એ બે અક્ષરો જ્ઞાન અને રક્ષણના વાચક છે. તેમ **मिच्छा मि...** એ આખું વાક્ય=પદસમુદાય એ "મારા પાપો મિથ્યા થાઓ" એ અર્થનો વાચક છે. અને એના **मि** વગેરે પ્રત્યેક અક્ષરો પૂર્વે બતાવેલા જુદા જુદા અર્થોના વાચક બની શકે છે. આમ પ્રત્યેક અક્ષરોનો અર્થ અને સમુદાયનો અર્થ એ બે વચ્ચે ભેદ હોવો અસંભવિત તો નથી જ.

---

**यशो. - ननु पङ्कजादिपदवन्मन्त्रादिपदानामस्तु योगरूढिभ्यामुभयार्थबोधकत्वं, प्रकृते तु नैवमिति चेत् ?**

---

**चन्द्र.- योगरूढिभ्यां**=योगो नाम व्याकरणानुसारिणी व्युत्पत्तिः । रूढिश्च प्रायः शास्त्रानुसारिणी लोकानुसारिणी च भवति । ततश्च "पङ्कात् जायते इति पङ्कजं" इति व्युत्पत्त्या पङ्कजपदं पङ्के जायमानानां सर्वेषामेव पदार्थानां वाचकं भवति । पङ्कजं कमलमेवेति लोकरूढ्या तु तदेव पङ्कजपदं कमलस्यैव वाचकम्। एवञ्च पङ्कजपदं उभयार्थबोधकं यथा भवति, तथैव मन्त्रपदं 'मननात् त्राणाच्च मन्त्रः' इति व्युत्पत्त्या ज्ञानरक्षणात्मकार्थवाचकं। रूढ्या तु 'ॐ नमः शिवाय' इत्यादि मन्त्राणां वाचकम् । भवता तु मन्त्रपदवत् संपूर्णः मिथ्याकारप्रयोगः 'मम दुष्कृतं वितथं भूयाद्'इत्यस्य वाचको भण्यते । तदक्षराश्च मृदुमार्दवादिवाचकाः भण्यन्ते। किन्तु नैतद्-युक्तम् । यतः मन्त्रपदे तु व्याकरणानुसारिव्युत्पत्तिरूपो योगः घटते । "मिच्छा मि"... इत्यत्र तु "मि, च्छा" इत्याद्यक्षराणां तादृशो योगो नैव घटते । ततश्च तत्र मन्त्रदृष्टान्ताद् अक्षराणामपि मृदुमार्दवादिपदार्थवाचकत्वभणनमनुचितमेवेति भावः ।

**शिष्य : पङ्कात् जायते इति पङ्कज** આમ યોગ = વ્યુત્પત્તિ દ્વારા પંકજ પદ એ કાદવમાંથી ઉત્પન્ન થનારા તમામ અર્થોનું વાચક બને છે. જ્યારે લોકમાં તો પંકજપદ કમળના જ વાચક તરીકે રૂઢ છે. એટલે રૂઢિ દ્વારા પંકજપદ કમળનું વાચક બને છે. આમ પંકજપદ એ યોગ અને રૂઢિ દ્વારા બે અર્થોનું બોધક બને છે.

એમ **मननात् त्राणाच्च मन्त्रः** એ વ્યુત્પત્તિ દ્વારા મન્ત્રપદ જ્ઞાન અને રક્ષણ એ પદાર્થનો બોધક બને. અને લોકમાં મન્ત્રપદ 'ૐ નમઃ શિવાય' વગેરે વાક્યોને વિશે રૂઢ છે. એટલે મન્ત્ર પદ રૂઢિ દ્વારા આ બધા વાક્યોનો બોધક બને. આમ મન્ત્રપદ એ યોગ અને રૂઢિ દ્વારા બે અર્થોનો બોધક બની શકે.

પણ **मिच्छा मि दुक्कडं** માં **मि, च्छा....** એ બધાની કંઈ વ્યાકરણ પ્રમાણે વ્યુત્પત્તિ તો થતી જ નથી. પંકજ, મન્ત્રમાં સ્પષ્ટપણે વ્યાકરણ પ્રમાણે વ્યુત્પત્તિ નીકળે જ છે. એટલે આ પ્રયોગ વાક્યાર્થનો વાચક ભલે બને. પણ એના અક્ષરો પણ તે તે અર્થના બોધક બને એ તો ઘટતું જ નથી.

**यशो. - ननु तथापि मांस इति पदात् "प्रेत्य मां स भक्षयिता यस्याऽहं मांसमद्मि" इति अस्यार्थस्य कथमुपस्थितिः ? न ह्यत्र योगरूढिः, योगार्थावच्छिन्नरूढयर्थाभावात् ।**

**चन्द्र.** - अस्मत्पक्षीयः प्राह **ननु तथापि** इत्यादि । मांसपदं लोकरूढ्या प्राण्यवयवविशेषरूपे मांसे व्यवह्रीयते । अथ च मनुस्मृतौ तु इदमुक्तं यत् → 'मांस' इति पदे द्वौ अक्षरौ स्तः । मां स इति । तत्र 'मां' इति अक्षरः मांसभक्षयितृबोधकः । 'स' इति अक्षरः यस्य प्राण्यादेः मांसं भक्ष्यते, तस्य बोधकः । ततश्चायमर्थो भवति यत् → यस्य प्राणिनः मांसमहं खादामि, **स** प्रेत्य=परलोके **मां** भक्षयिष्यति← इति । एतादृशो हि अर्थः व्याकरणानुसारिव्युत्पत्या नैव लभ्यते । तद्भवान् वदतु । मांसपदात् प्रकृतार्थस्य उपस्थितिः कथं भविष्यतीति । न हि **अत्र**= मांसपदे **योगरूढिः**=योगेन युक्ता रूढिः अस्ति । कथं नास्तीत्यत आह **योगार्थावच्छिन्नेत्यादि**= केवलरूढिसत्त्वेऽपि व्याकरणानुसारिव्युत्पत्या युक्ता या रूढिः, तस्यास्तु अभाव एवेति ।

**ગુરુ :** ચાલ, આ તારી વાત સ્વીકારી લઉં છું. પણ તું અત્યારે જે વેદાંતીઓ તરફથી આ બધી દલીલો કરે છે એ લોકો તો '**मांस**' એ પદથી આવો અર્થ ઉપસ્થિત કરે છે કે "**मां**=મને **स**=તે વ્યક્તિ **प्रेत्य**=પરલોકમાં ખાનારો બનશે કે "જેનું માંસ આજે હું ખાઉં છું." હું તને પૂછું છું કે માંસપદથી રૂઢિ પ્રમાણે તો માંસ વસ્તુની ઉપસ્થિતિ થાય. પણ ઉપર બતાવેલા અર્થની ઉપસ્થિતિ શી રીતે થાય ? **मां** કે **स** પદનો વ્યાકરણ પ્રમાણે વ્યુત્પત્તિ કરીને ઉપર બતાવેલો અર્થ નીકળી શકે ખરો ? ન જ નીકળે. તો ત્યાં શું કરશો ?

અહીં રૂઢિ છે. પણ યોગ=વ્યુત્પત્તિથી યુક્ત એવી રૂઢિ તો નથી જ. એટલે અહીં વ્યુત્પત્તિ અર્થથી, અવચ્છિન્ન = યુક્ત એવો રૂઢિ અર્થ નથી મળતો, કારણ કે અહીં વ્યુત્પત્તિ જ નથી ઘટતી.

**यशो. - 'स्मार्त्तनिरुक्तवशात्तथाबोधोऽपि( स्ती )ति चेद् ?**

**चन्द्र.** - पूर्वपक्षः समाधत्ते **स्मार्तनिरुक्त** इत्यादि । निरुक्तं नाम व्याख्यानं । स्मृतौ प्रतिपादितं व्याख्यानं स्मार्तं उच्यते । ततश्च मनुस्मृतौ प्रतिपादितस्य मांसपदव्याख्यानस्यानुसारेण **तथा बोधोऽपि**="स मां परलोके भक्षयिष्यति, यस्य मांसमहमद्मि' इत्यादिरूपो बोधोऽपि भवत्येवेति ।

**શિષ્ય :** બધી જગ્યાએ વ્યાકરણ પ્રમાણે વ્યુત્પત્તિ મળે જ એવો નિયમ નથી હોતો. અહીં તો એટલું જ માનવું કે સ્મૃતિઓમાં પૂર્વપુરુષોએ '**मांस**' શબ્દની ઉપર મુજબ વ્યાખ્યા=નિરુક્ત કરેલ છે. એટલે સ્મૃતિસંબંધી એ નિરુક્ત = વ્યાખ્યાના આધારે એ પ્રમાણે બોધ પણ થઈ શકે છે કે "આવતા ભવમાં મને તે ખાનારો બનશે..."

**यशो. - आर्षनिरुक्तवशादस्माकमप्युक्तबोधो नानुपपन्न इति दिक् ।**

**चन्द्र.** - टीकाकारः तुल्ययुक्त्या मिथ्याकारप्रयोगेऽपि तदेव समाधानमाह-**आर्षनिरुक्तवशादित्यादि** । ऋषिभिः कृतं व्याख्यानं आर्षं उच्यते । ततश्च ऋषिकृतस्य मिथ्याकारप्रयोगान्तर्गतप्रत्येकाक्षराणां

व्याख्यानस्यानुसारेण **अस्माकमपि**=जैनानामपि **उक्तबोधो**=मृदुमार्दवादिबोधो **नानुपन्नः**=युक्त एवेति भावः। अत्र प्रभूतचर्चावकाशात् दिग्दर्शनमात्रमेतद् कृतमिति ज्ञापनायाह **दिग्** इति ।

**ગુરુ :** વાહ ! સ્મૃતિસંબંધી નિરુક્તના વશથી જો આવો બોધ થઈ શકે તો અમારા પ્રાચીન ઋષિઓએ મિચ્છા... વગેરેનો અમે બતાવેલ સ્વતંત્ર અક્ષરાર્થ બતાવેલો જ છે. તો એ ઋષિઓ સંબંધી અક્ષરોની વ્યાખ્યાના આધારે અમને પણ પૂર્વે બતાવેલો અક્ષરાર્થોનો બોધ શક્ય જ છે. એમાં કોઈ વાંધો આવી શકે તેમ નથી.

આ માત્ર અમે દિક્સુચન કરેલ છે.

---

**यशो. - स्यादेतत्-पदज्ञानस्यैव शाब्दबोधं प्रति हेतुत्वात् कथमपदादर्थोपस्थितिः ? इति चेत् ?**

---

**चन्द्र. - स्यादेतत्**=वक्ष्यमाणा आशङ्का कस्यचिन्मनसि संभवतीति । का सा आशङ्केति आह **पदज्ञानस्यैवेत्यादि** पदज्ञानं पदार्थोपस्थितिद्वारा शाब्दबोधं प्रति हेतुः भवति । यथा 'घटमानय'इत्यत्र घटादिपदज्ञानं घटादिपदार्थोपस्थिति द्वारा घटानयनादिशाब्दबोधं प्रति हेतुः भवति । **कथमपदादर्थोपस्थितिः**=कथं पदभिन्नात् 'मि' इत्यादि-अक्षरात् शाब्दबोधो भवतीति । 'मि' इत्यादि-अक्षराः न पदानि । ततश्च ते पदार्थोपस्थितिद्वारा शाब्दबोधं जनयितुं न प्रभवन्ति । भवता तु तैरक्षरैः मृदुमार्दवादिपदार्थानां शाब्दबोधः स्वीक्रियते एवेति । स च नैव घटते।

**શિષ્ય :** આ બધી ચર્ચા જવા દો. તમે ન્યાય ભણ્યા છો ને ? એમાં શબ્દખંડમાં ચોક્ખુ લખેલું છે પદજ્ઞાન એ જ શાબ્દબોધ પ્રત્યે કારણ બને. હવે આ **'मि'** વગેરે તો અક્ષર છે. પદ નથી. એમના દ્વારા શી રીતે અર્થની ઉપસ્થિતિ થાય ? શાબ્દ બોધ થાય ? શી રીતે માત્ર 'ક્ક' શબ્દથી 'આ પાપ મેં કર્યું છે, બીજાએ નહિ' એ પ્રમાણે અર્થનો બોધ થાય ?

---

**यशो. - न, एकवर्णस्यापि पदस्य दर्शनेन 'वर्णसमुदायः पदम्' इति नियमाभावात्।**

---

**चन्द्र.** - समाधानमाह-ननु 'मि' इत्यादि-अक्षराः पदं कथं न भवन्ति ? यदि हि वर्णसमुदायः पदमिति व्याख्यानुसारेण 'मि' इत्यादि-अक्षराः पदं न मन्यन्ते भवता । तर्हि नैतद् युक्तम् यतः **एकवर्णस्यापि पदस्य**=श्री-धी इत्यादि एकवर्णात्मकस्यापि पदस्य **दर्शनेन वर्णसमुदायः पदं इति नियमाभावात्**=नैवायं नियमो युक्तः इति भावः । ततश्च 'धी' इत्यादि-अक्षरवत् 'मि' इत्यादि-अक्षरा अपि पदमेवेति ।

**ગુરુ :** "**मि** વગેરે પદ નથી" એવું તને કોણે કહ્યું ?

**શિષ્ય :** '**वर्णसमुदायः पदं**' એ વ્યાખ્યા પ્રમાણે ઘણા અક્ષરોનો સમુદાય પદ કહેવાય. એટલે એ "**मि**" વગેરે છૂટ્ટા અક્ષરો પદ ન કહેવાય.

**ગુરુ : क**=મસ્તક, **भू**=પૃથ્વી, **धी**=બુદ્ધિ વગેરે ઘણા એક એક અક્ષરો પદ તરીકે પ્રસિદ્ધ જ છે. એટલે '**वर्णसमुदायः पदं**' એ નિયમ સાચો નથી. (અથવા તો '**वर्णसमुदाय**' એ જ પદ એવો નિયમ = એકાંત નથી.)

**यशो. – 'शक्तिमत् पदम्' इत्यभ्युपगमे तु न क्षतिः, अभिप्रायविशेषरूपाया अर्थान्तररूपाया वा तस्या वर्णमात्रेऽप्यनपायात् ।**

**चन्द्र.** – ननु यदि वर्णसमुदायः पदं इति नियमो न युक्तः । तर्हि पदस्य व्याख्या का इति भवानेव वदतु इत्यत आह **शक्तिमत् पदं इत्यादि** यद्यत् शक्तिमत्, तत्तत् पदं इति स्वीकारे तु **न क्षतिः**=न 'मि' इत्यादि-अक्षराणां पदत्वाभावापत्तिः । ननु का सा शक्तिः ? कथं वा 'शक्तिमत् पदं' इति व्याख्यास्वीकारे 'मि' इत्यादि अक्षरा अपि पदं संभवन्तीत्यत आह **अभिप्रायविशेषरूपायाः इत्यादि** । "घटादिपदात् घटादिरूपोऽर्थः बोद्धव्यः" इत्यादिरूपो यः इश्वरस्याभिप्रायविशेषः स एव घटादिपदे वर्तमाना शक्तिरिति केचित् अभिप्रायविशेषरूपां शक्तिं मन्यन्ते । केचित् तु 'न इश्वराभिप्रायविशेषः शक्तिः । किन्तु "अस्मात् 'महेश' इत्यादिपदात् मत्पुत्रादिकः बोद्धव्यः" इत्यादिरूपः पितृ-ग्रन्थकार-शिक्षकादीनां अभिप्रायविशेष एव शक्तिः" इति मन्यन्ते । अस्माकं तु अभिप्रायविशेषरूपायाः शक्त्याः स्वीकारेऽपि न क्षतिः । यतः तीर्थकरादीनामयमेवा-भिप्रायविशेषः यदुत "'मि' इत्यादि-अक्षरेभ्यः मृदुमार्दवादिरूपोऽर्थः बोद्धव्यः" इति । ततश्चाभिप्रायविशेषरूपा शक्तिः 'मि' इत्यादि-अक्षरेषु संभवत्येव । यदि हि सा शक्तिः अभिप्रायविशेषरूपा न मन्यते, किन्तु **अर्थान्तररूपा**= अभिप्रायविशेषभिन्नो यः कश्चिदर्थः, तद्रूपा मन्यते । तथापि न अस्माकं क्षतिः । तादृशरूपायाः अपि शक्त्याः 'मि' इत्यादि वर्णमात्रे **अनपायात्**=विद्यमानत्वात् ।

**(શિષ્ય : 'शक्तिमत् पदं'** આ પ્રમાણે પદની વ્યાખ્યા માનશું. **क, भू** વગેરે શક્તિવાળા હોવાથી એને પદ ગણવામાં વાંધો નહિ આવે.)

**ગુરુ :** આવી વ્યાખ્યા માનશો તો તો અમને કોઈ વાંધો નથી આવવાનો. કેમકે અહીં શક્તિ એટલે 'પદનો પદાર્થ સાથેનો સાક્ષાત્ સંબંધ' એમ માનેલું છે. અને એ શક્તિ અભિપ્રાય વિશેષ રૂપ માની છે. એટલે કે "**घटपदात् कम्बुग्रीवादिमान् बोद्धव्यः**" એવો ઈશ્વરનો અભિપ્રાય કે પછી "**चैत्रपदात् मत्पुत्रो बोद्धव्यः**" એવો પિતાનો અભિપ્રાય.. આવા બધા સંકેતકારોના જુદા જુદા અભિપ્રાયોને શક્તિ માનેલી છે. અને એ અભિપ્રાયો ઘટ, ચૈત્ર વગેરે પદોમાં રહેલા હોવાથી એ ઘટ, ચૈત્રાદિ શબ્દો એ શક્તિમાન્ બને, અર્થાત્ પદ બને.

તો એ જ પ્રમાણે "**'मि' अक्षरात् मृदुमार्दत्वे बोद्धव्ये**" એ પ્રમાણે ચૌદપૂર્વી ભદ્રબાહુસ્વામીનો અભિપ્રાય છે જ એ અભિપ્રાય '**मि**' અક્ષરમાં રહેલો હોવાથી એ અક્ષર પણ અભિપ્રાયવાન્= શક્તિમાન્ બની ગયો. એટલે એ પણ પદ જ ગણાશે. અને તેથી તેનાથી શાબ્દબોધ થવામાં કોઈ આપત્તિ નહિ આવે.

**શિષ્ય :** અમે શક્તિને અભિપ્રાય વિશેષરૂપ માનવાને બદલે બીજા જ કોઈક પદાર્થ સ્વરૂપ માનશું.

**ગુરુ :** તમારે જે માનવું હોય તે માનો, અમારે તો એટલું જ કામ છે કે અભિપ્રાયવિશેષ રૂપ કે બીજા કોઈ પદાર્થ સ્વરૂપ શક્તિ તમે જે રીતે **क, भू, धी** વગેરે અક્ષરોમાં રાખીને એમને પદ બનાવશો. એ જ રીતે અમે પણ એ શક્તિને **मि** વગેરે અક્ષરોમાં માનશું. એમાં કોઈ અપાય=બાધક=નુકશાન નથી.

**यशो. - अथ प्रत्येकमक्षराणामर्थवत्त्वे प्रत्येकं स्याद्युत्पत्तिप्रसङ्गः, धातुविभक्ति-वाक्यवर्जार्थवत्त्वेन तस्य नामत्वादिति चेत् ?**

**चन्द्र.** - पुनः पूर्वपक्षः उपतिष्ठति **अथ प्रत्येकमक्षराणां** इत्यादि । यदि हि 'मि' इत्यादि प्रत्येकाक्षराः मृदुमार्दवाद्यर्थवन्तो भवन्ति । तर्हि "यद् यत् अर्थवत् तत्तत् नाम" इति व्याख्यानुसारेण प्रत्येकाक्षराः 'नाम' भविष्यन्ति । नाम्ना च सह "सि औ अस्" इत्यादि विभक्तिप्रत्ययाः संयुज्यन्ते एव । एवं च **प्रत्येकं**='मि' इत्यादिप्रत्येकाक्षराणां **स्याद्युत्पति प्रसङ्गः** सि औ अस् इत्यादिप्रत्ययोत्पत्त्यापत्तिरिति । ततश्च यथा कविः कवी कवयः इत्यादिप्रयोगाः भवन्ति । तथा मिः मी मयः इत्यादिप्रयोगा अपि भवेयुः । न च तदिष्टमिति ।

ननु 'यत् यत् अर्थवत् तत्तत् नाम, तेन च सह "सि" इत्यादिप्रत्यया संयुज्यन्ते'इति यद् भवतोक्तं तन्न युक्तं । यतः 'गम्'इत्यादि धातूनां, सि-औ-अस् इत्यादिविभक्तिनां, घटमानय इत्यादिवाक्यानां च स्यादिविभक्तयः न उत्पद्यन्ते । किन्तु घटादिनाम्नामेवेति अत पूर्वपक्षः नाम्नः व्याख्यामाह **धातुविभक्ति** इत्यादि । धातुविभक्तिवाक्येभ्यः भिन्नं यद् यद् अर्थवत् तत्तत् नाम । तस्य च स्यादिविभक्त्युत्पत्तिः भवति । घटपदादयश्च शब्दाः धात्वादिभिन्नाः अर्थवन्तश्चेति ते नामानि भवन्ति । प्रकृते मि इत्याद्यक्षरा अपि धात्वादिभिन्नाः अर्थवन्तश्च सन्तीति ते अपि नामानि स्युः । ततश्च तेषां स्याद्युत्पत्त्यापत्तिः दुर्वारैवेति पूर्वपक्षाभिप्रायः ।

**શિષ્ય : भू, धी** વગેરેને અર્થવાળા અને પદ તરીકે માન્યા છે. તો એમને **'सि'** વગેરે એકથી માંડીને આઠેય વિભક્તિઓ લાગે છે. હવે તમે જો **मि, च्छा** વગેરે એક એક અક્ષરોને અર્થવાળા અને પદ તરીકે માનશો તો પછી એ બધાયને આઠેય વિભક્તિઓ લાગવાની આપત્તિ આવશે. એ તો તમને ઈષ્ટ જ નથી.

ગુરુ : વિભક્તિ તો નામને લાગે.

**શિષ્ય :** તો આ **मि** વગેરે પણ તમારા હિસાબે તો નામ જ બનશે, કેમકે "જે ધાતુ, વિભક્તિ અને વાક્યથી ભિન્ન હોય અને અર્થવાળું હોય એ નામ કહેવાય. **मि** વગેરે અક્ષરો ધાતુ, વિભક્તિ અને વાક્યથી ભિન્ન જ છે અને પાછા અર્થવાળા છે. એટલે તે નામ છે અને માટે તેમને વિભક્તિઓ લગાડવી પડશે.

**यशो. - न, तत्रार्थवत्पदस्य योगार्थवत्परत्वादिति, अधिकमस्मत्कृताऽध्यात्ममत-परीक्षायामवसेयम् ॥२६॥**

**चन्द्र.** - टीकाकारः समाधानमाह **तत्रार्थवत्पदस्य** इत्यादि । **तत्र**="धातुविभक्तिवाक्यवर्जं अर्थवत् यत् तन्नाम" इति नाम्नः व्याख्यायां अर्थवत्पदस्य **योगार्थवत्परत्वात्**=व्याकरणानुसारिव्युत्पत्तिप्रतिपादितो यः अर्थः, तद्वान् यः, तद्बोधकत्वात् । तथा च 'धातुविभक्तिवाक्यवर्जं योगार्थवत् यत् तत्' नाम इति फलितम् । घटादिशब्दाश्च तादृशाः । यतः ते धात्वादिभिन्नाः 'घटनात् घटः' इत्यादियोगार्थवन्तश्च सन्ति । न हि 'मि' इत्याद्यक्षराणां व्याकरणानुसारिणी व्युत्पत्तिरस्ति । ततश्च ते अक्षरा न नामानीति न तेषां स्याद्युत्पत्तिप्रसङ्गः। अत्रापि बहु वक्तव्यमस्ति, अत आह **अधिकमस्मत्कृत** इत्यादि ॥२६॥

ગુરુ : તમે નામની જે વ્યાખ્યા કરી એ આમ તો સાચી છે. પણ એમાં માત્ર એટલો જ ફેરફાર કરવાનો છે કે "અર્થવાળું હોય એ નામ" એમ નહિ. પરંતુ યોગાર્થવાળું=વ્યુત્પત્તિ અર્થવાળું જે હોય તે જ નામ કહેવાય.

**मि** વગેરે અક્ષરો ધાતુ, વિભક્તિ, વાક્યથી ભિન્ન હોવા છતાં વ્યુત્પત્તિ અર્થવાળા નથી. એટલે તેઓ નામ ન બને. અને તેથી એમને વિભક્તિ લગાડવાની આપત્તિ ન આવે.

આ બાબતમાં વધારે જાણકારી મેળવવી હોય તો અમે બનાવેલ અધ્યાત્મમતપરીક્ષા ગ્રન્થમાં દૃષ્ટિપાત કરવો ॥૨૬॥

---

**यशो. - अथ यदुक्तमपुनःकरणसङ्गतस्यास्य फलहेतुत्वमिति, तद्व्यतिरेकतो द्रढयितुमाह –**

**आभोगा पुणकरणे नूणं मिच्छुक्कडं भवे मिच्छा ।**
**माया नियडी य तओ मिच्छत्तं पिय जओ भणियं ॥२७॥**

---

**चन्द्र. - यदुक्तं**=द्वाविंशतितमगाथायां । **अपुनःकरणसंगतस्ये**त्यादि="अपुणकरणसंगओ एसो अइविऊलणिज्जरट्ठा" इति यदुक्तं । **तत्**=अपुनःकरणसंगतस्य मिथ्याकारप्रयोगस्य निर्जरात्मकफलहेतुत्वं **व्यतिरेकतो**='यदि अपुनःकरणं न भवेत्, तर्हि अतिविपुला निर्जराऽपि न भवेत्' इति प्रतिपादनेन। कारणसत्त्वे कार्यसत्त्वं इति अन्वयसहचारः । तत्र द्वाविंशतितमगाथायां अपुनःकरणसंगतमिथ्याकारप्रयोगसत्वे अतिविपुलनिर्जरा प्रतिपादितेति स अन्वयसहचारः । कारणाभावे कार्याभावः इति व्यतिरेकसहचारः । तत्र च अस्यां गाथायां तादृशमिथ्याकारप्रयोगाभावे अतिविपुलनिर्जराऽभावादिकं प्रतिपाद्यत इति स व्यतिरेकसहचारः ।

→ आभोगात् पुनः करणे नूनं "मिथ्या दुष्कृतं" मिथ्या भवेत् । माया निकृतिश्च स्यात् । ततः मिथ्यात्वमपि भवेत् । यतः भणितम् ← इति गाथार्थः ।

અમે ૨૨મી ગાથામાં કહેલું કે અપુનઃકરણથી યુક્ત એવો આ પ્રયોગ એ જ નિર્જરા રૂપી ફળનું કારણ છે. આજ વાતને વ્યતિરેકથી ="અપુનઃકરણ ન હોય તો આ પ્રયોગ ફળદાયી ન બને" એ બતાવવા દ્વારા દૃઢ કરવાને માટે કહે છે કે

**ગાથાર્થ :** જાણી જોઈને ફરી પાપ કરવામાં તો પહેલા કરેલો મિથ્યાકાર પ્રયોગ પોતે જ મિથ્યા=ફોગટ=નકામો થઈ જાય છે. એ મિથ્યાકાર પ્રયોગથી માયા, નિકૃતિ અને મિથ્યાત્વ દોષ પણ લાગે છે, કેમકે કહ્યું છે કે... (શું કહ્યું છે ? એ ૨૮મી ગાથામાં જોવું.)

---

**यशो. - आभोगत्ति । आभोगात्=उपयोगात् पुनःकरणे=मिथ्यादुष्कृतदानानन्तरं पापाचरणे नूनं=निश्चितं मिच्छुक्कडं इति प्राकृतशैलीवशान्मिथ्यादुष्कृतं (भवेत् मिथ्या) मृषावादो व्यलीकभाषणं, 'न पुनः करिष्यामि' इति प्रतिज्ञाय तदतिक्रमात् ।**

---

**चन्द्र. - न पुनः करिष्यामि इतिप्रतिज्ञाय**=मिथ्याकारप्रयोगे वर्तमानः 'च्छा' इत्यक्षरः पुनः तादृशपापाकरणस्य प्रतिज्ञारूप एव । ततश्च मिथ्याकारप्रयोगकर्ता 'न पुनः करिष्यामि' इति प्रतिज्ञावान् भवति।

तादृशप्रतिज्ञाकरणानन्तरं पुनः पापसेवने **तदतिक्रमात्**=प्रतिज्ञाभङ्गात् भवत्येव मृषावाददोषः ।

એક પાપ થઈ ગયા બાદ એનો મિથ્યાકાર આપી દીધા પછી તરત જ પાછું ઉપયોગપૂર્વક એ પાપ કરવામાં આવે તો મિથ્યાકારપ્રયોગ પોતે જ મૃષાવાદ બની જાય. એ નક્કી વાત છે. (અહીં ગાથામાં **मिच्छुक्कडं** એમ ટુંકમાં લખેલ છે. એ પ્રાકૃત શૈલીના કારણે લખેલું છે. એનો અર્થ તો મિથ્યા મે... એમ આખો પ્રયોગ જ સમજવો.)

(**શિષ્ય :** એ મિથ્યાકાર મૃષાવાદ શી રીતે બને ?)

**ગુરુ :** એ પ્રયોગમાં '**छा**' શબ્દ દ્વારા સાધુએ પ્રતિજ્ઞા કરી છે કે "આ પાપ હું ફરી નહિ કરું" અને આ પ્રતિજ્ઞા કરીને પછી ફરી પાપ કર્યું. એટલે પ્રતિજ્ઞાનો ભંગ કર્યો. તો બોલેલું વચન ન પાળનારાનું એ વચન મૃષાવાદ જ ગણાય ને ?

**यशो. - तथा पुनरासेव्य क्षुल्लककुलालज्ञातेन मिथ्यादुष्कृतदाने ततो= मिथ्यादुष्कृतदानात् मायैव=कपटमेव निकृतिः= परवञ्चनम्, स हि दुष्टान्तरात्मा निश्चयतश्चेतसाऽनिवृत्त एव गुर्वादिरञ्जनार्थं मिथ्यादुष्कृतं प्रयच्छतीति ।**

**चन्द्र.** - एष तावत् एकः दोषः प्रदर्शितः । अधुना द्वितीयमाह **तथा पुनरासेव्य** इत्यादि । **क्षुल्लककुलालज्ञातेन**=एको गच्छः कुम्भकारशालायां स्थितः । तत्र चैको बालमुनिः क्रीडाप्रियः प्रस्तरैः घटान् भिनत्ति । यदा कुम्भकारो वारयति, तदा मिथ्या दुष्कृतं ददाति । पुनरपि घटान् भिनत्ति । पुनरपि कुम्भकारवारणे मिथ्यादुष्कृतं ददाति । एतच्च पुनः पुनरासेव्य मिथ्यादुष्कृतदानं स्पष्टमेव तस्य बालसाधोः माया । क्रुद्धस्तु कुम्भकारः तं बालमुनिं हस्ते गृहीत्वा स्वहस्तेन ताडयति । 'किं मां ताडयसि' इति बालमुनिना गदिते सति मिथ्या दुष्कृतं ददाति । पुनः हस्तेन ताडयति । अत्र कुलालस्यापि मिथ्यादुष्कृतदानं पुनः पुनः उपयोगपूर्वकं पापकरणात् कपटमेवेति ।

ननु यदि स पुनःपापकरणाध्यवसायवान्, तर्हि कथं स मिथ्यादुष्कृतं ददातीत्यत आह स हि **दुष्टान्तरात्मा**=बाह्यतस्तु मिथ्यादुष्कृतं ददानः स शोभनात्मा दृश्यते, किन्तु हृदये मलिनाध्यवसायात् दुष्टः तस्यान्तरात्माऽस्तीति । ततश्च पुनः पुनः पापकरणयुक्तः स दुष्टान्तरात्मा **निश्चयतः**=व्यवहारतः पापात् निवर्तमानोऽपि परमार्थतस्तु **चेतसाऽनिवृत्त एव**=मिथ्यादुष्कृतदानकाले शरीरेण वचसा च पापात् निवृत्तोऽपि चेतसा तु अद्यापि पापं प्रति अभिमुखमानस एव **गुर्वादिरञ्जनार्थं**=→यदि स्वपापस्य मिथ्यादुष्कृतं न दद्याम्, तर्हि गुरवः मह्यं क्रोधिनः भविष्यन्ति । यदि च दद्याम् मिथ्यादुष्कृतं, तर्हि "अहो परिणतिमानयं साधुः, के नाम पापं न कुर्वन्ति, किन्तु पापं कृत्वा मिथ्यादुष्कृतं ददानास्तु विरला एव मत्शिष्यादिसदृशा आत्मानः' इति ममोपरि रागिणो भविष्यन्ति ← इति चिन्तयित्वा मायावी स केवलं गुर्वादिरञ्जनार्थं मिथ्या दुष्कृतं ददाति । न तु स्वपापविशुद्ध्यर्थं ।

વળી બાળસાધુ અને કુંભારના દૃષ્ટાન્ત પ્રમાણે વારંવાર પાપ સેવીને વારંવાર મિથ્યાકારનું દાન કરવામાં તો એ મિથ્યાદુષ્કૃત દાન દ્વારા કપટ અને પારકાને ઠગવા રૂપી દોષ લાગે.

(શિષ્ય : આમાં કપટ, પરવંચના શી રીતે ?)

ગુરુ : આ ફરી ફરી પાપ કરનારા સાધુનો અંતરાત્મા તો દુષ્ટ જ છે. નિશ્ચયથી તો એનું મન પાપથી પાછું ફરેલું જ નથી. અને મનથી પાછો ન હટેલો હોવા છતાં એ ગુરુ વગેરેને ખુશ કરવા માટે જ મિથ્યાદુષ્કૃતને આપે છે. એટલે કપટ અને ગુરુને ઠગવા રૂપ પરવંચના સ્પષ્ટ જ છે.

**यशो. - न हि ज्ञात्वा प्रतीपाचरणे निःशूकतया प्रतिबद्धः संवेगः समुत्थातुमुत्सहते । न च तं विना तद्दानं फलवदित्युक्तम् । एवं च तत्र दुर्निवारा माया ।**

**चन्द्र.**- ननु भविष्यत्काले, उपयोगपूर्वकं पापं करिष्यन्नपि मुनिः मिथ्यादुष्कृतदानकाले पापकरणाभिप्रायवानेव भवतीति तु न नियमः । किन्तु तत्काले पश्चात्तापपरिणामोऽपि तस्य संभवति । एवञ्च शुभभावसद्भावात् कथं तस्य विपुलनिर्जरात्मकं फलं न भवतीत्यत आह **न हि ज्ञात्वा** इत्यादि । **ज्ञात्वा**=उपयोगपूर्वकं **प्रतीपाचरणे**= पापासेवने **निःशुकतया**=निर्दयतया **प्रतिबद्धः**=निरुद्धः **संवेगः**=भववैराग्यात्मकः शुभपरिणामः **समुत्थातुमुत्सहते**=समुत्पद्यते । यो हि मिथ्यादुष्कृतं दत्त्वा, तत्र च पुनरकरणनियमप्रतिज्ञां गृहीत्वाऽपि पश्चात् तदेव पापं करोति । तस्यात्मनि महती निष्ठुरता विद्यते इति प्रतीयते । ततश्च मिथ्यादुष्कृतकाले अनुभूयमानः पश्चात्तापपरिणामोऽपि अन्तःविद्यमानया निर्दयतया मन्द एव । निर्दयतापरिणामेन हि विपुलनिर्जराकारी संवेगभावो निरुध्यते । न च **तं**=संवेगं **विना तद्दानं**=मिथ्यादुष्कृतदानं **फलवद्**=विपुलनिर्जराकारि । एवञ्च न तस्य मिथ्यादुष्कृतं ददानस्य विपुलनिर्जरात्मकं फलं भवति ।

अत्र दृष्टान्तः → आहारसंज्ञादिदोषपीडिताः अत एव निष्कारणं विकृतिभक्षणानेषणीयभक्षणादीनि कुर्वाणाः चतुर्थगुणस्थानवर्तिनः संविग्नपाक्षिकाः परत्मात्मभक्तौ अतीवोल्लसिताः, स्वपापस्य मिथ्यादुष्कृतं शुभभावेन ददाना अपि यदि तदैव केनचित् पृच्छ्यन्ते यत् "किं भवद्भिः शैथिल्यं अधुनैव न त्यज्यते ?" इति । तर्हि भक्तिभरमानसा अपि ते तदा शक्तौ सत्यामपि शैथिल्यं त्यक्तुं न शक्नुवन्ति । इयमेव तेषां निर्दयता । ततश्च तादृशनिर्दयतायां सत्यां तत्रोत्पन्नः शुभभावोऽपि "विपुलनिर्जराकारी तीव्रसंवेगरूपः" इति न निश्चीयते ।

न केवलमेतावदेव किन्तु **एवं च तत्र दुर्निवारा माया**= भवतु नाम तस्य वास्तविकः पश्चात्तापभावः, तथापि स अपुनःकरणप्रतिज्ञां कृत्वाऽपि पुनः पुनः उपयोगपूर्वकं पापं करोतीति स मायावी एव गण्यते । अत्र माया आत्मगतः परवञ्चनाद्यात्मकाभिप्रायविशेषः एव । परवञ्चनं च तदा गण्यते, यदा परः वञ्च्यते । ततश्च यत्र माया तत्र परवञ्चनस्य भजना इति मायापरवञ्चनयोः भेदः । निश्चयनयो हि पञ्चमषष्ठगुणस्थानवर्तिनां अपुनःकरणसंगतानामेव मिथ्यादुष्कृतदानं सम्यक् मन्यते । प्रथमचतुर्थगुणस्थानवर्तिनां तु पश्चात्तापभाववतामपि मिथ्यादुष्कृतदानं न सम्यक् मन्यते, प्रत्युत मृषावादमायानिकृत्यादिदोषजनकं मन्यते । एतच्च सर्वमग्रे यथावसरं प्रकटयिष्यामि ।

સીધી વાત એટલી જ છે કે જાણી જોઈને ખોટું-ચારિત્રવિરુદ્ધ આચરણ જે સાધુ કરે એ નક્કી નિઃશૂક = નિષ્ઠુર જ હોય. અને એટલે એનામાં પડેલી નિષ્ઠુરતા એનામાં સંવેગને ઉત્પન્ન થતો અટકાવે. આમ નિષ્ઠુરતાથી અટકી પડેલો સંવેગ એ આત્મામાં ઉભો થવા માટે, ઉત્પન્ન થવા માટે ઉત્સાહ કરતો નથી. અને સંવેગભાવ

વિનાનું મિથ્યાદુષ્કૃતદાન ફળવાળું ન જ બને. એ વાત અમે કરી જ ગયા છીએ.

અને આ રીતે ત્યાં માયા દોષ છે જ. એને નિવારવી શક્ય નથી.

---

**यशो. - उक्तं च-( आव.नि. ६८५ )**

**जं दुक्कडं ति मिच्छा तं चेव निसेवए पुणो पावं । पच्चक्खमुसावाई माया नियडी पसंगो य ॥ इति ।**

---

**चन्द्र.** - आवश्यकनिर्युक्तिगाथाभावार्थस्त्वयम् - यत् दुष्कृतं=पापकार्यं 'दुष्कृतम्'इति ज्ञात्वा तस्य मिथ्या दुष्कृतं दत्तं । तदेव पापं यदि पुनः सेवते, तर्हि स **पच्चक्ख मुसावाइ**=सर्वेषामग्रतः मिथ्यादुष्कृतभणनात् स प्रत्यक्षमृषावादी भण्यते । तथा **माया**=कपटं, **निकृतिप्रसङ्गश्च**=परवञ्चनं च भवति।

આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું જ છે કે જે પાપનું મિથ્યા દુષ્કૃત આપ્યા બાદ એ જ પાપને જે ફરી સેવે છે. એ પ્રત્યક્ષમૃષાવાદી છે અને એને માયા તથા પરવંચનાનો પ્રસંગ આવે છે.

---

**यशो. - एवं च तस्य रुचिविपर्यासान्मिथ्यात्वमपि भवति । अपिः समुच्चये, चः पुनरर्थे । स्वोक्तेऽर्थे श्रुतकेवलिसम्मतिमाह-यतो भणितमिति । यतः=यस्मात् कारणात् भणितं उपदिष्टमुपदेशमालादौ ॥२७॥**

---

**चन्द्र.** - मायात्मकद्वितीयदोषप्रदर्शनावसरे निकृतिदोषमपि कथयित्वाऽधुना चतुर्थदोषमाह-**एवं च**=यतः स उपयोगपूर्वकं पुनःपापं करोति ततः **रुचिविपर्यासात्**="पुनः दुष्कृतं नैवाचरणीयम्"इत्यत्र या रुचिः सर्वविरतानां भवति, सा तु अस्य नास्त्येव । यतः सः पुनः पापं करोति । ततश्च जिनोक्ते तत्त्वे मिथ्यारुचिसद्भावात् **मिथ्यात्वमपि भवति ।**

ननु भवदीयं निरूपणं किं स्वच्छन्दमतिविनिर्मितं । यदि वा तत्र किंचित् प्रमाणमस्तीत्यत **स्वोक्ते अर्थे श्रुतकेवलिसम्मतिमाह**=चतुर्दशपूर्वधरश्रीभद्रबाहुस्वामिसम्मतिमाह ॥२७॥

વળી આમાં તો સ્પષ્ટ દેખાય છે કે એને જિનવચનમાં રુચિ નથી. પણ પાપ કરવામાં રુચિ છે. જાણી જોઈને પાપ કરે છે એટલે એને પાપ ન કરવાની રુચિને બદલે પાપ કરવાની જ રુચિ છે. અને આમ રુચિનો વિપર્યાસ થવાથી મિથ્યાત્વ પણ લાગે. જિનેશ્વરે કહેલા અર્થથી જુદા અર્થમાં શ્રદ્ધા થાય એટલે એ રૂચિવિપર્યાસ=ખોટા અર્થમાં શ્રદ્ધા કરવાથી મિથ્યાત્વ લાગવાનું જ.

ગાથામાં **'अपि'** શબ્દ એ માયા, નિકૃતિ અને મિથ્યાત્વ પણ.. એમ ત્રણ દોષોનો સમુચ્ચય-સંગ્રહ કરવા માટે છે. **'च'** પુનઃ અર્થમાં છે. "વળી=પુનઃમિથ્યાત્વ પણ લાગે." આ રીતે અર્થ થશે.

ગ્રન્થકાર પોતે કરેલી મિથ્યાત્વ દોષ લાગવાની વાતમાં શ્રુતકેવલી ધર્મદાસગણિની સાક્ષી=સમ્મતિને બતાવે છે કે "ઉપદેશમાલા વગેરેમાં કહ્યું છે કે... (શું કહ્યું છે ? એ આગળની ગાથામાં બતાવશે.) ॥૨૭॥

---

**यशो. - भणितमेवाह –**

जो जहवायं न कुणइ मिच्छद्दिट्ठी तओ हु को अन्नो ।
वड्ढेइ च मिच्छत्तं परस्स संकं जणेमाणो ॥२८॥

चन्द्र. - → यः यथावादं न कुर्यात्, ततः खलु कोऽन्यः मिथ्यादृष्टिः ? परस्य शङ्कां जनयन् स (परस्य) मिथ्यात्वं वर्धयति ← इति गाथार्थः ।

શ્રુતકેવલી ભગવંતે જે વાત કહેલી છે એ જ વાતને કહે છે.

**ગાથાર્થ :** જે બોલ્યા પ્રમાણે ન કરે તેના કરતા બીજો કોણ મિથ્યાત્વી હોય ? કે જે બીજાને શંકા ઉત્પન્ન કરતો છતોં બીજાના મિથ્યાત્વને વધારે છે.

**यशो. - जो जह त्ति । यः प्राणी यथावादं=प्रतिज्ञानतिक्रमेण न करोति=न विधत्ते संयताचारमिति शेषः। मिथ्यादृष्टिः=विपर्यस्तरुचिः, अत एव मिथ्याज्ञानी च, ततः= तस्मादयथावादकारिणः हुः=वाक्यालङ्कारे कोऽन्यः=कोऽपरो न कोऽपीत्यर्थः, स एव मिथ्यादृष्टिर्यथावादाननुष्ठायित्वेन तज्ज्ञानदर्शनयोः सतोरपि वैफल्येनाऽसत्त्वात् ।**

चन्द्र. - **प्रतिज्ञानतिक्रमेण**=पुनरकरणप्रतिज्ञायाः भङ्गो यथा न भवति, तथा । **वाक्यालङ्कारे**=यथा वाक्यं शोभनं दृश्यते, तदर्थं, न तु तस्य कश्चिदर्थः । ननु कथं स मिथ्यादृष्टिः इत्यत आह **यथावादाननुष्ठायित्वेनेति** । "न पुनरेतत् पापं करिष्यामि"इति यद् वचनं तेन उच्चरितं, तद्वचनानुसारेण आचरणमसौ न करोति । किन्तु ज्ञात्वा पुनः पापं करोतीत्यतः **तज्ज्ञानदर्शनयोः** यथावादाननुष्ठायिनः सम्यग्ज्ञानसम्यग्दर्शनयोः **सतोरपि**= विद्यमानयोरपि **वैफल्येन**=पुनः पापाकरणात्मकं यत्फलं, तद्रहितत्वेन **असत्त्वात्**=अभावात् । निश्चयनयो हि फलरहितं वस्तु सदपि असदेव मन्यते । यथा लोके किञ्चिल्लवणयुक्तमपि वस्तु लवणस्वादविरहितं सत् अलवणमेव उच्यते । किञ्चिद्धनसहितोऽपि पुरुषः धनफलरहितः सन् धनरहित एव उच्यते । एवं सम्यग्ज्ञानादियुक्तोऽपि जीवः सम्यग्ज्ञानफलात्मकविरतिविरहितः सन् सम्यग्ज्ञानादिरहितो मिथ्यात्वी एव उच्यते ।

**ટીકાર્થ :** જે જીવ લીધેલી પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન ન થાય એ રીતે સાધુના આચારને પાલન ન કરે. તે વિપરીત રુચિવાળો=મિથ્યાત્વી ગણાય. અને જેની રુચિ મિથ્યા હોય એ મિથ્યાજ્ઞાની પણ હોય જ, કેમકે સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન હોતું નથી. આ બોલ્યા પ્રમાણે ન કરનારા કરતા બીજો કોણ વધારે મિથ્યાત્વી હોઈ શકે? કોઈ જ ન હોય. આ જ મિથ્યાત્વી ગણાય.

(**શિષ્ય :** સંવિગ્નપાક્ષિક જેવા સાધુઓ સંયમપાલન નથી કરતા, તેમ છતાં પણ તેઓને પશ્ચાત્તાપાદિ છે. માટે જ એમને સમ્યગ્દર્શન માનેલ છે. એટલે પ્રતિજ્ઞા પ્રમાણે ન કરવાથી ચારિત્ર ભલે જાય. પણ પશ્ચાત્તાપી સાધુને સમ્યગ્દર્શન તો ટકી શકે છે. એ મિથ્યાત્વી શી રીતે કહેવાય ?)

**ગુરુ :** એ બોલ્યા પ્રમાણે અનુષ્ઠાન=આચરણ કરતો નથી. માટે એની પાસે જ્ઞાન-દર્શન હોવા છતાં પણ ચારિત્રરૂપી ફળ વિનાના છે. માટે જ તો પેલો વિપરીત આચરણ કરે છે. અને તેથી એ જ્ઞાનદર્શન હોવા છતાં પણ ફળ વિનાના હોવાથી અસત્=અવિદ્યમાન જ ગણાય છે.

**यशो. - न केवलं स्वयमेवासौ मिथ्यादृष्टिः किन्तु वर्धयति च=वृद्धिं नयति च मिथ्यात्वं=विपर्यासं परस्य=आत्मनोऽन्यस्य शङ्कां=सन्देहं किमयमेवानुचितं करोति उत आप्तोपदेश एवायम् ? इत्येवंरूपां जनयन्=विदधानः ।**

**चन्द. - किमयमेवानुचितम्**=आधाकर्मादिग्रहणादिरूपं ? **आप्तोपदेश एवायम्**="साधुना आधाकर्मापि ग्रहीतव्यं" इति भगवतैवोपदिष्टम् ?

આ સાધુ માત્ર પોતે જ મિથ્યાત્વી છે એટલું નહિ. પરંતુ પોતાના વિપરીત આચારને જોનારાઓના મનમાં એવી શંકાને ઉત્પન્ન કરવામાં નિમિત્ત બને છે કે, "શું આ સાધુ જ અનુચિત વર્તન કરે છે ? કે પછી પરમાત્માએ જ એને આ પ્રમાણે કરવાની રજા આપી છે ?"

આવી શંકાને ઉત્પન્ન કરતો આ સાધુ બીજાના મિથ્યાત્વને વધારનારો બને છે.

**यशो. - इयं हि शङ्का तत्र तथाविधमायावशादनाचारित्वनिश्चयमनास्कन्दन्ती तदाचारे आप्तोपदिष्टत्वनिश्चयमादायैव पर्यवस्यतीति कथं न ततः परस्य विपर्यासः ? इदं च निश्चयनयमतम् ।**

**चन्द. -** ननु जिनवचनविपरीतं श्रद्धानं हि मिथ्यात्वं । प्रकृते तु परस्य शङ्कैवास्ति यदुत "आधाकर्मग्रहणमस्यैव मुनेरनुचिता प्रवृत्तिः ? उत जिनस्यैवोपदेशः ?" इति । न तु "आधाकर्म ग्रहणं जिनोपदिष्टमेवत"इति विपरीतं श्रद्धानं तस्य जातं । ततश्च कथं परस्य मिथ्यात्वं, मिथ्यात्ववृद्धिर्वा ? इत्यत आह **इयं हि शङ्का इत्यादि । तथाविध-मायावशात्**=स मुनिः परं प्रति कथयति यदुत "स्वाध्यायादियोगार्थं तीर्थकरैः आधाकर्मग्रहणमनुज्ञातमेव । अहं हि तीर्थकरे महानुरागी तीर्थकराज्ञां स्वप्नेऽपि नोल्लङ्घयामि । किञ्च श्रावकोपरि उपकारकरणार्थमपि तीर्थकरैराधाकर्मग्रहणमनुज्ञातं" इति । ततश्च तस्य तथाविधमायायाः प्रभावात् **अनाचारित्वनिश्चयमनास्कन्दन्ती**="किमयं साधुरेवानाचारी ? उत तीर्थकरस्यैवायमुपदेश" इति शङ्का 'साधुः अनाचारी' इति निश्चयरूपतया न परिणमति । किन्तु **तदाचारे**=साधोराधाकर्मादिग्रहणात्मकानाचाररूपे आचारे **आप्तोपदिष्टत्वनिश्चयमादायैव**=भगवतोपदिष्टत्वस्य यः निश्चयः, तद्रूपतयैव **पर्यवस्यति**=परिणमति । शङ्का हि विपरीतपदार्थद्वयविषया सती तथाविधनिमित्तवशात् एकतरपदार्थविषयकनिश्चयरूपतया परिणमति । यथा 'किमयं वृक्षः ? स्थाणुर्वा ?' इति शङ्का विहगोड्ड्यनादिदर्शनात् वृक्षविषयकनिश्चयरूपतया परिणमति । एवमत्रापि "किं इदं आधाकर्म साधोरेवानाचार ? उत भगवतोपदिष्ट आचारः ?" इति शङ्का साधोः तथाविधमायायाः प्रभावात् साधुकृतानाचारविषयकनिश्चयरूपतया अपरिणमन्ती सती भगवदुपदिष्टाचारविषय-कनिश्चयतयैव परिणमति । तादृशनिश्चयश्च स्फुटमेव मिथ्यात्वमिति स मुनिः परेषामपि मिथ्यात्वं जनयति, वर्धयति चेति सिद्धम् ।

अत्रेदं बोध्यम् । गाढमिथ्यात्विनः, अपुनर्बधकपरिणामवन्तः, सम्यगदृष्टयश्चैते त्रये संयमग्रहणानन्तरं

पापकर्म कुर्वन्ति । तत्र गाढमिथ्यात्विनः मायादिकरणेन गुरुमपि वञ्चयन्ति । पश्चात्तापभावं विनैव व्यवहारत एव मिथ्या दुष्कृतं ददति । पुनस्तदेव पापं तादृशेनैव तीव्रपरिणामेन कुर्वन्ति । तेषां तु प्रत्यक्षमृषावादः, माया, कपटं मिथ्यात्वमित्यादिदोषाः सुतरां भवन्त्येव । व्यवहारनयः निश्चयनयश्च द्वौ अपि नयौ तं तादृशदोषवन्तं प्रतिपादयन्ति । अपुनर्बन्धकपरिणामवन्तश्च जीवा यद्यपि मिथ्यात्विन एव । तथापि ते मन्दमिथ्यात्विनः, सम्यक्त्वाभिमुखपरिणामाश्चेति पापं कृत्वापि पश्चात्तापपरिणामात् मिथ्या दुष्कृतं ददति । पुनरपि कर्मोदयवशात् तदेव पापं तादृशेनैव परिणामेन करोति, पुनरपि मिथ्या दुष्कृतं ददति । निश्चयनयः अस्यापि प्रागुक्तदोषान् प्रतिपादयति । व्यवहारस्तु प्राह – तस्य मिथ्यात्वं तावदस्त्येव । किन्तु शुभपरिणामभावात् तस्य वृद्धिर्न भवति। तथा तस्य माया निकृतिश्च न गण्यते । यतः स सरलपरिणामेनैव मिथ्या दुष्कृतं ददाति । तथा यद्यपि तस्य मृषावादो दृश्यते, तथापि स तस्यानर्थकरो न भवति । पश्चात्तापादिशुभपरिणामसद्भावात् । परेषां मिथ्यात्वं तु स न वर्धयति । यतः सः सम्यक्कथयति यथा"इदमाधाकर्म भगवता तु निषिद्धं । अहं तु अपराधी यत् भगवता निषिद्धमपि सेवे" इति ।

सम्यग्दृष्टयश्च अपुर्नबंधकसदृशा एवावगन्तव्याः । केवलं तेषां मिथ्यात्वं नास्ति, अपुनर्बंधकापेक्षया च पश्चात्तापादिपरिणामा अनन्तगुणविशुद्धाः प्रवर्तन्ते । शेषं तु अपुनर्बंधके यत् कथितं । तदेवात्रापि बोध्यम् ।

संयमपरिणामवन्तश्च जीवाः पापस्य मिथ्यादुष्कृतं दत्वा पुनः तादृशेनैव परिणामेन तं पापं न कुर्वन्तीति अपुनःकरणनियमसंगता भवन्ति । निश्चयनयः एतेषामेव मिथ्यादुष्कृतं सम्यग् वदति । व्यवहारस्तु वदत्येव ।

एतत्सर्वं संक्षेपतोऽभिहितम् ।

(**શિષ્ય** : એક સાધુ ઘરે ઓર્ડર આપી આધાકર્મી બનાવડાવી વાપરે તો એ ઘરના શ્રાવકાદિને એમ થાય કે આ સાધુ પોતાની સ્વચ્છંદબુદ્ધિથી આ પ્રમાણે આધાકર્મી વાપરે છે ? કે પછી પ્રભુએ જ એમને આધાકર્મી વાપરવાની રજા આપી હશે ?"

આ શંકા પેલા શ્રાવકને થાય ખરી. પણ એમાં મિથ્યાત્વ શી રીતે પામે ? પ્રભુના એકપણ વચનમાં ખોટી શ્રદ્ધા કરે. તો મિથ્યાત્વ લાગે. આ શ્રાવકે તો માત્ર શંકા કરી છે. આને મિથ્યાત્વ શી રીતે લાગે ?)

**ગુરુ** : કોઈપણ શંકા અંતે કોઈપણ એક બાજુ નિશ્ચય તરીકે ઢળી જતી હોય છે. આ શ્રાવકને શંકા તો થઈ. હવે કાં તો છેલ્લે એ એવો નિશ્ચય કરશે કે "પ્રભુએ તો આધાકર્મીની ના જ પાડી હોય. પણ આ સાધુ સ્વચ્છંદી હશે." અથવા તો પછી એવો નિશ્ચય કરશે કે "આ સાધુ આધાકર્મી વાપરે છે તો પ્રભુએ 'હા' પાડી હોય તો જ વાપરતો હશે ને ?"

હવે પેલો સાધુ તો માયા-કપટમાં હોંશિયાર હોય એટલે એવી તો માયા કરશે કે શ્રાવકને એ સાધુ સારો લાગે. એ અનાચારી ન લાગે. હવે પેલી શંકા એ "સાધુ જ ખોટો છે, અનાચારી છે" એ નિર્ણય રૂપે ન પરિણમે એટલે પછી બીજા નિર્ણય તરફ ઢળે અને એના આધાકર્મી ભોજન રૂપ આચારમાં આપ્ત-ઉપદિષ્ટત્વના નિશ્ચયરૂપે જ પરિણમે. પ્રભુએ જે આધાકર્મીનો નિષેધ કર્યો છે, એ આધાકર્મીને પેલો શ્રાવક ઉપાદેય-કર્તવ્ય-જિનાજ્ઞારૂપ માનવા માંડે એ એનું મિથ્યાત્વ જ કહેવાય ને ?

(**શિષ્ય** : આ રીતે માનશો તો સંવિગ્નપાક્ષિકો વગેરે બધા મિથ્યાત્વી જ બની જશે.)

**ગુરુ** : હા, નિશ્ચયનય પ્રમાણે તો એ બધા મિથ્યાત્વી જ ગણાય.

**यशो. - व्यवहारतस्त्वभिनिवेशेन यथावादाननुष्ठानेऽश्रद्धया सम्यक्त्वपरिक्षयान्मिथ्यात्वम् । अनभिनिवेशात्त्वनाभोगादिना प्रतिषिद्धाचरणे ज्ञानकार्यपश्चात्तापाद्युपलम्भान्न तदभावः ।**

**चन्द्र.** - अधुना टीकानुसारेण व्यवहारनयस्याभिप्रायं वक्ष्यामः । **अभिनिवेशेन**=कदाग्रहेन, पश्चात्तापादिपरिणामं विनैव **यथावादाननुष्ठाने**=पुनः पापकरणे **अश्रद्धया**=जिनवचनोपरि श्रद्धानाभावात् । **अनभिनिवेशात् तु**=कदाग्रहाभावे तु **अनाभोगादिना**=अनाभोगप्रमादबलाभियोगकर्मोदयपरवशतादिना तु **प्रतिषिद्धाचरणे**=पुनः पापकरणे **ज्ञानकार्यपश्चात्तापाद्युपलम्भात्**=सम्यग्ज्ञानस्य यत् कार्यं पश्चात्तापादिरूपं तस्य विद्यमानत्वात् **न तदभावः**=सम्यक्त्वाभावः । तथा च सम्यग्दृष्टय एव ते महात्मान इति व्यवहारः ।

વ્યવહારનય કહે છે કે અભિનિવેશથી=કદાગ્રહથી=પશ્ચાત્તાપાદિ વિના જો સાધુ પ્રતિજ્ઞા પ્રમાણે અનુષ્ઠાન કરવાને બદલે એનું ઉલ્લંઘન કરે તો એનામાં જિનવચન ઉપરની શ્રદ્ધા પણ નથી એ નક્કી થાય છે અને શ્રદ્ધા વિના એના સમ્યક્ત્વનો વિનાશ જ માનવો પડે. એટલે એ મિથ્યાત્વી જ બને.

પણ અભિનિવેશ ન હોય, માત્ર અનાભોગ, આસક્તિ, પ્રમાદને લીધે પ્રભુએ નિષેધ કરેલા આચારોને સેવતો હોય અને અંદર એ બદલ પશ્ચાત્તાપ હોય. તો પશ્ચાત્તાપ તો સમ્યગ્જ્ઞાન=સમ્યગ્દર્શનનું કાર્ય છે. એ કાર્ય એમાં હોવાથી એનામાં એના કારણભૂત સમ્યગ્દર્શનાદિ પણ હોય જ. એનો અભાવ ન હોય.

**यशो. - तदुक्तं पञ्चाशके- ( ११/४७-४८ )**

**एवं च अहिणिवेसा चरणविधाए न णाणमाईआ । तप्पडिसिद्धसेवणमोहासद्दहणभावेहिं ॥**

**अणभिणिवेसाउ पुण विवज्जया होंति तव्विधाए वि । तक्कज्जुवलंभाओ पच्छायावाईभावेणं ॥ इति ॥२८॥**

**चन्द्र.** - पञ्चाशकगाथयोः भावार्थस्त्वयम् → अभिनिवेशात्="पृथ्वीजलादयः न जीवरूपाः, किन्तु पुद्गलमात्ररूपा" इत्यादिरूपात् मिथ्यात्वोदयजन्यात् कदाग्रहात् चारित्रविनाशे सति ज्ञानदर्शनादयो गुणा न भवन्ति । यतः तत्र तत्प्रतिषिद्धसेवनं=चारित्रे निषिद्धस्य पृथ्व्याद्यारंभस्य सेवनं, मोहः=अज्ञानं, अश्रद्धानं च सन्ति । ततश्च एतेषां सद्भावेन तत्र ज्ञानादयो गुणा अपि विनश्यन्तीति ।

अनभिनिवेशात् पुनः चारित्रविघातेऽपि=पापकार्यसेवनेऽपि अविपर्ययात्=विपरीतबोधाभावात् "इदं मया न योग्यं कृतं" इत्यादि ज्ञानसद्भावात् सम्यग्ज्ञानदर्शनादयो भवन्त्येव । यतः तत्र पश्चात्तापादिभावेन तत्र सम्यग्दर्शनादिकार्यस्योपलंभो भवतीति । कार्यसद्भावे च कारणं सम्यग्दर्शनादिकं भवत्येव ←इति ॥२८॥

પંચાશકમાં કહ્યું છે કે

આ પ્રમાણે અભિનિવેશથી ચારિત્રનો ઘાત થાય તો તો પ્રભુએ નિષેધેલા આચારનું સેવન +અજ્ઞાન+

અશ્રદ્ધાના સદ્ભાવને લીધે જ્ઞાન-દર્શન પણ ન ટકે. પરંતુ જો અભિનિવેશ વિના ચારિત્રઘાત=વિપરીત આચરણ કર્યું હોય તો એ સાધુને વિપર્યય ન હોવાથી ચારિત્રના ઘાતમાં પણ સમ્યગ્દર્શનાદિ હોઈ શકે છે, કેમકે તેનામાં પશ્ચાત્તાપાદિ ભાવો પડેલા છે અને એ પેલા સમ્યક્ત્વના જ કાર્ય છે એટલે કે પશ્ચાત્તાપાદિની હાજરી હોવાને લીધે એ આત્મામાં સમ્યક્ત્વના કાર્યનો નિશ્ચય થવાથી ત્યાં સમ્યક્ત્વની સિદ્ધિ થાય છે.

---

**यशो. - अथोक्तदोषाऽकलङ्कितमेकान्तहितावहमुत्सर्गं व्यतिरेकप्रदर्शनमुखेन विधिशुद्धमपवादं च दर्शयन्नाह –**

**तम्हा अकरणयच्चिय कहियं नु तए पए पडिक्कमणं ।**
**नो पुण उवेच्च करणे असइ करणे य पडिक्कमणं ॥२९ ॥**

**( मिच्छकारो सम्मत्तो )**

---

**चन्द्र. - उक्तदोषाकलङ्कितं**=मायानिकृतिमिथ्यात्वादिदोषात्मककलङ्कैः रहितं **उत्सर्गं**=उत्सर्गमार्गानुसारि प्रतिक्रमणं **व्यतिरेकप्रदर्शनमुखेन**="एतत् अपवादतः प्रतिक्रमणं" इति यत् उच्यते, तत् अन्वयप्रदर्शन मुखेनापवादमार्गानुसारि प्रतिक्रमणमुक्तं भवति । अत्र तु न अन्वयप्रदर्शनमुखेन, किन्तु "एतद्दोषयुक्तं तु मिथ्याकारप्रयोगात्मकं प्रतिक्रमणं अपवादतोऽपि प्रतिक्रमणं न भवति"इति कथनेन एतद्दोषविमुक्तं तादृशप्रयोगात्मकं प्रतिक्रमणं अपवादतः भवतीति व्यतिरेकमुखेनापवादमार्गानुसारि विधिशुद्धं प्रतिक्रमणं **दर्शयन्नाह**

→ तस्मात् त्वया अकरणतैव पदे प्रतिक्रमणं कथितम् । न पुनः उपेत्यकरणेऽसकृत्करणे च प्रतिक्रमणम् ← इति गाथार्थः ।

માયા-કપટાદિ દોષોથી અકલંકિત, એકાન્તે હિતકારી એવા ઉત્સર્ગમાર્ગને અને વ્યતિરેકનું પ્રદર્શન કરવા દ્વારા વિધિશુદ્ધ અપવાદને દેખાડતા ૨૯મી ગાથા કહે છે.

(**શિષ્ય** : વ્યતિરેક પ્રદર્શન એટલે શું ?)

(**ગુરુ** : 'પાપ ન કરવું' એ ઉત્સર્ગ છે. એ બતાવ્યા બાદ 'પાપ થઈ ગયા બાદ મિચ્છા મિ... દેવું એ અપવાદથી મિથ્યાકાર છે.' આ રીતે જો સ્પષ્ટ રીતે અપવાદ બતાવે તો એ અન્વયમુખથી અપવાદનું નિરૂપણ કહેવાય. પરંતુ અહીં તો આ રીતે કહેશે કે "જાણી જોઈને પાપ કરે કે વારંવાર પાપ કરે તો એ મિથ્યાકારપ્રયોગ પ્રતિક્રમણ=મિથ્યાકાર સામાચારી ન કહેવાય." આમાં અપવાદમાર્ગનું સીધું નિરૂપણ નથી. પણ આ વાક્યને ઉંધું કરીએ તો અપવાદ મળે કે "જાણી જોઈને પાપ ન કર્યું હોય અને વારંવાર પાપ ન કર્યું હોય અને એ સિવાયના કારણોથી પાપ કરી દીધું હોય તો ત્યાં મિથ્યાકારપ્રયોગ અપવાદમાર્ગે પ્રતિક્રમણ બને." આમ અહીં અપવાદમાર્ગ સીધો નથી બતાવ્યો પણ ઉન્માર્ગ બતાવવા દ્વારા અપવાદનું સૂચન કરેલ છે. આને જ વ્યતિરેકપ્રદર્શન દ્વારા અપવાદનું નિરૂપણ કરેલું કહેવાય.)

**ગાથાર્થ** : માયાદિ દોષ લાગવાના ભયને લીધે "પાપ ન કરવું એ જ તારા વડે ઉત્સર્ગમાર્ગે પ્રતિક્રમણ કહેવાયેલું છે." પરંતુ જાણી જોઈને પાપ કરવામાં અને વારંવાર પાપ કરવામાં પ્રતિક્રમણ કહેવાયેલું નથી.

**यशो. - तम्ह त्ति । तस्मात्=उक्तदोषभयात् अकरणमेवाकरणता सैव नु इति वितर्के, वितर्कश्च निश्चयनयपर्यालोचनरूपः । तए इति त्वया पदे=उत्सर्गपदे प्रतिक्रमणं कथितम्। पए त्ति पढमं सुतरामिति चूर्णिकारः, पापं कृत्वा प्रतिक्रमणापेक्षया तदकरणस्यैव न्याय्यत्वात्, "प्रक्षालनाद्धि पङ्कस्य दूरादस्पर्शनं वरम् ।" इति न्यायात् ।**

**चन्द्र. - उक्तदोषभयात्**=पुनः पुनः पापं कृत्वा पुनः पुनः मिथ्यादुष्कृतदाने यत एते दोषा भवन्ति । ततः तादृशदोषभयात् **वितर्कश्च निश्चयनयपर्यालोचनरूपः**=गाथायां 'नु' इति अक्षरः निश्चयनयाभिप्रायात्मकस्य वितर्कस्य सूचकः । तादृशाभिप्राय एवात्र वितर्कः । ननु कथं उत्सर्गपदे पापाकरणं एव प्रतिक्रमणं उक्तं ? कथं पापं कृत्वा मिथ्यादुष्कृतदानं उत्सर्गपदे प्रतिक्रमणं नाभिहितम् ? इत्यत आह **पापं कृत्वा** इत्यादि । पापं कृत्वा **यत्** प्रतिक्रमणं । तदपेक्षया पापाकरणस्यैव युक्तत्वादिति । ननु पापं कृत्वा प्रतिक्रमणस्यापेक्षया पापाकरणमेव युक्तमिति यत् भवता उक्तम् । तदेव कया युक्त्या निश्चीयते इत्यत आह **प्रक्षालनाद्धि... इत्यादि** । पादप्रक्षालनार्थं पादयोः स्वयमेव पङ्के निमज्जनं न केषामपि अभिमतम् । "अहं पादं प्रक्षालयितुमिच्छामि । किन्तु पङ्केन मलिनमेव पादं प्रक्षालयितुं युज्यते, ततश्च प्रथमं मया पादं पङ्केन मलिनं करणीयं, ततश्च तत् प्रक्षालयिष्यामि"इति वदन् मूर्खशिरोमणिरेव गण्यते । एवमत्रापि "अहं मिथ्यादुष्कृतप्रयोगं कर्तुं इच्छामि । किन्तु पापं अकृत्वा तत्प्रयोगं कर्तुं नैव युज्यते । ततश्च प्रथमं मया पापं कर्तव्यं, तदनन्तरं मिथ्यादुष्कृतं दातव्यम्"इति तु वदन् कीदृग् गण्यत इति स्वयं चिन्तनीयम् । प्रथमं तु यथा सूक्ष्ममपि पापं न भवेत्, तथा दृढो यत्नः करणीयः । यदि च तथा प्रयत्ने कृतेऽपि कारणवशात् पापं भवेत्, तर्हि तत्र मिथ्यादुष्कृतं देयमिति उत्सर्गापवादयोः अत्र विवेकः ।

**टीकार्थ** : પાપ કર્યા પછી મિથ્યાકાર કરવાની વાતમાં ઉપર બતાવ્યા પ્રમાણે માયા વગેરે ઘણા દોષો લાગવાની શક્યતા છે. એટલે જ હે પ્રભો ! તે નિશ્ચયનયને વિચારીને પાપ-અકરણને જ ઉત્સર્ગમાર્ગે પ્રતિક્રમણ કહી દીધું છે.

'**पए**' શબ્દનો અર્થ અમે ઉત્સર્ગપદ કરેલ છે. ચૂર્ણિકારે એનો અર્થ 'સૌથી પ્રથમ'=સુતરાં અર્થ કરેલ છે. એટલે કે 'તારા વડે પાપ ન કરવું એ જ સૌ પ્રથમ પ્રતિક્રમણ કહેલ છે." એમ ચૂર્ણિનો અર્થ થાય.

(વ્યવહારમાં તો મિથ્યાકાર પ્રયોગ જ મિથ્યાકાર સામાચારી ગણી શકાય. મિથ્યાકાર પ્રયોગ વિના પણ મિથ્યાકાર સામાચારી = પ્રતિક્રમણ ગણવું એ નિશ્ચયને જ માન્ય હોય. નિશ્ચય તો ફલ જોઈને કારણ માની લે. વ્યવહારનય રોજ ખાનારા કૂરગડુને તપસ્વી ન કહે. નિશ્ચય કહે કે "તપનું ફળ નિર્જરા છે. એ એમને પુષ્કળ થાય છે એટલે એ તપસ્વી જ કહેવાય." વ્યવહારનય આચાર્યપદવી વિનાનાને આચાર્ય ન કહે. નિશ્ચય કહે કે "આચારો પાળે અને પળાવે તે આચાર્ય કહેવાય. પછી એ સામાન્ય સાધુ હોય તો પણ આચાર્ય કહેવાય, કેમકે આચાર્યપદવીનું કાર્ય એની પાસે છે."

એમ અહીં પણ વ્યવહારનય મિથ્યાકાર પ્રયોગને જ મિથ્યાકાર સામાચારી=પ્રતિક્રમણ ગણે. પણ નિશ્ચય તો કહે કે "મિથ્યાકારનું ફળ પાપ-અકરણ જ છે. એ જેની પાસે છે એ મિથ્યાકાર સામાચારીવાળો ગણાય."

એટલે "પાપ-અકરણ એ પ્રતિક્રમણ" આ નિશ્ચયનયનો અભિપ્રાય સમજવો. એ બતાવવા માટે જ "વિતર્ક" શબ્દ મુકેલ છે.)

(**શિષ્ય :** પાપ કર્યા પછી મિથ્યાકાર કરવામાં વધુ ભાવ જાગે છે. તો એમ જ ન કરવું જોઈએ ?)

**ગુરુ :** ના, પાપ કરીને પછી પ્રતિક્રમણ કરવું એના કરતા તો પાપ ન કરવું એ જ યોગ્ય છે.

(**શિષ્ય :** "આ જ વાત યોગ્ય છે" એમ તમે શી રીતે કહી શકો ?)

**ગુરુ :** "જાણી જોઈને કાદવમાં પડ્યા પછી સ્નાન કરવાની ભાવના કરવી એના કરતાં તો કાદવથી દૂર રહી એને સ્પર્શ જ ન કરવો એ સારું છે" આ ન્યાય શ્રીહરિભદ્રસૂરિજીએ બતાવેલો છે અને આ સર્વમાન્ય હકીકત છે.

---

**यशो. - अत एवाह निर्युक्तिकारः ( आव० नि० ६८३ )**

**जइवि पडिक्कमियव्वं अवस्सं काउण पावयं कम्मं । तं चेव ण कायव्वं तो होइ पए पडिक्कंतो इति ॥**

---

**चन्द्र.** - निर्युक्तिगाथाया अर्थः → यद्यपि पापं कर्म कृत्वा अवश्यं प्रतिक्रमणं कर्तव्यं । किन्तु तत्पापमेव यदि न क्रियेत, तर्हि प्रथममेव प्रतिक्रमणं कृतं भवति । ← इति ।

માટે જ તો નિર્યુક્તિકારે કહ્યું છે કે "જો કે એ વાત સાચી છે કે પાપકર્મ કરીને અવશ્ય પ્રતિક્રમણ કરવું જ જોઈએ. પણ પાપ જ ન કરવામાં આવે તો એ ઉત્સર્ગમાર્ગે પ્રતિક્રમણ કરી ચૂકેલો જ બને."

---

**यशो. - प्रतिक्रमणपदार्थो मिथ्यादुष्कृतप्रयोगस्तेन नानाकाङ्क्षिताभिधानम् । उक्तं च चूर्णिकृता – "मिच्छादुक्कडप्पओगेण पडिक्कमियव्वं" इति ।**

---

**चन्द्र.** - नन्वत्र मिथ्याकारसामाचारीवर्णनं क्रियते, न तु प्रतिक्रमणवर्णनं । ततश्चात्र "पापाकरणं प्रथममेव प्रतिक्रमणं" इत्यादि निरूपणं अस्थाने किं क्रियते ? इत्यत आह **प्रतिक्रमणपदार्थो**=प्रतिक्रमणं नाम मिथ्यादुष्कृतप्रयोग एव । स प्रयोग एव मिथ्याकारसामाचारी । ततश्चात्र या मिथ्याकारसामाचारी आकांक्षिता, तस्या एव निरूपणं कृतं । केवलं मिथ्याकारप्रयोगपदस्थाने प्रतिक्रमणशब्दो गृहीतः, न हि तत्र कोऽपि दोषः। एवञ्चात्र अनाकाङ्क्षितस्याभिधानं नास्ति । किन्तु आकांक्षिताया एव मिथ्याकारसामाचार्याः अभिधानमस्ति ।

ननु 'प्रतिक्रमणं मिथ्याकारप्रयोग एव' इति भवता कथं निर्णीतम् इत्यत चूर्णिकारसम्मतिमाह **उक्तं च चूर्णिकृता इत्यादि ।** चूर्णौ "मिथ्यादुष्कृतप्रयोगेन प्रतिक्रमणं कर्तव्यम्"इति कथितं । तेन ज्ञायते यत् मिथ्यादुष्कृतप्रयोग एव प्रतिक्रमणमिति ।

(**શિષ્ય :** તમે આ જે આવ. નિર્યુક્તિની ગાથા બતાવી એમાં તો પ્રતિક્રમણ અંગેની વાતો કરી છે. આપણી વાત તો મિથ્યાકારપ્રયોગ-મિથ્યાકાર સામાચારી અંગેની ચાલે છે. જ્યારે જેની વાત ચાલતી હોય ત્યારે તે જ પદાર્થ આકાંક્ષિત=ઈચ્છાયેલો હોય છે. એ વખતે બીજા પદાર્થનું નિરૂપણ કરવું એ અનાકાંક્ષિતનું અભિધાન કરવા રૂપ દોષ ગણાય. દા.ત. શ્રોતા પ્રશ્ન કરે કે "જગતમાં તત્ત્વો કેટલા છે ?" અને વક્તા ઉત્તર આપે કે

"પાપ કરનારા નરકે અને પુણ્ય કરનારા સ્વર્ગે જાય" તો એ અનાકાઙ્ક્ષિતનું અભિધાન કહેવાય.)

ગુરુ : અહીં પ્રતિક્રમણ એટલે જ મિથ્યાકાર=મિથ્યાકાર સામાચારી છે. એટલે જે મિથ્યાકાર આકાંક્ષિત છે. એનું જ કથન ગાથામાં કરેલું છે. માત્ર મિથ્યાકાર શબ્દ વાપરવાને બદલે એને સમાનાર્થી એવો પ્રતિક્રમણ શબ્દ વાપર્યો છે. એટલે એમાં અનાકાંક્ષિતનું અભિધાન કરવા રૂપ દોષ રહેતો નથી.

(**શિષ્ય** : "પ્રતિક્રમણ શબ્દનો અર્થ મિથ્યાકારપ્રયોગ છે" એવું તમે કયા આધારે કહી શકો ?)

**ગુરુ** : ચૂર્ણિકારે કહ્યું જ છે કે "મિચ્છા મિ દુક્કડ શબ્દના પ્રયોગ દ્વારા પ્રતિક્રમણ કરવું" અર્થાત્ આ પ્રયોગ કરો એટલે પ્રતિક્રમણ કરેલું ગણાય. અર્થાત્ આ બે એક જ છે.

---

**यशो. - स्यादेतत्-प्रतिक्रमणं विना तत्प्रत्ययगुणाभावादकरणापेक्षया कृत्वा प्रतिक्रमणं सम्यगिति ।**

---

**चन्द्र.** - **स्यादेतत्**=कस्यचिन्मनसि एतादृशी शङ्का स्यात्, का सा ? इति आह **प्रतिक्रमणं विना इत्यादि। तत्प्रत्ययगुणाभावात्**=प्रतिक्रमणमेव प्रत्ययः=कारणं येषां ते प्रतिक्रमणप्रत्ययाः गुणाः । तेषामभावात् । **अकरणापेक्षया**=पापाकरणस्य सकाशात् **कृत्वा प्रतिक्रमणं**=पापं कृत्वा मिथ्यादुष्कृतप्रयोगः **सम्यग्**= अधिकफलदायि । पापं कृत्वा मिथ्यादुष्कृतप्रयोगे हि भववैराग्य-पश्चात्तापाहङ्कारक्षयादयः प्रभूताः गुणा भवन्ति । पापाकरणे तु प्रतिक्रमणस्यैवाभावात् एते गुणाः न भवन्तीति केनापि प्रकारेण एतेषां गुणानां लाभाय पापं कृत्वा प्रतिक्रमणकरणमेव न्याय्यमिति ।

**શિષ્ય** : જો પાપ જ ન કરીએ તો પ્રતિક્રમણ કરવાનો અવસર જ ન આવે. અને પ્રતિક્રમણ ન કરીએ તો એના વિના પ્રતિક્રમણથી પ્રાપ્ત થનારા સંવેગભાવ, કર્મક્ષય વગેરે ગુણો=લાભો પણ ન મળે. એટલે જ પાપ ન કરવા કરતાં, પાપ કરીને પ્રતિક્રમણ કરવું એ જ સારું છે.

---

**यशो. - मैवं, एतेषां गुणानां प्राक्कृतदुष्कृतक्षयमात्रकरत्वेनोक्तन्यायावतारात्, फलान्तरार्जनस्य विहितत्वेनाकरणेऽप्यनपायाच्च ।**

---

**चन्द्र.** - समाधानमाह **मैवं** इत्यादि । ननु भवद्भिः येषां गुणानां लाभाय पापकरणं प्रतिक्रमणकरणञ्चेष्यते, ते गुणाः कस्य फलस्य जनकाः ? यत्फलाय तेषां गुणानां लाभः इष्यते । अत्र द्वे फले संभवतः । यस्य पापस्य मिथ्यादुष्कृतं दीयते, तत्पापकार्येण आत्मनि यत्पापकर्म बद्धं । तस्य क्षय इति एकं फलं । प्राचीनानामपि पापकर्मणां विनाशः, संवेगपरिणामादयश्चेति द्वितीयं फलं । यदि हि एतेषां गुणानां प्रथमं फलमिष्यते, तदर्थञ्च पापं कृत्वा प्रतिक्रमणकरणमिष्यते । तर्हि **एतेषां गुणानां प्राक्कृतदुष्कृतमात्रक्षयकरत्वेन उक्तन्यायावतारात्** । एते गुणाः यदि प्राक्कृतदुष्कृतमात्रस्यैव क्षयं कुर्वन्ति, नान्यत् । तर्हि पङ्कस्य प्रक्षालनसकाशात् दूरतः तदस्पर्शनं श्रेष्ठमिति यः न्यायः अनन्तरमेव प्रतिपादितः । स अत्रावतरेत् । यतः पापं कृत्वा प्रतिक्रमणकरणेन भवता तादृक् पापकार्यजन्यस्य पापकर्मणः अभावः एव प्राप्यते, स च अभावः पापाकरणमात्रादेव सिद्धः । को मूढः पापकर्माभावकरणाय प्रथमं पापकर्म बध्नीयात् ? तस्मात् अयुक्तं

भवत्कथनं ।

ननु द्वितीयमपि फलमत्र पापं कृत्वा प्रतिक्रमणकरणे भवति । तदर्थमेव सर्वोऽपि प्रयास इत्यत आह **फलान्तरार्जनस्य**=प्राचीनकालीनानामन्येषामपि पापकर्मणां क्षयात्मकं यत्फलान्तरं । तदर्जनस्य **विहितत्वेनाकरणेऽप्यनपायाच्च** =पापाकरणस्य विहितत्वेन पापाकरणे द्वितीयफलस्यापि विद्यमानत्वादित्यर्थः । यद् यद् वस्तु शास्त्रे कर्तव्यत्वेनोपदिष्टं । तत्तद् वस्तु विपुलनिर्जरादिजननद्वारा परमपदसाधकं संभवति । पापाकरणं च शास्त्रे कर्तव्यत्वेनोपदिष्टं । ततश्च पापाकरणं विपुलनिर्जरादिजननद्वारा परमपदसाधकं संभवत्येव । एवञ्च पापं कृत्वा प्रतिक्रमणस्य यत् द्वितीयं फलं भवता इष्यते, तत् तु पापाकरणेनापि प्राप्यत इति तदर्थं पापकरणस्य प्रतिक्रमणस्य चाश्रयणं अयुक्तं । यावन्ति फलानि पापं कृत्वा प्रतिक्रमणकरणद्वारा भवता प्राप्तुं इष्यन्ते, तानि सर्वाण्यपि पापाकरणेनैव प्राप्तुं शक्यन्ते इति पापं कृत्वा प्रतिक्रमणकरणस्याभिलाषः मूढतासूचक इति तात्पर्यम् ।

**ननु** मृगावतीचंडरुद्राचार्यदृढप्रहारीप्रभृतयः पापं कृत्वा प्रतिक्रमणद्वारैव क्षपकश्रेणीं प्राप्य परमपदमाप्ताः श्रूयन्ते । ततश्चायमेव मोक्षस्य सरलः पन्थाः यत् पापं कृत्वा तीव्रपश्चात्तापभावेन प्रतिक्रमणकरणमिति चेत् किमन्धोऽसि, यत् पापाकरणद्वारेणैव परमसंवेगभावं प्राप्य सकलकर्मक्षयं कुर्वाणान् सिद्धाचलादिषु निर्वाणं प्राप्तान् लक्षकोट्यादिमुनीन् न पश्यसि, किन्तु अङ्गुलीपर्वमात्रगणनीयान् मृगावत्यादीन् पश्यसि ? प्रायो भवाभिनन्दीनामेव प्रतिक्रमणकरणाय पापकरणस्याभिलाषो भवतीति किं बालिशेन सह विचारणया ?

**ગુરુ :** ના, હું તને પૂછું છું કે પ્રતિક્રમણ કરવા દ્વારા જે સંવેગવૃદ્ધિ વગેરે ગુણો પ્રાપ્ત થાય છે એ શું ફાયદો કરી આપે ?

**શિષ્ય :** એ સંવેગાદિ ગુણો "જે પાપનું પ્રતિક્રમણ કરેલું હોય તે પહેલાના કરેલા તે પાપકર્મને ક્ષય કરવાનું કામ કરે, આ ફાયદો થાય.

**ગુરુ :** બસ ? જો સંવેગાદિ ગુણો માત્ર જે પાપનું પ્રતિક્રમણ કરાય છે એ જ પાપને ખતમ કરનારા હોય તો તો શ્રી હરિભદ્રસૂરિજીએ બતાવેલો ન્યાય અહીં પણ લાગુ પડવાનો જ કે કાદવમાં પડવા દ્વારા જે મેલ લાગે, એ જ મેલ જો સ્નાનથી ધોવાતો હોય તો તો પછી સ્નાન કરવા માટે કાદવમાં પડવા કરતા સ્નાન ન કરવું એ જ સારું. સ્નાન કર્યા બાદ તું જેટલો ચોક્ખો થઈશ. એટલો જ ચોક્ખો સ્નાન કર્યા વિના કાદવથી દૂર રહેવાથી થઈશ.

એમ પાપ કરીને પ્રતિક્રમણ કરવા દ્વારા તું જે શુદ્ધિ પામીશ. એટલી જ શુદ્ધિ પ્રતિક્રમણ કર્યા વિના પાપ ન કરવા માત્રથી તારી પાસે રહેશે.

(**શિષ્ય :** પ્રતિક્રમણ માત્ર "જે પાપનું પ્રતિક્રમણ કરાય છે" એને ખતમ ન કરે, પરંતુ પૂર્વે બાંધેલા બીજા પણ અનંતકર્મોને ખતમ કરે. આમ વધારાનું ફળ મળતું હોવાથી પાપ કરીને પ્રતિક્રમણ કરવું વધુ સારું છે.)

**ગુરુ :** એક વાત તો તું માન્ય રાખીશ ને ? કે પ્રભુએ જેનું વિધાન=આજ્ઞા કરેલી હોય તે તમામ વિહિતવસ્તુઓ મોક્ષ સુધીના તમામ ફળોને આપવા સમર્થ છે. તો બાકીના ફળોની તો વાત જ શી કરવી ? એટલે પ્રતિક્રમણ દ્વારા જે વધારાના ફળો તું મેળવવા માંગે છે એ તમામ ફળો તો પાપ-અકરણથી પણ મળવાના જ છે. એ ફળોનો અપાય=અભાવ નથી થતો, કેમકે પાપ-અકરણ વિહિત છે.

("पाप-अकरणं फलान्तरस्यापि जनकं जिनैः विहितत्वात् चारित्रवत्")

**यशो. - आह चूर्णिकारः - "स्यान्मतिरेवम्-पडिक्कमणवत्तिया गुणा ण हवति त्ति। भन्नति-जदि तं चेव ण करेइ पए पडिक्कंतो" इति ।**

**चन्द्र.** - चूर्णिगाथार्थस्त्वयम् । **प्रतिक्रमणप्रत्यया**:=प्रतिक्रमणजन्याः गुणाः न भविष्यन्ति पापाकरणे, भण्यते=उत्तरं दीयते । यदि पापमेव न कुर्यात् तर्हि प्रथममेव प्रतिक्रमणं कृतं भवति । ततश्च तत्र प्रतिक्रमणजन्या गुणा अपि भवन्तीति भावः ।

ચૂર્ણિકારે આ વાત કરી જ છે કે → **પ્રશ્ન** : જો પાપ જ ન કરીએ તો પ્રતિક્રમણ પણ કરવાનું ન રહે અને તો પછી પ્રતિક્રમણથી થનારા ગુણોની પ્રાપ્તિ નહિ થાય ?

ઉત્તર : જો પાપ જ ન કરે તો એ ઉત્સર્ગમાર્ગે પ્રતિક્રમણ કરનારો બને. ← (અર્થાત્ એ પાપ-અકરણ પ્રતિક્રમણ જ છે. એટલે પ્રતિક્રમણના લાભો એનાથી પણ મળવાના જ.)

**यशो. - उपेत्यकरणे=सकृदपि ज्ञात्वा करणे 'असकृत्' पौनःपुन्येन करणे च प्रतिक्रमणं न भवति ।**

**चन्द्र.** - **सकृदपि ज्ञात्वा करणे**=यस्य पापस्य मिथ्यादुष्कृतं दत्तं, तदेव पापं एकवारमपि पुनः उपयोगपूर्वकं यदि करोति तर्हि **पौनःपुन्येन**=अनेकवारं करणे=पापकरणे **प्रतिक्रमणं न भवति**=प्राग्दत्तं मिथ्यादुष्कृतदानं सम्यग् न गण्यते । अत्र यदि कश्चिदाह 'अहं उपयोगपूर्वकं पापं न करोमि, किन्तु अनाभोगादिनैव मया अनेकवारं पापं क्रियते । ततश्च उपयोगपूर्वकं पापाकरणात् मत्प्रतिक्रमणं सम्यगेव'इति, ततः तद्भ्रमनिरासार्थमेवेदमुक्तं **पौनःपुन्येन** इत्यादि । यो हि अनेकवारं पापं करोति, तस्य तत्पापं उपयोगपूर्वकं एव भवति । नहि अनेकवारं अनुपयोगपूर्वकं पापं संभवतीति ।

આમ ઉત્સર્ગમાર્ગ બતાવીને હવે ઉન્માર્ગ બતાવે છે.

એકવાર પણ જાણી-જોઈને પાપ કરે અને વારંવાર પાપ કરે તો એનું પ્રતિક્રમણ=મિથ્યાકાર પ્રયોગ એ પ્રતિક્રમણ ન બને. અર્થાત્ એ સાચી સામાચારી ન ગણાય.

**यशो. - एवं च यथावत्प्रयतमानस्यैवानाभोगात्पुनरासेवने पापान्तराचरणे च पुनः पुनः प्रतिक्रमण-मपवादतोऽपि व्यवस्थितं,**

**चन्द्र.** - निष्कर्षमाह-**एवं च**=यतः सकृदपि ज्ञात्वा पापकरणे, अनेकशः वा पापकरणे प्रतिक्रमणं प्रतिक्रमणमेव न भवति, ततः **यथावत्प्रयतमानस्यैव**=यस्य पापस्य मिथ्यादुष्कृतं दत्तं, तत्पापं पुनः यथा न भवेत् पापान्तरमपि च यथा न भवेत्, तथा शास्त्रविधिना तीव्रं प्रयत्नं कुर्वाणस्यैव **अनाभोगात् पुनरासेवने** विस्मरणानुपयोगसहसात्कारादिना प्राक्प्रतिक्रान्तस्यापि पापस्य पुनः आसेवने सत्यपि **पापान्तराचरणे च** यत्पापं अद्य यावत् न संयमजीवनेऽभूत्, अत एव न तस्य पापस्य मिथ्यादुष्कृतं दत्तं, तादृशस्य पापस्य आचरणे

सत्यपि **पुनः पुनः प्रतिक्रमणं**=अनेकशः मिथ्यादुष्कृतदानं **अपवादतोऽपि**=उत्सर्गतस्तावत् अनेकशः मिथ्यादुष्कृतदानं प्रतिक्रमणं न भवत्येव। किन्तु अपवादतोऽपि तदैव तत् प्रतिक्रमणं भवति, यदा अनाभोगात् तत्पापं पुनरासेवितं स्यात्, यदा वा नूतनमेव किञ्चित्पापमासेवितं स्यात् इति अपिशब्दस्य भावार्थः । **व्यवस्थितं**=सम्यक् प्रतिक्रमणं मतम् । यथा हि कस्मिंश्चिन्मार्गे वर्तमाने कूपे अवटे वा कश्चिद्जानानः पुरुषः अनाभोगादिना पतितः, तत्र लोको तं बहिर्निष्काश्य उचितां सेवां करोत्यपि। किन्तु स एव पुरुषः द्वितीयस्मिन्नपि दिने तत्रैव निपतेत्, तर्हि लोको मणति→नूनं स्वयमेव मर्तुकामोऽयं, म्रियतां नाम । किमस्माकं पितुः गच्छति?" इति । तृतीयादिवारे तु पततः तस्य सर्वथा मूर्खत्वं उपेक्षणीयत्वञ्च भवत्येव । एवं यः सकृत् पापं करोति, तं गुरुः प्रायश्चितप्रदानादिना शुद्धं करोति । तस्य चारित्रं न भग्नं भवति । किन्तु स एव मुनिः पुनः पुनः तदेव पापं करोति, तदा गुरुरपि तं निष्ठुरं मत्वा कथं शुद्धं कुर्यात् ? तस्य च चारित्रं विनष्टमेव स्यात् ।

तथा कश्चित्पुरुषः प्रथमदिने एकस्मिन्नवटे निपतितः सन् लोकेन बहिःनिष्काष्य प्रगुणः क्रियते । स एव पुरुषः द्वितीयदिनेऽन्यस्मिन्नवटे पुनः निपतेत्, तदापि लोकः बहिर्निश्काष्य प्रगुणं करोति । एवमन्यान्यस्थाने पततः तस्य निर्दोषतां लोकोऽपि गणयति । एवमेकं पापं कृत्वा प्रतिक्रमणं च कृत्वा पुनरन्यस्मिन्पापे प्रवर्तमानं तं गुरुः प्रायश्चितप्रदानादिना शुद्धं करोति । तस्य च चारित्रं केवलं मलिनं भवति, न तु विनाशमाप्नोति इति हेतोरेवात्र **पापान्तरचरणे** च पुनः पुनः प्रतिक्रमणं सम्यग् संभवतीत्युक्तम् ।

આનો સાર એ કે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે આચારો પાળવામાં પ્રયત્ન કરનારો સાધુ જ અનાભોગાદિથી જ ફરીથી જૂનું પાપ સેવે અથવા તો તદ્દન નવું પાપ સેવે તો એ આ બધી વખતે વારંવાર મિથ્યાકાર પ્રયોગ કરે તો તે અપવાદમાર્ગે ય હજી પ્રતિક્રમણ ગણી શકાય. (ઉત્સર્ગમાર્ગે તો નહિ જ. પરંતુ અપવાદમાર્ગે પણ ઉપર મુજબની અવસ્થામાં જ પ્રતિક્રમણ સાચું ગણાય.)

બાકી જાણી જોઈને પાપ કરે તો તો પછી એનું પ્રતિક્રમણ સાચું ન થાય.

---

**यशो. - न ह्यनाभोगादुपेत्य करणं, व्याघातात्, नाप्यसकृत्करणं, तत्रानाभोगस्याऽप्रयोजकत्वात्, अभिनिवेशादेवासकृत्करणसंभवात्, अनाभोगस्य तु कादाचित्कत्वात् ।**

---

**चन्द्र.** - एवमपवादतोऽपि यत्र प्रतिक्रमणं भवति, तत् कथयित्वाऽधुना कुत्रापवादतोऽपि प्रतिक्रमणं न भवति'इति कथयितुमारभते **न ह्यनाभोगादित्यादि**=अनाभोगात् उपयोगपूर्वकं पापकरणं न संभवति । कथं न संभवतीत्याह-**व्याघातात्**=परस्परं विरोधात् । यदि हि अनाभोगात् पापकरणमस्ति, तर्हि तत् उपयोगपूर्वकं नैव संभवति । अनाभोगो हि अनुपयोग एव । यदि चोपयोगपूर्वकं पापकरणं अस्ति, तर्हि तत्रानाभोगात् पापकरणं नैव वक्तुं शक्यते । ततश्चोपेत्य पापकरणे अनाभोगाभावात् तत्रापवादतोऽपि प्रतिक्रमणं न संभवति । **नाप्यसकृत्करणं**=पुनः पुनः करणमपि अनाभोगात् न संभवतीति भावः । ननु कथं पुनः पुनः पापकरणं अनाभोगात् न स्यादित्यत आह **तत्र**=पुनः पुनः पापकरणे **अनाभोगस्य**=अनुपयोगस्य **अप्रयोजकत्वात्** । ननु कथं अनाभोगः पुनः पुनः पापकरणे प्रयोजको न भवतीत्यत आह-**अभिनिवेशादेवासकृत्करण संभवात्**=कदाग्रहात्=उपयोगादेव पुनः पुनः पापकरणसंभवात् । ननु उपयोगात् तावत् पुनः पुनः पापकरणं

संभवत्येव, न तत्रास्माकं काचिदाशङ्का । किन्तु अनाभोगादपि तत् भविष्यतीत्यत आह **अनाभोगस्य** तु **कादाचित्कत्वात्** कदाचित्=प्रथमद्वितीयादौ एव पापकरणे संभवात् । न तु पुनः पुनः करणे इति भावः ।

(શિષ્ય : જાણી જોઈને અનાભોગથી પાપ કરે તો ? તો તો પ્રતિક્રમણ સાચું ગણાય ને ?)

ગુરુ : અનાભોગથી જાણી જોઈને પાપ ? એ થઈ શકે ખરું ? બે ય તદ્દન વિરુદ્ધ છે. અનાભોગ એટલે અજાણતા. અજાણતા જાણી જોઈને પાપ થાય જ શી રીતે ?

(**શિષ્ય** : અનાભોગથી જાણી જોઈને પાપ ભલે ન થાય. પરંતુ અનાભોગથી વારંવાર પાપ થયા કરે તો ત્યાં મિથ્યાકાર સાચો ગણાય કે નહિ ?)

ગુરુ : અનાભોગથી જેમ જાણી જોઈને પાપ ન થાય. તેમ અનાભોગથી વારંવાર પાપ પણ ન જ થાય, કેમકે વારંવાર પાપકરણમાં અનાભોગ પ્રયોજક=પ્રેરક બની શકતો જ નથી. વારંવાર પાપકરણ પ્રત્યે તો અભિનિવેશ=કદાગ્રહ=નિષ્ઠુરતા જ પ્રેરક બને. અનાભોગ તો ક્યારેક જ થાય. એટલે અનાભોગથી પાપ પણ ક્યારેક જ થાય. વારંવાર ન થાય.

---

**यशो. - तदिदमभिप्रेत्योक्तमावश्यकवृत्तौ - 'संयमयोगविषयायां च प्रवृत्तौ मिथ्यादुष्कृतं दोषापनयायालम्, न तूपेत्य करणगोचरायां नाप्यसकृत्करणगोचरायाम्'' इति ॥२९॥**

---

**॥ इति न्यायविशारदविरचिते सामाचारीप्रकरणे मिथ्याकारः समाप्तोऽर्थतः ॥**

**चन्द्र.** - **तदिदम्**=अनाभोगात् उपेत्यकरणं, पुनः पुनः करणं च नैव संभवतीति **अभिप्रेत्य**=मत्वैव, निश्चित्यैव । **संयमयोगविषयायां**=संयमपालनायैव क्रियमाणायां । **वितथासेवने**=अतिचारादिसेवने । **अलम्**=समर्थं **उपेत्यकरणगोचरायां**=पापकरणाध्यवसायपूर्वकं क्रियमाणायां प्रवृत्तौ । **नाप्यसकृत्करण-गोचरायां**=पुनः पुनः एकस्मिन्नेव पापे क्रियमाणायां प्रवृत्तौ । तत्र पापकरणाध्यवसायस्यैव सद्भावात् मिथ्यादुष्कृतं निष्फलमिति भावः ॥२९॥

मिथ्याकारसामाचारीटीकोपरि चन्द्रशेखरीयानाम्नी विषमपदव्याख्या रहस्यप्रकटनं च संपूर्णे ।

આ જ અભિપ્રાયથી આવશ્યકની વૃત્તિમાં કહ્યું છે કે → સાધુ સંયમયોગોને વિશે પ્રવૃત્તિ કરતો હોય અને એવી પ્રવૃત્તિમાં કોઈ આજ્ઞાવિરુદ્ધ વર્તન, આચરણ થઈ જાય. તો ત્યાં અપાતું મિથ્યાદુષ્કૃતદાન એ દોષોને દૂર કરવા સમર્થ બને.

પરંતુ જાણી જોઈને પાપ કરવા સંબંધી પ્રવૃત્તિ હોય તેમાં મિથ્યાકાર પ્રયોગ દોષો દૂર કરવા સમર્થ ન બને. એમ વારંવાર પાપ કરવા સંબંધી પ્રવૃત્તિ હોય તો પણ મિથ્યાકાર પ્રયોગ દોષોને દૂર કરવા સમર્થ ન બને. ←॥૨૯॥

**મિથ્યાકારનો ભાવાનુવાદ સંપૂર્ણ**

**यशो. - इयाणिं तहक्कारो भन्नइ —**

**इदानीं=मिथ्याकारनिरूपणानन्तरं तथाकारो भण्यते —**

**चन्द्र.** - इदानीं तथाकारसामाचारीटीकोपरि विषमपदव्याख्या रहस्यप्रकटनञ्च क्रियेते ।

હવે મિથ્યાકારના નિરૂપણ પછી તરત જ તથાકાર કહેવાય છે.

**यशो. - सच्चत्तपच्चयट्ठं जं अट्ठे किर गुरूवइट्ठम्मि ।**

**रुइपुव्वं अभिहाणं लक्खिज्जइ सो तहक्कारो ॥३०॥**

**चन्द्र.** →गुरूपदिष्टे अर्थे सत्यत्वप्रतीत्यर्थं यद् रुचिपूर्वं अभिधानं स तथाकारः लक्ष्यते←इति गाथार्थः।

**ગાથાર્થ :** ગુરુએ ઉપદેશેલા અર્થને વિશે સચ્ચાઈ હોવાનું પ્રતિપાદન કરવા માટે ('**તહત્તિ**' એ પ્રમાણે) અભિધાન=કથન કરાય. તે તથાકાર તરીકે લક્ષાય છે. (જણાય છે)

**यशो. - सच्चत्त त्ति । यत्किल गुरूपदिष्टेऽर्थे रुचिपूर्वं=श्रद्धापूर्वं सत्यत्वप्रत्ययार्थम्=अवैतथ्यप्रतिपादकमभिधानं स तथाकारो लक्ष्यते=लक्ष्यीक्रियते ।**

**चन्द्र. - अर्थे**=शास्त्रानुसारिणि तात्त्विके पदार्थे **अवैतथ्यप्रतिपादकं**='भवतां इदं निरूपणं सत्यमेव'इति निरूपकं **अभिधानं**='तथा', "सत्यं", "अहो युक्तमुक्तं", "अहो भवतां शास्त्रीयो बोधः" इत्यादिकथनं, **लक्ष्यीक्रियते**= तादृशप्रतिपादनं लक्षणं, तथाकारसामाचारी च लक्ष्यमिति ।

ગુરુએ કહેલા પદાર્થને વિશે શ્રદ્ધાપૂર્વક સત્યત્વનું પ્રતિપાદક એવું વચન તે તથાકાર કહેવાય છે.

**यशो. - तेन तथार्थकप्रयोगान्तरे नाऽव्याप्तिः, न वा स्वभणिते वक्ष्यमाणलक्षणाऽगुरुभणिते वा 'तथेति' प्रयोगेऽतिव्याप्तिः, न वा रुच्यपूर्वे तत्र सा इत्यादि द्रष्टव्यम् ।**

**चन्द्र. - तेन**=अत्र 'गुरूपदिष्टे अर्थे श्रद्धापूर्वकं 'तथा' इतिपदस्यैवाभिधानं तथाकारः' इति नोक्तम्, किन्तु 'अवैतथ्यप्रतिपादकं किञ्चिदपि अभिधानं तथाकार' इति यत् उक्तं । तेन । तथा 'गुरूपदिष्टे अर्थे' इति उक्तं। किन्तु 'येन केनाप्युपदिष्टे अर्थे' इति नोक्तं । तेन । तथा 'रुचिपूर्वकं' इति उक्तं, न तु 'अवैतथ्यार्थप्रतिपादकं रुचिरहितं रुचिसहितं वा अभिधानं' इति उक्तं । तेन । एवं 'तेन' इति पदं यथायोग्यं त्रयाणां अर्थानां वाचकम्।

तत्र 'अवैतथ्यप्रतिपादकं' इति प्रथमस्य फलमाह **तथार्थकप्रयोगान्तरे**="सत्यं भवता उक्तं, युक्तमुक्तम्" इत्यादि प्रयोगान्तरे **नाव्याप्तिः**= यदि 'तथा' इति अभिधानमेव तथाकार इत्युच्येत, तर्हि प्रयोगान्तरेऽव्याप्तिः स्यात् । 'अवैतथ्यप्रतिपादकं' इति विशेषणे तु नेयमव्याप्तिः । यतः प्रयोगान्तराणि अवैतथ्यप्रतिपादकान्येव सन्तीति ।

'गुरु' इति अस्य फलमाह – **स्वभणिते**=यः येन प्रतिपादितः अर्थः, तस्मिन् स एव यदि वदति 'अहो मया युक्तमुक्तम् । शास्त्रानुसारि कथितम्"इति । तर्हि तस्य तत्कथनं तथाकारो न भवति । यदि तु गुरुपदं न स्यात्। तर्हि स्वोपदिष्टे अर्थे वैतथ्यप्रतिपादकं वचनं अपि तथाकारः स्यात् । एवं **वक्ष्यमाणलक्षणा-गुरुभणिते**=वक्ष्यमाणं लक्षणं येषां अगुरुणां, ते वक्ष्यमाणलक्षणाः अगुरवः । तैः भणिते वचने अवैतथ्यप्रतिपादकमभिधानं तथाकारः न भवेत् । यतः गुरूपदिष्टे वचने एव तादृशमभिधानं तथाकारः प्रतिपादितः ।

**न वा रुच्यपूर्वे**= गुरुवचने श्रद्धानविरहिते केवलं गुर्वादिरञ्जनार्थं कृते **तत्र**=तादृशाभिधाने **सा**=अतिव्याप्तिः । यतः रुचिपूर्वकं एव तादृशम् अभिधानं तथाकारः कथितः । **इत्यादि दृष्टव्यम्** । गुरुकथितेऽर्थे मनसा श्रद्धानं करोति, किन्तु बहिः तादृशमभिधानं यदि न करोति, तर्हि तथाकारो न भवति इति **अभिधान**पदस्य फलं आदिपदार्थः । एवं अवैतथ्यादिपदानां लक्षणस्थानां फलान्यपि आदिपदेन प्रतिपादितानि स्वयं अवगन्तव्यानि ।

અહીં "**तहत्ति**" જ બોલવું એમ નથી કહ્યું, પરંતુ સત્યત્વપ્રતિપાદક કોઈપણ વચન બોલવાની વાત કરી છે. એટલે હવે 'તથા' અર્થવાળા બીજા પ્રયોગો કરીએ તો પણ એ તથાકાર ગણાશે. એમાં અવ્યાપ્તિ નહિ આવે.

વળી **ગુરુકથિતવચન**માં તથાકારની વાત છે. એટલે કોઈ સાધુ પોતે જ કહેલા પદાર્થમાં સત્યત્વનું પ્રતિપાદન કરનાર વચન બોલે કે "મારી વાત સાચી છે." તો એ તથાકાર ન ગણાય. એમાં અતિવ્યાપ્તિ ન આવે.

એમ **ગુરુ** વડે કથિત વચનમાં તથાકારની વાત છે એટલે આગળ અમે જે અગુરુઓ બતાવવાના છીએ એમના વચનમાં કોઈ **तहत्ति** કરે તો પણ એ તથાકાર સામાચારી ન ગણાય. એમાં અતિવ્યાપ્તિ નહિ આવે.

એમ 'શ્રદ્ધાપૂર્વક તહત્તિ કરવાનું કહેલ છે' એટલે શ્રદ્ધા વિના જે તથાકાર કરાય એ પણ તથાકાર ન ગણાય. અર્થાત્ એમાં અતિવ્યાપ્તિ ન આવે.

---

**यशो. – अत्र यदा प्रसिद्धमनूद्य तदाऽप्रसिद्धविधानं लक्ष्यलक्षणयोरुद्देश्य-विधेयभावस्य कामचाराद् द्रष्टव्यम् । व्यवस्थितं चेदं स्याद्वादरत्नाकरे ।**

---

**चन्द्र.** – ननु "गौः कः पदार्थः उच्यते ? साधोः लक्षणं किं ?" इत्यादिप्रश्नेषु "यः सास्नावान् स पदार्थो गौः, यः ज्ञानादिसाधकः स साधुः" इति समाधानं दीयते । अत्र प्रश्नकारस्य मनसि गोसाध्वादिपदार्थाः प्रसिद्धाः, किन्तु तेषां लक्षणं प्रश्नकारो न जानाति, ततः प्रश्नं करोति । प्रसिद्धः पदार्थ उद्देश्यः भवति, अप्रसिद्धपदार्थस्तु विधेयो भवति । यमुद्दिश्य किञ्चिद् विधानं क्रियते, यथा "रामः परोपकारी अभवत्" इत्यत्र राममुद्दिश्य परोपकारिताविधानं क्रियते, तस्मादत्र राम उद्देश्यः । यस्य विधानं क्रियते, स विधेयः यथाऽत्र परोपकारितापदार्थो विधेयः ।

सामान्यतो लक्षणमप्रसिद्धं भवति, अत एव तद् विधेयं भवति । लक्ष्यं तु प्रसिद्धं भवति, अत एव तद् उद्देश्यं भवति । ततश्चोत्तरवाक्ये यत्पदेन अप्रसिद्धस्यैव निर्देशो तत्पदेन च प्रसिद्धस्यैव निर्देशो भवति । यथा

"यः सास्नावान् स गौः" इत्यादौ यत्पदेन सास्नावत्त्वलक्षणमप्रसिद्धवस्तु निर्दिश्यते, तत्पदेन तु गोत्वरूपं लक्ष्यं प्रसिद्धवस्तु निर्दिश्यते ।

प्रकृते तु "यत् गुरुवचने रुचिपूर्वकं अभिधानं सा तथाकारसामाचारी" इति गाथायां प्रदर्शितम् । अत्र रुचिपूर्वकमभिधानं प्रसिद्धमस्ति, तथाकारसामाचारी तु अप्रसिद्धपदार्थः । यतः गुरुवचने रुचिपूर्वकाभिधानस्य ज्ञानं ममाप्यस्ति, किन्तु तदभिधानं "तथाकार" उच्यते, इति ज्ञानं मम नास्ति । ततश्चात्र यत्पदेन प्रसिद्धस्य तत्पदेन च अप्रसिद्धस्य विधानं कृतम् । एवं च "यत्पदेन अप्रसिद्धस्य तत्पदेन च अप्रसिद्धस्यैव निर्देशो भवति" इति नियमस्य भङ्गो भवेत् इत्यत आह **अत्र**=त्रिंशत्तमगाथायां **यदा**=गाथास्थेन "जं" इति यत्पदेन **प्रसिद्धं**=गुरुवचने रुचिपूर्वकाभिधानात्मकं प्रसिद्धं वस्तु **अनूद्य**=कथयित्वा **तदा**=गाथास्थेन 'सो' इति तत्पदेन **अप्रसिद्धविधानं**=तथाकारसाचामारीरूपस्याप्रसिद्धपदार्थस्य निरूपणं **लक्ष्यलक्षणयोः उद्देश्यविधेयभावस्य**=लक्ष्यस्योद्देश्यत्वस्य लक्षणस्य विधेयतायाश्च **कामचारात्**=परिवर्तनशीलत्वात् **दृष्टव्यम्**=बोध्यम् ।

अयं भावः – लक्ष्यमुद्देश्यमेव भवति, लक्षणं च विधेयमेव भवति इति न नियमः । यतः कस्यचित् "सास्नावान् पदार्थः किमुच्यते ? ज्ञानादिसाधकः केन पदेनोच्यते ?" इत्यपि प्रश्नो भवति । ततश्च तत्र "यः सास्नावान् स गौः उच्यते, यः ज्ञानादिसाधकः स साधुः उच्यते" इति प्रत्युत्तरं दीयते । अत्र सास्नावत्त्वं ज्ञानादिसाधकत्वं च लक्षणं उद्देश्यभूतं वर्तते । गोसाध्वादिरूपं लक्ष्यं तु विधेयभूतं वर्तते । एवं चात्र यत्पदेन प्रसिद्धस्योद्देश्यभूतस्य लक्षणस्य निरूपणं, तत्पदेन अप्रसिद्धस्य विधेयभूतस्य लक्ष्यस्य निरूपणं भवत्येव ।

एवं प्रकृते "गुरुवचने रुचिपूर्वकाभिधानं किमुच्यते ?" इति प्रश्नोऽपि संभवति । तत्र तादृशाभिधानं प्रसिद्धमुद्देश्यं, तथाकारस्तु अप्रसिद्धो विधेयः । तथा चात्रापि यत्पदेन प्रसिद्धस्य तत्पदेन च अप्रसिद्धस्याभिधानं न दुष्टमिति ।

यदि हि लक्षणं सदैव विधेयं, लक्ष्यं च सदैव उद्देश्यं स्यात्, तर्हि यत्पदेन अप्रसिद्धस्यैव विधानं स्यात्, तत्पदेन च प्रसिद्धस्य । किन्तु यतः लक्ष्यलक्षणयोः उद्देश्यविधेयभावः परिवर्तनशीलः, ततः यत्पदेन प्रसिद्धस्य तत्पदेन चाप्रसिद्धस्य विधानं न दुष्टमिति भावः ।

**શિષ્ય :** અહીં ગુરુવચનમાં રુચિપૂર્વકનું 'તથા' અભિધાન એ લક્ષણ છે અને તથાકાર સામાચારી લક્ષ્ય છે. સામાન્યથી એવો નિયમ છે કે 'યદ્' પદ દ્વારા અપ્રસિદ્ધવસ્તુ દર્શાવાતી હોય છે. અને 'તત્' પદ દ્વારા પ્રસિદ્ધ વસ્તુ દર્શાવાતી હોય છે. દા.ત. સાધુ કોને કહેવાય ? એ પ્રશ્નનો ઉત્તર એવો અપાય કે "જે જ્ઞાનદર્શનચારિત્રને સાધે, તે સાધુ" અહીં પ્રશ્નકાર સાધુ=લક્ષ્યને તો જાણે જ છે. પણ જ્ઞાનાદિની સાધનારૂપી સાધુના લક્ષણને નથી જાણતો. એટલે અહીં **જે=યદ્** વડે અપ્રસિદ્ધનું વિધાન છે અને **તે=તદ્** વડે પ્રસિદ્ધનું વિધાન છે. એમ "ગાય કોને કહેવાય ?" એનો ઉત્તર આ પ્રમાણે અપાય કે "જે સાસ્નાવાળી હોય તે ગાય કહેવાય." અહીં પણ પ્રશ્નકારને માટે ગાય વસ્તુ પ્રસિદ્ધ છે. પણ સાસ્નાવત્ત્વરૂપી ગાયનું લક્ષણ અપ્રસિદ્ધ છે. એનું અત્રે **યદ્**થી વિધાન કરાયેલું છે.

પ્રસ્તુતમાં તો ઉંધું છે. ગુરુના વચનમાં 'તહત્તિ' કરવું એ પ્રસિદ્ધ વસ્તુ છે પણ એને 'તથાકાર' કહેવાય, એ વસ્તુ અપ્રસિદ્ધ છે. એટલે આ ગાથામાં જે લખ્યું છે કે 'ગુરુવચનમાં **જે** રુચિપૂર્વકનું અભિધાન, **તે** તથાકાર." એમાં તો યદ્ વડે પ્રસિદ્ધનું અને તદ્ વડે અપ્રસિદ્ધનું વિધાન કરેલ છે. તો એ શી રીતે યોગ્ય ગણાય ? યદ્

વડે અપ્રસિદ્ધનું અને તદ્ વડે પ્રસિદ્ધનું વિધાન કરવાનો નિયમ કેમ તોડો છો ?

ગુરુ : તારો આ નિયમ જ ખોટો છે. આ નિયમ સાચો તો જ ગણાત જો કાયમ માટે લક્ષ્ય ઉદ્દેશ્ય અને લક્ષણ વિધેય બનતું હોત. (જેને ઉદ્દેશીને કંઈક વિધાન કરવામાં આવે, તે ઉદ્દેશ્ય અને જે વિધાન કરવામાં આવે તે વિધેય. દા.ત. 'રામ પરોપકારી હતા.' અહીં રામને ઉદ્દેશીને પરોપકારિતાનું વિધાન છે. એટલે રામ ઉદ્દેશ્ય છે અને પરોપકારિતા એ વિધેય છે.) અર્થાત્ ગાય કોને કહેવાય ? સાધુ કોને કહેવાય ? એવા જ પ્રશ્નો થતા હોત અને એ જ રીતે ઉત્તર અપાતા હોત તો તો તમે બતાવ્યા પ્રમાણે બધે જ તદ્ દ્વારા પ્રસિદ્ધિનું વિધાન થાત. અને યદ્ દ્વારા અપ્રસિદ્ધનું વિધાન થાત. પરંતુ 'સાસ્નાવાળી વસ્તુ શું કહેવાય ?' એવા પ્રશ્નો પણ સંભવે જ છે. અને ત્યાં ઉત્તર આ રીતે અપાય છે કે 'જે સાસ્નાવાળું હોય તે ગાય કહેવાય. જે જ્ઞાનાદિને સાધે તે સાધુ કહેવાય." અહીં સાસ્નાવત્ત્વ, જ્ઞાનાદિની સાધના એ પ્રશ્નકારને માટે પ્રસિદ્ધવસ્તુ છે. પણ એ ગાય કહેવાય, સાધુ કહેવાય... એ તેમને માટે અપ્રસિદ્ધ વસ્તુ છે. એટલે અહીં યદ્ વડે પ્રસિદ્ધનું વિધાન થયેલ છે અને તદ્ વડે અપ્રસિદ્ધનું વિધાન થયેલ છે. આ જગ્યાએ ઉદ્દેશ્ય તરીકે સાસ્નાવાળી વસ્તુ અને જ્ઞાનાદિસાધક છે અને વિધેય તરીકે ગોત્વ, સાધુત્વ છે અર્થાત્ અહીં લક્ષણો ઉદ્દેશ્ય છે અને લક્ષ્ય વિધેય છે અને માટે જ યદ્થી પ્રસિદ્ધનું અને તત્થી અપ્રસિદ્ધનું વિધાન થયેલ છે. તમે ઉઠાવેલા પ્રશ્નો જ જો કાયમ પૂછાતા હોત તો એમાં લક્ષણ કાયમ માટે વિધેય રહે છે અને લક્ષ્ય ઉદ્દેશ્ય બને છે. અને એના ઉત્તરમાં તો યદ્થી અપ્રસિદ્ધનું અને તદ્થી પ્રસિદ્ધનું જ વિધાન થતું હોય છે. પણ અમે બતાવેલા પ્રશ્નો પણ સંભવિત છે. અને એટલે નક્કી થાય છે કે લક્ષ્ય અને લક્ષણના ઉદ્દેશ્યપણા કે વિધેયપણામાં એકાંત નથી. બે ય જણ ઉદ્દેશ્ય અને વિધેય બની શકે છે. (કામચાર) અને એટલે જ અત્રે યદ્થી પ્રસિદ્ધનું અને તદ્થી અપ્રસિદ્ધનું વિધાન થયું છે. આમ કોઈ દોષ નથી.

સાર એટલો જ કે ઈચ્છાકારાદિ સામાચારીઓમાં પ્રશ્નકારનો પ્રશ્ન એ હતો કે 'ઈચ્છાકાર કોને કહેવાય?' એટલે ત્યાં લક્ષ્ય પ્રસિદ્ધ હતું અને ઉદ્દેશ્ય હતુ. પ્રસિદ્ધ વસ્તુ જ ઉદ્દેશ્ય બને. જ્યારે અહીં ગુરુના વચનમાં તહત્તિ કરવું એ તો પ્રસિદ્ધ છે. એટલે કે લક્ષણ પ્રસિદ્ધ છે. પણ એ શું કહેવાય ? એ ખબર નથી. એટલે પ્રશ્ન આ પ્રમાણે થાય કે "ગુરુના વચનમાં રુચિપૂર્વક જે અભિધાન અમે કરીએ છીએ એ શું (કઈ સામાચારી) કહેવાય?" એનો ઉત્તર આપ્યો કે "જે આ અભિધાન છે તે તથાકાર કહેવાય."

ખૂબ ધ્યાનથી આ પદાર્થ વિચારવો. (ઈચ્છાકારાદિમાં ઈચ્છાકારાદિ લક્ષ્યો પ્રસિદ્ધ છે અને લક્ષણો અપ્રસિદ્ધ છે. જ્યારે તથાકારમાં લક્ષણ પ્રસિદ્ધ છે પણ લક્ષ્ય પ્રસિદ્ધ નથી. એ ભેદ ધ્યાનમાં લેવો.)

**यशो. - तदिदमाशया चूर्णिकृतोक्तम् - 'तहत्ति पओगो णाम जं एवमेतं अवितहमेयं जहेयं तुब्भे वदह इच्चेयस्य अट्ठस्स संपच्चयट्ठं सविसए तहत्ति सद्दं पउंजंति ॥३०॥**

**चन्द्र - तद्**=तस्मात् **इदमाशया**=इयं चासौ आशा च इति इदमाशा । तया, "गुरूपदिष्टेऽर्थे अवैतथ्यप्रतीत्यर्थं रुचिपूर्वकं 'तथा' इत्याद्यभिधानं तथाकारः" इति अभिप्रायेण इत्यर्थः ।

चूर्णिपाठार्थस्त्वयम् → तथेति प्रयोगः नाम यत् "एवमेतद्, अवितथमेतद् यथैतद् यूयं वदथ" इतिस्वरुपस्य अर्थस्य संप्रत्ययार्थं स्वविषये=गीतार्थसंविग्नादिरूपे तथेति शब्दं प्रयुञ्जते शिष्याः ← इति ॥३०॥

આ આશાથી આ વાત ચૂર્ણિકાર વડે કહેવાયેલી છે કે → "**तहत्ति**" પ્રયોગ (તથાકાર સામાચારી) એટલે

કે "આ આ પ્રમાણે છે, અવિતથ છે કે જે પ્રમાણે તમે બોલો છો" આવા અર્થની પ્રતીતિ માટે=આવા અર્થના કથન માટે પોતાના વિષયમાં (ગીતાર્થ સંવિગ્નાદિ રૂપમાં) 'તથા' એ પ્રમાણે શબ્દને (સાધુઓ) બોલે છે. ←॥30॥

**यशो. - अथैतद्विषयमेवाह –**

**कप्पाकप्पंमि ठियस्सुवओगे सव्वगुणवओ जइणो ।**
**वायणमाइम्मि हवे अविगप्पेणं तहक्कारो ॥३१॥**

**चन्द्र.** - एवं तावत् तथाकारस्य लक्षणमुक्त्वाऽधुना कुत्र स्थाने तथाकारः कर्तव्य इति **एतद्विषयमेव**= तथाकारविषयमेवाह ।

→ कल्प्याकल्प्ययोः स्थितस्य सर्वगुणवतः यतेः उपयोगे सति वाचनादिषु अविकल्पेन तथाकारः (कर्तव्यः) भवेत् ← इति गाथार्थः ।

હવે આ સામાચારીના વિષયને જ કહે છે. (જ્યાં આ સામાચારીનું પાલન કરી શકાય એ આ સામાચારીનો વિષય બને.)

**ગાથાર્થ :** કલ્પ અને કલ્પમાં રહેલા, સર્વગુણવાળા એવા સાધુની વાચના વગેરેમાં તે સાધુનો બોલતી વખતે ઉપયોગ હોતે છતે (શ્રોતાઓએ) વિકલ્પ વિના તથાકાર કરવો જોઈએ.

**यशो. - कप्पाकप्पंमित्ति । कल्पो=विधिराचार इत्यर्थः, अकल्पश्च=अविधिः, अथवा कल्पो जिनस्थविरकल्पिकादिः, अकल्पश्चरकपरिव्राजकादिः, अथवा कल्प्यं ग्राह्यमकल्प्यमितरत्, ततः समाहारद्वन्द्वादेकवचनं, तत्र स्थितस्य=ज्ञाततद्रहस्यस्येति यावत्। एतेन ज्ञानसंपदुक्ता, 'कप्पाकप्पे परिणिट्ठियस्स' (आव० नि० ६८८) इति च व्याख्यातम् ।**

**चन्द्र.** - **तत्र**=कल्पाकल्पे **स्थितस्य** । ननु कल्पो नाम विधिः, कल्पनीयं वा वस्तु, स्थविरकल्पिकादिर्वा। अकल्पस्तु तद्विपरीतः । तदुभयस्मिन् स्थितस्तु को भवति ? किञ्चात्र कल्पाकल्पस्थितस्य वचने तथाकारकरणमनुज्ञाप्यते । किं विधौ अविधौ च स्थितस्य वचने तथाकारकरणं युक्तम् ?'इत्याद्याशङ्कामपाकर्तुं स्थितपदस्यार्थमाह **ज्ञाततद्रहस्य इति** । तथा च विध्यविधयोः स्थविरकल्पजिनकल्पयोः कल्पनीया-कल्पनीयवस्तुनोश्च रहस्यं यः जानाति, स गीतार्थोऽत्र प्रकृतशब्देन गृह्यते । **एतेन**="कप्पाकप्पंमि ठियस्स' इति विशेषणेन **ज्ञानसंपत्**=ज्ञानरूपा संपत्, प्रवचनवक्तरि गुरौ वर्तमाना । **इति च व्याख्यातम्**=आवश्यकनिर्युक्तौ 'कप्पाकप्पे परिणिट्ठियस्स' इति यदुक्तं । तदेवास्माभिः 'कप्पाकप्पंमि ठियस्स' इति पदेन प्रतिपादितम् ।

**ટીકાર્થ :** કલ્પ એટલે વિધિ, આચાર, અકલ્પ એટલે અવિધિ. અથવા તો કલ્પ એટલે જિનકલ્પ, સ્થવિરકલ્પ વગેરે. અકલ્પ એટલે ચરક, પરિવ્રાજક વગેરે. અથવા તો કલ્પ્ય એટલે સાધુ વડે ગ્રહણ કરી શકાય તેવી વસ્તુ અને અકલ્પ્ય એટલે અગ્રાહ્ય વસ્તુ.

આ કલ્પ અને અકલ્પ બે શબ્દોનો સમાહારદ્વન્દ્વ સમાસ કરેલો હોવાથી ગાથામાં સપ્તમી એકવચન છે.

આમાં રહેલો એટલે કે જેણે વિધિ-અવિધિના, જિનકલ્પ-ચરકાદિના, કલ્પ્ય-અકલ્પ્ય વસ્તુના રહસ્યો જાણી લીધા છે તેવો.

આના દ્વારા એમ કહ્યું કે એ વક્તા જ્ઞાનની સંપત્તિવાળો હોવો જોઈએ. અર્થાત્ ગીતાર્થ હોવો જોઈએ. અને આવ. નિર્યુક્તિમાં આ જ વાત બતાવવા માટે **कप्पाकप्पे परिणिट्ठियस्स** એમ શબ્દ વાપરેલ છે. એનું જ અમે '**कप्पाकप्पे ठियस्स**' એ શબ્દ દ્વારા વ્યાખ્યાન કરી લીધું. અર્થાત્ આવ.નિર્યુક્તિનું એ પદ જ અમે આ રીતે દર્શાવ્યું છે.

---

**यशो. - तथा सर्वगुणवतः=मूलोत्तरगुणवतः यतेः=साधोः, अनेन संपूर्णचारित्रसंपत्तिरुक्ता, 'ठाणेसु पंचसु ठियस्स संजमतवड्ढगस्स' इति च व्याख्यातम् ।**

---

**चन्द्र. - अनेन**='सर्वगुणवतः' इति विशेषणेन । **इति च व्याख्यातम्**="ठाणेसु पंचसु ठियस्स संजमतवड्ढगस्स"इति यत् आवश्यकनिर्युक्तौ उक्तं, तदेवास्माभिः 'सव्वगुणवओ' इति पदेन प्रतिपादितम् । इत्थञ्च आवश्यकनिर्युक्तौ 'कप्पाकप्पे परिणिट्ठियस्सं' इति पदेन गीतार्थः 'ठाणेसु पंचसु ठियस्स' इत्यादिना च पञ्चाचारपरिपालकः संयमतपःसमृद्धः संविग्नश्च प्रतिपादितः । अस्माभिस्तु 'कप्पाकप्पे ठियस्स' इति पदेन 'गीतार्थः' 'सव्वगुणवओ' इति पदेन संविग्नश्च प्रतिपादितः । तथा च 'गीतार्थसंविग्नस्य वाचनादौ श्रोतृणा निर्विकल्पेन तथाकारः कर्तव्यः' इति स्पष्टार्थः ।

સર્વગુણવાળો એટલે મૂલ-ઉત્તરગુણવાળો.

આ વિશેષણ વડે 'વક્તા સંપૂર્ણ ચારિત્રસંપત્તિવાળો હોવો જોઈએ' એ બતાવ્યું અને આ જ અર્થ બતાવવા માટે આવ.નિર્યુક્તિમાં જે '**ठाणेसु पंचसु ठियस्स...**' પાઠ છે એનું અમે ઉપરના '**सर्वगुणवतः**' વિશેષણથી વ્યાખ્યાન કરી લીધું.

---

**यशो. - उपयोगे=आभोगे सति, एतादृशगुणोऽप्यनुपयोगादतथा भाषेतेत्युपयोगग्रहणम् । अयं च निर्युक्तिगाथागत 'तु'शब्दार्थः । उक्तं च चूर्णिकृता-"तुसद्दा एसो वि जइ उवउत्तो अप्पणा य अवधारितं" इति ।**

---

**चन्द्र. - आभोगे सति इति** । ननु गीतार्थसंविग्नः सत्यमेव भाषेत, ततश्च उपयोगपदग्रहणं निरर्थकमत आह **एतादृशगुणोऽपि**=गीतार्थसंविग्नोऽपि **अनुपयोगात्**=वाचनादिकाले सम्यगुपयोगाभावात् **अतथा**=शास्त्रविरुद्धं । **उपयोगग्रहणं**=ततश्च गीतार्थसंविग्नोऽपि यदा उपयोगाभावात् वितथं वदेत्, तदा तस्मिन्वचसि निर्विकल्पेन तथाकारः नैव कर्तव्य इति भावः ।

ननु निर्युक्तिगाथायां तु उपयोगपदग्रहणं कृतं न दृश्यते, तत् किं भवान् निर्युक्तिकारेणाप्यधिकज्ञानी ? यत् स्वयं उपयोगपदग्रहणं करोतीत्यत आह '**अयं च**'=उपयोगः इति अर्थश्च **निर्युक्तिगाथागत 'तु' शब्दार्थः** ।

तथा च निर्युक्तिकारेणापि "तु" शब्दात् उपयोगग्रहणं कृतमेवेति वयमपि तं गृह्णाना: न दोषभाजो भवाम: । ननु निर्युक्तिगाथागतस्य 'तु' शब्दस्य 'उपयोग:' इत्येवार्थो भवता कथं निर्णीत: ? किमस्ति तत्र किञ्चित्प्रमाणम् ? अत आह- **उक्तं च चूर्णिकृता** । चूर्णिपाठार्थस्त्वयं । एष अपि=गीतार्थसंविग्नोऽपि यदि आत्मनैव पदार्थं संप्रधार्य उपयुक्तो वदति तदा तस्य वचसि निर्विकल्पेन तथाकार: कर्तव्य: इति । तथा च चुर्णिगतपाठप्रामाण्यात् निर्युक्तिगत 'तु' शब्दस्य 'उपयोग' इति अर्थो निश्चीयते ।

આવો સાધુ પણ જ્યારે ઉપયોગપૂર્વક બોલે ત્યારે જ તથાકાર કરવાનો, કેમકે કલ્પાકલ્પમાં સ્થિત અને સર્વગુણવાળો સાધુ પણ જો બોલતી વખતે ઉપયોગ ન હોય તો ખોટું બોલી દે. એટલે 'ઉપયોગ'નું પણ ગ્રહણ કરેલ છે.

આવ. નિર્યુક્તિમાં ઉપયોગ શબ્દ નથી લખેલો. પરંતુ ત્યાં 'तु' શબ્દ લખેલો છે. એનો ઉપયોગ અર્થ લેવાનો છે અને એ જ અમે અહીં બતાવ્યો. ચૂર્ણિકારે કહ્યું જ છે કે 'નિર્યુક્તિ ગાથામાં રહેલા 'तु' શબ્દથી એ અર્થ સમજવાનો છે કે "આવો ગુણવાન્ સાધુ પણ જો પોતાની જાતે જ પદાર્થને સારી રીતે નિશ્ચિત કરીને ઉપયોગપૂર્વક બોલતો હોય તો જ તથાકાર કરવો."

આમ આવ.નિર્યુક્તિ ગાથાના જ બધા પદાર્થો અમે આ ૩૧મી ગાથામાં જુદા જુદા શબ્દો વડે દર્શાવ્યા છે.

---

**यशो. - पञ्चाशकवृत्तौ तु तुशब्द एवकारार्थ इति व्याख्यातम्, तत्रापीदमुपलक्षणाद्द्रष्टव्यम् । तस्य वाचना=सूत्रदानलक्षणा, तस्यां, मकारोऽत्राऽलाक्षणिक: आदिशब्दाच्चक्रवालसामाचारीप्रतिबद्धे सामान्योपदेशेऽर्थव्याख्यानविधौ प्रतिपृच्छोत्तरकालं गुरुभणिते च अविकल्पेन=निश्चयेन तथाकारो भवेदावश्यक इति शेष:।**

---

**चन्द्र.** - ननु यदि पञ्चाशकवृत्तौ "तु" शब्द: एवकारार्थ: प्रतिपादित: । तर्हि तत्र उपयोगस्य ग्रहणं न भविष्यति। ततश्च किं श्रीअभयदेवसूरेरयमभिप्राय: ? यदुत 'गीतार्थसंविग्न: उपयुक्त: अनुपयुक्तो वा वदतु, तत्र निर्विकल्पेन तथाकार: कर्तव्य" इति । यदि हि एवं भवेत् । तर्हि श्री अभयदेवसूरिभि: चूर्णिपाठस्यानादर: कृत: स्यात् । किं युक्तमेतद् ? इत्याशङ्कायामाह **तत्रापि**=पञ्चाशकवृत्तौ अपि **इदं**=उपयोगग्रहणं **उपलक्षणात्**= एवकारार्थ: 'तु' शब्द: एवकारात्मकं स्वार्थमपि ज्ञापयति, उपयोगमपि ज्ञापयति च इति **दृष्टव्यम्**=मन्तव्यम्। न हि श्रीमदभयदेवसूरय: चूर्णिपाठस्यानादरं कुर्यु:, ततश्च यद्यपि तै: 'तु' शब्दार्थ: एवकारार्थ: एव प्रतिपादित: । तथापि तेषां तत्र उपयोगशब्दार्थोऽप्यभिमत एव इति अवश्यं मन्तव्यम् । किञ्च गीतार्थसंविग्नस्यापि उपयोगपूर्वके वचने एव तथाकार: समुचित इति तु युक्त्यापि घटत एवेति न तत्रान्यत्किञ्चित् चिन्तनीयम् । **मकारोऽत्रालाक्षणिक:**='वायणमाइम्मि' इति तृतीयपादस्थे पदे य: 'म' अक्षरो दृश्यते, स निरर्थक एव । केवलं छन्दोघटनाद्यर्थमेते अक्षरा गृह्यन्ते इति । **आदिशब्दात्**= 'वायणमाइम्मि' इत्यत्र य: आदिशब्द:, तस्मात् ।

**निश्चयेन**='किमनेन गीतार्थसंविग्नेनोपयोगपूर्वकं निरूपितोऽपि पदार्थ: सम्यग् स्यात् ? यदि वा स्वमतिविकल्पित: शास्त्रविरुद्धोऽपि स्यात् ?" इत्याद्याशङ्कां परित्यज्य "एतादृशेन उपयोगपूर्वकं निगदितं

सत्यमेव"इति निश्चयेन । **आवश्यकः**=अवश्यं करणीयः । तदकरणे मिथ्यात्वादिदोषप्रसङ्गसंभवादित्यग्रे प्रतिपादयिष्यते । **शेषः**=गाथायां "आवश्यकः" इतिपदं अनुक्तमपि तात्पर्यवशात् स्वयं विभावनीयमिति भावः।

संविग्नगीतार्था हि उपयोगपूर्वकं यदा सूत्रदानं करोति, यदा वा चक्रवालसामाचार्यादिविषयकं सामान्यत एवोपदेशं ददाति, यदा वा शास्त्राभ्यासावसरे शास्त्रपङ्क्त्यनुसारेण अर्थव्याख्यानं करोति, यदा वा शिष्येण कृताया प्रतिपृच्छाया उत्तरं ददाति, तदा श्रोतृणा 'सत्यमेवेदम्'इति निश्चयेन 'तथा' इति 'सत्यमेतद्' इति 'सर्वथा निर्दोषं भवन्निरुपणम्"इत्यादि वा प्रयोगः करणीयः, स एव तथाकारसामाचारी भवतीति रहस्यम् ।

(**શિષ્ય** : પંચાશકની ટીકામાં તો આવ. નિર્યુક્તિની ગાથા લઈને એનો અર્થ લખ્યો છે ખરો. પણ ત્યાં 'તુ' નો અર્થ 'ઉપયોગ' નથી કર્યો. ત્યાં 'તુ'નો અર્થ **एव** કાર કર્યો છે. તો પંચાશકટીકાકાર શું 'ઉપયોગ'ની હાજરીને મહત્ત્વની નથી માનતા ?)

**ગુરુ** : જે પંચાશકટીકામાં તુ શબ્દ **एव** કારાર્થવાળો કહ્યો છે ત્યાં પણ આ ઉપયોગનું ગ્રહણ ઉપલક્ષણથી સમજી લેવું, કેમકે પંચાશકટીકાકાર ચૂર્ણિની વાત અવશ્ય માને જ.

આવા સાધુ જ્યારે (૧) વાચના આપે એટલે કે સૂત્રદાન કરે, (૨) ચક્રવાલ સામાચારી સંબંધી સામાન્ય ઉપદેશ આપે, (૩) અર્થનું વ્યાખ્યાન કરે કે (૪) શિષ્યે પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપે એ બધામાં કોઈપણ જાતનો વિચાર કર્યા વિના તથાકાર કરવો આવશ્યક છે.

ગાથામાં '**वायणमाइम्मि**' પદમાં જે '**म**' છે એ અનુપયોગી છે. તથા ગાથામાં "તથાકાર આવશ્યક=અવશ્ય કર્તવ્ય છે" એમ નથી લખેલ. એટલે આવશ્યક શબ્દ બહારથી લાવવાનો છે.

---

**यशो. – तदुक्तम् –**

**वायणपडिसुणणाए उवएसे सुत्तअत्थकहणाए । अवितहमेयं ति तहा पडिसुणणाए तहक्कारो ॥ इति ।**

---

**चन्द्र.** – अत्रार्थे आवश्यकनियुक्तिगतां गाथामपि दर्शयति **वायणपडिसुणणाए** इत्यादि । अस्या अर्थः- वाचनायाः प्रतिश्रवणे, उपदेशे सूत्रार्थकथनायां च "अवितथमेतद्" इति तथाकारः कर्तव्यः । तथा **प्रतिश्रवणायां**="त्वमिदं वस्त्रप्रक्षालनादिकं कुरु" इत्यादिरूपायां गुर्वाज्ञायां तथाकारः कर्तव्यः – इति ।

આવ.નિર્યુક્તિમાં કહ્યું છે કે (૧) વાચનાપ્રતિશ્રવણમાં (૨) ઉપદેશમાં, (૨) સૂત્ર-અર્થકથનમાં, (૪) તથા પ્રતિશ્રવણમાં એટલે કે ગુર્વાજ્ઞાનો સ્વીકાર કરવામાં "આ અવિતથ છે" ઈત્યાદિ જણાવનાર તથાકાર કરવો.

---

**यशो. – अत्र 'तहा पडिसुणणाए' इत्यत्र प्रतिश्रवणा 'अमुकं कुरु' इति गुर्वाज्ञाग्रहणं चूर्णौ दृश्यते । अयं चेच्छाकारसमाचारीविषय इत्याशङ्क्य तथाशब्दं 'एतद्' इत्यत्र योजयित्वा तदुत्तरप्रति–श्रवणापदमुपदेशादिपदसंबंधशालीत्यन्ये व्याचक्षत इति तत्रैवोक्तम्।**

---

**चन्द्र.** – अस्याः गाथायाः अर्थकरणेऽनेकानि मतानि सन्ति । तान्येव दर्शयितुमारभते टीकाकारः **अत्र**=

प्रस्तुतायां 'वायण' इत्यादिगाथायां '**तहा पडिसुणणाए**' **इत्यत्र**=उत्तरार्धे । **गुर्वाज्ञाग्रहणं चूर्णौ दृश्यते** । चूर्णिकारेण प्रतिश्रवणायाः अर्थः 'अमकुं कार्यं कुरु' इत्यादिगुर्वाज्ञारूपः प्रतिपादितः । तत्रैव चूर्णौ मतान्तरमपि प्रतिपादितम् । तदेव दर्शयति **अयं चेच्छाकारसामाचारीविषयः** । केषाञ्चिदिदं मतं यदुत→ प्रतिपादित-गुर्वाज्ञायां 'तथा'प्रयोगः न तथाकारसामाचारी, किन्तु इच्छाकारसामाचार्येव । ततश्च प्रतिश्रवणापदस्य प्रकृतगुर्वाज्ञारूपः अर्थः न युक्तः । तस्मात् **तथा शब्दं 'एतद्' इत्यत्र योजयित्वा** 'अवितहमेयं ति तहा' इत्यत्र 'अवितहमेयं तहति' इति अन्वयं कृत्वा **तदुत्तरप्रतिश्रवणापदं**='अवितहमेयं ति तहा पडिसुणणाए' इत्यत्र 'तहा' पदोत्तरं दृश्यमानं 'पडिसुणणाए' इति पदं **उपदेशादिपदसंबंधशालि**='उपदेश' इति पदे 'सुत्तअत्थ-कहणाए' इति पदे च अन्वयं प्राप्नोति । ततश्चायमर्थो भवति यदुत 'वाचनाप्रतिश्रवणायां उपदेशप्रतिश्रवणायां सुत्रार्थकथनस्य प्रतिश्रवणायां च 'अवितथमेतद्, तथैतद्' इति यद्भणनं तत् तथाकारः उच्यते" इति । ← इदञ्च मतं चूर्णिकारेण स्वयमेव चूर्णौ प्रतिपादितम् ।

આ ગાથાનો અર્થ કરવામાં ઘણા મતો છે.

ચૂર્ણિમાં કહ્યું છે કે "ચોથા પાદની શરૂઆતમાં જે "**तहा पडिसुणणाए**" શબ્દ છે તેનો અર્થ →"તુ આ કામ કર" એવી ગુરુ વડે કરાતી આજ્ઞા ← એમ કરવો. એમાં પણ **तहत्ति** કરવું એ તથાકાર સામાચારી છે.

એ જ ચૂર્ણિમાં મતાંતર દેખાડતા કહ્યું છે કે "તું આ કામ કર" એવી ગુરુની આજ્ઞા તો ઈચ્છાકાર સામાચારીનો વિષય છે અર્થાત્ "હું આપનું કામ ઈચ્છાથી કરીશ" એમ ત્યાં ઈચ્છાકાર જ શિષ્યે કરવાનો છે. તથાકાર સામાચારીનો એ વિષય જ નથી. એટલે "**तहा पडिसुणणाए**" નો અર્થ ગુર્વાજ્ઞા કરવો ઉચિત નથી.

પરંતુ આ પ્રમાણે અર્થ કરવો. "**अवितहमेयं ति तहा**" એમ જે લખેલ છે એમાં "**अवितहमेयं तहा ति**" એમ **एतद्** પછી 'તથા' શબ્દ જોડી દેવો અને એ "**तहा**" પછીનો જે '**पडिसुणणाए**' શબ્દ છે. એને **उवएसे, सुत्त-अत्थकहणाए...** એમ બેની સાથે જોડવો. એટલે અર્થ આ પ્રમાણે થશે કે → "વાચનાના શ્રવણમાં, ઉપદેશના શ્રવણમાં, સૂત્રાર્થકથનના શ્રવણમાં "આ અવિતથ છે" એ માટે જે "તથા" બોલાય એ તથાકાર કહેવાય. ←

---

**यशो. - तदन्ये पुनर्यथोक्तमेवार्थं व्याचक्षत इत्यपि तत्रैव । पञ्चाशके पुनरत्र चतुर्थपादस्यादौ 'अविगप्पेणं' इति परावृत्त्या लिखितमिति द्रष्टव्यम् ॥३१॥**

---

**चन्द्र. - तदन्ये पुनः**=प्रतिपादितमतान्तरानुयायिभ्यः सकाशात् अन्ये पुनः **यथोक्तमेवार्थं**=चूर्णिकारेणोक्तमेवार्थं **व्याचक्षते**=कथयन्ति **इत्यपि**=न केवलं मतान्तरं, किन्तु अधुनैव यत्कथितं तदपि **तत्रैव**=चूर्णौ एव ।

यथा हि कुत्रचित्पदार्थे चिन्त्यमाने चैत्रः कथयेत्-ममाभिप्रायस्तु अयमस्ति, मैत्रस्याभिप्रायस्तु मदभिप्रायाद् भिन्नः, विजयस्य अभिप्रायस्तु मदभिप्रायरूप एवेति । एवं चूर्णिकारेणापि कथितं यत् ममाभिप्रायोऽयं, अन्येषां तु मदभिप्रायाद् भिन्नोऽभिप्रायः । इतरेषां पुनः मदभिप्रायसदृश एवाभिप्राय इति ।

पञ्चाशके श्रीहरिभद्रसूरिभिः मूलगाथायाः चतुर्थपादस्य परावर्तनं कृतं अस्ति । तदेवाह **पञ्चाशके पुनरत्र**

"वायणपडिसुणणाए" इति गाथायां **चतुर्थपादस्यादौ**="पणिसुणणाए तहक्कारो" इति चतुर्थपादस्य प्रारंभे **'अविगप्पेणं' इति परावृत्या लिखितं**="पडिसुणणापदं" दूरीकृत्य "अविगप्पेणं तहक्कारो" इति लिखितमिति भावः । तथा च तत्र 'पणिसुणणाए' इति पदस्यैवाभावात् न काचिदपि बाधेति । ततश्च पञ्चाशकगाथाया अर्थोऽयं भवति यत् "वाचनाप्रतिश्रवणादौ अविकल्पेन 'अवितथमेतद्'इति तथाकारः कर्तव्यः इत्यादि । अधिकं तु तट्टीकातोऽवसेयम् ।

अत्र वयं **वदामः** → महोपाध्यायश्रीमद्यशोविजयैः अत्रैव एकत्रिंशत्तमगाथाटीकायां → आदिशब्दात् चक्रवालसामाचारीप्रतिबद्धे सामान्योपदेशे, अर्थव्याख्यानविधौ, प्रतिपृच्छोत्तरकालं गुरुभणिते च निश्चयेन तथाकारः भवेत् ← इत्यादि निगदितम् । ततश्च प्रतिपृच्छोत्तरकालं गुरुभणिते वचनेऽपि तथाकारः उपाध्यायैः प्रतिपादितः। अथ "वायणपडिसुणणाए" इति विवक्षितायां आवश्यकनिर्युक्तिमूलगाथायां वाचनाप्रतिश्रवणे, उपदेशे, सूत्रार्थकथनायाञ्च तथाकारः प्रतिपादितः दृश्यते, किन्तु प्रतिपृच्छोत्तरकालं गुरुभणिते वचने तथाकारस्य निरूपणं न दृश्यते । एवं च एतत् वक्तुं शक्यते यदुत 'पणिसुणणाए तहक्कारो' इति चतुर्थपादस्थं 'पणिसुणणाए' इति पदं प्रतिपृच्छोत्तरकालं गुरुभणितस्य वचनस्य वाचकं । एवमपि प्रतिपृच्छोतरकालं गुरुवचनस्य श्रवणं प्रतिश्रवणं वक्तुं युज्यत एव । एवञ्च सर्वं सुस्थं भवति । तथा च चूर्णिः - प्रतिपृच्छोत्तरकालं आयरिए कथयति सति पडिसुणणाए ।

एष तावदस्माकमभिप्रायः । अधिकं पुनः गीतार्थाः विदन्ति ॥३१॥

ત્યાં વળી ત્રીજો મત બતાવ્યો છે કે જેઓ પહેલા મત પ્રમાણે જ બધું માને છે.

પંચાશકમાં શ્રીહરિભદ્રસૂરિજીએ આ ગાથા તો લીધી જ છે. પણ એના ચોથા પાદની શરૂઆતમાંથી "**पडिसुणणाए**" પદ કાઢી નાંખી ત્યાં "**अविगप्पेणं**" પદ મૂકી દીધું છે. એટલે કે → "વાચનાના શ્રવણમાં, ઉપદેશમાં, સૂત્રાર્થકથનમાં "આ સાચું છે" એ માટે કોઈપણ જાતના વિકલ્પ વિના '**तहत्ति**' કરવું એ 'તથાકાર' છે. ← એમ અર્થ થશે.

(મહોપાધ્યાયજી મહારાજે ચાર જગ્યાએ તહત્તિની વાત લખી છે, જે હમણાં જ જોઈ ગયા. એમણે શિષ્યની પ્રતિપૃચ્છા પછીના ગુરુના ઉત્તરમાં તહત્તિ કરવાની વાત લખી છે. એટલે ઉપાધ્યાયજી મહારાજ આ ગાથાનો અર્થ આ પ્રમાણે કરતા હશે કે "સૂત્રના શ્રવણમાં, ઉપદેશમાં=ચક્રવાલસામાચારી સંબંધી સામાન્ય ઉપદેશમાં, સૂત્રાર્થકથનમાં=અર્થવ્યાખ્યાન વિધિમાં તથા પ્રતિશ્રવણમાં=પ્રતિપૃચ્છા કર્યા બાદ ગુરુ વડે અપાતા ઉત્તરમાં અવિકલ્પથી તહત્તિ કરવું જોઈએ." આ વાત ચૂર્ણિમાં પણ કરી જ છે.

(ઉપાધ્યાયજી મહારાજની પોતાની ટીકાની પંક્તિઓ જોશો તો આ વાતનો ખ્યાલ આવી જશે.) ॥૩૧॥

---

**यशो. - नन्वेतादृशे वक्तरि क्रियतां नियमेन तथाकारोऽन्यत्र तु कथम् ? इत्याशङ्कायामाह—**

**इयरम्मि विगप्पेणं सो य विगप्पो ववट्ठिओ एसो ।**
**संविग्गे गीयम्मि य तहेव अण्णत्थ जुत्तिखमे ॥३२॥**

---

**चन्द्.** – **एतादृशे**=उपयोगपूर्वकं वदति गीतार्थसंविग्ने । **अन्यत्र**=अनुपयोगपूर्वकं वदति गीतार्थसंविग्ने, उपयोगपूर्वकं वा वदति अगीतार्थसंविग्ने, गीतार्थासंविग्ने, अगीतार्थासंविग्ने, गीतार्थसंविग्नपाक्षिके च **कथम्**=केन प्रकारेणेच्छाकारः कर्तव्यः ? समाधानमाह ।

→ इतरस्मिन् विकल्पेन तथाकारः कर्तव्यः । स च विकल्पः व्यवस्थितः । संविग्ने (संविग्नपाक्षिके) गीतार्थे तथैव=अविकल्पेनैव । अन्यत्र युक्तिक्षमे ← इति गाथार्थः ।

**શિષ્ય :** ગીતાર્થ-સંવિગ્ન ઉપયોગપૂર્વક બોલતો હોય તો એવા વક્તાના વચનમાં અવિકલ્પથી=નિયમથી તથાકાર કરીએ. પણ જે વક્તા આવો ન હોય ત્યાં તથાકાર કેવી રીતે કરવો ?

**ગુરુ : ગાથાર્થ :** બીજા વક્તાને વિશે વિકલ્પે તથાકાર કરવો. તે વિકલ્પ આ પ્રમાણે વ્યવસ્થિત છે કે સંવિગ્નપાક્ષિક ગીતાર્થના વચનમાં અવિકલ્પે કરવો અને અન્યત્ર=બીજા વક્તાઓના યુક્તિયુક્ત વચનમાં તથાકાર કરવો.

---

**यशो. – इयरम्मित्ति । इतरस्मिन्=उक्तलक्षणादन्यत्र विकल्पेन तथाकारः कर्त्तव्यः । एक विशेषविधिनिषेधयोस्तदितरविशेषविधिनिषेधफलकत्वादुक्तलक्षणेऽविकल्पेन तथाकारविधावन्यत्र विशिष्टनिषेधलाभात्तत्रापि तथाकारस्य स्वविषयप्राप्ततया विशेषणभावमादायैव तत्पर्यवसानादन्यत्र विकल्पो लभ्यत इति द्रष्टव्यम् ।**

---

**चन्द्.** – समाधत्ते → **उक्तलक्षणादन्यत्र**=उपयोगपूर्वकं वदतः गीतार्थसंविग्नस्य सकाशादन्यस्मिन् अगीतार्थादौ **विकल्पेन**=भजनया, "कुत्रचित्कर्तव्यः कुत्रचिच्च न" इत्यादिरूपया । ननु गीतार्थसंविग्ने तथाकारः करणीयः इत्युक्तं । किन्तु तावन्मात्रेण "अन्यत्र विकल्पेन तथाकारः कर्तव्य" इत्यर्थस्य प्राप्तिस्तु कथं भवेत् ? इत्यत आह **एकविशेषेत्यादि । एकस्मिन्**=गीतार्थसंविग्ने यो **विशेषविधिः**=अविकल्पेन तथाकारः कर्तव्यः, इति अविकल्पात्मकविशेषणेन विशिष्टः यः तथाकारः, तत्स्वरूपो यो विधिः, स **इतरस्मिन्**=अगीतार्थादौ विशेषनिषेधं='अविकल्पेन तथाकारः न कर्तव्यः' इति अविकल्पविशेषणेन विशिष्टस्य तथाकारस्य निषेधं साधयति, न तु शुद्धतथाकारस्य निषेधं साधयतीति । एवं च यतोऽत्र उपयोगपूर्वकं वदति गीतार्थसंविग्ने अविकल्पविशिष्टस्य तथाकारस्य विधानं कृतं, ततोऽत्र अगीतार्थादौ अविकल्पविशिष्टस्यैव तथाकारस्य निषेधः सिद्ध्यति । न तु अविकल्पमात्रस्य निषेधः, न वा तथाकारमात्रस्य निषेधः । अथ च अगीतार्थादावपि युक्तिपूर्वकं वचनं वदति तथाकारकरणं युक्तमेव । यतः युक्तिपूर्वकं तद्वचनं जिनवचनानुसारि तस्मिंश्च तथाकाराकरणे मिथ्यात्वादिदोषाः भवेयुः । एवञ्च अगीतार्थादौ युक्तिपूर्वकं वचनं वदति तथाकारः स्वविषयं प्राप्तः=कर्तव्यो भवतीति यावत् । प्रकृते तु अगीतार्थादौ अविकल्पविशिष्टस्य तथाकारस्य निषेधः सिद्धः=अकर्तव्यत्वं सिद्धमिति यावत् । ततश्च विरोधः । तादृशे अगीतार्थादौ तथाकारः कर्तव्योऽपि भवति, अविकल्पविशिष्टः तथाकारः अकर्तव्योऽपि भवति इति । तत्परिहाराय अविकल्पविशिष्टस्य तथाकारस्य निषेधः अविकल्पात्मकविशेषणस्यैव निषेधरूपतया मन्तव्यो भवति । तथा च अगीतार्थादौ अविकल्पेनैव तथाकारस्य निषेधः । विकल्पेन तु तथाकारस्य नैव निषेध इति अगीतार्थादावपि विकल्पेन तथाकारस्य विधानं भवति ।

एष भावार्थ: प्रतिपादित: ।

अक्षरार्थस्त्वयम् **एकविशेषविधिनिषेधयो:**=एकस्मिन् क्रियमाणो यो विशेषो विधि: विशेषनिषेधो वा, तयो: **तदितरविशेषविधिनिषेधफलकत्वात्**=तदितरस्मिन् यो विशेषविधि: विशेषनिषेधो वा, तादृशफलजनकत्वात् । एष: तावत्समास: प्रतिपादित: । वस्तुतस्तु "तदितरविशेषनिषेधविधिफलकत्वात्" इत्येव स्पष्टार्थं वक्तव्यम् । **उक्तलक्षणे**=उपयोगपूर्वकं वदति गीतार्थसंविग्ने **अविकल्पेन** तथाकारविधौ= अविकल्पेन तथाकार: करणीय इति विधौ क्रियमाणे सति **अन्यत्र**=अगीतार्थादौ **विशिष्टनिषेधलाभात्**= 'अविकल्पेन तथाकार: न करणीय:' इति विशिष्टनिषेधस्यैव लाभात्, न तु 'तथाकारो न करणीय:' इति निषेधस्य लाभ: । **तत्रापि**=अगीतार्थादौ तथाकारस्य **स्वविषयप्राप्ततया**=युक्तिपूर्वकं वचनं वदति अगीतार्थादौ कर्तव्यतया **विशेषणभावमादायैव**=अविकल्पात्मकं यद्विशेषणं, तादृशो य: भाव:, तमादायैव **तत्पर्यवसानात्**=निषेधस्य सिद्धत्वात् । अविकल्पस्यैव निषेधोऽत्र सिद्ध्यति, न तु तथाकारमात्रस्य निषेध इति भाव: ।

अत्र अबुधजनबोधार्थं दृष्टान्तं प्रतिपादयामि 'मरितुमिच्छुना=मुमूर्षुणा विषयुक्तं अन्नं भक्षणीयं' इति विधि:। ततश्च "जीवितुमिच्छुना=जिजीविषुणा विषयुक्तं अन्नं न भक्षणीयम्"इति विषयुक्तस्यान्नस्य निषेधो लभ्यते, न तु "जिजीविषुणा अन्नं न भक्षणीयं" इति अन्नमात्रस्यैव निषेधोऽत्र लभ्यते । अथ जिजीविषोस्तु अन्नं भक्षणीयमेवास्ति, तद्विना जीवनस्यैवासंभवात् । ततश्च "जिजीविषुणा अन्नं भक्षणीयं, जिजीविषुणा विषविशिष्टमन्नं न भक्षणीयम्"इति वाक्यद्वयस्येदमेव तात्पर्यं यत् "जिजीविषुणा विषं न भक्षणीयं, किन्तु अन्नं तु भक्षणीयम्" इति । एवञ्चात्र मुर्मूषौ विषविशिष्टस्यान्नस्य विधि: जिजीविषौ विषविशिष्टस्यान्नस्य निषेधं साधयति, स एव च निषेध: विषरूपस्य विशेषणस्यैव निषेधरूपतया सिद्ध्यतीति । एवमत्रापि गीतार्थसंविग्ने अविकल्पविशिष्टस्य तथाकारस्य विधि: अगीतार्थादौ अविकल्पविशिष्टस्य तथाकारस्य निषेधं साधयति, स एव च निषेध: अविकल्परूपस्य विशेषणस्यैव निषेधरूपतया सिद्ध्यति । एवञ्च अगीतार्थादौ विकल्पेन तथाकार: कर्तव्य:, न त्वविकल्पेनेति तात्पर्यं सिद्धम् ।

यथा एकस्मिन् विशेषो विधि: अपरस्मिन् विशेषनिषेधं साधयति, तथैवैकस्मिन् विशेषनिषेधोऽपरस्मिन् विशेषविधिं साधयति । यथाऽत्रैव "जिजीविषुणा विषविशिष्टं अन्नं न भक्षणीयम्"इति विशिष्टस्य निषेध: "मुर्मूषुणा विषविशिष्टं अन्नं भक्षणीयम्"इति विशेषविधिं साधयति । स एव च विशिष्टविधि: "मुर्मूषुणा विषं भक्षणीयम्"इति विशेषणस्यैव विधिरूपतया परिणमति । यत: मुमूर्षो: अन्नात्मकस्य विशेष्यस्य निषेध एव । प्रकृते तु 'अगीतार्थादौ अविकल्पेन तथाकार: न कर्तव्य' इति विशिष्टो निषेध: 'गीतार्थादौ अविकल्पेन तथाकार: कर्तव्य:' इति विशिष्टविधिं साधयति । न त्वेकतरस्यापि निषेध: । ततश्चात्र विशिष्टविधि: विशेषणविधिरूपतया न परिणमति । किन्तु विशिष्टविधिरूपतयैव विद्यते । अतिगहनमिदं तत्त्वं सूक्ष्मप्रज्ञया विभावनीयम् ।

**ટીકાર્થ :** ઉપયુક્ત, ગીતાર્થ-સંવિગ્ન સિવાયના વચનમાં વિકલ્પથી તથાકાર કરવો.

(**શિષ્ય :** આવો અર્થ તમે કયા આધારે કરી શકો ?)

ગુરુ : કોઈપણ એક પદાર્થમાં વિશેષ વસ્તુનું=વિશિષ્ટ વસ્તુનું વિધિ=વિધાન એ તેનાથી બીજામાં

વિશિષ્ટવસ્તુના નિષેધને સિદ્ધ કરનાર હોય છે. દા.ત. "**मुमूर्षुणा विषयुक्तं अन्नं भक्षणीयं**" અહીં મરવાની ઈચ્છાવાળા રૂપી એક પદાર્થમાં વિષયુક્તભોજન રૂપી એક વિશિષ્ટ વસ્તુનું વિધાન કરેલ છે તો મરવાની ઈચ્છાવાળાથી ઇતરમાં એટલે કે જીવવાની ઈચ્છાવાળામાં વિષયુક્ત-ભોજન રૂપી વિશેષનો નિષેધ જ સિદ્ધ થાય. અર્થાત્ **जिजीविषुणा विषयुक्तं भोजनं न भक्षणीयम् ।** આ રીતે અર્થ થાય.

એ જ રીતે કોઈપણ એક વસ્તુમાં વિશેષનો નિષેધ એ તેનાથી ઈતરમાં વિશેષના વિધાનને સિદ્ધ કરનારો બને છે.

દા.ત. "**जिजीविषुणा विषयुक्तं भोजनं न भक्षणीयं**" આ પ્રમાણે જીવવાની ઈચ્છાવાળામાં વિષયુક્ત ભોજન રૂપી વિશેષ વસ્તુનો નિષેધ કરીએ એટલે જીવવાની ઈચ્છાવાળાથી ભિન્ન એવા મરવાની ઈચ્છાવાળામાં એ વિશેષવસ્તુનું વિધાન આવી જ જાય. અર્થાત્ "**मुमूर्षुणा विषयुक्तं भोजनं भक्षणीयं**" એમ સિદ્ધ થાય.

સમાસ આ પ્રમાણે ખોલવો કે "એક વસ્તુમાં વિશેષનો વિધિ એ એનાથી બીજી વસ્તુમાં એ જ વિશેષનો નિષેધ સિદ્ધ કરે. એમ એક વસ્તુમાં વિશેષનો નિષેધ એ એનાથી બીજી વસ્તુમાં એ જ વિશેષના વિધિને સિદ્ધ કરે" આનો અર્થ ઉપર જોઈ ગયા છીએ.

હવે પ્રસ્તુતમાં જોઈએ.

"ઉપયુક્ત-ગીતાર્થ-સંવિગ્નને વિશે વિકલ્પાભાવયુક્ત તથાકાર કરવો" આમ એક વસ્તુમાં વિશિષ્ટનું વિધાન કરેલ છે એટલે એ વસ્તુથી ભિન્ન વસ્તુમાં વિશિષ્ટનો નિષેધ સિદ્ધ થાય. એટલે કે અનુપયુક્ત-ગીતાર્થ-સંવિગ્ન/ઉપયુક્ત-અગીતાર્થ-સંવિગ્ન/ઉપયુક્ત-ગીતાર્થ-અસંવિગ્ન/ઉપયુક્ત-અગીતાર્થ-અસંવિગ્નને વિશે વિકલ્પાભાવયુક્ત તથાકાર ન કરવો.

હવે જેમ "**जिजीविषुणा विषयुक्तं भोजनं न भक्षणीयम्**" એ વચન સાંભળ્યા બાદ સમજાશે કે જીવવાની ઈચ્છાવાળાએ ભોજન તો કરવું જ પડે. એટલે અહીં ભોજનનો નિષેધ તો ન જ સમજી શકાય. એટલે વિષયુક્ત ભોજનનો નિષેધ છે. પણ એમાં ભોજન=વિશેષ્યનો નિષેધ તો અહીં યોગ્ય નથી. ભોજન તો કરવું જ પડે. એટલે આ વિશિષ્ટનો નિષેધ, વિશેષ્યનું વિધાન આવશ્યક હોવાથી માત્ર વિશેષણના નિષેધ રૂપે જ પરિણમે છે. એટલે **जिजीविषुणा विषं न भक्षणीयं, भोजनं तु भक्षणीयमेव ।** એટલે કે વિષરહિત ભોજન વાપરવું, એમ અર્થ નીકળે.

એમ પ્રસ્તુતમાં વિચારીએ તો અનુપયુક્તાદિમાં વિકલ્પાભાવવિશિષ્ટતથાકારનો નિષેધ સિદ્ધ થયો. પણ બીજી બાજુ આ અગીતાર્થાદિના યુક્તિયુક્ત વચનોમાં તથાકાર કરવો તો જરૂરી છે જ. એ વિના તો આપણને જ મિથ્યાત્વ લાગે. એટલે અહીં વિશેષ્યનો નિષેધ કરી શકાતો નથી. એટલે વિકલ્પાભાવવિશિષ્ટ તથાકારનો નિષેધ એ વિશેષણના નિષેધરૂપે પરિણમે છે. એટલે કે અનુપયુક્તાદિને વિશે વિકલ્પાભાવ ન ચાલે. વિકલ્પ જ જોઈએ. એટલે કે વિકલ્પયુક્ત તથાકાર ચાલે.

આ પદાર્થ કઠિન હોવાથી ટુંકાણમાં ફરી બતાવી દઉં છું.

**मुमूर्षुणा विषयुक्तं भोजनं भक्षणीयं ↔ गीतार्थादिरूपे साधौ विकल्पाभावयुक्तः तथाकारः कर्तव्यः**

जिजीविषुणा विषयुक्तं भोजनं न भक्षणीयं ↔ अगीतार्थादिरूपे साधौ विकल्पाभावयुक्तः तथाकारः न कर्तव्यः

जिजीविषुणा विषं न भक्षणीयं ↔ अगीतार्थादिरूपे विकल्पाभावः न कर्तव्यः

---

**यशो. - तदिदमभिप्रेत्योक्तं चूर्णिकृता="अण्णस्स पुण विभासाए" इति । एवं च गीतार्थसाधुव्यतिरिक्ते सर्वस्मिन्नैवाविशेषेण तथाकाराऽतथाकारौ प्राप्नुत इत्याशङ्कायामाह स च विकल्पो व्यवस्थित इति । तथा च चूर्णौ विभाषापदं व्यवस्थितविकल्पार्थं ज्ञेयमिति भावः ।**

---

**चन्द्र.** - **'अण्णस्स पुण विभासाए'**=गीतार्थभिन्नादेः वचने विकल्पेन तथाकारः इति भावः । **एवं च**='गीतार्थसंविग्ने अविकल्पेन तथाकारविधिः गीतार्थसंविग्नेभिन्नेषु सर्वेषु विकल्पेन तथाकारं साधयति'इति सिद्धे च । **सर्वस्मिन्नेव** अगीतार्थे, असंविग्ने, गीतार्थसंविग्नपाक्षिकेऽपि च **अविशेषेण**=अमुकत्र तथाकारः न, अमुकत्र च कर्तव्य इत्यादिविशेषतां विनैव **प्राप्नुतः** । न चेदमिष्टं । यतः यथा संविग्नगीतार्थे अविकल्पेनैव तथाकारः इष्टः । तथैव गीतार्थसंविग्नपाक्षिकेऽपि च अविकल्पेनैव तथाकारः इष्टः । ततश्च तस्मिन्नपि विकल्पेन तथाकारभणनं शास्त्रविरुद्धम् । तस्मात्समाधानमाह **स च विकल्पो व्यवस्थितः**=तस्य विकल्पस्य वक्ष्यमाणा शास्त्रानुसारिणी व्यवस्था अस्ति, यदुत 'कुत्र कीदृशो विकल्पः' इत्यादि ।

**व्यवस्थितविकल्पार्थं**='अन्नस्स पुण विभासाए' इत्यत्र विभाषापदं न केवलं विकल्पस्यैव वाचकं, किन्तु व्यवस्थितस्यैव विकल्पस्य वाचकं। यदि हि विभाषापदं केवलस्यैव विकल्पस्य वाचकं भवेत् तर्हि अगीतार्थे, असंविग्ने, अगीतार्थासंविग्ने, गीतार्थसंविग्नपाक्षिके च तथाकारः अतथाकारश्च कर्तव्य इति प्राप्यते। तच्चानिष्टम् । गीतार्थसंविग्नपाक्षिके तथाकारस्यैवेष्टत्वात् । ततश्च विभाषापदं व्यवस्थितविकल्पस्यैव वाचकं परिगणनीयम् । सा च व्यवस्थाऽधुनैव प्रतिपादयिष्यते ।

આ અભિપ્રાયને લીધે જ ચૂર્ણિકાર કહે છે કે "બીજાઓના વચનમાં વિકલ્પથી તથાકાર કરવો."

**શિષ્ય :** આનો અર્થ એમ કે ગીતાર્થ-સંવિગ્ન-ઉપયુક્ત સિવાયના વચનમાં વિકલ્પથી તથાકાર કરવો એટલે કે બાકીના બધામાં ક્યારેક તથાકાર કરવો અને ક્યારેક તથાકાર ન કરવો. શું આ અર્થ માન્ય છે ?

**ગુરુ :** ના. આ બાકીના સાધુઓમાં વિકલ્પથી તથાકાર કરવાની વાત આવી એ સાચું. પણ એ વિકલ્પ ગમે તેમ નથી સમજવાનો. એની એક વ્યવસ્થા છે. ચૂર્ણિમાં પણ જે વિભાષાપાદ લખેલ છે તે વ્યવસ્થિતવિકલ્પને જણાવનાર જાણવું.

**શિષ્ય :** એ વ્યવસ્થા શું છે ?

---

**यशो. - व्यवस्थामेवाह-एषः=तथाकारः संविग्ने पदैकदेशे पदसमुदायोपचारात् 'सुद्धं सुसाहुधम्मं कहेइ' (उप० माला-५१५) इत्यादिलक्षणलक्षिते संविग्नपाक्षिके ज्ञात्वोत्सूत्रभाषणप्रतिपन्थिपरिणामविशेषशालिनि वा, उक्तन्यायादेव च गीते=गीतार्थे च**

तथैव=निश्चयेनैव ।

**चन्द्र. - पदैकदेशे**=संविग्नपाक्षिकरूपः यः पदसमुदायः, तस्यैकदेशभूतं यत् संविग्नपदं, तस्मिन् **पदसमुदायोपचारात्**=संविग्नपाक्षिकरूपस्य पदसमुदायस्योपचारात् । संविग्नपदं संविग्नपाक्षिकस्य वाचकमत्र दृष्टव्यमिति भावः । ननु 'संविग्नपाक्षिकः कीदृशो भवति ? इति तु न वयं जानीम इत्यत आह **सुद्धं सुसाहुधम्मं...इत्यादि** संविग्नपाक्षिको हि स्वयं शिथिलोऽपि शुद्धं साधुधर्मं कथयति, निजं शिथिलाचारं निन्दति, सर्वेभ्यः संविग्नसाधुभ्यः सकाशात् क्षुल्लकत्वं स्वीकरोति । न कस्यापि संविग्नादेः वंदनं स्वयं स्वीकरोति, स्वयं च सर्वान् संविग्नसाधून् वन्दते । यथाशक्ति संविग्नानां सहायको भवतीत्यादि यानि लक्षणानि उपदेशमालायां प्रतिपादितानि । तैः ज्ञाते **संविग्नपाक्षिके** ।

ननु "भीमसेन" इत्यादौ यत्र पदैकदेशभूतो 'भीम' शब्दः न विपरीतपदार्थवाचकतया प्रसिद्धः, तत्र पदैकदेशे पदसमुदायोपचारो युक्तः। यत्र तु संविग्नपाक्षिकपदस्यैकदेशभूतः संविग्नशब्दः संविग्नपाक्षिकविपरीतस्य संविग्नश्रमणस्य बोधकः, तत्र पदैकदेशे पदसमुदायोपचारो न युक्त इत्यत आह **ज्ञात्वोत्सूत्रभाषणेत्यादि** । 'इदं शास्त्रविरुद्धमस्ति' इति ज्ञात्वाऽपि तस्योत्सूत्रस्य यद् भाषणं, तत्प्रतिपन्थी=तत्प्रतिबन्धको यः परिणामविशेषः, 'प्राणान्तेऽपि उत्सूत्रं न प्ररूपणीयम्'इत्यादिरूपः, तत्शालिनि वा इत्यर्थः । तादृशश्च संविग्नगीतार्थोऽपि भवति, गीतार्थसंविग्नपाक्षिकश्चापि भवति ।

गीतपदं गीतार्थवाचकं ग्रहीतुमत्रेष्टं । ततश्चाह **उक्तन्यायादेव च**=पदैकदेशे पदसमुदायोपचारादेव च **निश्चयेनैव**=अविकल्पेनैव ।

**ગુરુ** : ગાથામાં સંવિગ્ન શબ્દ એ 'સંવિગ્નપાક્ષિક' શબ્દના એક દેશરૂપ સમજવો. અને એ પદના એકદેશમાં પદસમુદાયનો ઉપચાર કરી સંવિગ્નપદથી સંવિગ્નપાક્ષિકનું ગ્રહણ કરવું. એટલે 'શુદ્ધ સાધુધર્મને કહે... વગેરે ઉપદેશમાલામાં કહેલા લક્ષણોથી યુક્ત=જણાયેલ એવા સંવિગ્નપાક્ષિકને વિશે અવિકલ્પથી= નિશ્ચયથી જ તથાકાર કરવો.

(**શિષ્ય** : સંવિગ્નપદથી 'સંવિગ્નપાક્ષિક'નું ગ્રહણ એ થોડું વિચિત્ર લાગે છે. કોઈપણ સમજુ માણસ આ રીતે ન લખે. ભીમસેનને બદલે ભીમ બોલવું એ શક્ય છે, કેમકે ત્યાં નુકસાન કે ઉંધો અર્થ નથી થવાનો. પણ સંવિગ્નપાક્ષિકને બદલે સંવિગ્નશબ્દ મુકે તો તો આખો અર્થ જ બદલાઈ જાય. એટલે આ યોગ્ય નથી લાગતું.)

**ગુરુ** : જાણી જોઈને જે ઉત્સૂત્રભાષણ થાય એને અટકાવનાર એવો જે વિશેષ પ્રકારનો ભવભીરુતાદિનો પરિણામ હોય તે પરિણામવાળાને સુચવનારું આ સંવિગ્નપદ જાણવું. સંવિગ્ન=સંવેગવાળો. અને સંવેગ એટલે જાણી જોઈને ઉત્સૂત્રભાષણ કરવા રૂપ ખરાબ પ્રવૃત્તિનો પ્રતિબંધક અધ્યવસાય.

આ અધ્યવસાયવાળા તો સાચા સાધુઓ અને સંવિગ્નપાક્ષિકો બે ય હોય છે. સાચા સાધુની વાત આગળ આવી ગઈ છે. એટલે અહીં સંવિગ્નપાક્ષિકો જ આવા સંવિગ્ન તરીકે લેવાના. આમાં એકદેશમાં સમુદાયનો ઉપચાર કરવાની જરૂર રહેતી નથી.

ગાથામાં જે "ગીત"શબ્દ છે એ પદના એકદેશમાં પદના સમુદાયનો ઉપચાર કરીને જ ગીતાર્થનો વાચક જાણવો.

આમ પૂર્વે ગીતાર્થ-સંવિગ્નને વિશે અવિકલ્પથી તથાકાર બતાવ્યો. અને હવે વિકલ્પની વ્યવસ્થા કરવામાં પણ પ્રથમ ગીતાર્થ-સંવિગ્નપાક્ષિકને વિશે અવિકલ્પથી તથાકાર બતાવ્યો.

---

**यशो. - अयं चापवाद इत्येके,**

---

**चन्द्र.** - अत्र केचित् प्रतिपादयन्ति → उपयोगपूर्वकं वदति गीतार्थसंविग्ने अविकल्पेन तथाकारः कर्तव्यः इति उत्सर्गमार्गः । शिथिले गीतार्थसंविग्नपाक्षिके तु उत्सर्गतः अविकल्पेन तथाकारो नास्ति, किन्तु यतः सोऽपि ससूत्रप्ररूपकः, तस्मात् शिथिलस्यापि तस्य वचने अपवादमार्गेण अविकल्पेन तथाकारः कर्तव्य←इति ।

एतदेवाह **अयं च अपवाद इत्येके** । इदमत्र तात्पर्यं । यदि हि गीतार्थसंविग्ने गीतार्थसंविग्नपाक्षिके च उभयत्राविकल्पेनैव तथाकारकरणं उत्सर्गेण इष्टं, तर्हि ग्रन्थकारैः एतदेव वक्तुं युक्तं यत् 'गीतार्थसंविग्ने गीतार्थसंविग्नपाक्षिके चाविकल्पेन तथाकारः कर्तव्यः, तद्भिन्नेषु च विकल्पेन कर्तव्यः' इति । किन्तु ग्रन्थकारैस्तु एतद् प्रतिपादितं यदुत → गीतार्थसंविग्ने अविकल्पेन तथाकारः कर्तव्यः । इतरेषु च विकल्पेन । तत्र च विकल्पस्य व्यवस्थेयं यदुत गीतार्थसंविग्नपाक्षिके पुनः अविकल्पेनैव तथाकारः कर्तव्य ← इति । इत्थञ्चात्र गीतार्थसंविग्नपाक्षिकाणां ग्रहणं गीतार्थसंविग्नैः सह न कृतं, किन्तु अगीतार्थादिभिः सह कृतं । तस्माद् ज्ञायते यत् गीतार्थसंविग्ने अविकल्पेन तथाकारः उत्सर्गतः । गीतार्थसंविग्नपाक्षिके च अविकल्पेन तथाकारः अगीतार्थादौ विकल्पेन तथाकारवत् अपवादतः इति । यत्र गीतार्थसंविग्न संविग्नपाक्षिकौ द्वौ स्तः । तत्र "कस्य वचनं श्रोतव्यम् ?"इति चिन्तायां गीतार्थसंविग्नस्यैव वचनं श्रोतव्यमिष्टं। यदि च उभयत्र अविकल्पेन तथाकारः उत्सर्गः कथ्यते, तर्हि द्वयोः समानता भवेत् । तन्निषेधार्थं "गीतार्थसंविग्ने अविकल्पतथाकारः उत्सर्गः, संविग्नपाक्षिके च अविकल्पतथाकारः अपवादः" इति कथितं इति भावः ।

(**શિષ્ય :** જો સંવિગ્નપાક્ષિકમાં પણ અવિકલ્પથી જ તથાકાર કરવાનો હોય તો પછી શાસ્ત્રકારોએ પહેલેથી જ એમ કહેવું જોઈએ ને ? કે 'ગીતાર્થ-સંવિગ્ન, ગીતાર્થ-સંવિગ્નપાક્ષિક એ બે ય ને વિશે અવિકલ્પથી તથાકાર કરવો અને બાકી બધામાં વિકલ્પથી કરવો' શાસ્ત્રકારોએ તો તદ્દન વિચિત્ર નિરૂપણ કર્યું છે. પહેલા ગીતાર્થસંવિગ્નમાં જ અવિકલ્પથી તથાકાર બતાવ્યો. બાકી બધામાં વિકલ્પથી બતાવ્યો અને એ પછી "વિકલ્પની વ્યવસ્થા કરવાની છે" એમ કહીને વિકલ્પની વ્યવસ્થા કરવામાં સંવિગ્નપાક્ષિકને વિશે અવિકલ્પથી તથાકાર બતાવ્યો. આ બધું વિચિત્ર નિરૂપણ શા માટે ? ચાર માણસોમાંથી બે માણસોને ૫૦૦ રૂા. આપવાના હોય અને બેને ૧૦૦ રૂા. આપવાના હોય. ત્યારે કોઈ એમ કહે કે "આ એક માણસને ૫૦૦ રૂા. આપો. હવે બાકીના જે ત્રણ છે એમાં આપણે વ્યવસ્થા ગોઠવીએ. તેમાં આ બીજાને પણ ૫૦૦ રૂા. આપો. છેલ્લા બેને ૧૦૦ રૂા. આપો." તો એ અનુચિત જ લાગે ત્યારે સીધું જ કહે કે આ બેને ૫૦૦ રૂા. અને બાકીનાને ૧૦૦ રૂા. આપો" એ જ વધુ ઉચિત છે. તો અહીં કેમ શાસ્ત્રકારોએ આ રીતે ન કર્યું ?)

**ગુરુ :** આ વિષયમાં કેટલાંક લોકો કહે છે કે સંવિગ્નપાક્ષિકના વચનમાં અવિકલ્પથી તથાકાર એ અપવાદ માર્ગ છે. એટલે કે સંવિગ્ન-ગીતાર્થના વચનમાં અવિકલ્પ તથાકાર એ ઉત્સર્ગમાર્ગ છે અને સંવિગ્નપાક્ષિકમાં

અવિકલ્પથી તથાકાર એ અપવાદમાર્ગ છે. ઉત્સર્ગ-અપવાદનું નિરૂપણ સાથે શી રીતે થઈ શકે ? એટલે પહેલા ઉત્સર્ગ બતાવી અને પછી અપવાદ બતાવ્યો. (આશય આ પ્રમાણે હોઈ શકે કે સૌ પ્રથમ તો સંવિગ્ન-ગીતાર્થની હાજરી હોય તો એની પાસે જ શાસ્ત્રીયપદાર્થો સાંભળવા જોઈએ. એની હાજરીમાં સંવિગ્નપાક્ષિકના પદાર્થો સાંભળવા ન જવાય, કેમકે ગમે તેમ તો ય એ શિથિલ છે. હવે જો શાસ્ત્રકારો એમ કહે કે "સંવિગ્ન-ગીતાર્થ કે સંવિગ્નપાક્ષિક બે ય ના વચનમાં અવિકલ્પ તથાકાર કરવો" તો તો બે ય સરખા થઈ જાય. એટલે કે આ સાંભળનારાઓ હવે "સંવિગ્નગીતાર્થ હોય તો પણ સંવિગ્નપાક્ષિક પાસે જવામાં દોષ નહિ" એમ સમજે, કેમકે બે ય ની સરખામણી શાસ્ત્રકારોએ જ બતાવી દીધી. આ તો મોટો દોષ ગણાય. એટલે શાસ્ત્રકારોએ સંવિગ્ન-ગીતાર્થના વચનમાં અવિકલ્પ તથાકાર સૌ પ્રથમ બતાવી એને ઉત્સર્ગમાર્ગ રૂપ બતાવ્યો. અને એની હાજરી ન હોવાદિ કારણોસર સંવિગ્નપાક્ષિકના વચનમાં અપવાદમાર્ગે તથાકાર બતાવ્યો.)

**यशो. – फलितविध्यन्तरमेवेत्यन्ये ।**

**चन्द्र.** – अन्ये पुनः प्रतिपादयन्ति → 'गीतार्थसंविग्ने अविकल्पेन तथाकारः कर्तव्यः' इति यत् कथितं, तस्येदमेव तात्पर्यं यत् तद्वचनं शास्त्रानुसार्येव भवति । ततश्च तत्र तथाकारकरणे मिथ्यात्वादयो दोषा न भवन्तीति । यद्येवं, तर्हि गीतार्थसंविग्नपाक्षिकस्यापि वचनं शास्त्रानुसार्येव भवति, नहि तत्रापि तथाकारकरणे मिथ्यात्वादिदोषानामवकाशः । एवं च तथाकारं आश्रित्य द्वौ अपि तुल्यावेव । ततश्च यदि गीतार्थसंविग्ने अविकल्पेन तथाकारः उत्सर्गमार्गः, तर्हि गीतार्थसंविग्नपाक्षिकेऽपि अविकल्पेन तथाकारः उत्सर्गमार्ग एव । यद्यपि गीतार्थसंविग्नपाक्षिकस्य ग्रहणं गीतार्थसंविग्नैः सह न कृतं, तथापि 'गीतार्थसंविग्ने अविकल्पेन तथाकारः' इति यो विधिः प्रतिपादितः, तत्तात्पर्यानुसारेण गीतार्थसंविग्नपाक्षिकेऽपि तादृश एव विधिः सिद्ध्यति । एवं च 'गीतार्थसंविग्नपाक्षिके अविकल्पेन तथाकारः' इति नापवादः, किन्तु फलितं विध्यन्तरमेव। किञ्च अपवादः स उच्यते, यस्य सामान्यतः निषेधो भवति, पुष्टकारणे तु तस्य विधानं भवति। गीतार्थसंविग्नपाक्षिके तु 'अविकल्पेन तथाकारः उत्सर्गतः न कर्तव्यः' इति सामान्यतः निषेधो नास्त्येवेति नायं अपवाद ← इति । एतदेवाह **फलितविध्यन्तरमेवेत्यन्ये**=अर्थापत्त्या प्राप्तो अन्यो विधिरेवेति ।

(**શિષ્ય** : ચારિત્રની દૃષ્ટિએ વિચારણા કરવાની હોય તો તો બરાબર કે સંવિગ્ન મુખ્ય બને અને સંવિગ્નપાક્ષિક હલકો બને. પરંતુ જ્યાં જિનવચનના સમ્યક્ નિરૂપણની જ મુખ્યતા છે ત્યાં તો સંવિગ્ન કે સંવિગ્નપાક્ષિક બે ય સરખા જ છે. જેમ ઉપસંપદ્ સામાચારીમાં બતાવશે કે પાઠક નાનો હોય કે મોટો હોય તો પણ બધા એને વંદન કરે. હવે ત્યાં મોટો સાધુ પાઠક બની શકતો હોય તો તો સારું જ છે. પણ એના બદલે નાના સાધુને પાઠક બનાવવામાં આવે તો એને "અપવાદ માર્ગે વંદન કરવાના" એવું તો ન કહેવાય. એ ઉત્સર્ગ જ ગણાય.)

**चन्द्र. - न चेदं**=गुर्वनुज्ञादिरहितः तत्प्रयोगः निष्फल इति यदुक्तं, तत् **स्वमनीषिकामात्रविजृम्भितं**=स्वमतिमात्रविकल्पितम् । **हारिभद्रोपज्ञम्**=हरिभद्रसूरिविरचितम् ।

पंचाशकगाथाद्वयभावार्थस्त्वयम् → गुर्वनुज्ञादिरहितं आवश्यकीतिशब्दमात्रं निरर्थकमेव । न केवलं निरर्थकं किन्तु मृषावादादयो दोषा अपि अत्र भवन्ति । एतच्च सर्वं कुशलैः जिनवचनाद् विज्ञेयम् । यतः व्यतिरेकेण भणितमिदं । किं भणितम् ? इत्येवाह । प्रतिक्रमणादिभिः सर्वैः आवश्यकैः युक्तयोगिनः आवश्यकी युक्ता । एतस्य मुनेः एषः आवश्यकीपदप्रयोगः उचितः । इतरस्य तु आवश्यकैः रहितस्य स प्रयोगो नोचितः। यतः तत्र आवश्यकीपदस्य अर्थः न घटते इति ।

આ વાત માત્ર અમારી બુદ્ધિની કલ્પના નથી. પણ પૂર્વપુરુષોને પણ આ વાત માન્ય છે. એ હરિભદ્રસૂરિ વડે બનાવાયેલ ગ્રંથના વચનો આ પ્રમાણે છે.

→ ઈર્યાસમિત્યાદિના પાલન વિનાનો માત્ર "આવસ્સહિ"શબ્દપ્રયોગ એ નિરર્થક, નકામો છે. ઉલ્ટું એમાં મૃષાવાદ દોષ લાગે છે. આ વાત કુશલપુરુષોએ શાસ્ત્રવચન વડે જાણવા યોગ્ય છે, કેમકે વ્યતિરેકથી=ઉંધી રીતે આ વાત કરેલી છે. (શું કહ્યું છે ? એ કહે છે કે ) ઈર્યાસમિતિપાલનાદિ આવશ્યક યોગો વડે યુક્ત એવા સાધુને જ આવશ્યકાદિપદનો વ્યુત્પત્તિ અર્થ ઉચિત છે. ઈર્યાસમિત્યાદિ વિનાનાને આવસ્સહિનો અન્વર્થ ઉચિત નથી, કેમકે ત્યાં એ વ્યુત્પત્તિ અર્થ=અવશ્ય-કર્તવ્યાદિ હાજર જ નથી. ←

**यशो. - अत्र हि स प्रयोगो निरर्थकमनर्थकारि च वाङ्मात्रमित्युक्तम्, ततश्चायं न द्रव्यावश्यकी, भावावश्यक्यां संभवन्त्यामेव तद्धेतुत्वेन तस्यास्तथात्वौचित्यात्,**

**चन्द्र.** - ननु मा भवतु स प्रयोगः आवश्यकी । किन्तु तात्त्विकावश्यकीकारणं तु स प्रयोगो भविष्यतीति स प्रयोगो द्रव्यावश्यकी वक्तुमुचितेत्यतः तदपि खण्डयति **अत्र हि**=प्रकृतगाथाद्वये **स प्रयोगो निरर्थकम्**=निष्फलं **अनर्थकारि च**=विपरीतफलजनकं च **वाङ्मात्रम्**=वचनमात्रमेव । नान्यत्किञ्चित् । अत्र वाङ्मात्रमिति नपुंसकलिङ्गयुक्तं पदं । ततश्च तदनुसारेण 'निरर्थकम्' इति, 'अनर्थकारि' इति च पदं नपुंसकलिङ्गयुक्तं भणितम् । अन्यथा तु 'स प्रयोगः' इति पुल्लिङ्गवचनात् 'निरर्थकः' इति 'अनर्थकारी' इत्येव

च स्यात् । वस्तुतस्तु प्रयोगपदं उद्देश्यवाचकं वाङ्मात्रमिति पदं विधेयवाचकं । निरर्थकमनर्थकारि चेति पदद्वयमपि विधेयमेवेति वाङ्मात्रपदस्य विशेषणभूते 'निरर्थकमनर्थकारि' इति द्वे पदे विशेष्यानुसारेन नपुंसकलिङ्गयुक्ते एव युक्ते इति ।

ननु भवतु स प्रयोगः निरर्थकं अनर्थकारि च वाङ्मात्रम् । तथापि स द्रव्यावश्यकी कथं न उच्येतेत्यत आह **भावावश्यक्यां संभवन्त्यामेव**=वर्तमानकालीनेन आवश्यकीपदप्रयोगेन भविष्यत्काले यदि भावावश्यकी समुत्पद्येत, तदैव **तद्धेतुत्वेन**=भावावश्यकीकारणत्वेन **तस्याः**=वर्तमानकालीनायाः आवश्यक्याः, आवश्यकीपदप्रयोगस्येति यावत् **तथात्वौचित्यात्**=द्रव्यावश्यकीत्वसंभवात् । यः आवश्यकीपदप्रयोगः भविष्यत्काले भावावश्यकीजनको भवति, स द्रव्यावश्यकी कथ्यते । प्रकृते तु स प्रयोगः तादृशो नास्तीति न स द्रव्यावश्यकीति ।

(**શિષ્ય** : ઈર્યાસમિતિ વગેરે વિનાનો આવસ્સહિ પ્રયોગ ભલે ભાવ સામાચારી ન બને પરંતુ ભાવસામાચારીને લાવી આપનાર દ્રવ્ય સામાચારી તો ગણાય ને ?)

**ગુરુ** : ઉપરની બે ગાથાઓમાં "તે પ્રયોગ નકામુ અને નુકસાનકારી વચનમાત્ર રૂપ છે" એમ કહ્યું છે. દ્રવ્યસામાચારી નકામી, નુકસાનકારી ન હોય એટલે આવો પ્રયોગ એ દ્રવ્ય આવસ્સહિ ન ગણાય.

(**શિષ્ય** : તો પછી ક્યો પ્રયોગ દ્રવ્ય-આવસ્સહિ બને ?)

**ગુરુ** : જે પ્રયોગના નિમિત્તે નજીકના કાળમાં ભાવ આવસ્સહિ ઉત્પન્ન થવાની હોય. તે પ્રયોગ ભાવ આવસ્સહિનું કારણ હોવાથી દ્રવ્ય-આવસ્સહિ તરીકે માનવો ઉચિત ગણાય.

---

**यशो.-न चोक्तदोषबहुलस्य भावावश्यकीसंभवोऽपि, तस्या गुणविशेषव्यङ्ग्यत्वात् ।**

---

**चन्द्र.** - ननु स प्रयोगः कथं भविष्यत्काले भावावश्यकीजनको न भवतीति अत आह **न चोक्तदोषबहुलस्य**=गुर्वनुज्ञाऽग्रहणानुपयुक्तता-नावश्यककार्यकरणादिदोषैः भृतस्य **भावावश्यकीसंभवोऽपि**= भविष्यत्काले वर्तमानकालीनप्रयोगेण भावावश्यकीसंभावनाऽपि, भावावश्यक्यां स्थिरता वृद्धिश्च तावद् दूरे, तत्संभावनाऽपि नास्तीत्यपिशब्दार्थः ।

ननु उक्तदोषबहुलस्यापि भावावश्यकीसंभवः कथं नास्ति ? इत्यत आह **तस्याः**=भावावश्यक्याः **गुणविशेषव्यङ्ग्यत्वात्**=प्रज्ञापनीयतेर्यासमित्यादिपालनयत्नादिगुणविशेषैः प्रकटीक्रियमाणत्वात् । यो हि मुनिः कदाचित् गुर्वनुज्ञां न गृह्णाति, ईर्यासमित्यादिकं न पालयति, अनावश्यककार्यमपि कदाचित्करोति । तथापि एतत्सर्वं यदि निष्ठुरपरिणामेन न करोति, किन्तु अज्ञानादिवशात्करोति । गुर्वादिना उपदेशदाने क्रियमाणे च दोषात् निवर्तितुं यतते । सम्यक्सामाचारीपालने प्रयतो भवति । किन्तु संस्कारवशात् सम्यक्सामाचारीं वर्तमानकाले न पालयितुं शक्नोति । तस्य तथाविधः शब्दप्रयोगः द्रव्यावश्यकी भवति । स एव प्रयोगः भविष्यत्काले भावसामाचारीं जनयति ।

यस्तु मुनिः न प्रज्ञापनीयतादिगुणसमृद्धः, तस्य तु स प्रयोगः प्रकृतगाथाद्वये निरर्थकः अनर्थकश्च कथितः। न च द्रव्यावश्यकीरूपः स प्रयोगः तादृशो भवतीति तस्य स प्रयोगः न द्रव्यावश्यकीति अवश्यमभ्युपेयम् ।

किं बहुना । विषगराननुष्ठानरूपः स शब्दप्रयोगः न द्रव्यावश्यकी । तध्धेत्वनुष्ठानरूपस्तु स द्रव्यावश्यकीति विवेकः ।

(**શિષ્ય** : તો ઈર્યાસમિત્યાદિ વિનાનાને એ આવસ્સહિપ્રયોગથી ભાવાવસ્સહિની પ્રાપ્તિ ન થાય ?)

**ગુરુ** : ઈર્યાસમિતિ-અપાલન, ગુરુની અનુમતિનો અભાવ, અનાવશ્યક કાર્ય કરવું... આ બધા દોષોથી ભરેલાને એ પ્રયોગ દ્વારા ભાવ-આવશ્યકીની સંભાવના=શક્યતા=વિચારણા પણ કરી શકાતી નથી, કેમકે ભાવ-આવસ્સહિ તો અમુક પ્રકારના વિશેષ ગુણોથી જ પ્રગટ કરવા યોગ્ય છે. એ આવા નિર્ગુણ સાધુઓને પ્રગટ ન થાય. (ઈર્યાસમિતિપાલન કરવાનો પ્રયત્ન હોય, આવશ્યક કાર્ય જ કરવા માટે પ્રયત્નશીલ હોય.. છતાં પ્રમાદ-અનાભોગ વગેરેને લીધે એ બધું દોષવાળું, ગમે તેવું કરતો હોય. તો એવાને ભાવ-આવસ્સહિને ઉત્પન્ન કરનારી દ્રવ્ય-આવસ્સહિ માની શકાય.)

---

**यशो. - अप्राधान्यार्थकं द्रव्यपदमाश्रित्य तु तत्र द्रव्यावश्यकीति व्यवहारोऽपि भवतीति बोध्यम् ॥३८॥**

---

**चन्द्र.** - अशुद्धव्यवहारस्याभिप्रायमपि स्याद्वादेन स्वीकरोति-**अप्राधान्यार्थकं द्रव्यपदं**=द्रव्यपदं हि द्विविधमर्थं ज्ञापयति-अप्रधानद्रव्यत्वं, प्रधानद्रव्यत्वञ्च । तत्र यद् वस्तु भविष्यत्काले विवक्षितं कार्यं करोति, स तत्कार्यं आश्रित्य प्रधानद्रव्यं उच्यते । यद् वस्तु भविष्यत्काले विवक्षितं कार्यं न करोति, स तत्कार्यं आश्रित्य अप्रधान द्रव्यं उच्यते । प्रकृते तु उक्तदोषबहुलस्यावश्यकीपदप्रयोगः अप्रधानद्रव्यं तु भवत्येव । यतः स प्रयोगो न भावावश्यकीं जनयति । ततश्च तत्र अप्राधान्यार्थकं द्रव्यपदं तु घटत एव । एवञ्च तद् **आश्रित्य तत्र** उक्तदोषबहुलस्यावश्यकीपदप्रयोगे **द्रव्यावश्यकीति** इत्यादि सुगमम् ॥३८॥

(**શિષ્ય** : લોકમાં તો આવા દુષ્ટવ્યક્તિનો આવસ્સહિ પ્રયોગ સામાચારી તરીકે ઓળખાય છે. ભલે એ ભાવથી ન માનીએ, કમસેકમ દ્રવ્યથી તો માનો ?)

**ગુરુ** : દ્રવ્યપદના બે અર્થ છે. પ્રધાનત્વ અને અપ્રધાનત્વ. જે પ્રયોગ નજીકના કાળમાં ભાવ-આવસ્સહિને ઉત્પન્ન કરનારો હોય તે પ્રધાનદ્રવ્ય-આવસ્સહિ કહેવાય. અને જે પ્રયોગ ભાવ-આવસ્સહિની ઉત્પત્તિમાં કારણ ન બનવાનો હોય એ અપ્રધાન દ્રવ્ય-આવસ્સહિ કહેવાય.

એટલે અપ્રાધાન્યને લઈને તો આવો દોષ ભરેલો એવો આવસ્સહિપ્રયોગ પણ દ્રવ્ય આવસ્સહિ કહી શકાય ॥૩૮॥

---

**यशो. - नन्वावश्यकीस्थाने कुतो न नैषेधिकीप्रयोगः इत्याशङ्क्य समाधत्ते –**

**नणु एगट्ठत्तणओ कह एत्थ णिसीहियाइ ण पओगो ।**
**भन्नइ एस विभागो गमणागमणप्पओअणओ ॥३९॥**

---

**चन्द्र.** - **आशङ्क्य समाधत्ते**=यत्र द्वयोः क्रमभाविक्रिययोः कर्ता एक एव भवति । तत्र प्रथमक्रियार्थकधातोः 'त्वा'पदप्रयोगः भवति । अत्र आशङ्कासमाधानरूपे द्वे क्रिये स्तः । तयोः द्वयोः कर्ता

एक एव । यतोऽत्र 'त्वा'पदप्रयोग: कृत: । ततश्च प्रकृतमूलगाथायामेव स्वयं ग्रन्थकार एव आशङ्कां समाधानं च दास्यति । अन्यत्राप्येवमेव विज्ञेयम् ।

→ ननु एकार्थत्वात् कथमत्र नैषेधिक्या: प्रयोग: न ? भण्यते । एष विभाग: गमनागमनप्रयोजनत: ← इति गाथार्थ: ।

"ઉપાશ્રયમાંથી બહાર જતી વખતે આવસ્સહિ બોલીએ છીએ. એને બદલે નૈષેધિકી બોલીએ તો ન ચાલે?" આવી શંકા ઉભી કરીને પછી એનું સમાધાન આ ગાથામાં આપશે.

ગાથાર્થ : પ્રશ્ન : આવસ્સહિ અને નિસીહિ શબ્દ સમાનાર્થી શબ્દ હોવાથી અહીં નિસીહિનો પ્રયોગ કેમ ન થાય ? ઉત્તર : આ આવસ્સહિ-નિસીહિ બોલવાનો વિભાગ ગમન અને આગમનના પ્રયોજનથી છે.

---

**यशो. - णणुत्ति । ननु इत्यक्षमायां एकार्थत्वात्=एकगोचरत्वादावश्यकीनैषेधिक्योरिति शेष: । आवश्यकी ह्यवश्यकर्त्तव्यगोचरा, नैषेधिकी च पापकर्मनिषेधक्रियागोचरा, अवश्यकर्मपाप-निषेधक्रिययोश्चैक्यादनयोरेकार्थत्वम् ।**

---

**चन्द्र. - अक्षमायां**=बहिर्गमने य: आवश्यकीपदप्रयोग: प्रतिपादित:, स अनेन पूर्वपक्षेण न सह्यते इति। तदर्थमेव अत्र 'ननु' पदमुपातम् । **एकार्थत्वात्**=आवश्यकीपदस्यार्थो हि अवश्यमेतत्करणीयमिति । नैषेधिकीपदस्यार्थो हि नैतत्करणीयमिति । एवं च सामान्यत: तयो: अर्थ: समानो नास्ति । तत: स्पष्टं करोति **एकगोचरत्वात्**= समानविषयकत्वात्, उभययो: प्रयोजनं समानमेवेति भाव: । एतदेव स्पष्टयति **आवश्यकी ह्यवश्येत्यादि** ।....अवश्यं करणीयं किं ? इति पृच्छायां 'पापनिषेध:' इत्युत्तरं दीयते । तथा पापनिषेध: किं? इति पृच्छायां 'अवश्यं करणीय:' इत्युत्तरं दीयते । ततश्च द्वौ एकावेव ।

ટીકાર્થ : **શિષ્ય :** આવસ્સહિ અને નિસીહિ સમાનાર્થી છે. એટલે કે બે ય નો વિષય એક જ છે. આવસ્સહિ શબ્દનો વિષય અવશ્ય કરવા યોગ્ય કાર્યો છે. અને નિસીહિનો વિષય પાપ કર્મનો નિષેધ કરવા રૂપી ક્રિયા છે. હવે પાપકર્મનો ત્યાગ એ અવશ્ય કરવા યોગ્ય કાર્ય જ છે ને ? એટલે અવશ્યકર્મ અને પાપનિષેધક્રિયા એક જ છે અને આવસ્સહિ-નિસીહિ આ બેને જણાવનારા છે. એટલે આ બે શબ્દો એક જ અર્થના વાચક=સમાનાર્થી બની ગયા.

---

**यशो. - तदुक्तं निर्युक्तिकृता-( आव० नि० ६९२ )**

**आवस्सइं च णिंतो जं च अइंतो णिसीहियं कुणइ । वंजणमेयं तु दुहा अट्ठो पुण होइ सो चेव।। इति।।**

**चूर्णिकृताप्युक्तम्-"आवस्सिया णाम अवस्सकायव्वकिरिया इति पावकम्मनिसेहकिरिय त्ति वा अवस्सकम्मं त्ति वा अवस्सकिरिय त्ति वा एगट्ठ त्ति" । एवं च कथमत्रावश्यकीस्थले नैषेधिक्या= लक्षणया नैषेधिकीपदस्य न प्रयोग: ?**

---

**चन्द्र.** - यदस्माभिरेकार्थत्वं प्रतिपाद्यते । तन्निर्युक्तिकृतां श्रीमद्भद्रबाहुस्वामिनामप्यभिमतमेवेति पूर्वपक्षः दर्शयति **आवस्सहिं च णिंतो** इत्यादि । अत्र → गमनक्रियाकाले आवश्यकी, आगमनक्रियाकाले च नैषेधिकी क्रियते । एतत् द्विधा व्यञ्जनमात्रम्=शब्दमात्रम् । अर्थस्तु पुनः स एव=एक एव ← इति भावार्थः। यथा हि एकार्थवाचिपदयोः मध्ये यत्रैकस्य प्रयोगः संभवति, तत्र द्वितीयस्यापि संभवत्येव । यथा मातृजनन्याम्बादिपदानि एकस्मिन्नेव स्थाने प्रयुज्यन्ते । एवमावश्यकीपदस्थाने तत्समानार्थी नैषेधिकीशब्दः कथं न प्रयुज्यते ? इति पूर्वपक्षाभिप्रायः ।

प्रकृतगाथायां '**नैषेधिक्याः** प्रयोगः कथं न भवति' इति प्रतिपादितमस्ति । नैषेधिकी नाम पापकर्मनिषेधः। ततश्च गाथांशस्यार्थोऽयं भवेत् यदुत "आवश्यकीप्रयोगस्थाने पापकर्मनिषेधः=पापकर्मत्यागः कथं न क्रियते" इति । न चात्रायमर्थो युक्तः । किन्तु "आवश्यकीप्रयोगस्थाने नैषेधिकी**पदस्य** प्रयोगः कथं न क्रियते ?" इत्येव पूर्वपक्षस्याभिप्रायः । ततश्च तत्स्पष्टीकर्तुमाह **लक्षणया नैषेधिकीपदस्येति** गाथागतं "नैषेधिकी" पदं पापनिषेधवाचकं । किन्तु तस्य लक्षणां कृत्वा तया लक्षणया गाथागतं "नैषेधिकी" पदं नैषेधिकीपदस्यैव वाचकमत्र विज्ञेयमिति भावः ।

નિર્યુક્તિકારે કહ્યું જ છે કે "જતો સાધુ આવસ્સહિને અને આવતો સાધુ નિસીહિને કરે. આ બે શબ્દ માત્ર જુદા છે. બાકી અર્થ તો તે જ છે = એક જ છે."

ચૂર્ણિકારે પણ કહ્યું છે કે "આવસ્સહિ એટલે અવશ્ય કરવા યોગ્ય કાર્ય કહો કે પછી પાપકર્મ નિષેધક્રિયા કહો કે પછી અવશ્યકર્મ કહો કે પછી અવશ્યક્રિયા કહો... આ બધું સમાનાર્થી છે.

હવે જો આ બે ય શબ્દો સમાનાર્થી છે. તો જેમ ઘટપદાર્થને ઓળખાવવા માટે ઘટપદની જેમ સમાનાર્થી કુંભશબ્દ પણ વાપરી શકાય છે. એમ અહીં આવસ્સહિના સ્થાને એનો સમાનાર્થી નિસીહિ શબ્દ કેમ ન વપરાય?

(**શિષ્ય** : ગાથામાં તો આ પ્રમાણે કહેલ છે કે "આવશ્યકીના સ્થાને નિસીહિનો પ્રયોગ કેમ ન કરાય ?" નિસીહિ એટલે પાપત્યાગ. એટલે એવો અર્થ થયો કે "આવશ્યકીના સ્થાને પાપત્યાગનો પ્રયોગ કેમ ન કરાય?" આ અર્થ તો યોગ્ય નથી. પ્રશ્ન તો એવો પૂછવાનો છે કે,"આવશ્યકીના સ્થાને નિસીહિપદનો પ્રયોગ કેમ ન કરાય ?

(**ગુરુ** : અહીં ગાથામાં રહેલો નિસીહિ શબ્દ લક્ષણા દ્વારા 'નિસીહિપદ'નો બોધક જાણવો એટલે તમે કહેલો અર્થ મળી જશે.)

---

**यशो. - भण्यते=अत्रोत्तरं दीयते-एष विभागः=तत्रावश्यकी-शब्दप्रयोग एव शय्यादिप्रवेशे च नैषेधिकीप्रयोग एवेत्येवंरूपो, गमनाऽगमनप्रयोजनतः= गमनाऽगमनयोः प्रयोजने आश्रित्येत्यर्थः ।**

---

**चन्द्र.** - उत्तरमाह - **तत्र**=उपाश्रयाद् बहिर्गमने **एव**=न तु नैषेधिकीपदप्रयोगः । **नैषेधिकी प्रयोग एव**= न तु आवश्यकीपदप्रयोगः ।

ગુરુ : "ઉપાશ્રયમાંથી બહાર જતી વખતે આવસ્સહિ પ્રયોગ જ કરવો અને ઉપાશ્રયાદિમાં પ્રવેશ વખતે નિસીહિપ્રયોગ જ કરવો" આ પ્રમાણે જે વિભાગ પાડેલો છે. એ માત્ર ગમન અને અગમન રૂપ બે કાર્યને આશ્રયીને જ પાડેલો છે.

**यशो. - अयं भावः-नैषेधिकीप्रयोगः खलु स्वप्राग्भाव्यना-भोगादिनिमित्तकप्रत्य-वायपरिहारार्थमेवेष्यते । न च गमनात्प्राक् संवृतगात्रतया स्थितस्य साधोः प्रत्यवायो भवति यत्परिहारार्थं नैषेधिकीं प्रयुञ्जीत ।**

**चन्द्र.** - ऐदम्पर्यमाह **नैषेधिकीप्रयोगः खलु इत्यादि । स्वप्राग्भावीत्यादि ।** नैषेधिकीपदप्रयोगकालात् पूर्वस्मिन्काले उत्पन्नाः ये अनाभोगादिजन्याः अतिचारादिरूपाः प्रत्यवायाः । तेषां परिहारार्थं । **गमनात्प्राक्**= आवश्यकीप्रयोगकारणं यद्गमनं, तत्पूर्वकाले **संवृतगात्रतया** उपाश्रये स्वाध्यायध्यानादिषु एकाग्रत्वेन कायगुप्तिगुप्ततया **प्रत्यवायः**=अतिचारादिः । भवता हि गमनकाले आवश्यकीपदप्रयोगं परित्यज्य नैषेधिकीपदप्रयोगः इष्यते । किन्तु नैषेधिकीप्रयोगस्तु पूर्वकालभाविनामतिचारादीनां परिहारार्थं क्रियते । ते चातिचाराः सामान्यतः उपाश्रये स्थितस्य साधोः न संभवति । ततश्च उपाश्रयाद् बहिर्गमनकाले प्राक्काल भाविनामतिचाराणामेवाभावात् केषां परिहाराय तत्र नैषेधिकीप्रयोगः क्रियते ? उपाश्रयाद् बहिर्निर्गतस्य तु भिक्षाटनस्थण्डिलभूम्यादौ सचित्तसंघट्टनादयो बहवः अतिचाराः संभवन्ति । ततश्चोपाश्रये प्रवेशकाले "अहं सर्वानतिचारान् त्यजामि । न उपाश्रयमध्ये करिष्यामि"इत्यादि अध्यवसायसंभवात् भवति तत्रातिचारनिषेधार्थं नैषेधिकीप्रयोगो युक्त इति "आवश्यकीपदप्रयोगकाले नैषेधिकीपदप्रयोगः कथं न भवेत् ?" इत्यादि निरूपणं न करणीयम् ।

આશય એ છે કે ઉપાશ્રયમાં પ્રવેશતી વખતે નિસીહિ કરીએ છીએ. પણ એ નિસીહિ કરતા પહેલા ઉપાશ્રયની બહાર જે ભિક્ષાટનાદિ ક્રિયાઓ કરી. એમાં અનાભોગ, પ્રમાદાદિ ઘણા દોષોની શક્યતા હતી. હવે ઉપાશ્રયમાં આવ્યા પછી ગુરુની હાજરીમાં એ અનાભોગાદિ દોષ ચાલુ રહે તો ગુરુની આશાતના થાય. એટલે ત્યાં ભયંકર નુકસાન થવાની શક્યતા રહે. એ નુકસાનો દૂર કરવા માટે જ ઉપાશ્રયમાં પ્રવેશતી વખતે નિસીહિ બોલવામાં આવે છે. જેના દ્વારા ગોચરી વગેરે સંબંધી શક્ય અનાભોગાદિ તમામ દોષોનો ત્યાગ કરવાની સાવધાની કેળવવામાં આવે છે.

નિસીહિનું કામ આ છે.

હવે ઉપાશ્રયમાંથી બહાર જઈએ એ પહેલા ઉપાશ્રયમાં તો આવી ભિક્ષાટનાદિ ક્રિયાઓ જ ન હોવાથી ત્યાં અનાભોગાદિ દોષો પણ નથી. ઉપાશ્રયમાં તો સાધુ પોતાના આખા શરીરને સંકોચીને જ બેસી રહે છે. એટલે એને અનાભોગાદિથી થનારા નુકસાન થતા જ નથી. હવે એ થતા જ નથી, તો પછી નીકળતી વખતે તેનો પરિહાર કરવા માટે જ બોલાતો નિસીહિ શબ્દ બોલવાનો ન જ રહે ને ? માટે આવસ્સહિના સ્થાને નિસીહિ ન બોલવો.

**यशो. - एवं नैषेधिकीप्रयोगकाले आवश्यकीप्रयोगोऽपि नापादनीयः । तदानीमा-**

**वश्यकक्रियाव्यापारेऽप्युत्तरकालं व्यापारपरित्यागाभिप्रायेणैव तत्प्रयोगादन्यतस्तदनिर्वाहात्।**

**चन्द्र.** - एवमेव कश्चिदेवमपि ब्रूयात् यदुत "नैषेधिकीपदप्रयोगकाले आवश्यकी पदप्रयोगः कथं न क्रियते" इति । किन्तु यथाऽत्र उत्तरं दत्तं, **एवं नैषेधिकीप्रयोगकाले** इत्यादि ।

ननु अत्र यत्समाधानं दत्तं । तत्तु युक्तम् । किन्तु "नैषेधिकीप्रयोगकाले आवश्यकीपदप्रयोगः कथं न संभवति ? इत्यत्र तु सम्यक्समाधानं न भवद्भिर्निगदितमित्यत आह **तदानीं**=उपाश्रयान्तःप्रवेशकाले **आवश्यकक्रियाव्यापारेऽपि**=चलनालोचनागोचरीप्रदर्शनादिरूपायाः आवश्यकक्रियायाः सद्भावेऽपि **उत्तरकालं**=आलोचना-गोचरीप्रदर्शनादिकरणानन्तरमेव **व्यापारपरित्यागाभिप्रायेणैव**="सर्वान् व्यापारान् त्यक्त्वा निश्चेष्टो भूत्वा स्वाध्यायध्यानादिषु मग्नोऽहं भविष्यामि"इत्यभिप्रायेणैव **तत्प्रयोगात्**=उपाश्रयान्तः प्रवेशकाले नैषेधिकीप्रयोगात् **अन्यतः**=आवश्यकीपदप्रयोगात् **तदनिर्वाहात्**=व्यापारपरित्यागाभिप्राय सूचनाऽभावात् ।

જેમ "આવસ્સહિના સ્થાને નિસીહિ કેમ ન બોલાય ?" એ સમજાવ્યું. એ જ પ્રમાણે નિસીહિના સ્થાને આવસ્સહિ કેમ ન બોલાય ?" એ શંકાનું સમાધાન પણ સમજી જ લેવું. એટલે એ શંકા ઊભી ન કરવી.

(**શિષ્ય** : પણ એ સમાધાન સ્પષ્ટ કહો તો મંદબુદ્ધિવાળા અમને એ સમજાય.)

**ગુરુ** : ઉપાશ્રયમાં પ્રવેશ કરતી વખતે જો કે આલોચના વગેરે આવશ્યકક્રિયાનો વ્યાપાર ચાલુ જ છે. છતાં ઉપાશ્રયમાં પ્રવેશ્યા બાદ તો બધો વ્યાપાર છોડી દેવાના અભિપ્રાયથી જ નિસીહિ બોલાય છે. જ્યારે આવસ્સહિ શબ્દમાં તો અવશ્યકર્તવ્ય કામની પ્રતિજ્ઞા કરાય છે. એટલે આવસ્સહિ પ્રયોગ દ્વારા નિસીહિનું કાર્ય સિદ્ધ થઈ શકતું નથી.

**यशो. - तदिदमभिप्रेत्योक्तं मलयगिरिचरणैः 'आह यद्येवं, भेदेनोपन्यासः किमर्थः ? उच्यतेगमनस्थितिक्रियाभेदादिति ।'**

**चन्द्र.** - इदमत्र तत्वं । भिक्षाटनादि कृत्वा उपाश्रयमध्ये प्रविशन् साधुः यद्यपि तदा चलनादिरूपां आवश्यकक्रियां करोति । प्रविश्य च गुरवे आलोचनामपि ददाति, गोचरीं च दर्शयति । ततश्च प्रवेशानन्तरमपि आवश्यकक्रियाः स साधुः करोत्येव । तथापि ताः क्रियाः तदा तन्मनसि प्रधानरूपतया न विद्यन्ते । किन्तु स एवमेव चिन्तयति यदुत "आलोचनादिकं सर्वं कृत्वा अहं सर्वान् व्यापारान् त्यक्त्वा स्वाध्यायध्याननिमग्नो भवामि" इति । ततश्च तस्य व्यापाराणां परित्यागस्यैवाभिप्रायो भवति । तत्सूचनार्थमेव स नैषेधिकीं करोति । यदि च स तदा आवश्यकीप्रयोगं कुर्यात् । तर्हि अयं निषेधः आवश्यकीपदात् कथं लभ्येत ? आवश्यकीप्रयोगो हि "अवश्यकरणीयमेतद्" इति ज्ञापयति । न तु व्यापारनिषेधं ज्ञापयति । ततश्च तत्र नैषेधिकीप्रयोग एवोचितः, नावश्यकीप्रयोग इति । तथा च यद्यपि अभिन्नार्थौ एव एतौ, तथापि गमनक्रियाकाले आवश्यकीप्रयोग उचितः, आगमनक्रियाकाले नैषेधिकीप्रयोग उचित इति विवेकः । न हि एकार्था अपि शब्दाः एकत्रैव स्थाने व्यवहर्तुं युक्ताः । यथा मातृपदं पितृपत्नीपदं च एकार्थे । तथापि व्यवहारकाले मातृपदमेव उच्यते। न कदापि पितृपत्नीपदं। किन्तु "माता नाम किं वस्तु ?" इति प्रश्नो भवति । तदा "पितृपत्नी माता भवति"इति शब्दप्रयोगः क्रियते।

एवं आवश्यकी-नैषेधिकीपदे समानार्थे अपि नैकत्र वक्तुं युज्यते । किन्तु गमनकाले आवश्यकी, आगमनकाले च नैषेधिकीति ।

આ જ અભિપ્રાયથી શ્રીમલયગિરિજી મહારાજે કહ્યું છે કે "પ્રશ્ન : જો બે ય શબ્દો સમાનાર્થી છે તો પછી બે ય નો જુદો જુદો ઉપન્યાસ=કથન શા માટે ? ઉત્તર : આવસ્સહિ ગમન ક્રિયા માટે છે. નિસીહિ સ્થિર રહેવા માટે છે. એટલે બેયનો ઉપન્યાસ જુદો કર્યો છે."

---

**यशो. - यत्त्वावश्यकीनैषेधिक्योर्नैकार्थता, → 'एवं वा व्याख्या 'जो आवस्सयम्मि जुत्तो सो णिसिद्धो, जो पुण णिसिद्धप्पा सो आवस्सए जुत्तो वा ण वा, जतो समितो णियमा गुत्तो, गुत्तो समियत्तणंमि भयणिज्जो इति ←' इत्यावश्यकचूर्ण्युक्तेरेकपद-व्यभिचारेण वृक्षशिंशपापदयोरिव तयोर्नानार्थत्वादिति ।**

---

**चन्द्र.** - "आवश्यकीनैषेधिक्योः एकार्थता नास्ति"इति अभिप्रायवानाह कश्चित् आह **आवश्यकी-नैषेधिक्योः नैकार्थता** इत्यादि । ननु प्रतिपादितमेवाधुना, द्वे अपि पदे एकार्थे एव स्तः । किं बधिरोऽसि त्वं । यन्न श्रृणोषि इत्यतः पूर्वपक्षः चूर्णिपाठद्वारेणैव तयोः भिन्नार्थत्वं स्थापयितुं पाठं दर्शयति "**एवं वा व्याख्या**" इत्यादिना । चूर्णिपाठस्यार्थस्त्वयम् → एका व्याख्या कृता । एवं वा द्वितीया व्याख्या संभवति । यः आवश्यकक्रियायां युक्तः, स नैषेधिकीक्रियायां युक्त एव । यः पुनः निषिद्धात्मा=नैषेधिकीक्रियावान् । स आवश्यकक्रियायां युक्तो भवति, अयुक्तो वा भवति । यतः समितः नियमेन गुप्तः । गुप्तश्च समितत्वे भजनीयः इति ।

तद्भावार्थस्त्वयम् → गुप्तिस्तावद् द्विविधा । शुभयोगेषु प्रवृत्तिरूपा, सर्वथा निवृत्तिरूपा वा । समितिस्तु शुभयोगेषु प्रवृत्तिरूपैव । आवश्यकीसामाचारी च शुभयोगेषु प्रवृत्तिरूपा । ततः आवश्यकीसामाचार्यां वर्तमानो मुनिः समितः गुप्तश्चापि भवति । नैषेधिकीसामाचारी तु सर्वथा निवृत्तिरूपा । ततः तस्यां वर्तमानो मुनिः केवलं गुप्त एव । न तु समितः । एवं यथा समिति-गुप्त्योः भिन्नार्थता । तथैव आवश्यकी-नैषेधिक्योः भिन्नार्थतैव। **आवश्यकचूर्ण्युक्तेः**=आवश्यकचूर्णिवचनात् **एकपदव्यभिचारेण** = "यो यः शिंशपा स स वृक्षः । यः यः वृक्षः स तु कदाचित्शिंशपा भवति, कदाचित्तु अन्यः" इत्येवंरूपः यः एकपदव्यभिचारः, समव्याप्यव्यापकाभावरूपः, तेन । **तयोर्नानार्थत्वात्**=यो यः आवश्यकसामाचारीमान् स स नैषेधिकीमान् । यस्तु नैषेधिकीमान् स आवश्यकीमान् कदाचिद् भवति, कदाचित्तु न भवतीति । आवश्यकीकरणकाले स परमार्थतो नैषेधिकीमानपि भवति । किन्तु नैषेधिकी करणकाले स आवश्यकीमान् न भवतीति भावः । एवं च यथा वृक्षशिंशपापदे एकपदव्यभिचारेण भिन्नार्थके । तथैव नैषधिक्यावश्यकीपदे एकपदव्यभिचारेण भिन्नार्थक एवेति पूर्वपक्षः ।

**શિષ્ય :** ખરેખર તો આવસ્સહિ-નિસીહિ શબ્દ સમાનાર્થી છે જ નહિ. આ વાતને સાબિત કરતો આવશ્યકચૂર્ણિનો પાઠ પણ છે. તે આ પ્રમાણે છે → અથવા તો આ પ્રમાણે વ્યાખ્યા કરવી કે "જે સાધુ આવસ્સહિમાં જોડાયેલો હોય તે હંમેશા નિસીહિવાળો હોય છે. પણ જે નિષિદ્ધાત્મા હોય એટલે કે નિસીહિસામાચારી વાળો હોય તે આવસ્સહિવાળો હોય પણ ખરો કે ન પણ હોય." કેમકે જે સમિતિવાળો હોય

તે નિયમથી ગુપ્તિવાળો હોય. પરંતુ જે ગુપ્તિવાળો હોય તે સમિતિવાળો હોય કે ન પણ હોય ?" ← અહીં એક પદના વ્યભિચાર વડે આવસ્સહિ-નિસીહિ બતાવી છે. એટલે કે, જે જે શિંશપા (એક પ્રકારનું વૃક્ષ) હોય તે વૃક્ષ હોય જ. પણ જે જે વૃક્ષ હોય તે શિંશપા હોય કે ન પણ હોય. તો અહીં બે પદોમાં એક બાજુની વ્યાપ્તિ મળે છે. પણ બીજી બાજુની વ્યાપ્તિ નથી મળતી. એટલે આ એકપદનો વ્યભિચાર કહેવાય. તો જેમ આ વૃક્ષ અને શિંશપા એ સમાનાર્થી નથી. એમ આવસ્સહિ-નિસીહિ પણ એક પદ વ્યભિચારવાળા હોવાથી સમાનાર્થી નથી. આવસ્સહિ એ ભિક્ષાટનાદિ ક્રિયા કરવા વખતે થતી હોવાથી સમિતિ રૂપ છે. નિસીહિ બધી ક્રિયાઓ બંધ કરતી વખતે થતી હોવાથી ગુપ્તિ રૂપ છે. આમ બે જુદા જ શબ્દો હોવાથી એકના સ્થાને બીજા શબ્દનો પ્રયોગ કરવાની આપત્તિ જ ખોટી છે.

---

**यशो. - तदसत्, शय्यानैषेधिक्यां नैषेधिक्यभिमुखो हि नैषेधिकीं प्रयुङकते, तदा च गुर्वनुज्ञातशय्यास्थानाद्यावश्यकक्रियापरिणतत्वेनैकार्थत्वानपायात् ।**

---

**चन्द्र.** - ग्रन्थकारस्तु तयोरेकार्थत्वं स्थापयितुमाह **शय्यानैषेधिक्यां**=शय्याप्रवेशे या नैषेधिकी प्रयोक्तुं इष्यते, तस्यां **नैषेधिक्याभिमुखो**=व्यापारपरित्यागाभिमुखः सन् **नैषेधिकीं** नैषेधिकीपदं **प्रयुङ्क्ते**=उच्चरति । **तदा च**=तदैव च **गुर्वनुज्ञातेत्यादि**=गुरुणा अनुज्ञाता या शय्यास्थाननिवेशादिरूपा आवश्यकक्रिया, तस्यां परिणतत्वेन **ऐकार्थत्वानपायात्**=तयोः द्वयोः शब्दयोः एकार्थत्वसिद्धेः । नैषेधिकीप्रयोगकालेऽपि स मुनिः शय्यास्थानादिरूपावश्यकक्रियायामपि परिणतो भवत्येव । ततश्च **नैषेधिकीसामाचारीकाले**ऽवश्यं स आवश्यकी सामाचारीमान् भवत्येवेति एकपदव्यभिचाराभावादुभयोरेकार्थत्वं सिद्धम् ।

**ગુરુ** : તારી આ વાત ખોટી છે. ઉપાશ્રયમાં પ્રવેશતી વખતની નિસીહિ વખતે તો બધા કાર્યોનો નિષેધ કરવાને અભિમુખ થયેલો સાધુ નિસીહિ કરે છે. અને એ જ વખતે ગુરુની રજા લીધા બાદ ઉપાશ્રયમાં ઉભા રહેવું, બેસવું વગેરે ઘણી બધી આવશ્યક ક્રિયાઓ કરે જ છે. એટલે ત્યારે સર્વથા બધી ક્રિયાનો નિષેધ નથી થતો. ત્યાં આ બધી આવશ્યક ક્રિયાઓ સંભવે જ છે. એટલે આ દૃષ્ટિએ બે ય પદો સમાનાર્થી જ બની જાય છે. કેમકે નિસીહિ વખતે પણ આવસ્સહિનો પ્રયોગ શક્ય જ છે. એટલે જ્યાં જ્યાં નિસીહિ ત્યાં ત્યાં આવસ્સહિ પણ મળવાથી બે ય સમાનાર્થી તરીકે લઈ શકાય.

---

**यशो. - अत एव → एतदपि संभाव्यते-''जहा जो णिसिद्धप्पा सो णियमा आवस्सए जुत्तो''← इति चूर्णिकार एव पक्षान्तरं व्याचचक्षे ।**

---

**चन्द्र. - अत एव**=यतः नैषेधिकीकालेऽवश्यं आवश्यकीमान् भवत्येव, अत एव **एतदपि**= वक्ष्यमाणमपि **संभाव्यते**=चिन्त्यते **जहा जो णिसिद्धप्पा** इत्यादि । **पक्षान्तरं**=द्वयोः भिन्नार्थत्वप्रतिपादको यः एकः पक्षः, तस्मादन्यो यः पक्षः, तत्पक्षान्तरं । द्वयोरेकार्थत्वप्रतिपादकः पक्ष इति भावः ।

वयमिदं संभावयामः यदुत चूर्णिकारेण प्रथमं आवश्यकीनैषेधिक्योः भिन्नार्थत्वप्रतिपादकः एकः पक्षः प्रतिपादितः । किन्तु चूर्णिकारस्य तत्र स्वरसो नास्ति । ततः चूर्णिकारेण द्वयोरेकार्थत्वप्रतिपादकं पक्षान्तरं निगदितं । तत्रैव च चूर्णिकारस्य स्वरसोऽस्तीति ।

(શિષ્ય : તો ચૂર્ણિકારે બતાવેલો મત ખોટો ? ત્યાં તો બે પદો અસમાનાર્થી જ કહેલા જણાય છે.)

ગુરુ : રે ! આ બે સમાનાર્થી છે, માટે જ ચૂર્ણિકારે જ ત્યાં જે બીજો પક્ષ=મત બતાવેલો છે કે → આ પણ સંભવે છે કે, "જે નિસીહિવાળો હોય તે નિયમથી આવસ્સહિવાળો હોય જ." ← બાકી જો બે સમાનાર્થી ન હોત તો ચૂર્ણિકારે બતાવેલો આ બીજો મત ન ઘટત.

**यशो. - किञ्चैवम्- 'अट्ठो पुण होइ सो चेव' इति सूत्रोल्लङ्घनादुत्सूत्रापत्तिः "आवस्सियं च णिंतो"( भाष्य-६२० ) इत्यादिभाष्यकाराभिप्रायपरित्यागश्चेति किमतिपीडनया ॥३९॥**

**चन्द्र.** - ननु चूर्णिकारेण द्वे मते प्रतिपादिते । तत्र एकस्यापि खण्डनं तु न कृतं । ततः "चूर्णिकारस्य प्रथममते अस्वरसोऽस्ति, द्वितीयमते च स्वरसोऽस्ति"इति कथं निर्णेतुं शक्यते ? न तत्र कोऽपि निर्णायक इत्यत आह **किञ्चैवम्-"अटठो पुण होइ सो चेव"**=द्वयोरर्थस्तु एक एव भवति इति यद् आवश्यकनिर्युक्तिवचनम्। भिन्नार्थत्वस्वीकारे **सूत्रोल्लङ्घनात्**=तादृशावश्यकनिर्युक्तिवचनस्यउल्लङ्घनात् **उत्सूत्रापत्तिः**=उत्सूत्रवचन-पापापत्तिः । तस्मात्तयोरेकार्थत्वमेव मन्तव्यम् । तथा **"आवस्सियं च णिंतो" इत्यादिभाष्यकाराभिप्राय परित्यागश्चेति** । भाष्येऽपि आवश्यकनिर्युक्त्यनुसारी एवाभिप्रायो दृश्यते । ततश्च तस्यापि परित्यागो भवेदिति। तस्मान्न भवदुक्तं युक्तमिति । **किमतिपीडनया**=किमतिविस्तरेण ? ॥३९॥

વળી જો એ બેને સમાનાર્થી ન માનો તો આવશ્યક નિર્યુક્તિનો જ જે ૬૯૨મી ગાથાનો પાઠ આ જ ગાથામાં આગળ જોઈ ગયા કે "આ બે શબ્દો એ માત્ર શબ્દથી જ જુદા છે. બાકી અર્થ તો એક જ છે" એ નિર્યુક્તિરૂપી સૂત્રનું ઉલ્લંઘન કરનારા તમે બનશો. અને આ રીતે તમને ઉત્સૂત્રવચનનો દોષ લાગશે.

એટલું જ નહિ, ભાષ્યકારે ૬૨૦મી "**आवस्सहिं य णिंतो...**" ગાથામાં પણ આ જ વાત કરી છે. તમારે તો હવે એ ભાષ્યકારના અભિપ્રાયનો પણ ત્યાગ કરવો પડશે. આમ આ બે શબ્દોને અસમાનાર્થી માનવામાં તમને જ ઘણા દોષો લાગશે.

આ વાતને હવે ઘણી લંબાવવાથી સર્યું ॥૩૯॥

**यशो. - अथ गमनागमनयोरेतन्निदानयोरुत्सर्गापवादाभ्यां व्यवस्थिततत्वादनयोरपि तथा शीलत्वाद्भेद इत्याविर्भावयति -**

**होइ अगमणे इरियाविसोहिसज्झायझाणमाइगुणा ।**
**कारणियं पुण गमणं तेण वि भेओ भवे आसिं ॥४०॥**

**॥ आवस्सिया सम्मत्ता ॥**

**चन्द्र.** - एवं आवश्यकीनैषेधिक्योः अर्थतोऽभेदः, गमनागमनप्रयोजनतश्च भेद इति ख्यापयित्वाऽधुना **गमनागमनयोः**=गमनस्य अगमनस्य च **एतन्निदानयोः**=आवश्यकीनिदानस्य नैषेधिकीनिदानस्य च **उत्सर्गापवादाभ्यां**=गमनमपवादरूपं, अगमनञ्चोत्सर्गरूपमिति अनेन प्रकारेण **व्यवस्थितत्वात्**=जिनागमेषु प्रसिद्धत्वात् **अनयोरपि**=न केवलं गमनागमनयोः, किन्तु आवश्यकीनैषेधिक्योरपि **तथाशीलत्वात्**

अपवादोत्सर्गस्वरूपत्वात् **भेदः** इति **आविर्भावयति**=प्रकटयति ।

→ अगमने इर्याविशुद्धिस्वाध्यायानादयो गुणाः भवन्ति । गमनं पुनः कारणिकं । तेनाऽपि तयोः भेदो भवेत् ← इति गाथार्थः ।

ઉપર તો આવસ્સહિ-નિસીહિ વચ્ચે ગમન-અગમનની ક્રિયાના ભેદથી ભેદ બતાવ્યો. હવે બીજી વાત એ કે આવસ્સહિના કારણભૂત ગમન એ અપવાદમાર્ગ રૂપ છે. અને નિસીહિના કારણ ભૂત અગમન એ ઉત્સર્ગમાર્ગ રૂપ છે અને એટલે આવસ્સહિ અપવાદ માર્ગરૂપ અને નિસીહિ ઉત્સર્ગમાર્ગ રૂપ સિદ્ધ થાય છે. આમ આ રીતે પણ એ બે વચ્ચે ભેદ છે કે નિસીહિ ઉત્સર્ગ છે અને આવસ્સહિ અપવાદ છે.

આ જ વાતને પ્રગટ કરે છે.

**ગાથાર્થ :** અગમનમાં ઈર્યાવિશુદ્ધિ, સ્વાધ્યાય, ધ્યાન વગેરે ગુણો થાય છે. જ્યારે ગમન કારણસર થનારું છે. આ રીતે તે બેનો ભેદ છે.

---

**यशो. - होइ त्ति । भवति अगमने=अटनाभावे ईर्यणं ईर्या, ततो विशुद्धिस्तन्निमित्तककर्मबन्धाभावः=इति यावत्, तथा स्वाध्यायो वाचनादिः, ध्यानं धर्मध्यानादि, मकारोऽलाक्षणिकः, तान्यादौ येषां ते गुणाः परिणामविशोधिविशेषाः । गुणाभिधाने चात्मसंयमविराधनादयो दोषा न भवन्तीति सामर्थ्यादुक्तं भवति ।**

---

**चन्द्र.** - "उपाश्रयाद् बहिरगमने के गुणा भवन्ति ?" इति दर्शयति → **तन्निमितककर्मबन्धाभावः** =गमनादिनिमित्तकः यः कर्मबन्धः, तस्याभावः । **मकारोऽलाक्षणिकः**=न तस्यात्र कश्चिदप्यर्थः ।

**आत्मसंयमविराधनादयो दोषाः**=बहिर्गमने पतन-स्खलन-परिश्रमादिभ्यः आत्मविराधनायाः संभवः । तथा पृथ्व्यादिनां संघट्टनादिजन्या संयमविराधनाऽपि तत्र संभवति । **सामर्थ्यादुक्तं भवति**=विराधनायाः अभावोऽपि गुण एवेति गुणानां प्रतिपादनेन विराधनाऽभावात्मकोऽपि गुणः सहजतः एव ज्ञापितो भवति । यतः एवमगमने बहवो गुणाः, ततः उत्सर्गतः अगमनमेव श्रेय इति ।

**ટીકાર્થ :** જો ઉપાશ્રયમાં જ રહીએ, કશે ન જઈએ તો ઘણા લાભો થાય : (૧) ચાલવા વગેરે ક્રિયા દ્વારા જે કર્મબંધ થતો હોય એ ન થાય. (૨) વાચનાદિ સ્વાધ્યાય પુષ્કળ થાય. (૩) ધર્મધ્યાન વગેરે થાય. (**झाणमाइगुणा...**માં **म** નિરર્થક છે.) આવા બધા અનેક પરિણામ-વિશુદ્ધિ વગેરે ગુણો થાય.

અહીં ગુણોની પ્રાપ્તિની વાત કરી એનાથી એ વાત સમજાઈ જ જાય કે "આત્મવિરાધના, સંયમ વિરાધના વગેરે દોષો થતા નથી."

---

**यशो. - नन्वेवमगमनमेव श्रेय इत्यत उत्सर्गसापेक्षमपवादमाह-'कारणिकं पुनर्गमनं' कायिक्युच्चारभक्तपानगुरुनियोगादिकारणोपनिपातसंभवि च गमनं, तदानीमप्यगमने तन्निमित्तकगुणाभावादाज्ञाविप्लवेन प्रत्युत दोषप्रसङ्गाच्च ।**

---

**चन्द्र.** - एवञ्च उत्सर्गं श्रुत्वा कश्चिदपरिणतो वदति **नन्वेवमगमनमेवेत्यादि** । **उत्सर्गसापेक्षं**=उत्सर्गेण साध्या ये गुणाः, तदप्रतिपन्थी मार्गो अपवादः भण्यते, स एव उत्सर्गसापेक्षः कथ्यते । तमेवाह **कायिक्युच्चारेत्यादि**=कायिकी=लघुनीतिः उच्चारः=स्थण्डिलं गुरुनियोगः=गुर्वाज्ञा आदिपदात् चैत्यवंदनादिपरिग्रहः । तादृशकारणाना**मुपनिपाते**=प्राप्तौ गमनं संभवतीति ।

ननु तादृक्कारणप्राप्तावपि गमनं न क्रियते, किन्तु उत्सर्ग एव आद्रीयते, तर्हि को दोष इत्यत आह **तदानीमपि**=कायिक्यादिकारणप्राप्तावपि **अगमने**= उपाश्रयाद्बहिरगमने **तन्निमित्तकगुणाभावाद्**= बहिर्गमनमेव निमित्तं येषां, तादृशाः ये संयमपालनस्वाध्यायगुरुग्लानादिवैयावृत्यादयो बहवो गुणाः, तेषां अभावसंभवात्तत्र गमनमेव श्रेयः । ननु उत्सर्गपालने अपवादपालने वा गुणास्तावद् भवन्त्येव । अपवादरूपस्य गमनस्याकरणे यद्यपि अपवादनिमितकाः गुणाः न भवेयुः । तथापि तदानीं अगमनात्मको य उत्सर्गः, तन्निमितकास्तु गुणा भवन्त्येव । तदानीं अपवादपालने तु उत्सर्गजन्याः गुणाः न भवन्तीति अन्यतरस्यापि गुणा उपेक्षणीया एव । ततश्च वयं अपवादजन्यान् गुणान् उपेक्षामहे । यतः उत्सर्गमार्गपालनं महदिति मुग्धाभिप्रायं दूरीकर्तुं अपवादाकरणे न केवलं गुणाभावः, किन्तु दोषा अपि इति दर्शयन्नाह **आज्ञाविप्लवेन**=अपवादस्थाने अपवादः अवश्यं सेवनीयः इति या जिनाज्ञा, तस्याः खण्डनेन **दोषप्रसङ्गाच्च**=चारित्रपरिणामहानि-दुर्गतिगमनादिदोषप्रसङ्गात् । तथा च यदि भिक्षाटनादिकारणेष्वपि अगमनमेवाश्रीयते, तर्हि जिनाज्ञाभङ्गात् महादोषो भवति । ततश्च तत्र अगमनजन्याः प्रतिपादिताः गुणा अपि मिथ्यैव भवन्ति । न हि जिनाज्ञाभङ्गात्प्राप्यमाणा गुणाः तात्विका भवन्तीति ।

**શિષ્ય :** જો અગમનમાં આટલા બધા ગુણો હોય તો પછી કશે ન જવું એ જ કલ્યાણકારીને ?

**ગુરુ :** આ ઉત્સર્ગમાર્ગ તને બતાવ્યો. હવે એને સાપેક્ષ એટલે કે ઉત્સર્ગથી સાધ્યફળને (નિર્જરા-મોક્ષાદિને) નુકસાન ન પહોંચાડે એવા અપવાદમાર્ગને બતાવીશ. માત્રુ, સ્થંડીલ, ગોચરી, પાણી, ગુર્વાજ્ઞા વગેરે કારણો આવી પડે ત્યારે ગમન સંભવે છે.

**શિષ્ય :** પણ એવા કારણો વખતે પણ ન જઈએ તો શું વાંધો ?

**ગુરુ :** તે વખતે પણ જો ગમન ન કરવામાં આવે તો ગમન કરવાથી જે લાભો થતા હોય તે બધા ગુમાવવાનો વખત આવે. માત્રુ-સ્થંડિલ જવાથી શરીરશુદ્ધિ, ગોચરી-પાણીથી શરીરપુષ્ટિ અને એ બે ય દ્વારા સંયમવૃદ્ધિ... આ બધા લાભો ગમન ન કરો તો ન થાય.

માત્ર આ લાભો ન થાય એટલું જ નહિ, પણ "આવા કારણોસર ગમન કરવાની જિનેશ્વરની આજ્ઞા છે" તેનો તમે ભંગ કરેલો ગણાય અને એનાથી ઉલ્ટું નુકસાન થવાનો પ્રસંગ આવે.

---

**यशो. - तथा चागमः-( आव० नि० ६९३ )**

**एगग्गस्स पसंतस्स ण हुंति इरियादओ गुणा हुंति । गंतव्वमवस्सं कारणंमि आवस्सिया होइ ॥ इति ।**

---

**चन्द्र.** - आवश्यकनिर्युक्तिगाथाभावार्थस्त्वयम्-एकाग्रस्य प्रशांतस्य ईर्यात्मसंयमविराधनादयो दोषा न

भवन्ति, किन्तु स्वाध्यायादयो गुणा भवन्ति । तथापि भिक्षाटनादिकारणे सति तु अवश्यं गन्तव्यं । तत्र च आवश्यकी भवति ।

આવ.નિર્યુક્તિમાં કહ્યું છે કે "ઉપાશ્રયમાં રહેલા એકાગ્ર અને પ્રશાંત સાધુને ઈર્યાપથ-કર્માદિ દોષો નથી થતા. પરંતુ સ્વાધ્યાયાદિ ગુણો પ્રાપ્ત થાય છે. પણ કારણ આવી પડે તો અવશ્ય જવું એ વખતે આવસ્સહિ કરવાની હોય છે."

---

**यशो. -तेनापि=गमनागमनयोस्त्सर्गापवादक्रोडीकृतत्वेनापि अपिः पूर्वोक्तहेतुसमुच्चये, अनयोः=आवश्यकीनैषेधिक्योर्भवेत् भेद=विशेषः, उत्सर्गानुरुद्धा हि नैषेधिकी अपवादानुरुद्धा चावश्यकीति। तदेवं भिन्नत्वेऽप्यनयोरेकाधिकारत्वमिति व्यवस्थितम्, अधिकं विस्तरभियोपेक्ष्यते ॥४०॥**

**॥ इति न्यायविशारदविरचिते सामाचारीप्रकरणे आवश्यकी समाप्ता( ऽर्थतः ) ॥४॥**

---

**चन्द्र. - क्रोडीकृतत्वेनापि**=उत्सर्गापवादविषयत्वेनापीति । गमनमपवादविषयः, अगमनं पुनरुत्सर्गविषय इति । गमनागमनक्रियाभेदात् तावदावश्यकीनैषेधिक्योः भेदोऽस्त्येव, उत्सर्गापवादविषयत्वेनापि भेदो भवतीति ।

**अनयोः**=आवश्यकीनैषेधिक्योः **एकाधिकारत्वं**=एकार्थत्वं । आवश्यकी गमनक्रियाकाले क्रियते, अपवादरूपा च सा अस्ति । नैषेधिकी अगमने=उपाश्रयान्तःआगमने भवति, उत्सर्गरूपा च सा अस्ति इति तयोः भेदः । किन्तु आवश्यकी नाम अवश्यकरणीयस्य कार्यस्य प्रतिज्ञा । अवश्यकरणीयं च पापनिषेधः । नैषेधिकी नाम पापनिषेधस्य प्रतिज्ञा इति एवंरीत्या तयोरर्थस्त्वेक एव भवतीति निष्कर्षः ॥४०॥

महोपाध्यायविरचिते सामाचारीप्रकरणग्रन्थे आवश्यकीसामाचारीटीकायाः विषमपदव्याख्या रहस्यप्रकटनं च संपूर्णे ।

આમ ગમન એ અપવાદથી કોડીકૃત છે=સ્વીકારાયેલ છે. જ્યારે અગમન એ ઉત્સર્ગથી સ્વીકારાયેલ છે. આ કારણસર પણ આ બે સ્થાને થનારા આવસ્સહિ અને નિસીહિનો ભેદ પડે છે. અહીં જે "**अपि**" શબ્દ છે તે એ સુચવે છે કે "આવસ્સહિ ગમનક્રિયા સાથે અને નિસીહિ અગમનક્રિયા સાથે સંલગ્ન હોવાથી એ બે વચ્ચે ભેદ છે" એ પૂર્વેની ગાથામાં તો એ બેનો ભેદ કહ્યો જ છે. પણ આ ગાથામાં બતાવેલ પદ્ધતિ પ્રમાણે પણ એ બેનો ભેદ પડી શકે છે.

આ બધી ચર્ચાથી આ વાત નક્કી થઈ કે આવસ્સહિ અને નિસીહિ બે ય જુદા તો છે જ. પણ જુદા હોવા છતાં તેઓ પાછા સમાનાર્થી છે. એકાધિકારવાળા છે એટલે કે બે ય અવશ્ય-કર્તવ્ય કાર્યને માટે જ કરાતા હોવાથી એકાધિકારવાળા છે. અવશ્યકર્તવ્ય-કામને આશ્રયીને (अधिकृत्य, अधिकारं कृत्वा) આ બે સામાચારી પ્રવર્તે છે.

આ વિષયમાં વધારે પદાર્થો કહેવા જેવા છે ખરા. પરંતુ એમાં ઘણો વિસ્તાર થઈ જવાના ભયથી અમે એની ઉપેક્ષા કરીએ છીએ ॥૪૦॥

**આવસ્સહિ સામાચારીનો ભાવાનુવાદ સંપૂર્ણ**

**यशो. - इयाणिं निसीहिया भन्नइ**

**इदानीं=आवश्यकीभणनानन्तरं नैषेधिकी निरूप्यते –**

**चन्द्र.** - इदानीं महोपाध्यायविरचिते सामाचारीप्रकरणग्रन्थे नैषेधिकीसामाचारीटीकायाः विषमपदव्याख्या रहस्यप्रकटनं च आरभ्येते ।

આ જ પ્રમાણે આવસ્સહિના નિરૂપણ બાદ હવે નિસીહિનું નિરૂપણ શરૂ થાય છે.

**यशो. - एवं णिसीहिया कयपडिसेहस्सोग्गहप्पवेसम्मि ।**

**हंदि णिसीहियसद्दो उचिओ अण्णत्थ जोगेणं ॥४१॥**

**चन्द्र.** - → एवं अवग्रहप्रवेशे कृतप्रतिषेधस्य नैषेधिकीशब्दः नैषेधिकी भवति । स च शब्दः अन्वर्थयोगेन उचितः ← इति गाथार्थः ।

**ગાથાર્થ :** આ જ પ્રમાણે 'કરાયેલો છે પાપકાર્યોનો પ્રતિષેધ જેના વડે એવા' સાધુનો ઉપાશ્રયાદિમાં પ્રવેશ વખતે 'નિસીહિ' એ પ્રમાણે શબ્દપ્રયોગ એ નિસીહિ સામાચારી છે. આ શબ્દ વ્યુત્પત્તિ અર્થનો યોગ થતો હોવાના લીધે ઉચિત છે.

**यशो. - एवं ति । एवं=गुरूपदेशेनोपयोगपूर्वकं च कृतप्रतिषेधस्य=निषिद्धपाप्मनः अवग्रहप्रवेशे=शय्याद्यभिमुखमागमने हंदि इत्युपदर्शने 'नैषेधिकी'ति प्रयोगो नैषेधिकीसामाचारी भवति ।**

**चन्द्र.** - यथा आवश्यकीसामाचार्यां "गुरूपदेशेन उपयोगपूर्वकं च" इति विशेषणद्वयमासीत् । एवमत्रापि बोध्यम्। एतदेवाह **एवं=गुरूपदेशेनेत्यादि । निषिद्धपाप्मनः**=परित्यक्तानि पापानि येन स, तस्येति ।

**ટીકાર્થ :** ગાથામાં **एवं** શબ્દ છે. એનો અર્થ એ છે કે જેમ આવસ્સહિમાં ગુરુની રજા લઈને ઉપયોગપૂર્વક ગમન કરવાની વાત હતી. તેમ અહીં પણ ગુરુની રજા લેવા પૂર્વક, ઉપયોગપૂર્વક ઉપાશ્રયમાં પ્રવેશ કરતી વખતે નિસીહિપ્રયોગ એ નિસીહિ સામાચારી ગણાય. પ્રવેશ કરતી વખતે એ તમામ પાપોનો નિષેધ=ત્યાગ કરી ચૂક્યો હોય છે.

**यशो. - तेन न गुर्वननुज्ञातस्यानुपयुक्तस्याऽनिषिद्धपाप्मनोऽवग्रहप्रवेशे तत्प्रयोगेऽवग्रहाऽप्रवेशे वा तत्प्रयोगे (तदप्रयोगेन) प्रवेशमात्र एव वाऽतिव्याप्तिः ।**

**चन्द्र. - तेन न गुर्वननुज्ञातस्येत्यादि** वाक्यस्यायमर्थः - "गुरूपदेशेन" इति पदग्रहणात्

गुरुणाऽननुज्ञातस्य अवग्रहप्रवेशे तत्प्रयोगे नातिव्याप्तिः । "उपयोगपूर्वकं" इति पदग्रहणात् गुरुणाऽनुज्ञातस्यापि अनुपयुक्तस्यावग्रहप्रवेशे तत्प्रयोगे नातिव्याप्तिः । "निषिद्धपाप्मनः" इति पदग्रहणात् गुरुणाऽनुज्ञातस्यापि उपयुक्तस्यापि अनिषिद्धपाप्मनः अवग्रहप्रवेशे तत्प्रयोगे नातिव्याप्तिः । "अवग्रहप्रवेशे" इति ग्रहणात् गुरुणाऽनुज्ञातस्योपयुक्तस्य निषिद्धपाप्मनः अवग्रहाप्रवेशे तत्प्रयोगे नातिव्याप्तिः । "तत्प्रयोगः" इति पदग्रहणात् गुरुणानुज्ञातस्योपयुक्तस्य निषिद्धपाप्मनोऽपि अवग्रहप्रवेशमात्रे तत्प्रयोगाभावे नातिव्याप्तिः ।

तथा च यः मुनिः उपाश्रये प्रवेशकाले प्रथमं गुरोरनुज्ञां गृह्णाति । सर्वेषां पापकर्मणां निषेधं=परित्यागं करोति । उपयोगपूर्वकं अवग्रहे प्रविशति । तत्र च "नैषेधिकी" इति पदमुच्चरति । तदा सा नैषेधिकीसामाचारी भवतीति ।

આ પ્રમાણે લક્ષણ બનાવ્યું એટલે હવે (૧) રજા વિના પાપત્યાગી સાધુ ઉપાશ્રયમાં પ્રવેશ કરતી વખતે નિસીહિ બોલે, (૨) ઉપયોગ વિના ગુરુની રજા સાથે પાપત્યાગી સાધુ ઉપાશ્રયમાં પ્રવેશ કરતી વખતે નિસીહિ બોલે, (૩) ઉપાશ્રયાદિમાં પ્રવેશ કરવાની ક્રિયા વિના એમને એમ નિસીહિ બોલે (૪) નિસીહિ શબ્દ બોલ્યા વિના જ બાકીની બધી શરતો જાળવે તો પણ એ નિસીહિ સામાચારી ન બને. એટલે કે આ બધામાં હવે સામાચારીનું લક્ષણ અતિવ્યાપ્ત ન બને.

**यशो. - कीदृशोऽयं शब्दः ? इति स्वरूपविशेषणमाह-अन्वर्थयोगेन शब्दार्थस्य घटमानतया उचितो=यथास्थानप्राप्तः ॥४१॥**

**चन्द्र. - स्वरूपविशेषणमाह**=न तु "अन्वर्थयोगेन उचितः" इति विशेषणं लक्षणघटकं । किन्तु नैषेधिक्याः स्वरूपमात्रं दर्शयति तद्विशेषणं इति भावः । **शब्दार्थस्य**="निषेधेन निर्वृता इति नैषेधिकी" इत्येवं यः शब्दार्थः, तस्य । अत्र हि प्राक्कालीनपापकर्मणां निषेधः क्रियते इति युक्तोऽयं शब्दः अन्वर्थेनेति । **यथास्थानप्राप्तः**=योग्यस्थाने प्राप्तः । यत्र यस्यान्वर्थो घटते, तत्र तस्य प्रयोगः योग्यस्थाने प्राप्तः कथ्यते । यथा नावा लोकान् नद्याः सकाशादुत्तारयन् पुरुषः नाविकः कथ्यते । स च प्रयोगः यथास्थानप्राप्तः । एवमत्रापि ज्ञेयम् ॥४१॥

આ "નિસીહિ શબ્દ કેવો છે ?" એ જણાવવા એનું સ્વરૂપદર્શક વિશેષણ બતાવે છે કે "નિસીહિ શબ્દમાં વ્યુત્પત્તિ-અર્થ=શબ્દનો અર્થ ઘટતો હોવાથી આ શબ્દ ચોક્કસ સ્થાને જ થઈ રહેલો છે. પાપોનો નિષેધ એ આ શબ્દનો અર્થ છે. અને ઉપાશ્રયાદિમાં પ્રવેશતી વખતે પાપોનો નિષેધ કરવાનો જ છે. એટલે તે વખતે નિસીહિપ્રયોગ એ યોગ્ય સ્થાને છે ॥૪૧॥

**यशो. - अथावग्रहप्रवेशे किमर्थं नैषेधिकी ? इत्यत्र हेतुमाह-**

**दढजत्तुवओगेणं गुरु देवोग्गहमहीपवेसंमि ।**
**इट्ठं इहराणिट्ठं तेण णिसेहो इह पहाणो ॥४२॥**

**चन्द्र. - अत्र**=नैषेधिकीप्रयोगे । → गुरुदेवावग्रहप्रवेशे दृढयत्नोपयोगेन इष्टं, इतरथाऽनिष्टं । तेन इह

निषेधः प्रधानः ← इति गाथार्थः ।

**શિષ્ય :** અવગ્રહમાં પ્રવેશ કરતી વખતે નિસીહિ શા માટે ? એમાં કારણ શું છે ?

**ગાથાર્થ :** દઢ યત્ન અને ઉપયોગ વડે ગુરુ કે દેવના અવગ્રહની ભૂમિમાં પ્રવેશ કરતે છતેં ઈષ્ટ=હિત થાય. નહિ તો અનિષ્ટ થાય. તે કારણસર અવગ્રહપ્રવેશ વખતે આ નિષેધ=નિસીહિશબ્દપ્રયોગ પ્રધાન છે.

---

**यशो. - द्दढ त्ति । द्दढः=प्राक्तनयत्नातिशायी यत्नः=आशातनादिपरिहारप्रयत्नस्तथोपयोगः= अनाभोगनिमित्तकाऽयत्नपरिहारोपायः, द्दढयत्नश्च उपयोगश्चेति दृढयत्नोपयोगं, तेन । समाहारद्वन्द्वादेकवचनम् । गुरुदेवयोः=धर्माचार्यार्ह-तोरवग्रहमह्यां प्रवेशे=अन्तरागमने इष्टं= कर्मक्षयरूपं भवति ।**

---

**चन्द्र. - प्राक्तनयत्नातिशायी**=मुनिः सदैव गुर्वाद्याशातनायाः परिहारे प्रयत्नवानेव भवति । तथापि उपाश्रयाद्बहिः गुरोरभावे स प्रयत्नः आशातनासंभवाभावात् तीव्रो न भवति । यदा तु स एव मुनिः उपाश्रये प्रविशति । तदा तस्य प्रयत्नः तीव्रो भवति । एवं च उपाश्रयप्रवेशकालात् प्राक्कालभावी यो यत्नः, तस्य सकाशात्तीव्रः **यत्नः=आशातनादिपरिहारप्रयत्नः**=येन यत्नेन गुर्वादीनामाशातनाऽविनयादिः न भवति, तादृशः यत्नः । गुरुसमीपे हि 'यथा मुखात् निष्ठ्यूतबिन्दवः निर्गच्छन्ति' तथा न वक्तव्यम् । पादोपरि पादं स्थापयित्वा नोपवेश्यम्। बृहत्स्वरैः वार्तालापो न कर्तव्यः । कुड्यादीनामवष्टम्भो न ग्रहीतव्यः । एतेषु अन्येष्वपि तथाविधेषु आशातनापरिहारेषु दृढो यत्नः करणीयः । एषः सर्वोऽपि यत्नः उपाश्रयाद्बहिस्तु न संभवति । तत्र प्रायः गुरोरेवाभावात् । ततश्च सदैव गुर्वाद्याशातनादिपरिहारयत्नवानपि मुनिः उपाश्रयमध्ये प्रवेशकाले दृढतरयत्नवान् भवतीति । **तथोपयोगः=अनाभोगनिमित्तकायत्नपरिहारोपायः**=अनाभोगः=अनुपयोग एव निमित्तं यस्य स अनाभोगनिमित्तकः । तादृशो यो अयत्नः, तस्य यः परिहारः, तस्योपायभूतोऽयं उपयोगः वर्तते । अनुपयोगनिमित्तको हि आशातनापरिहारदिष्वयत्नः उपयोगादेवापगच्छति । उपाश्रयप्रवेशकाले यदि एतादृशमुपयोगं न कुर्याद् यदुत "यथा गुर्वादीनामाशातना न भवेत्, तथा मया यतितव्यम्"इति, तदा यत्नाभावात् आशातना भवेत् । तादृशोपयोगकरणे तु दृढयत्नसंभवात् आशातनापरिहारो भवेत् ।

**ટીકાર્થ :** ૧. ઉપાશ્રયાદિમાં પ્રવેશ કરતા પહેલા ભિક્ષાચર્યાદિમાં જે યત્ન હોય એના કરતા વધુ જોરદાર એવો આશાતનાદિનો ત્યાગ કરવાનો પ્રયત્ન તથા ૨. ભુલથી=અજાણતા થઈ જનારા અયત્ન=પ્રમાદ=ઉપેક્ષાનો ત્યાગ કરવા માટેના ઉત્તમ ઉપાયરૂપ એવો ઉપયોગ. આ બે હોય તો જ આચાર્ય અને અરિહંતની અવગ્રહભૂમિમાં પ્રવેશ કરવામાં કર્મક્ષયરૂપ ઈષ્ટ થાય.

(**શિષ્ય :** "દઢયત્ન અને ઉપયોગ" એમ દ્વન્દ્વ સમાસ કરો છો તો ગાથામાં બહુવચન પ્રયોગ જ થવો જોઈએ ને ?)

**ગુરુ :** અહીં સમાહાર દ્વન્દ્વ સમાસ કરેલો હોવાથી એક વચન છે.

---

**यशो. - अत्र गुर्ववग्रहः-**

**"आयप्पमाणमेत्तो चउद्दिसिं होइ उग्गहो गुरुणो" इति आवश्यक-निर्युक्त्यादावुक्तः।**

**देवावग्रहश्चैवं श्रूयते-**

**"तत्थवग्गहो तिविहो उक्कोसजहन्नमज्झिमो चेव । उक्कोस सट्ठिहत्थो जहन्न नव सेस विच्चालो ॥ इति ।**

---

**चन्द्र.** - ननु "गुरोरवग्रहः" इति अस्य कोऽर्थः इति चेत् यस्मिन्स्थाने प्रवेशार्थं गुरोरनुज्ञाऽवश्यं ग्रहीतव्या। तां विना यत्र प्रवेशो न क्रियते तत्स्थानं गुरोरवग्रहः । ननु स कियत्प्रमाणः इत्यत आह **आयप्पमाणमेत्तो** इत्यादि । गुरुशरीरस्य सार्धहस्तत्रयादिरूपा यावती अवगाहना, चतुर्दिक्षु तावत्प्रमाणं क्षेत्रं गुरोरवग्रहो भवति । ननु देवावग्रहः कियत्प्रमाणः ? इत्यत आह **तत्थवग्गहो तिविहो** इत्यादि । देवमाश्रित्य त्रिविधोऽवग्रहो भवति । तत्र षष्ठिहस्तप्रमाणः उत्कृष्टोऽवग्रहः, नवहस्तप्रमाणो जघन्योऽवग्रहः, शेषस्तु दशहस्तादारभ्य एकोनषष्ठिहस्तप्रमाणं यावत् सर्वोऽपि मध्यम इति भावार्थः । **विच्चालो**=मध्यम इत्यर्थः ।

**શિષ્ય** : ગુરુનો અને દેવનો અવગ્રહ (=એમની માલિકીનું ગણાતું સ્થાન) કેટલો ગણવાનો ?

**ગુરુ** : "ગુરુની ચારેબાજુ ગુરુના શરીરની લંબાઈ જેટલી ભૂમિ એ એમનો અવગ્રહ છે" એ પ્રમાણે આવશ્યકનિર્યુક્તિ વગેરેમાં જણાવેલ છે.

અને દેવાવગ્રહ તો આ પ્રમાણે સંભળાય છે કે "દેવના સંબંધમાં ત્રણ પ્રકારનો અવગ્રહ છે. (૧) ઉત્કૃષ્ટ (૨) જઘન્ય (૩) મધ્યમ. તેમાં ૬૦ હાથ ઉત્કૃષ્ટ, નવ હાથ જઘન્ય અને ૧૦ થી ૫૯ હાથ સુધીનો મધ્યમ અવગ્રહ કહેવાય."

---

**यशो. - इतरथा=उक्तरीतिविपर्यासेन तत्र प्रवेशे च अनिष्टं=कर्मबन्धलक्षणं भवति। तेन हेतुना इहावग्रहप्रवेशे निषेधः प्रधानं=अव्यभिचारिफलहेतुत्वेन कामनाविषयः ।**

---

**चन्द्र. - तेन हेतुना**-यतः यथोक्तनैषेधिक्यकरणे कर्मबन्धो भवति । ततः **अव्यभिचारिफलहेतुत्वेन** =अव्यभिचारी=अवश्यं फलजनकः, न तु कदाचिदप्यजनको यः फलस्य हेतुः, तत्त्वेन **कामनाविषयः**= "इदं मयाऽवश्यं करणीयम्"इति इच्छायाः विषयः । यद् वस्तु फलस्य अव्यभिचारिकारणं भवति, तद्वस्तु फललिप्सोः इच्छायाः विषयः भवतीति निर्जराभिलाषिणः इच्छायाः विषयो नैषेधिकीप्रयोगो भवतीति ।

જો દઢયત્ન અને ઉપયોગ વિના અવગ્રહમાં પ્રવેશ કરવામાં આવે તો કર્મબંધરૂપ અનિષ્ટ થાય છે. આ જ કારણસર અહીં અવગ્રહમાં પ્રવેશ કરતી વખતે નિષેધ=નિસીહિપ્રયોગ પ્રધાન છે. એટલે કે આ પ્રયોગ જ ત્યાં કર્મક્ષયનું અવ્યભિચારી કારણ હોવાથી ઈચ્છાનો વિષય બને છે. અર્થાત્ નિસીહિપ્રયોગ એ જ કર્મક્ષયનું અવ્યભિચારી કારણ હોવાથી કર્મક્ષયની ઈચ્છાવાળાઓ અવશ્ય એની ઈચ્છા રાખવાના જ. (અવ્યભિચારી એટલે અવશ્ય ફળને ઉત્પન્ન કરે તે. પોતાની ગેરહાજરીમાં ફળને ઉત્પન્ન ન જ થવા દે તે.)

---

**यशो. - एवं चावश्यकर्त्तव्येऽप्यत्र पापनिषेधत्वेनैव तत्कामना । तत्काम्यार्थमेव चावश्यकीविषयापेक्षया-ऽत्यन्तमुपयुञ्जानः फलं लभते ।**

---

**चन्द्र.** - **एवं च**=यतः अत्र गुर्वाशातनादिपरिहार एव प्रधानतया मनसि उपतिष्ठते, ततः **अवश्यकर्तव्येऽप्यत्र**= अवश्यं करणीयेऽपि नैषेधिकप्रयोगे **पापनिषेधत्वेनैव** "अयं नैषेधिकीप्रयोगः पापनिषेधरूपः, तस्मात् मया करणीयः" इत्येवंरूपेण, न तु "अयं नैषेधिकीप्रयोगः अवश्यंकरणीयः, तस्मात् मया कर्तव्यः" इत्येवंरूपेण **तत्कामना**=नैषेधिकीप्रयोगस्येच्छा भवति । न केवलमेतावदेव, किन्तु **तत्काम्यार्थमेव च** पापनिषेधात्मकं यत्काम्यं=इच्छाविषयः, तदर्थमेव च, पापनिषेधार्थमेव चेति यावत् **आवश्यकीविषयापेक्षया**= अवश्यंकरणीयरूपो यः आवश्यक्याः विषयः, तस्मिन्यथा उपयुक्तो भवति, तदपेक्षयेति भावार्थः । अत्यन्तमुपयुञ्जानः=अधिकमुपयोगं कुर्वन् **फलं**=नैषेधिकीसामाचारीजन्यं **लभते** ।

આમ આ નિસીહિપ્રયોગ આમ તો અવશ્યકર્તવ્ય જ છે. છતાં એની ઈચ્છા અવશ્યકર્તવ્ય તરીકે નથી થતી પરંતુ "પાપના નિષેધ સ્વરૂપ આ છે" એ રીતે જ એની ઈચ્છા થાય છે. વળી આ પાપનિષેધ એ અવશ્યકર્તવ્ય હોવાથી આવસ્સહિનો વિષય બને છે ખરો. છતાં પણ "આ મારે અવશ્ય કર્તવ્ય છે" એ રીતે આવસ્સહિના વિષય તરીકે તેમાં ઉપયોગ રાખીએ, એના કરતા "આ પાપકર્મનો નિષેધ છે" એમ પાપકર્મના નિષેધને માટે જ ઉપયોગ રાખનારો વ્યક્તિ વધુ ફળ મેળવનારો બને છે.

(દા.ત. કોઈક પુત્રી સાધુ બનેલા પિતાને વંદન કરે ત્યારે "આ મારા પિતામુનિ છે" એ રીતે વંદન કરે તો એને કર્મક્ષય ઓછો થાય. પરંતુ "આ પંચમહાવ્રતધારી, વિશ્વવંદનીય મહાત્મા છે" એ રીતે વંદન કરે તો એને પેલા કરતા ઘણો વધારે કર્મક્ષય થાય. એ મુનિ તો પિતામુનિ અને મહાવ્રતધારી બે ય સ્વરૂપે છે. છતાં વંદન કરનાર પુત્રીના ઉપયોગ પ્રમાણે કર્મક્ષયમાં ભેદ પડે.)

(એમ નિસીહિપ્રયોગ=પાપનિષેધ એ અવશ્યકર્તવ્ય પણ છે અને પાપનિષેધ રૂપ પણ છે. પણ જો સાધુ "આ નિસીહિ અવશ્યકર્તવ્ય છે" એવો ઉપયોગ રાખશે તો એને ઓછો લાભ થાય. પરંતુ 'આ નિસીહિ તો પાપોનો નિષેધ છે' એ પ્રમાણે ઉપયોગ કરે તો એ વિશિષ્ટ લાભ પામે. પંક્તિનો અર્થ : **તત્કામ્યાર્થ**=કામનાનો વિષય બનનાર પાપનિષેધ રૂપ જે કામ્ય, તેને માટે જ આવસ્સહિના વિષય કરતા પણ વધારે ઉપયોગ કરનાર સાધુ ફળ પામે છે.)

---

**यशो. - इत्थं चैतत्पर्यवसितं-देवाद्यवग्रहप्रवेशे नैषेधिकीप्रयोगो विचित्रकर्मक्षयहेतुः, स्वप्राग्भाविप्रयत्नापेक्षयाऽधिकप्रयत्नश्च तत्सहकारी, उपयोगातिशयश्च तदतिशयार्थमुपयुज्यत इति दिग् ।**

---

**चन्द्र.** - तात्पर्यमाह **देवाद्यवग्रहप्रवेशे** इत्यादि । **स्वप्राग्भाविप्रयत्नापेक्षया**=नैषेधिकीप्रयोगात् प्राक्काले भाविनः प्रयत्नस्यापेक्षया **तत्सहकारी**=विचित्रकर्मक्षयजननात्मककार्यकरणार्थं नैषेधिकीप्रयोगस्य सहकारी भवति । **तदतिशयार्थं**=यः नूतनो प्रयत्नः, तस्यातिशयार्थं **उपयुज्यते**=उपयोगी भवति ।

नैषेधिकीसामाचार्याः अयं परमार्थः → गुरुदेवौ परमोपकारिणौ लघ्व्या अपि आशातनायाः अयोग्यौ । यतस्तेषां लघ्व्यपि आशातना महानर्थकारिणी भवति । साधवश्च यद्यपि सदैव संयमयोगेषु असंयमपरिहारे च यत्नवन्त एव भवन्ति । तथापि द्रव्य-क्षेत्रकालभाववशात् यत्नस्यापि तारतम्यं अवश्यंभावि । यथा राष्ट्रस्य सीम्नि विद्यमानाः सैनिकाः युद्धाभावकालेऽपि राष्ट्ररक्षार्थं यत्नवन्तो सावधानाश्च यद्यपि भवन्ति, तथापि

युद्धकाले युद्धसंभवकालेऽपि च अधिकं प्रयताः भवन्ति । यतः युद्धाभावकालात् युद्धकाले राष्ट्ररक्षायां तीव्रप्रयत्नोऽवश्यं कर्तव्य एव, अन्यथा महाहानिसंभवात् । एवमेव देवगुर्वोरवग्रहाद् बहिर्वर्तमानाः साधवः मनसा वचसा कायेन च देवगुर्वाद्याशातनापरिहारयत्नवन्तो यद्यपि भवन्ति । तथापि तदा आशातनासंभवः प्रायः नास्तीति स यत्नो दृढो न भवति । किन्तु यदा गुरुदेवयोरवग्रहे प्रवेशः क्रियते, तदा तु तयोरासन्नत्वादनेकप्रकारैः आशातनायाः संभवः । ततश्च प्राक्कालीनः आशातनादिपरिहारस्य यो यत्न आसीत्, तदपेक्षया तदा तीव्रतरः यत्नः करणीय एव । स च एवमेव न भवति, किन्तु तदर्थं उपयोग आवश्यकः । "कैः कैः प्रकारैः गुर्वादीनामाशातना संभवति ? केन प्रकारेण तस्याः परिहारो भवति ?" इत्येतत्सर्वं मनसि निश्चेतव्यम् । एतादृशेनोपयोगेन क्रियमाणः आशातनापरिहारप्रयत्नो दृढो भवतीति । एवं च तथाभूतयत्नादाशातनापरिहारः, जिनाज्ञापालनाच्च कर्मक्षयो भवतीति ।

एवं परमार्थो मयोक्तः ।

अथ प्रकृतं ।

(**शिष्य** : આ બધા પદાર્થો ઘણા ગુંચવાડાવાળા છે. કંઈક સ્પષ્ટ નિરૂપણ કરો, તો ખબર પડે.)

**ગુરુ** : આ બધાનો સાર એ છે કે દેવાદિના અવગ્રહમાં પ્રવેશ કરતી વખતે નિસીહિપ્રયોગ વિચિત્ર પ્રકારના કર્મોનો ક્ષય કરવામાં કારણભૂત છે. પણ એ કર્મક્ષય કરવામાં નિસીહિપ્રયોગની પૂર્વકાળમાં રહેલા પ્રયત્ન કરતા અધિકપ્રયત્ન=જાગૃતિ=અપ્રમત્તતા સહકારીકારણ તરીકે છે. અને એ પ્રયત્નની અધિકતા માટે=અતિશય માટે ઉપયોગનો અતિશય=તીવ્ર ઉપયોગ જરૂરી છે.

આ અમે દિક્સૂચન કર્યું.

---

**यशो. - तदिदमुक्तम् -**

**गुरुदेवोग्गहमूमीइ जत्तओ चेव होइ परिभोगो । इट्ठफलसाहगो सइ अणिट्ठफल-साहगो इहरा ॥ ( पंचा० १२/२३ ) इति ।**

---

**चन्द्र.** - पञ्चाशकगाथाया अर्थस्त्वयं → गुरुदेवयोः अवग्रहभूम्याः सदा यत्नतः एव परिभोगः इष्टफलसाधकः भवति, अन्यथा तु अनिष्टफलसाधको भवति ← इति ।

આ વાત કરી જ છે કે ગુરુ અને દેવની અવગ્રહભૂમિનો સદા પ્રયત્નપૂર્વક જ કરાતો પરિભોગ સદા ઈષ્ટફળ સાધક બને છે. નહિ તો અનિષ્ટફળ સાધક બને.

---

**यशो. - अथानाभोगेन तत्राऽऽशातनापरिहारेऽपि कथमनिष्टम् ? इति चेत् ? तदानीमप्रयत्नस्य निषिद्धतया तदाचरणस्याऽनिष्टहेतुत्वात् । इष्टाऽप्राप्तिः पुनर्विध्यना-राधनादेवेति दिक् ॥४२॥**

---

**चन्द्र.** - ननु यद्यपि उपयोगकरणेन यत्नो दृढो भवति, तेन च आशातनापरिहारो भवति । तथापि यः

કશ્ચિન્મુનિઃ ઉપયોગં ન કરોતિ, तथापि तत्राशातना यदि न स्यात्, तर्हि तस्य आशातनाजन्यं अनिष्टफलमपि नैव स्यात् । यथा ईर्यासमित्युपयोगेन जीवरक्षा भवति । तथापि तादृशोपयोगाभावे जीवहिंसा नावश्यंभाविनी, अनुपयोगेऽपि जीवहिंसाऽभावसंभवात् । तथैवात्रापि आशातनापरिहारोपयोगाभावेऽपि आशातनाऽभावः संभवति। भवता च अनुपयोगमात्रादपि अनिष्ट फलं प्रतिपादितं । तत्र युक्तमित्यत आह **तदानीम्**=गुरुदेवावग्रहप्रवेश-काले । **तदाचरणस्य** निषिद्धस्यायत्नस्य यदाचरणं, तस्य । ईर्यासमितौ अनुपयोगे हि हिंसाऽभावेऽपि आज्ञाभङ्गादिभिः पापकर्मबन्धः ओघनिर्युक्त्यादिषु प्रसिद्ध एव । एवमत्रापि आशातनाऽभावेऽपि उपयोगाकरणे आज्ञाभङ्गादिभिः पापकर्मबन्धो न शक्रेणापि वारयितुं शक्यः । एवमनिष्टप्राप्तिकरणं प्रतिपाद्याधुना इष्टाप्राप्तिकारणमाह **विध्यनाराधनादेव**=जिनाज्ञाऽपालनादेवेति ॥४२॥

**શિષ્ય :** આશાતનાત્યાગ કરવા માટે તમે તીવ્ર-ઉપયોગ રાખવાની વાત કરો છો. પરંતુ ધારો કે અમે આવો કોઈ ઉપયોગ ન રાખીએ એવો કોઈ તીવ્રપ્રયત્ન ન કરીએ અને તેમ છતાં એની મેળે જ એકપણ આશાતના ત્યાં ન થાય તો ઉપયોગ વિના=અનાભોગથી આશાતના પરિહાર થઈ જ ગયો છે. તો પણ ત્યાં અનિષ્ટ થાય ખરું ? કર્મબંધ થાય ખરો ? કેવી રીતે થાય ? આશાતનાથી જ કર્મબંધ છે ને ? આશાતના તો થઈ જ નથી.

**ગુરુ :** ત્યાં ભલે આશાતના ન થઈ હોય છતાં "ગુર્વાદિના અવગ્રહમાં અપ્રયત્ન-અનુપયોગ ન જ હોવો જોઈએ" એવી જિનાજ્ઞા છે. એટલે ગુર્વાદિના અવગ્રહમાં અપ્રયત્ન નિષિદ્ધ હોવાથી તે વખતે અપ્રયત્નનું આચરણ એ આજ્ઞાભંગ રૂપ બનીને કર્મબંધરૂપ અનિષ્ટનું કારણ બને જ. અને એ રીતે અનિષ્ટ થાય.

(**શિષ્ય :** અનિષ્ટની પ્રાપ્તિ ભલે થાય, પણ ત્યાં આશાતનાદિ ન થઈ હોવાથી કર્મક્ષયરૂપી ઈષ્ટની પ્રાપ્તિ થાય કે નહિ ? એ થાય તો બે ય સરખું થઈ રહે.)

**ગુરુ :** ત્યાં ઈષ્ટની પ્રાપ્તિ તો ન જ થાય, કેમકે તમે ત્યાં વિધિની આરાધના કરી જ નથી. એટલે જિનાજ્ઞાપાલનના અભાવથી જ ત્યાં ઈષ્ટનો અભાવ નક્કી થઈ જાય છે. ઈષ્ટના અભાવ માટે બીજું કારણ શોધવા જવું જ નહિ પડે. આ અમે દિશાસૂચન કરેલ છે ॥૪૨॥

---

**यशो. - अत्र प्रयत्नपरिभोग्यतामेव समर्थयितुमाह-**

**एत्तो चेइयसिहराइदंसणे च्चिय गयाइओसरणं ।**
**सड्ढाण वि साहूणं किमंग पुण एत्थ वत्तव्वं ॥४३॥**

---

**चन्द्र.** - देवगुर्वोरवग्रहस्य **प्रयत्नपरिभोग्यतामेव समर्थयितुं**=दृढयितुं आह-

→ अतः चैत्यशिखरादिदर्शने एव श्राद्धानामपि गजादि-अपसरणं श्रूयते । किमङ्ग पुनः साधूनामत्र वक्तव्यम् ? ← इति गाथार्थः ।

"ગુર્વાદિનો અવગ્રહ એ પ્રયત્નપૂર્વક જ ભોગવી શકાય" આ વાતને જ દૃઢ કરવાને માટે કહે છે કે

**ગાથાર્થ :** આ જ કારણસર શ્રાવકોને પણ ચૈત્યના શિખરાદિનું દર્શન થતાની સાથે જ હાથી વગેરેમાંથી ઉતરી જવાનું છે તો પછી આ બાબતમાં સાધુઓને તે શું કહેવું ?

**यशो. - एत्तो ति । इतो=यतः प्रयत्नपरिभोगादेवावग्रहभूप्रवेश इष्टसाधनं, (ततः) चैत्यशिखरादिदर्शन एव, आदिशब्दात्कलशध्वजादिग्रहणं तथा समवसरणमहेन्द्रध्वजचामरतोरणादिपरिग्रहः, गजादेरपसरणं=अवतरणम्, आदिशब्दादश्वसिबिकादिपरिग्रहः, श्राद्धानामपि=योगरूढया श्रद्धाशालिनामपि श्रावकाणाम्, एतेनैतद्विधिविपर्ययकारिणोऽश्रद्धाकलङ्कितत्वमुपलक्षणात्प्रमादं चाह, 'चैत्यादौ प्रवेष्टुकामानां श्रूयते' इति शेषः ।**

**चन्द्र.** - **योगरुढ्या**=श्रद्धया युक्ताः श्राद्धा इति व्युत्पत्त्यर्थो योगः, सम्यग्दर्शनस्थूलहिंसाविरमणादियुक्ताश्च श्रावका अपि श्राद्धपदेनोच्यन्ते, ततः तत्र रूढिः। योगेन युक्ता रूढिः इति योगरूढिः, तया । **श्रद्धाशालिनामपि** =श्राद्धपदस्य योगार्थोऽयं **श्रावकाणां**=श्राद्धपदस्य रूढ्यर्थोऽयं ।

**एतेन**="जनानां, मनुष्याणां, जैनानां" इत्यादि अनुक्त्वा "श्रावकाणां" इति यत् योगरूढिसमन्वितं पदं गृहीतं। तेन **एतद्विधिविपर्ययकारिणो**=समवसरणादिदर्शने गजादेरुत्तरणादिरूपस्य विधेः भङ्गं कुर्वाणस्य **अश्रद्धाकलङ्कितत्वं**=श्रद्धावन्तो हि अवश्यं समवसरणादिदर्शने गजादेरपसरणं करोति, ततश्च ये तथा न कुर्वन्ति, ते श्रद्धारहिता एवेति अर्थापत्त्या ज्ञापितं भवतीति भावः । **उपलक्षणात्**=अत्र "श्राद्धा" इति पदं "अप्रमत्तानां" इति पदस्यापि बोधकं । यतः श्रद्धावन्तोऽपि यदि प्रमादिनः स्युः, तर्हि न यथोचितं कार्यं कुर्युरिति । एवं च "श्राद्धानां" इति पदं उपलक्षणं=स्वज्ञापकं स्वेतरज्ञापकं च भवति । ततश्च यथा श्राद्धपदग्रहणात् विधिविपर्ययकारिणः श्रद्धारहितत्वं ज्ञाप्यते, तथैव उपलक्षणाद् गृहीतेन अप्रमत्तपदेन विधिविपर्ययकारिणः प्रमादित्वमपि उपलक्षणादेव ज्ञापितं भवतीति ।

ननु चैत्यशिखरादिदर्शनन्तु दूरादपि भवति । यदि हि ग्रामान्तरादिषु गन्तुकामाः श्रावकाः चैत्यमार्गादेव गच्छेयुः, तर्हि गव्यूतादिमार्गं यावत् तैः पादाभ्यां चलनं कर्तव्यं सदैव स्यात् । न चैतद् युक्तं, एवं सति परमश्राद्धानामपि कदाचित्श्रद्धाभङ्गः स्यात् । को नाम ग्रामान्तरादिगमने प्रतिदिनं चैत्यशिखरदर्शनं यावत् रथादिकं परित्यज्य पादाभ्यां चलेत् ? इत्यत आह **चैत्यादौ प्रवेष्टुकामानां श्रूयते इति शेषः** । तथा च एषः गजादेरपसरणादिको विधिः चैत्यादौ प्रवेष्टुकामानाश्रित्यैव बोध्यः । ग्रामान्तरादौ गन्तुकामानां तु नैष विधिः ।

**ટીકાર્થ :** 'પ્રયત્નના પરિભોગ=સ્વીકાર દ્વારા જ અવગ્રહભૂમિમાં પ્રવેશ એ ઈષ્ટનું=કર્મક્ષયનું સાધન બને છે' એ અમે બતાવી ગયા. માટે જ દેરાસરનું શિખર, કલશ કે ધજા દેખાય અથવા સમવસરણ, મહેન્દ્રધ્વજ, ચામર કે તોરણ દેખાય એટલે શ્રદ્ધાવાળા શ્રાવકોએ પણ પોતાના હાથી, ઘોડા, શિબિકા વગેરેમાંથી ઉતરી જવાનું છે કે જેથી આ પ્રયત્ન દ્વારા કર્મક્ષય થાય. દેવાદિની આશાતના ન થાય.

(**શિષ્ય :** શ્રાદ્ધ એટલે શ્રદ્ધાવાળા. હવે મિથ્યાત્વીજીવો પણ શ્રદ્ધાવાળા તો હોય છે. પણ તે બધા માટે આવા પ્રકારની વિધિ નથી બતાવી.)

**ગુરુ :** અહીં શ્રાદ્ધશબ્દનો વ્યુત્પત્તિ અર્થ લઈએ તો "શ્રદ્ધાવાન્" એમ અર્થ લેવો પડે. અને એનો એકલો રૂઢિ અર્થ લો તો વ્રતધારી શ્રાવકો લેવાય. અહીં યોગરૂઢિ દ્વારા જ અમે અર્થ લેશું. એટલે "શ્રદ્ધાવાળા શ્રાવકો"

એ પ્રમાણે અર્થ લેવાશે. (**શિષ્ય :** એના કરતા તો માત્ર રૂઢિ દ્વારા "શ્રાવકો" અર્થ જ લો ને ? યોગાર્થ લેવાની શી જરૂર છે ?)

**ગુરુ :** ના "શ્રદ્ધાયુક્ત" એ યોગાર્થ લેવા દ્વારા અમે એમ સૂચવીએ છીએ કે જેઓ ઉપર બતાવેલી હાથી વગેરેમાંથી ઉતરી જવા રૂપ વિધિનું પાલન ન કરે એનાથી વિપરીત કરે તેઓ અશ્રદ્ધાથી કલંકિત થયેલા જાણવા.

વળી આ રીતે હાથી વગેરે ઉપરથી ઉતરી જવું એ યત્ન છે, અપ્રમાદ છે. એટલે જેઓ વિધિ પાલન ન કરે તેઓને અશ્રદ્ધા ઉપરાંત પ્રમાદ દોષ પણ લાગે. આમ તો "શ્રદ્ધાવાળા" એ શબ્દથી આ વિધિ ન કરનારાઓને અશ્રદ્ધાનું જ સૂચન થાય. પણ અશ્રદ્ધાના ઉપલક્ષણથી પ્રમાદ પણ લઈ જ લેવો.

(**શિષ્ય :** જો દેરાસરની ધજા દેખાય ત્યારથી પોતાના વાહનો છોડીને, ચાલતા જવાનું હોય. તો તો બિચારા શ્રાવકો પરેશાન થઈ જાય. જ્યારે દેરાસરમાં જ જવાના હોય ત્યારે તો આ વિધિ હજી બરાબર. પણ વેપાર કરવા બજારમાં જવાનું હોય અને ઘણા દૂરથી ધજા દેખાય તો ત્યાંથી જ ચાલતા ચાલતા બજાર સુધી જવું એ શક્ય નથી. આવો નિયમ તો કોઈ ન પાળી શકે.)

**ગુરુ :** દેરાસરની ધજા દેખાતાની સાથે હાથી વગેરે ઉપરથી ઉતરી જવાની વાત દેરાસરમાં જ જવા નીકળેલાઓ માટે છે. બજાર વગેરે માટે નીકળેલાઓએ આ વિધિ પાળવાની વાત નથી.

---

तस्मात्प्रतिपादितगुणानां प्राप्तिमिच्छता जीवेन गीतार्थसंविग्नानां गीतार्थसंविग्नपाक्षिकाणाञ्च सोपयोगं कथ्यमानेषु वचनेषु निर्विकल्पेन मनसा तथाकारप्रयोगरूपा, इतरेषाञ्च युक्तियुक्तेषु वचनेषु तथाकारप्रयोगरूपा तथाकारसामाचारी परिपालनीयेति निष्कर्षः ।

ननु "गीतार्थाऽसंविग्नादीनां त्रयाणां युक्तियुक्ते एव वचने तथाकारप्रयोगः करणीयः, न तु युक्तिविरहिते" इति यदुक्तं, तन्न संगच्छते । यतस्ते त्रयोऽपि वक्तारो जिनवचनमेव ब्रूवन्ति, जिनवचनञ्च सर्वमपि युक्तियुक्तमेव भवतीति तत्र युक्तिविरहितस्य वचनस्यैवाभावात्, तेषां वचनेऽप्यवश्यं तथाकार प्रयोगः करणीयो भवतीति चेत्, न ।

श्रोतारमाश्रित्य हि पदार्था द्विविधा भवन्ति युक्तिग्राह्या आज्ञाग्राह्याश्च । तत्र ते त्रयोऽपि वक्तारो यदा "आत्माऽस्ति, स च परिणामिनित्योऽस्ति"इत्यादिरूपान् युक्तिग्राह्यान् पदार्थान् प्ररूपयन्ति, तदा तु तत्र युक्तीनां सत्वात्तथाकारप्रयोगः करणीयः । किन्तु यदा ते जिनाज्ञामात्रग्राह्यान् कार्मग्रन्थिकादिपदार्थान्प्ररूपयन्ति । तदा तत्र युक्तयो न विद्यन्ते, ततस्ते पदार्थाः कदाचिज्जिनवचनविपरीता अपि प्ररूपिता भवेयुः, यतः तेषां वक्तारोऽगीतार्था असंविग्ना वा सन्ति । यथा "पञ्चेन्द्रियतिरश्चां मूत्रादिषु संमूर्च्छिमतिर्यक्पञ्चेन्द्रियाः जीवा उत्पद्यन्ते" इत्यादि पदार्थान्ते भाषेरन् । तदा तत्र युक्तयस्तावन्न सन्त्येव । श्रोतारश्च सर्वेषामागमानां पदार्थान् न जानन्ति । अतस्तैस्तदा तथाकारो नैव कर्तव्यः, यतस्तानि वचनानि युक्तियुक्तानि तावन्न सन्त्येव । "जिनागमे च ते पदार्थाः प्रतिपादिता न वा ?" इति निश्चयः श्रोतॄणां मनसि नास्ति, वक्तारश्चागीतार्थताऽसंविज्ञतादोषयुक्ताः सन्तीति तत्र तथाकारप्रयोगो नैव श्रेयान् । किं बहुना ? एतेषां त्रयाणां वक्तॄणां युक्तियुक्तेषु वचनेषु तथाकारः कर्तव्यः, आज्ञामात्रग्राह्येषु तथाकारो न कर्तव्य इति तात्पर्यम् ॥२५॥

**तृतीया तथाकारसामाचारी समाप्ता**

## अथावश्यकी चतुर्थी सामाचारी प्रारभ्यते ।

**गच्छंतस्सुवउत्तं गुरूवएसेण विहियकज्जेण । आवस्सियत्ति सद्दो णेया आवस्सिया णाम ॥२६॥**

साधुस्तावत्सर्वदा मनोवाक्कायगुप्तिमानेव भवति । यदा तु गोचर्यानयनस्थण्डिलगमनगुरुवैयावृत्यादीनि शास्त्रोक्तानि कार्याणि समापतन्ति । तदा स गुरोरनुज्ञां गृहीत्वा सम्यगीर्यासमित्यादिपालनपूर्वकमुपाश्रयाद्बहिर्निगच्छन् "आवस्सहि आवस्सहि आवस्सहि" इति शब्दानुच्चारयति । स एव प्रयोगः आवश्यकी सामाचारी परिगणनीया ।

एवञ्च स साधुः शास्त्रोक्तानामावश्यककार्याणामभावेऽपि यत्किञ्चित्कार्यं समालम्ब्य गुरोरनुज्ञां गृहीत्वा सम्यगीर्यासमित्यादिपालनपूर्वकं गच्छन्नपि तादृशशब्दप्रयोगं यदि कुर्यात्, तदापि प्रकृतावश्यकसामाचारीपालको नैव भवति ।

तथा स साधुरावश्यककार्यार्थमेव निर्गच्छति, गुरोरनुज्ञामपि गृह्णाति । किन्तु गच्छन्स ईर्यासमित्यादीनां पालनं यदि न कुर्यात्, तदा स तदा तथाविधशब्दप्रयोगं कुर्वन्नपि प्रकृतावश्यकसामाचारीमान् नैव भवति ।

तथा स साधुरावश्यककार्यार्थमेव निर्गच्छति । गच्छन्स सम्यगीर्यासमित्यादिकं पालयन्नपि यदि गुरोरनुज्ञां न गृह्णीयात्, गुरुमपृष्ट्वैव यदि स निर्गच्छेत् । तदा तथाविधशब्दप्रयोगं कुर्वन्नपि स आवश्यकीसामाचारीमान्नैव भवति ।

तथा स साधुरावश्यककार्यार्थमेव निर्गच्छति, गुरोरनुज्ञामपि गृह्णाति, सम्यगीर्यासमित्यादिकमपि पालयति, किन्तु प्रकृतशब्दप्रयोगं यदि न कुर्यात् तदापि स आवश्यकीसामाचारीपालको नैव भवति ।

इत्थञ्च चतुर्भिर्विशेषणैर्युक्त एव साधुरावश्यकीसामाचारीपालको भवतीति फलितम् । शास्त्रप्रतिपादितानामावश्यककार्याणां करणार्थमेव निर्गच्छन्, गुरोरनुज्ञां गृह्णन्, सम्यगीर्यासमित्यादिपालनं कुर्वन्, "आवस्सहि आवस्सहि आवस्सहि" इति शब्दप्रयोगं कुर्वन्साधुरावश्यकीसामाचारीपालको भवतीति भावः ।

अत्रेदं बोध्यम् । कश्चित्साधुर्बहिर्निर्गच्छन् प्रकृतशब्दप्रयोगं न करोति, तदोपाश्रयस्थः साधुः "गच्छन्नयं साधुरावश्यकीसामाचारीं विस्मृतोऽस्ति, तदहं तां स्मारयामि"इति चिन्तयित्वा तत्रोपविष्ट एव महता स्वरेण तथाविधशब्दप्रयोगं करोति । किन्तु स प्रयोगः आवश्यकीसामाचारीरूपो तस्य न भवति । यद्यपि स प्रयोगोऽनर्थकारी नास्ति, निष्फलोऽपि नास्ति, तथापि स प्रयोग आवश्यकीसामाचारीरूपेण न व्यवह्रियते । यतो गच्छत एव तादृशप्रयोगः आवश्यकीसामाचारी गण्यते ।

शिष्यः प्रश्नयति - ननु किं गुरुरनावश्यककार्यार्थं गच्छतस्साधोरनुज्ञां ददाति ? नैव ददाति । तस्मात् "गुरोरनुज्ञां गृह्णन्"इत्येव विशेषणं वक्तव्यम्, "आवश्यककार्यार्थं गच्छन्"इति विशेषणं न वक्तव्यम् । यतस्तद्विशेषणमत्रैवान्तर्भवतीति ।

अत्र आचार्यः प्राह ।

संयमयोगेष्ववसीदन् साधुस्सदैव बहिर्गत्वा पर्यटनं कर्तुमेवेच्छन्तिष्ठति । स तु "अहं ग्लानार्थं प्रायोग्यद्रव्यं

लातुं गच्छामि, अहं ज्ञानोपार्जनार्थमन्यत्रोपाश्रये गच्छामि, अहं स्थण्डिलं गच्छामि, अहं गुरोरेव गोचरीमानेतुं गच्छामि, अहं चैत्यानां वन्दनार्थं गच्छामि" इत्यादि कथयति । गुरुस्तु तस्य कपटभावमजानन्ददात्यनुज्ञाम् । स तु गुरोरनुज्ञां गृहीत्वा बहिर्निर्गत्य कदाचिद्भक्तानां गृहेषु पर्यटति । कदाचित्केनचित्स्त्रीजनेन सह वार्तालापं करोति । कदाचिदेवमेव श्वापदवत्सर्वत्र पर्यटति । कदाचित्केनचित्श्रावकादिना सह संमीलन्स विकथादिकं करोति । इत्थञ्चात्र गुरोरनुज्ञां गृह्णन्नपि शास्त्रोक्तानामावश्यककार्याणां करणं न विदधाति । किन्त्वनावश्यककार्याणि करोतीति तस्य तथाविधशब्दप्रयोगः आवश्यकीसामाचारी नैव भवतीति ज्ञापनार्थं "आवश्यककार्यार्थमेव गच्छन्"इति विशेषणमपि सार्थकमेव ।

यद्यपीदृशः साधुरावश्यकशब्दप्रयोगमेव प्रायो न करोति । यतो योऽनावश्यककार्येष्वपि लीनो भवेत्, तस्यावश्यक्यादिसामाचारीपालनपरिणतिरेव कथं भवेत् ? तथापि दीक्षादिवसादारभ्य तेन सा सामाचारी परिपालितेति तत्संस्कारवशादधुना तथाविधशुभभावविहीनोऽपि सन्करोति तथाविधशब्दप्रयोगं । किञ्चात्मानं सामाचारीपालने सुस्थितं स्थापयितुमिच्छन्नपि स तथाविधप्रयोगं करोत्येव । किन्तु बहिर्गत्वाऽनावश्यककार्यं करोतीति तस्यावश्यकीसामाचारी शुद्धा नैव भवति ।

पुनरपि शिष्यः प्रश्नयति – ननु प्रभूतैः साधूभिः परिपूरिते गच्छे यदि सर्वे एव साधवो बहिर्निर्गमनकाले गुरोरनुज्ञां गृह्णीयुः । तदाऽनवरतं गुरुणा तेषामनुज्ञैव दातव्या भवेत् । इत्थञ्च तत्रैव निमग्नो गुरुर्जिनशासनप्रभावनासूत्रार्थचिन्तनादिकं कथं कुर्यात् ? किञ्च वर्तमानकाले तु सर्वदा बहिर्निर्गमनकाले गुरोरनुज्ञाग्रहणं प्रायोऽशक्यमेव प्रतिभातीति ।

आचार्यः प्राह चिरकालादनुज्ञादानादिषु प्रवीणो गुरुः झटित्येव सर्वाणि कार्याणि समापयति । गीतार्थसंविग्नानां हि महान्तानि प्रभूतान्यपि कार्याणि स्वल्पकालमात्रसाध्यानि स्वल्पप्रयत्नसाध्यानि च भवन्तीति न जिनशासनप्रभावनासूत्रार्थचिन्तादीनां व्याघातो भवति ।

यदि च वर्तमानकाले सर्वदा सर्वसाधूभिर्बहिर्निर्गमनकाले गुरोरनुज्ञाग्रहणमशक्यमिव मन्येत । तदा त्वियं व्यवस्था संभवति यदुत गच्छाचार्यः कांश्चित्स्थविरान् गीतार्थान् बहिर्निर्गमनादिकर्तृणां साधूनामनुज्ञादानार्थं स्थापयति । तेऽपि साधवः स्थविराणामनुज्ञां गृहीत्वा निर्गच्छन्ति । ते च स्थविरा स्वयं गीतार्थाः, गुरुणा च स्थापिताः इति तेषामनुज्ञा तत्त्वतो गुरोरेवानुज्ञा भवतीति न कश्चिद्दोषो भविष्यतीति तावन्ममाभिप्रायः । तत्त्वं गीतार्थाः विदन्तु ।

तथेदमपि स्मरणीयम् । यदुत साधुः प्रथममावश्यककार्यकरणार्थमेव निर्गतः, तस्य परिणामोऽपि शुभ एव। किन्तु बहिर्निर्गमनानन्तरं परिचितश्रावकादिकं दृष्ट्वा तेन सह वार्तालापादिकं कुर्यात्, गोचरीस्थानेषु धर्मोपदेशं दद्यात्, तदा त्वनावश्यककार्यं तेन कृतमिति कृत्वा तस्यावश्यकसामाचारी मिथ्यैव भवति । तस्माद् बहिर्निर्गतः साधुरावश्यककार्यं मुक्त्वा न किमपि कुर्यादिति जिनोपदेशः ॥२६॥

शिष्यो जिज्ञासां करोति → ननु बहिर्निर्गमनानन्तरमनावश्यककार्यकरणेऽपि प्रकृतसामाचारीपालनं कथं न

गण्यते ? यतस्तेन गुरोरनुज्ञा गृहीता । तथाविधशब्दप्रयोगश्च कृतः । समित्यादिपालनमपि च कृतम् । अनावश्यककार्यमपि किञ्चिन्महत्र कृतमपि तु विकथादिरूपमात्रमेवेति तस्यावश्यकीसामाचारीपालनं कथं न गण्यते ? ← इति ।

आचार्यः स्पष्टयति ।

**सा य पइण्णा तीसे भंगे किर पायडो मुसावाओ । ण य तं विणावि किरिया सुद्धाणंगं पहाणं ति ॥२७॥**

"आवस्सहि" इति शब्दप्रयोगो न केवलं शब्दप्रयोग एव । किन्तु "बहिर्निर्गत्याहमावश्यकमेव कार्यं करिष्यामि, न पुनरनावश्यकम्"इति प्रतिज्ञारूपः स शब्दप्रयोगः । इत्थञ्च यथा व्रतं गृहीत्वा व्रतभङ्गकरणे महान् दोषो भवति, तथैव व्रतस्वरूपामेव प्रतिज्ञां गृहीत्वा तदपालनद्वारा तद्भङ्गकरणे महान्दोषो भवति । तदुक्तं → आजम्मं जं पावं बंधइ मिच्छत्तसंजुओ कोइ, वयभंगं काउमणो बंधइ तं चेव अट्ठगुणं ← अत्र हि "मिथ्यात्वसंयुक्तो जीवो यावज्जीवं यत्पापं बध्नाति, तस्मादष्टगुणं पापं व्रतभङ्गकरणस्याभिलाषमात्रं कुर्वाणो बध्नाति"इति प्रतिपादितम् । यदि च व्रतभङ्गकरणाभिलाषमात्रेण महान्दोषो भवेत्, तदा निष्ठुरेण मनसा व्रतभङ्गकरणे महत्तरो दोषः स्फुट एव ।

तथा प्रतिज्ञाभंगे प्रकट एव मृषावाद इति द्वितीयमहाव्रतभङ्गोऽपि भवति ।

ननु यद्येवमावश्यकीशब्दप्रयोगकरणानन्तरमनावश्यककार्यकरणे मृषावादादयो महान्तो दोषा भवन्ति, तदा तु सा प्रतिज्ञैव न ग्रहीतव्या । यतोऽनाभोगप्रमादादिवशात्संभवत्येवानावश्यककार्यकरणादिकं । तथा सति च प्रतिज्ञाभङ्गः, तेन च महान्दोषः । यदि च प्रतिज्ञैव न क्रियते, तदा त्वावश्यककार्यकरणे गुणः, कदाचिदना-वश्यककार्यं भवेत्तदापि प्रतिज्ञाभङ्गः तज्जन्यदोषाश्च नैव भवेयुः । ततश्च "आवस्सहि" प्रयोगः एव न करणीयः इति अस्माकमभिप्राय इति चेत्

अहो भवतां निर्मला प्रज्ञा ! व्यापारे क्रियमाणे धनहानिसंभवोऽस्तीति तद्भयात् वणिजो वाणिज्यं परित्यजन्ति किं ? भोजने क्रियमाणे उदरगतरोगा संभवेयुरिति किं बुभुक्षवो भोजनं परित्यजन्ति ? वस्त्रपरिधाने क्रियमाणे तेषां मालिन्यमपि संभवेदिति किं सज्जना नग्ना एव पर्यटन्ति ? तस्मात् निर्जराकाङ्क्षी मुनिरवश्यं प्रतिज्ञारूपं शब्दप्रयोगं कुर्यादेव । तत्प्रतिज्ञायाश्च यथा भङ्गो न भवेत् तथैव प्रयत्नमपि कुर्यात् । यदि च तथा सत्यपि प्रमादेनानाभोगतो वा केचिदतिचारा भवेयुः, तदा तु प्रायश्चितादिकरणेन तेषां विशुद्धिरपि स्यात्, प्रतिज्ञापालनादिजन्या निर्जराऽपि च स्यात् ।

यस्तु मूढः प्रतिज्ञाभङ्गभिया प्रतिज्ञामेव न करोति, स तु प्रतिज्ञापालनाद्यध्यवसायविहीनः प्रतिज्ञापालनादिजन्यां महतीं निर्जरां परित्यजति । तथा प्रतिज्ञाविरहितः स शृङ्खलयाऽनिबद्धो मर्कट इव यथा तथा प्रवर्तमानो महान्तं कर्मबन्धं करोतीति कदापि प्रतिज्ञाभङ्गभिया प्रतिज्ञात्यागो न करणीयः । ये तु प्रतिज्ञाभङ्गे प्रत्यवायाः प्रतिपाद्यन्ते, ते हि "प्रतिज्ञापालने साधवो निरपेक्षा निष्ठुरा वा न भवेयुः"इत्याशयेन प्रतिपाद्यन्ते । येन प्रत्यवायभिया ते साधवः प्रतिज्ञापालने दृढाध्यवसाया भवन्ति । तथा सत्यपि यदि तेषां प्रमादादितः

कदाचिद्दोषा भवन्ति, ते तु दोषाः तेषां साधूनां पश्चात्तापभावेन प्रतिज्ञापालने तीव्राभिलाषेन च प्रतिहताः सन्तो न तान्प्रत्यवायान्प्रयच्छन्ति । ये तु साधवः प्रतिज्ञां कृत्वाऽपि निरपेक्षा एव प्रतिज्ञाविपरीतमाचरणं कुर्वन्ति । पश्चात्तापादिभावविरहिताश्च भवन्ति । तेषान्तु स प्रतिज्ञाभङ्गो महानर्थकारी भवत्येव । तस्मात्तात्पर्यं सम्यग्विज्ञाय प्रतिज्ञापालनेऽप्रमत्तेन भवितव्यम् । अनाभोगादितो दोषसद्भावे च प्रायश्चित्तादिकं करणीयं । न तु प्रतिज्ञाकरणमेव परित्याज्यमिति भावः ।

यच्च भवता प्रतिपादितं यदुत "आवश्यककार्यमेव मया कर्तव्यमिति प्रतिज्ञामहं न करोमि, किन्तु कार्यं त्वावश्यकमेव करोमीत्यावश्यककार्यकरणजन्या निर्जरा भविष्यत्येव"इति, तदपि तवाज्ञानतासूचकम् ।

किं निगोदवर्तिनो जीवा कंचिदपि जीवं ध्नन्ति ? किं मृषावादं वदन्ति ? किं वा परसंबन्धि तृणमपि गृह्णन्ति ? किं स्त्रियं प्रति विकारभाववन्तो भवन्ति ? किं धनादिपरिग्रहं कुर्वन्ति ? किं रात्रौ दिने वा कवलाहारं विदधति ? यदि नैवं, तदा ते साधव इव महाव्रतसम्पन्नाः सन्तः सर्वविरतिमन्त एव सञ्जाताः । तत्किं तेषां सर्वविरतिपरिपालनजन्या महती निर्जरा न भवति ? कथं प्रकृष्टपुण्यानुबंधिपुण्यकर्मबन्धो न भवति ? त्वमेव कथयास्योत्तरम् । यदि न जानासि ? तर्हि शृणु । ते हि सर्वाणि पापान्यकुर्वन्तोऽपि सर्वपापाकरणस्य प्रतिज्ञां न कुर्वन्ति । तस्माद्विरतिपरिणामविरहितानां तेषां पापत्यागेऽपि सर्वविरतिजन्या निर्जरा नैव भवति । प्रत्युत प्रतिज्ञाऽकरणात्मिकाया अविरतेः सकाशात्कर्मबन्ध एव भवति । एवञ्च प्रतिज्ञां विना क्रियमाणानां सदनुष्ठानानामपि तथाविधमुत्कृष्टं फलं नैव भवति । सामान्यफलं तु न मनःसंतोषकारीति तत्परिगणनमेव न क्रियते ।

एवमत्राप्यावश्यकप्रतिज्ञामकृत्वाऽऽवश्यककार्यं विदधानाः साधवः सामान्यनिर्जरां प्राप्नुवन्तोऽप्या-वश्यकप्रतिज्ञापूर्वकं क्रियमाणस्यावश्यककार्यस्य यत्फलं भवति, तन्नैव प्राप्नुवन्तीति कोटिधनसंप्राप्तिस्थाने रूप्यकमात्रं लभमानास्ते मूढा एव । न हि कोटिधनप्राप्त्यवसरं परित्यज्य रूप्यकं लभमानो लोके प्रशंसास्पदं भवत्यपि तु निन्दापात्रमेव भवति । इत्थञ्च प्रतिज्ञाकरणानन्तरं तदपालने ये प्रत्यवाया भवन्ति, तेषां भयात्प्रतिज्ञात्यागो न युक्तोऽपि तु प्रतिज्ञापालन एव यतितव्यमिति पूर्वमेव प्रतिपादितं रहस्यं मनसि स्थिरीकर्तव्यम् ॥२७॥

शिष्यः प्राह - यः साधुः समित्यादिकं न पालयति, गुरोरनुज्ञां न गृह्णाति । अनावश्यककार्यमपि करोति, तथापि "सामाचारी मया परिपालनीया"इत्यध्यवसायात् आवश्यकीशब्दप्रयोगं करोति, तस्येर्यासमित्यादि-पालनाभावजन्याः प्रत्यवाया भवन्तु, किन्तु शब्दप्रयोगजन्या निर्जरा तु कथं न भवेद्"— इति ।

आचार्यः कथयति ।

**ण य दोसबहुलभावा सामाचारीणिमित्तकम्मक्खओ । वयमेतं णिव्विसयं इच्चाइ सतंतसिद्धमिणं ॥२८॥**

यथा हि शरीरान्तर्वर्तिना महारोगेण प्रतिरोम महापीडामनुभवन् रोगी शोभनवस्त्रं परिदधानोऽपि, मनोहारि च भोजनं भुञ्जानोऽपि मनसि तत्सुखं नैवानुभवति, प्रत्युत प्रतिसमयं पीडामेवानुभवति ।

एवमीर्यासमित्यादिपालनाभावेन गुर्वनुज्ञाऽभावेनानावश्यककार्यकरणेन वा युक्तो मुनिर्दोषबहुलो भवतीति कृत्वाऽऽवश्यकीप्रयोगं कुर्वन्नपि तज्जन्यां निर्जरां नैव प्राप्नोति। प्रत्युत दोषपरिकलितः सन्महान्तं कर्मबन्धमेव विदधातीति तस्यावश्यकीप्रयोगकरणं निष्फलं विफलञ्च भवति।

न चेदं मन्मनःकल्पनामात्रम्। किन्तु हरिभद्रसूरिभिरपीदमेवोक्तम्। ते च प्रतिपादयन्ति → ईर्यासमित्य-पालनादिषु दोषेषु सत्सु क्रियमाण आवश्यकीशब्दप्रयोगो निरर्थकोऽनर्थकारी च भवति ← इति।

यदि हि सेव्यमानानां दोषाणां मनसि पश्चात्तापभावो भवेत्। आवश्यकीसामाचारीपालनस्य तीव्रोऽभिलाषो भवेत्, तदा तु दोषेषु सत्स्वपि स प्रयोगो भविष्यत्काले भावावश्यकीसामाचारीकारणं भवतीति द्रव्यावश्यकी कथ्यते। स च प्रयोगोऽनर्थकारी न भवति, निरर्थकोऽपि च न भवति। किन्तु पश्चात्तापादिनामभावे तु स प्रयोगो भविष्यत्काले भावावश्यकसामाचारीजनको न भवतीति द्रव्यावश्यकी न गण्यते। स च प्रयोगो निरर्थकोऽनर्थकारी च भवतीति विवेकः ॥२८॥

आवश्यकीसामाचारी खल्वपवादमार्गरूपेति दर्शयति।

**होइ अगमणए इरियाविसोहिसज्झायझाणमाइगुणा। कारणियं पुण गमणं तेण वि भेओ भवे आसिं ॥२९॥**

साधु र्हि सिद्धपदप्राप्त्यर्थं सर्वविरतिं पालयति। सिद्धपदप्राप्तिश्च योगनिरोधाद्भवति। तस्मात्साधुना योगनिरोधाभ्यासः कर्तव्यः। अत एव कारणं विना पदमात्रगमनमपि साधूनां प्रतिषिद्धम्। कारणं विनाऽङ्गुलिमात्रचलनमपि मुनीनां निषिद्धम्। सर्वथा मनोवाक्काययोगानां निरोधं कृत्वा साधुना स्थातव्यम्। इत्थञ्च गमनागमनादिक्रियां परित्यज्योपाश्रये योगगुप्तिं कृत्वा तिष्ठतः साधोर्बहवो गुणा भवन्ति।

तथा हि गमनागमनक्रियायां योगादिनिमित्तकः कर्मबन्धो भवति। तदभावे तु स कर्मबन्धो न भवतीति प्रथमो गुणः। गमनागमनादिषु स्वाध्यायव्याघातो भवति, उपाश्रय एव तिष्ठतस्तु प्रभूतः स्वाध्यायः, तेन च निर्मलपरिणामस्तेन च महती निर्जरा भवतीति द्वितीयो गुणः।

गमनागमनादिषु धर्मध्यानं ध्यातुं न शक्यते। स्थानस्थितस्तु साधुः प्रसन्नमनाश्चतुर्विधं धर्मध्यानं ध्यायन्परमपदमासन्नीकरोतीति तृतीयो गुणः।

गमनागमनादिषु पिपीलिकादीनां विराधना संभवति, कण्टकादिना चात्मविराधनाऽपि संभवति। स्थान एव स्थितस्य तु गमनाद्यभावात्संयमविराधनाऽऽत्मविराधना च प्रायो नैव भवति। न ह्युपाश्रये स्थितानामाक-स्मिक्यात्मविराधनाऽऽकस्मिकी वा संयमविराधना दृश्यते। गमनागमनादिषु तु ते द्वे अपि विराधने बहुशःशृयेते इति प्रसिद्धमेवैतत्।

इत्थञ्च प्रभूतगुणसद्भावाद् गमनागमनादिकं नैव कर्तव्यं, योगगुप्तिं कृत्वैववस्थातव्यमित्युसर्गो मार्गः।

"इत्थञ्च प्रतिपाद्यमाने कदाचिच्छिश्याः गमनागमनादिकं सर्वथा पापमेव मा मन्यताम्"इति करुणापरो गुरुरधुनाऽपवादं प्रदर्शयति।

स्थण्डिलाय, प्रश्रवणपरिष्ठापनाय, भक्तपानाद्यानयनाय, गुर्वाज्ञापालनायानियतविहारकरणाय चावश्यं

गमनागमनादीनि कर्तव्यानि । यदि हि कारणे सत्यपि स साधुर्गमनादि न कुर्यात् । तदा गमनादिजन्या गुणा न भवेयुः, जिनाज्ञालोपश्च कृतः स्यात् ।

किञ्च यदि स्थण्डिलं न गच्छति, स्थण्डिलशङ्कां निरुणद्धि । तदा तु मरणमेव स्यात्, उपाश्रय एव वा स्थण्डिलगमने संयमविराधना शासनविराधना च स्यात् । एवं प्रश्रवणनिरोधे क्रियमाणे चक्षुषो रोगा भवेयुः । यत्र तत्र वा प्रश्रवणे परिष्ठाप्यमाने पूर्वोक्ता एव संयमविराधनादयो दोषा भवेयुः । यदि च भक्तपानाद्यर्थं गमनागमनादिकं न कुर्यात्, तदाऽऽर्तध्यानादिना व्याप्तो महान्तं कर्मबन्धं कुर्यात् । स्वयमेव वा बुभुक्षित-स्तृषालुश्च म्रियेत । ग्लानसाध्वाद्यर्थं भक्ताद्यानयनाय यदि न गच्छेत्, तदा साधर्मिकवात्सल्यवैयावृत्यादीनाम-पलापः कृतः स्यात् । तथा च सति सम्यग्दर्शनमेव मलिनं भवेत्, कुतस्तस्य चारित्रपरिणामशुद्धिः ।

तस्मात्कारणे सति गुर्वनुज्ञां गृहीत्वा, सम्यगीर्यासमित्यादिपालनं कुर्वता, शास्त्रोक्ताऽऽवश्यककार्य-करणार्थमेव निर्गच्छता साधुनाऽऽवश्यकीशब्दप्रयोगपूर्वकमेव निर्गन्तव्यमित्यावश्यकीसामाचारीसंक्षेपार्थः ।

**चतुर्थी आवश्यकीसामाचारी समाप्ता**



इदानीं नैषेधिकीसामाचारी प्रारभ्यते ।

**एवं णिसीहिया कयपडिसेहस्सोग्गहप्पवेसम्मि । हंदि णिसीहियसद्दो उचिओ अण्णत्थजोगेणं ॥३०॥**

आवश्यककार्यकरणार्थं गुर्ववग्रहाद्बहिर्निर्गतः साधुर्यदाः गुरोरवग्रहे पुनः प्रविशति, तदा प्रथममवग्रह-प्रवेशाय गुरोरनुज्ञां गृह्णाति । सर्वेषां पापानां निषेधं करोति । ततश्चोपयोगपूर्वकं गुर्ववग्रहप्रवेशसमये "निसीहि निसीहि निसीहि" इति यं नैषेधिकीशब्दप्रयोगं कुरुते, स एव नैषेधिकीसामाचारी गण्यते ।

एवञ्च यदि गुरोरनुज्ञाया ग्रहणं यदि स न कुर्यात् । तदा यदि स सर्वाणि पापानि निषिध्येत्, उपयोगयुक्तो भवेत्, शब्दप्रयोगमपि कुर्यात्, तथापि स नैषेधिकीसामाचारीपालको न भवति ।

यदि च गुरोरनुज्ञां गृह्णाति । सर्वाणि पापानि निषिध्यति । शब्दप्रयोगमपि करोति । किन्तु नैषेधिकीसामाचार्याः तात्पर्ये सम्यगुपयोगवान्न भवेत्, तदापि स नैषेधिकीसामाचारीमान्न भवति ।

यदि स गुरोरनुज्ञां गृह्णाति, शब्दप्रयोगं करोति, सम्यगुपयोगवांश्च भवति, तथापि यदि पापानि न निषिध्येत्, तदा स सामाचारीपालको न भवति ।

स गुरोरनुज्ञां गृह्णाति, सम्यगुपयोगवांश्च भवति, पापानि च निषिध्यति, तथापि यदि नैषेधिकीशब्दप्रयोगमेव न कुर्यात्, तदा तु सोऽपि नैषेधिकीसामाचारीपालको न भवति ।

एष तावद् गुर्ववग्रहप्रवेशकालीना नैषिधिकीसामाचारी प्रतिपादिता । यदि स गुर्ववग्रहप्रवेशमकुर्वाण एव नैषेधिकशब्दप्रयोगं कुरुते, तदा स प्रयोगो नैषेधिकीसामाचारी न भवति ।

एवं गुर्ववग्रह इव देवाधिदेवावग्रहप्रवेशकालेऽपि नैषेधिकीसामाचारी ज्ञातव्या । नवरं तत्र जिनगृहे गुरोरभावात्तदा गुर्वनुज्ञाग्रहणं न भवति । केवलं जिनगृहे गमनार्थं गुरोरनुज्ञा गृह्यते इति बोध्यम् ॥३०॥

शिष्यः प्रश्नयति – नन्वेषा सामाचारी सामान्यतः साधूनामेव पालनार्थं प्रतिपादिता । साधवश्च कदापि पापकर्माणि नैव कुर्वन्ति । एवञ्च यदि ते बहिर्निर्गता अपि पापानि न कुर्वन्ति, तदा गुर्ववग्रहप्रवेशकाले पापनिषेधोऽपि तेषां कथं घटते ? पापानामेवाभावात् । नैषेधिकीप्रयोगो हि "अहं पापानां निषेधं करोमि" इति प्रतिज्ञारूपः स च पापानामेवाभावे पापत्यागाभावान्नैव युक्तः । श्रावकास्तु संसारे पापकर्मकारिणो भवन्तीति तेषां गुर्ववग्रहे देवावग्रहे च प्रवेशकाले पापकार्याणां निषेधरूपो नैषेधिकीप्रयोगो युक्तः न तु साधूनामिति ।

आचार्यः प्रत्युत्तरयति ।

**दढजत्तुवओगेणं गुरुदेवोग्गहमहीपवेसंमि । इट्ठं इहराणिट्ठं तेण णिसेहो इह पहाणो ॥३१॥**

यदुक्तं "सुसाधवः पापकर्मकारिणः नैव भवन्तीति गुर्ववग्रहप्रवेशकाले पापनिषेधाय शब्दप्रयोगो व्यर्थः" इति । तत्र सुसाधवः पापकर्मकारिणो न भवन्तीति सम्यक् । किन्तु प्रमाददोषादनाभोगदोषाद्वा तेषां पापानि संभवन्ति । यथा स्थण्डिलादौ गताः साधवः परस्परं विकथां हास्यादिकं वा कुर्वन्ति, मुक्तमनांसश्च भवन्ति । कदाचिन्मुखवस्त्रिकोपयोगं विनापि परस्परं ब्रूवन्ति । कदाचिन्महता स्वरेण वातनिसर्गं कुर्वन्ति । कदाचिद्यत्र तत्र वा श्लेष्म निष्ठीवन्ति, पादेन च तत्श्लेष्म मृदा सह मिश्रं कुर्वन्ति । एतत्सर्वं गुर्ववग्रहे न युज्यते । यतो गुर्ववग्रहे विकथायां क्रियमाणायां गुरोर्व्याक्षेपो भवेत् । विकथाशब्देन व्याकुलीभूता गुरवश्चित्तस्यैकाग्रतां धर्तुं न

शक्नुयात्। तथा गुर्ववग्रहे महता स्वरेण हास्यादिकरणे स्फुटैव गुर्वाशातना। कदाचिन्निष्ठ्युतमपि गुरोर्मुखे पतेत्, तत्तु महापापं। एवं मुखवस्त्रिकां विना गुरुणा सह वार्तालापे क्रियमाणेऽपि शिष्यस्य निष्ठ्युतं गुरोर्मुखे पतेत्। तथा मुखवस्त्रिकां विना वार्तालापे क्रियमाणे गुरोरविनयोऽपि स्यात्। महता स्वरेण वातनिसर्गञ्च कुर्वन्मुनिरपि गुर्वाशातनाभाग्भवेत्। इत्थञ्च प्रायशः पापविरहिता अपि साधवो गुर्ववग्रहाद्बहिर्निर्गताः सन्तः सूक्ष्मपापवन्तः संभवन्ति। गुरोरवग्रहे च क्रियमाणानि पापानि गुर्वाशातनाकारीणि भवन्ति। गुर्वाशातना च भवोदधिवर्धयित्रीति कृत्वा गुर्ववग्रहप्रवेशकाले गुर्वाशातनाभयभीतसाधवोऽतीवोपयोगयुक्ताः सन्तः सर्वाणि सूक्ष्माण्यपि पापानि परित्यजन्ति। तदर्थञ्च नैषिधिकीशब्दप्रयोगरूपां प्रतिज्ञां कुर्वन्ति।

यथा शत्रुदेशस्य समीपे स्वदेशस्य सीमनि वर्तमानाः सैनिकाः प्रायोऽप्रमत्ता एव भवन्ति। तथापि रजन्यां ते विशेषतोऽप्रमत्ता भवन्ति। यतो रजन्यां शत्रुणां भयं विद्यते। दिने चाप्रमत्ता अपि सूक्ष्मप्रमादवन्तो भवन्ति। रजन्यां युद्धादिकाले च सर्वथाऽप्रमत्ता भवन्ति। एवमत्रापि बोध्यम्।

किञ्च साधूनां किञ्चिदाचरणं स्वयं पापरूपं यद्यपि न भवति, तथापि गुरोरवग्रहे तदाचरणं गुर्वाशातनाकारि भवति। यथा श्रान्तः साधुरेकस्य पादस्योपरि द्वितीयं पादमारोहयति, तदाचरणञ्च यद्यपि पापरूपं न भवति। किन्तु गुरोरवग्रहे तु तदाचरणमवश्यमविनयरूपमेव भवति। तथा साधूभ्यो महता स्वरेण पाठदानं यद्यपि सुन्दरमेव। किन्तु गुरोरवग्रहे तथाकरणे गुरोरप्रीतिजनकं तद्भवतीति तन्न युक्तं। तथा गुरोरभावे समागतैः साधूभिः श्रावकैर्वा सह प्रथमं वार्तालापकरणं न दुष्टम्। गुर्ववग्रहे च प्रथमं गुरुरेव तैस्सह वार्तालापं करोति। पश्चादेव साधवः। एवं कश्चित्साधुः श्रान्तः सन् भित्तिं स्पृष्ट्वोपविशति। एतदपि पापरूपं यद्यपि नास्ति, किन्तु गुरोरवग्रहेऽविनयरूपं भवति।

इत्थञ्च यदाचरणं गुरोरवग्रहे गुर्वाशातनाकारि भवति, तस्य सर्वस्यापि निषेधार्थं साधवो नैषेधिकीप्रयोगरूपां सामाचारीं परिपालयन्ति।

तत्रापि यदि दृढोपयोगयुक्ता न भवन्ति, तदा तु प्रतिज्ञां कृत्वाऽपि ते साधवः दृढोपयोगाभावादनाभोगप्रमा-दादिवशाद्गुरोराशातनारूपमाचरणं कुर्युः। तस्माद् गुरुदेवानामवग्रहभूमौ प्रवेशकाले पापनिषेधे तत्प्रतिज्ञारूपे शब्दप्रयोगे च दृढ उपयोगः कर्तव्यः। तेनैव विपुलाऽशुभकर्मनिर्जरा भवति। यदि च ते दृढोपयोगं न बिभ्रति। सामान्योपयोगमेव बिभ्रति, तदाऽऽशातनासंभवात् कर्मबन्धो भवति।

इत्थञ्च गुर्वादीनामवग्रहप्रवेशे क्रियमाणो नैषिधिकीप्रयोगो विपुलनिर्जराकारी भवति, किन्तु स प्रयोगो विपुलनिर्जराकरणार्थं तस्य शिष्यस्य पूर्वप्रयत्नापेक्षयाऽधिकप्रयत्नं सहकारिकारणरूपमपेक्षते। अधिकप्रयत्नसंपादनाय च दृढोपयोगोऽतीवोपयोगी भवतीति तात्पर्यम्।

**ननु** स साधुर्गुर्ववग्रहप्रवेशकाले नैषेधिकीप्रयोगमुपयोगदृढतां तीव्रप्रयत्नं वा न कुर्यात्, एवमेव गुरोरवग्रहे प्रविशेत्, तत्र च काऽप्याशातना यदि न भवेत्तदा को दोष इति **चेत्**

"तदा तीव्रप्रयत्नः कर्तव्यः, उपयोगदृढता च कर्तव्या"इत्यादिरूपाया जिनाज्ञाया भङ्ग एव महान्दोषः। तथा "गुरोराशातनाया परिहारस्य परिणामः शिष्यस्य मनसि नैव वर्तत" इति तत्र निश्चीयते। एवञ्च गुरोराशातनाया भयमपि तस्य नास्तीति ज्ञायते। ततश्च "गुरोराशातना हेया" इति दृढो निश्चयो न तस्य विद्यते। तदभावे च

मिथ्यात्वादिदोषानामपि संभवो भवतीति तदाऽऽशातना यदि न भवेत्, तदापि तस्य तु दोष एव ॥३१॥

"गुरुदेवानामवग्रहे दृढोपयोगपूर्वकं तीव्रप्रयत्नपूर्वकञ्च प्रवेश: कर्तव्य" इत्येव दृढयितुमाह

**एत्तो चेइयसिहराइदंसणे च्चिय गयाइओसरणं । सड्ढाण वि साहूणं किमंग पुण एत्थ वत्तव्वं ॥३२॥**

गुरुदेवानामवग्रहे दृढोपयोगतीव्रप्रयत्नादिकं विना प्रवेशे क्रियमाणे गुर्वाशातनादिजन्यो महान्दोषो भवति । तस्मादेव ये श्रावका जिनगृहे जिनान् वन्दितुं निर्गच्छन्ति । तैर्जिनगृहशिखरं यदा दृश्यते, तदैव गजादश्वाद्रथादन्य यानाद् वाऽवतरणं कर्तव्यम् । अन्यथा जिनानामाशातना भवेत् । एतच्च हरिभद्रसूरिभि: प्रतिपादितम् ।

इत्थञ्च यदि गृहस्थानामपि जिनाद्यवग्रहे दृढोपयोगतीव्रप्रयत्नादिकं कर्तव्यं भवति । तदा सदैवाशातनाभीरूणां साधूनां तु तत्सुतरामेव कर्तव्यं भवति ।

इत्थञ्च ये साधवो गुरुदेवावग्रहे प्रवेशकाले गुरुदेवाशातनाकारिणामाचरणानां त्यागे तीव्रप्रयत्नवन्तो दृढोपयोगवन्तश्च न भवन्ति । तेषां साधूनां "गुरुदेवाशातनाया भयं तज्जन्यप्रत्यवायानाञ्च भयं नास्ति, जिनवचने च श्रद्धा नास्ति"इति सिध्यति ।

अत्र गुर्ववग्रहश्च सार्धहस्तत्रयप्रमाणोऽवगन्तव्य: । यत्र वा स्थिता: साधवो गुरुं दृष्टुं शक्नुवन्ति, यत्र वा स्थितानां साधूनां प्रतिपादितं निर्दोषमपि आचरणं गुरूणामविनयरूपं भवति । स एव देश: गुर्ववग्रहरूप: स्थूलदृष्ट्या वक्तुं शक्यते ।

जिनावग्रहश्च जघन्यतो नवहस्तप्रमाण: उत्कृष्टतश्च षष्ठिहस्तप्रमाण इति बोध्यम् ॥३२॥

शिष्य: प्राह – जिनगृहे गुर्ववग्रहे च प्रवेशकाले नैषेधिकीप्रयोगो युक्त:, यतस्तत्र गत्वा चैत्यवन्दनादिरूपा प्रवृत्ति: कर्तव्या । प्रवृत्तौ च क्रियमाणायामाशातनासंभव: । किन्तु यदोपाश्रये प्रवेश: क्रियते, तदा तूपाश्रयं प्रविश्य निश्चलमेव स्थेयम्, ध्यानादिकमेव गुप्तिरुपं करणीयमिति तत्र नैषेधिकीप्रयोग: कथं घटते, ध्यानादिक्रियायां गुर्वाशातनादिसंभवस्याभावादिति ।

ग्रन्थकार: प्राह ।

**झाणेणं ठाणेण वि णिसीहियाए परो हवइ जत्तो । अणिसिद्धस्स णिसीहिय वायमित्तं ति वयणाओ ॥३३॥**

उपाश्रये गत्वा यद्ध्यानादिकं करणीयं, तत्रापि मनोयोगस्यातिशयशाली यत्न आवश्यक एव । न हि तं विना ध्यानं संभवति । तस्मान्मनोयोगादीनामतिशयशालियत्नार्थं तत्र नैषेधिकीप्रयोगो युक्त: ।

अयं भाव: । "साधुना संयमयोगे दृढप्रयत्नं विना क्षणमपि न स्थातव्यम्"इति हि जिनाज्ञा । एवञ्च दृढयत्नं विना तिष्ठतस्तस्य नैषेधिकी शुद्धा न भवेत् । तस्मात् स्वोपाश्रयादौ प्रवेशकालेऽप्यवश्यं दृढयत्नार्थं दृढोपयोगार्थं च प्रतिज्ञारूपो नैषेधिकीप्रयोग: कर्तव्य: ।

नैषेधिकीप्रयोगो हि त्रिषु स्थानेषु भवति । यदा शिष्या गुरून्वन्दन्ते, तदा "इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए निसीहियाए अणुजाणह मे मिउग्गहं **निसीहि**" इति सूत्रोच्चारकाले गुरोरनुज्ञां गृहीत्वा नैषेधिकीप्रयोगं कुर्वन्ति । तत्राशातनाभीरवस्ते पापानां निषेधं दृढोपयोगञ्च विदधतीति प्रागेव प्रतिपादितम् ।

यदा साधवश्चैत्यवन्दनार्थं जिनगृहे प्रविशन्ति, तदा जिनानामाशातना मा भूदित्यभिप्रायेण "निसीहि" इति

शब्दप्रयोगं कुर्वन्ति । तत्रापि ते पापानां निषेधं दृढोपयोगं च कुर्वन्ति ।

यदा तु स्थण्डिलगोचरीविहारादिकार्याणि कृत्वोपाश्रये प्रविशन्ति । तदापि ते नैषेधिकीप्रयोगं कुर्वन्ति । तत्र यद्यपि गुरोरवग्रहे जिनावग्रहे च प्रवेशो नास्तीति गुरुदेवानामाशातनाया भयमपि तेषां न विद्यन्ते । किन्तूपाश्रये प्रविश्य स्वाध्यायध्यानादिषु दृढं स्थातव्यमिति जानानास्ते दृढप्रयत्नार्थं नैषेधिकीप्रयोगं कुर्वन्ति । आत्मानं सावधानं करोति यथा "आत्मन् ! अधुना स्वाध्यायध्यानादिषु भवता स्थातव्यम्, न च संयमयोगे दृढप्रयत्नं विना स्थातुं युक्तमिति दृढप्रयत्नपरो भव" इति । एतच्च नैषेधिकीप्रयोगद्वारा कुर्वन्ति । यस्तु पूर्वं सर्वोऽप्युपाश्रयो गुर्ववग्रहरूपः प्रतिपादितः, स तु स्थूलदृष्ट्या ज्ञातव्यः । "साधवो गुरोराशातनाप्रकारं ज्ञात्वा तत्परिहारपरायणा भवन्तु"इति मनसि कृत्वा तत्प्रतिपादितम् । परमार्थतस्तु सार्धहस्तत्रयप्रमाण एव गुरोरवग्रहः । उपाश्रये प्रवेशकाले तु क्रियमाणा नैषेधिकी संयमयोगे दृढप्रयत्नसंपादनार्थमेव, न त्वाशातनापरिहारायेति तात्त्विकः पदार्थः ।

संयमयोगे दृढप्रयत्नश्चातीवावश्यकः । स्वाध्यायध्यानादिपरायणास्तु तं दृढप्रयत्नं स्वभावत एव प्राप्नुवन्ति। किन्तु ये वृद्धत्वादिवशात्स्वाध्यायादिकं कर्तुं न शक्नुवन्ति । ते कथं संयमयोगे दृढप्रयत्नवन्तः स्युरिति चिन्तापरायणैस्तीर्थकरैस्तेषां स्वाध्यायादिषु शक्तिरहितानां साधूनां संयमयोगे दृढप्रयत्नसंपादनार्थं ग्रीष्मेष्वातापना हेमन्तेषु शीतसहनञ्च प्रतिपादितम् । येन तेऽपि दृढप्रयत्नवन्तो विपुलां निर्जरां प्राप्नुयुः । इत्थञ्च दृढप्रयत्नार्थं क्रियमाणा नैषेधिकीसामाचार्यपि युक्तैव ।

अत्र हि गुर्ववग्रहे प्रवेशकाले गुरोरनुज्ञाऽऽवश्यकी, जिनावग्रहे उपाश्रये वा प्रवेशकाले तु गुरोरनुज्ञाऽना-वश्यकीति विवेकः ॥३३॥

शिष्यः प्रश्नयति - ननु गुर्ववग्रहे प्रवेशकाले जिनावग्रहे प्रवेशकाले उपाश्रये वा प्रवेशकाले साधवो गुर्वाद्याशातनापरिहारार्थं पापनिषेधकर्तारो दृढोपयोगवन्तो दृढप्रयत्नवन्तश्च भवन्तु । तथा सति तेषामाशात-नादिपरिहारो भविष्यति । किन्तु तत्र नैषेधिकीशब्दप्रयोगस्य किं प्रयोजनम् ? तं विनैवाशातनापरिहारादीनां संभवादिति ।

आचार्यः प्रत्युत्तरयति ।

**होइ पइण्णाभंगे भीरुअभावा अओ दढो जत्तो । तप्पुव्विया य किरिआ फलया तब्भाववुड्ढिकरी ॥३४॥**

यथा हि कश्चित्श्रावको रात्रिभोजनं कदाऽप्यकुर्वाणोऽपि यदि रात्रिभोजनत्यागस्य प्रतिज्ञां न कुर्यात्, तर्हि कदाचिद्विवाहादिप्रसङ्गेषु देशान्तरगमनादिषु वा स परैः प्रेरितः, स्वयमेव वा रात्रिभोजनं कुर्यात् । यतस्तस्य प्रतिज्ञा नास्ति । किन्तु यो गृही रात्रिभोजनत्यागस्य प्रतिज्ञां विदध्यात् । स तु कुत्रापि केनापि प्रेरितो न रात्रिभोजनं करोति । यतस्तस्य मनसि भयं समुत्पद्यते "यद्यहं रात्रिभोजनं कुर्याम्, तदा प्रतिज्ञाभङ्गो भवेत् । प्रतिज्ञाभङ्गश्च महानर्थकारी"इति । इत्थञ्च रात्रिभोजनत्यागप्रतिज्ञा प्रतिज्ञाभङ्गस्य भयं समुत्पाद्य प्रतिज्ञापालने दृढयत्नं जनयतीति सा प्रतिज्ञाऽतीवोपयोगिनी भवति । प्रतिज्ञारहितस्तु श्रावकः तथाविधं भयं न प्राप्नोति । अत एव तस्य रात्रिभोजनत्यागे दृढप्रयत्नो न भवति । अत एव स रात्रिभोजनं करोति ।

तथा अष्टोपवासान्कर्तुमिच्छन्नपि यस्तपस्वी प्रतिदिनमेकैकोपवासस्यैव प्रतिज्ञां करोति । स कदाचित्तृतीयादिदिने बुभुक्षितः सन् पारणकमपि कुर्यात् । यस्तु प्रथम एव दिनेऽष्टोपवासानां प्रतिज्ञां करोति । तस्याष्टदिनानि यावत् कदापि पारणककरणविचारो न भवति । इत्थञ्च प्रतिज्ञा दृढयत्नमुत्पादयित्वा पापत्यागे पुण्यकरणे वाऽतीवोपयोगिनी भवतीति स्थितम् ।

एवमत्रापि गुर्वग्रहादिषु पापमकुर्वाणोऽपि, शिथिलयत्नमकुर्वाणोऽपि च साधुर्यदि नैषेधिकीप्रयोगरूपां पापत्यागस्य दृढयत्नस्य च प्रतिज्ञां न कुर्यात्, तदा स कदाचिद्गुर्ववग्रहे मन्दप्रयत्नवान्सन् गुर्वाशातनादिकं कुर्यात् । यतस्तस्य मनसि प्रतिज्ञाभङ्गस्य भयं नास्ति ।

यस्तु नैषेधिकीप्रयोगरूपां प्रतिज्ञां करोति । स तु "यद्यहं शिथिलप्रयत्नवान् भविष्यामि, तदा गुर्वाशातनादिकं भवेत् । ततश्च प्रतिज्ञाभङ्गो भवेत् । प्रतिज्ञाभङ्गश्च महानर्थकारी"इति भयाद्भीतः सन्पापत्यागे दृढयत्नवान्भवतीति शब्दप्रयोगः प्रतिज्ञारूपोऽतीवोपयोगी भवति ।

किञ्च दृढयत्नपूर्विका क्रिया क्षायोपशमिकभावेन क्रियते । क्रिया च येन भावेन क्रियते, तस्य भावस्य वृद्धिं जनयतीति नियमः । क्षयोपशमभाववृद्धिश्च क्रमशः क्षायिकभावं सम्पाद्य परमपदं प्रापयतीति । अत्रापि नैषेधिकीप्रयोगरूपप्रतिज्ञया दृढयत्नो भवति । दृढयत्नपूर्विका च क्रिया क्षायोपशमिकभाववृद्धिकरी । सा वृद्धिश्च क्षायिकभावं जनयति । स च क्षायिकभावः परमपदं जनयतीति नैषेधिकीप्रयोगः पारम्पर्येण मोक्षसंपादको भवतीति सोऽपि युक्त एवेति फलितम् ।

ननु ज्ञाता तावत्संपूर्णा नैषेधिकीसामाचारी । किन्तु तत्र यो दृढप्रयत्नः प्रतिपाद्यते, तस्य तु सम्यक्स्वरूपं ज्ञातुमिच्छामि । कुरुष्वानुग्रहमिति चेत्शृणु ।

यथा कण्टकादिभिर्विरहिते मार्गे चलन्जन इतस्ततो दृष्टिं पातयंश्चलति । किन्तु स एव जनः कण्टकादिभिर्व्याप्ते मार्गे चलन्कुत्रापीतस्ततो दृष्टिं न पातयति । मनस्यपि नान्यत्किञ्चिच्चिन्तयति । केवलमधस्तादेव पश्यन्कण्टकान्परित्यजन्गच्छति । तस्य स प्रयत्नो दृढप्रयत्न उच्यते ।

यथा वा रिपुसहस्रस्याग्रे स्थितो योद्धा क्षणमपि प्रमादं न करोति । अतीवाप्रमत्तो भूत्वा सङ्ग्रामं करोति। तस्य स प्रयत्नो दृढप्रयत्न उच्यते ।

यथा कश्चिद्राजाऽपराधिनं कथितवान् "यदि त्वं तैलपरिपूर्णं पात्रं गृहीत्वा समग्रे नगरे पर्यटेः, तैलस्य बिन्दुमपि न पातयेः, तदाऽहं त्वां मुञ्चामि । अन्यथा मारयामि"इति । स चापराधी मरणभयभीतो लोकपूरितेऽपि नगरे कुत्रापि दृष्टिमपातयन्नतीवाप्रमत्तो भूत्वा पर्यटति । तस्य स प्रयत्नो दृढप्रयत्न उच्यते ।

एवं गुरुदेवानामवग्रहे "तेषामाशातना मा भूद्"इति गुर्वाद्याशातनाभयभीतः साधुस्तदाशातनापरिहारार्थं संयमयोगे तीव्रप्रयत्नसम्पादनार्थञ्चातीवाप्रमत्तो भवतीति बोध्यम् ।

अत्रावश्यकीनैषेधिकीसामाचार्योरर्थस्तावदेक एव । यतः पापनिषेधोऽप्यावश्यककार्यरूप एव । तथापि गमनकाले आवश्यकी, गुर्वाद्यवग्रहप्रवेशकाले नैषेधिकीति व्यवस्था बोद्धव्या ।

**पञ्चमी नैषेधिकीसामाचारी समाप्ता**

●

# સંયમ રંગ લાગ્યો

## (દશવિધ ચક્રવાલ સામાચારીઓ)

**सामायारीं पवक्खामि, सव्वदुक्खविमोक्खणीं । जं चरित्ताण निग्गंथा तिण्णा संसारसागरं ॥**

ઉત્તરાધ્યયનસૂત્રમાં ગણધર ભગવંતો કહે છે કે, "આ દશવિધ ચક્રવાલ સામાચારી સંસારના સર્વદુઃખોમાંથી છુટકારો અપાવડાવી મોક્ષમાં પહોંચાડનારી છે. આ સામાચારીનું પાલન કરીને સાધુઓ સંસારસાગરનો પાર પામ્યા છે. એ સામાચારી હું તમને કહીશ."

સામાચારીઓ કુલ દસ છે. (૧) ઈચ્છાકાર (૨) મિચ્છાકાર (૩) તથાકાર (૪) આવસ્સહિ (૫) નિસીહિ (૬) આપૃચ્છા (૭) પ્રતિપૃચ્છા (૮) છંદના (૯) નિમન્ત્રણા (૧૦) ઉપસંપદા.

આ સામાચારીઓ રોજેરોજ વારાફરતી સતત ઉપયોગમાં આવનારી છે. સાધુઓએ સાધુજીવનમાં શી રીતે જીવવું? એનું સ્પષ્ટ નિરૂપણ કરનાર આ સાધુઓનું નાગરિક શાસ્ત્ર કહેવાય.

જો આ દસ સામાચારીઓનું બરાબર પાલન કરવામાં આવે તો સાધુજીવનમાં થતાં સંક્લેશો, આર્તધ્યાનો નાશ પામે. સાધુપણામાં લાગતા ડાઘાઓ ધોવાતા જાય, નવા ડાઘાઓ લાગતા અટકે.

આવશ્યકનિર્યુક્તિ, પંચાશક વિગેરે અનેક ગ્રન્થોમાં દસ સામાચારીનું નિરૂપણ કરેલું જ છે. પણ મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે 'સામાચારી પ્રકરણ' નામનો સ્વતંત્ર ગ્રન્થ રચી, વિસ્તારથી એ સામાચારીઓનું નિરૂપણ કરી શ્રમણસંઘ ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો છે. મુખ્યત્વે એ ગ્રન્થને અનુસારે, આ કાળને અનુસારે અહીં ક્રમશઃ દસ સામાચારીઓનું નિરૂપણ કરવામાં આવશે.

### (૧) ઈચ્છાકાર સામાચારી

ઉત્સર્ગ માર્ગ તો એ જ છે કે, દરેક સાધુ-સાધ્વીજીઓએ પોતાના નાના-મોટા દરેક કાર્યો જાતે જ કરવા જોઈએ. કાપ કાઢવો, કપડા સુકવવા, વસ્ત્રોનું પ્રતિલેખન, પાતરાનું પ્રતિલેખન, સ્થંડિલ-માત્રાના પ્યાલા પરઠવવા વિગેરે વિગેરે પોતાના તમામ કાર્યો પ્રત્યેક દીક્ષિતોએ જાતે જ કરવા જોઈએ. પોતાનાથી નાના કે પોતાનાથી મોટા કોઈપણ સાધુઓને સાધુ પોતાનું કોઈપણ કાર્ય સોંપી ન શકે.

એના મુખ્યત્વે બે કારણો છે. (૧) પોતાનું કામ પોતે કરી શકે તેમ હોવા છતાં, પ્રમાદાદિને કારણે બીજાને સોંપે એટલે એ સાધુ વીર્યાચારનું પાલન ગુમાવે. એને વીર્યાચારમાં અતિચાર લાગે. (૨) જેને કામ સોંપવામાં આવે એને એ કામ કરવું ન પણ ગમે. સામાન્યથી બીજાનું કાર્ય હોંશે હોંશે કરનારા આત્માઓ તો ખૂબ ઓછા જ હોય. એટલે સાધુ જો બીજા સહવર્તિને કામ સોંપે તો એને થોડું-ઘણું પણ માનસિક દુઃખ થવાની શક્યતા છે. કરૂણાપ્રધાન જિનશાસનમાં પંચ મહાવ્રતધારી સાધુ પોતાના નિમિત્તે કોઈને પણ, લેશ પણ માનસિક દુઃખ ન પડે એની સતત કાળજી રાખે. માટે એણે પોતાના દરેક કાર્યો સ્વયં કરવા.

આ જ કારણસર શાસ્ત્રકારોએ સાધુઓ માટે એક વિશેષણ વાપરેલ છે, "સ્વયંદાસાસ્તપોધનાઃ" સાધુઓ 'સ્વયંદાસ' હોય. એટલે કે સાધુ પોતે જ શેઠ અને પોતે જ પોતાનો નોકર હોય. શેઠીયાઓ કંઈપણ કામ આવી પડે એટલે પોતાના નોકરને જ બધા કામ સોંપે. સાધુ પણ પોતાને કંઈ પણ કામ આવી પડે તો પોતાના નોકરને જ એ કામ સોંપે. સાધુનો નોકર સાધુ પોતે જ છે.

પાણી વહોરવા જવા માટે ઘડાનો દોરો પ્રતિલેખન કરવો છે. ઘડા-ટોક્સી વિગેરેનું પ્રતિલેખન થઈ ગયું છે. એ વખતે સાધુ પાતરા પ્રતિલેખન કરનારાને કહી દે છે કે, 'આ દોરો પ્રતિલેખન કરી આપો', કેમકે એ સાધુએ નવી ઈરિયાવહિ ન કરવી પડે. પણ આટલું નાનકડું કામ પણ સોંપી ન શકાય. સાધુએ ફરી ઈરિયાવહિ કરી જાતે દોરો પ્રતિલેખન કરવો જોઈએ.

એમ બહાર ઠલ્લે-દેરાસર જવું છે. દાંડો પહેલા માળે પડ્યો છે. ત્યાંથી કોઈ સાધુ નીચે આવી જ રહ્યો છે. એ વખતે નીચે રહેલો સાધુ એને કહી દે કે, 'ઉપરથી મારો દાંડો લેતા આવજો. મારે ઠલ્લે જવું છે.' આટલું નાનકડું કાર્ય પણ ન સોંપાય. સાધુએ જાતે ઉપર ચડીને એ દાંડો લેવો પડે.

આ બધો ઉત્સર્ગમાર્ગ બતાવ્યો. ઉત્સર્ગમાર્ગમાં ક્યાંય ઈચ્છાકાર સામાચારીનું પાલન આવતું જ નથી. પણ જિનશાસનનો રથ ઉત્સર્ગ-અપવાદ એ બે પૈડાં ઉપર ચાલે છે. નીચે કેટલાક કારણો બતાવવામાં આવશે, એવા કારણોસર સાધુ ઉત્સર્ગમાર્ગ છોડી બીજાઓને પોતાનું કામ સોંપવા રૂપ અપવાદમાર્ગનું આચરણ કરી શકે. આ અપવાદમાર્ગનું પાલન કરવાનો જ્યારે અવસર આવે ત્યારે આ ઈચ્છાકાર સામાચારીનું પાલન કરવાનું હોય છે.

**શિષ્ય :** 'ઈચ્છાકાર' એટલે શું ?

**ગુરુ :** અપવાદમાર્ગે જ્યારે બીજાને પોતાનું કામ સોંપવાનું હોય ત્યારે 'આ કામ તમે તમારી ઈચ્છાથી કરશો ને? તમને આ કામ કરતા દુઃખ નહિ થાય ને ? સહર્ષ કરશો ને ?' એમ નમ્રતાપૂર્વકના શબ્દો બોલવા એ 'ઈચ્છાકાર' કહેવાય.

અહીં ખ્યાલ રાખવો કે, જો નિષ્કારણ સાધુઓને પણ આપણું કામ ન સોંપાય તો પછી અવિરતિમાં ખૂંપેલા શ્રાવકોને તો શી રીતે આપણું કામ સોંપાય ? આપણે સોંપેલું કામ કરતા એ શ્રાવકો જે કાંઈપણ હિંસાદિ કરે એનું પાપ આપણને લાગે. અરે, વંદન કરવા આવેલા શ્રાવકને સાધુ એટલું પણ કહે કે, 'તમે ઉપર વંદન કરવા જવાના છો તો આ એક પુસ્તક ઉપર અમુક સાધુને આપજો.' તો પણ એ ભૂલ કહેવાય, કેમકે એ શ્રાવક ઈર્યાસમિતિ વિગેરે પાળવાનો નથી. એટલે એના દ્વારા થનારી વિરાધનાનો દોષ સાધુને લાગે. એ ઉપરાંત વીર્યાચારમાં અતિચાર લાગે... એ બધું તો ખરું જ. એટલે શ્રાવકોને તો કોઈ કામ ન સોંપાય.

હા, જે કામ સાધુથી ન થાય અને આવશ્યક હોય તો એ કામ અપવાદમાર્ગે શ્રાવકને સોંપાય. દા.ત. દુકાનમાંથી દવા મંગાવવી, ડોક્ટર બોલાવવા, અતિ અગત્યના કામે ફોન કરાવવો વિગેરે.

**શિષ્ય :** એ કારણો કયા છે કે જે વખતે અપવાદ માર્ગે આપણું કામ બીજાને સોંપી શકાય ?

**ગુરુ :** એ ત્રણ કારણો છે.

(૧) સાધુને પોતાનું એ કામ આવડતું જ ન હોય. કદાચ એ કામ કરવા જાય તો કામ બગડી જાય તેમ હોય. એ વખતે તે સાધુ એ કામ બીજા સાધુને સોંપી શકે. દા.તઃ દંડાસનની દસીઓ છુટી પડી ગઈ. સાધુને બાંધતા આવડતી નથી. પાતરું તૂટી ગયું. સાધુને બરાબર સાંધતા આવડતું નથી. નવા સાધુઓને કાપ કાઢતા આવડતો ન હોય. કપડો ફાટી ગયો, સાધુને સીવતા આવડતું નથી. એમ પાતરાઓ રંગવા, ઓઘો ટાંકવો, ફાટેલા પુસ્તકને સાંધવું વિગેરે કાર્યો સાધુને ન આવડે તો એ કામો જેને આવડતા હોય એ સાધુઓને પોતાના તે તે કાર્યો સોંપે. બીજી બાજુ પોતે મહેનત કરીને એ કાર્યો શીખી પણ લે. કાયમ માટે 'મને આવડતું નથી' એમ કહેવું અને શીખવા માટે પ્રયત્ન ન કરવો' એ સાધુ માટે ઉચિત નથી.

(૨) કામ તો આવડતું હોય પણ એ કામ કરવાની શક્તિ ન હોય. દા.ત. ૨-૩ ડીગ્રી તાવવાળો સાધુ

પોતાનું પ્રતિલેખન ન કરી શકે, માંડલીનું કામ પણ ન કરી શકે. ભારે પાટ એક સ્થાનેથી બીજા સ્થાને મૂકવી હોય તો એકલો ઉપાડી ન શકે. ભંડારમાંથી આઠ-દસ પુસ્તકો લાવવાના હોય. ગ્લાન સાધુની વૈયાવચ્ચ કરનારને એકસાથે ગ્લાન સાધુની ઘણી બધી ઉપધિનો કાપ કાઢવાનો વખત આવે આ વખતે એ સાધુ બીજાને પોતાનું તે તે કામ સોંપી શકે.

(૩) સાધુ તે તે કામ કરવાની આવડત ધરાવતો હોય, પોતે તે કામ કરવા સમર્થ પણ હોય, માંદગી વિગેરેને કારણે અસમર્થ ન હોય છતાં એ કામ કરવાના અવસરે જ બીજું કામ આવી પડે. એ વખતે એ સાધુ પોતાનું ચાલુ કામ બીજાને સોંપી શકે.

પણ એ જે બીજું કામ આવી પડ્યું છે તે કામ (i) ચાલુ કામ કરતા વધુ નિર્જરાકારી હોવું જોઈએ. (ii) એ બીજું આવી પડેલું કામ આ સાધુ સિવાય બીજો કોઈ સાધુ ન કરી શકે તેવું હોવું જોઈએ. આવું હોય તો જ એ સાધુ ચાલુ કામ બીજાને સોંપી શકે.

દા.ત. વ્યાખ્યાનકાર સાધુ કાપ કાઢે છે. એ જ વખતે અચાનક બહારથી આવેલા શ્રાવકોએ ગુરુને વિનંતિ કરી કે, "અમને અડધો કલાક વ્યાખ્યાન આપો." ગુરુની તબિયત સારી ન હોવાથી એમણે વ્યાખ્યાનકાર સાધુને વ્યાખ્યાન કરવાનો આદેશ કર્યો. હવે આ વ્યાખ્યાનકાર સિવાય બીજો કોઈપણ સાધુ વ્યાખ્યાન કરી શકે એમ નથી. અને આ તો ગુરૂનું કાર્ય હોવાથી વિશેષ લાભ પણ છે જ. એટલે આ વખતે એ વ્યાખ્યાનકાર સાધુ પોતાનું કાર્ય બીજાને સોંપી દઈ વ્યાખ્યાન કરવાનું કામ કરે.

હા, બીજો કોઈ સાધુ વ્યાખ્યાનકાર તરીકે હાજર હોય તો પછી આ કાપ કાઢનાર પ્રભાવક સાધુ પોતાનું કામ બીજાને ન સોંપી શકે. એ બીજો વ્યાખ્યાનકાર સાધુ જ વ્યાખ્યાન કરે.

એમ, ગુરુએ વિદ્વાન સાધુને બે દિવસ સુધીમાં અમુક શાસ્ત્રપાઠો કાઢવાનું કામ સોંપ્યુ હોય. હવે એ કામ આ જ સાધુ કરી શકે એમ છે. પણ એ કામ કરવા માટે બે દિવસ જેટલો લાંબો સમય એને મળ્યો છે. એટલે એ પોતાના પ્રતિલેખન, માંડલીનું કામ વિગેરે કાર્યો બીજાને સોંપી દે અને કહે કે, 'મારે ગુરુનું અગત્યનું કામ છે.' તો એ ન ચાલે. આ સ્થળે ગુરુનું પાઠો કાઢવાનું કામ એ પોતાના નિત્ય કાર્યો કરતા વિશેષ નિર્જરાકારી ન ગણાય. એ સાધુએ પોતાના કામો જાતે જ કરી બાકીના પુષ્કળ સમયમાં એ ગુરૂનું કામ કરવું જોઈએ.

આમ, ઉપરના ત્રણ કારણોમાંથી કોઈપણ કારણ આવી પડે ત્યારે સાધુ પોતાના કાર્યો બીજા સાધુને સોંપી શકે.

**શિષ્ય :** એ કાર્યો કોને સોંપી શકાય ?

**ગુરુ :** સુંદર પ્રશ્ન કર્યો. આવા અપવાદ માર્ગે પણ પોતાનું કામ પોતાનાથી વડીલ સાધુને તો ન જ સોંપાય. પણ પોતાનાથી નાના સાધુઓને જ સોંપાય. વડીલ તો વંદનીય છે, રત્નાધિક છે. એમની પાસે આપણું કામ કરાવવું એ વડીલની આશાતના છે. (હા, એમાં ય અપવાદ હોઈ શકે ખરો.)

**શિષ્ય :** આપે જણાવ્યું કે ઉપર બતાવેલા ત્રણ કારણોસર નાના સાધુને અપવાદ માર્ગે પોતાનું કામ સોંપતી વખતે વડીલ સાધુએ ઈચ્છાકાર સામાચારી પાળવાની છે. એ પાળવાની પદ્ધતિ તો બતાવો ?

**ગુરુ :** કોઈપણ જીવને માનસિક દુઃખ પણ ન થાય એ આ ઈચ્છાકાર સામાચારીનો મુખ્ય આશય છે. એટલે વડીલ જો નાનાને એમ કહે કે, "મારું આ કામ પતાવી દેજો," તો નાના સાધુને ન જ ગમે. બળજબરીથી કામ કરવું કોઈને ન ગમે. એટલે વડીલોએ આવી ભાષામાં કામ ન સોંપવું, પરંતુ ખૂબ નમ્રતાપૂર્વક કહેવું કે, "મુનિવર, આપને મારું આ એક કામ કરવું ફાવશે ? આપને કોઈ તકલિફ નહિ પડે ને ? આપના બીજા કામો

અટકી નહિ પડે ને ? તમે ઈચ્છાપૂર્વક મારું કામ કરશો ને ?" આ શબ્દો નાના સાધુને લેશ પણ પીડાકારી ન બને.

ટૂંકમાં વડીલના શબ્દો એવા હોવા જોઈએ કે નાના સાધુને કોઈક કારણસર એ કામ કરવાની ના પાડવી હોય તો એમાં એને વડીલને ખોટું લાગવાનો ભય ન લાગે. "હું ના પાડીશ તો વડીલ બધાને મારી ફરિયાદ કરશે." ઈત્યાદિ કોઈ ભય નાના સાધુને લાગવો ન જોઈએ. જો એવો ભય લાગતો હોય, તો વડીલ સાધુના વર્તનમાં, શબ્દોમાં નક્કી કંઈક ખામી, કર્કશતા હોવાની શક્યતા છે.

**શિષ્ય :** વડીલ સાધુ આદેશાત્મક ભાષામાં નાનાઓને કામ સોંપે તો વડીલને શું નુકસાન થાય ?

**ગુરુ :** આ વડીલ એ નાના સાધુઓને પોતાના નોકર તરીકે કામ કરાવનાર ગણાય કેમકે નોકરને જ આ રીતે આદેશ કરી શકાય. હવે જેઓ બીજા સાધુઓને નોકર તરીકે કામ કરાવે તેઓ આવતા ભવમાં સ્વયં નોકર બને. અર્થાત્ આભિયોગિકનામકર્મ બાંધે. નીચ ગોત્ર બાંધે.

(નીચ ગોત્ર બીજા ગુણસ્થાન સુધી જ બંધાય છે એટલે એનો અર્થ એ કે આદેશાત્મક ભાષામાં નાના સાધુઓને પણ કારણસર કામ સોંપનારા વડીલ મિથ્યાત્વ ગુણસ્થાન પામી જાય એવી પાકી શક્યતા છે.)

**શિષ્ય :** વડીલની ફરજ શું છે ? એ તો આપે બતાવ્યું. પણ એ વખતે નાના સાધુઓની શી ફરજ છે ? એ તો જણાવો.

**ગુરુ :** વડીલ કોઈપણ કામ સોંપે ત્યારે નાના સાધુ કહે કે,"અહો ! આપે તો મારા ઉપર ખૂબ ઉપકાર કર્યો. આપની સેવાનો લાભ મને ક્યાંથી મળે ? મને તો આ કામ કરવામાં ખૂબ આનંદ થશે. બીજા પણ કોઈ કામો હોય, તો અવશ્ય બતાવજો." એ વખતે નાના સાધુએ મુખ ઉપર સાચો હર્ષોલ્લાસ વ્યક્ત કરવો જોઈએ.

આવું બોલવું એ નાના સાધુ માટે ઈચ્છાકાર સામાચારી ગણાય.

**શિષ્ય :** વડીલનું કામ કરવામાં આવા નાટકો કરવાની શી જરૂર છે ? નાના સાધુ એ કામ કરી આપે જ એમની ફરજ છે. એમાં આવા શબ્દો બોલવાની, મુખ ઉપર હર્ષોલ્લાસ દેખાડવાની શી જરૂર છે ? આ તો નાટકીયાઓનું કામ છે.

**ગુરુ :** શાસ્ત્રોના રહસ્યો તું જાણતો નથી માટે આવા અપશબ્દો બોલે છે. જો નાનો સાધુ આવા ઉત્કૃષ્ટ શબ્દો, હાવ-ભાવો પ્રગટ ન કરે અને કંઈપણ બોલ્યા વિના એ કામ કરવા લાગી પડે તો ભલે એના મનમાં ખૂબ સારા ભાવ છે. છતાં વડીલને તો એમ જ લાગે કે, "આને મારું કામ કરવું ગમતું નથી. ના છુટકે, શરમથી જ કામ સ્વીકાર્યું છે માટે તો એના મુખ ઉપર કોઈ ઉલ્લાસ દેખાતો નથી." એટલે વડીલને પણ દુઃખ થાય અને ભવિષ્યમાં એ વડીલ બીજીવાર આ સાધુને પોતાનું કામ ન સોંપે. આમાં નાનો સાધુ વડીલોનું વૈયાવચ્ચ ગુમાવે વડીલને દુઃખ થાય એમાં નિમિત્ત બનવાનો દોષ પણ નાના સાધુને લાગે.

એને બદલે જો એ નાનો સાધુ હર્ષોલ્લાસ, સુંદર શબ્દો પ્રગટ કરે તો નીચે પ્રમાણે ફાયદો થાય.

(૧) નાના સાધુનો આ વિનય, વૈયાવચ્ચ કરવાનો ઉલ્લાસ જોઈ વડીલને ખૂબ આનંદ થાય. "આ સાધુ કેટલો સારો છે ? કેવો ભક્તિવાળો છે ?" એવા ભાવો વડીલના મનમાં પ્રગટ થાય. વડીલોને ગુરુને આનંદ પહોંચાડવામાં જે સાધુ નિમિત્ત બને એ સાધુ પુષ્કળ પુણ્યકર્મ બાંધે. પોતાના ઉચિત વર્તન દ્વારા જે સાધુઓ ગુરુ કે વડીલાદિને પ્રસન્ન કરે છે. તેઓ મહાભાગ્યશાળી કહેવાય.

(૨) એ નાનો સાધુ ઉચ્ચ ગોત્ર કર્મ બાંધે. એ સાધુ હવે પછીના ભવોમાં હલકા કુળોમાં ઉત્પન્ન ન થાય. પણ ખાનદાન કુળોમાં, ઊંચા સ્થાનોમાં જન્મ પામે.

(૩) સૌથી મોટી વાત તો એ છે કે, નાના સાધુએ વડીલોનું કામ સ્વીકારતી વખતે હર્ષોલ્લાસ દેખાડવો, ઈચ્છાકાર રૂપ મધુર શબ્દો બોલવા એ તારક તીર્થંકર દેવોની આજ્ઞા છે. એટલે આવું કરનાર નાનો સાધુ તો જિનાજ્ઞાપાલન દ્વારા પુષ્કળ અશુભ કર્મોનો ક્ષય પ્રાપ્ત કરે છે.

જો સાધુ આ આજ્ઞા ન પાળે તો વડીલાદિનું કામ કરવા છતાં એણે જિનાજ્ઞાનો ભંગ કરેલો હોવાથી એને મોટા અનર્થો થવાની શક્યતા રહે છે.

માટે, નાના સાધુએ હર્ષોલ્લાસ દેખાડવા પૂર્વક, મધુર વચનો બોલવાપૂર્વક વડીલાદિના કાર્યો સ્વીકારવા જોઈએ, કરવા જોઈએ.

**શિષ્ય :** એ સાધુને તો ત્રણ મોટા લાભો થયા પણ જે વડીલો કે ગુરુએ એ કામ સોંપ્યું, એમને શું લાભ? તેઓએ તો માત્ર ઈચ્છાકાર કર્યો. એ સિવાય એમણે તો કંઈ જ કર્યું નથી.

**ગુરુ :** એ વડીલોને પણ ત્રણ લાભો થાય.

(૧) "જો હું ઈચ્છાકાર વિના, બળજબરીથી કે આદેશાત્મક ભાષા વાપરી નાના સાધુને કામ સોંપીશ તો એને મનમાં થોડુંય દુઃખ તો થશે જ. ગમે તેવા સારા સાધુને પણ આવી બળજબરી ન ગમે. અને હું કોઈપણ જીવને મારા નિમિત્તે પીડા આપવા માંગતો નથી." આવી અપૂર્વ કરૂણાથી ભરેલા હૃદયવાળા વડીલો જ આદેશને બદલે ઈચ્છાકાર કરે છે. આ ઉત્તમ પરિણામોને લીધે તેઓને પણ ઉચ્ચ ગોત્રાદિ પુણ્ય કર્મ બંધાય. નોકર બનાવનારા અશુભકર્મો ન બંધાય, જુના અશુભ કર્મોની નિર્જરા થાય.

(૨) એ વડીલો પણ જિનાજ્ઞાનું પાલન કરેલું હોવાથી પુષ્કળ કર્મક્ષય પ્રાપ્ત કરે.

(૩) વડીલ મુનિ નાના મુનિને કામ સોંપે ત્યારે પણ આટલી બધી નમ્રતા દેખાડે એ જોઈને ત્યાં ઊભા રહેલા શ્રાવકો સ્તબ્ધ બની જાય. શું આ જિનશાસનની અદ્ભુત વ્યવસ્થા ! નાના સાધુને માનસિક દુઃખ પણ ન થાય એ માટે વડીલો પણ કેટલી બધી નમ્રતા દાખવે છે. આ રીતે શ્રાવકાદિઓમાં જિનશાસન પ્રત્યે બહુમાનભાવ ઉત્પન્ન થાય. આવી લોકોત્તમ સામાચારી જોઈને કેટલાકોને દીક્ષા લેવાની ભાવના પણ થાય, કેટલાકો સમ્યગ્દર્શનાદિ ગુણો પણ પામે. આ બધો લાભ ઈચ્છાકાર કરતા વડીલ મુનિના ફાળે જાય.

**શિષ્ય :** ગમે તેમ તો ય, આ ઈચ્છાકાર એ બાહ્ય વ્યવહાર છે. આત્માને જે કંઈ સારા-ખરાબ ફળો મળે છે. એ એના શુભાશુભ પરિણામ પ્રમાણે મળે છે. જો પરિણામ સારા હોય તો શુભ ફળો મળે. એટલે આ ઈચ્છાકારાદિ બાહ્ય વ્યવહાર મને તો નકામો લાગે છે.

**ગુરુ :** વધુ પડતા નિશ્ચયનયના શ્રવણ વાંચન કર્યાનું આ પરિણામ છે. ઈચ્છાકાર એ પાંચ આચારોમાંથી વીર્યાચાર નામનો આચાર છે અને એ આચાર પણ નિર્જરાનું કારણ છે. બેશક, અંદરના પરિણામો નિર્જરામાં કારણ છે પણ એ સાથે વીર્યાચાર ભળે તો વધુ નિર્જરા થાય. એટલે જે સાધુ વડીલોના કામ ભાવપૂર્વક કરે એને એના ભાવ પ્રમાણેની નિર્જરા તો મળી જાય પણ વીર્યાચારનું પાલન ન કરેલું હોવાથી એની નિર્જરા તો એને ન જ મળે. એટલે જેણે સંપૂર્ણ નિર્જરા મેળવવી હોય એણે અંદર શુભ ભાવ સાથે વીર્યાચારનું પાલન કરવું જોઈએ.

**શિષ્ય :** ગુરુદેવ ! આપની આ વાત તો મને માન્ય છે પણ વડીલો જ્યારે કામ સોંપે એ વખતે નાના સાધુને કોઈપણ કારણસર એ કામ કરવું ફાવે તેમ ન હોય તો ? નાના સાધુને જ સખત માથું દુઃખતું હોય અથવા ગુરુએ એ નાનાને બીજું મહત્ત્વનું કામ સોંપેલું જ હોય. અથવા નાના સાધુને તાત્કાલિક બહાર ઠલ્લે જવું હોય, આ બધા કારણોમાં એ સાધુ શી રીતે વડીલનું કામ સ્વીકારે ?

**ગુરુ :** આવા કારણો આવી પડે ત્યારે નાનો સાધુ વડીલને કહે કે,"આપનું આ કાપ કાઢવાદિ કામ હું અવશ્ય કરત, મને ખૂબ લાભ થાત, પણ મારે ઠલ્લે જવું છે, મારી તબિયત બિલકુલ સારી નથી. ગુરુએ મને આ કામ તાત્કાલિક પૂર્ણ કરવા આપ્યું છે. એટલે મને ક્ષમા કરશો, આપનું કામ હું નહિ કરી શકું."

ખાસ મહત્વની વાત એ કે, નાના સાધુએ "શા માટે પોતે આ કામ નહિ કરી શકે" એ કારણ અવશ્ય જણાવવું. જો કારણ ન જણાવે અને માત્ર એટલું જ કહી દે કે,"આ કામ હું નહી કરી શકું." તો વડીલને દુઃખ થાય. એવા વિચાર પણ આવે કે, "આ સાધુ કામચોર છે, ઉદ્ધત છે. હું કારણસર એમને કામ સોંપું છું, તો પણ ચોખ્ખી ના પાડી દે છે" આ રીતે પરસ્પર સંક્લેશ, અસદ્ભાવ ઉત્પન્ન થાય. એ ન થાય એ માટે સાધુએ એ કામ ન કરી શકવા માટેનું કારણ નમ્રતાપૂર્વક અવશ્ય જણાવવું.

**શિષ્ય :** આ તો જ્યારે વડીલ સાધુ નાનાઓને કામ સોંપે ત્યારની મર્યાદાઓ બતાવી. પણ વડીલ સામેથી કામ ન સોંપે ત્યારે પણ નાનાઓએ એમનું કામ કરવા દોડી ન જવું જોઈએ ?

**ગુરુ :** હા, અવશ્ય દોડી જવું. વડીલોની ભક્તિ, વૈયાવચ્ચનો લાભ અનંત પુણ્ય હોય તો જ મળે. વડીલ કાપ કાઢતા હોય તો નાનો સાધુ વડીલે વિનંતિ ન કરી હોવા છતાં સામેથી એમને મદદ કરવા જાય. પણ એક કાળજી રાખવાની કે ભક્તિભાવથી પણ વડીલની રજા લીધા વિના વડીલનું કાર્ય ન કરવું. વડીલને પૂછવું કે, "સાહેબજી, આપ મને રજા આપો. મારે આપને કાર્યમાં મદદ કરવી છે. આપને તો મારી મદદની જરૂર નથી, પણ મને આ વૈયાવચ્ચ, ભક્તિનો લાભ શી રીત મળે ?" આમ વિનંતિ કર્યા બાદ વડીલ અનુમતિ આપે પછી જ એમના કાપાદિ કાર્યમાં જોડાઈ જવું. આ રીતે વડીલને પૂછવું એ પણ ઈચ્છાકાર કહેવાય. વડીલ ના પાડે તો ફરી ફરી ભારપૂર્વક વિનંતિ કરવી. પણ એ હા ન પાડે ત્યાં સુધી તો એમનું કામ ભક્તિભાવથી પણ ન કરાય.

**શિષ્ય :** આ તો વિચિત્ર વાત છે. અરે, સાધુ સામેથી ભક્તિ કરવા જાય એમાંય રજા લેવી પડે ? એમની રજા લીધા વિના એમનું કામ કરી દઈએ તો એમને આનંદ જ થવાનો છે ને ? ઉલટું સ્નેહભાવ વધશે.

**ગુરુ :** પહેલી વાત તો એ છે કે આ બધી જિનાજ્ઞા છે, મર્યાદાઓ છે. એમાં આપણી બુદ્ધિ લગાડી કુર્તકો કરવા એ યોગ્ય નથી. જે પ્રમાણે જિનેશ્વરોની આજ્ઞા હોય એ પ્રમાણે જ વર્તવું. બીજું એ કે આમાં પણ ઘણું રહસ્ય છુપાયેલું છે. એક સાધુને એવી બાધા હતી કે, 'મારું પ્રતિલેખન મારે જાતે જ કરવું. બીજા કોઈ કરી જાય તો મારે ઉપવાસ કરવો.' સાથેના કેટલાક સાધુઓને આ ખબર ન હતી એટલે એકવાર બાધાવાળા સાધુ બપોરે ગોચરી વાપરતા હતા ત્યારે બીજા સાધુએ ભક્તિભાવથી એમનું બધું પ્રતિલેખન કરી લીધું. પણ એ માટે રજા ન લીધી. બાધાવાળા સાધુ ગોચરી વાપર્યા પછી સ્થાન ઉપર પહોંચ્યા એટલે બધી ઉપધિ પ્રતિલખેન કરેલી જોઈ. એમને દુઃખ થયું. બીજા દિવસે ઉપવાસ કર્યો.

ઘણીવાર ગોચરી માંડલીમાં મિષ્ટાન્નાદિ સારી વસ્તુ પણ કોઈ સાધુના એંઠાં પાત્રામાં એની રજા વિના નાંખી દઈએ તો ઝઘડાઓ થાય છે. પેલો સાધુ વધી પડવાથી હેરાન થતો હોય એમાં બીજું મિષ્ટાન્ન પાત્રામાં પડે એટલે એ ક્રોધે ભરાઈ જેમ તેમ બોલે.

કેટલાક સાધુઓને સ્વાવલંબી જીવન જ ખૂબ ગમે. એટલે બીજો સાધુ જો પૂછ્યા વિના એમનું કાર્ય કરે તો એમને બિલકુલ ન ગમે. વળી વડીલની કાપ કાઢવાની પદ્ધતિ જુદા પ્રકારની હોય. એમને એકદમ ચોખ્ખો કાપ કાઢવો હોય. નાનો સાધુ કાપમાં બેસે તો વડીલની ઈચ્છા મુજબ કાપ ન પણ નીકળે. એટલે જ કેટલાકને પોતાના કાપમાં બીજા બેસે એ ન ગમે.

આવા અનેક પરિબળો એવા છે કે જેમાં સાધુ ભક્તિ કરવા જાય પણ સામેવાળાની કમભક્તિ થઈ જાય.

એટલે ભક્તિથી બીજાનું કામ કરવું હોય તો ય એની રજા લઈને જ કરવાની શાસ્ત્રીય મર્યાદા એકદમ યોગ્ય છે.

ઘણીવાર એવું બને કે વડીલ સાધુ પોતાનું કામ કરતા થાકી ગયા હોય પણ બીજાને કામ સોંપતા એમને સંકોચ થતો હોય, ત્યારે ચાલાક નાના સાધુઓએ એમની મુંઝવણ પકડી પાડી સામેથી વિનંતી કરવી, 'સાહેબ ! આ કામ મને સોંપો' દા.ત. વડીલને ગોચરી જવાનું કામ સોંપાયું હોય પણ લાંબો વિહાર કરીને આવ્યા બાદ વડીલ થાક્યા હોય છતાં ખાનદાનીના કારણે બીજાને કામ ન સોંપતા હોય તો બીજા સાધુએ સામેથી જ એમનું ગોચરીનું કામ ખૂબ વિનંતી કરીને ઉપાડી લેવું જોઈએ.

અહીં સર્વત્ર વડીલ એટલે "સૌથી મોટા સાધુ" એમ ન સમજવું. પણ એક દિવસ પણ જે સાધુ દીક્ષાપર્યાયમાં મોટો હોય એ વડીલ બની જાય છે. એટલે એક વર્ષના દીક્ષાપર્યાયવાળા સાધુ માટે દોઢ વર્ષ, બે વર્ષના દીક્ષાપર્યાયવાળા બધા સાધુઓ વડીલ ગણાય.

વડીલ કોઈક સાધુને પોતાના કામમાં સહાય કરવા વિનંતી કરી રહ્યા છે એ દૂર સ્વાધ્યાયાદિ કરતો સાધુ જુએ છે તો એ સાધુ ત્યાં પહોંચી વડીલને કહે,"આ કામ મને સોંપો, મને ભક્તિનો લાભ મળે."

આમ જુદા જુદા અનેક પ્રકારે ઈચ્છાકાર સામાચારી કરવામાં આવે છે.

એક આશ્ચર્ય થાય તેવી વાત કરું.

નાના સાધુ જ્યારે પોતાની મેળે જ વડીલને સહાય કરવા તત્પર બને અને એ માટે વડીલની રજા લેવા વિનંતી કરે ત્યારે પણ વડીલે તરત એ કામ સોંપી ન દેવું પણ નાનાને પૂછવું કે,"તમને ખરેખર મારું કામ કરવાની ભાવના છે ને ? શરમના કારણે તો મારું કામ કરવા નથી આવ્યા ને ?" એમ કહ્યા બાદ જ્યારે નાનો સાધુ ખૂબ ભાવ દેખાડે ત્યારે એને કામ સોંપવું.

**શિષ્ય :** આની પાછળ કંઈ રહસ્ય ખરું ?

**ગુરુ :** હા, નાનો સાધુ ભલે સામેથી વડીલનું કામ કરવા આવ્યો છે, પણ એમાં એનો કામ કરવાનો ઉત્સાહ હોય જ એવો નિયમ નથી. ઘણીવાર એવું બને કે નાનો સાધુ શરમના કારણે પણ વડીલને સહાય કરવા આવે. દા.ત. મુખ્ય વડીલ કાપ કાઢતા હોય અને નાના સાધુઓ સ્વાધ્યાયાદિ કરતા હોય ત્યારે તેઓ ઈચ્છા ન હોવા છતાં પણ વડીલને સહાય કરવા સામેથી જાય. એ વખતે વડીલ એમની સહાય સ્વીકારે તો નાનાઓ મનમાં ખેદ સાથે સહાય કરે એવું પણ બને. માટે નાનાઓ સામેથી સહાય કરવા આવે તો પણ વડીલે તરત એમની સહાય સ્વીકારી ન લેવી.

એ વખતે વડીલ શરૂઆતમાં ના પાડે, એમની ઈચ્છા જાણવા પૃચ્છા કરે ત્યારે નાનાઓના હાવભાવ, વર્તન ઉપરથી જ વડીલને ખ્યાલ આવી જાય કે એની વૈયાવચ્ચ કરવાની ઈચ્છા નથી. પણ ઔચિત્ય, શરમના કારણે મને સહાય કરવા આવ્યો છે. એટલે સ્પષ્ટ ના પાડી શકે.

સામાન્યથી એવું જોવા મળે છે કે આપણે કોઈકને એના કામમાં સહાય કરવા જઈએ ત્યારે સામેવાળો વ્યક્તિ થોડીક ગરજ બતાવે, આપણી પ્રશંસા કરે, કામ આપવામાં આનાકાની કરે તો આપણો કામ કરવાનો ઉલ્લાસ ખૂબ વધી જાય છે. એને બદલે આપણે વડીલને વિનંતી કરીએ કે,"આપના કામમાં હું બેસું ?" અને વડીલ તરત કહી દે કે,"આવી જાઓ, આ પરાત છે, એમાં કાપ કાઢવા માંડો." તો એ વડીલ પ્રત્યે જરાક અરુચિ, વૈયાવચ્ચ કરવાની ભાવનામાં ઓછાશ આવી જાય છે. માટે સામેથી સહાય કરવા આવનાર પ્રત્યે પણ વડીલે આનાકાની, ઈચ્છાકાર અવશ્ય કરવા.

કેવા અદ્‌ભુત છે આ જિનશાસનના સૂક્ષ્મતમ પદાર્થો !

શિષ્ય ! યાદ રાખજે કે જેમ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર એ ચારિત્રધર્મના મૂળ છે એમ વીર્યાચાર પણ ચારિત્રધર્મનું મૂળ છે અર્થાત્ જેમ જ્ઞાનાચારાદિ આચારો વિના ચારિત્ર ન ટકે એમ વીર્યાચાર વિના પણ ચારિત્ર ન ટકે. એટલે આ બધી બાબતોને તુચ્છ, નકામી માનવાની ભૂલ કદી ન કરીશ. જો આ સૂક્ષ્મ આચારોની ઉપેક્ષા કરીશ તો સાચું સંયમ ગુમાવી બેસીશ. બાકી દીર્ઘ સંસારીઓને તો આ બધું નકામું, out of date જ લાગવાનું. એમાં હું શું કરું ?

**શિષ્ય :** વડીલો તો પોતાનું કામ સોંપતી વખતે ઈચ્છાકાર કરે પણ ગુરુ તો પોતાના શિષ્યને આજ્ઞા કરી શકે કે નહિ ?

**ગુરુ :** ના, ન કરી શકે. ગુરુ પણ પોતાના શિષ્ય ઉપર બળજબરી કરવા માટે હકદાર નથી. આદેશાત્મક ભાષા પોતાના શિષ્ય વિશે પણ ગુરુ માટે ઉચિત નથી.

આ ઉત્સર્ગ માર્ગ છે. અપવાદ માર્ગે ગુરુ અમુક શિષ્ય ઉપર બળજબરી પણ કરી શકે. શાસ્ત્રકારો આ વિષયમાં ઘોડાનું દ્રષ્ટાન્ત આપે છે.

એક રાજાએ નવા ઘોડાની પરીક્ષા કરવા મોટા મેદાનમાં લઈ જઈ તેના ઉપર સવારી કરી. એ ઘોડો રાજાની ઈચ્છા મુજબ જ વર્તન કરવા લાગ્યો. ખુશ થયેલા રાજાએ એ ઘોડાનો ખૂબ સત્કાર કર્યો. એમ ગુરુના કહ્યા મુજબ જ બધા કાર્યો કરનારા શિષ્ય ઉપર ગુરુએ બળજબરી, આદેશ કરવાના હોતા નથી. એ વિનયી શિષ્યો તો ગુરુની ઈચ્છાને જ અનુસરનારા હોવાથી ગુરુને આજ્ઞા, આદેશ, બળજબરી કરવાનો અવસર જ ન આવે.

એક રાજાએ એ જ રીતે બીજા એક ઘોડાની પરીક્ષા કરી. પણ એ ઘોડો અવળચંડો નીકળ્યો. સીધું વર્તન જ કરતો નથી. રાજાએ એને સબક શીખવાડવા આખો દિવસ ભૂખ્યો રાખ્યો, ચાબુકો મરાવી.

એમ જે સાધુ પોતાની મેળે ગુરુના કહ્યા પ્રમાણે વૈયાવચ્ચાદિ ન કરે તેને અપવાદ માર્ગે ગુરુ બળજબરી દ્વારા પણ વૈયાવચ્ચાદિ કામ કરાવડાવે.

સામાન્યથી શિષ્યો ત્રણ પ્રકારના હોય છે : (૧) ઉત્તમ (૨) મધ્યમ (૩) જઘન્ય. જે ગુરુની ઈચ્છા પ્રમાણે જ પ્રવૃત્તિ કરે, એમાં કંઈ આડુ-અવળું ન કરે, ગુરુની વાત તરત માની લે તે **ઉત્તમ.** જે શિષ્ય આમ તો આળસું, પ્રમાદી હોય પણ ગુરુના ભયથી, ગુરુની શરમને લીધે, ઈચ્છા ન હોવા છતાં ગુરુના કહ્યા પ્રમાણે કરવા તૈયાર થાય એ **મધ્યમ.** જે શિષ્ય સ્વચ્છંદી હોય, ગુરુની સામે પણ ગમે તેમ બોલી દેનારો હોય, જેને ગુરુનો ભય, શરમ કંઈ જ અસર ન કરતા હોય તે **જઘન્ય.** આમાં ઉત્તમને તો આજ્ઞા કરવાનો અવસર જ ન આવે. જઘન્ય અપાત્ર હોવાથી ગુરુએ એના ઉપર કોઈ બળજબરી, આદેશ વગેરે કરવાના ના હોય. પણ જે મધ્યમ છે એને ગુરુ એની ઈચ્છા ન હોવા છતાં પણ વૈયાવચ્ચાદિ કામ સોંપે.

સૌ પ્રથમ ઉત્સર્ગ માર્ગ તો એ જ છે કે આવા વૈયાવચ્ચાદિ કામો કરવામાં આળસુ, શેઠાઈ કરનારા, અને માટે જ અયોગ્ય એવા શિષ્યો સાથે ગુરુએ રહેવું જ ન જોઈએ, કેમકે આવા સાધુ સાથે રહેવામાં સંક્લેશ થાય, વારંવાર એને સમજાવવામાં પુષ્કળ મહેનત પડે. એટલે આવા સાધુ સાથે ન રહેવું એ જ ઉત્સર્ગ માર્ગ છે. માટે જ ગર્ગ નામના આચાર્ય પોતાની વાત ન માનનારા, આળસુ, પ્રમાદી શિષ્યોથી કંટાળીને એમને છોડી દઈ એકલા ચાલ્યા ગયા હતા. **'जारिसा मम सीसा हु, तारिसा गलिगद्दहा'** મારા શિષ્યો ગધેડા જેવા છે એવા વિચારો એ આચાર્યે કર્યા હતા. કાલકસૂરિ પણ આ જ રીતે પ્રમાદી, ઠઠ્ઠા-મશ્કરી કરનારા શિષ્યોને છોડીને ચાલ્યા ગયા હતા.

પણ વર્તમાનકાળમાં એ રીતે આળસુ શિષ્યને પણ છૂટા કરી દેવા સહેલું કામ નથી. તો પછી સૌ પ્રથમ તો એ શિષ્યને પણ ઈચ્છાકારપૂર્વક જ કામ સોંપવું. એ ન સ્વીકારે, તો પછી એને આજ્ઞા કરવી. છતાં ન માને તો બળજબરી પણ કરવી.

ખ્યાલ રાખવો કે આ આજ્ઞા બળજબરી મધ્યમકક્ષાના શિષ્યો ઉપર જ અજમાવવાની છે. અધમ કક્ષાના શિષ્યો ઉપર આજ્ઞાદિ કરવાનો સ્પષ્ટ નિષેધ છે, કેમકે એને તો ભયંકર અસમાધિ થાય. ભયંકર ક્રોધ જાગે. મધ્યમ શિષ્યોને પણ થોડુંક દુઃખ તો થવાનું જ છે. છતાં લાંબે ગાળે આ પ્રક્રિયા હિતકારી હોવાથી ગુરુને એના ઉપર આજ્ઞાદિ અજમાવવાની રજા છે.

શાસ્ત્રોમાં લખ્યું છે કે, મૂર્ખ = અપાત્ર જીવોને ઉપદેશ આપવાથી તેઓ સુધરતા નથી પણ તેઓ ક્રોધે ભરાય છે. સાપને દૂધ પાઈએ તો માત્ર એનામાં ઝેર વધવા સિવાય કંઈ જ થતું નથી.

**શિષ્ય :** ઓ ગુરુદેવ ! આપે મને ખુબ સુંદર ઈચ્છાકાર સામાચારી બતાવી. પણ એક પ્રશ્ન હજી બાકી છે ગુરુ શિષ્યને કામ સોંપે અને શિષ્ય કામ સ્વીકારી પણ લે પણ ગમે તે કારણે એ વિનીત=ઉત્તમ શિષ્ય એ કામ કરવાનું ભુલી જાય અથવા તો જે રીતે કામ કરવાનું હોય એ રીતે કરવાને બદલે કોઈક ભુલો કરી બેસે, ત્યારે ગુરુએ શું કરવું ?

**ગુરુ :** ગુરુએ તેને સખત ઠપકો આપવો.

**શિષ્ય :** "વત્સ ! તું આ કામ ભુલી ગયો ?" અથવા "વત્સ ! આ કામમાં તારી આ ભુલ થઈ ગઈ. એ સુધારી લેવી." એવા મીઠા વચનો ગુરુ કહે તો શું વાંધો ? નાહકનો ક્રોધ, ઠપકો શા માટે ?"

**ગુરુ :** કોઈપણ સાધુ તપ, સ્વાધ્યાય, વૈયાવચ્ચાદિ સારું કામ કરે ત્યારે એમની ભરપૂર અનુમોદના કરવાથી એ સાધુનો તપાદિ કરવાનો ઉત્સાહ ખૂબ જ વધી જાય એ જેમ સત્ય હકીકત છે. એમ, ઉત્તમ શિષ્યોને એમની ભુલ બદલ ગુરુ સખત ઠપકો આપે તો એ શિષ્યોનો એ ભુલો છોડી દેવાનો ઉત્સાહ ખૂબ જ વધી જાય એ પણ સત્ય હકીકત છે. ગુરુ જો મીઠા શબ્દોમાં શિખામણ આપે, તો ઉત્તમ શિષ્યો એ સ્વીકારે તો ખરાં જ. પણ એ ભુલ ન જ થાય એવા પ્રકારની અપ્રમત્તતા એમનામાં ન આવે. અને એટલે જ પાછી ભુલ થવાની શક્યતા રહે, જ્યારે ગુરુ એક વાર આંખ લાલ કરે, ખખડાવે એટલે ઉત્તમ શિષ્યો એવા તો સાવધ થઈ જાય કે ભવિષ્યમાં પછી એ ભુલ પ્રાયઃ ક્યારેય ન થાય. કહ્યું જ છે ને ? "સોટી વગે ચમચમ, વિદ્યા આવે રમઝમ."

**શિષ્ય :** ગુરુદેવ ! એ ઠપકો ખાનારા શિષ્યો સુધરી જાય એ તો માની લઈએ પણ ગચ્છમાં ૩૦-૪૦ સાધુ હોય અને છદ્મસ્થતા, પ્રમાદાદિને લીધે ઉત્તમ શિષ્યો પણ વારંવાર ભુલો તો કરવાના જ. ગુરુ જો બધાને એમની ભુલો બદલ ઠપકો આવા મંડી પડે તો ગુરુએ તો કેટલો ક્રોધ કરવો પડે ? આવો ક્રોધ કરાતો હશે ? કષાયો તો જીવને દુર્ગતિમાં લઈ જાય.

**ગુરુ :** તને પરમાત્મા ઉપર ખૂબ અનુરાગ છે. તારા ગુરુ ઉપર તને અપાર બહુમાનભાવ છે. ચારિત્ર ધર્મ તને પ્રાણથી પણ પ્યારો છે. તો આ દેવ-ગુરુ-ધર્મ ઉપરનો તારો રાગ એ પણ કષાય જ છે ને ? એ તને દુર્ગતિમાં ન લઈ જાય ?

**શિષ્ય :** એ રાગ કષાય જ છે. પણ એ પ્રશસ્ત રાગ હોવાથી કોઈ નુકસાન ન કરે.

**ગુરુ :** શાબાશ ! જેમ એ રાગ પ્રશસ્ત હોવાથી આત્માને હિતકારી છે. તેમ ગુરુ પોતાના શિષ્યો ઉપર સંયમ પળાવવા માટે, એમના દોષો દૂર કરાવવા માટે જે ક્રોધ કરે એ પણ પ્રશસ્ત કષાય જ છે. ગુરુની ભાવના એટલી જ છે કે,"મારા શિષ્યો ભુલો, દોષોનો ત્યાગ કરી પરમપદ તરફ આગળ વધે" માટે એ કષાય કોઈ નુકસાન

ન કરે.

ઝેર એ જીવનનો નાશ કરનારું હોવા છતાં અમુક પ્રકારની ઔષધિઓ સાથે મિશ્રણ પામેલું ઝેર મોત લાવવાને બદલે રોગો દૂર કરવાનું કામ કરે છે.

એમ કષાયો આત્માને દુર્ગતિમાં ધકેલનારા હોવા છતાં શુભભાવોથી કરાતા આ રાગ અને દ્વેષ (કષાયો) દુર્ગતિ આપવાને બદલે સદ્‌ગતિ અને પરમગતિ આપનારા બને છે.

**શિષ્ય :** ગુરુદેવ ! તમે સૌથી પહેલા એ વાત કરેલી કે સાધુઓ સ્વયંદાસ છે. તો ગુરુ પણ સાધુ જ છે ને ? એ પણ સ્વયંદાસ જ બને. ગુરુ પોતાના તમામ કાર્યો જાતે જ કરે. એટલે પછી "શિષ્યોને ઈચ્છાકારથી પોતાના કે ગચ્છના વૈયાવચ્ચાદિ કાર્યો સોંપવા, એ ન માને તો ઠપકો આપવો, ક્રોધ કરવો" આ બધી પંચાતો દૂર જ થઈ જાય છે.

**ગુરુ :** એ સ્વયંદાસ વિશેષણ ગુરુ માટે નથી પણ ગુરુ સિવાયના બાકીના સાધુઓ માટે છે. ગુરુ પોતાના કામ કરવા સમર્થ હોય, પ્રતિલેખન, ગોચરી પાણી લાવવા, કાપ કાઢવો વગેરે બધા કાર્યો ગુરુ કરી શકતા હોય તો પણ ગુરુએ આ કાર્યો ન કરવા પરંતુ પોતાના શિષ્યાદિને જ એ કામો ઈચ્છાકારાદિ દ્વારા સોંપી દેવા.

**શિષ્ય :** આ તો પક્ષપાત કહેવાય. તમે તો ગુરુને મોટા મહારાજા બનાવવાની વાત કરો છો. અરે, ગુરુ પણ પોતાનું કામ કરે, કરવું જ જોઈએ, એમાં શું વાંધો છે ?

**ગુરુ :** ગુરુ જો પોતાના પ્રતિલેખનાદિ કાર્યો સ્વયં કરવા માંડે; શિષ્યને ન આપે તો ત્રણ નુકસાનો થાય.

(૧) ગુરુ જ પોતાના બધા કામ જાતે કરી લે છે એટલે શિષ્યોને, નિશ્રાવર્તીઓને ગુરુની વૈયાવચ્ચ કરવા ન મળે. બધા દીક્ષિતો સ્વાર્થી બની પોત-પોતાનું કામ કરતા થઈ જાય. બીજાને સહાય કરવાના, વૈયાવચ્ચ કરવાના સંસ્કારો ન પડવાથી એ શિષ્યો સ્વચ્છંદી, અભિમાની બને. ગુરુની વૈયાવચ્ચ દ્વારા વિનય, પુષ્કળ નિર્જરા, પુણ્યબંધ વગેરે જે લાભો થાય એ બધા લાભો આ શિષ્યો ગુમાવે અને ગુરુ પણ શિષ્યોનું હિત ન કરી શકવાથી મોટું નુકસાન પામે. શિષ્યોને સાચા સંયમી બનાવનાર ગુરુ પુષ્કળ કર્મક્ષય પ્રાપ્ત કરે. પણ આ ગુરુ પોતાના શિષ્યોને વૈયાવચ્ચાદિ ગુણો શીખવાડતા ન હોવાથી એમને સાચા સંયમી બનાવી શકતા નથી માટે એ કર્મનિર્જરાદિ લાભો ન મળે.

(૨) ઉપાશ્રયમાં બહારથી શ્રાવકો, શ્રીમંતો વંદન કરવા આવે ત્યારે ગુરુને કામ કરતા જોઈ અધર્મ પામે. "આ ૮-૧૦ શિષ્યો છે. છતાં ગુરુ પાણી ગાળે છે. ગુરુ પોતાનું આસન જાતે પાથરે છે. ગુરુ જાતે પ્રતિલેખન કરે છે. અરેરે ! આ બધા શિષ્યો અવિનયી, ઉદ્ધત લાગે છે. અમે અમારા બા-બાપુજીઓને કેટલા સાચવીએ છીએ ! આ લોકો અનંત ઉપકારી ગુરુની પણ ભક્તિ નથી કરતા ?" આ વિચારો એમને અધર્મ પમાડે.

(૩) ગુરુ રોજ બે-ચાર પાઠ આપતા હોય. સંઘના અનેક કાર્યો ગુરુના માથે હોય. ગચ્છની જવાબદારી ગુરુએ નિભાવવાની હોય. આ બધા માટે ગુરુને પુષ્કળ સમય જોઈએ જ. હવે ગુરુ જો પોતાનું બધું જ કામ જાતે કરવા લાગે તો ઘણો સમય એમાં પસાર થઈ જાય. પછી તો આ પાઠ આપવાદિ બધા કાર્યો અટકી પડે અથવા તો ગમે તેવા થાય. ગુરુ પણ કામ કરવાથી થાકે એટલે એ બધા કાર્યો ઉત્સાહથી ન કરી શકે. આના કારણે સંઘને, ગચ્છને, શિષ્યોને ખૂબ નુકસાન થાય.

માટે ગુરુએ પોતાના કોઈ કામ જાતે ન કરતા શિષ્યાદિ પાસે જ કરાવવા, (સાવધાન ! એક-બે શિષ્યોના ગુરુ બની ગયેલા સંયમીઓ પોતાના માટે આ વાત ન લગાડે. આ વાત માત્ર મુખ્ય ગુરુ માટે છે. ૧૫ જણના ગ્રુપમાં ગુરુ પદવી પામી ચૂકેલા તો પાંચ-છ સંયમીઓ પણ હોય, એ બધા જ આમ કરવાના અધિકારી નથી,

પણ એ પંદરમાં જે મુખ્ય હોય એમના જ પુરતી આ વાત જાણવી. સારાંશ એ કે, જ્યાં ઉપરના ત્રણ નુકસાનો થવાની શક્યતા હોય, ત્યાં તે વ્યક્તિ માટે આ વાત લગાડી દેવી.)

આખા ગ્રુપની કાળજી જે વ્યક્તિ કરે. આખા ગ્રુપનું હિત જે વ્યક્તિને આધીન હોય. આખા ગચ્છમાં સંયમ, સ્વાધ્યાય, જે વ્યક્તિના કારણે સારા ચાલતા હોય એ વ્યક્તિને તો આખા ગ્રુપે ખૂબ આદરપૂર્વક સાચવવા, કેમકે એમની સાચવણી ન થાય તો આખા ગ્રુપના સંયમ, સ્વાધ્યાય, વ્યવસ્થા ખલાસ થઈ જાય.

**શિષ્ય :** "મારે આવતી કાલથી અઠ્ઠમ કરવાનો છે. તમે ગોચરી જાઓ છો, તો મારા માટે મિષ્ટાન્ન લાવશો ?" આવી વિનંતી સાંભળી સાધુ હર્ષપૂર્વક એ વાત વધાવી લઈ ગોચરી લેવા નીકળે. પણ, એને મીઠાઈનો એકેય ટુકડો ન મળે. સાવ સાદી ગોચરી મળે. તો એ સાધુ પેલા તપ કરનારાની ભક્તિ કરી શકતો નથી. એણે સોંપેલું કામ પૂરું કરી શકતો નથી. અહીં એ સાધુને નિર્જરા, પુણ્યબંધાદિ લાભો થાય ખરાં ?

**ગુરુ :** અવશ્ય થાય. ભલે એ પેલા સાધુ માટે એક પણ મીઠાઈનો ટુકડો ન લાવ્યો હોય. પણ એના ભાવ તો એ હતા કે, "એ મહાત્માની ખૂબ ભક્તિ કરું." વળી આણે ઈચ્છાકારનું બરાબર પાલન કરેલ જ છે. એટલે એને અવશ્ય કર્મક્ષય, પુણ્યબંધાદિ લાભો થાય. "હું મહાત્માની ભક્તિ ન કરી શક્યો. એમની ઈચ્છા પૂરી ન કરી શક્યો."આવો પશ્ચાત્તાપ એ સાધુ કરે તો તો હજીય બરાબર. પણ "એમને મીઠાઈ ન વપરાઈ શક્યો એટલે મારો ફેરો નકામો ગયો. મને કાંઈ જ ફાયદો ન થયો." એવો વિચાર જો એ કરે તો એ તેની અજ્ઞાનતા કહેવાય. ૧૦ ટુકડા લાવીને વપરાવે તો પણ જો અંદર ખાને પ્રશંસાની ભૂખ, લબ્ધિધારી દેખાવાની લાલસા પડી હોય તો કોઈ લાભ ન થાય અને એક પણ ટુકડો ન વપરાવી શકે તો ય ખૂબ ઉછળતા ભાવો હોય તો અવશ્ય ઘણો લાભ થાય.

ટુંકમાં, જેના માનસિક પરિણામો શુભ હોય અને એ પરિણામને અનુસારે યથાશક્તિ સમ્યગ્ પ્રયત્ન પણ હોય એને અવશ્ય નિર્જરાદિ ફળની પ્રાપ્તિ થાય છે.

## (૨) મિચ્છાકાર સામાચારી

પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિઓ, નિર્દોષ ગોચરીચર્યા, પ્રતિલેખન, વૈયાવચ્ચ, ગુરુભક્તિ, સ્વાધ્યાય, બાર ભાવના વગેરે વગેરે સંયમયોગોમાં અનાભોગ, પ્રમાદ વગેરેને લીધે જે કંઈપણ ભૂલો થાય, આજ્ઞાવિરૂદ્ધ વર્તન થાય તે વખતે "મારું આ પાપ મિથ્યા થાઓ, નિષ્ફળ થાઓ, મને દુર્ગતિ વગેરે આપનારું ન બનો" એ આશયથી પશ્ચાત્તાપભાવપૂર્વક "મિચ્છા મિ દુક્કડં" શબ્દ બોલવો એ મિચ્છાકાર સામાચારી છે.

"મિચ્છા મિ દુક્કડં" આ વાક્યમાં ત્રણ શબ્દો છેઃ (૧) મિચ્છા = મિથ્યા, (૨) મિ = મમ = મારું, (૩) દુક્કડં = દુષ્કૃત = પાપ. આ વાક્યમાં કુલ ૬ અક્ષરો છે. એ દરેક અક્ષરનો જુદો જુદો અર્થ થાય છે. જ્યારે પણ આ વાક્ય બોલીએ ત્યારે એ ૬ અર્થોના ઉપયોગ સાથે બોલવું જોઈએ. તો જ આ સામાચારી સાચા અર્થમાં ફળ આપનારી બને.

**મિ** = મૃદુતા = હાથ જોડી મસ્તક નમાવવું એ શરીરની મૃદુતા અને હૃદયમાંથી અહંકારાદિ ભાવો દૂર કરી "હું અપરાધી છું" એ ભાવો કેળવવા એ મનની મૃદુતા.

**ચ્છા** = આચ્છાદન = ઢાંકવું = આ જે પાપ થઈ ગયું છે એ હવે ફરીથી નહિ કરું એવી પ્રતિજ્ઞા.

**મિ** = મર્યાદા = પાપ કરતી વખતે તો ચારિત્રની મર્યાદા ઓળંગી. પણ અત્યારે હું પાછો મર્યાદામાં આવી જઉં છું. અર્થાત્ એ પાપથી પાછો હટી પાછો સંયમમાં સ્થિર બની આ વાક્ય બોલું છું.

**દુ** = દુગંચ્છા = હું પાપ કરનાર મારા આત્માને નિંદુ છું.

**ક્ક** = કરણ = આ પાપ મેં કર્યું છે. હું એનો સ્વીકાર કરું છું. મારો કોઈ બચાવ નથી કરતો. એમ આ પાપ બીજા ઉપર ઢોળતો પણ નથી. મારી સાથે બીજાઓ પણ પાપ કરનારા હશે પણ મારે એ જોવાનું નથી. મારે માત્ર મારા પાપ અંગે વિચારવાનું છે.

**ડમ્** =ઉલ્લંઘન=અત્યારે મારામાં જે પ્રશમભાવ ઉત્પન્ન થયો છે એના દ્વારા આ થઈ ગયેલા પાપને ઓળંગી જાઉં છું. એને નિષ્ફળ બનાવી દઉં છું.

આ છ વસ્તુ મિથ્યાકાર સામાચારી માટે ખૂબ ઉપયોગી છે.

(૧) હાથ જોડીને મસ્તક નમાવવા રૂપ મૃદુતા એ શુભ ભાવોને ઉત્પન્ન કરી આપે છે તથા હૃદયમાં કઠોરતા, અહંકાર હોય તો આ સામાચારી સાચી ન બને. માટે હૃદયમાં કોમળ પરિણામ, નમ્રતા પણ ખૂબ જરૂરી છે.

(૨) ફરીથી એ પાપ ન કરવાની દૃઢ પ્રતિજ્ઞા ન લે અને વારંવાર પાપ કર્યા જ કરે તો તો આ મિ.દુ. એક રમત જ બની રહે. પેલો બાળ સાધુ પત્થર મારી-મારીને કુંભારના ઘડા ફોડતો જાય અને મિ.દુ. બોલતો જાય. ગુસ્સે થઈ કુંભાર પણ એ સાધુને લાફા મારતો જાય અને મિ.દુ. બોલતો જાય. આ બે ય ના મિ.દુ. જેમ સાવ નકામા છે એમ ફરી-ફરીને પાપ કરનારાના મિ.દુ. પણ નકામા જાણવા.

(૩) દારૂના પીઠામાં રહીને દારૂ પીધાનું પ્રાયશ્ચિત્ત કરે એ બરાબર નથી. એમ ચારિત્રની મર્યાદા ઓળંગીને પાપ કર્યા બાદ એ પાપથી પાછા હટી પુનઃ ચારિત્રમાં સ્થિર થઈને મિ.દુ. કરવું.

(૪) આત્માની નિંદા કર્યા વિના એ પાપોમાં હેયતાની બુદ્ધિ અને એના ત્યાગનો સંકલ્પ દૃઢ બનતા નથી.

(૫) "આ પાપમાં બીજા પણ ભાગીદાર હતા, હું એકલો ન હતો" આવા પ્રકારના ખુલાસાઓમાં સાચો પશ્ચાત્તાપભાવ ઉત્પન્ન થતો નથી.

અહીં બે નય દ્વારા વિચારણા કરીએ.

**નિશ્ચયનય** : માણસ જે બોલે એના અર્થમાં જ એનો ઉપયોગ હોઈ શકે. જીવવિચારના પદાર્થો બોલતો

હોય એ વખતે એનો ઉપયોગ નવતત્ત્વના અર્થોમાં હોય એ શક્ય નથી. ઉપર છ અક્ષરોના જુદા જુદા અર્થો બતાવ્યા છે. એ અર્થોમાં ઉપયોગપૂર્વક જ આ મિથ્યાકાર સાચો થાય. હવે એ અર્થોમાં ઉપયોગ તો ત્યારે જ આવે જ્યારે અર્થોને જણાવનાર શબ્દો બોલાય. "મિ ચ્છા મિ દુ ક્ક ડં" આ અક્ષરો જ એ અર્થોને જણાવનાર છે. માટે આ શબ્દો જ બોલવા જોઈએ. એ જ મિથ્યાકાર સામાચારી કહેવાય. "મારા પાપો નાશ પામો" **"मेरे पाप खतम हो जाओ"** "પાપોને હું નિંદું છું." વગેરે શબ્દો સારા હોવા છતાં પેલા ૬ અર્થને જણાવનાર તો નથી જ. આ શબ્દો બોલતી વખતે છ અર્થોમાં ઉપયોગ શક્ય નથી. માટે મિચ્છા મિ દુક્કડં શબ્દ જ બોલવો પડે. બીજા કોઈપણ શબ્દો ન ચાલે. ભલે એ બીજા શબ્દોથી ભાવ જાગે તો પણ આ મિ.દુ.શબ્દ દ્વારા અને એના અર્થમાં ઉપયોગ દ્વારા જે ભાવો જાગે એ તો બીજા શબ્દોથી ન જાગે.

**પ્રશ્ન :** પણ જેને એ છ અર્થો ન આવડતા હોય એને તો મિ.દુ. શબ્દ કરતાં "ભવોભવના પાપોને મારા અંતરથી હું નિંદું છું." વગેરે શબ્દોમાં જ વધારે ભાવ જાગે છે. તો એણે તો એ શબ્દો જ બોલવા જોઈએ ને?

**ઉત્તર :** જેને એ છ અર્થો આવડતા નથી એને તો આ મિથ્યાકાર સામાચારી પાળવાનો જ અધિકાર નથી. પછી એ ગમે તે બોલે અમને એની સાથે કોઈ નિસ્બત નથી.

હીરાના ધંધામાં એક કરોડ રૂપિયા કમાઈ શકાતા હોય એ વખતે કોઈક કહે કે "મને હીરાનો ધંધો બરાબર આવડતો નથી. હું જો હીરાનો ધંધો કરીશ તો માંડ નાની-મોટી દલાલી કરીને મહિને ૧૦૦૦ કમાઈ શકું એમ છું. એને બદલે કાપડનો ધંધો કરું તો મહિને બે હજારની કમાણી થઈ શકે તેમ છે. તો પછી મારે તો કાપડનો ધંધો જ કરવો ને ?"

એની વાત સાચી છે. પણ જ્યારે કરોડ રૂ. દર મહિને કમાવવાની વાત હોય ત્યારે પેલો હજાર-બે હજારની ચર્ચા કરે એનો શો અર્થ ? એમ છ અર્થના ઉપયોગપૂર્વક મિ.દુ.નો પ્રયોગ એ એક કરોડ ગણી નિર્જરા કરાવે છે. ત્યારે એ અર્થને ન જાણનારા એમ કહે કે "મિ.દુ.ને બદલે બીજું બોલવામાં મને વધુ લાભ થાય છે" તો એને કહેવું જ પડે કે એમાં તને બે હજાર રૂા. જેટલી નિર્જરા થાય છે. અહીં તો કરોડોની વાત ચાલે છે. તારી સાથે આ ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી.

**વ્યવહારનય :** જે આત્માઓ ગુરુની વાચના, કૃપા વગેરે દ્વારા વિશિષ્ટ ક્ષયોપશમવાળા બન્યા હોય તેઓને તો કોઈપણ વાક્યપ્રયોગ વખતે છ અર્થોમાં ઉપયોગ અને સુંદર પરિણામો હોવા શક્ય જ છે. એટલે તેઓ ગમે તે વાક્યપ્રયોગ કરે તેનો કોઈ વાંધો નથી. હા, તેઓ શાસ્ત્રાનુસારી મિ.દુ. પ્રયોગ જ કરે તો વધુ સારું. પણ બીજા પ્રયોગ ન જ કરી શકે એવો આગ્રહ ખોટો છે.

જેઓને છ અર્થો આત્મસાત્ ન થયા હોય તેઓ પણ આ સામાચારીના હકદાર છે જ. તેઓ પોતાની રુચિ પ્રમાણે તે તે વાક્યો બોલી શુભભાવોથી ભાવિત બની શકે છે. હા, એમને લાભ ઓછો થવાનો. પણ કરોડ ન કમાઈ શકીએ એટલે બે હજારનો ધંધો પણ ન કરાય એવો તો નિયમ નથી.

**શિષ્ય :** આ બે નયમાંથી સાચું શું માનવું ?

**ગુરુ :** બે ય સાચા છે. સાચી હકીકત એ જ છે કે છ અર્થોમાં ઉપયોગપૂર્વક મિ.દુ. શબ્દ બોલવો એ જ વધુ નિર્જરાકારી છે. પણ જ્યાં સુધી એવી પરિપક્વતા ન આવે ત્યાં સુધી દરેક જણ પોતપોતાની રુચિ પ્રમાણે તે તે શબ્દપ્રયોગ દ્વારા ઓછી-વત્તી નિર્જરા મેળવી લે એ યોગ્ય જ છે.

આ વચ્ચે થોડી અઘરી ચર્ચા આવી ગઈ.

ચાલો, મૂળ વાત પર આવીએ.

મિથ્યાત્વીથી માંડી સર્વવિરતિધર સુધીના આત્માઓને ત્રણ વિભાગમાં વહેંચી લો : (૧) ગાઢ મિથ્યાત્વી (૨) માર્ગાનુસારી બનેલા મંદ મિથ્યાત્વીઓ અને સમ્યક્ત્વીઓ (૩) સાચા સર્વવિરતિધરો, સાચા દેશવિરતિધરો.

આ ત્રણેય વિભાગના જીવો મિ.દુ., આલોચના વગેરે કરતા હોય છે, પણ એમાં મોટો તફાવત છે.

જે ગાઢમિથ્યાત્વી જીવો છે તેઓ બહારથી સાધુવેષધારી પણ હોય. તેઓ ગુરુને ખુશ કરવા વગેરે કારણોસર કે રોજિંદી ટેવ પ્રમાણે પોતાના પાપોનું મિ.દુ. આપે ખરા, પણ એ પાપો કરતા અટકે નહિ. રોજ મિ.દુ. આપ્યા કરે અને રોજ એ જ પાપો કર્યા જ કરે. દા.ત. નિષ્કારણ આધાકર્મી વાપરવું, વાડામાં ઠલ્લે જવું, પહેલે માળેથી માત્રુ ફેંકવું વગેરે પાપો કર્યા જ કરે. અંદર કોઈ પશ્ચાત્તાપ, દુઃખ પણ ન હોય. અને સાંજે પ્રતિક્રમણમાં આ બધા પાપોનું મિ.દુ. આપ્યા કરે. આવા સાધુઓના મિ.દુ. માત્ર નિષ્ફળ જાય એટલું નહિ પરંતુ એમને ત્રણ નુકશાનો થાય.

(૧) મિ.દુ. શબ્દમાં એવી પ્રતિજ્ઞા કરવામાં આવે છે કે, "આ પાપ હું ફરી નહિ કરું." હવે આ સંયમીઓ તો રોજ પ્રતિક્રમણમાં ઘણીવાર મિ.દુ. બોલે છે. બીજી બાજુ એ જ પાપો નિષ્ઠુર બનીને કર્યા જ કરે છે. એટલે આ તો ચોખ્ખો પ્રતિજ્ઞાભંગ જ કરે છે, સ્પષ્ટ મૃષાવાદ છે. મળવા આવેલા યુવાનને સંયમી આત્મા બાધા આપે કે, "તારે સિગારેટ-બીડી ન પીવી અને તમાકું ન ખાવું." પેલો બાધા લઈ નીચે ઉતરી, બહાર નીકળતા જ બીડી પીવા લાગે, તમાકું ચાવવા લાગે અને જોગાનુજોગ એ બાધા આપનાર સંયમી એ જોઈ જાય તો સખત ખખડાવે કે,"અલા! ભાન નથી ? બાધા લઈને ય સિગરેટ-બીડી પીએ છે?" એ સંયમીને યુવાન ઉપર તિરસ્કાર થઈ જ જાય. ભવિષ્યમાં એને બાધા આપતા વિચાર કરે.

એ બધા સંયમીઓ રોજ નવ વાર "કરેમિ ભંતે" બોલી એક પણ પાપ મન, વચન, કાયાથી ન કરવાની, ન કરાવવાની, ન અનુમોદવાની પ્રતિજ્ઞા લે જ છે. અને છતાં રોજ નાના-મોટા પાપો કોઈપણ કારણ વિના, નિષ્ઠુર બનીને સેવતા હોય તો તેઓ પણ પેલા યુવાન જેવા જ છે ને ? યુવાન તો બિચારો અણસમજુ, સંસારી હતો. આ સંયમીઓ તો સમજદાર, સંસારત્યાગી છે. છતાં તેઓની આ દશા હોય તો એ ઘણું ખરાબ કહેવાય.

સંબોધસિત્તરીમાં કહ્યું છે કે

**"आजम्मं जं पावं बंधइ मिच्छत्तसंजुओ कोइ । वयभंगं काउमणो बंधइ तं चेव अट्ठगुणं"**

એક મિથ્યાત્વી આત્મા આખી જિંદગીમાં ઘોરહિંસા, મૈથુન સેવન, વ્યભિચારાદિ દ્વારા જે પાપો બાંધે એના કરતા વ્રતનો ભંગ કરવાની ઈચ્છાવાળો આત્મા આઠ ગણું પાપ બાંધે.

જે સંયમીઓ રોજ પ્રતિજ્ઞા લઈ રોજ ભાંગે તેઓને તો કેટલું પાપ બંધાય ? આ ખૂબ વિચારવા જેવું છે.

(૨) આ ગાઢ મિથ્યાત્વી સંયમી નિષ્ઠુર બની વારંવાર પાપ કરે છે અને ગુરુને ખુશ કરવા માટે, લોકોને ખુશ કરવા માટે આલોચના, પ્રાયશ્ચિત્ત કરે છે. આનો અર્થ એ કે આ તો ગુરુ વગેરે બધાને ઠગે છે. આમાં કપટ, ઠગાઈ વગેરે દોષો લાગે.

(૩) "રોજ પાપો કર્યા કરવા અને પ્રતિક્રમણાદિમાં મિ.દુ. આપ્યા કરવું" એવી આ સંયમીની પ્રવૃત્તિ જોઈ બીજાઓ પણ એ જ શીખે. આ તો ભયંકર અનવસ્થા ઊભી થાય, ખોટી પરંપરા પડે.

જે સંયમીઓ અપરાધો સેવ્યા કરે છે અને પ્રાયશ્ચિત્ત કર્યા કરે છે, અંદરખાને નિષ્ઠુર છે તેઓ નિયમા મિથ્યાત્વી જાણવા. માત્ર મિથ્યાત્વી જ નહિ પણ મહામિથ્યાત્વી જાણવા. સામાન્ય મિથ્યાત્વીઓ કરતા આ સંયમીઓ વધારે ભયંકર મિથ્યાત્વના સ્વામી જાણવા.

એનું કારણ એ જ કે બીજા સામાન્ય મિથ્યાત્વીઓ બીજાઓમાં મિથ્યાત્વની પ્રભાવના નથી કરતા. આ સંયમી તો પોતાના આ વિચિત્ર વર્તન દ્વારા બીજાઓને પણ મિથ્યાત્વ પમાડે છે.

દા.ત. એક સાધુ કોઈ શ્રાવકના ઘરે આદેશ કરીને વધારે પ્રમાણમાં શીરો બનાવડાવીને વહોરે છે. ત્યારે એ શ્રાવક કે શ્રાવિકાને પ્રથમ તો એ વિચાર આવવાનો જ કે,"શું સાધુથી આવી રીતે શીરો વહોરાય ? પરમાત્માએ આ સાધુઓને આવી રીતે શીરો બનાવવાની રજા આપી હશે ? કે પછી આ સાધુ જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરીને સ્વચ્છંદી બનીને શીરો વહોરે છે ?"

સામાન્યથી આવા દોષ સેવનારા સંયમીઓ લગભગ ચાલાક, હોંશિયાર હોય છે. એટલે તેઓ પેલા શ્રાવકને કહેશે કે,"સાધુઓને ભણવા માટે આ બધું વાપરવું પડે. આજે વિહાર કરીને આવ્યા છીએ એટલે થાક લાગેલો હોવાથી વાપરવું પડે છે. અહીં ગોચરી દુર્લભ છે માટે આ રીતે વાપરવું પડે છે." એ સંયમી એવી તો માયા કરશે કે શ્રાવકને "આ સાધુ ખરાબ છે, આજ્ઞાભંજક છે" એવો નિશ્ચય નહિ થાય. પરંતુ એવો જ નિશ્ચય થશે કે "આ સાધુ તદ્દન સાચો છે. આવા પ્રસંગોમાં શીરો વાપરવામાં કોઈ આજ્ઞાભંગ નથી."

હવે ખરેખર જે પ્રસંગોમાં પ્રભુએ આધાકર્મી વાપરવાની રજા નથી આપી એ પ્રસંગોમાં પણ આધાકર્મી વાપરી શકાય એવી શ્રદ્ધા આ શ્રાવકને પેલા સાધુએ કરાવી. અર્થાત્ એ શ્રાવકને ખોટી વાતમાં, આજ્ઞાવિરુદ્ધ પદાર્થમાં શ્રદ્ધા થવાથી એને મિથ્યાત્વ લાગવાનું જ. એનું કારણ આ નિષ્ઠુરતાથી પાપો કરનાર સંયમી બને.

એમ યુવાન બહેનો સાથે એકલા વાતચીત કરતા યુવાન્ સાધુને જોઈને પણ શ્રાવકને પ્રથમ શંકા થાય કે"પરમાત્માએ આવી રીતે બહેનો સાથે વાતચીત કરવાની રજા આપી હશે ? કે પછી આ સાધુ જ અંદરખાને દુષ્ટ વિચારોવાળો છે ?"

ત્યાં પણ એ સાધુ શ્રાવકને કહેશે કે "આ મુમુક્ષુઓ છે. એમને માર્ગદર્શન આપનાર કોઈ નથી. બિચારીઓ મારી પાસે આવી છે. એમનું અહિત ન થાય એ માટે એમને ઉપદેશ તો આપવો જ પડે ને ? અથવા તો આ બહેનો મારી સગી બહેનો, ભાણેજો, ભત્રીજીઓ છે. શ્રાવક સમજશે કે "મુમુક્ષુ બહેનોને એકાંતમાં યુવાન્ સાધુ ઉપદેશ આપી શકે છે. સગી બહેન, ભાણેજ વગેરે સાથે એકાંતમાં વાત કરવામાં કોઈ દોષ નથી." કેવી ઘોર મિથ્યાત્વની પ્રભાવના !

માટે જ આવા નિષ્ઠુર, શ્રાવકોને ખોટી વાતોથી ભરમાવનારા સંયમીઓ **મહામિથ્યાત્વી** કહેવાય છે.

આ બધી પહેલા વિભાગના જીવોની વાત કરી.

બીજા વિભાગના જીવો મંદમિથ્યાત્વી, સમ્યગ્દૃષ્ટિ છે. તેઓ પણ બહારથી સાધુવેષ ધારણ કરી ચૂક્યા હોય એ શક્ય છે. હવે આવા સંયમીઓમાં ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ ન થયેલો હોવાથી વારંવાર મિ.દુ. આપવા છતાં વારંવાર પાપો થયા જ કરવાના. પણ એમનામાં માર્ગાનુસારિ મંદમિથ્યાત્વ કે સમ્યક્ત્વ છે એટલે પાપો બદલ સાચો પશ્ચાત્તાપ પણ થવાનો. "આ હું ખોટું કરું છું. મારી જાતને ધિક્કાર હો. સાચી વાત જાણ્યા છતાં હું એનું પાલન નથી કરતો. મારું શું થશે?" આ બધા ભાવો બીજા વિભાગના આ સંયમીઓને જાગવાના જ. અને એટલે તેઓ વારંવાર ગુરુદ્રોહ, વિજાતીયવાસના, ખાવાની આસક્તિ, ક્રિયામાં વેઠ, જીવદયામાં ગોટાળા વગેરે બધા પાપોનું મિ.દુ. આપે અને વારંવાર એ પાપો કરે. આમ આ સાધુઓમાં અકરણનિયમ ન હોવાથી એમના મિ.દુ., આલોચના એ ખરેખર તો સાચા ન જ ગણાય. પણ આ જીવોમાં જે પશ્ચાત્તાપભાવ પડ્યો છે એને લીધે ભવિષ્યમાં આ જીવો મિ.દુ., આલોચનાદિ દ્વારા જ ઉપર-ઉપરના ગુણસ્થાને ચડવાના છે. માટે એમના મિ.દુ. લાંબેગાળે હિતકારી બને જ છે.

આ જીવો પણ પ્રતિજ્ઞાભંગ તો કરે જ છે. છતાં પશ્ચાત્તાપભાવ પડેલો હોવાથી તેઓનું અહિત થતું નથી.

સાચા હૃદયથી મિ.દુ. આપતા હોવાથી માયા-કપટ-ઠગાઈ વગેરે દોષો પણ આમને લાગતા નથી. તથા "મારો આચાર ખોટો છે, આવું ન જ કરાય" એવું સ્પષ્ટ બોલતા હોવાથી પ્રાયઃ અનવસ્થા દોષ પણ આ જીવો ઊભો થવા દેતા નથી.

આમ પ્રથમ વિભાગના જીવોને જે પ્રતિજ્ઞાભંગ, માયા, કપટ, અનવસ્થા દોષ લાગતા હતા તે લગભગ આ બીજા વિભાગના જીવોને લાગતા નથી.

આ સંયમીઓ પોતાના નિમિત્તે બીજા મિથ્યાત્વ ન પામે એની પણ કાળજી કરનારા હોય છે. એ સંયમીઓ શ્રાવકોને ઉચિતકાળે ચોકૂખું કહી દે કે,"અમે વિગઈઓ, મિષ્ટાન્ન વાપરીએ છીએ પણ પરમાત્માએ આ બધી વસ્તુનો નિષેધ કર્યો છે. અમે આસક્ત, પ્રમાદી છીએ માટે પ્રભુની આજ્ઞા પાળતા નથી. બાકી સાચી હકીકત તો આ જ છે." એ રીતે મલિન વસ્ત્રો, નિર્દોષ ગોચરી, બ્રહ્મચર્યના કડક નિયમો વગેરે તમામ વસ્તુઓ શ્રાવકોને સ્પષ્ટ જણાવી જ દે કે જેથી પોતાના ખોટા આચારો દેખી શ્રાવકો મિથ્યાત્વ ન પામે. હા, આ બધા ખુલાસાઓ ગમે તેની આગળ, ગમે તે કાળે ન કરે પણ અવસર જોઈને કરે. ટૂંકમાં પોતાના નિમિત્તે કોઈ પણ જીવ મિથ્યાત્વ ન પામે એની કાળજી આ સંયમીઓ અવશ્ય કરે.

એટલે આ બીજા વિભાગવાળા જીવો બીજાને મિથ્યાત્વની પ્રભાવના ન કરતા હોવાથી મહામિથ્યાત્વી બનતા નથી.

આ જીવોને સમ્યગ્દર્શન હોવા છતાં **નિશ્ચયનય** તો એમ જ કહે છે કે,"ગજવામાં રૂપિયાનો સિક્કો હોય એટલે કંઈ ધનવાન ન કહેવાય, કેમકે એ રૂપિયો કોઈ વિશેષ કામમાં તો આવતો જ નથી. ચોમાસા દરમ્યાન માત્ર અડધો ઈંચ વરસાદ પડ્યો હોય તો વરસાદ પડ્યો હોવા છતાં લોકો એમ જ બોલવાના કે "આ વખતે બિલકુલ વરસાદ પડ્યો નથી", કેમકે એ અડધો ઈંચ વરસાદ કોઈ કામમાં આવતો નથી. એમ આ સંયમીઓમાં ભલે ચોથું ગુણસ્થાન હોય પણ એ સમ્યગ્દર્શન નકામું છે. વિરતિ ન લાવી આપે, અકરણનિયમ ઊભો ન કરી દે એ સમ્યગ્દર્શનને હું સમ્યગ્દર્શન કહેવા તૈયાર નથી. એટલે હું તો એ ચોથા ગુણસ્થાનના માલિકોને પણ મિથ્યાત્વી જ માનું છું. મારો તો એક જ નિયમ છે કે સાચો સાધુ એ જ સમ્યક્ત્વી.

વ્યવહારનય અડધા ઈંચ વરસાદને પણ વરસાદ તો ગણે જ. એક રૂપિયાને પણ ધન તરીકે જ ગણે. એમ વિરતિ વિનાના સમ્યક્ત્વને પણ સમ્યક્ત્વ તરીકે જ ઓળખે.

આ બીજા વિભાગના જીવોની વાત કરી.

ત્રીજા વિભાગના જીવો વિરતિધર છે, ચારિત્રમોહનીયના ક્ષયોપશમવાળા છે. એટલે તેઓ પ્રમાદ, અનાભોગાદિથી પાપ કરે તો પશ્ચાત્તાપપૂર્વક મિ.દુ. આપે. અને એમનું મિ.દુ. એવું હોય કે એ જ પાપ, એ જ તીવ્ર ભાવ સાથે ફરી ન થાય. કાં તો એ પાપ સંપૂર્ણ બંધ થઈ જાય અથવા તો એ પાપની તીવ્રતા ઘટી જ જાય. આ પણ અકરણનિયમ જ ગણાય, કેમકે જે તીવ્રતા સાથે પૂર્વે પાપ કરેલું એ તીવ્રતા સાથે તો ફરી પાપ નથી જ કરતા. દા.ત. અડધી રાત્રે માત્રુ કરવા ઊઠે, ઊંઘ ઘેરાયેલી હોવાથી પ્યાલો પૂંજ્યા વિના માત્રુ કરે, ગમે ત્યાં પરઠવી દે, ઇરિયાવહિ કર્યા વિના ઊંઘી જાય. પણ પછી સવારે ઊઠી મિ.દુ., આલોચના, પ્રાયશ્ચિત્ત કરે. એટલે કાં તો હવે ફરીથી એ પાપ કદી ન થાય. કદાચ થાય તો સાવ પ્યાલો ન પૂંજવાને બદલે પ્યાલો ખંખેરવા જેટલી જયણા રાખે. ઈરિયાવહિ જ ન કરવાને બદલે ઉપયોગ વિના પણ અવિધિથી ઇરિયાવહિ કરી લે. એટલે પેલો દોષ ઓછો તો થયો જ. આને પણ અંશતઃ અકરણનિયમ કહેવાય.

સમ્યક્ત્વી જીવો તો એ જ પાપ, એ જ પદ્ધતિથી, એ જ તીવ્રભાવો સાથે વારંવાર કરે એ શક્ય છે. માત્ર તેઓને પશ્ચાત્તાપ હોય.

શિષ્ય : આપે ત્રણ વિભાગો પાડી મિથ્યાકાર સામાચારીની ખૂબ સુંદર સમજણ આપી.પણ એક પ્રશ્ન મને થાય છે. કેટલાક દોષો એવા છે કે જે કાયમ સેવવા જ પડે. તો શું એ સંયમીઓ પાસે સાચી વિરતિ ન જ હોય ? અકરણનિયમ ન હોવાથી એ સંયમીઓ સાચી વિરતિ વિનાના જ માનવા પડે ને ? પણ એ વાત માનવા મન તૈયાર નથી, કેમકે એ સંયમીઓ ચોક્કસ કારણોસર જ એ દોષો સેવે છે. કારણ વિના ગમે તેમ દોષો સેવતા નથી. દા.ત. વિગઈ વાપરવાની ના હોવા છતાં શરીર જ ચાલતું ન હોવાથી ઘણાઓને શરીર ટકાવવા વિગઈઓ વાપરવી પડે છે. વયોવૃદ્ધ સાધુ-સાધ્વીજીઓને ચાલવાની શક્તિ ન હોવાથી વાડામાં જ સ્થંડિલ જવું પડે છે. નિર્દોષ પાણી લગભગ અશક્ય હોવાથી આધાકર્મી પાણી વાપરવું પડે છે. આવા સેંકડો દોષો એવા છે કે જે કાયમ સેવવા જ પડે છે. એનું મિ.દુ. આપીએ તો ય એ પાપો બંધ થઈ શકે એમ જ નથી.

ગુરુ : તું ત્રણ વસ્તુ બરાબર સમજી લેશે તો આ પ્રશ્નનું સમાધાન મળી જશે : (૧) ઉત્સર્ગમાર્ગ (૨) અપવાદમાર્ગ (૩) ઉન્માર્ગ.

ઉત્સર્ગમાર્ગ એ અમદાવાદથી બોમ્બેના હાઈવે રોડ જેવો છે. મોટા ભાગે લાખો વાહનો આ જ માર્ગે બોમ્બે પહોંચે છે. એમ મોટા ભાગના આત્માઓ ઉત્સર્ગમાર્ગની આરાધના કરતાં કરતાં મોક્ષે પહોંચે છે.

પણ જ્યારે એ હાઈવે રોડ ઉપરનો કોઈ પુલ તૂટે, મોટો એક્સિડન્ટ થાય અને એટલે એ માર્ગે બોમ્બે જવામાં રૂકાવટ આવે ત્યારે લોકો કાચા રસ્તે આગળ વધે છે. એ કાચો રસ્તો કાં તો છેક બોમ્બે પહોંચાડે અથવા તો આગળ હાઈ-વે સાથે ભેગો થઈ જાય.

એમ ઉત્સર્ગમાર્ગનું પાલન કરતા કરતા જ માંદગી, વૃદ્ધાવસ્થા વગેરે એવા કારણો ઊભા થાય કે જેનાથી ઉત્સર્ગમાર્ગ પાળવો અશક્ય બને. ત્યારે ઉત્સર્ગ માર્ગને છોડી અપવાદમાર્ગનો આશરો લેવો પડે. એ અપવાદ માર્ગ કાં તો સીધો મોક્ષમાં પહોંચાડે અથવા તો પછી આગળ ઉત્સર્ગમાર્ગ સાથે જોડાઈ જાય.

પાંચ મહાવ્રતો, અષ્ટ પ્રવચનમાતા, ૧૭ પ્રકારનું સંયમ, નિર્દોષ ગોચરી, નિર્દોષ સ્થંડિલ ભૂમિ, ૧૨ ભાવનાઓ વગેરે વગેરે સાધુઓના આચારો એ ઉત્સર્ગ માર્ગ છે. આ ચરણસિત્તરી અને કરણસિત્તરીરૂપ ઉત્સર્ગ માર્ગનું આરાધન કરતા કરતા અનંત જીવો મોક્ષને પામ્યા છે. પણ માંદગી, દુર્લભ ગોચરી, વૃદ્ધાવસ્થા, લાંબા વિહારો વગેરે અનેક કારણોસર આ ઉત્સર્ગમાર્ગનું પાલન જ્યારે અશક્ય બને ત્યારે શાસ્ત્રાનુસારે જે કંઈ છુટછાટ લેવાય એ અપવાદ માર્ગ કહેવાય. એ કારણો જો અલ્પકાળ માટેના હોય તો આગળ ઉત્સર્ગમાર્ગ સાથે જોડી આપનારા બને. દા.ત. કમળાની માંદગીમાં બે-ત્રણ મહિના શેરડીનો રસ વાપરવો પડે. ઉત્સર્ગમાર્ગે એ રસ નથી વાપરવાનો, પણ કમળો થવાથી ના-છૂટકે શેરડીનો રસ વાપરીએ તો એ અપવાદ બન્યો. બે-ત્રણ મહિના બાદ કમળો મટી જાય એટલે શેરડીનો રસ છોડી દેવો પડે. અર્થાત્ પાછા ઉત્સર્ગમાર્ગ ઉપર આવી જવાનું રહે.

પણ અન્નિકાપુત્ર આચાર્ય વૃદ્ધ થવાથી છેલ્લે સુધી સ્થિરવાસ રૂપ અપવાદને આચરતા હતા. કૂરગડુ મુનિ સખત ભૂખના કારણે રોજ નવકારશી કરવા રૂપ અપવાદમાર્ગને છેલ્લે સુધી આચરતા રહ્યા. એ અપવાદના પાલનમાં જ તેઓ કેવલજ્ઞાન પામી મોક્ષ પામ્યા. આ અપવાદમાર્ગ ઉત્સર્ગમાર્ગ સાથે ભેગો થવાને બદલે સીધો મોક્ષ સાથે જ જોડાઈ ગયો.

હવે તારા પ્રશ્નનો જવાબ આપું. જેમ ઉત્સર્ગમાર્ગ એ જિનાજ્ઞા હોવાથી એના પાલનમાં પુષ્કળ કર્મક્ષય થાય, સંયમપરિણામો વૃદ્ધિ પામે તેમ અપવાદ માર્ગ એ પણ જિનાજ્ઞા હોવાથી એના પાલનમાં પણ કર્મક્ષય અને સંયમપરિણામોની વૃદ્ધિ થાય જ. એટલે જેઓ કારણસર, શાસ્ત્રાનુસારે દોષિત વાપરવું, દવાઓ લેવી વગેરે દોષો સેવતા હોય તેઓ જિનાજ્ઞાના જ આરાધક હોવાથી પાપ કરતા જ નથી. એટલે નિશ્ચયનયથી તો એનું મિ.દુ. દેવાનું જ નથી. એ પાપ જ નથી પછી એનું મિ.દુ. શેનું ? એનો અકરણનિયમ વળી કેવો ? એટલે

એ સંયમીઓ જો ખરેખર શાસ્ત્રાનુસારે અપવાદ માર્ગ સેવતા હોય તો તેઓ જિનાજ્ઞાના આરાધક જ ગણાય.

**શિષ્ય :** પણ એવા સાધુઓ તો એ છુટછાટ લેવા બદલ રડે છે, આલોચના કરે છે, પ્રાયશ્ચિત્ત વહન કરે છે. તમે તો એને પાપ જ નથી કહેતા તો એના પર રડવાદિની શી જરૂર ?

**ગુરુ :** ખૂબ સુંદર પ્રશ્ન કર્યો. મેં પહેલાં જ કહ્યું કે અપવાદ માર્ગ એટલે ખાડા-ટેકરાવાળો વિચિત્ર માર્ગ. એ માર્ગ મોક્ષમાં લઈ જાય ખરો. પણ એના ઉપર ચાલવું અઘરું છે. કાચા માર્ગ ઉપર ચોર-લૂંટારા વગેરેનો ભય હોય, એટલે જેઓ કાચા માર્ગે બરાબર સાવધ બની ન ચાલે તેઓ યથાસ્થાને પહોંચવાના બદલે યમરાજને ત્યાં પહોંચી જાય. એમ જેઓ શેરડીનો રસ, દોષિત ગોચરી વગેરે અપવાદ માર્ગે વાપરે પણ પછી એમાં આસક્ત બની જાય, માંદગી વગેરે કારણો ગયા પછી પણ દોષો સેવવાના ચાલુ રાખે તો એનો અપવાદમાર્ગ ઉન્માર્ગ બની જાય. હવે એ મોક્ષમાં પહોંચવાને બદલે સંસારભ્રમણ પામનારો બને છે.

શિષ્ય ! ગંગા નદીની ઉપર બાંધેલા રેલ્વે પુલ ઉપર જે પાટાઓ છે એના ઉપર પગ મુકી મુકી નદી પાર કરવી જેટલી અઘરી છે એના કરતાં ય શાસ્ત્રાનુસારે અપવાદ માર્ગનું સેવન ખૂબ જ કઠિન છે. એ ઉન્માર્ગ બની જતાં વાર લાગતી નથી. માટે જ અપવાદ માર્ગે સેવેલા દોષો બદલ પણ પશ્ચાત્તાપ થવો જોઈએ, આલોચનાદિ કરવા જોઈએ, જેથી એ દોષો ઉન્માર્ગ રૂપ ન બને.

અપવાદમાર્ગ રૂપ દોષસેવનની પણ આલોચનાદિ કરવામાં આવે છે એના મુખ્યત્વે ત્રણ કારણો તને બતાડું.

(૧) એ અપવાદમાર્ગ જે રીતે સેવવાનો હોય એ રીતે સેવવામાં નાની-મોટી ભૂલો પ્રમાદ કે અનાભોગથી થઈ ગઈ હોવાની પાકી શક્યતા છે જ. એટલે એ ભૂલોની શુદ્ધિ મેળવવા આલોચના, મિ.દુ. વગેરે કરાય છે. દા.ત. કમળામાં શેરડીનો રસ વાપરવો એ અપવાદ છે. પણ એમાં આસક્તિ નથી કરવાની. એને બદલે એ સાધુને આસક્તિ થાય તો એની શુદ્ધિ તો કરવી જ પડે. જેમ પ્રતિક્રમણાદિ શુભ ક્રિયા કર્યા બાદ એમાં જાણતા-અજાણતા થઈ ગયેલી અવિધિઓ બદલ મિ.દુ. બોલીએ જ છીએ, એવું જ આમાં પણ સમજી શકાય છે.

(૨) ભલે આ અપવાદ માર્ગ મોક્ષ અપાવે છે પણ એનું સ્વરૂપ તો ખરાબ જ છે ને ? એમાં જીવોની વિરાધનાદિ તો થાય જ છે. સંવિગ્ન મહાત્માઓ કરૂણાશાળી હોય એટલે આ બધી વિરાધનાઓ જોઈને આંખમાં આંસુ પાડે, આલોચના કરે, પ્રાયશ્ચિત્ત વહન કરે એ શક્ય જ છે. ઘણા મહાપુરુષો પાછલી જિંદગીમાં ખરેખર અપવાદ માર્ગે દોષ સેવતા હોવા છતાં આંસુ સારતા હોય છે. આ જ તો એમની સંવિગ્નતા છે. એક જગ્યાએ તો કહ્યું છે કે, જેઓ અપવાદમાર્ગે દોષ સેવવા છતાં પણ પશ્ચાત્તાપ નથી કરતા તેઓ અપવાદમાર્ગ સેવવાને લાયક નથી.

(૩) મેં પૂર્વે જ કહ્યું કે અપવાદમાર્ગ આસક્તિ, પ્રમાદ વગેરેને લીધે ઉન્માર્ગ બની જવાની પાકી શક્યતા છે. એમ ન થાય એ માટે એને પાપ ગણી પશ્ચાત્તાપ, મિ.દુ. કરવા એ યોગ્ય જ છે.

આ વિષયમાં મારે ઘણી વાતો કરવી છે પણ અત્યારે એ કરતો નથી.

**શિષ્ય :** 'મિચ્છા મિ દુક્કડં' સામાચારી પાળવાથી બાંધેલાં પાપકર્મો ખતમ થઈ જાય છે અને તેથી તેના ફળ ભોગવવા પડતા નથી એમ તમે કહ્યું. પણ પીઠ-મહાપીઠે પૂર્વભવમાં બાહુ-સુબાહુની ઈર્ષ્યા અને ગુરુ પ્રત્યે અસદ્ભાવ એ બે દોષ સેવ્યા પછી પ્રતિક્રમણમાં એના મિ.દુ. તો આપ્યા જ છે. તો એમના ઈર્ષ્યાદિથી ઉત્પન્ન થયેલા સ્ત્રીવેદાદિ કર્મો ધોવાઈ જ જવા જોઈએ ને ? તો પછી તેઓ સ્ત્રી-અવતાર કેમ પામ્યા ? બ્રાહ્મી-સુંદરી શા માટે બન્યા? એમની મિથ્યાકાર સામાચારી નિષ્ફળ કેમ ગઈ ?

**ગુરુ :** તારા ઊંડા ચિંતન બદલ ધન્યવાદ. નિયમ એ છે કે જે પાપ જેટલા તીવ્ર પરિણામથી કરેલ હોય એટલા જ કે એનાથી વધારે તીવ્ર પશ્ચાત્તાપપૂર્વક જો મિ.દુ. કરવામાં આવે તો એ પાપની તાકાત તૂટી જાય.

એના ફળ ભોગવવા ન પડે. બાહુ-સુબાહુ ઈર્ષ્યા, ગુરુ પ્રત્યે અસદ્ભાવ સેવતી વખતે છેક મિથ્યાત્વ પામ્યા. માટે જ તો સ્ત્રીવેદ બાંધ્યું. એટલે એ પાપોમાં એમની તીવ્રતા ખૂબ હતી. પણ એ પછી તરત પરિણામો શુભ થવાથી છઠ્ઠા ગુણસ્થાને આવી પણ ગયા, પશ્ચાત્તાપ-મિ.દુ. પણ કર્યા. પણ એમાં પશ્ચાત્તાપાદિના પરિણામો પાપના પરિણામની તીવ્રતા કરતા ઓછા હતા. માટે જ એમના પાપો નાશ ન પામ્યા અને સ્ત્રી-અવતાર મળ્યો.

**શિષ્ય :** તેઓ મિથ્યાત્વ પામ્યા બાદ પાછા છઠ્ઠે ગુણસ્થાને આવી ગયેલા હતા એની શી ખાતરી ?

**ગુરુ :** તેઓ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા છે. અને ત્યાં તો સાચા સાધુ સિવાય કોઈનો પણ ઉપપાત થતો નથી. મને તો લાગે છે કે એ છઠ્ઠે આવી ગયા માટે જ સ્ત્રી-અવતાર પામવા છતાં એ જ ભવે મોક્ષ પામ્યા. જો ઈર્ષ્યાદિ દોષો સેવ્યા બાદ મિથ્યાત્વે જ રહ્યા હોત તો તો અનુત્તરમાં ઉત્પત્તિ કે એ પછીના ભવમાં મોક્ષ ન થાત.

પાપો કર્યા બાદ મિ.દુ. આપવાથી પાપો ધોવાઈ જાય ખરા. પણ આ રીતે પાપો વારંવાર થાય તો પછી નિષ્ઠુરતા ઘુસી જવાની ઘણી શક્યતા છે. પછી મિ.દુ.ની તાકાત પણ ઘટી જતી હોય છે. માટે પાપો કરીને મિ.દુ. આપવું એના કરતાં તો પાપો કરવા જ નહિ એ શ્રેષ્ઠ માર્ગ છે. માટે જ શાસ્ત્રકારો કહે છે કે ઉત્સર્ગ માર્ગે તો પાપો કરવા જ નહિ એ જ પ્રતિક્રમણ છે. પાપો થઈ જ જાય તો પછી મિ.દુ. દેવું એ અપવાદમાર્ગનું પ્રતિક્રમણ છે.

**શિષ્ય :** પાપ જ ન કરીએ તો પાપો ઉપર રડવાનો અવસર જ ન આવે. અમને તો પાપ કર્યા પછી પુષ્કળ પશ્ચાત્તાપ જાગે છે. એમાં આત્મા ખૂબ હચમચી ઊઠે છે. એમાં અસંખ્ય ભવોના પાપકર્મો ખલાસ થતા હશે. પાપ જ ન કરીએ તો આ બધા લાભો ન મળે. એટલે ખરેખર તો પાપ થઈ જાય એ જ વધારે સારું જેથી એના ઉપર મિ.દુ. આપીને, રડીને વધુ શુદ્ધિ મેળવી શકાય.

**ગુરુ :** વાહ ! તેં કુતર્ક સારો કર્યો. પાપ કર્યા બાદ મિ.દુ.માં જ સંવેગ જાગે અને નિષ્પાપ જીવન જીવવામાં સંવેગ ન જાગે, ઓછો જાગે એવું ગણિત તેં શી રીતે માંડ્યું ? મન-વચન-કાયાથી કોઈ પાપ ન કરવું એ સૌ પ્રથમ જિનાજ્ઞા છે. એ જિનાજ્ઞા પાળવામાં પ્રચંડ કર્મક્ષય થાય જ, શુદ્ધિનો ભંડાર પ્રગટ થાય જ. 'પાપ કર્યા પછી મિ.દુ. આપવું' એ જિનાજ્ઞા તો ના-છુટકાની છે, અપવાદ માર્ગની છે.

**શિષ્ય :** પશ્ચાત્તાપની ધારામાં કુરગડુ, મૃગાવતી, ચંડરુદ્રાચાર્યના શિષ્ય વગેરેને કેવલજ્ઞાન મળ્યું છે. એટલે એમ માનવું જોઈએ કે નિષ્પાપ જીવન કરતા પાપ કર્યા પછીના પશ્ચાત્તાપાદિવાળું જીવન વધુ આત્મશુદ્ધિ કરી આપે.

**ગુરુ :** તને આ બધા દૃષ્ટાન્ત દેખાયા. પણ નિષ્પાપ જીવન જીવનારા કરોડો-અબજો મુનિઓ સિદ્ધાચલ વગેરે સ્થળે કેવલજ્ઞાન પામ્યા છે એ કેમ ન દેખાયું ? વળી પાપો કર્યા કરવા અને મિ.દુ. આપ્યા કરવા એમાં ઘણા મોટા ભયસ્થાનો છે જ, નિષ્ઠુરતા ઘુસી જવાની શક્યતા પડી છે. માટે ભૂતકાળમાં પાપ થઈ જ ગયા હોય તો એના ઉપર રૂદન કરી વધુ નિર્જરા મેળવવી સારી. પણ એ રૂદન દ્વારા નિર્જરા મેળવવા માટે જાણી-જોઈને પાપ કરવું, પાપ થઈ જાય તો સારું એવી ઈચ્છા કરવી એ તો નરી મુર્ખતા છે.

છેલ્લી વાત.

જે સાધુ પાપત્યાગનો - નાના નાના કોઈપણ અતિચારો ન સેવાઈ જાય એનો તીવ્ર પ્રયત્ન કરતો હોય અને ક્યારેક પ્રમાદથી, અનાભોગથી, કર્મોદયાદિથી પાપ કરી બેસે તો તેને માટે મિથ્યાકાર સામાચારી ખૂબ જ ઉપયોગી છે. પણ જે સાધુ જાણી- જોઈને પાપ કરે અથવા વારંવાર પાપો કરે એ ખરેખર નિષ્ઠુર જ જાણવો. વારંવાર પાપો અનાભોગાદિથી ન થાય પણ નિષ્ઠુરતાથી થાય. એ સાધુ મિ.દુ. સામાચારી માટે લાયક નથી. (પશ્ચાત્તાપ સાચો હોય તો સત્યકી જેવાને વ્યવહારમાર્ગે મિ.દુ. પણ હિતકારી જાણવું.)

## (૩) તથાકાર સામાચારી

**ગુરુ** : ગીતાર્થ અને સંવિગ્ન એવા જે મહાત્મા બરાબર ઉપયોગપૂર્વક જે શાસ્ત્રીય પદાર્થોનું નિરૂપણ કરે તે પદાર્થો મનમાં કોઈપણ જાતની શંકા રાખ્યા વિના, હૃદયના શુભ ભાવપૂર્વક સ્વીકારવા અને એ વખતે 'તહત્તિ' 'હાજી' ઇત્યાદિ બોલવું, એવા પ્રકારની મુખમુદ્રાઓ કરવી એ **તથાકાર** સામાચારી કહેવાય.

**શિષ્ય** : ઈચ્છાકાર સામાચારીમાં પણ ગુરુના પ્રત્યેક આદેશોને સહર્ષ સ્વીકારવાની વાત આવે છે. અને આ તથાકાર સામાચારીમાં પણ એ જ વાત આવી તો બે માં ભેદ શું પડ્યો ?

**ગુરુ** : ઈચ્છાકાર સામાચારીમાં તો એ વાત હતી કે ગુરુ શિષ્યને વિહાર કરવાનું, ગોચરી જવાનું, વૈયાવચ્ચાદિ કરવાનું જે કામ સોંપે એ કામ શિષ્યે સહર્ષ સ્વીકારવું. ત્યાં શાસ્ત્રીય પદાર્થોના નિરૂપણાદિની વાત ન હતી.

જ્યારે અહીં તો ગીતાર્થ, સંવિગ્ન ગુરુ પાઠ આપતી વખતે, વાચનામાં કે એ સિવાય પણ જ્યારે શાસ્ત્રીય પદાર્થો, આધ્યાત્મિક પદાર્થોનું નિરૂપણ કરે તે વખતે એ પદાર્થોમાં લેશ પણ શંકા રાખ્યા વિના એમાં 'તહત્તિ' કરવાની વાત છે.

**શિષ્ય** : "એ શાસ્ત્રીય પદાર્થોનું નિરૂપણ કરનારા ગુરુ ગીતાર્થ અને સંવિગ્ન જોઈએ" એવું આપે કહ્યું. પણ ગીતાર્થ એટલે શું ? સંવિગ્ન એટલે શું ?

**ગુરુ** : ઉત્કૃષ્ટ કક્ષાના ગીતાર્થની વાત કરીએ તો આવશ્યક નિર્યુક્તિ, દશવૈકાલિક વિગેરે આગમોનો ક્રમશઃ અભ્યાસ કરતા કરતા જેઓએ તમામ આગમોનો તલસ્પર્શી અભ્યાસ કરી લીધો હોય. એમાં ય છ છેદસૂત્રોનો ખૂબ જ ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો હોય. એ છ છેદસૂત્રોના જેટલા સૂત્રો છે એ બધા જેને કંઠસ્થ હોય. અને એના વિશાળ-વિરાટ અર્થો જેના મનમાં એકદમ સ્પષ્ટ હોય. આવા મુનિઓ વર્તમાનકાળમાં ઉત્કૃષ્ટ ગીતાર્થ કહી શકાય.

પણ આ પાંચમો આરો છે, કાળ અતિવિષમ છે. એટલે છેવટે જે સાધુઓએ નિશીથસૂત્રની પીઠિકા, વ્યવહારસૂત્રની પીઠિકા અને બૃહત્કલ્પની પીઠિકાનો અનુભવી ગુરુ પાસે સારી રીતે અભ્યાસ કરી લીધો હોય એ પણ આજે જઘન્યથી ગીતાર્થ કહેવાય છે.

સંવિગ્ન એટલે ભવભીરુ, વૈરાગી આત્મા ! જેને ડગલે ને પગલે સંસાર વધી જવાનો ભય સતાવે, માટે જ જે પાપોથી ખૂબ ગભરાય, એમાં ય શાસ્ત્રવિરૂદ્ધ વચન ન બોલાઈ જાય એ માટે જે અત્યંત જાગ્રત હોય એ સંવિગ્ન મહાત્મા કહેવાય.

(આમાં આ કાળને અનુસરીને 'ગીતાર્થ' માટેના કેટલાક ખુલાસાઓ હું આગળ કરીશ.)

હે શિષ્ય ! આવા મુનિવર જ્યારે શાસ્ત્રીય પદાર્થો બોલે ત્યારે તેમાં 'તહત્તિ' કરવું.

**શિષ્ય** : આવો આગ્રહ શા માટે ? કે ગીતાર્થ, સંવિગ્નના જ વચનોમાં 'તહત્તિ' કરવું.

**ગુરુ** : શાસ્ત્રીય પદાર્થોનું નિરૂપણ કરનારા સાધુઓ પાંચ પ્રકારના હોઈ શકે.

(૧) ગીતાર્થ + સંવિગ્ન

(૨) ગીતાર્થ + સંવિગ્ન પાક્ષિક

(૩) ગીતાર્થ + અસંવિગ્ન

(૪) અગીતાર્થ + સંવિગ્ન

(૫) અગીતાર્થ + અસંવિગ્ન

આમાં પહેલા પ્રકારના સાધુઓ શાસ્ત્રીય પદાર્થોનો સૂક્ષ્મબોધ ધરાવે છે. માટે જ તો એ ગીતાર્થ કહેવાય છે. વળી તેઓ સંવિગ્ન પણ છે. એટલે શ્રોતાઓને આકર્ષવા માટે કે કોઈની શરમથી કે એવા કોઈપણ કારણોસર શાસ્ત્રવિરુદ્ધ નિરૂપણ ન જ કરે. એટલે એ જે બોલે તે ભગવાનને માન્ય એવો જ પદાર્થ હોય. અને પ્રભુને માન્ય પદાર્થ તો બેધડક સ્વીકારવો જ પડે. એ જ સમ્યગ્દર્શન છે. એમાં સમ્યક્ત્વની નિર્મળતા છે.

બીજા પ્રકારના સાધુઓ શાસ્ત્રીય પદાર્થોને બરાબર જાણે છે. પણ કર્મોની વિચિત્રતાને લીધે સુંદર જીવન જીવતા નથી. સંયમજીવનમાં શિથિલ બન્યા છે. દોષિત ગોચરી કારણ વિના પણ વાપરવી, નિષ્કારણ એક જગ્યાએ લાંબા સમય સુધી રહેવું, પ્રતિક્રમણાદિ ક્રિયાઓ વિધિસર ન કરવી, નિષ્કારણ ઉજળા વસ્ત્રો પહેરવા.... વિગેરે નાની-મોટી શિથિલતાઓનો ભોગ બન્યા હોય છે.

પણ આ સાધુઓ પાસે એક વસ્તુ ખૂબ જ સુંદર છે. એ છે; આજ્ઞાપક્ષપાત = સાચા સાધુજીવન પ્રત્યેનો અતિશય બહુમાનભાવ = "હું જે જીવન જીવું છું એ ખોટું જ છે" એવો એકરાર.

માટે જ આ સાધુઓ પોતાનાથી નાના પણ સાધુઓ પાસે વંદન ન લે. એ બધાયને વંદન કરે. એ કદી શિષ્યો ન કરે. શિથિલતાઓ હોવા છતાં આ બધી વિશેષતાઓના કારણે તેઓ ભવિષ્યમાં સાચું સાધુપણું પામનારા બને છે. શાસ્ત્રોમાં આવા સાધુઓ 'સંવિગ્ન પાક્ષિક' નામથી ઓળખાય છે.

પણ શિષ્ય ! આજે આવા પ્રકારના સંવિગ્ન-પાક્ષિકો દેખાતા નથી. અને વ્યવહારમાં આવા સંવિગ્ન પાક્ષિકો હવે લગભગ દુઃશક્ય બને છે.

છતાં જે સાધુઓ નિષ્કારણ શિથિલતાઓ સેવતા હોય અને એના પશ્ચાત્તાપવાળા હોય તે સાધુઓ ભલે આ કાળને અનુસરીને વંદન લેવાના બંધ કરવાદિ ન કરી શકે. છતાં જો તેઓ (૧) પોતાનાથી વધુ સુંદર જીવન જીવનારાઓની ભારોભાર અનુમોદના કરે, (૨) પોતાની શિથિલતાઓ બદલ આંસુઓ સારે, (૩) પોતાના માન-સન્માન શક્ય એટલા ટાળવાનો પ્રયત્ન કરે તો એ પણ ભાવથી સંવિગ્ન પાક્ષિક ગણી શકાય.

શિષ્ય ! આ સંવિગ્નપાક્ષિક અંગે મારે ઘણી બાબતો જણાવવી છે પણ હમણાં એ વાત નથી કરતો. મૂળ વાત ઉપર આવું છું.

આ બીજા પ્રકારના સાધુઓ શિથિલ હોવા છતાં અતિશય આજ્ઞા-બહુમાન ધરાવે છે માટે જ તેઓ પણ ક્યારેય શાસ્ત્રવિરુદ્ધ નિરૂપણ ન જ કરે. પોતે વિગઈઓ વાપરતા હોય તો પણ નિરૂપણ તો એવું જ કરે કે, 'સાધુથી વિગઈઓ ન વપરાય. નિષ્કારણ વિગઈઓ વાપરનારાઓને પાપી સાધુ તરીકે શાસ્ત્રોમાં કહ્યા છે.'

પોતે અંધારામાં વિહાર કરતા હોય તો પણ બોલે તો એમ જ કે, 'આ એક ભયંકર પાપ છે. ગાઢ કારણ વિના તો અજવાળામાં જ વિહાર કરવો જોઈએ.'

પોતે ચોક્ખા વસ્ત્રો પહેરતા હોય તો ય બોલે તો એમ જ કે, 'આ તો તાલપુટ ઝેર છે. બ્રહ્મચર્ય માટે નુકશાનકારી છે. શાસનપ્રભાવના વિગેરે કારણોસર ચોક્ખા વસ્ત્રો પહેરવા પડે એ જુદી વાત. બાકી તો આ અત્યંત નુકશાનકારી વસ્તુ છે.'

ટૂંકમાં પોતાના કોઈપણ શિથિલાચારને છુપાવવા માટે, 'પોતે ખરાબ ન દેખાય, અસંયમી ન દેખાય' એ માટે શાસ્ત્રીય પદાર્થોને છુપાવવાનું, ખોટી રીતે નિરૂપણ કરવાનું, ચાલાકીઓ વાપરી શ્રાવકો વિગેરેને અંધારામાં રાખવાનું, એમની પાસેથી ભક્તિઓ લીધા રાખવાનું અકૃત્ય આ મહાત્માઓ કદી ન કરે.

માટે એ પણ જે બોલે તે પ્રભુને માન્ય એવું જ વચન હોય. એટલે એના વચનોમાં પણ બિલકુલ શંકા

ન કરવી.

આ માટે તને એક સરસ વાત કરું.

અષ્ટક પ્રકરણમાં સૂરિપુરંદર, ભગવાન્ હરિભદ્રસૂરિજીએ એવું નિરૂપણ કર્યું છે કે, 'સાધુઓ ગૃહસ્થોને પોતાની કોઈપણ વસ્તુ ન આપી શકે. પણ એવા ગાઢ અપવાદના સ્થાનોમાં કરૂણા વિગેરેથી પ્રેરાઈને આપી દે તો એ શાસ્ત્રવિરુદ્ધ ન ગણવું. **દા.ત.** પ્રભુવીરે દીક્ષા બાદ બ્રાહ્મણને વસ્ત્રનું દાન કર્યું.'

આ અંગે ત્યાં ઘણી વિસ્તૃત ચર્ચા કરી છે.

કેટલાકને હરિભદ્રસૂરિજીના આ વચન અંગે શંકા ગઈ. તેઓ એમ માનવા લાગ્યા કે હરિભદ્રસૂરિજી ગોચરી વાપરતા પહેલા ભક્તો પાસે શંખ વગાવડાવી ગરીબોને ભેગા કરાવતા અને ભક્તો દ્વારા એમને ભોજન અપાવડાવતા. આ રીતે તેઓ ગૃહસ્થોને દાન આપવાની પ્રવૃત્તિ કરતા હતા. આ પ્રવૃત્તિનો બચાવ કરવા માટે જ એમણે પોતાના અષ્ટક પ્રકરણમાં આ વાત કરી છે. એટલે આ પદાર્થ શાસ્ત્રવિરુદ્ધ જ છે. એમણે પોતાનો બચાવ કરવા માટે ઉત્સૂત્ર પ્રરૂપણા કરી છે.

આવી શંકા દૂર કરવા માટે નવાંગી ટીકાકાર અભયદેવસૂરિજીના ગુરુ શ્રી જિનેશ્વરસૂરિજીએ લખ્યું છે કે, 'આવી શંકા ખોટી છે, કેમકે ભગવાન્ હરિભદ્રસૂરિજી સંવિગ્નપાક્ષિક હતા. સંવિગ્નપાક્ષિક ક્યારેય ઉત્સૂત્ર પ્રરૂપણા ન કરે. માટે એમનું નિરૂપણ શાસ્ત્રાનુસારી જ છે.'

આ જ વાત બત્રીસ-બત્રીસીમાં મહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી મ.સાહેબે કરી છે.

આનો સાર એ છે કે સાધુ કદાચ શિથિલાચારી હોય તો પણ જો એ સંવિગ્નપાક્ષિક હોય અને ગીતાર્થ હોય તો એના શાસ્ત્રીય નિરૂપણોમાં કોઈપણ પ્રકારની શંકા ન કરવી.

**શિષ્ય :** તો શું આ પ્રથમ બે પ્રકારના સાધુઓ જે બોલે એ આંખ મીંચીને સ્વીકારી લેવાનું ?

**ગુરુ :** એ બે પ્રકારના સાધુઓ જે બોલે એમાં ચિંતન જરૂર કરી શકાય. પદાર્થ ન સમજાય તો જિજ્ઞાસાથી પ્રશ્નો પણ પૂછી શકાય. પણ 'આ સાધુઓ જે પદાર્થ કહે છે તે ખોટો તો નહિ હોય ને !' એમ શંકા ન કરવી.

હવે ત્રીજા પ્રકારના સાધુઓને વિચારીએ.

તેઓ ગીતાર્થ તો છે પણ સંવિગ્ન નથી, સંવિગ્નપાક્ષિક પણ નથી. આ સાધુઓના વચનો શાસ્ત્રવિરુદ્ધ હોવાની શક્યતા છે. તેઓ સાચી વાત જાણતા હોવા છતાં સંવિગ્ન ન હોવાથી અહંકાર, આસક્તિ વગેરે દોષોને લીધે શાસ્ત્રવિરૂદ્ધ નિરૂપણ કરી બેસે એ શક્ય છે.

આ અંગે નીચે પ્રમાણેના દૃષ્ટાન્તો બની શકે.

(૧) ગીતાર્થ એવો પણ જે સાધુ વિજાતીય સાથે વધારે વાતચીત કરવાની ટેવવાળો હશે તે ક્યારેય બ્રહ્મચર્યની નવ વાડોનું વર્ણન નહિ કરે. કદાચ વ્યાખ્યાનાદિમાં એ પદાર્થ આવી પડે તો 'સ્ત્રીઓ સાથે સાધુથી વાત ન કરાય.' એ વાડનું વર્ણન નહિ કરે. એનું વર્ણન પણ કરવું પડે તો આ પ્રમાણે બોલશે કે, 'આ જે નિષેધ છે એ તો રાગભાવથી, ખરાબભાવથી વિજાતીય સાથે વાતચીત કરવાનો નિષેધ છે. બાકી તેઓને ધર્મ પમાડવા માટે, ઉપદેશ આપવા માટે, એમના પ્રશ્નોના સમાધાન માટે વિજાતીય સાથે વાતચીતાદિ કરવામાં કોઈ દોષ નથી. રે ! પ્રભુ તો 'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવનાવાળા છે. એ શા માટે સાધુઓને સ્ત્રીઓને પ્રતિબોધ કરતા અટકાવે ?'

(૨) એ ગીતાર્થ-અસંવિગ્ન સાધુ પોતાનો શિષ્ય કોઈ અત્યંત ભયંકર ભૂલ કરશે તો ય એને પ્રાયશ્ચિત્ત નહિ આપે. કદાચ દેખાવ પૂરતું આપશે. એ શિષ્ય નિષ્ઠુર હશે, વારંવાર પાપો કરનારો હશે તો પણ આ

અસંવિગ્ન સાધુ = ગુરુ શિષ્ય પ્રત્યેના મમત્વને કારણે એના બધા પાપોને માફ કરશે, યોગ્ય શિક્ષા પણ નહિ કરે. કદાચ જવાબ આપવો પડશે તો કહેશે કે, 'આ કાળ જ ભયંકર છે. એમાં આ બિચારો શું કરે? વળી એનો તો કોઈ દોષ ન હતો. કોને શું પ્રાયશ્ચિત્ત આપવું એ મને ખબર છે. એણે કોઈ પાપ કર્યું જ નથી.' આવા અનેક ઉત્તરો આપશે.

ઓ શિષ્ય ! આવા તો કેટલા દૃષ્ટાન્તો આપું ?

અસંવિગ્નતા એટલું બધું ભયંકર પાપ છે કે એમાંથી ઉત્સૂત્રપ્રરૂપણાદિ અતિ ભયંકર પાપોની પેદાશ થાય છે. માટે જ શાસ્ત્રોમાં કહ્યું છે કે 'રાગ-દ્વેષ વિના, મધ્યસ્થ બનીને શાસ્ત્રીય પદાર્થોનું નિરૂપણ કરનારાઓ ખરેખર અત્યંત દુર્લભ છે.'

પેલી આનંદઘનજીની કડીઓ ! 'અભિમતવસ્તુ વસ્તુગતે કહે રે, એ વિરલા જગ જોય.' શાસ્ત્રાનુસારી પદાર્થો એ જ પ્રમાણે કહેનારા મહાપુરુષો તો વિરલ જ હોય છે.

એટલે જે સાધુઓ અસંવિગ્ન હોય તેઓ ગીતાર્થ= ઘણું ભણેલા હોય તો પણ એમના વચનોમાં જલ્દી વિશ્વાસ ન મૂકવો : 'તહત્તિ' ન કરવું.

ચોથા પ્રકારના સાધુઓ સંવિગ્ન તો છે પણ ગીતાર્થ નથી. આ સાધુઓ પણ ઘણું નુકસાન કરનારા બને. ભલે તેઓ દેખાવમાં તપસ્વી, વૈરાગી, અંતર્મુખ વિગેરે દેખાતા હોય પણ ગીતાર્થતા = શાસ્ત્રોનો સૂક્ષ્મ બોધ ન હોવાથી એમના વચનોમાં વિશ્વાસ મૂકવાથી નુકસાન થવાની શક્યતા છે.

**શિષ્ય :** શિથિલાચારી સાધુઓ તો નુકસાન કરનારા બને, પણ સુંદર આચારસંપન્ન દેખાતા સાધુઓ પણ નુકસાન કરનારા બને એ સમજાતું નથી.

**ગુરુ :** એ વાત તને દૃષ્ટાન્તો દ્વારા સમજાવું.

(૧) મોટી માંદગીમાં પટકાયેલા બુદ્ધિમાન્ વ્યક્તિને એમના સ્વજનો, મિત્રો વિગેરે સાચી લાગણીથી જાતજાતની દવાઓ લેવાની સલાહ આપતા હોય છે. પણ છતાં એ બુદ્ધિમાન્ વ્યક્તિ કોઈની વાત સ્વીકારતો નથી. એ તો સારામાં સારા ડોક્ટરની કે ઉત્કૃષ્ટ વૈદ્યની સલાહ પ્રમાણે જ દવાઓ કરે છે. હા, કોઈક મિત્ર વગેરેની વાત મનમાં જચી જાય તો પણ પોતાના માનીતા ડોકટરને પૂછ્યા વિના તો એ દવા ન જ લે, કેમકે એ જાણે છે કે આ બધાની ભાવના સારી હોવા છતાં આ અંગેનું વિશેષ જ્ઞાન તો નથી જ, એટલે એમના કહ્યા પ્રમાણે કરવા જતા ક્યાંક મરવાનો વખત આવે.

એમ સંવિગ્ન સાધુઓ પણ પરોપકાર કરવાની ભાવનાવાળા હોવા છતાં પરોપકાર કઈ રીતે કરવો એની સૂક્ષ્મ જાણકારી ન હોવાથી, માત્ર સ્થૂલ બોધ હોવાથી સાચા અર્થમાં પરોપકાર તો ન જ કરી શકે પણ ક્યારેક મોટું નુકસાન કરી બેસે.

(૨) પાકિસ્તાન સાથે એક-બે દિવસમાં જ યુદ્ધ શરુ થઈ જાય એવી અત્યંત સ્ફોટક પરિસ્થિતિ હોય અને એ જ દિવસે ભારતના લશ્કરના મુખ્ય સેનાપતિનું મૃત્યુ થઈ જાય, અને તાત્કાલિક એ પદ ઉપર બીજા વ્યક્તિને બેસાડવાનો વખત આવે ત્યારે ભારતદેશ માટે મરી ફીટવાની તૈયારીવાળો, ગામડામાં રહેલો કોઈ અજૈન સંન્યાસી આવીને કહે કે 'મને સેનાપતિ બનાવો. હું ભારત માટે મરી ફીટીશ.' તો શું એની વાત સ્વીકારાય? એને યુદ્ધ કેવી રીતે કરવું ? એની લેશ પણ સમજણ નથી. એને જો સેનાપતિ બનાવવામાં આવે તો એ તો મૃત્યુ પામે પણ એની અણ-આવડતને લીધે કરોડો લોકોના જીવન જોખમમાં મુકાય.

સંવિગ્નતા, પરોપકારની ભાવના એ રાષ્ટ્રદાઝ જેવી છે, પણ એ વ્યક્તિમાં ગીતાર્થતા ન હોય તો સ્વ-

પર બે ય ને અત્યંત અહિતકારી પણ બની શકે.

હા, આ અવસરે દસ વર્ષ પૂર્વે ભારતે પાકિસ્તાનના જ કોઈ અત્યંત ચાલાક સેનાપતિને પકડીને કેદ કરેલો હોય એવા એ કેદી પાકિસ્તાની સેનાપતિને પણ ભારતના સેનાપતિપદે ન મુકાય, કેમકે એ શત્રુદેશનો હોવાથી ભારતનું જ નિકંદન કાઢી નાંખે. એમ સંવિગ્નતા વિનાના, સાચી પરોપકારની ભાવના વિનાના, માન-સન્માન, યશ-કીર્તિ, ભોજનાસક્તિ વિગેરેથી ખરડાયેલા અત્યંત વિદ્વાન્ ગણાતા સાધુઓના વચનો પણ વિશ્વસનીય બની શકતા નથી. એમાં ખૂબ જોખમ સંભવે છે. માટે આ સંવિગ્ન, અગીતાર્થ એવા સાધુઓના વચનોમાં જલ્દી 'તહત્તિ' કરાય નહિ.

**શિષ્ય :** ગુરુદેવ ! આપે દૃષ્ટાન્તો દ્વારા તો આ વાત બરાબર સમજાવી, પણ શાસ્ત્રકારો પણ શું આપના જેવું જ નિરૂપણ કરે છે?

**ગુરુ :** તને મારા વચનમાં શંકા કેમ થઈ ? એ જ આશ્ચર્ય છે. છતાં તારી ઈચ્છા છે તો શાસ્ત્રવચનો પણ તને બતાવું.

**जं जयइ अगीयत्थो, जं च अगीयत्थनिस्सिओ जयइ । वट्टावेइ अ गच्छं अणंतसंसारिओ होइ ॥**

(ઉપદેશમાલા-૩૯૮)

ભગવાન વર્ધમાનસ્વામીના શિષ્ય, અવધિજ્ઞાની ધર્મદાસગણિ કહે છે કે અગીતાર્થ આચાર્ય ભલે ને ગમે એટલું ઉત્કૃષ્ટ સંયમજીવન પાળે. એ અગીતાર્થ આચાર્યની નિશ્રામાં રહેલો વિરાટ ગચ્છ પણ ભલે ને ઉત્કૃષ્ટ સંયમજીવન જીવે. એ અગીતાર્થ આચાર્ય ભલે ને હોંશે હોંશે આખા ગચ્છને સંભાળે. પણ એ અગીતાર્થ આચાર્ય અને એમની નિશ્રામાં રહેલો આખો ગચ્છ **અનંતસંસારી** થાય.

આવા તો અનેક શાસ્ત્રપાઠો ગુરુતત્ત્વવિનિશ્ચય, ગચ્છાચાર વિગેરે ગ્રન્થોમાં છે. પણ મને લાગે છે કે ઉપરનો એક જ શાસ્ત્રપાઠ પૂરતો છે એટલે હવે બીજા શાસ્ત્રપાઠો આપતો નથી.

**શિષ્ય :** અગીતાર્થ એવો સંવિગ્ન શી રીતે નુકસાનકારી બને ? એ માટે જીવનમાં જ અનુભવાતા કોઈક પ્રસંગો જણાવશો ?

**ગુરુ :** સંવિગ્ન સાધુઓ ઉત્સર્ગમાર્ગના અતિ આગ્રહી હોય છે એટલે યોગ્ય સ્થાને અપવાદ સેવવા ન દે. નિરૂપણ પણ એકાંત ઉત્સર્ગનું જ કરે. પરિણામે નુકસાન થાય. **દા.ત.** એક શિષ્યને કમળો થયો. ડોક્ટરે બે મહિના શેરડીનો રસ પીવાની સૂચના કરી. એના ગુરુ સંવિગ્ન, અગીતાર્થ હતા. એમણે શિષ્યને કહી દીધું કે, 'શાસ્ત્રમાં ફળોના રસ વિગેરે વાપરવાની સ્પષ્ટ ના છે. એટલે આપણાથી આ ન જ વપરાય. આપણા માટે સંયમ મહાન્ છે.' શિષ્યે એમની વાત સ્વીકારી. શેરડીનો રસ ન પીધો. કમળો વકર્યો. અંતે મૃત્યુને ભેટવું પડ્યું. સંયમ ગુમાવી દેવું પડ્યું. જો રસ પી લઈ, સાજા થઈ પછી વર્ષો સુધી સાધના કરી હોત તો મોક્ષ ઘણો નજીક લાવી શકાત, કેમકે મોક્ષમાર્ગની સાધના મુખ્યત્વે સંયમ વિના તો શક્ય જ નથી.

રસ્તામાં જ એક સાધુનો એક્સિડન્ટ થયો. અગીતાર્થ, સંવિગ્ન ગુરુએ બાકીના સાધુઓને કહી દીધું કે, 'આને ગાડીમાં નાંખીને શહેરમાં લઈ જઈએ તો કદાચ બચી પણ જાય. પણ પ્રભુએ વાહનનો ઉપયોગ કરવાની ના પાડી છે. એટલે આપણે તેને અહીં જ નવકારાદિ સંભળાવી દઈએ.' આવી પરિસ્થિતિમાં બિચારા શિષ્યની સમાધિ શી રીતે ટકે? ભયંકર રીબામણ સાથે મૃત્યુ થયું. કઈ ગતિમાં જીવ ગયો એ તો કેવલી જાણે પણ એણે અતિ મોંઘેરું મુનિજીવન ગુમાવી દીધું.

એ રીતે કો'ક શિષ્ય કહે કે 'ગુરુજી ! એકાસણા મને ખૂબ અઘરા પડે છે. આપ રજા આપો તો બેસણા

કરું. ત્યાગ ખૂબ કરીશ.' એ વખતે અગીતાર્થ-સંવિગ્ન ગુરુ કહી દે કે 'એકાસણા જ કરવા પડશે. બેસણા કરવા હોય તો ઘરે જતા રહો. મારા ગ્રુપમાં આવી શિથિલતા નહિ ચાલે.' બિચારા એ શિષ્યનું શું થાય ?

કોઈ ગુરુ વળી સંઘાટક ગોચરીના આગ્રહી હોય. ૧૫-૨૦ના ગ્રુપમાં એ સચવાતું હોય. પણ ધારો કે કારણસર બે ગ્રુપોએ જુદા પડવું પડ્યું. એક ગ્રુપમાં બે-ત્રણ સાધુઓ માંદા પડ્યા. એ વખતે પણ એ અગીતાર્થ ગુરુ એવો જ આગ્રહ રાખે કે 'સંઘાટક જ જવું પડશે' તો શક્ય છે કે વૈયાવચ્ચ કરનારા શેષ સાધુઓ ઘણા હેરાન પણ થાય. હા, બધા સમર્થ હોય, પહોંચી વળતા હોય તો એ શ્રેષ્ઠ જ છે.

ટૂંકમાં આવા સંવિગ્ન-અગીતાર્થ ગુરુઓ પોતાની દેશનામાં ઉત્સર્ગમાર્ગને એટલો બધો એકાંતે સ્થાપિત કરે કે જેથી એમના શિષ્યો પણ અતિ ઉત્સર્ગમાર્ગી બની જાય, જેમાં ઉપર કહેલા ઘણા પ્રકારના નુકશાનો થવાની શક્યતા ઊભી થાય.

આ ઉત્સર્ગ અને અપવાદની વાત કરી.

એ રીતે સંવિગ્ન અગીતાર્થ કોઈક ગુરુ સ્વાધ્યાયના એકાંતે આગ્રહી હોય તો એ પોતાના સાધુઓ પાસે સ્વાધ્યાય જ કરાવ્યા કરે પણ વૈયાવચ્ચ, વિનયાદિ બીજા યોગોનું નિરૂપણ ન કરે. એ એમ ન વિચારે કે દરેક આત્માની રૂચિ એક- સરખી ન હોય. પૂર્વભવોના સંસ્કારો પ્રમાણે દરેકને જુદા જુદા યોગો ગમતા હોય. એટલે એમને એ જ યોગ પ્રધાન બનાવીને આગળ ધપાવવા જોઈએ. ગુરુઓની મુશ્કેલી એવી હોય કે **'सज्झाय समं तवो नत्थि'** એવા કોઈક વચનો સાંભળી, એને જ સર્વસ્વ માની લઈ બાકીના તમામ યોગોને સાવ નકામા ગણી લે. પરિણામે શિષ્યો વાસ્તવિક મોક્ષમાર્ગ આરાધી ન શકે. જે શિષ્યો પૂર્વભવમાં વૈયાવચ્ચ, જપ વિગેરે યોગોને સાધતા આવ્યા હોય તેઓને આ ભવમાં એ યોગોનો નિષેધ થવાથી અને અણગમતા સ્વાધ્યાયાદિ યોગમાં બળજબરી થવાથી સંયમજીવન હારી જવાનો વખત આવે. જેઓ વળી ગુરુના કહેવાથી એકાંતે સ્વાધ્યાયમાં જ લીન બનીને બાહ્યતપ, વૈયાવચ્ચ, વિનય, ઔચિત્ય વિગેરે પ્રત્યે તદ્દન ઉપેક્ષાવાળા બને તેઓ પણ મોક્ષમાર્ગ ગુમાવે, પોતાના દ્વારા અનેકોના મોક્ષમાર્ગનો વિનાશ કરનારા બને.

એ રીતે આંબિલની જ રુચિવાળા અગીતાર્થ ગુરુ શિષ્યાદિને આંબિલની જ પ્રેરણા કરે. બાકીના યોગો પ્રત્યે લક્ષ્ય જ ન આપે. વૈયાવચ્ચ, પ્રભુભક્તિ કે જપ વિગેરેની જ રુચિવાળા ગુરુ વૈયાવચ્ચાદિને જ ભારપૂર્વક શિષ્યો પાસે સ્વીકાર કરાવે.

ઓ શિષ્ય ! દરેક મોક્ષાર્થી આત્માએ સામાન્યથી પોતાના જીવનમાં સ્વાધ્યાય, તપ, વૈયાવચ્ચ, જપ આદિ કોઈપણ એક યોગને પ્રધાન બનાવવાનો હોય છે, પરંતુ બાકીના તમામ યોગોનું પોતાની શક્તિ પ્રમાણે ઉચિત સેવન જો તેઓ ન કરે તો તેઓ મોક્ષમાર્ગથી દૂર ફેંકાઈ જવાની ઘણી બધી શક્યતા છે.

સ્વાધ્યાયી સાધુઓ નિષ્કારણ નવકારશી કરે, વડીલોનો વિનય ન કરે, વૃદ્ધોની સેવાદિ ન કરે, પુષ્કળ વિગઈઓ વાપરે એ શું ઉચિત છે ?

તપસ્વી સાધુઓ સ્વાધ્યાય બિલકુલ ન કરે, કરે તો ય રૂચિ વિના કરે, બહિર્મુખતામાં જ લીન રહે, પ્રમાદ ખૂબ કરે, સંયમ ન પાળે તો એ શું ઉચિત છે?

જપ કરનારા સાધુઓ આવશ્યક ક્રિયાઓ ગમે તેમ કરે, બેઠા બેઠા કરે, શાસ્ત્રોનો સૂક્ષ્મ બોધ ન મેળવે (શક્તિ હોવા છતાં) એ શું ઉચિત છે ?

વ્યાખ્યાનકાર સાધુઓ શક્તિ હોવા છતાં એકાસણાદિ તપ ન કરે, સાધુજીવનની મર્યાદા ઓળંગે, માન-સન્માનમાં અટવાઈ જાય, બહિર્મુખતામાં ફસાઈ જાય એ શું ઉચિત છે ?

પણ જ્યાં ગુરુ અગીતાર્થ હશે ત્યાં એમના શિષ્યોને સાચું માર્ગદર્શન ન મળવાથી આવી ઘણી અનુચિત પ્રવૃત્તિઓ થવાની જ. કરૂણાપાત્ર એ શિષ્યો કદાચ અનંતકાળ માટે મોક્ષપ્રાપ્તિની તક ગુમાવી બેસે તો પણ નવાઈ નહિ.

જોયું ને શિષ્ય ! સંવિગ્ન એવા પણ અગીતાર્થ ગુરુ કેટલા નુકસાનકારી બની શકે છે ! માટે શાસ્ત્રકારોએ એમના વચનો ઉપર 'તહત્તિ' કરવાનો નિષેધ કરેલો છે.

પાંચમા પ્રકારના સાધુઓ તો અગીતાર્થ અને અસંવિગ્ન છે. એટલે ત્યાં તો બે ય રીતે નુકસાનો થવાના છે.

પ્રથમ બે પ્રકારના સાધુઓ પણ ઉપયોગપૂર્વક બોલે તો જ એમના વચનમાં નિર્વિકલ્પ તથાકાર કરવો. જો બોલતી વખતે તેઓનો ઉપયોગ ન હોય, મન બીજે ક્યાંક હોય તો પછી એમાં નિર્વિકલ્પ તથાકાર ન કરવો.

**શિષ્ય :** પણ મહાગીતાર્થ અને સંવિગ્ન ગુરુ પણ ઉપયોગ ન રહેવાથી ખોટું નિરૂપણ કરી બેસે એ શું શક્ય છે ? એમને અનુપયોગ થાય ?

**ગુરુ :** દશવૈકાલિકસૂત્રની એ ગાથા તું ભૂલી ગયો ? **आयारपण्णत्तिधरं दिट्ठीवायमहिज्जगं । वायविक्खलिअं नच्चा न तं उवहसे मुणी ।** દષ્ટિવાદને ભણનારા સાધુથી પણ બોલવામાં સ્ખલના થઈ જાય ખરી. એમાં એની મશ્કરી ન કરવી. દશપૂર્વધર બની ગયા પછી આવી ભૂલ ન થાય. પણ એની પૂર્વે તો નવ પૂર્વોના જ્ઞાનવાળાઓથી પણ અનુપયોગના લીધે ભૂલ થવાની શક્યતા નકારી શકાતી નથી.

વર્તમાનકાળનું દષ્ટાન્ત આપું.

'કમ્મપયડિ' ઉપર જેમનું અપ્રતીમ પ્રભુત્વ હતું, જેમણે પોતાના શિષ્યો પાસે લાખો શ્લોક પ્રમાણ કમ્મપયડિ ઉપર તદ્દન નવું લખાણ તૈયાર કરાવ્યું એવા મહાગીતાર્થ પૂજ્યપાદ આચાર્યદેવ પ્રેમસૂરિજી મ.સાહેબની પણ કમ્મપયડિના એક પદાર્થમાં ભૂલ થઈ ગયેલી. પાછલી ઉંમરે એમને એ વાતનો ખ્યાલ આવ્યો ત્યારે એમણે અંતઃકરણથી ક્ષમા માંગી હતી.

અલબત્ત, આવું ક્યારેક જ બને.

**શિષ્ય :** આપે બીજા વિભાગના સાધુઓના વચનોમાં 'તહત્તિ' કરવાનો નિષેધ કર્યો છે પણ એમાં તો ઘણી મુશ્કેલી ઊભી થાય : (૧) કોઈક શ્રાવક વ્યાખ્યાનમાં સુંદર પદાર્થો સાંભળી ઘરે જઈ બધાને એ પદાર્થો કહે ત્યારે એ ઘરવાળાઓ તો એ પદાર્થો સ્વીકારી જ ન શકે ને ? કેમકે શ્રાવક તો અગીતાર્થ છે. (૨) સાધુ-સાધ્વીજીઓ જૈન-અજૈન પંડિતજી પાસે ભણે ત્યારે પણ પંડિતજી તો અગીતાર્થ જ હોવાથી એમના વચનોનો સ્વીકાર ન જ થઈ શકે ને? (૩) અત્યારે ઘણા સાધુઓ એવા છે કે જેઓ વ્યાખ્યાન આપે છે પણ ગીતાર્થ નથી, કાં તો સંવિગ્ન નથી. માત્ર સ્થૂલ બોધ છે. કદાચ કોઈક શ્રાવક સૂક્ષ્મ પ્રશ્ન કરે તો જવાબ પણ ન આપી શકે. તો એમના વચનો પણ સાધુઓએ, શ્રાવકોએ ન સ્વીકારવા ? (૪) આજે દરેક ગ્રુપોમાં પરસ્પર સાધુઓ જ એકબીજાને પાઠ આપતા હોય છે. જીવવિચાર ભણેલો સાધુ તરત નવા સાધુને જીવવિચાર ભણાવવા લાગે. એમાં જો નવા સાધુનો ક્ષયોપશમ તીવ્ર હોય અને કંઈક પ્રશ્નો કરે તો પાઠક સાધુ ગુંચવાઈ જાય એવું ય જોવા મળે છે. તો આ રીતે અગીતાર્થ સાધુઓ જે પાઠ આપે એમાં પાઠ લેનારે 'તહત્તિ' નહિ કરવાનું ?

**ગુરુ :** તથાકાર સામાચારીમાં એવું સ્પષ્ટ લખ્યું છે કે બીજા વિભાગના સાધુઓ જે પદાર્થો પ્રરૂપે એમાં 'તહત્તિ' ન જ કરવું એવું નથી. પણ એ પદાર્થો યુક્તિયુક્ત હોય તો એમાં પણ 'તહત્તિ' કરી શકાય છે. દા.ત. 'આત્મા અને શરીર ભિન્ન છે.' એ પદાર્થની ચોટદાર દલીલો આ બીજા વિભાગના સાધુઓ આપતા હોય તો

આ વાત તો સાચી જ છે. દલીલો પણ એકદમ વાસ્તવિક લાગે તો પછી એનો સ્વીકાર કરવામાં કોઈ જ દોષ નથી. જ્યાં એ પદાર્થ યુક્તિયુક્ત ન લાગે, શાસ્ત્રવિરુદ્ધ લાગે ત્યાં એ પદાર્થ સંવિગ્ન-ગીતાર્થ ગુરુને પૂછી લઈ પછી એનો નિર્ણય કરી શકાય.

**શિષ્ય :** પણ બધા શ્રોતાઓ = શિષ્યો પાસે એવી બુદ્ધિ જ ક્યાં હોય છે કે તેઓ સમજી શકે કે, "આ સાધુ વિગેરેએ કહેલો પદાર્થ યુક્તિયુક્ત છે કે નહિ ? શાસ્ત્રાનુસારી છે કે નહિ ?" તેઓએ તો જે પ્રમાણે એ વક્તા બોલે એ પ્રમાણે જ સ્વીકારવાનું હોય છે.

**ગુરુ :** આવી પરિસ્થિતિમાં એવું લાગે છે કે જે પદાર્થો યુક્તિયુક્ત લાગે એ સ્વીકારવા ખરા, પણ એ જ વખતે મનમાં દૃઢ નિશ્ચય કરી લેવો કે ભવિષ્યમાં કોઈક ગીતાર્થ-સંવિગ્ન / સં. પાક્ષિક સાધુ મને બીજી રીતે સમજાવે તો આ પદાર્થને છોડી દેવાની મારી તૈયારી છે. હું આ પદાર્થ ઉપર કદાગ્રહ બિલકુલ નહિ રાખું.

એટલે હવે શ્રાવક સ્વજનોને શાસ્ત્રીય પદાર્થો કહે, સાધુ-સાધ્વીજીઓ પંડિતજી પાસે ભણે, સાધુ-સાધ્વીજીઓ પરસ્પર પાઠ આપે... આ બધામાં શ્રોતાઓએ (૧) વક્તાના જે પદાર્થો બરાબર લાગે, શાસ્ત્રાનુસારી લાગે એમાં 'તહત્તિ' કરવું. પણ સાથોસાથ મનમાં નક્કી કરી રાખવું કે ગીતાર્થ-સંવિગ્ન ગુરુ જેમ કહેશે એમ જ સ્વીકારીશ. આ અત્યારે સ્વીકારેલા પદાર્થ ઉપર કદાગ્રહ નહિ જ રાખું. (૨) વક્તાના જે પદાર્થોમાં શંકા પડે ત્યાં 'તહત્તિ' ન કરવું. પણ ગીતાર્થ-સંવિગ્ન ગુરુને પૂછી લઈ એ જેમ કહે એ પ્રમાણે સ્વીકારવું.

આવો ઉત્તર મને સુઝે છે.

આ બધા પાછળનો મુખ્ય આશય એ જ છે કે પ્રભુને જે પદાર્થ માન્ય ન હોય એ પદાર્થમાં આપણી શ્રદ્ધા ન થઈ જાય. જમાલિએ પ્રભુને અમાન્ય પદાર્થ પોતાના શિષ્યોને કહ્યો, તેમાંથી જેમણે સ્વીકાર્યો તેઓ શાસનની બહાર ફેંકાઈ ગયા. એમ જેટલા નિહ્નવો થયા એ તમામના શિષ્યોએ પોતાના અયોગ્ય ગુરુના અસત્ય વચનો ઉપર શ્રદ્ધા કરી એટલે શાસનની બહાર ફેંકાઈ ગયા. (જો કે સદ્નસીબે ઘણા બચી પણ ગયા છે.)

**શિષ્ય :** આપે ખરેખર ખૂબ સુંદર સમજણ આપી. પણ એક પ્રશ્ન ઊભો થયો છે. જે ગીતાર્થ-સંવિગ્ન હોય એના વચનો તો કોઈપણ જાતની શંકા વિના સ્વીકારવાના છે. હવે એ ગીતાર્થ-સંવિગ્ન ગુરુ જ કોઈક ભૂલ કરી બેસે, અનુપયોગાદિને લીધે એ પદાર્થ ખોટો નિરૂપણ કરી બેસે, પણ એ વખતે શિષ્યને તો એમ જ લાગે કે ગુરુ બધું બરાબર બોલ્યા. એટલે એ તો 'તહત્તિ' કરશે જ, વધુમાં એ પદાર્થ ૧૦૦% સાચો જ લાગેલો હોવાથી અને વ્યાખ્યાનકાર ગીતાર્થ, સંવિગ્ન હોવાથી એ પદાર્થ અંગે બીજા કોઈને પૃચ્છા કરવાનો પણ અવસર નહિ રહે. આમ આવા સ્થળે તો એ શ્રોતાઓ શાસ્ત્રવિરુદ્ધ પદાર્થમાં શ્રદ્ધાવાળા બની જશે તો શું એમને મિથ્યાત્વ ન લાગે?

**ગુરુ :** ના, શાસ્ત્રકારોએ કહ્યું છે કે સમ્યક્ત્વી જિનવચન ઉપર જ શ્રદ્ધા કરે. પણ અનાભોગના કારણે અથવા ગુરુ વડે અનુપયોગાદિને કારણે બોલાયેલા શાસ્ત્રવિરુદ્ધ પદાર્થોમાં શ્રદ્ધા કરે તો પણ એનું સમ્યક્ત્વ નાશ ન પામે, કેમકે એ એમ જ માને છે કે, 'આ જ જિનવચન છે.' માટે જ એની માનસિક ભૂમિકા એવી છે કે જે વખતે એને ખબર પડશે કે આ મારી માન્યતા જિનવચનવિરુદ્ધ છે એ વખતે એ સ્વયં છોડી જ દેવાનો છે.

**શિષ્ય :** આ રીતે તથાકાર સામાચારીનું સ્વરૂપ તો સમજાઈ ગયું. પણ એ સામાચારી ન પાળીએ તો શું નુકસાન થાય ? અને પાળીએ તો શું લાભ થાય ? એ જણાવો, જેથી આનું પાલન કરવામાં મારો ઉલ્લાસ ખૂબ વધે.

**ગુરુ :** ગીતાર્થ-સંવિગ્ન ગુરુ જ્યારે શાસ્ત્રીય પદાર્થો વર્ણવે ત્યારે એમાં 'તહત્તિ' ન કરવામાં બે કારણો

હોઈ શકે : (૧) એ વચન ઉપર અશ્રદ્ધા (૨) ઔચિત્યનો અભાવ, સામાચારીની સમજણનો અભાવ. આમાં જો ગુરુના વચન ઉપર અશ્રદ્ધા થાય અને માટે એ ન સ્વીકારે તો એને મિથ્યાત્વ જ લાગે, કેમકે આવા ગુરુનું વચન એ જિનવચન જ છે. એમાં શ્રદ્ધા ન કરીએ એટલે જિનવચનમાં અશ્રદ્ધા કરેલી ગણાય. એકપણ જિનવચનમાં શ્રદ્ધા ન કરીએ તો મિથ્યાત્વ જ લાગે એ તો પ્રસિદ્ધ જ છે.

ઓ શિષ્યો ! જો તમારા ગુરુ વર્તમાનકાળમાં સરેરાશ સારા ગીતાર્થ, સંવિગ્ન હોય તો એ જે કહે એ બેધડક સ્વીકારજો. એ કહે કે 'વિગઈઓથી બ્રહ્મચર્યનાશ થાય છે' તો એની સામે દલીલો ન કરશો. એ કહે કે 'સ્વાધ્યાય વિના ન ચાલે' તો એની સામે બળવો ન કરશો. એ કહે કે 'સંયમપાલનમાં છુટછાટ ન ચાલે' તો એની સામે કુતર્કો ન દોડાવશો, નહિ તો સર્વવિરતિ અને સમ્યક્ત્વ એ બે ય ગુમાવીને મિથ્યાત્વને પામશો.

પણ કેટલાક શિષ્યો વાચનામાં ઉંઘતા હોય. અથવા ક્ષયોપશમ અતિ મંદ હોવાથી ગુરુના પદાર્થો જેને સમજાતા જ ન હોય. અથવા આ તથાકાર સામાચારીનો બોધ જ ન હોય અને માટે જે શિષ્યો ગુરુની વાતને અંતઃકરણથી સ્વીકારવા છતાં બહારથી તહત્તિ, હાજી, મુખ ઉપર સુંદર હાવભાવ ઈત્યાદિ ન કરે તો એ સાધુઓ મિથ્યાત્વ તો ન પામે પણ તથાકાર સામાચારીથી જે લાભ થાય છે એ લાભ આ સાધુઓ ગુમાવી બેસે.

**શિષ્ય :** તથાકાર સામાચારીના લાભો શું થાય ?

**ગુરુ :** તથાકાર સામાચારીના છ લાભો થાય.

(૧) સામાન્યથી એવો નિયમ છે કે જે ક્રિયા જે ભાવપૂર્વક કરવામાં આવે તે ક્રિયા તે જ ભાવને વધારનારી બને. **દા.ત.** માતા પુત્ર ઉપર સ્નેહભાવથી ભોજન ખવડાવવાની ક્રિયા કરે છે, તો એ ક્રિયા કરતાં કરતાં માતાનો એ સ્નેહભાવ વધતો જાય છે. વિજાતીય તત્ત્વ ઉપર રાગભાવને લીધે એને જોવાની ક્રિયા કરવામાં આવે તો એ ક્રિયા કરવા દ્વારા એ કામરાગનો ભાવ વધતો જાય છે.

એમ અહીં પણ પરમાત્માના વચનો ઉપર ખૂબ શ્રદ્ધાનો ભાવ હોય અને એ શ્રદ્ધાના ભાવથી જ એ શિષ્ય ગુરુના વચનોમાં 'તહત્તિ', 'હાજી' કરે છે. એટલે આ ક્રિયા એના શ્રદ્ધાભાવને વધારનારી બને છે. અર્થાત્ આ સામાચારી સમ્યગ્દર્શનને વધુ ને વધુ નિર્મળ કરનારી બને છે, ક્રમશઃ એનાથી સર્વવિરતિભાવની પણ પ્રાપ્તિ થાય.

(૨) ગીતાર્થ, સંવિગ્ન ગુરુની વાચના સાંભળવા માટે ઘણા સાધુઓ, ઘણા શ્રાવકો આવતા હોય. એમાં ઘણા નવા સાધુ-શ્રાવકોને તો ખબર જ ન હોય કે ગુરુની વાચના સાંભળતી વખતે મુખ ઉપર આશ્ચર્યના, જિજ્ઞાસાના હાવભાવ દેખાડવા જોઈએ, 'હાજી' કરવું જોઈએ. હવે એ સાધુ-શ્રાવકો આ પરિપક્વ સાધુને તથાકાર સામાચારી કરતો જુએ, એના હાવભાવ, એના દ્વારા ગુરુની વધતી જતી પ્રસન્નતા વિગેરે જુએ એટલે તેઓને પણ ખ્યાલ આવે કે અમારે આ રીતે વર્તન કરવું જોઈએ. અને તેથી તેઓ પણ એ જ રીતે 'તહત્તિ' કરતા થાય. એમનું સમ્યક્ત્વ નિર્મળ થાય. આ રીતે કેટલો બધો વ્યાપક લાભ થાય. એક જ સાધુની તથાકાર સામાચારી કેટલો બધો ફાયદો કરે !

(૩) વડીલો, ગીતાર્થ જેવા શિષ્યો પણ ગુરુના વચનોમાં 'તહત્તિ' કરે એ જોઈને બધા શિષ્યો-શ્રાવકો વિચારે કે નક્કી આ ગુરુ ગીતાર્થ-સંવિગ્ન જ હશે. એ વિના એમના વચનોને આવા મોટા સાધુઓ શી રીતે તહત્તિ કરે ? ઘણા વિદ્વાન્ એવા પણ આ સાધુઓ જો આ ગુરુના વચનને સ્વીકારે છે તો એ વિશિષ્ટ ગીતાર્થ જ હોવા જોઈએ. આમ એ ગુરુ પ્રત્યે બધાની શ્રદ્ધા વધે.

(૪) તથાકાર સામાચારી એ ગુરુ પ્રત્યેનો ઊંચી કક્ષાનો વિનય છે. એના દ્વારા ગુરુને ખૂબ જ આનંદ આપવાનો લાભ મળે.

**(૫)** સૌથી મહત્ત્વની વાત એ કે આ સામાચારી પાળવી એ જિનેશ્વરદેવની આજ્ઞા છે. એટલે આમાં તો જિનાજ્ઞાપાલન કરવા મળે. આના કરતા વધારે બીજું શું હોઈ શકે ?

**(૬)** ગુરુ જે વાચના આપે છે, એ એમનું ઘણું મોટું સુકૃત છે. એટલે એમાં 'તહત્તિ' કરવું એ ગુરુના સુકૃતની અનુમોદના ગણાય.

આમ તથાકાર સામાચારીનું પાલન કરવાથી આવા છ લાભો થાય છે.

**સાર :** દરેક સાધુ-સાધ્વીજીએ આ ખાસ શીખવું જોઈએ કે આપણા ગુરુ, આપણા વિદ્યાગુરુ, આપણા વડીલો જ્યારે પણ શાસ્ત્રીય પદાર્થ વિગેરેનું વર્ણન કરે, જ્યારે પણ વૈરાગ્ય વિગેરેની વાતો કરે, જ્યારે પણ સંયમ અંગે સૂચનાઓ આપે ત્યારે હાથ જોડીને કે છેવટે નમ્ર બનીને ખૂબ ઉત્કંઠા સાથે સાંભળવી. વચ્ચે 'હાજી' વિગેરે બોલવામાં ગુરુને જો વિક્ષેપ પડતો હોય તો ભલે એ ન બોલીએ પણ મુખ ઉપર આશ્ચર્યના, અહોભાવના, જિજ્ઞાસાના ભાવ તો અવશ્ય થવા જોઈએ. અને વાચનાદિ પૂર્ણ થાય ત્યારે ગુરુની અવસરે અનુમોદના પણ કરવી જોઈએ. આપે આ પદાર્થ ખૂબ જ સરસ સમજાવ્યો. આપ અમારી કેટલી બધી કાળજી કરો છો ! આપ ન હોત તો અમને આવું સરસ કોણ ભણાવત ? કોણ અમારી આટલી દેખરેખ રાખત ?' આ શબ્દો છદ્મસ્થ સરાગી ગુરુને આનંદી બનાવશે. એમનો વાચનાદિ આપવાનો ઉલ્લાસ બમણો થઈ જશે. પરસ્પર વાત્સલ્ય, લાગણીની વૃદ્ધિ થશે. સંયમજીવન મીઠું-મધુરું બની જશે.

ખરેખર જિનેશ્વરદેવને કોટિ કોટિ વંદન હો ! જેમણે આવો અત્યંત સુંદર માર્ગ બતાવ્યો.



## (૪) આવસ્સહિ સામાચારી

સંયમી આત્મા (૧) ઉપાશ્રયમાંથી બહાર નીકળે ત્યારે (૨) ચૈત્યવંદનાદિ કર્યા બાદ દેરાસરમાંથી બહાર નીકળે ત્યારે (૩) સાડાત્રણ હાથ જેટલા ગુરુના ચારેબાજુના ક્ષેત્રમાં પ્રવેશ્યા બાદ તેમાંથી બહાર નીકળતી વખતે... આ ત્રણ જગ્યાએ 'આવસ્સહિ' શબ્દ બોલે એ આવસ્સહિ સામાચારી કહેવાય.

આ સામાન્યથી વ્યાખ્યા કરી.

વસ્તુતઃ તો નીચેની ચાર શરતો બરાબર પાળે તો જ સાચી આવસ્સહિ સામાચારી કહેવાય, ચારમાંથી એકપણ શરતનો ભંગ કરે તો એ સાચી-નિર્દોષ આવ.સામા. ન કહેવાય.

**શિષ્ય :** એ ચાર શરતો કઈ છે ? એ જણાવશો.

**ગુરુ :** (૧) ઉપાશ્રયની બહાર નીકળતી વખતે સૌ પ્રથમ ગુરુની રજા લેવી પડે, પછી જ આવસ્સહિ બોલીને બહાર નીકળાય.

(૨) બહાર નીકળ્યા પછી પણ ઈર્યાસમિતિ બરાબર પાળે, ભાષાસમિતિનો લેશપણ ભંગ ન કરે. ટૂંકમાં બધી જિનાજ્ઞાઓ બરાબર પાળે તો જ એની 'આવસ્સહિ' શબ્દ બોલવારૂપ સામાચારી સાચી ગણાય.

(૩) બહાર નીકળ્યા પછી આવશ્યક કાર્યો વિના બીજા કોઈપણ કાર્યો ન જ કરે તો જ એની આ સામાચારી સાચી બને.

(૪) બહાર નીકળતી વખતે 'આવસ્સહિ' એ શબ્દ સ્પષ્ટ ઉચ્ચાર સાથે બોલે તો જ આ સામાચારી સાચી બને.

આ ચાર શરતોનું જે પાલન કરે તેની એ આવસ્સહિ સામાચારી સંપૂર્ણ શુદ્ધ બને. ચારમાંથી ૧,૨,૩ કે ૪ શરતો જે ન પાળે એની સામાચારી સંપૂર્ણ શુદ્ધ ન બને.

હવે આ પદાર્થો ઉપર વિસ્તારથી વિચારીએ.

**પહેલી શરત :** કોઈક સંયમી ખૂબ જ સુંદર આચારો પાળતો હોય એ સંયમી દેરાસર જવા માટે કે ગોચરી જવા માટે કે સ્થંડિલ જવા માટે કે બીજા કોઈક આવશ્યક કાર્ય માટે ઉપાશ્રયની બહાર નીકળ્યો. નીકળતી વખતે 'આવસ્સહિ' શબ્દ પણ બોલ્યો. ઈર્યાસમિતિ વિગેરે આચારો એકદમ સારી રીતે પાળ્યા. કોઈ આજ્ઞાભંગ ન કર્યો. આ બધું કરવા છતાં નીકળતી વખતે એણે ગુરુ / વડીલની રજા ન લીધી. 'ગુરુદેવ ! હું અમુક કાર્ય માટે જઉં ?' એવું પૂછીને એમની અનુજ્ઞા ન લીધી. આ સાધુની આવસ્સહિ સામાચારી સાચી ન ગણાય.

ઉપાશ્રયમાંથી બહાર નીકળતી વખતે ગુરુની કે ગુરુની ગેરહાજરીમાં વડીલની રજા પ્રત્યેક સંયમીએ લેવી જ જોઈએ. રજા લીધા વિના જે બહાર નીકળી જાય એ સ્વચ્છંદી ગણાય, આજ્ઞાભંજક ગણાય. એ સંયમી જો રજા લઈને નીકળ્યો હોય અને પાછળથી એ મોડો પડે તો ઉપાશ્રયના સાધુઓ તપાસ કરી શકે. પણ કહ્યા વિના નીકળેલા માટે કોણ કાળજી કરે ?

વળી એ વખતે સંયમીએ એ પણ કહેવું જોઈએ કે, 'હું ક્યાં જાઉં છું ? શા માટે જાઉં છું ?' જેથી અવસરે ઉપાશ્રયના સાધુઓ બધી તપાસ કરી શકે.

ઘણીવાર એવું બને કે સંયમી ગોચરી લેવા નીકળી જાય એ પછી વ્યવસ્થાપકને ખ્યાલ આવે કે 'આજે તો અમુક સાધુઓને ઉપવાસ છે. મેં તો રોજની ટેવથી એમની ગોચરી મંગાવી લીધી છે.' જો ગોચરી ગયેલો સંયમી 'હું કઈ બાજુ જાઉં છું ?' એમ કહીને ગયો હોય તો વ્યવસ્થાપક એ બાજુ જઈ એને વધારે ગોચરી વહોરતા

અટકાવી શકે. પણ ખબર જ ન હોય તો શું થાય ?

સંયમી આત્મા ગુરુને કહીને સ્થંડિલ ગયો. ત્યાં એને ચક્કર આવવાથી પડી ગયો અથવા એક્સિડન્ટ થયો. કોઈક ખરાબ માણસોએ પરેશાન કર્યો. પરિણામે એ ઉપાશ્રયે ન પહોંચ્યો. ગુરુને ખ્યાલ આવ્યો કે રોજ તો ૨૦ મિનિટમાં જ આવી જાય છે, આજે ૩૫ મિનિટ થઈ છતાં કેમ નથી આવ્યો ? એટલે ગુરુ બીજા સંયમીઓને મોકલીને તપાસ કરાવે. પરિણામે એ સંયમી બચી જાય. પણ કહ્યા વિના નીકળેલા માટે તો ગુરુને કંઈ જ ખ્યાલ ન હોવાથી એ શી રીતે આ બધી તપાસ કરી શકે ?

માટે 'ગુરુને કહીને જ બહાર નીકળવું' એ આવસ્સહિ સામાચારીની પ્રથમ શરત છે.

**બીજી શરત :** ગુરુની રજા લઈને સંયમી બહાર નીકળ્યો. પણ રસ્તામાં આમતેમ જોયા કરે, નીચે જોઈને ન ચાલે, સાથેના સાધુ સાથે વાતચીત કરતો ચાલે, ગોચરીમાં નાના-મોટા દોષો સેવી બેસે, પરમાત્માની આજ્ઞાઓના પાલન પ્રત્યે કોઈ જ લક્ષ્ય ન રાખે,'એક સંયમી તરીકે મારે શી રીતે વર્તવું જોઈએ ? શી રીતે ચાલવું જોઈએ ?' એ બધાનો બિલકુલ વિચાર ન કરે તો આવો સાધુ ગુરુની રજા લઈને નીકળે તો ય, 'આવસ્સહિ' બોલે તો ય એનો શું લાભ ? જે જિનાજ્ઞાઓને ઉલ્લંઘે એને આ બધાનો શું લાભ થાય ?

માટે બીજી શરત એ છે કે બહાર નીકળ્યા પછી બધી આજ્ઞાઓ બરાબર પાળવી.

**ત્રીજી શરત :** સંયમી આત્મા ગુરુની રજા લઈ, આવસ્સહિ બોલી, ઈર્યાસમિતિ વિગેરે પાળતો દેરાસર જઈ રહ્યો છે. રસ્તામાં કોઈક શ્રાવક, ભક્ત મળી ગયો અને આ સંયમી 'કેમ ? શું ચાલે છે ? કેમ દેખાતો નથી? ઉપાશ્રયે કેમ નથી આવતો ?' ઈત્યાદિ બિનજરૂરી વાતો કરવા લાગે. સંયમયોગો માટે તદ્દન અનાવશ્યક કાર્યો કરે. કદાચ કોઈ શ્રાવક ભક્ત ઘેર પધારવાની વિનંતિ કરે તો વિશેષ કોઈ કારણ વિના એના ઘરે પગલાં પણ કરી આવે. કોઈકને વળી ઉપાશ્રયમાં કંટાળો આવવાથી બહાર ફરી આવવાની ઈચ્છા થાય તો એ રીતે બહાર પણ જઈ આવે.

ટૂંકમાં એવા અનેક નકામા, બિનજરૂરી કાર્યો છે કે જે કાર્યો આ સંયમી ઉપાશ્રયની બહાર નીકળ્યા પછી કરી આવે. આ સાધુ ભલે ગુરુની રજા લઈને જાય, ઈર્યાસમિતિ વિગેરે પાળે, આવસ્સહિ બોલે તો પણ એની આ સામાચારી સાચી=વાસ્તવિક બનતી નથી.

**શિષ્ય :** આ સાધુ બિનજરૂરી કાર્યો માટે ઉપાશ્રયની બહાર જતો હોય તો શું સાચા ગુરુ એને રજા આપે ખરા ?

**ગુરુ :** ન જ આપે. પણ આમાં એવું બને કે (૧) સંયમી આત્માએ પ્રથમ તો દેરાસર, ગોચરી, સ્થંડિલ વિગેરે આવશ્યક કાર્યો માટે જ રજા માંગી હોય, એટલે ત્યારે તો ગુરુ રજા આપે, પણ એ સંયમી બહાર નીકળ્યા પછી તે તે બિનજરૂરી કાર્યો કરી બેસે. આમાં સંયમીએ માયા-કપટ નથી કર્યા પરંતુ પ્રમાદ સેવ્યો છે. (૨) કેટલાક સંયમીઓ બિનજરૂરી કામ માટે જ બહાર જવા માંગતા હોય, પણ તેઓ જાણતા હોય કે ગુરુ સીધી તો રજા નહિ આપે. એટલે એ વખતે જુઠું બોલીને, કપટ કરીને ગુરુની રજા મેળવી લે. એટલે આવા પ્રસંગોમાં સાચા પણ ગુરુ રજા આપી દે એ શક્ય છે.

કેવો વિષમ છે આ કાળ ! મોક્ષ મેળવવા માટે સમગ્ર સંસારનો ત્યાગ કરનારા સંયમીઓ પાછળથી કર્મને વશ બની, દોષોને આધીન બની મહોપકારી ગુરુદેવને પણ ઠગવાની પ્રવૃત્તિ કરી બેસે છે. રે કર્મરાજ ! તારું સામર્થ્ય ખરેખર અપરંપાર છે.

આ રીતે ત્રીજી શરત એ નક્કી થઈ કે બહાર નીકળ્યા બાદ આવશ્યક કાર્યો જ કરવા. બીજા કોઈપણ બિનજરૂરી કાર્યો ન કરવા. આવશ્યક કાર્યો માટે જ બહાર નીકળવું.

**શિષ્ય :** આવશ્યક કાર્યો કોને કહેવાય ?

**ગુરુ :** રે ! આટલી પણ તને ખબર નથી. (૧) દેરાસરે દર્શન (૨) સ્થંડિલ જવું. (૩) ભંડારમાંથી પુસ્તક કઢાવવા. (૪) બીજા ઉપાશ્રયમાં રહેલા બહુશ્રુત મુનિઓને વંદનાર્થે જવું. (૫) ગોચરી જવું. (૬) વિહાર કરવો. (૭) શ્રાવક મોટી માંદગી વિગેરેમાં હોય તો સમાધિ આપવા જવું. (૮) ઉપાશ્રયમાં અસજ્ઝાય હોય તો સ્વાધ્યાયાદિ માટે અન્યસ્થાને જવું વિગેરે જે કાર્યો જ્ઞાન, દર્શન, ચારિત્રની પુષ્ટિ કરનારા હોય એ કાર્યો આવશ્યક કહેવાય.

**શિષ્ય :** સંયમી ઉપાશ્રયની બહાર નીકળ્યા પછી કદાચ બિનજરૂરી કાર્યો કરે તો ય એ સંયમીએ બહાર જતી વખતે 'આવસ્સહિ' શબ્દનો ઉચ્ચાર તો કર્યો જ છે. તો એને આવ. સામા. માનવામાં શું વાંધો ? જેટલું કર્યું એટલું નફામાં !

**ગુરુ :** 'આવસ્સહિ' શબ્દ બોલવો એ તો મોટી પ્રતિજ્ઞા છે. આ શબ્દ બોલતી વખતે સંયમી પ્રતિજ્ઞા કરે છે કે,"હું આવશ્યક કાર્યો જ કરીશ, બધી જિનાજ્ઞા પાળીશ" ઈત્યાદિ. હવે જો આવી પ્રતિજ્ઞા લીધા બાદ એનો ભંગ કરે તો પ્રતિજ્ઞાભંગનું ઘણું ભયંકર પાપ એને લાગે.

સંબોધસિત્તરીમાં કહ્યું છે કે :

**आजम्मं जं पावं बंधइ मिच्छत्तसंजुओ कोइ । वयभंगं काउमणो बंधइ तं चेव अट्ठगुणो ॥**

એક મિથ્યાત્વી આત્મા આખી જીંદગી દરમ્યાન જેટલું પાપ બાંધે એના કરતાં આઠગણું પાપ, પ્રતિજ્ઞા=વ્રત લીધા બાદ વ્રતનો ભંગ કરવાની ઈચ્છામાત્ર કરનારો સંયમી બાંધે.

માટે જ ઓ સંયમીઓ ! આ 'આવસ્સહિ' શબ્દ બોલવો એ સામાન્ય વાત ન સમજતા. આ એક પ્રતિજ્ઞા છે. એનું બરાબર પાલન કરજો. કોઈ ગૃહસ્થને રાત્રિભોજનની બાધા આપી દીધા બાદ આપણને ખબર પડે કે એણે બાધા ભાંગી નાંખી છે તો એને બોલાવી ઠપકો આપીએ છીએ. તો આપણે પણ આ શબ્દ બોલી મોટી બાધા જ લઈ રહ્યા છીએ. એનું જો પાલન ન કરીએ તો આપણે કેટલા ઠપકાને પાત્ર બનીએ ? ગુરુ તો કદાચ ઠપકો ન પણ આપે, પણ કર્મસત્તા આપણને શી રીતે છોડશે ?

**શિષ્ય :** પણ ગુરુદેવ ! પ્રતિજ્ઞા લીધા બાદ તૂટી જાય તો જો ભયંકર પાપ બંધાતું હોય તો એના કરતા પ્રતિજ્ઞા જ ન લેવી સારી. 'આવસ્સહિ' બોલીએ જ નહિ તો બાધાનો ભંગ થવાનો ભય જ નહિ. પછી બિનજરૂરી કાર્યો થઈ જાય, જિનાજ્ઞા ન પળાય તો ય એટલું જ નુકસાન ને ? બાધાનો ભંગ કરવા રૂપ મોટું નુકસાન તો નહિ જ ને ? હા, અમે પ્રયત્ન કરશું કે આજ્ઞાપાલન થાય, બિનજરૂરી કાર્યો ન થાય. પણ પ્રતિજ્ઞા નહીં લઈએ.

**ગુરુ :** તું મને જવાબ આપ કે (૧) ધંધો કરવામાં નુકશાન જવાની શક્યતા હોય છતાં શું કોઈપણ બુદ્ધિમાન્ વેપારી નુકશાનનો ભય રાખી ધંધો બંધ કરી દે એ યોગ્ય છે ? કે ધંધો કરવો અને નુકશાન ન થાય એની તકેદારી રાખવી એ યોગ્ય છે ? (૨) ભોજન કરવાથી કબજીયાત થાય તો શું કબજીયાત થઈ જવાના ભયથી ભોજન છોડી દેવું એ યોગ્ય છે ? કે ભોજન ચાલુ રાખવું અને કબજીયાત ન થાય એનો પ્રયત્ન કરવો એ યોગ્ય છે? (૩) વસ્ત્રો પહેરીએ એટલે તે મેલા થાય, જુ થાય તો શું એ ભયને લીધે વસ્ત્રો જ ન પહેરવા એ યોગ્ય છે? કે વસ્ત્રો અવશ્ય પહેરવા પણ મેલા ન થાય, જુ ન થાય એની કાળજી યોગ્ય છે ? આ બધામાં તારો શું જવાબ છે એ મારે પૂછવાની જરૂર નથી. એ જ રીતે પ્રતિજ્ઞાનો ભંગ થઈ જવાના ભયથી પ્રતિજ્ઞા જ ન લેવી એ યોગ્ય નથી, પરંતુ પ્રતિજ્ઞા લેવી જ અને એનો ભંગ ન થાય એની તકેદારી રાખવી.

**શિષ્ય :** પણ પછી ભંગ થઈ જાય તો ?

**ગુરુ :** ધંધામાં ઘણી કાળજી રાખવા છતાં નુકશાન થઈ જાય તો એ ભરપાઈ કરી આપવામાં આવે છે. ભોજન કરતા કબજીયાત થઈ જાય તો હરડે વિગેરેથી એ દૂર કરવામાં આવે છે. વસ્ત્રો પહેરવાથી એ મેલા થઈ જાય તો એ ધોઈને સ્વચ્છ કરવામાં આવે છે. એમ પ્રતિજ્ઞા લીધા બાદ એનો ભંગ થઈ જાય તો શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરી લઈ એ દોષને ધોઈ નાંખવામાં આવે છે.

**શિષ્ય :** પણ પ્રતિજ્ઞાભંગની ઈચ્છામાત્ર કરવાથી પણ મિથ્યાત્વી કરતા આઠગણું પાપ બંધાઈ જવાની જે વાત છે એનું શું ?

**ગુરુ :** જેઓ નિષ્ઠુર બનીને, પ્રમાદી બનીને પ્રતિજ્ઞાનો ભંગ કરે એને તો અવશ્ય આઠગણું પાપ બંધાય. પણ જે સંયમીઓ પ્રતિજ્ઞાનું પાલન કરવા માટે ખૂબ પ્રયત્નશીલ હોય અને છતાં ક્યારેક અનાભોગથી, સૂક્ષ્મ પ્રમાદાદિને લીધે પ્રતિજ્ઞાનો ભંગ થઈ જાય તો એ પ્રતિજ્ઞાભંગ નુકશાનકારી ન બને. વળી એ સંયમી તરત એનું પ્રાયશ્ચિત્ત કરી લે છે. એટલે જે પાપ લાગ્યું હોય એ પણ ધોવાઈ જાય છે. એટલે એ આઠગણા પાપનો ભય ઊભો કરી પ્રતિજ્ઞા લેવાનું જ બંધ કરી દેવાની વાત યોગ્ય નથી.

**શિષ્ય :** ગુરુદેવ ! હું 'આવસ્સહિ' ન બોલું પણ ભગવાનની બધી આજ્ઞા પાળું, બિનજરૂરી કાર્યો પણ ન કરું, આવસ્સહિ અંગેની બધી શરતો પાળું, માત્ર શબ્દ બોલવા રૂપ પ્રતિજ્ઞા જ ન કરું તો મને એ 'આવસ્સહિ' સામાચારીના લાભો મળે કે નહિ ?

**ગુરુ :** યોગશાસ્ત્રમાં કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ કહ્યું છે કે, **"अकृत्वा नियमं दोषाभोजनाद् दीनभोज्यपि फलं भजेन्न निर्व्याजं न वृद्धिर्भाषितं विना"** કોઈ ગૃહસ્થ રાત્રે બિલકુલ ખાતો ન હોય, દિવસે જ જમતો હોય તેમ છતાં એ જો રાત્રિભોજનની બાધા ન લે તો એ રાત્રિભોજનત્યાગનું ફળ પામી શકતો નથી. કોઈને પૈસા ઉધાર આપતી વખતે જ વ્યાજનો દર નક્કી કરવો પડે. એ ન કરે તો વ્યાજ ન મળે.

એમ અહીં પણ પ્રતિજ્ઞા ન કરે એ સંયમી બધી શરતો પાળે તો ય આવસ્સહિ સામાચારીના લાભો પામી શકતો નથી.

નિગોદમાં રહેલા જીવો શું કોઈની હિંસા કરે છે? મૃષાવાદ બોલે છે ? ચોરી કરે છે ? મૈથુનસેવન કે પરિગ્રહ કરે છે ? રાત્રે ખાય છે ખરા ? નહિ જ. તો તેઓ પંચમહાવ્રતધારી કેમ ન કહેવાય ? કેમકે એ જીવોએ આ બધા પાપોની વિરતિ સ્વીકારી નથી.

સંયમી પણ પ્રતિજ્ઞા ન લે તો પ્રતિજ્ઞાની શરતો પાળવા છતાં એનો લાભ ન જ પામે.

**શિષ્ય :** આ સામાચારીમાં ચાર શરતો છે. સંયમી એ બધી શરતો ભલે ન પાળે પણ જેટલી પાળે એટલો લાભ તો મળે ને ? **દા.ત.** આવસ્સહિ બોલવારૂપ અને ગુરુને પૂછવારૂપ બે શરત પાળી પણ બહાર નીકળીને ઈર્યાસમિતિ વિગેરે પાળવા રૂપ શરત ન પાળી, બિનજરૂરી કાર્યો પણ કર્યા તો બે શરતનો ભંગ કર્યો અને બેનો કર્યો નથી તો ૫૦% આવસ્સહિ સામાચારીનો લાભ મળે કે નહિ ?

**ગુરુ :** સામાન્યથી એમ કહી શકાય કે ઘણા મોટા દોષો વિદ્યમાન હોય ત્યારે નાની નાની જિનાજ્ઞાઓનું દેખીતું પાલન કોઈ ફાયદો ન કરી શકે. **દા.ત.** આખા શરીરમાં કેન્સરના કારણે અતિશય પીડાતો માણસ બહાર સુંદર વસ્ત્રો પહેરે, ચંદનનું વિલેપન કરે તો ય એના સુખની અનુભૂતિ એને થતી નથી. માટે જ નિહ્નવો ઘણી જિનાજ્ઞાઓ પાળતા હોવા છતાં તેઓમાં કદાગ્રહ = આભિનિવેશિક મિથ્યાત્વ નામનો ઘણો મોટો દોષ પડેલો

હોવાથી એ જિનાજ્ઞાપાલન એમને હિતકારી બનતું નથી. અભવ્યો, દુર્ભવ્યો ગમે એટલું ઉત્કૃષ્ટ જીવન જીવે તો પણ એમનામાં અભવ્યત્વાદિ જે મોટા દોષો પડેલા છે એના લીધે એમને કોઈ લાભ થતો નથી.

એમ ઈર્યાસમિતિ વિગેરે આજ્ઞાઓ ન પાળવી, બિનજરૂરી કાર્યો કરવા એ ઘણા મોટા દોષો છે. એટલે એ સંયમીએ બીજી બે શરત પાળી હોય તો પણ એની કોઈ ઝાઝી કિંમત નથી.

એક ખાસ વાત કરી લઉં કે આ સામાચારી કાયમ પાળવામાં આવતી હોવાથી વ્યવહારમાં ભલે એ ઉત્સર્ગમાર્ગ રૂપ ગણાતી હોય પણ પરમાર્થથી તો આ સામાચારી અપવાદ રૂપ જ છે.

**શિષ્ય :** ગુરુદેવ ! આ તો ભગવાનની રોજીંદી આજ્ઞા છે. એ અપવાદ માર્ગ છે ? અપવાદ માર્ગ રોજ સેવવાનો હોય?

**ગુરુ :** કેટલાક અપવાદો એવા છે જેનું સેવન કરવાનો અવસર ક્યારેક જ આવે. **દા.ત.** આધાકર્મી ભોજનરૂપ અપવાદ માર્ગ માંદગી વિગેરે ગાઢ કારણો આવી પડે ત્યારે જ સેવવાનો હોય છે.

પરંતુ કેટલાક અપવાદો એવા છે જેનું સેવન કરવાનો અવસર રોજ આવે, કેમકે એના કારણો એવા હોય જે રોજેરોજ વિદ્યમાન હોય.

આ વાત તને સ્પષ્ટતા સાથે બતાવું.

ઉત્સર્ગ માર્ગ એ કે સાધુએ હલનચલન કર્યા વિના એક જ સ્થાને સ્થિર બેસી રહેવું. નિષ્કારણ પગની આંગળી પણ હલાવે, હાથ હલાવે તો વાયુકાયની વિરાધના થવાથી દોષ લાગે. માટે જ સાધુને કાચબાની ઉપમા આપી છે. કાચબાની જેમ આખા શરીરને બરાબર સંકોચી રાખીને સાધુ રહે.

આ ઉત્સર્ગમાર્ગનું પાલન કરવાથી ઘણા લાભો થાય.

(૧) હાલવા-ચાલવામાં યોગનિમિત્તે કર્મબંધ થાય. સ્થિર સાધુને કાયયોગ સ્થિર થઈ જવાથી એ નિમિત્તે થતો કર્મબંધ અટકે.

(૨) ગમન-આગમન વિગેરે ક્રિયાઓ કરવામાં એટલો સમય સ્વાધ્યાયનો વ્યાઘાત થાય. જો આ બધી ક્રિયાઓ ન હોય તો એક જ સ્થાને બેસીને પુષ્કળ સ્વાધ્યાય કરી શકે. એમાં ખૂબ કર્મક્ષય થાય. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સાહેબ જ્યારે ન્યાયના ગ્રન્થો ભણ્યા ત્યારે સ્વાધ્યાયમાં ભંગ ન પડે એ માટે એમણે છઠ્ઠના પારણે છઠ્ઠ કર્યા. એટલે ગોચરી લાવવી, વાપરવી, સ્થંડિલ જવું વિગેરેનો સમય બચી જવાથી ઘણો સ્વાધ્યાય કરી શક્યા. જે સંયમીઓને ત્રણ ટાઈમ વાપરવાનું હોય છે તેઓ વાપરવાદિમાં એટલો બધો સમય ગુમાવી બેસે કે અણમોલ સ્વાધ્યાય કરવાનો અવસર ચૂકી જાય. આથી જ શાસ્ત્રકારોએ નવકલ્પી વિહાર બતાવ્યો છે. આઠ મહિના જુદા જુદા આઠ સ્થાનોમાં ૧-૧ મહિનો રોકાઈ જવાનું અને ચાર મહિના એક સ્થાને ચોમાસું કરવાનું. શેષકાળમાં એક એક સ્થાને મહિનો મહિનો રોકાવાથી વિહાર ઘણો ઓછો થઈ જાય એટલે પુષ્કળ સ્વાધ્યાય થાય. શાસ્ત્રકારોની આ દીર્ઘદષ્ટિનો લાભ પૂર્વના સાધુઓ ખૂબ લેતા. આજે પણ ઘણા સાધુઓ છે કે જેઓ વધુ વિહાર કરવાને બદલે આ રીતે મહિનો-મહિનો રોકાઈને પુષ્કળ સ્વાધ્યાયાદિ યોગો સાધીને સંયમને સફળ બનાવે છે.

(૩) એક જ સ્થાને સ્થિર રહેવાથી શાસ્ત્રીય પદાર્થોનું ખૂબ ચિંતન થઈ શકે, નવી સ્ફુરણાઓ થાય. કઠિન પદાર્થો પણ ઝડપથી સમજાઈ જાય. વારંવાર ગમન-આગમન, વિહારાદિ કરવાથી માનસિક એકાગ્રતા ન આવે, પરિણામે ઉપરના લાભો ન મળે.

(૪) ગમન-આગમન વિગેરે ક્રિયાઓમાં કીડી વિગેરે જીવો મરી જવાની શક્યતા છે જ. કાંટો લાગવો,

થાક લાગવો, એક્સિડન્ટ થવો વિગેરે પણ શક્ય છે. એટલે ગમનાગમનાદિ ક્રિયાઓમાં સંયમ અને આત્મા બે ય ની વિરાધના થાય. એક સ્થાને સ્થિર રહેલા સાધુને આ બધા નુકશાન થવાની પ્રાયઃ શક્યતા નથી.

એટલે ઉત્સર્ગમાર્ગે એક જ સ્થાને, એક જ બેઠકે સ્થિર રહેવું એ ઘણું જ લાભદાયી છે.

**શિષ્ય :** તો પછી અમે સ્થિરવાસ કરીએ તો શું ખોટું ? આજુબાજુ શ્રાવકોના ઘણા ઘરો હોય એટલે નિર્દોષ ગોચરી મળે, સ્થંડિલની નિર્દોષ જગ્યા હોય અને સ્વાધ્યાય ખૂબ થાય. સંયમજીવન સફળ બની જાય.

**ગુરુ :** મને હતું જ કે ઉત્સર્ગમાર્ગના લાભો સાંભળી તને આવો વિચાર આવશે જ. પણ શિષ્ય ! 'ઘી ખાવાથી શક્તિ વધે' એવું સાંભળી કોઈ માણસ બે ગ્લાસ ઘી ખાઈ જાય તો શું થાય ? ઝાડા જ થાય ને? શક્તિ વધવાને બદલે ઘટે જ ને ?

સંસ્કૃતમાં એક વાક્ય છે : **'अति सर्वत्र वर्जयेत्'** કોઈપણ વસ્તુ સારી હોય તો પણ એનું પ્રમાણ ઓળંગવામાં આવે તો નુકશાન જ કરે. મીઠી ઊંઘ લાવી આપતી ઘેનની ગોળી એક સાથે ૨૦-૨૫ ખાઈ લઈએ તો ઊંઘ ન આવે પણ મોત જ આવે. એમ ઉપર બતાવેલા ઉત્સર્ગમાર્ગના લાભો ઘણા છે, પણ એનો અર્થ એ નથી કે સ્થિરવાસ થઈ જવું, કેમકે એમાં સ્ત્રી વિગેરે સાથે વધુ પરિચય થવાથી બ્રહ્મચર્યનો ઘાત થાય. એ સ્થાન ઉપર મમત્વ થાય તો અપરિગ્રહ વ્રતનો ઘાત થાય. નવા નવા તીર્થક્ષેત્રો વિગેરેની સ્પર્શના ન થવાથી સમ્યગ્દર્શન નબળું પડે. ગૃહસ્થો સાથે પરિચય વધવાથી સાવદ્ય ભાષા, નિષ્ઠુરતા વિગેરે ઘણા દોષો ઊભા થાય. આમ સ્થિર રહેવાના લાભો મેળવવા જતાં પાંચ મહાવ્રત રૂપી મૂડી જ ગુમાવી દેવાનો વખત આવે. આ કેટલી બધી મૂર્ખતા કહેવાય!

માટે શેષકાળમાં જુદા જુદા આઠ સ્થાનોમાં એક-એક માસ રહીએ તો ઉપરના લાભો થાય. પણ એક જ સ્થાને નિષ્કારણ એક માસથી વધારે રહીએ તો જિનાજ્ઞાભંગ વિગેરે ઘણા નુકશાનો થાય.

**શિષ્ય :** ગુરુદેવ ! આ રીતે તો આખા વર્ષ દરમિયાન માત્ર નવ જ સ્થાનોના લોકોને લાભ મળે. બાકીના લોકો ઉપર ઉપકાર ન થાય. જો બધા સ્થાનોમાં એક-બે દિવસ જ રોકાઈને વિહાર કરવામાં આવે તો એક જ વર્ષમાં ઘણાં સ્થાનોમાં અનેક લોકો ઉપર ઉપકાર થાય. શું આ વિચારણીય નથી ?

**ગુરુ :** (૧) તારી આ પરોપકારની ભાવના શું શાસ્ત્રકાર મહાપુરુષોના મનમાં ન હતી ? રે ! સર્વ જીવો ઉપર અતિશય કરૂણાને ધારણ કરનારા તીર્થંકરદેવોએ જ આ નવકલ્પી વિહારની આજ્ઞા કરી છે. શું એમના હૈયે જગત્‌ના જીવો પ્રત્યે કરૂણા ન હતી ? તેં દર્શાવેલો વિચાર એમના ખ્યાલમાં ન હતો? હતો જ. છતાં એમણે નવકલ્પી વિહારની આજ્ઞા કરી છે તો આપણે એટલી શ્રદ્ધા રાખવી જ જોઈએ કે એમાં જ ઘણા મોટા લાભો થતા હશે. આપણા તર્કો શાસ્ત્રને બાધા પહોંચાડનારા ન જ બનવા જોઈએ.

(૨) જિનશાસનનો ત્રણે ય કાળમાં ક્યારેય ન બદલાય એવો આ સિદ્ધાન્ત તું કદી ન ભૂલીશ કે, "આત્મકલ્યાણ જેવી સર્વોત્તમ વસ્તુ બીજી કોઈ નથી. પરકલ્યાણ કરવા જતાં જો આત્મકલ્યાણ જોખમાય તો એવા પરકલ્યાણનો સ્પષ્ટ નિષેધ છે. આત્મકલ્યાણને આંચ ન આવે એ રીતે જ પરકલ્યાણની પ્રવૃત્તિઓ કરવી જોઇએ."

નવકલ્પી વિહારની પદ્ધતિમાં સ્વાધ્યાય, સંયમાદિ યોગો પૂરબહારમાં ખીલે છે, જ્યારે સતત વિહાર કરવામાં ઘણા નુકશાનો થાય છે. ટૂંકમાં વધુ પડતા વિહારોમાં સ્વાધ્યાયનો વ્યાઘાત, થાકને લીધે પ્રતિક્રમણાદિ ક્રિયાઓમાં ધીમે ધીમે ઘૂસી જતી કાયમી શિથીલતાઓ, દોષિત ગોચરી દ્વારા પરિણામોની નિષ્ઠુરતા, દિવસે લાંબો સમય ઉંઘ્યા કરવાની કાયમી પડી જતી ટેવ વિગેરે ઘણા નુકશાનોથી આત્મકલ્યાણ જોખમાય છે. માટે

નવકલ્પી વિહાર જ ખૂબ યોગ્ય છે.

(૩) એક લાખ ભૂખ્યા ગરીબોને એક એક મીઠાઈનો ટૂકડો ખવડાવવો એના કરતાં દસ હજાર ગરીબોને પેટ ભરાય એટલું ખવડાવવું શું વધુ સારું નથી ? એક લાખ સાધર્મિકોને ૧૦૦-૧૦૦ રૂપિયા આપવા કરતાં હજાર સાધર્મિકોને એક-એક લાખ રૂપિયા આપવા એ શું વધુ યોગ્ય નથી ? તેઓ એના દ્વારા આખી જીંદગી માટે સ્થિર બની જાય, આજીવિકાનું સાધન મેળવી શકે. એમ જુદા જુદા ઘણા ક્ષેત્રોમાં ૧-૨ દિવસ રોકાઈને તેમને કેટલું પમાડી શકાય ? એ કેટલું ટકે ? એને બદલે માત્ર નવ જ ક્ષેત્રોમાં મહિના સુધી વ્યાખ્યાનાદિ દ્વારા ઉપકાર કરવામાં આવે તો તે જીવો એવું પામે કે આખી જીંદગી સુધી એ ધર્મ ન છૂટે. એના મૂળીયા ખૂબ ઊંડા જાય.

હા, કારણસર વધારે વિહાર કરવાની છૂટ છે જ. પણ વિશેષ કારણો ન હોય તો આ નવકલ્પી વિહાર અપનાવવો વધુ લાભદાયી છે એવું મને લાગે છે.

મૂળ વાત ઉપર આવીએ.

ઉત્સર્ગમાર્ગે હલનચલન નથી જ કરવાનું, પણ અપવાદ માર્ગે તો હલનચલન કરવાનું જ છે. ત્યારે ન કરે તો દોષ લાગે. (૧) ગોચરી વહોરવા જવું પડે. (૨) સ્થંડિલ જવું પડે. (૩) ગુરુ, ગ્લાન વિગેરેને માટે ગોચરી જવું પડે. (૪) દેરાસર જવું પડે વિગેરે ઘણા કારણો એવા છે કે એ માટે ઉપાશ્રયની બહાર જવું જ પડે. એ વખતે આ આવસ્સહિ સામાચારી પાળવાની છે.

ઉપર બતાવેલા આવશ્યક કાર્યો વખતે પણ જે સાધુ સ્વાધ્યાયાદિ છોડીને ઉપાશ્રયની બહાર જવા તૈયાર ન થાય એ આજ્ઞાભંજક જાણવો.

શિષ્ય ! આ પદાર્થો મારા નથી પરંતુ ત્રિભુવનપતિ દેવાધિદેવ સર્વજ્ઞ ભગવાન્ મહાવીરદેવના છે. એટલે તું એ દૃષ્ટિથી જ એ પદાર્થોને જોજે. એને જીવનમાં ઉતારીશ તો આ હળાહળ કળિયુગમાં પણ સાચી સાધુતાને સ્પર્શી શકીશ.



## (૫) નિસીહિ સામાચારી

જ્યારે દેરાસર સ્વરૂપ દેવના અવગ્રહમાં પ્રવેશ કરવાનો હોય અથવા ઉપાશ્રય વગેરે સ્વરૂપ ગુરુના અવગ્રહમાં પ્રવેશ કરવાનો હોય ત્યારે સૌ પ્રથમ ગુરુની રજા લેવી અને પછી 'મારે ગુરુના અવગ્રહમાં જઈને કઈ કઈ બાબતોની કાળજી રાખવાની છે ? કઈ આશાતના ન થાય એ રીતે વર્તવાનું છે ?' એનો બરાબર ઉપયોગ મુકીને આશાતનાદિનો ત્યાગ કરી ગુરુના અવગ્રહમાં=ઉપાશ્રયાદિમાં પ્રવેશ કરતી વખતે 'નિસીહિ' એ પ્રમાણે બોલવું એ નિસીહિ સામાચારી કહેવાય.

દેરાસરમાં પ્રવેશ કરતી વખતે દેવની રજા લેવી શક્ય નથી એટલે ત્યાં આ સિવાયના બધા નિયમો જાળવવા.

'નિસીહિ' શબ્દનો અર્થ છે નિષેધ : ત્યાગ. આ શબ્દ બોલવો એટલે પ્રતિજ્ઞા કરવી. આ શબ્દ બોલીને સાધુ પ્રતિજ્ઞા કરે છે કે, "ઉપાશ્રયાદિમાં પ્રવેશ કરીને હું તમામ પાપોનો ત્યાગ કરીશ. એમાં ય મુખ્યત્વે દેવ કે ગુરુની આશાતના ન થઈ જાય એની કાળજી રાખીશ."

(જેમ ઉપાશ્રયમાં પ્રવેશ કરતી વખતે 'નિસીહિ' બોલીએ-છીએ એમ ગુરુના સાડાત્રણ હાથના અવગ્રહમાં જવામાં પણ 'નિસીહિ' બોલવાનું હોય છે. વાંદણામાં '**अणुजाणह मे**' શબ્દ બોલી શિષ્યો ગુરુ પાસે સાડાત્રણ હાથની અંદર પ્રવેશવાની રજા માંગે છે અને એ મેળવીને 'નિસીહિ' બોલી અંદર પ્રવેશે છે. આ પણ નિસીહિ સામાચારી જ છે. આ રીતે વિચારીએ તો દિવસ દરમ્યાન જ્યારે પણ ગુરુની પાસે સાડાત્રણ હાથની અંદર જવાનું થાય ત્યારે 'નિસીહિ' બોલવું જોઈએ અને એ વખતે દઢ ઉપયોગ રાખીને ગુરુની લેશ પણ આશાતનાદિ ન થાય એ માટે અપ્રમત્ત બનવું જોઈએ. વર્તમાનકાળમાં આવો 'નિસીહિ' પ્રયોગ દેખાતો નથી. પણ તો ય સંયમીઓએ ગુરુની નજીકમાં જતી વખતે એમની આશાતના ન થાય એ માટે તો અત્યંત અપ્રમત્ત બનવું જ જોઈએ. એ આશાતનાદિના પ્રકારો આગળ બતાવાશે.)

ટૂંકમાં નિસીહિ સામાચારીમાં ત્રણ બાબતો અત્યન્ત જરૂરી છે :

(૧) ઉપાશ્રયાદિમાં પ્રવેશતાં પૂર્વે ગુરુની અનુમતિ.

(૨) પ્રવેશતી વખતે આશાતનાદિ તમામ પાપકાર્યોનો ઉપયોગપૂર્વક ત્યાગ.

(૩) પ્રવેશ કરતી વખતે 'નિસીહિ' શબ્દનો સ્પષ્ટ ઉચ્ચાર.

જો ગુરુની રજા વિના ઉપાશ્રયાદિમાં પ્રવેશે તો એકેય આશાતનાદિ ન કરે, નિસીહિ શબ્દ બોલે તો પણ એ નિસીહિ સામાચારી ન ગણાય.

ગુરુની રજા લઈને પ્રવેશે, 'નિસીહિ' શબ્દ બોલે પણ આશાતનાત્યાગ માટેનો દઢ ઉપયોગ કે પ્રયત્ન ન રાખે તો એ નિસીહિ સામાચારી ન ગણાય.

ગુરુની અનુમતિ લે, આશાતનાત્યાગ માટે દઢ યત્નવાળો બને, પણ અવગ્રહમાં પ્રવેશતી વખતે 'નિસીહિ' ન બોલે તો પણ આ સામાચારીનું પાલન કર્યું ન ગણાય.

ટૂંકમાં દેવગુરુની આશાતનાદિ લેશ પણ ન થઈ જાય એ માટે અત્યંત સતર્ક થવું, સાવધ બનવું એ જ આ સામાચારીનો સાર છે. અને એ સાવધતા લાવવા માટે જ 'નિસીહિ' શબ્દરૂપી પ્રતિજ્ઞા ઉચ્ચારવામાં આવે છે.

**શિષ્ય :** દેવ અને ગુરુનો નાનામાં નાનો અવગ્રહ કેટલો ? અને મોટો અવગ્રહ કેટલો ?

**ગુરુ :** જિનપ્રતિમાથી નવ હાથ સુધીની જગ્યા એ દેવનો જઘન્ય અવગ્રહ છે અને ૬૦ હાથ સુધીની જગ્યા એ ઉત્કૃષ્ટ અવગ્રહ છે. જ્યારે ગુરુની ચારે દિશામાં સાડા ત્રણ હાથ જેટલી જગ્યા એ ગુરુનો અવગ્રહ ગણાય છે.

**શિષ્ય :** 'નિસીહિ' વખતે સાધુ ઉપયોગપૂર્વક બધા પાપોનો ત્યાગ કરે એમ કહ્યું, પણ સાધુ પાપ કરે જ ક્યાં છે ? કે એને પાપોનો ત્યાગ કરવાનો અવસર આવે ? ગૃહસ્થો પાપો કરે એટલે તેઓ દેરાસરાદિમાં પાપત્યાગની પ્રતિજ્ઞા સ્વરૂપ નિસીહિ બોલે એ યોગ્ય છે. પણ સાધુઓ બધા પાપોનો ત્યાગ કરી ચૂક્યા છે. એમને પાપત્યાગ કરવાનો ક્યાંથી હોય ?

**ગુરુ :** અહીં પાપત્યાગનો અર્થ એ છે કે ગુરુ વગેરેની આશાતનારૂપ પાપ એમની નજીકમાં ગયા બાદ લેશ પણ ન થાય એ માટે દઢ યત્નવાળા બનવું. અર્થાત્ 'ઉપાશ્રયની બહાર સાધુઓ પાપ કરીને આવ્યા છે અને હવે ઉપાશ્રયમાં પ્રવેશતી વખતે એનો ત્યાગ કરે છે' એવો અર્થ ન સમજવો. પણ ઉપાશ્રયમાં પ્રવેશ કરીને ગુરુની નજીક ગયા બાદ જે આશાતના થઈ જવાની સંભાવના છે એ બિલકુલ ન થાય એ માટે અત્યંત જાગ્રત બનવું એનું જ નામ ઉપયોગપૂર્વકનો પાપત્યાગ.

વળી ઉપાશ્રયની બહાર ગોચરી, વિહાર, સ્થંડિલ વગેરે કાર્યોમાં સાધુ પરોવાયેલો હોય એટલે એ વખતે અમુક દોષો લાગવાની સંભાવના છે જ. ઉપાશ્રયમાં સ્વાધ્યાયાદિ સ્થિર પ્રવૃત્તિઓ કરવાની હોવાથી એમાં કોઈ મુશ્કેલી ન પડે. એટલે એ દૃષ્ટિએ ઉપાશ્રયની બહાર અનાભોગાદિથી થયેલા પાપો ઉપાશ્રયમાં બિલકુલ ન થાય એ માટે તેનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા પણ આ 'નિસીહિ' શબ્દથી લઈ શકાય છે.

**શિષ્ય :** ગુરુની પાસે ગયા પછી કઈ કઈ આશાતનાઓ થઈ જવાનો સંભવ છે ?

**ગુરુ :** ગુરુવંદન ભાષ્યમાં તેત્રીસ આશાતનાઓ બતાવી છે. છતાં અત્યારના વ્યવહાર પ્રમાણે તને કેટલીક આશાતનાઓ બતાવું.

(૧) ગુરુ સાથે વાતચીત કરતી વખતે જો બરાબર મુહપત્તીનો ઉપયોગ રાખવામાં ન આવે તો ગુરુ ઉપર થૂંક ઉડવાથી એમની ભયંકર આશાતના થાય.

(૨) ગુરુની હાજરીમાં પગ ઉપર પગ ચડાવી બેસવું, નિષ્કારણ ટેકો દઈને બેસવું, પગ લાંબા કરીને બેસવું એ પણ ગુરુની આશાતના છે.

(૩) ગુરુને મુશ્કેલી પડે એ રીતે મોટા અવાજે વાતચીત કરવી, ગોખવું, પાઠ આપવો.

(૪) ગુરુની સન્મુખ રહીને વાતચીત કરવાને બદલે પડખે કે પાછળ કે દૂર રહીને ગુરુ સાથે વાતચીત કરવી. ગુરુએ મુખ ફેરવીને વાત કરવી પડે એ રીતે વાતો કરવી એ પણ આશાતના છે.

(૫) શ્રાવક બહારથી વંદન કરવા આવે અને પહેલાં પોતાને વંદન કરતો હોય તો એને વિદ્યમાન ગુરુ પાસે પહેલા વંદન કરવા મોકલવો. એને બદલે બહારથી આવેલો શ્રાવક ગુરુને મળે, વંદન કરે એ પહેલા જ એની સાથે પોતે વાતચીત કરવા લાગે તો એ અવિનય કહેવાય. (હા, ગુરુ અગત્યના કામમાં હોય, આરામ કરતા હોય તો જુદી વાત છે.)

(૬) ગુરુ સાથેની વાતચીતમાં ગુરુને લેશ પણ દુઃખ થાય એવું બોલવું, ગુરુ બોલતા હોય ત્યારે વચ્ચે બોલવું, ગુરુ બોલે ત્યારે એ સાંભળવાને બદલે પરસ્પર વાતચીત કરવી અથવા ગુરુની સામે નજર રાખવાને બદલે આમતેમ જોયા કરવું, ગુરુની વાત સાંભળતાં બીજા પણ પાત્રાપ્રતિલેખનાદિ કાર્યો ચાલુ રાખવા ઇત્યાદિ પણ ગુરુનો અવિનય કહેવાય.

આવી ઘણી બાબતો હોઈ શકે છે. દરેક સંયમીએ સમજવું જોઈએ કે દેવ અને ગુરુ આ બે તત્વો આપણા અનંત ઉપકારી છે. એમની આશાતના સ્વપ્નમાં પણ ન થઈ જાય એ માટે પ્રત્યેક સંયમીએ કટિબદ્ધ બનવું જોઈએ.

ઉપાશ્રયની બહાર ગુરુની ગેરહાજરીમાં અથવા સંયમીઓ ગુરુની નજીકમાં ન હોય ત્યારે ગુરુની આશાતના

થવાની શક્યતા નહિવત્ હોવાથી એ વખતે સંયમીઓએ આશાતનાત્યાગનો જોરદાર પ્રયત્ન કરવો ન પડે. પણ જ્યારે ગુરુની નજીકમાં જવાનું થાય ત્યારે તે સાધુઓએ આશાતના-ત્યાગ કરવાનો પ્રયત્ન એકદમ તીવ્ર બનાવવો પડે.

ભારતની સરહદ ઉપર જવાનો સતત ચોકી- પહેરો ભરે છે. જ્યારે યુદ્ધનો કાળ ન હોય ત્યારે ચોકી- પહેરો ભરતા હોવા છતાં એકદમ જાગ્રત નથી હોતા. પરંતુ જ્યારે યુદ્ધના ભણકારા વાગતા હોય એ વખતે તે જવાનો અત્યંત સાવધ બની જાય છે.

આ જ વાત સંયમીઓમાં છે. ગુર્વાદિના અવગ્રહની બહાર સંયમીઓ આશાતનાત્યાગ માટે જાગ્રત હોવા છતાં પણ ત્યારે આશાતનાની શક્યતા નહિવત્ હોવાથી એકદમ સાવધ નથી હોતા. પરંતુ ગુર્વાદિના અવગ્રહમાં પ્રવેશતાંની સાથે જ તેઓ એકદમ સાવધ બની જાય છે.

એટલે 'નિસીહિ' શબ્દ બોલવા રૂપ સામાચારી એ પાપકર્મોનો ભુક્કો બોલાવી દેનારી છે એ વાત સાચી, પણ એ માટે અવગ્રહની બહાર જે પ્રયત્ન હોય એના કરતાં અત્યંત વધુ પ્રયત્ન, વધુ જાગૃતિ એ પણ સહકારિકારણ તરીકે અત્યંત જરૂરી છે.

આ સાવધતા લાવવા માટે અવગ્રહમાં પ્રવેશતી વખતે આ બધી બાબતોમાં તીવ્ર ઉપયોગ મૂકવો. 'કઈ કઈ આશાતનાઓ મારાથી સંભવિત છે અને શું કરવાથી તે આશાતનાઓ ન થાય' ઈત્યાદિ બરાબર વિચારવું અત્યંત જરૂરી છે.

શિષ્ય ! એક હજાર સૈનિકોની સામે કોઈ એક શૂરવીર યોદ્ધો લડતો હોય ત્યારે એક હજાર સૈનિકો તરફથી ધોધમાર વરસતા બાણોનો પ્રતીકાર કરવા, એકપણ બાણ પોતાને વાગી ન જાય એ માટે એ શૂરવીરે કેટલા સાવધ રહેવું પડે ? આનાથી ય વધારે જાગ્રતિ સંયમીઓએ દેવ અને ગુરુની આશાતના ન થાય એ માટે રાખવાની છે.

**શિષ્ય :** આપે ગુરુની આશાતનાઓના પ્રકારો બતાવ્યા. એ રીતે દેવની આશાતનાઓ પણ બતાવશો ?

ગુરુ : દેવની ચોર્યાસી આશાતનાઓ પ્રસિદ્ધ છે. છતાં વર્તમાનકાળની દૃષ્ટિએ સંયમીઓએ જે આશાતનાઓ ત્યાગવી જોઈએ એ તને બતાવું.

(૧) સંયમીઓ સ્નાન ન કરતા હોવાથી એમનું શરીર અને વસ્ત્ર સામાન્યથી મલિન હોય. એટલે સંયમીઓને દેરાસરમાં વધુ સમય રહેવાની રજા શાસ્ત્રકારોએ આપી નથી. સંયમીને ભક્તિ કરવાના ભાવ હોય તો એણે ઉપાશ્રયમાં જ જિનપ્રતિમાના આલંબન વિના સ્તવનાદિ બોલીને ભક્તિ કરી લેવી. (હા, આ ઉત્સર્ગમાર્ગ છે. અપવાદમાર્ગે ગીતાર્થ ગુરુઓ આજે જેની અનુમતિ આપે તે પ્રમાણે કરી શકાય.) સામાન્યથી સંયમી અલ્પકાળમાં જ દેરાસરમાંથી નીકળી જાય એ ઉચિત છે.

(૨) સંયમીઓ ગભારામાં પ્રવેશે, પ્રતિમાની અત્યંત નજીકમાં જાય એ પણ દેવની આશાતના ગણાય. સંયમીઓએ એ વાત ભૂલવાની નથી કે તેઓનું શરીર સ્નાનરહિત હોવાથી મલિન છે. ગભારામાં પ્રવેશાદિ દ્વારા જે લાભ સંયમીઓ મેળવવા માંગતા હોય એના કરતા વધુ લાભ દેવની આશાતનાનો ત્યાગ કરવાથી તેઓને થાય.

(૩) શ્રાવક-શ્રાવિકા વગેરેને જિનભક્તિમાં ખલેલ પહોંચે એવા સ્થાને ચૈત્યવંદનાદિ કરવા બેસવું, મોટા અવાજે સ્તવનાદિ બોલવા એ પણ અપેક્ષાએ દેવની આશાતના છે. હા, સંયમીઓ સમૂહમાં દેરાસર જાય તો બધા સાથે સ્તવનાદિ બોલે એમાં કોઈ વાંધો જણાતો નથી. પણ એક-બે સંયમીઓ મોટા સ્વરે સ્તવનાદિ બોલે એ ઉચિત જણાતું નથી.

(૪) દેરાસરમાં જ સંયમી કોઈ શ્રાવકાદિ ઉપર ક્રોધે ભરાય, જેમતેમ બોલે તો એ પણ દેવની આશાતના

ગણાય.

આવી અનેક પ્રકારની દેવની આશાતનાઓનો ત્યાગ કરવા કટિબદ્ધ બનવું જોઈએ.

**શિષ્ય** : ગુરુના અવગ્રહમાં પ્રવેશતી વખતે અત્યંત સાવધ બનવાની, ઉપયોગવાળા બનવાની તમે વાત કરી. પણ અમે તો ઘણીવાર આવી કોઈ સાવધાની ઉભી કર્યા વિના સહજ રીતે જ ગુરુ પાસે જઈએ છીએ. એમાં કંઈ આશાતના થઈ જ જાય એવો નિયમ નથી. હવે જે કંઈ પાપ બંધાવાનું છે એ તો ગુરુની આશાતનાથી જ બંધાવાનું છે. અમે તો જો આ તીવ્રપ્રયત્નાદિ ન કરીએ અને છતાં આશાતના પણ બિલકુલ ન થાય તો પછી અમને પાપ ન જ બંધાય ને ?

**ગુરુ** : 'ગુર્વાદિના અવગ્રહમાં પ્રવેશતી વખતે અત્યંત સાવધ બનવું 'એવી જિનેશ્વરદેવોની આજ્ઞા છે. તમે ભલે ગુર્વાદિની આશાતનાથી કદાચ બચી જાઓ, પણ આ સાવધાની ન સ્વીકારો તો આ જિનાજ્ઞાનો ભંગ કરેલો કહેવાય. અને જિનાજ્ઞાભંગ તો પાપકર્મબંધ, દુર્ગતિ વગેરે અનિષ્ટોનું કારણ તરીકે પ્રસિદ્ધ જ છે.

'દેવ-ગુરુની આશાતનાનો ત્યાગ કરવા અત્યંત સાવધ બનવું' એ વાત સમજાવવા તને શ્રીહરિભદ્રસૂરિએ કહેલી એક વાત જણાવું. તેઓશ્રીએ પંચવસ્તુકમાં લખ્યું છે કે 'શ્રાવકો દેરાસરમાં, સમવસરણમાં જવાની ઈચ્છાથી જ ઘરેથી ઘોડા-હાથી, રથ, પાલખીમાં બેસીને નીકળે. તો જ્યાંથી એમને દેરાસરની ધજા, શિખરાદિ દેખાય ત્યાંથી જ એમણે પોતાના ઘોડા વગેરે વાહનોને છોડી, નીચે ઉતરી ચાલતા ચાલતા દેરાસર કે સમવસરણમાં આવવું. દેરાસર સુધી હાથી-ઘોડાદિ ઉપર બેસીને આવવું એ દેવની આશાતના છે. જે શ્રાવકો આ વિધિનું પાલન નથી કરતા, તેઓ શ્રદ્ધા વિનાના જાણવા."

હવે જો પાપોમાં ખૂંપેલા, જ્યાં જાય ત્યાં જીવોની હિંસાને કરતા એવા પણ શ્રાવકો દેવની આશાતનાનો ત્યાગ કરવા માટે અત્યંત સાવધ હોય તો પછી કાયમ માટે સંયમાદિયોગોમાં સાવધ રહેનારા સંયમીઓએ તો દેવ અને ગુરુની આશાતનાનો ત્યાગ કરવામાં અત્યંત સાવધ રહેવું જ જોઈએ.

**શિષ્ય** : તમારી આ વાત તો બરાબર કે દેવ અને ગુરુની નજીક જતી વખતે ઉપરની બધી કાળજી રાખવી. પણ ઉપાશ્રયમાં પ્રવેશ કરીને જ્યારે ગુરુ પાસે જવાનું ન હોય. પોતાના સ્થાને જઈને સ્વાધ્યાયાદિ કરવા બેસી જવાનું હોય ત્યારે તો તીવ્ર પ્રયત્ન લાવવાની કોઈ જરૂર જ નથી.ગુરુની આશાતનાનો ત્યાગ કરવા માટે તીવ્ર પ્રયત્ન-સાવધાની જોઈએ. સીધા સ્વાધ્યાયાદિ કરવા જ બેસી જવાનું હોય ત્યાં આની જરૂર જ નથી. એટલે ત્યારે તો 'નિસીહિ' ન કરે તો ચાલે ને ?

**ગુરુ** : અરે ભાઈ ! આશાતનાના પરિહાર માટે તીવ્ર પ્રયત્ન જો જોઈતો હોય તો સ્વાધ્યાય, ધ્યાન-ચિંતનાદિમાં તો મનોયોગને એકાગ્ર બનાવવાનો છે. એના માટે તો તીવ્ર યત્ન જોઈએ જ. સ્વાધ્યાયાદિ કરતા પહેલા સંયમી જો આ ઉપયોગ મૂકે કે 'મારે હવે સ્વાધ્યાય, ધ્યાન, અર્થચિંતનાદિ કરવાના છે. એટલે મારે બીજું કશું વિચારવાનું નથી. આજુબાજુ ધ્યાન આપવાનું નથી. 'કોણ આવ્યું અને કોણ ગયું ?' એ મારે જોવાનું નથી. આજુબાજુના સંયમીઓ શું વાતો કરે છે ? શું કામ કરે છે ? એ મારે સાંભળવાનું કે જોવાનું નથી. મારે એકાગ્રતાથી જ સાધી શકાય એવા સ્વાધ્યાયાદિ કરવાના છે. એટલે ભલે ઉપાશ્રયની બહાર હું બીજા ઘણા બધા વિચારોમાં વ્યાકુળ હતો. ગોચરી, ગ્લાનસેવા, ગુરુભક્તિ, સ્થંડિલગમન, પ્રાયોગ્ય આહારાદિની શોધ વગેરે અનેક અનેક પ્રશસ્ત વિચારોથી ભરેલો હતો. પણ એ વિચારો પ્રશસ્ત હોવા છતાં માનસિક એકાગ્રતાના તો પ્રતિબંધક જ છે. મારે હવે એ બધા જ વિચારો કરવા નથી." આવા દૃઢ ઉપયોગપૂર્વક અને એ માટે 'નિસીહિ' બોલીને એ પાપત્યાગની પ્રતિજ્ઞાપૂર્વક જો સંયમી સ્વાધ્યાયાદિ કરે તો એ સ્વાધ્યાયાદિ ઝળકી ઊઠે.

"ગાથાઓ ચડતી નથી, પદાર્થો સમજાતા નથી, ભણવાદિમાં રસ પડતો નથી" આ બધી ફરિયાદોનું એક

કારણ આ પણ છે કે સંયમીઓ સ્વાધ્યાયાદિ વખતે પણ બીજા અનેક વિચારોથી ઘેરાયેલા જ હોય છે. દિવાલ તરફ મુખ રાખીને સ્વાધ્યાયાદિ કરવાને બદલે આવતાં-જતાં બધા દેખાય એ રીતે મુખ રાખીને સ્વાધ્યાયાદિ કરવામાં શી રીતે એકાગ્રતા આવે ? આસપાસ થતી વાતોમાં કાનનો ઉપયોગ મુક્યા પછી શી રીતે સ્વાધ્યાયાદિમાં એકાગ્રતા આવે ?

જ્યાં આજુબાજુ વાતચીત ન થતી હોય, જ્યાં આજુ બાજુ ગોચરીમાંડલી ન હોય, જ્યાં અવરજવર ઓછી હોય એવા સ્થાનમાં ભીંત તરફ મુખ રાખીને અને "મારે કંઈ જ જોવું નથી, કંઈ જ સાંભળવું નથી. બીજા કોઈ જ વિચારો કરવા નથી." એવો દઢ સંકલ્પ કરીને સંયમીઓ સ્વાધ્યાય કરે તો પછી ઉપરની બધી ફરિયાદો લગભગ દૂર થઈ જ જાય.

બાકી આવા દઢયત્ન, અતિસાવધતા રાખ્યા વિના જ માત્ર રોજીંદી ટેવ પ્રમાણે 'નિસીહિ' બોલ્યા કરવામાં કોઈ વિશેષ લાભ થતો નથી.

ઉપાધ્યાયજી લખે છે કે **साधोः संयमयोगे दृढप्रयत्नं विना क्षणमपि स्थातुं अननुज्ञानात् ।** સાધુઓને સંયમયોગમાં દઢપ્રયત્ન=અત્યંત સાવધાની વિના એક ક્ષણવાર પણ રહેવાની રજા નથી.

"**आयावयंति गिम्हेसु**" એ દશવૈકાલિક સૂત્રની ગાથા તો તને આવડે છે ને ? "સંયમીઓ ઉનાળામાં આતાપના લે, શિયાળામાં બારી-બારણા ખુલ્લા રાખી ઠંડી સહન કરે.." એ બધી વાતો એમાં કરી છે. તને આ ગાથાનું રહસ્ય ખબર છે ?

**શિષ્ય :** એમાં વળી રહસ્ય શું ? આપણા કર્મોનો ક્ષય થાય એ માટે આ બધું કરવાનું.

**ગુરુ :** ના, હકીકત સાવ જુદી છે. આ ગરમીમાં આતાપના અને શિયાળામાં ઠંડી સહન કરવાની વાત એમને એમ નથી કરી. પરંતુ વાસ્તવિક હકીકત એ છે કે 'સાધુએ સંયમ યોગોમાં અત્યંત અપ્રમત્ત રહેવું જોઈએ. હવે એ પ્રમત્તતા=તીવ્ર યત્ન= સાવધતા સાધવાને માટે જિનેશ્વરોએ સ્વાધ્યાય, વૈયાવચ્ચ, ધ્યાન વગેરે યોગો બતાવ્યા. એમાં સાધુ તીવ્રયત્નવાળો બની જાય એટલે અપ્રમત્તતાને પામીને આત્મકલ્યાણ કરી શકે. એવા સ્વાધ્યાયાદિ ઉતમયોગો દ્વારા જ જેઓ તીવ્ર યત્નને સાધી લે છે એમને માટે સામાન્યથી આ આતાપનાદિની વાત નથી.

પરંતુ જેઓ સ્વાધ્યાય, ધ્યાન, વૈયાવચ્ચાદિ કરવા માટે અસમર્થ છે. ઉંમરના કારણે, અત્યંત મંદ ક્ષયોપશમના કારણે જેઓ સ્વાધ્યાયાદિ કરી શકે એમ નથી , તો તેઓ શી રીતે તીવ્ર યત્નને - દઢ પ્રયત્નને સિધ્ધ કરશે ?

આવા જીવો ઉપર ઉપકાર કરવા માટે, તેઓ પણ દઢ પ્રયત્ન પામી શકે એ માટે શાસ્ત્રકારોએ એમને ઉનાળામાં આતાપના લેવાની અને શિયાળામાં ઠંડી સહન કરવાની વાત કરી. આમ કરવામાં તેઓ દઢયત્ન સાધી શકે અને આત્મકલ્યાણ કરી શકે.

આ બધી વાત યતિદિનચર્યા નામના ગ્રંથમાં જણાવેલી છે.

**શિષ્ય :** ચાલો. ગુર્વાદિની નજીકમાં દઢપ્રયત્ન રાખીશું. આશાતના ત્યાગ માટે કટિબદ્ધ બનશું. પણ એ માટે 'નિસીહિ' શબ્દ બોલવાની શી જરૂર છે ? શબ્દ બોલવાથી શું લાભ ?

**ગુરુ :** મેં પૂર્વે જ કહ્યું કે 'નિસીહિ' એ એક બાધા છે. અને બાધા-પ્રતિજ્ઞા એ દઢયત્નને લાવી આપવા માટે સમર્થ છે. અઠ્ઠમ કરવાની ભાવનાથી કોઈ સંયમી પહેલા દિવસે એક જ ઉપવાસનું પચ્ચ. લઈ પછી બીજા દિવસે અશક્તિ લાગવાથી પારણુ કરી દે, એના અઠ્ઠમના વિચારો નબળા પડી જાય એ દેખાય છે. પણ એકવાર

એ પહેલેથી જ અઠ્ઠમનું પચ્ચ. લઈ લે. તો પછી આપોઆપ એનામાં દૃઢતા આવી જ જાય છે. સામાન્યથી બાધા લીધા બાદ સંયમીને ભય લાગે જ કે "બાધા લીધા પછી ભાંગશું તો મોટું પાપ લાગશે" એટલે 'નિસીહિ' એ પ્રમાણે બોલીને બાધા લીધી હોય તો પછી એનું બરાબર પાલન કરે. બાધા ન લીધી હોય તો પાલન ન કરે એ સ્વાભાવિક છે.

એટલે (૧) નિસીહિ પ્રતિજ્ઞા કરો. (૨) એનાથી એક ભય ઉત્પન્ન થશે કે " આ પ્રતિજ્ઞાનો ભંગ કરીશ. ગુર્વાદિ-આશાતનાના ત્યાગાદિ નહિ કરું તો મને પાપ લાગશે. (૩) એ ભયને લીધે આશાતનાત્યાગાદિમાં દૃઢ પ્રયત્ન ઉત્પન્ન થશે. લેશ પણ આશાતના આ ભય નહિ થવા દે. (૪) આ દૃઢયત્નપૂર્વક પછી જે કોઈ ગુરુસેવાદિ ક્રિયા કરાશે એ બધી જ ક્રિયાઓ એ તે જ ક્ષાયોપશમિકભાવની વૃદ્ધિ કરનારી બનશે. (૫) આમ ક્ષાયોપશમિક ભાવની વૃદ્ધિ દ્વારા ક્ષાયિક ભાવની પ્રાપ્તિ થશે. (૬) એનાથી મોક્ષ મળશે.

આ એક નિયમ છે કે દૃઢયત્નપૂર્વક જે ક્રિયા કરવામાં આવે તે ક્રિયા જે અંદર પડેલા ક્ષાયોપશમિક ભાવ વડે કરાતી હોય તે જ ક્ષાયોપશમિકભાવને વધારી આપનારી બને.

દા.ત. અંદર ગુરુ પ્રત્યે બહુમાનભાવ છે. અને એટલે એ સંયમી ગુરુનો કાપ કાઢે છે. એ કાપ વખતે જો દૃઢ યત્ન હોય. માત્ર કાપ કાઢવા પુરતી જ ક્રિયા ન હોય. તો એ કાપ કાઢવાની ક્રિયા એ સંયમીના ગુરુબહુમાનભાવને ખૂબ વધારી આપે. પણ અંદર બહુમાનભાવ હોવા છતાં શરીરની માંદગી, થાક, બીજા કોઈક કામની ઉતાવળ વગેરેની લીધે કાપ કાઢવાની ક્રિયા કરવા છતાં જો એ દૃઢ પ્રયત્નપૂર્વક ન કરવામાં આવે તો પછી એમાં ક્ષાયોપશમિકભાવની વૃદ્ધિ ન થાય.

અહીં નિસીહિ સામાચારી પૂર્ણ થાય છે.

વર્તમાનકાળમાં જ્યાં સુધી એવો ઉપયોગ, દૃઢયત્ન, સાવધતા, અપ્રમત્તતા ન આવે ત્યાં સુધી એ બધું પ્રાપ્ત કરવાની ઈચ્છાથી પણ માત્ર 'નિસીહિ' શબ્દ બોલવા રૂપ પણ સામાચારી દરેક સંયમીઓએ પાળવી જોઈએ. સ્પષ્ટ સંભળાય એ રીતે આ શબ્દ બોલવો જોઈએ.

ખેદની વાત છે કે અનંતા તીર્થકરોએ જે આજ્ઞાઓ ફરમાવી છે. તે આજે વિલોપ થઈ રહી દેખાય છે. વ્યવહારથી પણ 'નિસીહિ' શબ્દ બોલવા જેટલી સામાચારી લગભગ પળાતી નથી.

જેઓ આ પાળશે, તેઓને ગણધરોની મર્યાદાનું રક્ષણ કરવાનો, તીર્થનો આંશિક ઉચ્છેદ થતો અટકાવવાનો, આ મર્યાદાઓ નવી પેઢીઓ સુધી જીવતી પહોંચાડીને પરોપકાર કરવાનો લાભ સાંપડશે.

●



પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબની પ્રેરણાને ઝીલીને હવે...

# દેશ વિદેશમાં પર્વાધિરાજ પર્યુષણની આરાધના કરાવવા માટે યુવાનોની સાથે તપોવનીઓ સુસજ્જ

**જૈન સંઘના અગ્રણી માનનીય ટ્રસ્ટીવર્યો !**

**આપના ગામ કે નગરમાં જો પર્વાધિરાજ પર્યુષણપર્વની આરાધના કરાવવા માટે પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો તે માટે**

## અમારા યુવાનો તથા તપોવની બાળકોને દર વર્ષે જરૂરથી બોલાવજો.

**આ યુવાનો તથા તપોવનીઓ આપના જૈન સંઘમાં**

(૧) અષ્ટાહ્નિકા તથા કલ્પસૂત્રની પ્રતનું સુંદર વાંચન કરશે.
(૨) રાત્રે પરમાત્મભક્તિમાં બધાને રસતરબોળ કરી દેશે.
(૩) બન્ને ટાઈમના પ્રતિક્રમણ વિધિ-શુદ્ધિપૂર્વક કરાવશે.
(૪) શ્રીસંઘના ઉલ્લાસ પ્રમાણે રસપ્રદ વિવિધ પ્રવૃત્તિઓ કરાવશે.

**જો આપના સંઘમાં સાધુ-સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો જ નીચેના સરનામેથી ફોર્મ મંગાવીને ભરીને અમને મોકલી આપો.**

**નમ્ર સૂચન**

આરાધના કરાવવા આવનારને ગાડીભાડું વગેરે શ્રી સંઘે બહુમાનરૂપે આપવાનું રહેશે.

**ફોર્મ ભરીને મોકલવાનું સરનામું**

પર્યુષણ વિભાગ : સંચાલક શ્રી
શ્રીયુત લલિતભાઈ ધામી / રાજુભાઈ
C/o. તપોવન સંસ્કારપીઠ
મુ. અમીયાપુર, પોસ્ટ : સુઘડ
ગાંધીનગર - ૩૮૨૪૨૪.
ફોન : ૦૭૯-૩૨૭૬૨૭૩

# તમારાં વહાલાં બાળકોને છેવટે ત્રણ વર્ષ માટે તો 'તપોવન'માં મૂકો જ
# જૂન માસથી શરૂ થતું સત્ર

ચારે બાજુ વિકૃતિના વાયરા વીંઝાઈ રહ્યા છે. ખૂબ જ નાની-દસથી ચૌદ વર્ષથી જ બાળકોમાં ખરાબ સંસ્કારો પડવા લાગ્યા છે. 'ગંદું' કહેવાય તે બધું તેમના જીવનમાં પેસવા લાગ્યું છે. સમાજ તરફ સૂક્ષ્મ નજર કરતાં આ અતિ કડવું દર્શન કોઈ પણ સંસ્કૃતિપ્રેમીને થશે અને તે તીખી ચીસ પાડી દેશે. સંસારી જીવોની વહાલામાં વહાલી ચીજ તેમના સંતાનો ગણાય. જો તેમનું જ જીવનગુલાબ ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ કરમાવા લાગે; તેમાં દોષોના કીડા પડવા લાગે અને કરમાઈ જાય તો એ મા-બાપોએ ક્યાં જવું ? ક્યાં રોવું ? શું આપઘાત કરી નાખવો ?

પોતાના ઘરમાં કે ગમે તેવાં બોર્ડિંગ વગેરેમાં રાખીને બાળકોને શિક્ષણ આપી શકાશે, પરંતુ સંસ્કારો તો નહિ જ આપી શકાય. ઘરમાં મા-બાપો જ ટી.વી. વગેરેથી સમયની બરબાદી કરતાં ચક્કરોમાં જ જો ફસાયા હોય અને બોર્ડિંગોના સંચાલકોને જ બાળ-સંસ્કરણ માટેની કોઈ ગંભીરતા ન હોય તો સંસ્કાર ત્યાં શી રીતે મળશે ?

તપોવનમાં ધાર્મિક અને વ્યાવહારિક - બન્ને પ્રકારનું શિક્ષણ છે. એ શિક્ષણ પણ ઊંચી ગુણવત્તાવાળું છે; પરંતુ તેની સાથોસાથ અહીં બાળકોના જીવનબાગમાં સુસંસ્કારોના છોડોનું વાવેતર કરવાનું કાર્ય તેમજ શારીરિક, શૈક્ષણિક, સામાજિક વગેરે રીતે સુવ્યવસ્થિત કરવાની સાથે તેને માનસિક અને આધ્યાત્મિક રીતે અત્યન્ત સુંદર બનાવવાનું સૌથી પ્રધાન લક્ષ છે. તે વડીલોનો અને દેવગુરુનો ભક્ત બને; સહુનો મિત્ર બને, જાતનો પવિત્ર બને... અને એ બધું બનીને એ શૂરવીર બને; **જેથી રાષ્ટ્રરક્ષા, સંસ્કૃતિરક્ષા અને ધર્મરક્ષાનો એ સબળ યોદ્ધો બને એ જ આ તપોવનનું એકમાત્ર લક્ષ છે.** એનામાં ધાર્મિક્તા, માનવતા અને રાષ્ટ્રીયતા (રાષ્ટ્રદાઝ) જો લાવી ન શકાય તો તપોવનને નીચું જોવાનું થાય એવું તમામ કાર્યકરગણનું મંતવ્ય છે.

જો આ બધી વિચારણામાં અને એના આધારે ગોઠવાયેલા તપોવનના માળખામાં મા-બાપોને રસ પડતો હોય તો તેમનાં બાળકોને વિકૃતિઓનાં ઝંઝાવાતમાંથી ઉગારી લેવા માટે તપોવનમાં (ધોરણ ૫ થી ૧૨ની શાળા માટે) કમસે કમ ત્રણ વર્ષ માટે તો મૂકવાં જ જોઈએ. બાળક તો નાદાન છે. એના ભાવિના ઘડતરના આ કામમાં એને ક્યાંક અગવડતા પડે; એની ઘરેલું સ્વચ્છંદતાને અહીં પોષણ ન મળે તેથી તે તપોવનમાં દાખલ થવામાં અરુચિ બતાવે તો કઠણ કાળજાના બનીને પણ મા-બાપોએ બાળકોના સમગ્ર જીવનના હિતમાં તેને ઓછામાં ઓછું ત્રણ વર્ષનું સંસ્કરણ તપોવનમાં આપવાનો નિર્ણય કરવો જ જોઈએ.

## • યાદ રાખો •

**લાડમાં કે લાગણીમાં મા-બાપો તણાશે તો બાળકોના જીવનને આરંભમાં જ એવું મોટું નુકસાન થઈ જશે જે**

**જીવનભરમાં ભરપાઈ થશે નહિ; જેનાથી આખું કુટુંબ 'ત્રાહિમામ્' પોકારી જશે.**

**ના... હવે શા માટે ક્રિશ્ચયાનિટીનો જ પ્રચાર કરવાની નેમવાળી કોન્વેન્ટ-સ્કૂલમાં આપણાં બાળકો જાય ?**

**ધો. ૪ સુધી કોન્વેન્ટમાં ભણનારા બાળકોને તપોવનમાં જરૂર મૂકી શકાશે.**

**હવે તો માત્ર તપોવન એ જ આપણાં સંતાનોનો તરણોપાય.**

ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના
સોપાન સર કરવાના લક્ષને વરેલા

# તપોવનમાં ભણતા બાળકો

**અતિથિઓને નમોનમઃ કરે છે.**

...રોજ નવકારશી કરે છે.
...રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.
... રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.
...રોજ ગુરુવંદન કરે છે.
...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.
...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.
...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.
...રોજ નવા સ્તવનના રાગ શીખે છે.
...કોમ્પ્યુટર શીખે છે ...કરાટે શીખે છે...
...સ્કેટીંગ શીખે છે ...યોગાસન શીખે છે...
...સંગીતકળા શીખે છે... નૃત્યકળા શીખે છે...
...લલીતકળા શીખે છે ...ચિત્રકળા શીખે છે...
...વક્તૃત્વકળા શીખે છે ...અભિનયકળા શીખે છે...
...અંગ્રેજીમાં **Speech** આપતાં પણ શીખે છે...

**માતાપિતાના સેવક બને છે.**
**પ્રભુના ભક્ત બને છે.**
**ગરીબોના બેલી બને છે.**
**પ્રાણીઓના મિત્ર બને છે.**
**શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.**